નવતત્વ ચિંતન ભાગ-૧

(જીવતત્વ-અજીવતત્વ ચિંતન)

• લેખક-સંપાદક •

પરમપૂજ્ય આચાર્ય વિજય નરવાહનસૂરિ

પદાર્થ દર્શન ગ્રંથમાળા પુસ્તક-૭૩

નવતત્વ ચિંતન ભાગ-૧

(જીવતત્વ-અજીવતત્વ ચિંતન)

પ્રવચનકાર

પરમ પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

સંકલનકાર

કર્મ સાહિત્ય નિષ્ણાત સિધ્ધાંત મહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર, પરમશાસન પ્રભાવક, પરમતારક, સૂરિચક્ર ચક્રવર્તિ, સુવિશાળ ગચ્છાધિપતિ, પ્રચંડ પૂણ્ય અને પ્રૌઢ પ્રતિભાના સ્વામી, વ્યાખ્યાન વાચસ્પતિ, દિક્ષાના દાનવીર સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટ પ્રભાવક કર્મ સાહિત્યના જ્ઞાતા પરમ પૂજ્ય આચાર્ય વિજય નરવાહનસૂરિ મહારાજ.

સહાયક

પૂજ્ય મુનિરાજ શ્રી દર્શનશીલ વિજયજી

પ્રકાશક

પદાર્થ દર્શન ટ્રસ્ટ
૧૧૮૮, લક્ષ્મીનારાયણની પોળ,
રાજામહેતાની પોળમાં,
કાળુપુર-અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન નં- ૯૩૭૬૧૬૭૮૮૮

પુસ્તક-૭૩મું
નવતત્વ ચિંતન ભાગ-૧
(જીવતત્વ-અજીવતત્વ ચિંતન)

વીર સં-૨૫૩૪
સને-૨૦૦૮

સંવત-૨૦૬૪
વૈશાખ સુદ - ૭

કિંમત
રૂા ૧૫૦.૦૦

સર્વહક્ક પ્રકાશકને સ્વાધિન

ટાઈપ સેટીંગ
દિવ્યેશ શાહ

મુદ્રક
નવપ્રભાત
પ્રીન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ
અમદાવાદ-૩૮૦૦૦૧.
ટે.ન.-૨૫૫૦૮૬૩૧

પ્રાપ્તિ સ્થાનો

ભરતભાઇ બી.શાહ

૪૦૧/૪૦૨, સરિતા કોમ્પલેક્ષ, પ્રવિણ એપાર્ટમેન્ટની સામે,
સેંટ ઝેવીયર્સ કોલેજ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફોન નં-૨૬૫૬૩૪૩૧-૨૬૫૬૩૪૩૨ - મોબાઇલ નં. ૯૩૭૬ ૧૨૧૮૧૧

:----:

નૌતમભાઇ આર. વકીલ (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)

૧૬, ન્યુ આશિષ ફ્લેટસ, શેફાલી સેન્ટરની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન નં : ૨૬૫૭૫૮૨૩ મોબાઇલ નં- ૨૧૯૫૨૨૬, ૯૮૨૫૧૫૯૬૧૭.
ઇ મેઇલ - **nautam@nautam vakil.Com.**
વેબસાઇટ - **www.nautam vakil.Com.**

:----:

અશ્વિનભાઇ એસ.શાહ

C/o નગીનદાસ છગનલાલ ઠે. પાંચકુવા દરવાજા બહાર અમદાવાદ-૩૮૦૦૦૨.
ફોન: ૨૨૧૪૪૧૨૧

:----:

ચંદ્રેશભાઇ રસીકલાલ દોશી

૫/૧૨, દામુભાઇ કોલોની, જવાહરનગર, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન: ૨૬૬૩૨૯૬૦

:----:

હિંમતભાઇ બી. શાહ

૨, ચેતન સોસાયટી, અકોટા રોડ, વડોદરા-૩૯૦૦૨૦.
ફોન: ૨૩૧૦૩૪૩, ૨૩૨૨૮૬૨

:----:

ડૉ હસમુખભાઇ આર. શાહ

બી-૭, વિનીત, મજીઠીયાનગર, એસ.વી.રોડ, કાંદીવલી (વેસ્ટ), મુંબઇ નં-૪૦૦૦૬૭.
ફોન નં-૨૮૦૭૩૦૪૬, ૨૮૦૫૨૩૭૫, ૨૮૬૨૨૪૬૭

:----:


પન્નાબેન ચંદ્રકાંતભાઇ કાપડીયા

C/O ચંદ્રકાંતભાઇ કાપડીયા ૩૦૧, બીલેશ્વર ટાવર, મહાત્માગાંધી રોડ,
પાંચ રસ્તા, મુલુંડ (વેસ્ટ) મુંબઇ નં-૪૦૦૦૮૦.
ફોન નં-ધર-૨૫૬૯૪૭૬૬, ૨૫૬૧૩૬૭૪.
મોબાઇલ - ૯૮૨૧૧૬૦૯૪૨ (ચંદ્રકાંતભાઇ) ● ડૉ. જોલી - ૯૮૯૨૧૩૨૨૧૦

:----:

આશીતભાઇ વી. ચોકસી

૧/૨૦૬, રામનગર-પાટકર કોલેજ સામે, એસ.વી.રોડ,
ગોરેગાંવ (વેસ્ટ), મુંબઇ નં-૪૦૦૦૬૨.
ફોન નં-૨૮૭૨૩૪૭૨ મોબાઇલ નં-૯૮૨૧૧-૧૭૬૪૯




આર્થિક સહયોગ

શ્રી પુષ્પદંત જૈન સંઘ

સત્યાગ્રહ છાવણી

અમદાવાદ.



નવતત્વ ચિંતન ભાગ-૧
(જીવતત્વ-અજીવતત્વ ચિંતન)

આ પ્રકરણની રચના કયા મહાપુરૂષોએ કરેલી છે એનો કોઇ ઉલ્લેખ મળતો નથી, એટલા માટે આ પ્રકરણની રચના પૂર્વાચાર્ય મહાપુરૂષે કરેલી છે એમ માનીને, શ્રધ્ધા રાખીને આ પ્રકરણ ભણવા યોગ્ય, જાણવા યોગ્ય, સમજવા યોગ્ય અને સમજીને શક્તિ મુજબ અમલ કરવા યોગ્ય છે.

આ નવતત્વ પ્રકરણને વિષે જે ગાથાઓ આપેલી છે એ ગાથાઓ પૂર્વાચાર્ય મહાપુરૂષોએ બનાવેલી નથી લાગતી પણ આગમ ગ્રંથોમાંથી સીધે સીધી ઉધૃત કરેલી લાગે છે આથી એ ગાથાઓ આગમોમાંથી સીધે

સીધી લીધેલી હોવાથી અસજ્ઝાયના કાળમાં આ નવતત્વ પ્રકરણનો સ્વાધ્યાય થતો નથી.

શ્રી તીર્થંકર પરમાત્માઓ કેવલજ્ઞાનની પ્રાપ્તિ કર્યા પછી સૌ પ્રથમ જે દેશના આપે છે તે ત્યાં દેશનામાં આવેલા ગણધર ભગવંતના આત્માઓની યોગ્યતા પેદા કરવા માટે આપે છે અને મોટે ભાગે એ દેશના સાંભળવા જે મનુષ્યો આવેલા હોય છે તેમાં ગણધરને યોગ્ય આત્માઓ પણ આવેલા હોય છે. દેશના પૂર્ણ થયા બાદ જે યોગ્ય આત્માઓ હોય છે તે દેશના સાંભળીને શ્રી તીર્થંકર પરમાત્મા પાસે દીક્ષાની એટલે સંયમની માગણી કરે છે. "ભગવન્ ! દીક્ષાં દેહિ" અને ત્યાં જ ઉભા થઇ શ્રી તીર્થંકર પરમાત્માને ત્રણ પ્રદક્ષિણા આપીને સંયમનો સ્વીકાર કરે છે.

સંયમનો સ્વીકાર કરતાની સાથે જ એ યોગ્ય આત્માઓના અંતરમાં તત્વ જાણવાની જિજ્ઞાસા પેદા થતાં જ ત્રણ વાર પ્રશ્નો પૂછે છે એમાં ત્રણ વાર પૂછવાનું કારણ એ છે કે એક વાર પ્રશ્નનો જવાબ સાંભળવાથી આત્મામાં શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ સંપૂર્ણ પેદા થતો નથી. એક એક વારના પ્રશ્નના જવાબમાં આત્મામાં થોડો થોડો ક્ષયોપશમ ભાવ શ્રુતજ્ઞાનનો પેદા થતાં થતાં ત્રણ વારમાં સંપૂર્ણ ક્ષયોપશમ ભાવ પેદા થાય છે. આથી એ ત્રણે પ્રશ્નોનાં જવાબ સાંભળતાની સાથે જ શ્રી તીર્થંકર પરમાત્મા એ કેવલજ્ઞાનથી જગતમાં રહેલા પદાર્થો જેવા સ્વરૂપે જોયા છે અને જાણ્યા છે એવા સ્વરૂપે જ એ યોગ્ય આત્માઓના અંતરમાં શ્રુતજ્ઞાન રૂપે ક્ષયોપશમ ભાવે તે પદાર્થોનું જ્ઞાન પેદા થાય છે એટલે કે એ યોગ્ય આત્માઓ જગતમાં રહેલા પદાર્થોને કેવલજ્ઞાનીની જેમ શ્રુતજ્ઞાનથી એ પદાર્થોને એવા સ્વરૂપે જૂએ છે અને જાણી શકે છે. આવા આત્માઓને ગણધરના આત્માઓ કહેવાય છે.

આ ગણધર ભગવંતોના આત્માઓ, શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી જે જ્ઞાન પેદા થયેલું છે એ જ્ઞાનથી સૌથી પહેલા જીવન

ઉપયોગી સૂત્રોની રચના કરે છે ત્યાર પછી બાર અંગોની રચના કરે છે. એ બાર અંગોમાં ચૌદ પૂર્વના જ્ઞાનની રચના આવી જાય છે. છતાંય એ જ્ઞાનની વિશિષ્ટતા બતાવવા માટે અને એ જ્ઞાન પ્રત્યે જીવોને આદરભાવ અને બહુમાન ભાવ વિશેષ રીતે પ્રાપ્ત થાય એ માટે ચૌદ પૂર્વોની રચના કરે છે એમ કહેવાય છે.

એ આખી દ્વાદશાંગીની રચના કરેલી હોય છે તે દ્વાદશાંગીનો સાર મહાપુરૂષે આ નવતત્વ પ્રકરણની રચના કરીને આ પ્રકરણમાં આપેલો છે. આથી આ નવતત્વ પ્રકરણને પીસ્તાલીશ આગમનો સાર કહેવાય છે. કારણ કે આગમોને વિષે સાત તત્વોનું વર્ણન વિશેષ રીતે આવે છે.

આ નવતત્વમાંથી પુન્ય અને પાપ તત્વને આશ્રવ તત્વમાં સમાવેશ કરીને નવ તત્વના સાત તત્વ રૂપે વર્ણન કરવામાં આવેલા છે.

જીવ-અજીવ-આશ્રવ-સંવર-નિર્જરા-બંધ અને મોક્ષ તત્વ.

તત્વ એટલે શું ?

તત્ એટલે તે તે પ્રકારે વ. એટલે વિશેષે કરીને જ્ઞાનની પ્રાપ્તિ કરવી તે. એટલે કે જગતને વિષે રહેલા તે તે પ્રકારના પદાર્થોને વિશેષે કરીને જાણવાની જિજ્ઞાસા પેદા કરીને જાણકારી મેળવવી તેને તત્વ કહેવાય છે.

આ તત્વો નવ પ્રકારના છે અને તેના ઉત્તર ભેદો ૨૭૬ પ્રકારે છે.

(૧) જીવ તત્વ- ૧૪, (૨) અજીવ તત્વ- ૧૪, (૩) પુણ્ય તત્વ- ૪૨, (૪) પાપ તત્વ- ૮૨, (૫) આશ્રવ તત્વ- ૪૨, (૬) સંવર તત્વ- ૫૭, (૭) નિર્જરા તત્વ- ૧૨, (૮) બંધ તત્વ- ૪ અને મોક્ષ તત્વ- ૯ = ૨૭૬ ભેદ થાય છે.

કેટલાક પ્રકરણોને વિષે આ નવ તત્વને બદલે સાત તત્વો રૂપે વર્ણન કરવામાં આવેલું છે. જીવ-અજીવ-આશ્રવ-સંવર-નિર્જરા-બંધ અને મોક્ષ.

કેટલાક પ્રકરણોને વિષે પાંચ તત્વો રૂપે વર્ણન કરવામાં આવેલું છે. સંવર અને નિર્જરા મોક્ષમાં સમાવેશ કરે છે. પુણ્ય-પાપને આશ્રવમાં સમાવેશ કરે છે માટે જીવ-અજીવ-આશ્રવ-બંધ અને મોક્ષ.

કેટલાક પ્રકરણોમાં બે તત્વ રૂપે વર્ણન કરવામાં આવેલ છે.

જીવ અને અજીવ તત્વ રૂપે એમાં જીવતત્વને વિષે સંવર-નિર્જરા અને મોક્ષ એ ત્રણનો સમાવેશ કરાય છે. અજીવ તત્વને વિષે પુણ્ય-પાપ-આશ્રવ અને બંધ એ ચાર તત્વોનો સમાવેશ કરવામાં આવે છે આથી બે તત્વો થાય છે.

નવે તત્વોને વિષે જ્ઞાની ભગવંતોએ ત્રણ વિભાગ પાડેલા છે.

(૧) જ્ઞેય = જાણવા લાયક, (૨) હેય = છોડવા લાયક, અને (૩) ઉપાદેય = ગ્રહણ કરવા લાયક.

નવતત્વોમાં

(૧) જ્ઞેય = જાણવા લાયક જીવ-અજીવ બે તત્વો કહેલા છે.

(૨) હેય = છોડવા લાયકમાં પુણ્ય-પાપ આશ્રવ અને બંધ આ ચાર તત્વો કહેલા છે.

(૩) ઉપાદેય = ગ્રહણ કરવા લાયક.

સંવર - નિર્જરા અને મોક્ષ એ ત્રણ તત્વો કહેલા છે.

જ્ઞેય એટલે જાણવા લાયક

અનાદિ કાળથી જગતને વિષે રહેલા જીવો અજીવ એવા પુદ્ગલના સંયોગથી સદા માટે યુક્ત છે. અહીં જીવ તત્વમાં, સંસારી જીવોનું વર્ણન કરવાનું હોવાથી જણાવે છે કે- સંસારી જીવો સદા માટે પુદ્ગલના સંયોગથી યુક્ત હોય છે. જ્યાં સુધી જીવો એની જાણકારી મેળવીને જ્ઞાન પ્રાપ્ત

કરતા નથી ત્યાં સુધી એ જીવોને પુદ્‌ગલના સંયોગથી છૂટવાનું મન થતું નથી. આથી એ પુદ્‌ગલના સંયોગોમાં અનાદિ કર્મના સંયોગથી જીવો રાગાદિ પરિણામ કરતા કરતા આ પુદ્‌ગલો મારા પોતાના છે એવી બુધ્ધિ પેદા કરીને પુદ્‌ગલના સંયોગમાં વિશેષ રીતે લેપાતા લેપાતા પોતાના આત્માના બાહ્ય સંસાર રૂપે જન્મ મરણની પરંપરા વધારતા જાય છે.

જ્યારે એ જીવ-જીવ અને પુદ્‌ગલના સંયોગને જાણતો થાય તેમ તેમ એને ખ્યાલ આવતો જાય છે કે પુદ્‌ગલનો સંયોગ એ વાસ્તવિક રીતે મારો સંયોગ નથી. કારણ કે મારૂં પોતાનું સ્વરૂપ અનંતજ્ઞાન, અનંત દર્શન ઇત્યાદિ સિધ્ધ પરમાત્મા જેવું છે. આ પુદ્‌ગલના સંયોગથી મારૂં પોતાનું સ્વરૂપ અવરાયેલું છે એ સ્વરૂપને જો મારે પ્રગટ કરવું હોય તો જે જે પ્રકારે પુદ્‌ગલોનો સંયોગ થયા કરે છે, જેના જેનાથી પુદ્‌ગલનો સંયોગ વધ્યા કરે છે, એ પુદ્‌ગલોના સંયોગોને દૂર કરવા પ્રયત્ન કરવો જોઇએ. સંપૂર્ણ પુદ્‌ગલનો સંયોગ દૂર કરવો હોય તો મારે ચૌદમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરવું પડે. અત્યારે એ શક્તિ ન હોવાથી પુદ્‌ગલના સંયોગમાં અને પુદ્‌ગલના પદાર્થોમાં રાગાદિ પરિણામ કરતો જાઉં છું એને બદલે એને ઓળખીને રાગાદિ પરિણામથી જેટલો અળગો થતો જાઉં તેમ તેમ વાસ્તવિક રીતે પોતાના સ્વરૂપની જાણકારી અને અનુભૂતિ પેદા થતી જાય છે. એમ જાણીને જીવ એ રીતે પ્રયત્ન કરતો જાય તો તાકાત કેળવીને અર્થાત્ એ રાગાદિને ઓળખતો ઓળખતો એનાથી અળગા થવાનો પ્રયત્ન કરતો જાય તો પુદ્‌ગલમય પદાર્થોથી રાગાદિ પરિણામની અલ્પતા કરતો એ અલ્પતાને વધારતો વધારતો અર્થાત્ પુદ્‌ગલના સંયોગમાં રાગાદિ પરિણામ રહિત થવાનો પ્રયત્ન કરતો કરતો સંપૂર્ણ પુદ્‌ગલના સંયોગથી રહિત થઇ શકે છે. આ માટે જીવ અને અજીવ એ બે તત્વોને જાણવા લાયક કહેલા છે.

આ જગતને વિષે એક જૈનદર્શનને છોડીને કોઇ દર્શન અનુકૂળ પદાર્થોનો રસ છોડવાની વાત કરતું નથી. એટલે કે અનુકૂળ પદાર્થોમાં

રાગ ન કરાય. પ્રતિકૂળ પદાર્થોમાં દ્વેષ ન કરાય એમ જણાવતું નથી. તેમજ જૈનદર્શન સિવાય અન્ય દર્શનકારો એકેન્દ્રિયપણામાં જીવ છે એમ માનતા નથી. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય પણામાં જીવ માને છે.

આપણને મળેલું આ સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તપણું-લાંબુ આયુષ્ય-જો જીવ અને અજીવના એટલે સચેતન કે અચેતન પદાર્થોના સંયોગોમાં રાગાદિ પરિણામથી નિર્લેપ થવાનો પુરૂષાર્થ નહિ કરાવે એટલે કે એ પુરૂષાર્થ આપણે નહિ કરીએ તો એ જ રાગાદિ પરિણામ આપણને અહીંથી કર્મનો બંધ કરતા કરતા છેક એકેન્દ્રિય અપર્યાપ્તાવસ્થાપણામાં લઇ જઇ શકે એમ છે એટલે કે એક એક અંતર્મુહૂર્તના નાના-નાના ભવોમાં ફરવા માટે-જન્મ મરણ કરવા માટે લઇ જશે.

જ્યાં સુધી જાણકારી ન આવે એટલે સ્વ-સ્વરૂપ અને પર-સ્વરૂપનો ખ્યાલ ન આવે ત્યાં સુધી જીવતત્વ અને અજીવતત્વની જાણકારી મેળવવાનો પ્રયત્ન કર્યા જ કરવાનો.

દાખલા તરીકે - આ શરીર તે આપણે નથી પણ શરીરથી ભિન્ન એવો આત્મા એ હું છું. આ શરીર તો માના પેટમાં આવીને- આહાર ગ્રહણ કરીને-આહારના પુદ્‌ગલોથી બનાવેલું છે. આથી આ શરીર પુદ્‌ગલનું બનેલું છે. કર્મના સંયોગથી આપણા આત્માનો શરીર સાથે સંયોગ થયેલો છે. તે જાણી તેના પરનું મમત્વ ઘટાડવાનો પ્રયત્ન કરવાનો છે.

પુદ્‌ગલના સંયોગના કારણે અને પુદ્‌ગલના સંસર્ગમાં રાગાદિ પરિણામ કરતા કરતા સૂક્ષ્મ એકેન્દ્રિયપણામાં જીવો અનંતા પુદ્‌ગલ પરાવર્તોથી રખડે છે. જન્મ મરણ કર્યા કરે છે. એવી જ રીતે બાદર એકેન્દ્રિયપણામાં જીવ જાય તો પુદ્‌ગલના સંયોગથી અસંખ્યાતી ઉત્સરપિણી-અવસરપિણી સુધી જન્મ મરણ કર્યા કરે છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિયપણામાં પુદ્‌ગલના રાગાદિ પરિણામના સંયોગથી એક હજાર સાગરોપમ કાળ સુધી ત્યાર બાદ એક ભવ પંચેન્દ્રિયપણાનો

પ્રાપ્ત કરી ત્યાં બેઇન્દ્રિય આદિનું આયુષ્ય બાંધી ફરીથી એક હજાર સાગરોપમ કાળ સુધી જન્મ મરણ કર્યા કરે છે.

પંચેન્દ્રિય જીવો પંચેન્દ્રિયપણામાં સચેતન અથવા અચેતન પુદ્‌ગલોના પદાર્થોમાં રાગાદિ પરિણામ કરતા કરતા એક હજાર સાગરોપમ કાળ સુધી જન્મ મરણ કર્યા કરે છે અને ત્યાર પછી એક ભવ વિકલેન્દ્રિયપણાનો કરી પંચેન્દ્રિયપણાના આયુષ્યનો બંધ કરી પંચેન્દ્રિયપણામાં આવી ફરીથી એક હજાર સાગરોપમ કાળ સુધી જન્મ મરણ કર્યા કરે છે. આ જન્મ મરણ કરવા ન હોય અને જલ્દીથી જન્મથી છૂટીને પોતાના સ્થાને એટલે સિદ્ધિગતિમાં જવાની ઇચ્છા હોય તો જીવતત્વ અને અજીવતત્વને જાણીને પુદ્‌ગલના સંયોગમાં રાગાદિ પરિણામથી નિર્લેપ થવાનો પ્રયત્ન કરવો જોઇએ.

દેવની ભક્તિ, ગુરૂની સેવા અને ધર્મની આરાધનાના અનુષ્ઠાનોનું સેવન કરતા કરતા જીવ રાગાદિ પરિણામથી નિર્લેપ ભાવ પ્રાપ્ત કરી શકે છે.

જીવતત્વ અને અજીવતત્વને જાણીને તેમાં થતાં રાગાદિ પરિણામને ટાળીને નિર્લેપપણે જીવતા શીખો તો તે તમારા આત્માના કલ્યાણનું કારણ બની શકે.

હેયતત્વ = છોડવા લાયક પદાર્થો.

પુણ્ય-પાપ-આશ્રવ અને બંધ આ ચાર તત્વો છોડવા લાયક કહેલા છે.

અનાદિકાળથી જીવ અનાદિ કર્મના સંયોગવાળો રહેલો છે. એ અનાદિ કર્મના સંયોગના કારણે પોતાના મન-વચન અને કાયાના યોગના વ્યાપારથી જગતમાં રહેલા કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોને સમયે સમયે ગ્રહણ કરતો કરતો કર્મરૂપે પરિણામ પમાડતો જાય છે. એ કર્મરૂપે પરિણામ પામતા પુદ્‌ગલોમાં મોટેભાગે આત્માને નુકશાન કરે એવા અને સંસારની વૃદ્ધિમાં સહાયભૂત થાય એવા બાંધતો જાય છે અને જીવ

પોતે પોતાના અશુભ પરિણામની વૃદ્ધિ કરતો જાય છે અને અશુભ પરિણામ રૂપે એ પુદ્ગલોને પમાડતો જાય છે.

એની સાથે સાથે જે જે સ્થાનમાં જીવ જાય ત્યાં રહેવા આદિની સામગ્રી પ્રાપ્ત થાય એટલા પુરતાં કર્મરૂપે પરિણામ પમાડેલા પુદ્ગલોમાંથી થોડાંક પુદ્ગલોને શુભરૂપે પરિણામ પમાડે છે. આ રીતે કર્મરૂપે પરિણામ પામતા પુદ્ગલોમાં અશુભ પુદ્ગલોનું જોર વધારે અને શુભ પુદ્ગલોનું જોર ઓછું એ રીતે પરિણામ પમાડતો જાય છે. એમાં અશુભ પુદ્ગલોમાં તીવ્રરસ રહેલો હોય છે અને શુભ પુદ્ગલોમાં મંદરસ રહેલો હોય છે. તેના કારણે જીવ પોતાના પરિણામથી અશુભની તીવ્રતા વાળો મોટે ભાગે સદા માટે રહેલો હોય છે.

જ્યાં સુધી અશુભની તીવ્રતામાં જીવ રહેલો હોય છે ત્યાં સુધી હું આત્મા છું શરીરાદિ એ મારા આત્માથી ભિન્ન છે. શરીરાદિ એ પુદ્ગલના સંયોગથી બનેલું છે માટે એ મારૂં નથી પણ મારાથી ભિન્ન છે. અનંત જ્ઞાન-દર્શન આદિ મારા ગુણો છે. એવી કોઇ વિચાર સરણી અંતરમાં પેદા થઇ શકતી નથી. એ અશુભના વિચારોમાં ઓતપ્રોત થયેલો જીવ મોહનીય કર્મમાં અંધ બનેલો હું શું શું કરી રહેલો છું એની એને કશીજ ખબર પડતી નથી. આ કારણોથી જ્ઞાની ભગવંતોએ આત્માના ગુણોને દબાવવામાં સહાયભૂત થતાં પુદ્ગલોના સંયોગના કારણે આત્મા પોતાના વિવેક ચક્ષુથી ભાન ભૂલો બનતો જણાવ્યો છે, માટે આ (પુણ્ય-પાપ-આશ્રવ અને બંધ) ચારેય તત્વો છોડવા લાયક કહેલા છે.

આ ચારે પ્રકારના તત્વોમાંથી કોઇ તત્વ એવું નથી કે આત્માને મોહનીય કર્મની અંધતા દૂર કરીને વિવેક ચક્ષુ પેદા કરાવવામાં સહાયભૂત થાય અને જ્યાં સુધી જીવને અશુભ પરિણામના જોરથી કર્મના પુદ્ગલોનું આવવું થતું જાય છે ત્યાં સુધી પોતાના કલ્યાણની વિચારણા પણ પેદા થઇ શકતી નથી. આના પ્રતાપે જે પુદ્ગલોનો સંયોગ થતો જાય છે એમાં જ કલ્યાણ છે એમ માનીને સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે.

આના કારણે જ્ઞાની ભગવંતો કહે છે કે જીવ ચારેય તત્વોને ઓળખીને એનો ત્યાગ કરતા કરતા જીવન જીવવાનો પ્રયત્ન કરતો જાય તોજ એને વિવેક ચક્ષુ પેદા થતા જાય. એ વિવેક ચક્ષુથી મારૂં કલ્યાણ શેમાં છે એની વિચારણા રૂપે આત્મામાં કાંઇક ઉઘાડ પેદા થતો જાય છે એ ઉઘાડને ટકાવવાનો પ્રયત્ન કરતો કરતો પોતાની શક્તિ મુજબ છોડવા લાયક પદાર્થોનો ત્યાગ કરતો જાય તેમ તેમ કલ્યાણ માર્ગમાં આગળ વધતો જાય છે આથી જ્યાં સુધી છોડવા લાયક પદાર્થોમાં અનાદિ કાળના સ્વભાવ મુજબ ગ્રહણ કરવા લાયકની બુધ્ધિ રહેલી હોય છે ત્યાં સુધી જીવનું ઠેકાણું પડતું નથી.

આજે મોટે ભાગે જે અનુકૂળ પદાર્થોની સામગ્રી તમોને મળેલી છે તે પાપાનુબંધી પુણ્યના ઉદયથી મળી છે તેમ જણાય છે. કારણ કે એ સામગ્રીના ઉદયકાળમાં વિવેક ચક્ષુ પ્રગટેલો એટલે પેદા થયેલો જણાતો નથી. અને પેદા કરવા માટેનું મન પણ થતું નથી. મોહનીય કર્મના ઉદયકાળમાં અંધ બની દુનિયાના સુખની સામગ્રી મેળવવામાં-ભોગવવામાં-વધે તો સાચવવામાં એ સામગ્રીને વધારવામાં-ટકાવવામાં અને એ ન ચાલી જાય એની કાળજી રાખવામાં જીવોને આનંદ આવતો જાય છે. તેમજ મનુષ્ય જન્મમાં કરવા લાયક કાંઇક કરી રહ્યો છું એમ એની સફળતામાં આનંદ રૂપે વિચાર વારંવાર પેદા થતો જાય છે તથા જો સફળતા ન મલે તો દુઃખ પેદા થાય એવા વિચારો પણ વધતા દેખાય છે.

આથી આજે વર્ષોથી ધર્મ, આરાધના કરનારા જીવોમાં પણ વિવેક ચક્ષુ પેદા થયેલ નથી. એ વિવેક ચક્ષુ પેદા કરાવવામાં અમોને પણ નાકે દમ આવી જાય છે.

જીવો ભાનભૂલા બનીને, મોહ રાજાના ગાંડપણને આધીન થઇને જીવન જીવતા દેખાય છે અર્થાત્ જણાય છે. થોડો ઘણો ધર્મ કરતા દેખાય છે એ પણ જેમ ગાંડા માણસો અન્નનો કોળીયો માટીમાં રગદોળીને ખાય તેમ ભાન ભૂલા બનીને ધર્મ પણ અધર્મના પોષણ માટે કરતા જાય છે

એમ દેખાય છે અને ધર્મક્રિયા કરતા કરતા પોતાના હાથે જ પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે એટલે ભવભ્રમણ વધારતા જાય છે. જન્મ મરણની પરંપરા વધારી સંસારમાં પરિભ્રમણ કરવા માટે ચાલતા થાય છે.

આ રીતે અનંતીવાર ધર્મ સામગ્રી સંપન્ન મનુષ્યજન્મોને પ્રાપ્ત કરી ધર્મની આરાધનાથી અધર્મની પુષ્ટિ કરીને અનંતીવાર ભટકવા માટે ગયેલો છે. હવે આ જન્મ એ રીતે ભટકવામાં સહાયભૂત ન થાય એ માટે મળેલી ધર્મ સામગ્રીમાં ધર્મ આરાધના કરતા કરતા હેય પદાર્થોમાં ગ્રહણ કરવા લાયકની બુધ્ધિ છે. એ ઓળખીને એને દૂર કરવાનો પ્રયત્ન કરી હેયમાં હેય બુધ્ધિ પેદા કરતા જઇએ તો રખડપટ્ટીમાં સહાયભૂત થતો મનુષ્ય જન્મ અટકી જાય અને આત્મકલ્યાણમાં ઉપયોગી થતો જાય એવો પ્રયત્ન કરી આત્મકલ્યાણમાં આગળ વધીએ એ રીતે પ્રયત્ન કરવા ખાસ ભલામણ અર્થાત્ આત્મકલ્યાણનો પ્રયાસ કરતા રહીએ એ રીતે કરવા ખાસ ભલામણ. એ રીતે કરવાથી અધુરી રહેલી આત્મ કલ્યાણની સાધનામાં ઉપયોગી ઉત્તરોત્તર સારા મનુષ્યજન્મને પ્રાપ્ત કરતા જઇશું અને એકવાર છેલ્લો મનુષ્યજન્મ પ્રાપ્ત થતાં સંપૂર્ણ આત્મકલ્યાણ કરી સિધ્ધિ ગતિને પ્રાપ્ત કરીશું તો આરીતે પ્રયત્ન કરી ઉત્તરોત્તર સાધનાવાળા મનુષ્યજન્મોને પામીને વહેલામાં વહેલા સૌ આ હેયતત્વને સમજીને સિધ્ધિગતિને પામો એવી અભિલાષા.

ઉપાદેય = ગ્રહણ કરવાલાયક પદાર્થો. સંવર - નિર્જરા અને મોક્ષ એ ત્રણ તત્વો ગ્રહણ કરવા લાયક છે.

સંવર એટલે ગ્રહણ કરાતા કર્મોને અટકાવવા. એટલે કે આવતા કર્મોને રોકવા. આત્મામાં પ્રવેશ કરતા કર્મોને નહિ આવવા દેવા એટલે પ્રવેશ કરવા નહિ દેવા એને સંવર કહેવાય છે. નિર્જરા એટલે પૂર્વે આત્મામાં આવેલા-પ્રવેશ કરેલા કર્મોને બહાર કાઢવા અથવા આત્મપ્રદેશો પરથી એ કર્મોનો, પુરૂષાર્થ કરી નાશ કરવો એ નિર્જરા કહેવાય છે.

મોક્ષ એટલે સંવર અને નિર્જરા કરતા કરતા આત્મા ઉપરથી, આવતા કર્મોને સંપૂર્ણ બંધ કરી તેમજ આત્માને પૂર્વે લાગેલા એટલે આત્માએ પૂર્વે પેદા કરેલા કર્મોનો નાશ સંપૂર્ણ કરવો એટલે સંપૂર્ણ સંવર તેમજ સંપૂર્ણ નિર્જરા પ્રાપ્ત કરવી અને આત્માને સંપૂર્ણ કર્મથી રહિત કરવો એ મોક્ષ કહેવાય છે. આથી સંવર-નિર્જરા અને મોક્ષ આપણા આત્માના સંપૂર્ણ સ્વરૂપને પેદા કરવામાં સહાયભૂત હોવાથી એ સંવર-નિર્જરા અને મોક્ષ એ ત્રણેયને ગ્રહણ કરવા યોગ્ય કહેવાય છે.

અનાદિકાળથી જીવ અશુભ પરિણામની તીવ્રતામાં-મંદતામાં જીવતો હોવાથી હેય પદાર્થોમાં ઉપાદેય બુધ્ધિ એટલે છોડવાલાયક પદાર્થો એ જ મારે જે સુખ જોઇએ છીએ તે સુખ જરૂર આપશે એવી બુધ્ધિ રહેલી હોવાથી એ પદાર્થો ગ્રહણ કરવા લાયક છે એમ માનીને પોતાનું જીવન જીવતો હોય છે. જ્યાં સુધી એ બુધ્ધિ દૂર ન થાય અથવા દૂર કરવા પ્રયત્ન કરવાની ઇચ્છા ન થાય ત્યાં સુધી ગ્રહણ કરવા યોગ્ય પદાર્થો ગ્રહણ કરવા યોગ્યરૂપે લાગતા જ નથી. આથી જીવો હેય પદાર્થોમાં ઉપાદેય બુધ્ધિ રાખીને પોતાના હાથે પોતાનો સંસાર વધારી પરિભ્રમણ કર્યા કરે છે.

અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવોને કર્મનું આવવાનું જે ચાલુ છે તે નિરંતર સદા માટે ચાલુને ચાલુજ રહે છે એને રોકવાની તાકાત જીવોમાં પેદા થતી નથી એટલે સંવર કરી શકતા નથી. સંવર કરવા માટે જીવો અશુભ પરિણામની તીવ્રતામાં જીવી રહ્યા છે એને બદલે એ તીવ્ર પરિણામની મંદતા કરવાનો પ્રયત્ન કરતા જાય અને શુભ પરિણામમાં જીવન જીવવાના પ્રયત્ન કરતા કરતા એ જીવો શુધ્ધ પરિણામના લક્ષ્યવાળા બને તો સંવરની શરૂઆત કરતા થાય.

જૈન શાસનમાં આવતા કર્મોને સંપૂર્ણ રોકવાનું કામ ચૌદમા ગુણસ્થાનકમાં રહેલો જીવ હોય તેજ કરી શકે છે એમ જણાવેલ છે કારણ કે જ્યાં સુધી સંપૂર્ણ આશ્રવનું રોકાણ ન થાય ત્યાં સુધી કર્મનું

આવવું ચાલુ જ રહે છે. તેરમા ગુણસ્થાનકમાં રહેલા કેવલી ભગવંતોને પણ શુભકાયયોગ-શુભ વચનયોગનો વ્યાપાર ચાલુ જ હોય છે. એ શુભયોગનો વ્યાપાર એ આશ્રવ રૂપે ગણાય છે અને એ આશ્રવથી પણ શાતા વેદનીય રૂપે કર્મનું આવવું ચાલુ જે છે. આથી ત્યાં સંપૂર્ણ આશ્રવ નિરોધ ન હોવાથી સંપૂર્ણ સંવર કહેવાતો નથી. જ્યારે જીવો તેરમા ગુણસ્થાનકના અંતે સંપૂર્ણ શુભ મન-વચન-કાયાના યોગનો નિરોધ કરે અને અયોગી અવસ્થાને પ્રાપ્ત કરે છે ત્યારે જ સંપૂર્ણ રીતે આત્મામાં કર્મનું આવવું બંધ થતું હોવાથી સંપૂર્ણ સંવર પ્રાપ્ત થાય છે.

આથી સંવરના બે ભેદો નિશ્ચિત થાય છે.

(૧) સંપૂર્ણ સંવર, (૨) દેશ સંવર.

(૧) સંપૂર્ણ સંવર ચૌદમા ગુણસ્થાનકે જ હોય છે એ ઉપર જોયું.

(૨) દેશ સંવર પહેલા ગુણસ્થાનકથી શરૂ કરી તેરમા ગુણસ્થાનક સુધી હોય છે.

પહેલા ગુણસ્થાનકે દેશ સંવર જીવો પુરૂષાર્થથી પ્રાપ્ત કરી શકે છે.

અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરતો જીવ અકામ નિર્જરા કરતો કરતો દુઃખ ભોગવતો પુણ્યબંધ કરીને સન્ની પર્યાપ્તપણાને પામે છે. એ સન્ની પર્યાપ્તપણામાં અશુભ પરિણામની તીવ્રતાને આધીન થઇને જ જીવન જીવે તો એ જીવો દેશ સંવર પ્રાપ્ત કરી શકતા નથી. એવી જ રીતે અનુકૂળ પદાર્થોમાં જ સર્વસ્વ સુખની બુધ્ધિ જીવોના અંતરમાં રહેલી હોય છે અને આના સિવાય દુનિયામાં બીજુ સુખ છે નહિ અને હોઇ શકે નહિ આવી બુધ્ધિ અંતરમાં બેઠેલી હોય છે ત્યાં સુધી પણ જીવો દેશ સંવર કરી શકતા નથી.

જ્યારે કોઇપણ પદાર્થની વિચારણા કરતા અથવા ગુરૂ ભગવંતોની વાણી સાંભળતા સાંભળતા અંતરમાં થાય કે આ મહાપુરૂષો જે કોઇ વાત કરે છે એમાં એમને કોઇ સ્વાર્થ નથી અને જીવો કાંઇક પ્રાપ્ત કરી પોતાનું

કલ્યાણ સાધે એ ઉદ્દેશ સિવાય બીજો કોઇ એમને ઉદ્દેશ નથી તો જરૂર એમના ઉપદેશમાં અથવા ભગવાનની વાણીમાં કાંઇક તથ્ય રહેલું છે એમ જણાય છે. આવું જ્યારે અંતરમાં વિચારણા રૂપે પેદા થાય એટલે જીવને સાચા સુખની શોધ કરવાની ઇચ્છા પેદા થઇ એમ કહેવાય છે અર્થાત્ ગણાય છે.

આ રીતે ભગવાનની વાણી વારંવાર સાંભળતા સાંભળતા આવી વિચારણા પેદા થતાં અશુભ પરિણામની તીવ્રતાના પ્રતાપે અનુકૂળ પદાર્થમાં એટલે ઇચ્છિત પદાર્થોમાં સર્વસ્વ સુખની બુધ્ધિ હતી અને આના સિવાય દુનિયામાં બીજુ સુખ છે જ નહિ અને હોઇ શકે નહિ એ વિચારણા હતી તે મંદ પડે છે. એ મંદ પડવાના કારણે અંતરમાં એમ થાય કે મહાપુરૂષો કહે છે માટે જરૂર આના સિવાય બીજું સુખ દુનિયામાં હોવું જોઇએ અને એ સુખ જરૂર આ ઇચ્છિત પદાર્થોના સુખ કરતાં ચઢીયાતું હોવું જોઇએ તોજ મહાપુરૂષો આ મળેલા સુખોને છોડીને એ ચઢીયાતા સુખને મેળવવા પ્રયત્ન કરે છે તો પછી એ સુખ કેવું હશે ? ક્યાં રહેલું હોય છે ? અને એ સુખને પેદા કરવા માટે અને એની અનુભૂતિ પેદા કરવા માટે શું કરવું જોઇએ ? એ જરૂર વિચારવું જોઇએ.

ઇચ્છિત પદાર્થોના સુખ કરતાં ચઢીયાતું સુખ એ ઇષ્ટ સુખ કહેવાય છે. કારણ કે ઇચ્છિત પદાર્થનું સુખ એ એવા પ્રકારનું છે કે જે પદાર્થમાં સુખની બુધ્ધિ પેદા થાય છે તે પદાર્થની સાથે બીજા અનેક પદાર્થોની ઇચ્છા પેદા કરાવે છે અને એ પદાર્થના સુખને ભોગવ્યા પછી સાથે સાથે આવી રીતે બીજા અનેક પદાર્થોનું સુખ ક્યારે પ્રાપ્ત કરૂં, મેળવું અને ભોગવું એવા અસંતોષના પરિણામ સદા માટે ઇચ્છા રૂપે પેદા કરાવે છે તથા એ પદાર્થનું સુખ એ કાયમ માટેનું સુખ નથી પણ ક્ષણિક સુખ છે. માત્ર એ ક્ષણિક સુખ જીવને કાયમ રહેવાવાળું નથી હોતું અને સાથે સાથે બીજા અનેક સુખોની ઇચ્છાઓથી જીવને દુઃખ પેદા કરાવવામાં સહાયભૂત થાય છે પણ ઇચ્છાઓનો નાશ કરવામાં સમર્થ થતું નથી

આથી જ્ઞાની ભગવંતો કહે છે કે અનુકૂળ પદાર્થોનું સુખ મેળવવામાંય દુઃખ, ભોગવવામાંય દુઃખ, વધારવામાંય દુઃખ, સાચવવામાંય દુઃખ, ન ચાલ્યુ જાય એની કાળજી રાખવામાંય દુઃખ અને ચાલ્યુ ન જાય સાથે પુણ્યોદય હોય તો છેલ્લે મુકીને જવામાંય દુઃખ છે માટે એ સુખ સુખરૂપે ગણાતું નથી. સદા માટે જીવોને ભયભીત રાખીને જીવાડવામાં સહાયભૂત થાય છે માટે એ ક્ષણિક સુખની ઇચ્છા એજ પાપરૂપ કહે છે. જેમકે પાપથી દુઃખ આવે, પુણ્યથી સુખ મલે છતાંય જગતન જીવો પાપ કરે છે તો શાના માટે કરે છે ? તો જવાબ એજ આવે કે અનુકૂળ પદાર્થોના સુખ માટે. આથી જે સુખ પાપ કરાવવાની ઇચ્છા કરાવે, પાપ કરાવે અને પાપ કરાવી આત્માને દુઃખ ઉભું કરાવે, દુઃખી કરે એ સુખ-સુખ કહેવાય કે એકાંતે દુઃખરૂપ કહેવાય માટે એ સુખ-એ સુખના પદાર્થો એકાંતે મેળવવા લાયક નથી એટલે ઉપાદેય રૂપે નથી જ એમ જ્ઞાની ભગવંતો કહે છે એ વાત બુધ્ધિથી બેસે એમ છે, મગજમાં બેસે એમ છે, સમજણમાં પણ ઉતરે એમ છે માટે એ વાત સ્વીકારી હેય બુધ્ધિ અવશ્ય પેદા કરવા યોગ્ય છે.

ઉપાદેય બુધ્ધિ અનાદિકાળથી આત્મામાં બેઠી છે એ દૂર કરવા અવશ્ય પ્રયત્ન કરવો જ જોઇએ એમાં જરાય શંકા નથી. હવે ઇષ્ટ પદાર્થનું સુખ કેવું છે એ જ્ઞાની ભગવંતો જે કહેવા માગે છે તે જોઇએ. અનાદિ કાળથી જગતમાં પરિભ્રમણ કરી રહેલા જીવો જે સુખની ઝંખના કરતાં કરતાં સુખને શોધી રહ્યા છે એ સુખ એવા પ્રકારનું શોધે છે કે જે સુખ આવ્યા પછી અથવા પ્રાપ્ત થયા પછી કદી નાશ ન પામે અને કાયમને કાયમ પોતાની પાસે ટકી રહે એવા સુખને શોધી રહ્યા છે. બીજા નંબરે જે સુખની શોધ કરે છે એ સુખ અધુરૂં ન હોવું જોઇએ પણ પરિપૂર્ણ હોવું જોઇએ એવા સુખને શોધે છે. ત્રીજા નંબરે જે સુખ પ્રાપ્ત થાય તે સુખમાં જરાય દુઃખ ન હોવું જોઇએ. એટલે દુઃખના લેશ વિનાનું સુખ જોઇએ. આ ત્રણ વિશેષણોથી યુક્ત હોય એવું સુખ જ ખરેખર ઇષ્ટ

પદાર્થનું સુખ કહેવાય છે. અર્થાત્ જે સુખ પ્રાપ્ત થયા પછી કદી નાશ ન પામે એવું હોવું જોઇએ. પરિપૂર્ણ જોઇએ અને દુઃખના લેશ વિનાનું હોવું જોઇએ. આવું સુખ જગતના સઘળાય જીવો અનાદિકાળથી મેળવવા ઇચ્છે છે પણ એ જીવોને ખબર નથી કે એ સુખ ક્યાં છે ? માટે પર-પદાર્થોમાં એ સુખને શોધી રહેલા છે અને પછી જે પદાર્થ ક્ષણિક સુખને આપનારો બને છે એ પદાર્થ જરૂર મને જે સુખ જોઇએ છે તે આપશે આવા વિશ્વાસથી પર-પદાર્થોમાં એ સુખની શોધ કર્યા કરે છે. પણ જ્યારે જીવને ખબર પડે કે એ પર-પદાર્થો એ સુખને આપે એમ નથી અને એ પદાર્થોમાં એ સુખ છે પણ નહિ તો પછી એ સુખ ક્યાં છે ? તો જાણતા જાણતા ખબર પડે એમ છે કે એ સુખ દુનિયાના કોઇપણ પદાર્થમાં નથી પણ મારા પોતાના આત્મામાં રહેલું છે અને એને પેદા કરવા માટે પ્રયત્ન કરૂં તો જરૂર એ સુખ મને મલે એમ છે. આવી વિચારણા અંતરમાં પેદા થતી જાય અને એ સુખને પેદા કરવાની ઇચ્છા પેદા થતી જાય એટલે જીવ ને લાગે કે ઇચ્છિત પદાર્થોનું સુખ અને એની મહેનત આ ઇષ્ટ પદાર્થની ઇચ્છા અને મહેનતમાં અંતરાય રૂપ થાય છે એમ લાગે તોજ આત્મામાં અશુભ પરિણામની તીવ્રતા ચાલે છે તે મંદ થતી જાય અને જેટલે અંશે મંદતા પેદા થાય એટલે અંશે ઇષ્ટ પદાર્થના સુખની ઇચ્છા પેદા થાય. આવા પરિણામની પ્રાપ્તિને જ્ઞાની ભગવંતો દેશ સંવરની શરૂઆત કહે છે કારણ કે આ પરિણામ અશુભ પરિણામની તીવ્રતામાં મંદતા કરવામાં સહાયભૂત થાય છે એ અશુભ પરિણામમાં જેટલી તીવ્રતા ઓછી થતી જાય એજ પરિણામ આત્મિક ગુણ પેદા કરવામાં તથા ઇષ્ટ પદાર્થની પ્રાપ્તિની ઇચ્છા પેદા કરવામાં સહાયભૂત થતો હોવાથી એ પરિણામને જ દેશ સંવરના પરિણામની શરૂઆત કહેવાય છે.

આથી એ નિશ્ચિત થાય છે કે જેટલે અંશે ઇષ્ટ પદાર્થની ઇચ્છા વધતી જાય એટલે અંશે ઇચ્છિત પદાર્થની ઇચ્છા તીવ્રપણે હતી તેના બદલે મંદપણે થતી જાય છે અને વારંવાર ઇચ્છિત પદાર્થોની થતી

ઇચ્છાઓ ઇષ્ટ પદાર્થની ઇચ્છામાં અંતરાય રૂપ લાગતી હોવાથી ઇચ્છિત પદાર્થોની ઇચ્છાઓ એકાંતે દુઃખરૂપ છે, દુઃખનું ફળ આપનારી છે અને દુઃખની પરંપરા વધારનારી છે એમ લાગ્યા જ કરે છે. આ અંતરમાં લાગ્યા કરવું એ જ દેશ સંવરની શરૂઆત થતાં થતાં દેશ સંવરની વૃધ્ધિ થતી જાય છે એમ કહેવાય છે કારણ કે અશુભ પરિણામની તીવ્રતાથી જેટલા કર્મોનું આવવું થતું હતું તે હવે જેટલા અંશે અશુભ પરિણામની મંદતા થવાથી તીવ્ર પરિણામથી જે કર્મો આવતા હતા તે અટકી જાય છે અર્થાત્ નાશ પામે છે આથી એ અશુભ કર્મોનું આવવું અટકે છે એને જ દેશ સંવર કહેવાય છે. આ રીતે જીવ દેશ સંવરની શરૂઆત કરતો કરતો એમાં આગળ વધતો વધતો અશુભ પરિણામને સંપૂર્ણ આવતા બંધ કરી શુભ પરિણામ પેદા કરતો કરતો શુધ્ધ પરિણામમાં આગળ વધતો વધતો ગ્રંથીભેદ કરી-સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી-સંયમની પ્રાપ્તિ કરતો-અપ્રમતભાવ પામી-ક્ષપક શ્રેણિ પ્રાપ્ત કરી મોહનો સંપૂર્ણ નાશ કરી-વીતરાગ દશાના પરિણામને પામી-ઘાતી કર્મોનો સંપૂર્ણ નાશ કરી. કેવલજ્ઞાન પામે છે ત્યાં દેશસંવર કરતો યોગ નિરોધ કરીને એ જીવ અયોગી અવસ્થાને પ્રાપ્ત કરે ત્યારે સંપૂર્ણ સર્વ સંવરને પામે છે અને પછી અઘાતી કર્મોનો નાશ કરી સિધ્ધિગતિને પામે છે. આ રીતે દેશ સંવરથી જીવ સર્વ સંવર પ્રાપ્ત કરી ઇષ્ટ પદાર્થના સુખને પામે છે માટે સંવર ગ્રહણ કરવા યોગ્ય કહેલ છે.

નિર્જરા તત્વ ગ્રહણ કરવા યોગ્ય છે તે આ રીતે - અનાદિ કાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવોને પાપના ઉદયથી જે દુઃખની પ્રાપ્તિ થાય છે તે દુઃખને ઇચ્છાથી કે અનિચ્છાથી, રોતા-રોતા કે હસતા હસતા સહન કરે છે એનાથી પૂર્વે બંધાયેલા દુઃખ ભોગવવા લાયક કર્મોની નિર્જરા થાય છે એ નિર્જરાને અકામ નિર્જરા કહેવાય છે. કારણ કે એ રીતે દુઃખ ભોગવવામાં જીવોને અંતરમાં ઇચ્છિત પદાર્થોના સુખની ઇચ્છા બેઠેલી છે માટે કર્મો ઓછા નાશ પામે છે અને એની સાથે

જ જેટલા નાશ પામ્યા એનાથી અધિક કર્મો દુઃખ ભોગવવા લાયક બંધાતા જાય છે માટે એ નાશ પામતાં કર્મોને અકામ નિર્જરા કહેવાય છે.

અકામ એટલે ઇચ્છા રહિત.

કામ એટલે ઇચ્છા. અ એટલે નહિ. જીવને પોતાની ઇચ્છા રહિત કર્મો નાશ પામે છે માટે અકામ નિર્જરા કહેવાય છે. આ રીતે અકામ નિર્જરા કરતા કરતા સન્ની પર્યાપ્તપણાને પ્રાપ્ત કરે અને એ ભવમાં ખ્યાલ આવે કે આવી નિર્જરાની કોઇ કિંમત નથી તો કઇ નિર્જરા કિંમતવાળી અને આત્માને ઉપયોગી બને એ જાણવાની ઇચ્છા થાય એમાં જાણવા મળે કે ઇચ્છિત પદાર્થોની ઇચ્છા એજ આત્માને નુકશાન કરે છે અને કર્મોની નિર્જરા જે રીતે કરવી છે એ રીતે થવા દેતી નથી માટે ઇષ્ટ પદાર્થની ઇચ્છા જરૂર પેદા કરી એ ઇષ્ટ પદાર્થ મેળવવા માટે પ્રયત્ન કરવો એ પરિણામ પેદા કરવા માટે ઇચ્છિત પદાર્થની ઇચ્છા એજ પાપરૂપે છે. આવી શ્રધ્ધા પેદા કરવી જ જોઇએ માટે ઇચ્છિત પદાર્થની ઇચ્છા પાપરૂપ હોવાથી એ ઇચ્છાનો અભાવ પેદા કરવો અને ઇષ્ટ પદાર્થની ઇચ્છા પેદા કરવી, ટકાવવી એજ લાભદાયી છે એમ વિચારી એ માટે પ્રયત્ન કરવાથી આત્માને લાભ પેદા થાય એ લાભમાં પ્રત્યક્ષ ફળની એ પ્રાપ્તિ થાય છે કે- પૂર્વે બાંધેલા અશુભ કર્મોની નિર્જરા વિશેષ રીતે પ્રાપ્ત થાય છે એટલે અશુભ કર્મો તીવ્રરસે બાંધેલા હોય છે તે મંદ રસવાળા થાય છે અને શુભકર્મો મંદરસે બાંધેલા હતા તે તીવ્રરસે થાય છે અને નવા બંધાતા અશુભ કર્મો મંદરસે બંધાય છે તેમજ શુભકર્મો તીવ્રરસે બંધાય છે. આ ફળની પ્રાપ્તિથી જીવને અનાદિકાળથી અશુભ પરિણામો તીવ્રરસે ઉદયમાં આવી નુકશાન કરતા હતા તે નુકશાન બંધ થતાં એટલે એ પરિણામ અટકીને શુભ પરિણામ પેદા થતાં જાય છે અને આત્મકલ્યાણમાં ઉપયોગી થતાં જાય છે આને સકામ નિર્જરા કહેવાય છે.

આ નિર્જરાની શરૂઆત જીવો ઇચ્છિત પદાર્થોની ઇચ્છાનો અભાવ

કરતા કરતા ઇષ્ટ પદાર્થની ઇચ્છા પ્રાપ્ત કરતા કરતા એની રૂચિ પેદા કરતા કરતા આ સકામ નિર્જરાને પ્રાપ્ત કરે છે. આજ જીવોને પ્રત્યક્ષ લાભ કહેવાય છે. આ લાભથી અશુભ પરિણામો તીવ્રભાવે પજવતાં બંધ થવાથી જીવોને દુર્ગતિમાં જવા લાયક કર્મબંધ અટકી જાય છે અને સદ્‌ગતિમાં જવા લાયક કર્મબંધ થયા કરે છે.

આ રીતે સકામ નિર્જરા કરતો કરતો જીવ ઇચ્છિત પદાર્થોની સુખની બુધ્ધિને બદલે ઇષ્ટ પદાર્થની ગુણની બુધ્ધિવાળો થાય છે.

આ રીતે ગુણની બુધ્ધિની પ્રાપ્તિ થવી, ગુણ પેદા કરવા માટેનો પ્રયત્ન કરવો એ સકામ નિર્જરાની શરૂઆત ગણાય છે. આ રીતે ગુણ પ્રાપ્તિનો પુરૂષાર્થ કરતા કરતા સંપૂર્ણ ગુણોની પ્રાપ્તિ કરવી તે સકામ નિર્જરા તેરમા ગુણસ્થાનક સુધી હોય છે અને ચૌદમા અયોગી ગુણસ્થાનકમાં કર્મનું આવવું બંધ થયેલું હોવાથી પૂર્વે બંધાયેલા કર્મોની જ નિર્જરા કરવાની રહેલી હોવાથી સર્વ નિર્જરાને જીવ પ્રાપ્ત કરી સિધ્ધિ ગતિને પામે છે આથી આ નિર્જરા સિધ્ધિ ગતિને પામવામાં સહાયભૂત થતી હોવાથી ગ્રહણ કરવા લાયક ગણાય છે. મોક્ષ તત્વ ગ્રહણ કરવા લાયક છે. સન્ની પર્યાપ્તપણામાં રહેલા જીવો પુરૂષાર્થ કરીને અનુકૂળ પદાર્થોને ઓળખીને એ કેવા પ્રકારના છે એ જાણીને જ્યારે અશુભ પરિણામની મંદતા થાય અને સુખની ઇચ્છા અનાદિકાળથી બેઠેલી છે તે દૂર કરવાનો પ્રયત્ન કરી ગુણ પ્રાપ્તિની ઇચ્છા પેદા કરતા કરતા મોક્ષના સુખના અભિલાષી બને અથવા મોક્ષના સુખની રૂચિવાળા થાય અથવા ઇષ્ટ પદાર્થના સુખને મેળવવા માટે પ્રયત્ન કરતા થાય કે જે સુખ પરિપૂર્ણ-દુઃખના લેશ વિનાનું અને આવ્યા પછી અર્થાત્ પેદા થયા પછી કદી નાશ ન પામે એવું જે ઇષ્ટ પદાર્થનું સુખ છે એ ક્યારે પામું આવી વિચારણા અથવા અભિલાષ પેદા કરવાનું મન થાય ત્યારે જીવને મિથ્યાત્વ મોહનીયનો તીવ્રરસ ઉદયમાં ચાલતો હતો તેના બદલે મંદરસવાળો રસ મિથ્યાત્વનો ઉદયમાં ચાલે છે એમ કહેવાય છે.

એ મિથ્યાત્વના મંદરસના ઉદયના પ્રતાપે અત્યાર સુધી અનુકૂળ પદાર્થોમાં જે સુખની બુધ્ધિ હતી તે નાશ પામીને સાચા સુખમાં એટલે ઇષ્ટ પદાર્થમાં સુખની બુધ્ધિ શરૂ થઇ આના પ્રતાપે જીવ પુરૂષાર્થ કરી અપુનર્બંધક દશાના પરિણામને પ્રાપ્ત કરે છે ત્યારે એના પોતાના અંતરમાં એવો ભાસ થાય છે કે દુનિયાના અનુકૂળ પદાર્થોના સુખો કરતાં આ સુખનો અભિલાષ કેવો અપૂર્વ છે. એ સાચા સુખની ઇચ્છા પણ મને કેવો સુંદર આનંદ પેદા કરાવે છે કે જે આનંદ અત્યાર સુધી અનુકૂળ પદાર્થોની ઇચ્છાના આનંદ કરતાં પણ કેટલો ચઢીયાતો અને તીવ્ર આનંદનો અનુભવ પેદા કરાવે છે તો જરૂર અનુકૂળ પદાર્થોના સુખની ઇચ્છા આ સાચા સુખની ઇચ્છાના આનંદ આગળ તુચ્છ લાગે છે. જો ઇચ્છા માત્ર આટલો આનંદ પેદા કરાવે છે તો એ સુખનો આંશિક અનુભવ તથા સંપૂર્ણ સુખનો આનંદ કેવો તીવ્ર આનંદ પ્રાપ્ત કરાવે માટે હવે મારે જરૂર એ સાચા સુખને પ્રાપ્ત કરવાનોજ પ્રયત્ન કરવો જોઇએ.

જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે દેવલોકમાં ઉંચામાં ઉંચુ સુખ ઇચ્છિત પદાર્થોનું અનુત્તરવાસી દેવોનું. એમાંય સર્વાર્થ સિધ્ધ વિમાનમાં રહેલા દેવોનું કહેલું છે એ તેત્રીશ સાગરોપમ કાળ સુધીનું સુખ એના એક એક સમયના સુખનો ગુણાકાર કરતાં કરતાં જે સુખનો ગુણાકાર થાય એના કરતાં સાચા સુખના એક આત્મપર્દેશના સુખનો અંશ અનંત ગુણ સુખની અનુભૂતિવાળો હોય છે. એ સુખ પ્રાપ્ત કર્યા પછી કદી નાશ પામતું નથી. સાદિઅનંતકાળ રહે છે, પરિપૂર્ણ હોય છે અને કોઇપણ દુઃખના લેશ વગરનું હોય છે માટે તે ગ્રહણ કરવા લાયક કહેલ છે. આવા સુખને પેદા કરવાની ઇચ્છા એ ઉપાદેય એટલે ગ્રહણ કરવા લાયક કહેલ છે. આથી ત્રણે તત્વો ઉપાદેય રૂપે કહેલા છે. આટલા વર્ષોથી દેવ, ગુરૂ, ધર્મની આરાધના કરીએ છીએ છતાંય ઇચ્છિત પદાર્થોનું સુખ એ વાસ્તવિક રીતે સુખરૂપે નથી પણ દુઃખરૂપે છે એમ લાગ્યું છે ખરૂં ? તેમજ મારા આત્માને માટે, વાસ્તવિક રીતે શ્રી અરિહંત પરમાત્માઓ જે સુખની

અનુભૂતિ કરી રહેલા છે.

સાચું એ સુખ હું ક્યારે પ્રાપ્ત કરું એ સાચું સુખ જ ખરેખર મારા આત્માનું સુખ છે એમ લાગ્યું છે ખરૂં ? ઉપાદેય તત્વને જાણ્યા પછી મારૂં પોતાનું સુખ એ ઇચ્છિત પદાર્થોનું સુખ નથી પણ ઇષ્ટ પદાર્થનું સુખજ મારૂં છે. એવું આત્મામાં પેદા થયેલું છે ? જુઓ આ જાણવા છતાં આ વિચાર પેદા નહિ થાય તો દેવ-ગુરૂ-ધર્મની આરાધના આત્માને કલ્યાણ કરવામાં ઉપયોગી નહિ જ થાય ઉપરથી પુણ્ય બંધાવી એ પુણ્યના ઉદયકાળની સામગ્રીમાં રાગાદિ પરિણામ પેદા કરાવી આત્માની જન્મ મરણની પરંપરા વધારવામાં ઉપયોગી થશે. જો એમ થવા દેવું ન હોય તો અત્યારથી આત્માને ઇચ્છિત પદાર્થોથી સાવચેત બનાવી ઇષ્ટ પદાર્થની ઇચ્છા કરવા અને એને ટકાવવા પ્રયત્ન કરવો જ પડશે.

આ રીતે જ્ઞેય-હેય અને ઉપાદેય તત્વોને જાણીને- સમજીને પરિણામ પમાડવાનો પ્રયત્ન કરતા કરતા એવી રીતે જીવન જીવતા થઇએ કે જે જીવનથી દુર્ગતિમાં જવાલાયક કર્મબંધ થાય નહિ. અર્થાત્ દુર્ગતિમાં જવાલાયક કર્મબંધ અટકી જાય સદ્‌ગતિમાં જવાલાયક કર્મબંધ ચાલુ રહે એનાથી સમાધિ મરણ પ્રાપ્ત થાય અને પરલોક સુંદર બને અને એમ કરતાં કરતાં ઉપાદેય તત્વમાં આત્મા જલ્દી દાખલ થઇ સાદિ અનંતકાળ એ ઉપાદેય તત્વમાં રમણતાં વાળો બને એ રીતે પ્રયત્ન કરી સૌ જલ્દીથી સિધ્ધિગતિને પામો એ અભિલાષા.

નવતત્વ ચિંતન

પુણ્ય પ્રકૃતિઓ અને પાપ પ્રકૃતિઓ એ બંનેના થઇને ચાર ભાંગા થાય છે. જેને ચતુર્ભંગિ કહેવાય છે. તે આ પ્રમાણે (૧) પુણ્યાનુબંધિ પુણ્ય (૨) પુણ્યાનુબંધિ પાપ (૩) પાપાનુબંધિ પુણ્ય (૪) પાપાનુબંધિ પાપ.

(૧) પુણ્યાનુબંધિ પુણ્ય

જે પુણ્યના ઉદયકાળમાં રહેલો જીવ વિવેક બુદ્ધિ પેદા કરીને એટલે કે છોડવાલાયક પદાર્થોમાં છોડવાલાયકની બુદ્ધિ પેદા કરીને અને ગ્રહણ કરવા લાયક પદાર્થોમાં ગ્રહણ કરવાની બુદ્ધિ પેદા કરીને પોતાની શક્તિ મુજબ ગ્રહણ કરવાલાયક પદાર્થોને ગ્રહણ કરતો જાય અને છોડવાલાયક પદાર્થોમાં છોડવા લાયક બુદ્ધિ રાખીને જીવન જીવતો થાય એનાથી જીવ પુણ્યનો અનુબંધ કરતો જાય છે. આ પુણ્યના ઉદયકાળમાં રહેલા જીવો પુણ્યનો અનુબંધ કરતા કરતા અનુકૂળ પદાર્થો પ્રત્યે અનાદિકાળથી અંતરમાં રાગાદિ પરિણામ જે રહેલા હોય છે તે રાગાદિ પરિણામની મંદતા કરતા કરતા વૈરાગ્યભાવ પેદા કરીને સુખની સામગ્રીમાં જીવન જીવતા થાય છે. આ પુણ્યાનુબંધિ પુણ્ય પહેલા ગુણસ્થાનકમાં રહેલા જીવો નિસ્વાર્થ ભાવે માતા પિતાની સેવા કરતા જાય એનાથી બાંધતા જાય છે. એ જે પુણ્યનો અનુબંધ કરે છે એ પુણ્યનો અનુબંધ પોતાના જીવનમાં જૈનશાસનની સામગ્રીની પ્રાપ્તિ નજીકના કાળમાં પ્રાપ્ત થાય એ રીતે ઉપયોગમાં આવે છે. એવી જ રીતે પ્રાણિઓની દયા કરવાથી જો એમાં કોઇપણ પ્રકારનો સ્વાર્થ રહેલો ન હોય તો એ પ્રાણીઓની દયાથી જીવ પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે. એવી જ રીતે જ્ઞાનગર્ભિત વૈરાગ્યભાવ પેદા કરવાથી જીવ પહેલા ગુણસ્થાનકમાં રહીને પણ પુણ્યાનુબંધિ પુણ્ય બાંધતો જાય છે અને ચોથા પ્રકારે ગ્રંથીભેદ કરેલો જીવ તેમજ સમકિત પામેલો અને આગળના ગુણસ્થાનકને પ્રાપ્ત કરતો કરતો દશમા ગુણસ્થાનક સુધીમાં રહેલો જીવ પુણ્યાનુબંધિ પુણ્ય બાંધતા જાય છે. જ્યારે જીવો પુણ્યાનુબંધિ પુણ્યનો બંધ કરતા હોય છે ત્યારે અનુકૂળ પદાર્થોનો રાગ દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખની પરંપરા વધારનારો છે એવી બુદ્ધિ અંતરમાં સતત ચાલ્યા કરે છે. આના પ્રતાપે જીવો એક સાથે સમયે સમયે પુણ્યપ્રકૃતિઓ અને પાપપ્રકૃતિઓ બંને

પ્રકૃતિઓનો બંધ દશમા ગુણસ્થાનક સુધી સતત કર્યા જ કરે છે. કોઇ સમય એવો નથી કે જીવને એકલી પુણ્ય પ્રકૃતિઓ બંધાય અને એકલી પાપ પ્રકૃતિઓ બંધાય. બંને પ્રકારની પ્રકૃતિઓનો બંધ ચાલુ હોવા છતાંય પુણ્યાનુબંધિ પુણ્યનો બંધ કરનારા જીવોને પુણ્યનો અનુબંધ જ્યારે પડતો હોય છે ત્યારે બંધાતી પાપપ્રકૃતિઓનો રસ અલ્પ પડે છે અને પુણ્યપ્રકૃતિઓનો રસ તીવ્ર પડે છે. આ તીવ્ર રસવાળી પુણ્યપ્રકૃતિઓ ઉદયમાં આવે ત્યારે જીવને અનુકૂળ પદાર્થો પ્રત્યે રાગાદિની મંદતા અને વૈરાગ્યભાવ સહજ રીતે અંતરમાં પેદા થતો જાય છે. આ અનુકૂળ પદાર્થોની ઓળખ પેદા થવાથી જીવને પોતાને પોતાના કલ્યાણ તરફ જીવન જીવવાનો વિચાર પેદા થતો જાય છે અને પોતાની શક્તિ મુજબ કલ્યાણ વાળું જીવન જીવતો થાય છે. આની સાથે સાથે જે જન્મ મરણની પરંપરા અનુકૂળ પદાર્થોમાં રાગ કરીને બાંધેલી છે એ પરંપરા નાશ પામતી પામતી પોતાના જન્મ મરણની પરંપરા ઓછી કરતો જાય છે. આને પુણ્યાનુબંધિ પુણ્ય કહેવાય છે. વર્તમાનમાં જે રીતે જીવન જીવાય છે એ જીવન જીવતાં જીવતાં અને સાથે સાથે ધર્મની આરાધના કરતા કરતા પુણ્યાનુબંધિ પુણ્ય બાંધી રહેલા છીએ એવું આપણને લાગે છે ખરૂં ! જે રીતે ધર્મપ્રવૃત્તિ જીવનમાં થાય છે એ પ્રવૃત્તિ કરતા કરતા જો રાગાદિ પરિણામની મંદતા થતી ન દેખાય તો ધર્મની પ્રવૃત્તિથી પાપાનુબંધિ પુણ્ય બંધાય છે એમ જ્ઞાનીભગવંતો કહે છે.

રાગાદિ પરિણામ મંદ થતા દેખાય તો અથવા રાગાદિ પરિણામ ઓળખાતા જાય તો પુણ્યાનુબંધિ પુણ્ય બંધાતુ જાય છે. જો ધર્મપ્રવૃત્તિ કરતાં કરતાં રાગાદિ પરિણામની ઓળખ પણ પેદા ન થતી હોય તો સમજી લેવાનું કે પાપાનુબંધિ પુણ્ય જ બંધાય છે. એ પાપાનુબંધિ પુણ્યથી મળેલી સામગ્રી કદાચ દેવલોક આપી શકે પણ જીવને દેવલોકની મળેલી સામગ્રીમાં રાગાદિ પરિણામ પેદા કરાવી જન્મ મરણની પરંપરા વધારવામાં સહાયભૂત થતી હોવાથી એ ધર્મ ધર્મરૂપે ગણાતો નથી. એટલે કે

આત્મકલ્યાણમાં એ ધર્મ ઉપયોગી થઇ શકતો નથી. માટે એ ધર્મ કરવા છતાં પણ એને પુણ્યાનુબંધિ પુણ્ય બંધાતુ ન હોવાથી સંસારની વૃદ્ધિનું કારણ બને છે.

પહેલા ગુણસ્થાનકમાં રહેલા જીવો નિસ્વાર્થ ભાવે માતા પિતાની સેવા કરતાં જે પુણ્યાનુબંધિ પુણ્ય બાંધે છે એના ઉદયકાળમાં જીવને જે સામગ્રીની પ્રાપ્તિ થાય છે તેમાં રાગાદિ પરિણામની મંદતા અવશ્ય પ્રાપ્ત થાય છે. અભવ્ય જીવો દુર્ભવ્યજીવો ભારેકર્મી ભવ્ય જીવો અને એકવાર સમકિત પામીને દુર્લભ બોધિ થયેલા જીવો નિરતિચાર ચારિત્રનું પાલન કરવા છતાં પણ પુણ્યાનુબંધિ પુણ્યનો બંધ કરી શકતા જ નથી. જો પુણ્યાનુબંધિ પુણ્યનો બંધ કરી શકતા હોય તો એક લઘુકર્મી ભવ્ય જીવોજ કરી શકે છે. આથી ધર્મપ્રવૃત્તિ કરતાં કરતાં આત્માની સાથે રોજ વિચારણા કરવાની કે હું લઘુકર્મી થઇ રહેલો છું કે નહિ જો લઘુકર્મી નહિ થઉં તો આ ધર્મ મને પુણ્યાનુબંધિ પુણ્ય બંધાવી આત્મકલ્યાણમાં ઉપયોગી થઇ શકશે નહિ.

(૨) પુણ્યાનુબંધિ પાપ

પાપના ઉદયકાળમાં રહેલા જીવો એટલે કે પાપના ઉદયથી ગમે તેટલું દુઃખ આવે તો પણ એ દુઃખમાં દીન થયા વગર ને હાયવોય કર્યા વગર એને ભોગવવામાં આવે તેમજ મેં પાપ કર્યું છે માટે મને દુઃખ આવ્યું છે એને હું જેટલું સમાધિ પુર્વક ભોગવી લઇશ એટલું મારું પાપ જલ્દીથી નાશ પામશે. આવી વિચારણા કરીને પાપના ઉદયકાળમાં આવેલા દુઃખને સારી રીતે ભોગવીને જે જીવો પાપનો નાશ કરે છે એની સાથે સાથે પુણ્યને પાપ બંને પ્રકારની પ્રકૃતિઓનો બંધ ચાલે છે તેમાં પુણ્યપ્રકૃતિઓ અનુબંધ રૂપે બાંધે છે અને પાપ પ્રકૃતિઓ અનુબંધ વગર બંધાતી હોવાથી જ્યારે ઉદયમાં આવશે ત્યારે આત્માને નુકશાન કારક બનશે નહિં. આ રીતે દુઃખને ભોગવવું અને સાથે પુણ્ય પ્રકૃતિઓ અનુબંધ રૂપે

બાંધવી એને પુણ્યાનુબંધી પાપ કહેવાય છે.

જ્યાં સુધી જીવ સમજણના ઘરમાં આવે નહિ અથવા સમજણના ઘરમાં આવ્યા પહેલા ગુણ પ્રાપ્તિનું લક્ષ પેદા ન થાય ત્યાં સુધી દુઃખ ભોગવવામાં સમાધિ જીવને રહી શકતી નથી અને એના કારણે પુણ્ય પ્રકૃતિઓ અનુબંધ રૂપે બાંધી શકતો નથી. તે વખતે પુણ્ય પ્રકૃતિઓ અનુબંધ વગર બાંધે છે. અને પાપ પ્રકૃતિઓ અનુબંધ વાળી બાંધીને જન્મ મરણની પરંપરા વધારી પોતાના હાથે જ પોતાના આત્માની જન્મ મરણની પરંપરા સંખ્યાતાકાળની-અસંખ્યાતા કાળની અથવા અનંતા કાળની વધારીને સંસારમાં રખડવા ચાલ્યો જાય છે.

પહેલા ગુણસ્થાનકમાં રહેલા લઘુકર્મી ભવ્ય આત્માઓ ગ્રંથીદેશે આવ્યા પછી પોતાના આત્મામાં રહેલી ગ્રંથીને ઓળખવાનો પ્રયત્ન કરતા જાય છે. તે વખતે પાપના ઉદયથી જે કાંઇ દુઃખ પ્રાપ્ત થયેલું હોય તેમાં સમાધિ ભાવ પેદા થતો જાય છે. એ સમાધિ ભાવના પ્રતાપે દુઃખ દૂર થાય અને સુખની પ્રાપ્તિ થાય એવી વિચારણા હોતી નથી. જ્યારે ગ્રંથીદેશે આવ્યા પછી પોતાના આત્મામાં રહેલી ગ્રંથીને ઓળખવાનો પ્રયત્ન ન કરે તો એ જીવો દુઃખને સમાધિ પૂર્વક ભોગવવા છતાં પણ દુઃખ દૂર થાય અને જલ્દી સુખની પ્રાપ્તિ થાય એ બુદ્ધિ અંતરમાં બેઠેલી હોય છે. આના પ્રતાપે પુણ્ય પ્રકૃતિઓ અનુબંધ રૂપે બંધાતી નથી. આથી નિશ્ચિત થાય છે કે અભવ્ય જીવો દુર્ભવ્યાજીવો ભારેકર્મી ભવ્ય જીવો અને એકવાર સમકીત પામીને વમીને દુર્લભ બોધિ થયેલા જીવો ધર્મની પ્રવૃત્તિ કરતાં કરતાં ગમે તેટલું કષ્ટ સારી રીતે વેઠે તો પણ અંતરમાં સુખની બુદ્ધિ બેઠેલી હોવાથી અને પોતાના આત્મામાં રહેલી ગ્રંથીને ઓળખવાનું મન ન થતું હોવાથી પુણ્યનો અનુબંધ કરી શકતા નથી. માટે પાપના ઉદયકાળમાં પુણ્યનો અનુબંધ કરવો હોય તો પોતાના આત્મામાં રહેલી ગ્રંથીને ઓળખવાનો પ્રયત્ન કરવો જ જોઇએ. ગ્રંથી એટલે અનુકૂળ પદાર્થો પ્રત્યેનો ગાઢ રાગ અને પ્રતિકૂળ પદાર્થો પ્રત્યેનો ગાઢ દ્વેષ. આને

ગ્રંથી કહેવાય છે.

(૩) પાપાનુબંધિ પુણ્ય

પુણ્યના ઉદયકાળમાં રહેલા જીવો પુણ્યને ભોગવતા ભોગવતા પાપનો અનુબંધ કરતા જાય તેને પાપાનુબંધિ પુણ્ય કહેવાય છે. જેમકે વર્તમાનકાળના મોટાભાગના જીવો ધર્મક્રિયા કરતા કરતા અનુકૂળ પદાર્થો પ્રત્યેનો રાગ રાખીને એ રાગને વધારતા વધારતા ધર્મ પ્રવૃત્તિ કરી રહેલા હોય છે તેનાથી પાપાનો અનુબંધ પેદા કરતા જાય છે. એટલે કે ધર્મ પ્રવૃત્તિથી પુણ્ય બંધાય છે પણ તે અનુબંધ વગરનું બંધાય છે. અને એના કારણે સાથે સાથે જે અશુભ પ્રકૃતિઓનો બંધ થાય છે તે અનુબંધ પૂર્વક તીવ્રરસે પાપ પ્રકૃતિઓનો બંધ કરતા જાય છે. અને ભુતકાળમાં જે પુણ્ય બાંધીને આવેલા છે એ પુણ્યના પ્રતાપે સુખસાહ્યબી સંપત્તિ સારી પ્રાપ્ત થયેલી હોવા છતા પણ તેમાં રાગાદિ પરિણામ તીવ્ર રૂપે રહેલા હોવાથી એટલે કે એ સામગ્રી મેળવવામાં-ભોગવવામાં-વધારવામાં-ટકાવવામાં-સાચવવામાં ન ચાલી જાય એની કાળજી રાખી એમાં જે રીતે રાગ પૂર્વક પ્રવૃત્તિ થાય છે એ પ્રવૃત્તિથી જણાય છે કે ભૂતકાળમાં જે પુણ્ય બાંધ્યુ તે અનુબંધ વગરનું બાધેલું છે અને સાથે સાથે પાપનો બંધ જે કરેલો છે તે અનુબંધ પૂર્વકનો કરેલો છે એમ જણાય છે. આથી વર્તમાનમાં ભોગવાતું પુણ્ય મોટાભાગના ધર્મપ્રવૃત્તિ કરનારા જીવોને પાપાનુબંધિ પુણ્ય ઉદયમાં ચાલે છે એમ દેખાય છે. એના પ્રતાપે ધર્મ પ્રવૃત્તિ કરવા છતાં પણ ભગવાન જેવા થવાનું મન થતું નથી. સાધુનું દર્શન કરવા છતાં પણ વંદન કરવા છતાં પણ એમની ભક્તિ કરવા છતાં પણ સાધુપણુ લેવાની ઇચ્છા મોટેભાગે પેદા થતી નથી. આજે તમે બધા જે કંઇ ધર્મપ્રવૃત્તિ કરો છો એ ધર્મપ્રવૃત્તિ કરતાં કરતાં ભગવાનનું દર્શન, પૂજન, સ્તવન, નામ સ્મરણ કરતાં કરતાં ભગવાન જેવા થવાનું મન થાય છે ખરૂં !, સાધુનું દર્શન કરવા છતાં પણ સાધુપણું લેવાની ઇચ્છા

પણ પેદા થાય છે ખરી !, ધર્મપ્રવૃત્તિ કરવા છતાં પણ મારા આત્મામાં રહેલા ધર્મને ક્યારે હું પેદા કરું અને પેદા કરીને એની અનુભૂતિ કરું એવી પણ ઇચ્છા પેદા થાય છે ખરી ! આમાંનુ નથી થતું એ એજ જણાવે છે કે ધર્મપ્રવૃત્તિ કરવા છતાં અનુકૂળ પદાર્થોનો રાગ જરાય ઓછો થતો દેખાતો નથી. ઉપરથી એ રાગ વધતો જતો દેખાય છે. આનો અર્થજ એ થાય છે કે વર્તમાનમાં પાપાનુબંધિ પુણ્યનો ઉદય જીવને ચાલુ છે. આ પાપાનુબંધિ પુણ્યનો ઉદય પહેલા ગુણસ્થાનકમાં રહેલા અભવ્ય જીવોને, દુર્ભવ્યજીવોને, ભારેકર્મ ભવ્ય જીવોને, ને એકવાર સમકીત પામીને વમીને દુર્લભબોધિ થયેલા જીવોને ઉદયમાં ચાલુ જ હોય છે. આ પુણ્યના ઉદયકાળમાં પોતાના આત્મામાં રહેલી ગ્રંથી જીવ મજબુત કરતો જાય છે. પણ ગ્રંથીને ઓળખવાનું મન જરાય પેદા થતું નથી. આથી જ્ઞાની ભગવંતો કહે છે કે અભવ્યાદિ જીવો નિરતિચાર ચારિત્રનું પાલન કરે તો પણ એ જીવો પુણ્યાનુબંધિ પુણ્ય બાંધતા નથી. પણ નિયમા પાપાનુબંધિ પુણ્યનો બંધ જ કરે છે. અને એ પુણ્યનો ઉદયકાળ જ્યારે પેદા થાય ત્યારે એ જીવોને બીજાની સુખસાહ્યબિ સંપત્તિ જોઇને અંતરમાં ઇર્ષ્યા ભાવ પેદા થાય છે અને એ ઇર્ષ્યા ભાવ લાંબાકાળ સુધી ટક્યો રહે છે. જેમકે અભવ્યાદિ જીવો નિરતિચાર ચારિત્ર પાળતા પાળતા નવમા ગ્રૈવેયકના દેવલોકના સુખનું આયુષ્ય બાંધે છે અને કાળ કરીને નવમા ગ્રૈવેયકમાં ઉત્પન્ન થાય છે. એ નવમા ગ્રૈવેયકમાં ઉત્પન્ન થતાની સાથે જ અહમ્ ઇંદ્રપણું પ્રાપ્ત થયેલું હોવા છતાં પણ એ જીવોને એ વિમાનમાં પોતાની સાથે જ બીજા જીવોને પોતાના જેવું સુખ જુએ છે એના કારણે અંતરમાં વિચાર પેદા થાય છે કે આ સુખને મેળવવા માટે મેં મહેનત કરેલી છે એ મનેજ મલવું જોઇતુ હતું છતાં આને કેમ મલ્યું. આ રીતે ઇર્ષ્યા ભાવ પેદા કરીને પોતાનું એકત્રીશ સાગરોપમ સુધીનું આયુષ્ય હોય છે ત્યાં સુધી એ ઇર્ષ્યા ભાવની વિચારણામાં પોતાનો કાળ પસાર કરે છે. કારણ કે દેવલોકનું સુખ પુણ્યથી પ્રાપ્ત થયું એની સાથે જ પાપનો

અનુબંધ જે બાંધેલો હતો એ ઉદયમાં પેદા થતા એકત્રીશ સાગરોપમ સુધી ઇર્ષ્યા ભાવનો વિચાર સતત ચાલુ રહ્યો અને એ વિચારમાં ને વિચારમાં મનુષ્યગતિનો બંધ કરતા હોવા છતાં પણ અનાર્ય દેશ, અનાર્ય જાતિ, અનાર્ય કુળ માં ઉત્પન્ન થવા લાયક ગતિ ના કર્મ બાંધી અને મનુષ્ય આયુષ્યનો બંધ કરીને અનાર્ય ક્ષેત્રમાં ઉત્પન્ન થાય છે. આને પાપાનુબંધિ પુણ્ય કહેવાય છે. આવુ પુણ્ય ધર્મ પ્રવૃત્તિ કરતાં કરતાં જો આપણે બાંધતા હોઇએ તો સંસાર સાગરથી તરવાની બુદ્ધિ અંતરમાં પેદા થશે નહિ અને એ ધર્મપ્રવૃત્તિથી પાપાનુબંધિ પુણ્ય બાંધીને સંસારમાં પરિભ્રમણ કરવા ચાલ્યા જઇશું. માટે આવુ પુણ્ય ન બંધાય એની કાળજી રાખીને ધર્મપ્રવૃત્તિ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. જ્યાં સુધી જીવ સમજણના ઘરમાં દાખલ થતો નથી ત્યાં સુધી જ પાપાનુબંધિ પુણ્યનો બંધ કરતો જાય છે. માટે ધર્મપ્રવૃત્તિ કરતાં કરતાં સમજણના ઘરમાં દાખલ થઇ રહેલો છું કે નહિ એની રોજ તપાસ કરવી જોઇએ. તોજ જીવ પાપાનુબંધિ પુણ્યથી છુટીને પુણ્યાનુબંધિ પુણ્ય બાંધતો થશે અને એ બંધાતુ થશે તો દેવ જેવા થવાનું મન થશે, સાધુપણું લેવાનું મન થશે, અને આત્મામાં રહેલા ધર્મને પેદા કરવાની ઇચ્છા થશે. તોજ જીવ આત્મકલ્યાણમાં આગળ વધતો જશે. આ રીતે સૌ પ્રયત્ન કરતા થાવ એવી અભિલાષા.

ચારે ગતિમાં રહેલા જીવો જ્યાં સુધી સમજણના ઘરમાં દાખલ થતા નથી ત્યાં સુધી જીવન જીવતાં પાપનો અનુબંધ કર્યા જ કરે છે. એના પ્રતાપે પુણ્યના ઉદયથી પોતાને મળેલી ચીજ બીજાને આપવાનું મન થતું નથી. જો કદાચ કોઇ બીજો લઇ જાય તો ક્રોધાદિ કષાયો પેદા કરીને જીવ પ્રત્યે દ્વેષ બુધ્ધિ પેદા કરવાનું મન થાય છે. એથી આજે જે રીતે જીવન જીવવાની પ્રેક્ટિસ પાડેલી છે તે જોતા લાગે છે કે મોટો ભાગ પુણ્યના ઉદયકાળમાં પાપનો અનુબંધ કરી રહેલો છે. મળેલી દુન્યવિ સામગ્રીને ભોગવે-સાચવે-ટકાવે તે બધામાં પાપ પાપ અને પાપ જ છે.

પણ તેમાં જીવને જેટલો રસ છે એ રસ પાપનો અનુબંધ પેદા કરાવવામાં સહાયભૂત થતો જાય છે. એ સામગ્રીમાં જેટલો રસ મંદ, મંદતર, તીવ્ર, તીવ્રતર પેદા થયેલો હોય એ પ્રમાણે પાપનો અનુબંધ મંદ, મંદતર, તીવ્ર, તીવ્રતર થતો જાય છે.

સમજણનું ઘર એટલે પુદ્ગલોનો સંયોગ માત્ર જીવ માટે દુઃખરૂપ છે - દુઃખફલક છે અને દુઃખાનુબંધી છે આવી માન્યતા પેદા થવી એને સમજણનું ઘર કહેવાય છે.

ચાર શરણાનો સ્વીકાર તે ભૌતિક સુખની લીનતાને તોડવા માટે કહેલા છે. જો ચાર શરણાને સ્વીકાર કરીને સુખની લીનતા ઘટતી ન હોય તો વાસ્તવિક રીતે એ શરણ શરણ ગણાતા નથી.

આઠમા ગુણસ્થાનકે રહેલા જીવોને અપ્રમત્ત ભાવ હોય છે. એ અપ્રમત્તભાવમાં પણ રતિ, અરતિનો ઉદય રહેલો હોવાથી એ જીવોને પણ અવિરતિજન્ય દેવગતિ કર્મને લાયક કર્મબંધ થાય છે. એટલે કે હાસ્યાદિ છ ભેદોમાંથી કોઇપણ ભેદના ઉદયમાં જીવ વર્તતો હોવાથી એ જીવોને અવિરતિજન્ય કર્મબંધ દેવગતિ રૂપે થયા જ કરે છે.

વર્તમાનમાં તમે જે રીતે જે ભૂમિકામાં રહીને જીવન જીવી રહેલા છો તેમાં પાપ તો બંધાવાનું જ છે. પણ બંધાતા પાપની સાથે ખરાબ અનુબંધ અને તીવ્ર અનુબંધ ન પડી જાય એની કાળજી રાખતા થઇ જાવ તો પણ આ જન્મ સફળ થઇ જાય. અવિરતિ જન્ય કર્મબંધ તો ચાલુને ચાલુ જ છે. તોપણ દેવગતિને લાયક કે મનુષ્યગતિને લાયક કર્મબંધ થાય છે એવો વિશ્વાસ અંતરમાં પેદા થાય છે ખરો ! જો એવો વિશ્વાસ પેદા થતો ન હોય તો સમજી લેવાનું કે મોટેભાગે તિર્યંચગતિને લાયક કે નરકગતિને લાયક કર્મબંધ થઇ રહેલો છે એમ સમજવું. ચોથા,પાંચમા, છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકમાં રહેલા જીવો કષાયજન્ય કર્મબંધ કરે છે. અને આઠમા ગુણસ્થાનકમાં રહેલા જીવો અવિરતિજન્ય કર્મબંધ કરે છે. અને આઠમા ગુણસ્થાનકથી ઉપરના દશમા ગુણસ્થાનક

સુધીમાં રહેલા જીવો દેવગતિનો બંધ કરતા ન હોવાથી કોઇપણ ગતિ રહિત અપ્રાયોગ્ય કર્મબંધ કરે છે.

નારકીના જીવોના શરીરમાં હાડકા, માંસ, મજ્જા, લોહી, પરૂ વગેરે કાંઇપણ હોતું નથી. આથી એ જીવોને મનુષ્યના જીવોને જેટલી વેદના થાય છે એટલી વેદના થતી નથી. કારણ કે મનુષ્યને શરીરમાં હાડકા હોવાથી કોઇપણ જગ્યાએ પડી જાય તો હાડકાનો મૂઢ માર એને વિશેષ રીતે પેદા થાય છે. જ્યારે નારકીના જીવોને હાડકા ન હોવાથી ગમે તેટલી ઉંચાઇએથી પટકે તો પણ એ જીવોને મૂઢ માર જેવી વેદના પેદા થતી નથી. માટે એટલી વેદના ઓછી હોય છે એમ ગણાય છે. શ્રવણ ભગવાન મહાવીર મહારાજાને પોતાના જીવન કાળમાં છેલ્લે ભવે સંયમનો સ્વીકાર કર્યા પછી ઉત્કૃષ્ટ વેદના સંગમે કાળચક્ર મૂક્યું તે વખતે થયેલી છે કારણકે ભગવાન તે વખતે ઢીંચણ સુધી જમીનમાં પેસી ગયેલા છે એમનું પહેલું સંઘયણ હોવાથી હાડકુ ભાંગ્યું નથી અને હાડકાના ચૂરેચૂરા થયા નથી. આટલી સખત વેદના પેદા થયેલી હોવા છતાં પણ પોતે પોતાના ધ્યાનમાંથી ચલાયમાન થયા નથી. કાનમાં ખીલા ઠોકાયા તો પણ એ વેદનામાં પોતાના ધ્યાનથી ચલાયમાન થયા નથી. ઘાણીમાં પાંચસો મુનિઓ પીલાયા, હાડકાના ચૂરે ચૂરા થતા હોવા છતાં પણ પોતે પોતાના ધ્યાનમાંથી એ મુનિઓ પણ જરાય ચલાયમાન થયા નથી. અને તે સમયે સમાધિભાવને જાળવીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી મોક્ષની પ્રાપ્તિ કરી શક્યા. આથી જ્ઞાની ભગવંતો કહે છે કે મૃત્યુ સમયના કાળને રાધાવેધ સાધવા જેવો કાળ કહેલો છે. જો એકવાર મૃત્યુ સમયે સમાધિભાવ પેદા થઇ જાય તો જીવોના સંખ્યાતા ભવો જ સંસારમાં બાકી રહે છે. આ રાધાવેધ સાધવાની ક્રિયા સફળ કરવા માટે અત્યારથી દુઃખ વેઠવાની શક્તિ પેદા કરવી જોઇએ. દુઃખને સારી રીતે સહન કરવાની શક્તિ પેદા કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. એ દુઃખ વેઠવાની તાકાત જીવને ત્યારે જ પેદા થઇ શકે છે કે અનુકૂળ પદાર્થોના કાળમાં નિર્લેપ

ભાવ રાખીને જીવન જીવવાનો પ્રયત્ન કરે તોજ એ શક્તિ પેદા થઇ શકે છે. અને આવી શક્તિ ઔદારિક શરીરમાં જ જીવોને પ્રાપ્ત થાય છે.

પહેલે ગુણસ્થાનકે રહેલા જીવો મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગથી કર્મબંધ કર્યા કરે છે. બીજાથી પાંચમા ગુણસ્થાનકમાં રહેલા જીવો અવિરતિ, કષાય અને યોગથી કર્મબંધ કરે છે. છઠ્ઠા ગુણસ્થાનકથી દશમા ગુણસ્થાનક સુધીમાં રહેલા જીવો કષાય અને યોગથી કર્મબંધ કરે છે. અને અગિયાર થી તેરમા ગુણસ્થાનકમાં રહેલા જીવો યોગ દ્વારા કર્મબંધ કરે છે. ચૌદમા ગુણસ્થાનકમાં રહેલા જીવો યોગરહિત હોવાથી કર્મબંધ કરતા નથી તેથી અબંધક કહેવાય છે.

પાંચે પ્રકારના શરીરો જીવોને પુણ્યના ઉદયથી પ્રાપ્ત થાય છે. એમાં પ્રથમ નંબરે ઉત્તમ શરીર ઔદારિક શરીર ગણાય છે કારણ કે તીર્થંકર પરમાત્માઓનું શરીર એ ઉત્કૃષ્ટ પુણ્ય રૂપે હોય છે. બીજા નંબરે અનંત ગુણહીન ઔદારિક શરીરની પ્રાપ્તિ ગણધર ભગવંતોને હોય છે. ત્રીજા નંબરે ગણધર ભગવંતથી ઉતરતું વૈક્રીય શરીર અનુત્તરવાસી દેવોને હોય છે. આથી વર્તમાનમાં મળેલું ઔદારિક શરીર એ આપણું કેટલું હીન કોટીનું હશે એવી વિચારણા કરીને શરીર પ્રત્યે રાગાદિ ન થાય એની કાળજી રાખીને જીવન જીવવું જોઇએ. આ જો કાળજી રાખીને જીવન જીવવાનો પ્રયત્ન કરવામાં આવે તો કોઇ નિકાચિત કર્મ બંધાયેલું ન હોય તો સંખ્યાતા ભવોમાં જરૂર અશરીરીપણાની પ્રાપ્તિ થઇ શકે છે.

(૪) પાપાનુબંધિ પાપ

પાપના ઉદયકાળમાં એટલે કે પાપના ઉદયથી આવેલા દુઃખના કાળમાં હાયવોય કરીને દુઃખ ક્યારે જાય, ફરીથી દુઃખ ન આવે એની કાળજી રાખીને દુઃખને દૂર કરવાનો પ્રયત્ન કરવો એનાથી પાપાનુબંધિ પાપ બંધાય છે. અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા

જીવો જે રીતે દુઃખને ભોગવે છે તે રીતે વિચાર કરીએ તો પાપનો અનુબંધ વિશેષ રીતે પેદા કરતો કરતો પોતાના આત્માનો સંસાર વધારતો જાય છે. અને સંખ્યાતો કાળ, અસંખ્યાતો કાળ તેમજ અનંતો કાળ જન્મ મરણની પરંપરા પેદા કરીને જગતને વિષે ફરતો રહે છે. આ પાપનો અનુબંધ દૂર કરવો હોય તો પાપને પાપરૂપે માનીને જીવનમાં પાપ ઓછુ થતું જાય અને સંપૂર્ણ પાપ રહિત જીવન જીવવાનું ધ્યેય પેદા થતું જાય તોજ પાપનો અનુબંધ અટકી શકે છે.

આ રીતે પુણ્ય અને પાપની ચતુર્ભંગિને વિષે પહેલું પુણ્યાનુબંધી પુણ્ય પહેલા ગુણસ્થાનકમાં રહેલા જીવો નિઃસ્વાર્થ ભાવે પ્રાણીઓની દયા કરવાથી બાંધે છે. માતા-પિતાની નિઃસ્વાર્થ ભાવે સેવા કરવાથી બાંધે છે. આ બંને કારણોથી બંધાતા પુણ્યાનુબંધી પુણ્યની સાથે અકામ નિર્જરા થાય છે. પણ સકામ નિર્જરા જીવ કરી શકતો નથી. એવી જ રીતે પહેલા ગુણસ્થાનકે જ્ઞાનગર્ભિત વૈરાગ્યભાવ પેદા થાય એટલે કે અનુકૂળ પદાર્થોમાં અનાદિકાળથી સુખની બુદ્ધિ રહેલી છે એ દુઃખરૂપ લાગે દુઃખનું ફળ આપનાર છે એમ લાગે અને દુઃખની પરંપરા વધારનાર એજ છે એવું લાગે એવા જીવોને પુણ્યાનુબંધી પુણ્યના બંધની સાથે સકામ નિર્જરાની શરૂઆત થાય છે. અને ચોથું કારણ સમકિતી જીવો અને એનાથી ઉપરના ગુણસ્થાનકમાં રહેલા જીવો પુણ્યાનુબંધી પુણ્યનો બંધ કરે છે.

અકામ નિર્જરા એટલે અશુભ પ્રકૃતિઓનો રસ શુભ પ્રકૃતિઓમાં અલ્પ સંક્રમ થાય. અને સાથે સાથે અશુભ પ્રકૃતિઓનો તીવ્રરસ બંધાતો જાય. સાદિ ભાષામાં કહીએ તો આત્મામાંથી કર્મ ઓછા નીકળે અને અધિક દાખલ થાય એને અકામ નિર્જરા કહેવાય છે.

સકામ નિર્જરા એટલે અશુભ પ્રકૃતિઓનો રસ શુભ પ્રકૃતિઓમાં વિશેષ રીતે સંક્રમ થાય. એટલે કે અશુભ પ્રકૃતિઓનો ચાર ઠાણિયો રસ બંધાયેલો હોય તે શુભ પ્રકૃતિઓમાં સંક્રમિત થઇને બે ઠાણીયો થતો

જાય છે અને શુભ પ્રકૃતિઓનો રસ બે ઠાણિયો બંધાયેલો હોય તે ચાર ઠાણિયો થતો જાય છે. સાદિ ભાષામાં કહીએ તો કર્મો વિશેષ નાશ પામતા જાય અને બંધાતા ઓછા થાય. એટલે કે નીકળે ઘણું અને પેસે ઓછું. એને સકામ નિર્જરા કહેવાય છે.

ચોથા અને પાંચમા ગુણસ્થાનકમાં રહેલા જીવોને પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે છતાં પણ કોઇકવાર અપ્રશસ્ત કષાય પેદા થવાથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાન પેદા પણ થઇ શકે છે. એ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં ગુણસ્થાનકને લાયક અશુભ પ્રકૃતિઓનો જે બંધ થતો હોય છે તેમાં વિશેષ રસ પડતો જાય છે. પણ એ અશુભ પ્રકૃતિઓ અનુબંધ રૂપે બંધાતી નથી. અને સાથે સાથે અશુભ પ્રકૃતિઓમાં જે રસ બંધાય છે તેની સાથે શુભ પ્રકૃતિઓ શુભરૂપે બંધાતી હોવા છતાંય એ શુભ પ્રકૃતિઓનો રસ અશુભ પ્રકૃતિઓમાં સંક્રમિત થઇને અશુભ પ્રકૃતિઓનો રસ તીવ્ર બનાવી નિકાચીત રૂપે પણ કરી શકે છે કે જે અવશ્ય ભોગવ્યા વગર ચાલે નહિ એવી અશુભ પ્રકૃતિઓ બનાવે છે. આ પરિસ્થિતિ હોવા છતાં પણ અંતરમાં છોડવાલાયક પદાર્થોમાં છોડવા લાયકની બુધ્ધિ અને ગ્રહણ કરવા લાયક પદાર્થોમાં ગ્રહણ કરવાની બુધ્ધિ અવશ્ય રહેલી હોય છે. જેમકે છઠ્ઠા ગુણસ્થાનકમાં રહેલા મલ્લિનાથ ભગવાનના આત્માએ પૂર્વના ત્રીજે ભવે પાંચ મિત્રોની સાથે દીક્ષાને ગ્રહણ કરી સુંદર રીતે તપ કરતાં કરતાં પાંચે આત્માઓ સારી રીતે સંયમનું પાલન કરે છે. તેમાં ગુરૂ મહારાજ મલ્લિનાથ ભગવાનના આત્મા સિવાયના બાકીના ચાર આત્માઓના તપનું અનુમોદન કરીને પ્રશંસા કરે છે. પણ મલ્લિનાથ ભગવાનના આત્માની પ્રશંસા થતી નથી. આના કારણે અંતરમાં તીર્થંકરનો આત્મા હોવા છતાં પણ વિચારણા પેદા થાય છે કે ગુરૂ મહારાજ મારા તપના વખાણ કરતાં નથી તો હું આ ચાર કરતાં વિશેષ તપ કરું અને ગુરૂ મહારાજ મારા તપના વખાણ કરે એ હેતુથી પારણાના દિવસે ગમે તેવું બહાનું કાઢીને મને પેટમાં દુખે છે,

આજે ઠીક નથી એવા અનેક પ્રકારના બહાનાઓને કાઢીને ગુરૂ મહારાજની આજ્ઞા લઇ એ દિવસે તપ કરે છે. આ રીતે કરતાં કરતાં ગુરૂ મહારાજ જ્યારે એમના તપના વખાણ કરતાં થયા ત્યારે અંતરમાં આનંદ પામે છે. આટલી માયા કરવાથી એ આત્માને બંધાતી શુભ પ્રકૃતિ પુરૂષવેદ એનો શુભ રૂપે જે રસ બંધાય છે તે સત્તામાં રહેલા સ્ત્રીવેદની સાથે સંક્રમિત થઇને નિકાચીત રુપે સ્ત્રીવેદનો તીવ્રરસ થતો જાય છે. અને એવો જોરદાર નિકાચીત કર્યો કે અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા તેત્રીશ સાગરોપમ સુધી પુરૂષવેદનો ઉદય ભોગવવા છતાં પણ સ્ત્રીવેદનું એકે પુદ્‌ગલ અને રસ પુરૂષવેદમાં સંક્રમીત થઇ શક્યો નહિ. અને તેત્રીશ સાગરોપમ પછી અવશ્ય સ્ત્રી અવતાર રૂપે પ્રાપ્ત થયા. એક આંશિક અપ્રશસ્ત માયાના પ્રતાપે અશુભ પ્રકૃતિનો તીવ્રરસ સંક્રમથી જીવ સમકિતની હાજરીમાં કરી શકતો હોય તો વર્તમાનમાં જે રીતે જીવન જીવીએ છીએ એ રીતે જીવન જીવતાં અપ્રશસ્ત માયા આખા દિવસમાં કેટલી કરીએ છીએ અને એનાથી અશુભ પ્રકૃતિઓનો તીવ્રરસ નિકાચીત રૂપે કેટલો બાંધીએ છીએ એ આપણે સૌને વિચાર કરવા લાયક છે. જો આનો વિચાર નહિ કરીએ તો અશુભ પ્રકૃતિનો તીવ્રરસ નિકાચીત રુપે બાંધીને એને ભોગવવા માટે અહિંથી દુર્ગતિમાં ગયા વગર ચાલશે નહિ. માટે અપ્રશસ્ત કષાયના ઉદયકાળમાં આત્મા આધીન ન થાય અને પ્રશસ્ત કષાય કેવી રીતે કરવા એની જાણકારી મેળવી પ્રશસ્ત કષાયમાં કાળ પસાર કરતાં જઇએ તો આત્મકલ્યાણમાં જરુર આગળ વધી શકીએ.

જ્ઞાની ભગવંતોએ સ્ત્રીઓના બે પ્રધાન કારણ કહેલા છે. ખોટું બોલવું, ખોટું રોવું. જ્યાં સુધી એ બે કારણને આધીન થઇને જીવન જીવતા હોય ત્યાં સુધી સ્ત્રીઓ ગમે તેટલી સુંદર ધર્મની આરાધના કરે તો પણ એ માયાના પ્રતાપે અશુભ પ્રકૃતિઓનો તીવ્રરસ બંધાયા જ કરતો હોય છે. અને પાપાનુબંધી પુણ્યનો બંધ સહજ રીતે બાંધતા જાય છે.

પ્રશસ્ત કષાય પુરૂષાર્થથી તીવ્ર થતો જાય તો અશુભ પ્રકૃતિઓનો તીવ્રરસ શુભ પ્રકૃતિઓમાં સંક્રમિત થઇને જીવાત્મિક ગુણોની પ્રાપ્તિ કરતો કરતો કેવળજ્ઞાન સુધી પહોંચી શકે છે. અત્યારે આ કાળમાં સાતમા ગુણસ્થાનક સુધી જીવ પહોંચી શકે છે.

શ્રી ગૌતમ મહારાજાને છઠ્ઠાને સાતમા ગુણસ્થાનકમાં રહીને શ્રવણ ભગવાન મહાવીર મહારાજા પ્રત્યે પ્રશસ્ત રાગ ભક્તિનો હોવા છતાં પણ સાથે સાથે અપ્રશસ્ત રૂપે સ્નેહરાગના પુદ્‌ગલો રહેલા હોવાથી એમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. એ જેને દિક્ષા આપે એમને કેવળજ્ઞાન થાય એવી લબ્ધી પ્રાપ્ત થયેલી હોવા છતાં પણ અપ્રશસ્ત રૂપે રહેલા રાગના પુદ્‌ગલો પોતાના આત્માને માટે કેવળજ્ઞાન પેદા કરવામાં પ્રતિબંધ થતા જાય છે. જ્યારે ભગવાનનો નિર્વાણકાળ નજીક આવેલો જાણીને ગૌતમ મહારાજાને બાજુના ગામમાં દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ કરવા માટે મોકલ્યા અને રાતે નિર્વાણ પામ્યા. ગૌતમ મહારાજાને સમાચાર મળતા અંતરમાં આઘાત પેદા થયો. અને એમાં વિચારણામાં ચઢતા ચઢતા અપ્રશસ્ત સ્નેહરાગના કણિયા નાશ પામતાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ. દ્વાદશાંગીના પ્રણેતા અનેક લબ્ધિઓના ભંડાર પ્રથમ ગણધર તરીકે હોવા છતાં પણ એક અપ્રશસ્ત સ્નેહરાગના પુદ્‌ગલો કેવળજ્ઞાનને અટકાવી શકે છે. તો પછી વર્તમાનમાં સચેતન અચેતન પદાર્થોને વિષે અપ્રશસ્ત રાગાદિ પરિણામ કરતાં કરતાં જે રીતે જીવન જીવી રહેલા છીએ એનાથી આપણા આત્માનું કેવળજ્ઞાન ક્યારે પ્રાપ્ત થશે એની વિચારણા ચોવીશ કલાકમાંથી કોઇ કાળે અંતરમાં પેદા થાય છે ખરી ! દેવગુરુ ધર્મની આરાધના કરવા છતાં પણ દેવ જેવા બનવાની આ જન્મમાં ગુરુ જેવા બનવાની અને આત્મામાં રહેલા ધર્મને પેદા કરવાની જો ભાવના પેદા નહિ થાય તો અનાદિકાળથી સંસારને વિશે પરિભ્રમણ કરતાં અનંતીવાર મનુષ્ય જન્મ મેળવીને મનુષ્ય જન્મ ગુમાવ્યા એમ આ મનુષ્ય જન્મ પણ ગુમાવવો પડશે. જો ગુમાવવો ન હોય તો જાગ્યા

ત્યારથી સવાર કરીને મોહરાજાથી આત્માને ઢંઢોળીને સાવચેત બનાવવાનો પ્રયત્ન કરવો અને એ રીતે જીવન જીવવાનો પ્રયત્ન કરતા જઇએ તો જો કોઇ નિકાચીત કર્મ બંધાયેલું ન હોય તો થોડા કાળમાં જરુર આપણે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી શકીએ.

આથી નિશ્ચિત થાય છે કે અભવ્ય જીવો, દુર્ભવ્યજીવો ભારેકર્મીભવ્ય જીવો, અને એકવાર સમકીત પામીને વમીને દુર્લભબોધિ થયેલા જીવો અનેકવાર મનુષ્ય જન્મને પ્રાપ્ત કરી નિરતિચાર સંયમનું પાલન કરી ગાઢ મિથ્યાત્વના ઉદયકાળમાં કષાયની મંદતા કરીને વ્યવહારથી મોક્ષ પ્રત્યે અદ્વેષભાવ દેખાડીને નવમા ગ્રૈવેયકના સુખને પ્રાપ્ત કરે છે. છતાં પણ એ જીવોને નિયમા પાપાનુબંધી પુણ્ય જ બંધાય છે. પણ પુણ્યાનુબંધી પુણ્ય બંધાતુ નથી. અને એ પાપાનુબંધી પુણ્ય નવમા ગ્રૈવેયકમાં ઉત્પન્ન થતાની સાથેજ ઉદયમાં આવતાં નવમા ગ્રૈવેયકના સુખને સુખરૂપે ભોગવી શકતા નથી. પણ પાપના અનુબંધના ઉદયના કારણે ઇર્ષ્યા ભાવ પેદા થવાથી અને એ ઇર્ષ્યા ભાવ એકત્રીશ સાગરોપમ સુધી રહેતો હોવાથી સુખને સુખરૂપે ભોગવી શકતા નથી.

જ્ઞાનગર્ભિત વૈરાગ્યભાવ આત્મામાં પેદા થાય તો એ વૈરાગ્યથી પુણ્યનો અનુબંધ થાય, સુખને સુખરૂપે ભોગવવામાં સહાયભૂત થાય. એ સુખને ભોગવવા છતાં પણ જન્મ મરણની પરંપરા વધવાને બદલે ઘટતી જાય, સકામ નિર્જરા કરાવે અને આત્મિક ગુણોને પેદા કરાવતાં કરાવતાં કેવળજ્ઞાન સુધી પહોંચાડે છે. એટલે કે પહોંચાડવામાં સહાયભૂત થાય છે. જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે અનાદિકાળના રાગના સંસ્કારના કારણે વૈરાગ્યભાવ પેદા કરવો એ ખુબ અઘરુ કામ છે. એકવાર વૈરાગ્યભાવ પેદા થઇ જાય અને જો કોઇ નિકાચીત કર્મ પૂર્વનુ બંધાયેલું ન હોય તો જરુર આત્મા એ વૈરાગ્યભાવથી ઉત્તરોત્તર ગુણોની પ્રાપ્તિ કરતો કરતો પોતાના આત્માના કલ્યાણમાં આગળ વધતો જાય છે.

જ્ઞાની ભગવંતો કહે છે કે જીવોને રાગ એજ દુઃખનું કારણ છે.

એ રાગ અંતરમાં પડેલી ઇચ્છાઓ જીવને સુખને સુખરૂપે ભોગવવા દેતી નથી અને એજ ઇચ્છાઓ પાપનો અનુબંધ પેદા કરાવે છે. સુખની લાલસાથી થતો ધર્મ એટલે કે દેવગુરૂ અને ધર્મની આરાધના મંદિરે જવાની ક્રિયાથી માંડીને નિરતિચાર પણે સાધુપણું પાળવું એ પાપના અનુબંધનું કારણ બને છે આથી જેટલે અંશે અંતરમાં વૈરાગ્ય પેદા થાય એટલે અંશે પુણ્યનો અનુબંધ જીવને શરુ થતો જાય છે અને એ પુણ્યનો અનુબંધ ઉદયમાં પેદા થતાં અનુકૂળ પદાર્થોના સુખને એટલે અંશે સુખરૂપે ભોગવી શકે છે. ઘર કદી કોઇનું થયું નથી વર્તમાનમાં કોઇનું થતું નથી અને ભવિષ્યમાં પણ કોઇનું થવાનું નથી. આ જાણવા છતાં પણ આ મહારુ ઘર છે એવું બોલાય છે. તે અંતરના રસથી બોલાતું હોવાથી એમાં રાગની તીવ્રતા બેઠેલી હોય છે. એની સામે નમો અરિહંતાણં બોલો છો એ જૈનકુળમાં જન્મ્યા છો અને નાનપણથી ગોખાઇ ગયેલું હોવાથી બોલો છો. પણ એ અંતરના રાગથી બોલાય છે ખરું ! એ નમો અરિહંતાણં બોલતી વખતે જેમ મારું ઘર છે એમ બોલતા જેટલો આનંદ થાય છે એટલો આનંદ અંતરમાં પેદા થાય છે ખરો ! આ કેમ થતું નથી ? કારણ કે નમો અરિહંતાણં અંતરથી બોલાતું નથી. જેમકે ઘર એટલે મહારું અને અરિહંત એટલે સૌના જ્યાં સુધી અંતરમાં અરિહંત સૌના બેઠેલા હશે ત્યાં સુધી કોઇ કાળે અંતરથી અરિહંત શબ્દ બોલી શકાશે નહિ અને વૈરાગ્યભાવ પણ પેદા થઇ શકશે નહિ. મંદિર ઉપર આપત્તિ આવે અને ઘર ઉપર આપત્તિ આવે તો બંન્નેમાંથી આપત્તિ દૂર કરવાનું મન પહેલું શેનું થાય ? આથી એ નિશ્ચિત થાય છે કે ઘરની આપત્તિ દૂર કરવાની ઇચ્છાથી અંતરમાં મંદિર પ્રત્યે મારાપણાની બુધ્ધિ પેદા થયેલી નથી માટે જ્ઞાની ભગવંતો કહે છે કે પર પદાર્થમાં મારાપણાની બુધ્ધિ એ ઉદયમાં પણ છે અને બંધમાં પણ છે. અને એ બુધ્ધિના પ્રતાપે પાપનો અનુબંધ જીવને સમયે સમયે ચાલુને ચાલુ રહે છે. જ્યારે વૈરાગ્યભાવ વાળા જીવોને પર પદાર્થમાં મારાપણાની બુધ્ધિ ક્ષીણ થતી

જાય છે. એટલે કે જેટલે અંશે મારાપણાની બુધ્ધિનો નાશ થતો જાય એટલે અંશે સુખની અનુભૂતિ થતી જાય અને વૈરાગ્યભાવ વધતો જાય છે. એ વૈરાગ્યભાવથી ઘરમાં મારાપણાની બુધ્ધિ નાશ પામતી થતી હોવાથી વૈરાગી જીવ ઘરમાં રહીને પણ નિર્જરા કરતો જાય છે. અને સાથે સાથે પુણ્યનો અનુબંધ પણ કરતો જાય છે. આ વૈરાગીપણાની કક્ષા આરાધના કરતા કરતા પેદા કરવાની છે. છોડવાલાયક પદાર્થોમાં છોડવાલાયકની બુધ્ધિ વૈરાગી જીવને ટકી શકે છે કારણ કે એ પદાર્થોમાં મારાપણાની બુધ્ધિ પેદા થતી નથી. માટે ઘરમાં બેઠેલો સમકીતી જીવ સકામ નિર્જરા કરે, પુણ્યાનુબંધી પુણ્ય બાંધે, બંધાયેલા જન્મ મરણોનો નાશ કરે અને આંશિક આત્મિક સુખની અનુભૂતિ પેદા કરતો જાય છે. જ્યારે રાગી જીવ એજ ઘરમાં રહીને અકામ નિર્જરા કરે છે. પાપાનુબંધિ પુણ્ય બાંધે છે અને જન્મ મરણની પરંપરા વધારતો જાય છે. તેમજ આત્મકલ્યાણમાં આગળ વધવાને બદલે ઉત્તરોત્તર સંસારની વૃધ્ધિ કરતો જાય છે. આ ઉપરથી એ સમજવાનું છે કે આપણા રાગાદિ પરિણામ કેટલા લાભરુપે બને છે અને કેટલા નુકશાન રુપે બને છે એ રોજ વિચાર કરતાં રહેવું જોઇએ.

આના ઉપરથી એ સમજવાનું છે કે પદાર્થને સમજવો એ જેટલો સહેલો છે પણ આત્મામાં પરિણામ પમાડવું એ કેટલું ભારે છે એ વિચાર કરતાં શીખો. આ વાત મગજમાં બેસે છે ખરી ! આ સમજણ આત્મામાં લાવવાનો પ્રયત્ન કરીએ તો આ કાળમાં જરાય અઘરું નથી. પણ આ માટેનો પ્રયત્ન કેટલો છે ? એકવાર સમજણ પેદા થયા પછી એને સતત જાળવી રાખવી એ બહુ કઠણ કામ નથી. આ માટે આત્માથી ભિન્ન જેટલા પદાર્થો છે તે મહારા નથી એવી બુધ્ધિ રાખીને જીવન જીવતા શીખવું જોઇએ. કદાચ વ્યવહારથી એને એ પદાર્થોને મારા તરીકે બોલવા પડે પણ રાગથી કે અંતરના રસથી એ બોલે નહિ તોજ સમજણ પેદા થયેલી છે એમ કહી શકાય.

જ્ઞાની ભગવંતો કહે છે કે પદાર્થ બદલવાનો નથી પણ પદાર્થની જાણકારીનો અંતરનો વિચાર અને એની માન્યતાનો વિચાર એજ બદલવાનો છે. બોલો વૈરાગ્ય કેટલો સહેલો છે ! એ વૈરાગ્ય પેદા થઇ જાય તો લાભ કેટલો છે! એકમાત્ર જો અનુકૂળ પદાર્થો પ્રત્યેના રાગના થોડા સંસ્કાર બદલાઇ જાય તો અને એ ટકાવવાનો પ્રયત્ન કરીએ તો કેટલો લાભ પેદા થાય એ તમે સૌ વિચારો.

આટલો આત્મિક લાભ આંખ સામે દેખાતો હોવા છતાં પણ અંતરમાં રહેલો મોહ એ તરફ આપણને જવા દેતો નથી જ્ઞાની ભગવંતોએ યથાર્થ બોધ આનેજ કહેલો છે. યથાર્થ બોધની સાથે વૈરાગ્ય રહેલો છે અને વિપરીત બોધની સાથે રાગ રહેલો છે. આ બંનેના લાભાલાભમાં આસમાન જમીન જેટલું અંતર જ્ઞાની ભગવંતોએ કહેલું છે.

આપણે ગુણની પ્રાપ્તિમાં આગળ વધવું હોય તો પ્રયત્ન કરી કરીને વૈરાગ્યભાવ પેદા કર્યા વગર ચાલે તેમ નથી જ. ધર્મપ્રાપ્તિની ગળથુથીની ચાવીજ આજ કહેલી છે. રાગની પરંપરાને તોડવાની ચાવી આ છે. રાગ તમારા ભવની પરંપરા વધારનાર છે એ વાતને અંતરમાં વારંવાર દ્રઢ કરો. ગુરુ પ્રત્યે પણ રાગ વધારવો હોય તો આત્મકલ્યાણની સાધનામાં ઉપયોગી ગુરુભગવંત થાય એમ હોય તોજ વધારો તે સિવાય નહિ. પ્રશસ્ત રાગ ત્યારેજ ઉપયોગી બને તેમાં ગુણપ્રાપ્તિનો હેતુ રહેલો હોય તો. માટે જ્ઞાની ભગવંતોએ મનુષ્ય જન્મમાં દુર્લભચીજ કહેલી હોય તો વૈરાગ્યભાવનેજ કહેલી છે. માટે આચાર્ય ભગવંત હરિભદ્રસૂરી મહારાજ સાહેબે લખ્યું છે કે સમકીતી જીવ સંસારમાં વસે ખરો પણ રમે નહિ. સંસારના પદાર્થોનો રાગ રમણતા લાવે છે. વૈરાગ્ય વાળા જીવને પદાર્થમાં રાગ ન હોવાથી રમણતા પેદા થતી નથી પણ વસે છે. એમ કહેવાય છે. આવો વૈરાગ્યભાવ પહેલા ગુણસ્થાનકમાં રહેલા જીવોને પેદા થાય તો આચાર્ય ભગવંત હરિભદ્રસૂરી મહારાજા એ જીવોને વિષયના વૈરાગી કહે છે અને એટલાજ માટે પાતંજલ ઋષિને આંશિક વૈરાગી

કહેલા છે. દુઃખગર્ભિત વૈરાગ્ય વાળા જીવોને અને મોહગર્ભિત વૈરાગ્યવાળા જીવોને પ્રયત્ન કરતાં કરતાં જ્ઞાનગર્ભિત વૈરાગ્યભાવ પેદા કરવાનું મન હોય તો એ પેદા કરી શકે છે. પણ એ જીવોને માટે ચાન્સીસ બહુજ ઓછા ગણાય છે કારણ કે જેમ સાતમા મજલેથી અથવા દશમા મજલેથી પડે એ બચેજ એવો નિયમ હોતો નથી. મોટેભાગે મરણજ પામે છે. કોક જીવ બચી શકે એવી રીતે દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્યવાળા જીવોને માટે સમજવું.

વૈરાગી જીવને રાગી જીવ જે રીતે જીવન જીવતો હોય એ જીવન એને ગમે નહિ. જેમકે સુરસુંદરી અને મયણાસુંદરી ચૌદ વર્ષની ઉંમરે પોત પોતાના પંડિતો પાસે ભણીને તૈયાર થઇને પોતાના ઘરે આવી એમાં મયણાસુંદરી સમકીતિ છે સુરસુંદરી મિથ્યાદ્રષ્ટિ છે. મયણાસુંદરી પોતાની મોટી બહેન સુરસુંદરી ઘરમાં જે રીતે જીવે છે એ જીવન જુવે છે ત્યારે અંતરમાં થાય છે કે મારી બહેન ભણી ભણીને આવુજ ભણીને આવી ! એ રીતે અંતરમાં દુઃખ થયા કરે છે. અને છેલ્લે સુરસુંદરીને પણ પ્રતિબોધ કરીને સમકીતની પ્રાપ્તિ કરાવે છે. આ વિચારણા જો આપણે બરાબર વિચારીએ, અંતરમાં સ્થિર કરીએ તો આજે પણ આપણે સમકીત પ્રાપ્ત કરી શકીએ એવી બધી સામગ્રી આપણી પાસે છે.

આથી એ વિચારવાનું છે કે સામાન્ય વૈરાગ્યભાવ આત્માને કેટલી દુઃખની પરંપરાથી બચાવે છે તો જો અધિક વૈરાગ્યભાવ પેદા થતો જાય અને મિથ્યાત્વની મંદતા કરતો કરતો જીવ આગળ વધતો જાય તો કેટલા દુઃખોથી બચી શકે એનો રોજ વિચાર કરતા થાવ.

પ્ર. વૈરાગ્ય કેવી રીતે લાવવો ?

જ. ભગવાનની ભક્તિ ભગવાન જેવા થવા માટે કરવાની છે. ભગવાનની પાસે અંતરથી અવાજ કાઢીને વૈરાગ્યભાવ માંગતા રહીએ તો જરુર વૈરાગ્યભાવ પેદા થયા વગર રહે નહિ. આજે ભગવાનની ભક્તિ ભગવાન જેવા થવા માટે થાય છે ખરી ! જો ભગવાન જેવા થવા

માટે થતી હોય તો ભગવાને જે છોડ્યું તે છોડવાની ભાવના અંતરમાં પેદા થયા વગર રહે નહિ. આજ ભક્તિનો માર્ગ વૈરાગ્ય ભાવ માટે આ કાળમાં ઉંચામાં ઉંચો કહેલો છે.

નવતત્વને વિષે રૂપી અરૂપી પદાર્થોનું વર્ણન

રૂપી એટલે જે પદાર્થોને વિષે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રહેલા હોય તે પદાર્થોને રૂપી પદાર્થો કહેવાય છે.

અરૂપી એટલે જે પદાર્થોમાં વર્ણ ન હોય, ગંધ ન હોય, રસ ન હોય અને સ્પર્શ ન હોય એવા પદાર્થોને અરૂપી પદાર્થો કહેવાય છે.

નવતત્વમાંથી જીવતત્વ, અજીવતત્વ, પુણ્યતત્વ, પાપતત્વ, આશ્રવતત્વ અને બંધતત્વ આ છ તત્વો રૂપી કહેવાય છે. એમાં જીવના ચૌદ ભેદ, અજીવના ચાર ભેદ, પુણ્યના બેંતાલીશ ભેદ, પાપના બ્યાશી ભેદ, આશ્રવના બેંતાલીશ ભેદ, બંધના ચાર ભેદ મળીને એકસોને અઠ્યાસી ભેદ રૂપી હોય છે.

અહીં નવતત્વમાં જીવતત્વ સંસારી જીવોની અપેક્ષાએ કહેલું હોવાથી અને સંસારી જીવો અનાદિકાળથી કર્મ પુદ્‌ગલના સંયોગવાળા હોવાથી કર્મપુદ્‌ગલની પ્રધાનતા રાખીને જીવતત્વને રૂપી તરીકે કહેલું છે. અજીવતત્વના ચૌદ ભેદમાંથી પુદ્‌ગલના ચાર ભેદો રૂપી તરીકે રહેલા હોવાથી ચારભેદ કહેલા છે.

અરૂપીના ચાર ભેદ હોય છે. અજીવતત્વ, સંવરતત્વ, નિર્જરાતત્વ અને મોક્ષતત્વ એ ચાર તત્વો અરૂપી છે. એમાં અજીવના દશ ભેદ, સંવરના સત્તાવન ભેદ, નિર્જરાના બાર ભેદ અને મોક્ષના નવ ભેદ મળીને અઠ્ઠાસી ભેદ અરૂપીના થાય છે. અજીવતત્વના ચૌદ ભેદમાંથી ધર્માસ્તિકાય આદિ દશ ભેદ અરૂપી હોય છે. આથી અજીવતત્વ રૂપીમાં અને અરૂપી બંનેમાં ગણાય છે. સંવર નિર્જરા ને મોક્ષ જેમ જેમ જીવ કર્મના પુદ્‌ગલોથી રહિત થતો જાય છે તેમ તેમ પોતાનું અરૂપી સ્વરૂપ

વિશુદ્ધિના કારણે સહજ રીતે પેદા કરતો જાય છે. જે શુધ્ધ પરિણામ રૂપે ગણાય છે માટે સંવર નિર્જરાને મોક્ષ એ અરૂપી રુપે કહેલા છે.

જીવતત્વનું સ્વરૂપ

જીવો એક પ્રકારે, બે પ્રકારે, ત્રણ પ્રકારે, ચાર પ્રકારે, પાંચ પ્રકારે, છ પ્રકારે, સાત પ્રકારે અને ચૌદ પ્રકાર રૂપે હોય છે.

એક પ્રકારના જીવો ચેતનાથી યુક્ત હોય તે એક પ્રકારના જીવો કહેવાય છે. આ એક પ્રકારમાં જગતના સઘળા જીવોનો સમાવેશ થાય છે. અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવોને જઘન્યથી અક્ષરના અનંતમા ભાગ જેટલો જ્ઞાન અને દર્શનનો ક્ષયોપશમભાવ ખુલ્લો રહેલો હોવાથી એ એની ચેતના કહેવાય છે અને એ કોઇ કાળે અવરાતો ન હોવાથી જીવ અજીવ થતો નથી. એ જ્ઞાન દર્શનનો ઉઘાડો રહેલો ક્ષયોપશમ ભાવ એનેજ જ્ઞાની ભગવંતો ચેતના કહે છે. સંસારી જીવોને ઉત્કૃષ્ટ રૂપે જ્ઞાન અને દર્શનનો ઉપયોગ એટલે કે ચેતનાનો ઉઘાડ પેદા થાય તો ચૌદ પૂર્વના જ્ઞાન સુધી ઉઘાડ પેદા થાય છે. પહેલા ગુણસ્થાનકમાં રહેલા જીવોને જ્ઞાન અને દર્શનનો ઉઘાડ પેદા થાય તો સાડા નવ પૂર્વ સુધીના જ્ઞાન રુપે ઉઘાડ પેદા થાય છે. એ જ્ઞાન મિથ્યાત્વના ઉદયવાળું હોવાથી અજ્ઞાનરુપે કહેવાય છે.

બે પ્રકારના જીવો :- ત્રસ અને સ્થાવર. - ત્રણ પ્રકારના જીવો :- પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ રૂપે હોય છે. સામાન્ય રીતે વેદનો ઉદય જીવોને નવમા ગુણસ્થાનક સુધી સતત ચાલુ હોય છે. અને ત્રણે વેદોમાંથી કોઇપણ એક વેદ એક એક અંતર્મુહૂર્તે પરાવર્તમાન રુપે ઉદય ચાલ્યા જ કરે છે. આથી જગતમાં રહેલા સઘળાય જીવોને ત્રણે વેદોનો ઉદય હોય છે. એમાં પછી પ્રધાનપણે લિંગની અપેક્ષાએ ભેદ પાડવામાં આવે તો કેટલાક જીવો પુરૂષવેદ રુપે હોય છે કેટલાક જીવો સ્ત્રીવેદ રુપે હોય છે અને કેટલાક જીવો નપુંસકવેદ રુપે હોય છે.

(૧) એકેન્દ્રિય જીવો, વિકલેન્દ્રિય જીવો, સમુર્છિમ પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો તેમજ નારકીના જીવો નિયમા એક નપુંસકવેદના ઉદયવાળા હોય છે.

(૨) ભવનપતિ વ્યંતરના દેવો, જ્યોતિષીના દેવો, વૈમાનિકના પહેલા બીજા દેવલોકના દેવો તેમજ પહેલા કીલ્બીશીયા દેવોને વિષે બે વેદનો ઉદય હોય છે. પુરુષવેદ અને સ્ત્રીવેદ.

(૩) વૈમાનિકના ત્રીજા દેવલોકથી અનુત્તર સુધીના દેવોને એક પુરુષવેદ ઉદયમાં હોય છે.

(૪) બાકીના જીવોને એટલે કે સન્ની પંચેન્દ્રિય તિર્યંચો અને સન્ની પંચેન્દ્રિય મનુષ્યોને ત્રણે વેદ ઉદયમાં હોય છે. પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ.

ચાર પ્રકારના જીવો નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિરુપે હોય છે.

પાંચ પ્રકારના જીવો એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય અને પંચેન્દ્રિય જાતિ રુપે પાંચ પ્રકારના જીવો ગણાય છે.

છ પ્રકારના જીવો પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એમ કાયરૂપે છ પ્રકારના જીવો ગણાય છે.

સાત પ્રકારના જીવો. સૂક્ષ્મ એકેન્દ્રિય, બાદરએકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય, અસન્ની પંચેન્દ્રિય અને સન્ની પંચેન્દ્રિય એમ સાત પ્રકારના જીવો હોય છે.

સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો સુક્ષ્મ એકેન્દ્રિય રુપે જન્મ મરણ કરે તો અવ્યવહાર રાશિમાં અનંતા પુદ્ગલ પરાવર્ત સુધી જન્મ મરણ કર્યા કરે છે. વ્યવહાર રાશિમાં આવેલા સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ રૂપે જીવ જન્મ મરણ કરે તો ઉત્કૃષ્ટથી અસંખ્યાતા પુદ્ગલ પરાવર્ત કાળ સુધી જન્મ મરણ કર્યા કરે છે. સૂક્ષ્મ પૃથ્વીકાય, સૂક્ષ્મ અપ્કાય, સૂક્ષ્મ તેઉકાય અને સૂક્ષ્મ વાયુકાય આ ચારે સૂક્ષ્મ પ્રત્યેક જીવરુપે કહેવાય છે. અને સૂક્ષ્મ

સાધારણ વનસ્પતિકાય જીવો નિગોદરુપે કહેવાય છે એટલે કે સાધારણ રુપે કહેવાય છે.

એક પુદ્ગલ પરાવર્તકાળ એટલે અનંતી ઉત્સરપિણી અને અનંતી અવસરપિણી કાળ ગણાય છે.

બાદર એકેન્દ્રિય જીવોને વિષે બાદર પૃથ્વીકાય, બાદર અપ્કાય, બાદર તેઉકાય, બાદર વાયુકાય અને બાદર પ્રત્યેક વનસ્પતિકાય આ પાંચે પ્રકારના જીવો પ્રત્યેક જીવરુપે કહેવાય છે. જ્યારે બાદર સાધારણ વનસ્પતિકાય જીવો સાધારણ રુપે કહેવાય છે. બાદર એકેન્દ્રિય જીવો એકેન્દ્રિયપણામાં જન્મ મરણ કરે તો સીત્તેર કોટાકોટી સાગરોપમ કાળ સુધી જન્મ મરણ કર્યા કરે છે. અથવા અસંખ્યાતિ ઉત્સરપિણી અવસરપિણી સુધી જન્મ મરણ કર્યા કરે છે. અને બાદર સાધારણ વનસ્પતિકાય જીવો ઉત્કૃષ્ટથી જન્મ મરણ કરે તો અનંતી ઉત્સરપિણી અવસરપિણી કાળ સુધી જન્મ મરણ કર્યા કરે છે.

બેઇન્દ્રિય જીવો, તેઇન્દ્રિય જીવો, ચઉરીન્દ્રિય જીવો પોત પોતાના જીવોને વિષે જન્મ મરણ કરે તો ઉત્કૃષ્ટથી એક હજાર સાગરોપમ કાળ સુધી જન્મ મરણ કરે છે. પછી એક ભવ પંચેન્દ્રિયનો કરીને ફરી પાછા બેઇન્દ્રિયાદિમાં ઉત્પન્ન થઇને એક હજાર સાગરોપમ કાળ સુધી જન્મ મરણ કરે છે. ત્યાર પછી અવશ્ય જીવ એકેન્દ્રિયમાં એક ભવ રુપે જઇ ફરી પાછા બેઇન્દ્રિયાદિમાં આવી એક હજાર સાગરોપમ કાળ સુધી જન્મ મરણ કરતાં થાય છે. આ રીતે અસંખ્યાતી ઉત્સરપિણી અવસરપિણી સુધી જન્મ મરણ કર્યા કરે છે.

અસન્ની પંચેન્દ્રિય જીવો ઉત્કૃષ્ટથી સાત ભવ પંચેન્દ્રિય રુપે કરે પછી વિકલેન્દ્રિય રુપે એક ભવ થાય ફરી પાછા સાત ભવ અસન્ની પંચેન્દ્રિય રુપે થાય. આ રીતે સાત સાત ભવ કરતાં કરતાં અને વચમાં વચમાં વિકલેન્દ્રિયનો ભવ કરતાં કરતાં બે હજાર સાગરોપમ કાળ સુધી જન્મ મરણ કર્યા કરે છે. આ રીતે બબ્બે હજાર સાગરોપમ કાળ

પૂર્ણ થાય એટલે એક ભવ એકેન્દ્રિયનો કરે છે. આવી રીતે અસંખ્યાતી ઉત્સરપિણી, અવસરપિણી સુધી જન્મ મરણ કર્યા કરે છે. આ જન્મ મરણની પરંપરા જીવોને જે પેદા થાય છે તે પોતાના રાગાદિ પરિણામના કારણેજ થાય છે.

સન્ની પંચેન્દ્રિય જીવો. આ જીવો સન્ની પંચેન્દ્રિય જીવો રુપે ઉત્કૃષ્ટથી ઉત્પન્ન થયા કરે તો સાત ભવ સન્ની પંચેન્દ્રિયના, આઠમો ભવ વિકલેન્દ્રિયનો એમ સાત સાત ભવને આંતરે વિકલેન્દ્રિયનો ભવ કરતાં કરતાં બે હજાર સાગરોપમ કાળ સુધી જન્મ મરણ કર્યા કરે છે. આવા જીવો ગર્ભમાં એક અંતર્મુહૂર્તના જન્મ વાળા અથવા બે અંતર્મુહૂર્તના જન્મવાળા એમ ક્રમસર કરતાં કરતાં બે મહિના સુધીના કાળમાં મરણ પામી એવા જન્મવાળા જીવો તિર્યંચના ગર્ભને વિષે અને મનુષ્યના ગર્ભને વિષે ઉત્પન્ન થયા કરતાં હોય છે કે જે જીવોને એમના તથાભવ્યત્વના કારણે દુઃખ ભોગવી ભોગવીને કર્મને નાશ કરવાના અને સાથે સાથે નવા બાંધવાના નક્કી કરેલા હોય તો આ રીતે જન્મ મરણ કરતાં કરતાં બે હજાર સાગરોપમ કાળ સુધી ત્રસપણામાં જન્મમરણ કરે છે. પછી એક ભવ એકેન્દ્રિયનો પાછા પંચેન્દ્રિયમાં આવીને સાતભવ અને એક વિકલેન્દ્રિયનો એમ કરતાં કરતાં ફરીથી બે હજાર સાગરોપમ કાળ સુધી ફરે છે. આવી રીતે અસંખ્યાતી ઉત્સરપિણી અવસરપિણી સુધી જન્મ મરણ કર્યા કરે છે.

સન્ની, પંચેન્દ્રિયપણામાં ગર્ભમાં રહેલા જીવો બે મહિનાથી અધિક આયુષ્ય હોય એ જીવો નરકનું કે દેવનું આયુષ્ય બાંધી શકે છે. જ્યાં સુધી ગર્ભનો કાળ બે મહિનાનો ન થાય ત્યાં સુધી નરકાયુષ્ય કે દેવાયુષ્ય બાંધવાની યોગ્યતા પેદા થઇ શકતી નથી.

કેટલાક જીવોનું તથાભવ્યત્વ ઓછા દુઃખને ભોગવવા લાયક હોય તો મનુષ્યપણામાંથી નારકીમાં અને તિર્યંચમાં જન્મ મરણ કરતાં થાય છે. એટલે કે કેટલાક મનુષ્યો નરકનુ આયુષ્ય બાંધીને નરકમાં

જાય ત્યાંથી મનુષ્યમાં આવે પાછો નરકમાં જાય પાછો મનુષ્યમાં આવે એ રીતે કરતાં કરતાં એક હજાર સાગરોપમ કાળ સુધી મનુષ્યને નરક થયા કરે છે. એવી જ રીતે કેટલાક જીવો મનુષ્યમાંથી સન્ની પંચેન્દ્રિય તિર્યંચ થાય પાછા મનુષ્યમાં આવે પાછા સન્ની તિર્યંચ થાય એમ કરતાં કરતાં એક હજાર સાગરોપમ કાળ સુધી પંચેન્દ્રિયપણામાં જન્મ મરણ કરે છે. ત્યાંથી પાછો એક ભવ વિકલેન્દ્રિયનો પાછું પંચેન્દ્રિયપણામાં મનુષ્ય અને મનુષ્યમાંથી નરક અને તિર્યંચ કરતો કરતો ફરીથી એક હજાર સાગરોપમ કાળ સુધી ફરે છે. આ રીતે બે હજાર સાગરોપમ કાળ પૂર્ણ થાય પછી એકેન્દ્રિયપણાનો ભવ પ્રાપ્ત કરે. પાછા મનુષ્યમાં આવીને જન્મ મરણ કર્યા કરે. આ રીતે અસંખ્યાતી ઉત્સરપિણી અવસરપિણી અથવા અનંતી અવસરપિણી અને ઉત્સરપિણી સુધી જન્મ મરણ કરતાં કરતાં દુઃખ ભોગવ્યા કરે છે.

કેટલાક તથાભવ્યત્વ વાળા જીવો એવા પ્રકારના હોય છે કે જેમને સુખ ભોગવી ભોગવીને પોતાનો કાળ પૂર્ણ કરવાનો હોય છે. એવા જીવો મનુષ્યને દેવ વારંવાર થતા થતા અથવા તિર્યંચ અને દેવ વારંવાર થતા થતા દેવનું આયુષ્ય મોટું અને મનુષ્યનું આયુષ્ય નાનું એ રીતે જન્મ મરણ કરતાં કરતાં વિશેષ રીતે સુખનો કાળ ભોગવીને કાળ પૂર્ણ કરે છે.

મનુષ્યભવમાં ગર્ભમાં રહેલો જીવ બે મહિનાના આયુષ્ય વાળો માતાના વિચારોથી જો માતા ખરાબ વિચારોમાં રહેતી હોય તો એ ગર્ભમાં રહેલો જીવ ખરાબ વિચારો કરી કરીને નરકનુ આયુષ્ય બાંધીને નરકમાં ઉત્પન્ન થઇ શકે છે. જૈનશાસનમાં કહેલું છે કે એ બે મહિનાનું બાળક હજી શરીર બનાવવાનો પ્રયત્ન કરી રહેલો છે તે વખતે માતા પોતાના દુશ્મન જીવોને મારવાના વિચારોમાં હોય તો બાળકના અંતરમાં માતાના રાગથી વિચાર આવે છે કે જ્યારે હું જન્મ પામીશ, શક્તિવાળો થઇશ ત્યારે હું જરુર માતાના દુશ્મનને નાશ કરીશ. આવા વિચારોથી ગર્ભમાં રહીને નરકમાં જવા લાયક કર્મબંધ કરતો જાય છે. અને જો તે વખતે

આયુષ્યનો બંધ પડે તો ગર્ભમાંજ મરીને નરકમાં ઉત્પન્ન થાય છે.

મનુષ્યનું આયુષ્ય બાંધવા માટે સરળ સ્વભાવ જોઇએ અને નિઃસ્વાર્થ ભાવ જોઇએ. આજે વર્તમાનમાં લગભગ મોટેભાગે ડગલેને પગલે માયા કરીનેજ જીવન જીવાતું હોય છે. અને જુઠ બોલીનેજ જીવન જીવવાની ટેવ પડેલી હોય છે. એવા જીવો મંદિરમાં જઇને ભગવાન પાસે મહાવીદેહ ક્ષેત્રમાં મને જન્મ મળે એવી ભાવના ભાવે અથવા એવી વિચારણા કરે એ કેટલી વ્યાજબી ગણાય ! ચોવીશ કલાકમાં વિચારધારા કરતાં કરતાં સરળતા વાળો અને નિઃસ્વાર્થ ભાવવાળો વિચાર અંતરમાં કેટલી વાર પેદા થાય છે એનો કોઇ દિવસ વિચાર કરીએ છીએ ખરા ! દાન દેતાં દેતાં, શીલ પાળતાં પાળતાં, તપ કરતાં કરતાં અને સારી ભાવનાઓમાં રહેલાતં રહેતાં નિઃસ્વાર્થ ભાવ અંતરમાં પેદા થાય છે ખરો ! લગભગ મોટે ભાગે દાન દેવાય છે તે આપણને ફરીથી કોઇ આપણું કામ કરે અથવા ભવિષ્યમાં ઉપયોગી થાય એવા જીવોને મોટેભાગે દાન દેવાય છે. શીલ પાળવામાં પણ શરીર સારું રહે અને સારી રીતે જીવી શકાય એ સ્વાર્થવૃત્તિ મોટેભાગે અંતરમાં રહેલી હોય છે. તપ કરતાં કરતાં ખાવા પીવાના પદાર્થો પ્રત્યેની ઇચ્છાઓ અંતરમાં જીવંત રહે છે. અને સારી ભાવનાઓમાં આપણને ઉપયોગી બને એવા જીવો માટેજ સારા વિચારો મોટેભાગે કરીએ છીએ. સગા, સ્નેહી, સંબંધી સિવાયના જે કોઇ આપણને કામમાં ના આવે, ભવિષ્યમાં પણ ઉપયોગી ન થાય એવા જીવો માટેની કલ્યાણની વિચારણા અંતરમાં કેટલી કરીએ છીએ એ ખાસ વિચારવા યોગ્ય છે.

નિઃસ્વાર્થ ભાવ એટલે સચેતન કે અચેતન પદાર્થોને વિષે મારા-તારા પણાનો ભેદ ન રાખવો. ઉચિત વ્યવહાર પાળવામાં સદા પ્રયત્ન કરવો. આ જો અંતરમાં પેદા થઇ જાય તો અને જીવનમાં અભ્યાસ પાડવામાં આવે તો નિયમ વગર ઘણી ચીજોનો ત્યાગ થઇ શકે છે. જેમ કે કોઇ કોઇ ચીજ લાવવાનું મન થાય તો તે વખતે પરિવારના બધાને

માટે લાવવાનું મન થાય. જો બધાને માટે લાવવાની શક્તિ ન હોય તો પોતાને માટે એ પદાર્થ ખરીદવાની ઇચ્છા થશે નહિ. આનાથી ઘણા પાપોથી બચી જવાય છે. આ વૃત્તિ કેળવાય તોજ ઉચિત વ્યવહારનું પાલન શરૂ થાય.

દરેક જીવોનું તથાભવ્યત્વ નિશ્ચિત હોવા છતાં પણ જીવ પોતાના પુરૂષાર્થથી સુખનો કાળ અને દુઃખનો કાળ પેદા કરી શકે છે. એટલે કે દુઃખનો કાળ જો નિકાચીત થયેલો ન હોય તો એ દુઃખના કાળને સુખના કાળમાં ફેરવી શકે છે. એવી જ રીતે સુખનો કાળ નિકાચીત થયેલો ન હોય તો એ સુખના કાળને દુઃખના કાળમાં ફેરવી શકે છે. માટે સુખનો કાળ અને દુઃખનો કાળ એ જીવને પોતાના પુરૂષાર્થ ઉપર આધારિત છે. અને એના કારણે જ દુઃખનો કાળ વધી ન જાય અને સુખનો કાળ ચાલ્યા કરે એ માટે જ્ઞાની ભગવંતો આપણને સાવચેત કર્યા કરે છે. જીવ પંચેન્દ્રિયપણામાં આવ્યા પછી એક હજાર સાગરોપમ કાળ સુધીમાં પુરુષાર્થ કરીને મોક્ષે પહોંચી જાય તો તો રખડપટ્ટી બંધ થઇ જાય. પણ જો એક હજાર સાગરોપમ કાળમાં મોક્ષે ન જાય તો સંસારને વિષે પરિભ્રમણ કર્યા વગર ચાલે એમ નથી. જેમકે શ્રવણ ભગવાન મહાવીર મહારાજાના આત્માએ મરીચિના ભવમાં નીચગોત્રનો બંધ નિકાચીત કર્યો. તીવ્રરસે બાંધ્યું, કુળમદ કરીને જે નીચગોત્રનો બંધ કર્યો તે છેલ્લા ભવ સુધી એટલે કે સત્યાવીશમા ભવ સુધી એમને ભોગવવું પડ્યું. બ્યાસી દિવસ સુધી દેવાનંદાની કુક્ષિમાં ગર્ભપણે રહેવું પડ્યું. જો તીર્થંકરના આત્માઓને આ રીતે અજ્ઞાન અવસ્થામાં બાંધેલા કર્મો છેલ્લા ભવ સુધી પણ ભોગવવા પડે તો વર્તમાનમાં જે રીતે જીવન જીવાય છે એ રીતે જો વિચાર કરીએ તો બંધાતા કર્મો કેટલા કાળ સુધી આપણે ભોગવવા પડશે એ વિચારણીય લાગતું નથી !

આ રીતે સંસારી જીવો કર્મના પુદ્‌ગલના સંયોગથી એ પુદ્‌ગલોમાં રાગાદિ પરિણામ કરતાં કરતાં અને મહારાપણાની બુધ્ધિ કરતાં કરતાં

ચૌદ રાજલોક જગતને વિષે જન્મ મરણ કરતાં કરતાં ફર્યા કરે છે. આ મારાપણાની બુદ્ધિ અનાદિકાળથી જીવને બેઠેલી હોવાથી અને એ પદાર્થો આત્માથી પર હોવા છતાં પણ એ પદાર્થોમાં સ્વપદાર્થની બુદ્ધિ અનાદિકાળથી જીવને રહેલી છે. અને એ વિભાવદશાને સ્વભાવદશા રુપે માનીને જીવો સંસારને વિષે પરિભ્રમણ કર્યા કરે છે.

સાત પ્રકારના જીવોમાં એ સાત અપર્યાપ્તા અને સાત પર્યાપ્તા એમ ચૌદ જીવભેદો થાય છે.

પર્યાપ્તિનું વર્ણન

પર્યાપ્તિ એટલે શક્તિ. અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો એક સ્થાનેથી બીજે સ્થાને ઉત્પન્ન થતા અને એ સ્થાનને વિષે જે આહારની પ્રાપ્તિ થાય એ આહારમાંથી પોતાને જીવન જીવવા માટેની શક્તિઓને પ્રાપ્ત કરે છે એને પર્યાપ્તિ કહેવાય છે.

એક સ્થાનેથી બીજે સ્થાને ઉત્પન્ન થયેલો જીવ તે ક્ષેત્રને વિષે જે આહારના પુદ્‌ગલો પ્રાપ્ત થાય તે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરીને તેજ સમયે એ પુદ્‌ગલોને ખલ અને રસ રૂપે પરિણામ પમાડે છે. ખલ એટલે ખરાબ પુદ્‌ગલો અને રસ એટલે જે પુદ્‌ગલોથી શક્તિ પેદા કરવાની છે તે પુદ્‌ગલોને રસવાળા પુદ્‌ગલો કહેવાય છે. એમાં ખલ વાળા પુદ્‌ગલોનો નાશ કરી રસ વાળા પુદ્‌ગલોનો સંગ્રહ કરી સમયે સમયે આહારને ગ્રહણ કરતો જાય છે. આ રીતે અસંખ્યાત સમય સુધી આહારને ગ્રહણ કરતો કરતો ખલવાળા પુદ્‌ગલોનો નાશ કરતો કરતો અને રસવાળા પુદ્‌ગલોનો સંગ્રહ કરતો કરતો એ જીવ રસવાળા પુદ્‌ગલોમાંથી શરીર બનાવવાની પ્રક્રિયા શરુ કરે છે કે જેનાથી શરીરની શક્તિ પ્રાપ્ત કરે છે જેને શરીર પર્યાપ્તિ કહેવાય છે. સૌ પ્રથમ જ્યારે આહારને ગ્રહણ કરે છે અને ખલ અને રસ રૂપે પરિણામ પમાડે છે તેને આહાર પર્યાપ્તિ કહેવાય છે. આ રીતે આહાર પર્યાપ્તિ કર્યા પછી શરીર પર્યાપ્તિ પ્રાપ્ત કરીને

ક્રમસર ઇન્દ્રિય પર્યાપ્તિ, શ્વાસોશ્વાસ પર્યાપ્તિ, ભાષા પર્યાપ્તિ અને મન પર્યાપ્તિ એમ છ પર્યાપ્તિઓ જીવ પ્રાપ્ત કરે છે.

એકેન્દ્રિય જીવોને ચાર પર્યાપ્તિઓ હોય છે. (૧) આહાર પર્યાપ્તિ, (૨) શરીર પર્યાપ્તિ (૩) ઇન્દ્રિય પર્યાપ્તિ અને (૪) શ્વાસોશ્વાસ પર્યાપ્તિ.

બેઇન્દ્રિય જીવોને, તેઇન્દ્રિય જીવોને, ચઉરીન્દ્રિય જીવોને અને અસન્ની પંચેન્દ્રિય જીવોને પાંચ પર્યાપ્તિઓ હોય છે. (૧) આહાર પર્યાપ્તિ, (૨) શરીર પર્યાપ્તિ, (૩) ઇન્દ્રિય પર્યાપ્તિ, (૪) શ્વાસોશ્વાસ પર્યાપ્તિ અને (૫) ભાષા પર્યાપ્તિ હોય છે.

સન્ની પંચેન્દ્રિય જીવોને છયે પર્યાપ્તિઓ હોય છે. (૧) આહાર પર્યાપ્તિ, (૨) શરીર પર્યાપ્તિ, (૩) ઇન્દ્રિય પર્યાપ્તિ, (૪) શ્વાસોશ્વાસ પર્યાપ્તિ, (૫) ભાષા પર્યાપ્તિ અને (૬) મન પર્યાપ્તિ.

એક સ્થાનેથી મરણ પામીને બીજે સ્થાને જીવને પહોંચતા કેટલાક જીવો એક સમયે પહોંચે છે, કેટલાક જીવો બે સમયે પહોંચે છે, કેટલાક જીવો ત્રણ સમયે પહોંચે છે, કેટલાક જીવો ચાર સમયે પહોંચે છે અને કેટલાક જીવો પાંચ સમયે પહોંચે છે. એમાં એક સમયે પહોંચનારા જીવોને ઋજુગતિથી જનારા જીવો કહેવાય છે. બે સમયથી માંડીને પાંચ સમય સુધીમાં પહોંચનારા જીવોને વક્રગતિવાળા જીવો કહેવાય છે. એમાં ઋજુગતિથી જવાવાળા એટલે કે એક સમયે પહોંચવાવાળા જીવોને આહારી કહેવાય છે. બે સમયે પહોંચવાવાળા વક્રગતિવાળા જીવોને આહારી કહેવાય છે. કારણ કે પહેલા સમયે જે સ્થાનેથી નીકળ્યો છે તે સ્થાનેથી આહાર લઇને નીકળેલો છે અને બીજા સમયે જે સ્થાને પહોંચે છે ત્યાં આહારના પુદ્ગલો પ્રાપ્ત થાય છે. માટે આહારી કહેવાય છે. ત્રણ સમયે પહોંચનારા જીવો પહેલા સમયે આહાર કરીને નીકળે છે. બીજે સમયે વચમાં આહારના પુદ્ગલો મળતા ન હોવાથી અણાહારી કહેવાય છે. અને ત્રીજા સમયે પોતાના સ્થાને પહોંચતાજ આહારના પુદ્ગલો પ્રાપ્ત થાય છે માટે ત્રીજે સમયે આહારી કહેવાય છે. આ રીતે ત્રણ સમયે

પહોંચનારા જીવોને વચલો એક સમય અણાહારીપણાનો પ્રાપ્ત થાય છે. આવી જ રીતે ચાર સમયે પહોંચનારા જીવોમાં પહેલે સમયે આહારી બીજે સમયે અણાહારી ત્રીજે સમયે અણાહારી અને ચોથે સમયે પોતાના સ્થાને પહોંચતા આહારના પુદ્ગલો પ્રાપ્ત થાય છે માટે ચોથો સમય આહારી કહેવાય છે. આથી ચાર સમય વાળા જીવોને વચલા બે સમય અણાહારીપણાના પ્રાપ્ત થાય છે. આજ રીતે પાંચ સમયે એક સ્થાનેથી બીજે સ્થાને પહોંચતા જીવોને પહેલો સમય આહારી બીજો, ત્રીજો અને ચોથો સમય અણાહારી અને પાંચમો સમય આહારીપણાનો પ્રાપ્ત થાય છે આથી વચલા ત્રણ સમય અણાહારીપણાના એ જીવોને પ્રાપ્ત થાય છે.

ત્રસ જીવો ત્રસપણામાંજ ઉત્પન્ન થતા હોય તો એક સમયે પહોંચે એવા જીવો આહારી હોય છે, બે સમયે પહોંચનારા જીવો આહારી હોય છે અને ઉત્કૃષ્ટથી ત્રણ સમયે પહોંચનારા જીવો વચલો એક સમય અણાહારીપણાનો પ્રાપ્ત કરે છે.

ત્રસ નાડીની બહારના ભાગમાં પૂર્વ દિશામાં રહેલો જીવ ત્રસ નાડીમાં આવીને ઉર્ધ્વગતિમાં ત્રસનાડીની બહારના ભાગમાં પશ્ચિમ દિશામાં ઉત્પન્ન થવાનો હોય તો એને ચાર સમય પ્રાપ્ત થાય છે. આ ચાર સમય ત્રસનાડીની બહાર રહેલા અને બીજી બાજુ ત્રસનાડીની બહાર ઉત્પન્ન થતા એકિન્દ્રિય જીવોનેજ હોય છે. એવી રીતે ત્રસનાડીની બહારના ભાગમાં પૂર્વ બાજુમાં રહેલો જીવ ત્રસનાડીની બહારના ભાગમાં પશ્ચિમ દિશામાં એકેન્દ્રિયપણા રૂપે વિગ્રહગતિથી ઉત્પન્ન થતો હોય તો એ જીવોને પાંચ સમય પ્રાપ્ત થાય છે. એમાં ત્રસનાડીની બહારથી ત્રસનાડીમાં આવવું એ પહેલો સમય, ઉર્ધ્વરૂપે ત્રસનાડીમાં જવુ તે બીજો સમય, વક્રરૂપે ત્રસનાડીની બહાર જવા માટે ત્રસનાડી પાસે પહોંચવું તે ત્રીજો સમય અને ત્રસનાડીની બહાર જવુ તે ચોથો સમય અને ત્યાં વક્રરૂપે ઉત્પન્ન થવું તે પાંચમો સમય ગણાય છે. આ રીતે વિગ્રહગતિથી એક સ્થાનેથી બીજે સ્થાને પહોંચતા વધારેમાં વધારે જીવને પાંચ સમય પ્રાપ્ત થાય છે.

અનાદિકાળથી પરિભ્રમણ કરી રહેલા જીવો વિગ્રહગતિથી આહારસંજ્ઞાથી યુક્ત એવું અણાહારીપણું અત્યાર સુધીમાં અનંતીવાર પ્રાપ્ત કરેલું છે એ અણાહારીપણું જીવને સિદ્ધિ ગતિમાં જવાલાયક રૂપે કોઇ ઉપયોગી બનતું નથી કારણ કે સિદ્ધિ ગતિમાં જવા માટે જે અણાહારીપણું જોઇએ છે તે આહારસંજ્ઞા રહીત અને અશરીરી રૂપે પ્રાપ્ત થયેલું હોય એવું અણાહારીપણું ભગવાનની ભક્તિ કરતાં કરતાં રોજ આપણે માંગીએ છીએ.

જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે એક સ્થાનેથી બીજે સ્થાને મરણ પામીને જતા જીવો જ્યારે મરણ પામવાના હોય ત્યારે પોતાના શરીરની જેટલી અવગાહના હોય છે એ અવગાહનાનો સંક્ષેપ કરતો કરતો અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહનામાં દરેક આત્મપ્રદેશોને ભેગા કરે ત્યારે જ એ જીવ એક સ્થાનેથી બીજે સ્થાને જવા માટે યોગ્યતા વાળો થાય છે અર્થાત્ મરણ પામી શકે છે. તે વખતે જીવને તૈજસ શરીર અને કાર્મણ શરીર આ બે શરીર રહેલા હોય છે.

જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે જીવ પગના અંગુઠાથી માંડીને ઢીંચણ સુધીના ભાગમાંથી મરણ પામે તો એ જીવ નરકમાં ગયો છે એમ સમજવું. એટલે કે જે જીવોએ નરકનું આયુષ્ય બાંધેલું હોય છે એ જીવો પગના અંગુઠાથી માંડીને ઢીંચણ સુધીના ભાગમાંથી પોતાના બધા આત્મપ્રદેશોને ભેગા કરીને અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહના પ્રાપ્ત કરીને મરીને નરકમાં જાય છે. ઢીંચણથી સાથળ સુધીના ભાગમાંથી જીવ મરણ પામે તો તિર્યંચમાં ગયેલો છે એમ સમજવું. એટલે કે જે જીવોએ તિર્યંચાયુષ્યનો બંધ કરેલો હોય એ જીવ મરણ વખતે પોતાના બધા આત્મપ્રદેશોને ભેગા કરતો કરતો ઢીંચણથી સાથળ સુધીના કોઇપણ ભાગમાં અંગુલના અસંખ્યાત ભાગ જેટલી આત્મપ્રદેશોની અવગાહના પ્રાપ્ત કરીને મરણ પામી તિર્યંચ ગતિમાં જાય છે. નાભીથી માંડીને કંઠ સુધીના ભાગમાંથી જીવ મરણ પામે તો મનુષ્યગતિમાં ગયો

છે એમ સમજવું એટલે કે જે જીવોએ મનુષ્યાયુષ્યનો બંધ કરેલો હોય એ જીવો દરેક જગ્યાએથી પોતાના આત્મપ્રદેશો ભેગા કરતા કરતા નાભીથી કંઠ સુધીના ભાગમાં પ્રાપ્ત કરીને છેલ્લે અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહના પ્રાપ્ત કરી મરણ પામી મનુષ્યપણાને પામે છે અને મોઢાના ભાગમાંથી, આંખમાંથી, નાકમાંથી કે કાનમાંથી જીવ મરણ પામે તો દેવગતિમાં ગયો છે એમ સમજવું. એટલે કે જે જીવોએ દેવાયુષ્ય બાંધેલું હોય એ જીવો છેલ્લે પોતાના દરેક આત્મપ્રદેશોને ભેગા કરતા કરતા જે સ્થાનેથી મરણ પામવાના હોય ત્યાં ભેગા કરીને અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહના બનાવીને મરણ પામીને દેવગતિમાં ઉત્પન્ન થાય છે. અને સિદ્ધિગતિમાં જનારા જીવો પોતાના આત્મપ્રદેશોને છેલ્લે પોતાના શરીરની અવગાહનાથી બે તૃતીયાંશ ભાગમાં ઘન રૂપે બનાવીને મસ્તકમાંથી નીકળી અને સિદ્ધિગતિએ પહોંચે છે અર્થાત્ મોક્ષે જાય છે.

જ્ઞાની ભગવંતો કહે છે કે જીવોને જન્મ વખતે જેટલી વેદના હોય છે એનાથી મરણ વખતે આઠગણી અધિક વેદના પ્રાપ્ત થાય છે. આ વેદના દરેક જીવોને માટે સમજવી. કારણ કે એકેન્દ્રિય જીવોને પણ જન્મ વખતે જે વેદના હોય છે અને ત્યાર પછી પોતાનું આયુષ્ય જેટલું ભોગવવા લાયક હોય ત્યાં સુધી શરીરની અવગાહના વધતી જાય છે. એ જ્યારે મરણનો કાળ નજીક આવે ત્યારે એ અવગાહનાની અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી ઓછી અવગાહના પ્રાપ્ત થાય ત્યારે જીવ ત્યાંથી મરણ પામે છે. આથી નિશ્ચિત થાય છે કે એકેન્દ્રિથી પંચેન્દ્રિય સુધીના સઘળાય જીવોને જન્મ વખતે જે વેદના પ્રાપ્ત થયેલી હોય અને પોતાના ભોગવાતા આયુષ્ય સુધીના કાળમાં શરીરની અવગાહના વધતી જાય અને એ વધેલી અવગાહનામાં જીવ લાંબાકાળ સુધી જીવન જીવતો રહે છે એ જ્યારે મરણ વખતે એને સંકોચ કરવાનો વખત આવે છે ત્યારે જન્મ કરતાં વેદના અધિક હોવાથી આઠગણી અધિક વેદના જ્ઞાની

ભગવંતોએ કહેલી છે. કારણ કે આત્મપ્રદેશો શરીરની અવગાહના મુજબ વિકાસ પામેલા હતા અને વર્ષો સુધી વિકાસ રૂપે રહેલા હતા એમાં એકદમ સંકોચ પામે તો તે વખતે જીવને સખત વેદના પેદા થાય છે. જેમકે જે જીવોને પેરેલીસીસ થતા હોય છે એ જીવોને જે અંગનું પેરેલીસીસ થાય એ અંગમાંથી આત્મપ્રદેશો ખેંચાતા જેટલી સખત વેદના થાય છે એનાથી કંઇગણી અધિક વેદના મરણ વખતે જીવને પોતાના બધાજ આત્મપ્રદેશોને અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહનામાં પ્રાપ્ત કરવામાં થાય છે. કેટલીક વાર જે જીવોને પોતાની ઇન્દ્રિયોની શક્તિઓ ક્ષીણ થઇ ગયેલી હોય છે, શરીરના અનેક પ્રકારના રોગો પેદા થયેલા હોય છે એના કારણે છેલ્લે મરણ વખતે પોતાના આત્મપ્રદેશોને ભેગા કરવા માટે જેમ જેમ પ્રયત્ન કરતાં જાય છે તેમ તેમ શરીરમાં શક્તિ ન હોવાથી એ આત્મપ્રદેશોને ભેગા કરતાં ઘણીવાર લાગે છે. માટે કેટલાક જીવોને જો જોયેલા હોય તો મરણ વખતે બધા અંગોપાંગ અને શરીર આખું આત્મપ્રદેશોથી રહિત બનેલું હોય અને જે ભાગમાંથી આત્મપ્રદેશો નીકળવાના હોય એ ભાગમાંજ શ્વાસોશ્વાસની ઘરેડ ચાલે છે. એ ઘરેડના કારણે આત્મપ્રદેશો ભેગા કરવા માટે જીવ પ્રયત્ન કરતો જાય છે પણ જલ્દી આત્મપ્રદેશો ભેગા થતા નથી. એ ઘરેડના પ્રતાપે આત્મપ્રદેશો સંકોચ પામી પાછા વિસ્તાર પામી જાય છે. માટે કેટલીક વાર જીવને એ શ્વાસોશ્વાસની ઘરેડ કોઇને એક દિવસ કોઇને બે દિવસ યાવત કોઇને દશ દિવસ ઇત્યાદિ ઘણા દિવસો સુધી એવીને એવી વેદનામાં જીવ પોતાનો કાળ પસાર કરે છે. જ્યારે એ બધા આત્મપ્રદેશો અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહનામાં ભેગા થઇ જાય ત્યાર પછી જ એ જીવ ત્યાંથી છુટીને પોતે જે આયુષ્ય બાંધેલું હોય છે તે આયુષ્ય પ્રમાણે બીજા ક્ષેત્રને વિષે ઉત્પન્ન થાય છે.

જીવે પોતાના જીવનકાળમાં સદ્‌ગતિના આયુષ્યનો બંધ કરેલો હોય તો અને સારા પરિણામમાં જીવતો હોય તો એ જીવને બોંતેર કલાક

પહેલા અથવા ચોવીસ કલાક પહેલા હું જવાનો છું એવી એને ખબર પડી જાય છે. એવીજ રીતે દુર્ગતિનું આયુષ્ય જે જીવોએ બાંધેલું હોય અને એમાં તિર્યંચનું આયુષ્ય બાંધેલું હોય તો બોંતેર કલાક પહેલા અથવા ચોવીસ કલાક પહેલા ખાવા પીવાની લાલસા એના અંતરમાં ખુબ વધતી જાય છે. અને એ લાલસાના પ્રતાપે એના પરિણામ બગાડી જીવને આર્તધ્યાન પ્રાપ્ત કરાવીને તિર્યંચગતિમાં લઇ જાય છે. એવી જ રીતે જે જીવોએ નરકના આયુષ્યનો બંધ કરેલો હોય તો એ જીવોને છેલ્લા છ મહિના પહેલાં અથવા બે પાંચ વરસ પહેલાં પોતાનો આખો સ્વભાવ બદલાઇ જાય છે. અને એકદમ શાંત રૂપે પોતાનો જીવનકાળ પસાર કરેલું હોય તો પણ એ છેલ્લા પાંચ સાત વરસથી ચીડીયો સ્વભાવ બનાવીને પોતાનું જીવન જીવતો હોય છે. અને એ ચીડીયા સ્વભાવના કારણે છેલ્લે છેલ્લે પોતાને ખબર પડે છે કે આના કરતાં વધારે દુઃખમાં મારે જવાનું છે. માટે તે વખતે એ દુઃખને જોતાંની સાથેજ ક્રોધ, કષાયની તીવ્રતા પેદા થતાં ચીડિયા સ્વભાવની તીવ્રતા પ્રાપ્ત થતી જાય છે. પણ તે વખતે ઘણું મોડું થયેલું હોવાથી કોઇ સાંભળતું નથી, કોઇ એમને બોલાવવા પણ તૈયાર હોતું નથી અને એ ક્રોધીલો સ્વભાવ છેલ્લે છેલ્લે પ્રાપ્ત કરીને મનુષ્યપણાના આયુષ્યને પૂર્ણ કરી નરકગતિમાં જાય છે. આથી જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે મરણ કાળની છેલ્લી વેદનામાં સમાધિ રાખવાનું ઉંચામાં ઉંચી કોટિનું સાધન જો કોઇપણ હોય તો જ્ઞાન કહેલું છે. આત્માને એકાગ્ર બનાવવા માટે શુધ્ધ પરિણામની પરિણતીની સ્થિરતા પ્રાપ્ત કરવા માટે આવી વેદનામાં જ્ઞાન એજ મુખ્ય કારણ કહેલું છે. આથી દેવ, ગુરુ, ધર્મની આરાધના કરતાં કરતાં જો જ્ઞાન ન હોય તો જીવ ગુણોની પ્રાપ્તિમાં સ્થિરતાને પ્રાપ્ત કરી શકતો નથી. આથી જ્ઞાનની પ્રધાનતા જાણીને જીવનમાં સ્વાધ્યાય જોઇએ, જોઇએ ને જોઇએ જ. આખી જીંદગી ક્રિયાનો અભ્યાસ ગમે તેટલી સારામાં સારી રીતે પાડેલો હશે પણ જો સાથે સ્વાધ્યાય નહિ હોય તો છેલ્લે સમાધિ પ્રાપ્ત કરવી બહુજ અઘરી

પડશે.

ઘણી વાર જીવને ગર્ભમાં અનુકૂળ આહાર ન મલે તો જે આહાર મલે તે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરતાં દ્વેષ બુધ્ધિ પેદા થતી જાય છે. અને પ્રતિકૂળ આહારમાંથી રસવાળા પુદ્‌ગલો વિશેષ પેદા થતા નથી પણ ખર વાળા પુદ્‌ગલો પેદા થતા સંગ્રહ કરી રાખેલા રસવાળા પુદ્‌ગલોને પણ ખલ રુપે બનાવી નાશ કરવાનું કામ જીવ ગર્ભમાં રહ્યો રહ્યો પણ કરી શકે છે. આથી ગર્ભમાં રહેલા બાળકને પણ મલ નથી હોતો એવું નહિ. એય મલના પુદ્‌ગલો પોતાની માંતાના મલના પુદ્‌ગલોની સાથે ભેગો થઇને નાશ પામે છે. અને એ ગર્ભમાં રહેલા બાળકને ખબર ન હોવાથી એ મલવાળા પુદ્‌ગલોમાં પણ પોતાની આંગળી વગેરે નાંખીને મોઢામાં પણ નાંખે છે. અને એ ટેવ ગર્ભમાં પડેલી હોવાથી જન્મ પામ્યા પછી જ્યારે બાળક ટટ્ટી અને પેશાબ કરે છે તે વખતે તેમાં હાથ નાંખીને એને મોઢા સુધી લઇ જઇ અને ખાવાનો પ્રયત્ન પણ કરે છે. આ સ્વભાવ જીવને અનાદિ કાળથી આહારસંજ્ઞાના કારણે પડેલો હોય છે. આથી જ્ઞાની ભગવંતો કહે છે કે જ્યાં સુધી આપણને જગતના તમામ દ્રવ્યો એટલે કે પદાર્થો ઝાડા અને પેશાબ જેવા નહિ લાગે ત્યાં સુધી મિથ્યાત્વની મંદતા પેદા થઇને અનુકૂળ પદાર્થો પ્રત્યે દ્વેષબુધ્ધિ કોઇકાળે પેદા થવાની નથી.

ગર્ભમાં ઉત્પન્ન થયેલો જીવ એક અંતર્મુહૂર્તની અંદર પોતાની જેટલી પર્યાપ્તિઓ હોય એ સઘળી પર્યાપ્તિઓ પૂર્ણ કરીને સમયે સમયે આહારને ગ્રહણ કરતો કરતો શરીરનું બંધારણ કરતો જાય છે. એ શરીરના બંધારણની સાથે સાથે અંગોપાંગ પણ પ્રાપ્ત કરતો જાય છે અને તે વખતે પૂર્વે બાંધેલી નામકર્મની પ્રકૃતિઓનો ઉદય પણ જેવા રસે બાંધેલી હોય તેવા રસે ઉદય ચાલતો હોય છે. જૈન શાસન પાસે ગર્ભમાં રહેલું બાળક કેવી રીતે પોતે પોતાનું શરીર બનાવે, અંગોપાંગ વગેરે પ્રાપ્ત કરી મનની શક્તિ અને ભાષાની શક્તિ કઇ રીતે પ્રાપ્ત કરે છે એ

જ્ઞાન જૈન શાસન પાસે જે છે તે સર્વજ્ઞ પરમાત્માઓએ કહેલું હોવાથી બહુજ ઉંચી કોટિનું જ્ઞાન છે. એમાનું જ્ઞાન આજના વૈજ્ઞાનિકો પાસે પણ નથી. જે કંઇ એમની પાસે જ્ઞાન છે તે બધું તૂટક તૂટક રૂપે રહેલું હોય છે માટે આજના વિજ્ઞાન કરતાં જૈન શાસન પ્રત્યે બહુમાન અને આદરભાવ જો અંતરમાં વિશેષ રીતે પેદા થતો જાય તોય જલ્દીથી આપણું કલ્યાણ થતું જાય.

ક્યા ક્યા જીવો કેવી રીતે પર્યાપ્તિઓ કરે છે એનું વર્ણન

એકેન્દ્રિય જીવો ચાર પર્યાપ્તિઓ કરે છે એમાં જ્યારે એકેન્દ્રિ રૂપે જીવ ઉત્પન્ન થાય અને આહારના પુદ્‌ગલો જે પ્રાપ્ત થાય તે વખતે આહાર પર્યાપ્તિ એક સમયની હોય છે. એ સમયમાં ગ્રહણ કરેલા પુદ્‌ગલોને ખલ અને રસ રૂપે પરિણમાવે છે. ખલ વાળા પુદ્‌ગલોનો નાશ કરી રસ વાળા પુદ્‌ગલોનો સંગ્રહ કરતો જાય છે. એને આહાર પર્યાપ્તિ કહેવાય છે. ત્યાર પછી સમયે સમયે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરતો કરતો ખલ અને રસ રૂપે પરિણમાવતો અસંખ્યાત સમય સુધી એ ક્રિયા કરતો જાય છે. અને ખલવાળા પુદ્‌ગલોનો નાશ કરી રસવાળા પુદ્‌ગલોનો સંગ્રહ કરી એ રસવાળા પુદ્‌ગલોમાંથી શરીર બનાવવાની શક્તિ પેદા કરે છે. આ શરીર બનાવવાની શક્તિ પેદા કરીને ત્યાર પછી સમયે સમયે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરતો કરતો ખલ અને રસ રૂપે પરિણામ પમાડતો, ખલ વાળા પુદ્‌ગલોનો નાશ કરી રસવાળા પુદ્‌ગલોનો સંગ્રહ કરતો કરતો એ રસવાળા પુદ્‌ગલોમાંથી થોડા પુદ્‌ગલો શરીરને આપે છે અને બાકીના પુદ્‌ગલોમાંથી પોતાને જે ઇન્દ્રિય પ્રાપ્ત થવાની છે એ સ્પર્શેન્દ્રિય બનાવવાની શક્તિ માટે ઉપયોગમાં લે છે. ત્યાર પછી એ સ્પર્શેન્દ્રિની શક્તિ પ્રાપ્ત કરે છે. આ રીતે ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા પછી સમયે સમયે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરી ખલ અને રસ રૂપે પરિણમાવી ખલવાળા પુદ્‌ગલોનો નાશ કરી રસવાળા પુદ્‌ગલોમાંથી થોડા

શરીરની શક્તિને માટે આપે છે, થોડા સ્પર્શેન્દ્રિની શક્તિ માટે આપે છે અને બાકીના પુદ્‌ગલો જે રહેલા હોય છે તે પુદ્‌ગલોથી જગતમાં રહેલા શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી ઉચ્છવાસ અને નિઃશ્વાસ રૂપે પરિણમાવીને શ્વાસોશ્વાસ પર્યાપ્તિની શક્તિ પેદા કરે છે. આ રીતે એકેન્દ્રિય જીવો પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા હોય છે એ જીવો આ રીતે ચાર પર્યાપ્તિઓ પૂર્ણ કરે છે અને પોતાનું જેટલું આયુષ્ય હોય તે પ્રમાણે સમયે સમયે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરતો કરતો ખલ અને રસ રૂપે પરિણમાવતો ખલવાળા પુદ્‌ગલોનો નાશ કરી રસવાળા પુદ્‌ગલોને શરીર ઇન્દ્રિય અને શ્વાસોશ્વાસ રૂપે શક્તિ પેદા કરતો કરતો પોતાના આયુષ્ય કાળ સુધી જીવે છે. આ એકેન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાવીશ હજાર વરસનું હોય છે. જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે પર્યાપ્ત પૃથ્વીકાય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાવીશ હજાર વરસનું હોય છે, પર્યાપ્ત અપ્કાય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સાત હજાર વરસનું હોય છે, પર્યાપ્ત તેઉકાય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ અહોરાત્રનું હોય છે, પર્યાપ્ત વાઉકાય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ હજાર વરસનું હોય છે અને પર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિકાય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય દસ હજાર વરસનું હોય છે. આ રીતે પર્યાપ્તા એકેન્દ્રિય જીવો પોતાનું જીવન જીવવા માટે ચાર પર્યાપ્તિઓને પૂર્ણ કરીને એમાંથી શક્તિ પ્રાપ્ત કરી પોતાના આયુષ્ય કાળ દરમ્યાન જીવન જીવતા હોય છે. એ જીવન જીવતાં જીવતાં સ્પર્શેન્દ્રિય પ્રાપ્ત થયેલી છે તેના આઠ વિષયો અને છજ્ઞુ વિકારોમાં રાગ અને દ્વેષના પરિણામ પ્રાપ્ત કરતાં કરતાં સમયે સમયે સાત કર્મોનો બંધ કરતાં કરતાં અને પોતાના આયુષ્યકાળ દરમ્યાન એક અંતર્મુહૂર્ત આયુષ્યકર્મની સાથે આઠ કર્મનો બંધ કરતાં કરતાં પોતાનો કાળ પસાર કરે છે.

અપર્યાપ્તા એકેન્દ્રિય જીવોનું આયુષ્ય નિયમા એક અંતર્મુહૂર્તનું હોય છે. આ અપર્યાપ્તા એકેન્દ્રિય જીવો આહાર પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ અને ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી તેમજ શ્વાસોશ્વાસ પર્યાપ્તિની શરુઆત

કરીને બીજા ભવનું આયુષ્ય બંધની યોગ્યતા પ્રાપ્ત થતા આયુષ્ય બાંધીને પોતાનું ભોગવાતું આયુષ્ય શ્વાસોશ્વાસ પર્યાપ્તિ અધુરી રાખીને આયુષ્ય પૂર્ણ કરી મરણ પામે છે. અપર્યાપ્ત નામકર્મના ઉદયવાળા જીવોને ચોથી પર્યાપ્તિ પૂર્ણ થઇ શકતી નથી. અને પહેલી ત્રણ પર્યાપ્તિ પૂર્ણ થયા વગર બીજા ભવનું આયુષ્ય બાંધવાની યોગ્યતા પ્રાપ્ત થતી નથી. માટે આ જીવોને ચોથી પર્યાપ્તિ સદા માટે અધુરી રહે છે.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય અને અસન્ની પંચેન્દ્રિય જીવોને વિષે પર્યાપ્તિઓનું વર્ણન

આ જીવો બેઇન્દ્રિયાદિપણે ઉત્પન્ન થતાની સાથેજ જે સ્થાનમાં ઉત્પન્ન થાય તે સ્થાનને વિષે આહારના જે પુદ્‌ગલો રહેલા હોય છે એ પુદ્‌ગલોને ગ્રહણ કરે અને ખલ અને રસરૂપે પરિણામ પમાડે તેમાં ખલવાળા પુદ્‌ગલોનો નાશ કરી રસવાળા પુદ્‌ગલોનો સંગ્રહ કરી, આહારના પુદ્‌ગલોને પરિણામ પમાડે છે તેને આહાર પર્યાપ્તિ કહેવાય છે. આ રીતે સમયે સમયે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરી કરીને ખલ અને રસરૂપે પરિણામ પમાડી પમાડીને ખલવાળા પુદ્‌ગલોનો નાશ કરતા કરતા અને રસવાળા પુદ્‌ગલોનો સંગ્રહ કરતા કરતા અસંખ્યાત સમય સુધી ક્રિયા કરે છે એ અસંખ્યાત સમય સુધીમાં રસવાળા પુદ્‌ગલોનો સંગ્રહ થયેલો હોય છે તેમાંથી શરીર બનાવવાની શક્તિ પેદા કરે છે. એને શરીર પર્યાપ્તિ કહેવાય છે. આ શરીર પર્યાપ્તિ કર્યા પછી સમયે સમયે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરતા કરતા ખલ અને રસ રૂપે પરિણામ પમાડતા પમાડતા ખલવાળા પુદ્‌ગલોનો નાશ કરી રસવાળા પુદ્‌ગલોનો સંગ્રહ કરતા કરતા અસંખ્યાત સમય સુધી ક્રિયા કરતા કરતા રસવાળા પુદ્‌ગલોમાંથી થોડા પુદ્‌ગલો શરીરની શક્તિ વધારવા માટે આપે છે અને બાકીના પુદ્‌ગલોમાંથી ઇન્દ્રિયની શક્તિ પ્રાપ્ત કરે છે

એટલે કે ઇન્દ્રિય બનાવવા માટેની શક્તિ પ્રાપ્ત કરે છે એને ઇન્દ્રિય પર્યાપ્તિ કહેવાય છે. ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા પછી સમયે સમયે આહારના પુદ્ગલોને ગ્રહણ કરી ખલ અને રસરૂપે પરિણમાવી રસવાળા પુદ્ગલોનો સંગ્રહ કરી અસંખ્યાત સમય સુધી ક્રિયા કરીને રસવાળા પુદ્ગલોમાંથી થોડા પુદ્ગલો શરીરને થોડા પુદ્ગલો ઇંદ્રિયને અને બાકીના પુદ્ગલોમાંથી જગતમાં રહેલા શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે. એને શ્વાસોશ્વાસ પર્યાપ્તિ કહેવાય છે. જ્યારે આ જીવો ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ કરે છે ત્યારે સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય બે ઇન્દ્રિય પેદા કરવાની શક્તિ પેદા કરે છે. અને એ ઇન્દ્રિયોથીજ પોતાનું આયુષ્ય જેટલું હોય એ આયુષ્યકાળ દરમ્યાન પોતાનું જીવન જીવે છે. શ્વાસોશ્વાસ પ્રયાપ્તિ પૂર્ણ કર્યા પછી અસંખ્યાત સમય સુધી સમયે સમયે આહારના પુદ્ગલોને ગ્રહણ કરી ખલ અને રસરૂપે પરિણમાવી ખલવાળા પુદ્ગલોનો નાશ કરી રસવાળા પુદ્ગલોનો સંગ્રહ કરી એ રસવાળા પુદ્ગલોમાંથી થોડા પુદ્ગલો શરીરને, થોડા પુદ્ગલો ઇન્દ્રિયોને અને થોડા પુદ્ગલોથી શ્વાસોશ્વાસની શક્તિ વધારતા અને બાકીના પુદ્ગલોથી જગતમાં રહેલા ભાષા વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી ભાષા રૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે એને ભાષા પર્યાપ્તિ કહેવાય છે. આ રીતે પાંચે પર્યાપ્તિ પૂર્ણ કરે ત્યારે એ જીવો બેઇન્દ્રિય પર્યાપ્તા, તેઇન્દ્રિય પર્યાપ્તા, ચઉરીન્દ્રિય પર્યાપ્તા અને અસન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા જીવો કહેવાય છે. આ જીવોનું જેટલું જેટલું આયુષ્ય હોય છે તે આયુષ્ય મુજબ સમયે સમયે આહારના પુદ્ગલોને ગ્રહણ કરી ખલ અને રસરૂપે પરિણમાવી રસવાળા પુદ્ગલોનો સંગ્રહ કરતા કરતા શરીરને-ઇન્દ્રિયોને-શ્વાસોશ્વાસની શક્તિને અને ભાષાની શક્તિને વધારીને પોતાનું જીવન જીવી રહેલા હોય છે. એમાં બેઇન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાર વરસનું હોય છે. આ બેઇન્દ્રિય જીવો સ્પર્શેન્દ્રિયના આઠ વિષયો, રસનેન્દ્રિયના પાંચ વિષયો એમ તેર વિષયોથી

તેમજ સ્પર્શેન્દ્રિયના છઞ્ઞુ વિકારો અને રસનેન્દ્રિયના બ્હોંતેર વિકારોને વિષે એમ કુલ ૧૬૮ વિકારોને વિષે રાગ દ્વેષના પરિણામ કરતાં કરતાં સમયે સમયે સાત કર્મનો બંધ કરતા કરતા અને પોતાના જીવન કાળ દરમ્યાન એક અંતર્મુહૂર્ત સુધી આયુષ્ય કર્મ સાથે આઠ કર્મનો બંધ કરતાં કરતાં પોતાનું જીવન જીવતા હોય છે.

તેઇન્દ્રિયજીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૪૯ દિવસનું હોય છે. આ જીવો એટલા કાળ સુધી સ્પર્શેન્દ્રિયના આઠ વિષયો, રસનેન્દ્રિયના પાંચ વિષયો અને ઘ્રાણેન્દ્રિયના બે વિષયો એમ પંદર વિષયોને વિષે તેમજ સ્પર્શેન્દ્રિયના છઞ્ઞુ વિકારો, રસનેન્દ્રિયના બ્હોંતેર વિકારો અને ઘ્રાણેંન્દ્રિયના બાર વિકારોને વિષે એમ કુલ ૧૮૦ વિકારોને વિષે રાગાદિ પરિણામ કરતા કરતા સમયે સમયે સાત કર્મોનો બંધ કરતા કરતા અને પોતાના જીવનકાળ દરમિયાન એક અંતર્મુહૂર્ત સુધી આઠ કર્મોનો બંધ કરતા કરતા પોતાનું જીવન જીવતા હોય છે.

ચઉરીન્દ્રિય જીવોનું વર્ણન :- આ જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય છ માસનું હોય છે. આ જીવો સ્પર્શેન્દ્રિયના આઠ વિષયો, રસનેન્દ્રિયના પાંચ વિષયો, ઘ્રાણેન્દ્રિયના બે વિષયો અને ચક્ષુરીન્દ્રિયના પાંચ વિષયો એમ વીસ વિષયોને વિષે તેમજ સ્પર્શેન્દ્રિયના છઞ્ઞુ વિકારો, રસનેન્દ્રિયના બ્હોંતેર વિકારો, ઘ્રાણેન્દ્રિયના બાર વિકારો અને ચક્ષુરીન્દ્રિયના સાઇઠ વિકારો એમ ૨૪૦ વિકારોને વિષે રાગાદિ પરિણામ કરતા કરતા સમયે સમયે સાત કર્મનો બંધ કરતા કરતા અને એક અંતર્મુહૂર્ત સુધી આયુષ્ય કર્મ સાથે આઠ કર્મનો બંધ કરતા કરતા પોતાનું જીવન જીવતા હોય છે.

અસન્ની પંચેન્દ્રિય તિર્યંચોનું વર્ણન :- આ જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્વક્રોડ વરસનું હોય છે. આ જીવો પોતાના જીવનકાળ દરમ્યાન સ્પર્શેન્દ્રિયના આઠ વિષયો, રસનેન્દ્રિયના પાંચ વિષયો, ઘ્રાણેન્દ્રિયના બે વિષયો, ચક્ષુરીન્દ્રિયના પાંચ વિષયો અને શ્રોત્રેન્દ્રિયના ત્રણ વિષયો એમ કુલ ૨૩ વિષયોને વિશે તેમજ સ્પર્શેન્દ્રિયના છઞ્ઞુ વિકારો, રસનેન્દ્રિયના

બ્હોંતેર વિકારો, ઘ્રાણેન્દ્રિયના બાર વિકારો, ચક્ષુરીન્દ્રિયના સાઇઠ વિકારો અને શ્રોત્રેન્દ્રિયના બાર વિકારો એમ કુલ ૨૫૨ વિકારોને વિષે રાગાદિ પરિણામ કરતા કરતા સમયે સમયે સાત કર્મોનો બંધ કરતા કરતા અને પોતાના જીવનકાળ દરમિયાન એક અંતર્મુહૂર્ત સુધી આયુષ્ય કર્મ સાથે આઠ કર્મનો બંધ કરતા કરતા પોતાનું જીવન જીવતા હોય છે.

પાંચે ઇન્દ્રિયોના ત્રેવીશ વિષયો અને ૨૫૨ વિકારોને વિષે રાગાદિ પરિણામ કરતા કરતા જીવો અશુભ કર્મનો તીવ્રરસ બાંધતા જાય છે અને અનુબંધ રૂપે પણ બંધ કરતાં જાય છે. એટલે કે પાપ પ્રકૃતિઓ મોટેભાગે અનુબંધ પૂર્વક બાંધતા જાય છે અને સાથે સાથે બંધાતી શુભ પ્રકૃતિઓ અથવા પુણ્ય પ્રકૃતિઓ અનુબંધ વગર પુણ્ય રૂપે અલ્પરસે બાંધતા જાય છે. આ જીવોને મન ન હોવાથી સમુર્છિમ જીવો રૂપે કહેવાય છે. આથી આ જીવોને તીર્થંકર પરમાત્માઓની દેશના ઉપયોગી થતી નથી. કારણ કે આ જીવોને ભાષા હોવા છતાં પણ એમની ભાષાના શબ્દો એટલા સૂક્ષ્મ હોય છે કે તીર્થંકર પરમાત્માઓના ભાષાના પુદ્ગલોને પણ જાણી શકતા નથી. આથી આ જીવો પોતે જે પ્રમાણે કર્મબંધ કરેલો હોય તે પ્રમાણે પોતાનો જીવનકાળ જીવતા જીવતા દુઃખ વેઠતા વેઠતા અકામ નિર્જરા વિશેષ પેદા થતી જાય અને શુભ પ્રકૃતિઓનો બંધ અલ્પરસે સંગ્રહરૂપે ભેગો થયેલો હોય તો કદાચ મનુષ્યાયુષ્યના બંધ વખતે કાંઇક રાગાદિ પરિણામની મંદતા પ્રાપ્ત કરી શકે છે. અને મનુષ્યપણું પ્રાપ્ત કરી શકે છે.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય જીવો મનુષ્યાયુષ્ય બાંધીને મનુષ્યપણાને પ્રાપ્ત કરીને તો એ મનુષ્યપણામાં એ જીવો સાતમા ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકના પરિણામને પ્રાપ્ત કરી શકતા નથી. એટલે કે એ ભવમાં સિદ્ધિ ગતિને પ્રાપ્ત કરી શકતા નથી. જ્યારે એકેન્દ્રિય જીવો મનુષ્યપણાને પ્રાપ્ત કરે તો એ જીવો પુરુષાર્થ કરીને ક્ષપક શ્રેણિ પ્રાપ્ત કરી સિદ્ધિ ગતિને પ્રાપ્ત કરી શકે છે.

અપર્યાપ્તા બેઇન્દ્રિય, અપર્યાપ્તા તેઇન્દ્રિય, અપર્યાપ્તા ચઉરીન્દ્રિય અને અપર્યાપ્તા અસન્ની પંચેન્દ્રિય જીવોમાં કેટલાક જીવો ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી શ્વાસોશ્વાસ પર્યાપ્તિ શરુ કરી અધુરી રાખીને પણ મરણ પામે છે. કેટલાક જીવો શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી ભાષા પર્યાપ્તિ શરુ કરી એ ભાષા પર્યાપ્તિને પૂર્ણ કર્યા વગર પરભવનું આયુષ્ય બાંધી પોતાનું ભોગવાતું આયુષ્ય પૂર્ણ કરીને મરણ પામે છે. આ જીવોને લબ્ધિ અપર્યાપ્તા જીવો કહેવાય છે.

સન્ની જીવોનું વર્ણન

એક સ્થાનેથી બીજે સ્થાને સન્ની જીવરૂપે ઉત્પન્ન થયેલા જીવો જે સ્થાનમાં ઉત્પન્ન થાય તે સ્થાનને વિષે જે આહારના પુદ્‌ગલો પ્રાપ્ત થાય તે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરી ખલ અને રસરૂપે પરિણમાવી ખલવાળા પુદ્‌ગલોનો નાશ કરી રસવાળા પુદ્‌ગલોનો સંગ્રહ કરતો જાય છે. આ રીતે એક સમયમાં ખલવાળા પુદ્‌ગલોનો નાશ અને રસવાળા પુદ્‌ગલોનો સંગ્રહ પોતાના પુરુષાર્થથી જીવ કરે છે તેને આહાર પર્યાપ્તિ કહેવાય છે. આ રીતે સમયે સમયે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરી ખલ અને રસરૂપે પરિણમાવી ખલવાળા પુદ્‌ગલોનો નાશ કરી રસવાળા પુદ્‌ગલોનો સંગ્રહ કરતો કરતો અસંખ્યાત સમય સુધી પુરુષાર્થ કરીને રસવાળા પુદ્‌ગલોનો સંગ્રહ થયેલો હોય એ સંગ્રહ કરેલા પુદ્‌ગલોમાંથી શરીર બનાવવાની શક્તિ પ્રાપ્ત કરે છે. એને શરીર પર્યાપ્તિ કહેવાય છે. આ શરીર પર્યાપ્તિનો કાળ અસંખ્યાત સમયવાળા એક અંતર્મુહૂર્તનો હોય છે. ત્યાર પછી સમયે સમયે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરી ખલ અને રસરૂપે પરિણમાવી ખલવાળા પુદ્‌ગલોનો નાશ કરી રસવાળા પુદ્‌ગલોનો સંગ્રહ કરતો કરતો અસંખ્યાત સમય સુધી ક્રિયા કરતો જાય છે. એમાં રસવાળા પુદ્‌ગલોનો જે સંગ્રહ થયેલો હોય છે તેમાંથી થોડા પુદ્‌ગલો શરીરને આપે છે અને બાકીના પુદ્‌ગલોમાંથી ઇન્દ્રિય બનાવવાની શક્તિ પ્રાપ્ત કરે છે.

તેને ઇન્દ્રિય પર્યાપ્તિ કહેવાય છે. આ ઇન્દ્રિય પર્યાપ્તિ કરતાં પાંચે ઇન્દ્રિય બનાવવાની શક્તિ પ્રાપ્ત કરે છે. ત્યાર પછી સમયે સમયે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરતો કરતો ખલ અને રસરૂપે પરિણામ પમાડતો અસંખ્યાત સમય સુધી ક્રિયા કરતો કરતો ખલ વાળા પુદ્‌ગલોનો નાશ કરી રસવાળા પુદ્‌ગલોનો સંગ્રહ કરી એ રસવાળા પુદ્‌ગલોમાંથી થોડા પુદ્‌ગલો શરીરને આપે છે, થોડા પુદ્‌ગલો ઇન્દ્રિયોને આપે છે અને બાકીના પુદ્‌ગલોમાંથી જગતમાં રહેલા શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી ઉચ્છવાસ અને નિઃશ્વાસ રૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે એને શ્વાસોશ્વાસ પર્યાપ્તિ કહેવાય છે. આ શ્વાસોશ્વાસ પર્યાપ્તિ અસંખ્યાત સમય વાળી અંતર્મુહૂર્તની હોય છે. ત્યાર પછી સમયે સમયે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરતો ખલ અને રસરૂપે પરિણમાવતો ખલવાળા પુદ્‌ગલોનો નાશ કરી રસવાળા પુદ્‌ગલોનો સંગ્રહ કરતો અસંખ્યાત સમય સુધી ક્રિયા કરતો કરતો રસવાળા પુદ્‌ગલોમાંથી થોડા શરીરને આપે છે, થોડા ઇન્દ્રિયોને આપે છે અને થોડા પુદ્‌ગલોથી શ્વાસોશ્વાસ લેવા મુકવાની શક્તિને વધારે છે અને બાકીના પુદ્‌ગલોમાંથી જગતમાં રહેલા ભાષા વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી ભાષા રૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે તેને ભાષા પર્યાપ્તિ કહેવાય છે. આ પર્યાપ્તિ પણ અસંખ્યાત સમયના અંતર્મુહૂર્ત વાળી હોય છે. ત્યાર પછી સમયે સમયે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરી ખલ અને રસરૂપે પરિણમાવી ખલવાળા પુદ્‌ગલોનો નાશ કરી રસવાળા પુદ્‌ગલોનો સંગ્રહ કરીને અસંખ્યાત સમય સુધી એ ક્રિયા કરતો કરતો રસવાળા પુદ્‌ગલોમાંથી થોડા પુદ્‌ગલો શરીરને થોડા પુદ્‌ગલો ઇન્દ્રિયોને થોડા પુદ્‌ગલોથી શ્વાસોશ્વાસની શક્તિઓને થોડા પુદ્‌ગલોથી ભાષાની શક્તિને વધારતો વધારતો બાકીના પુદ્‌ગલોથી જગતમાં રહેલા મનોવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી મન રુપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે. એને મનઃપર્યાપ્તિ કહેવાય છે. આ રીતે સન્ની જીવો છ પર્યાપ્તિઓ કરે છે.

આ મનઃપર્યાપ્તિ પણ અસંખ્યાત સમય વાળા એક અંતર્મુહૂર્તના કાળ જેટલી હોય છે. આ રીતે છએ પર્યાપ્તિ પૂર્ણ કરીને સન્ની પર્યાપ્તા થયેલા જીવો પોતાનું ઉત્કૃષ્ટ જેટલું આયુષ્ય હોય એ આયુષ્યકાળ દરમ્યાન સમયે સમયે આહારના પુદ્ગલોને ગ્રહણ કરી ખલ અને રસરૂપે પરિણમાવી ખલવાળા પુદ્ગલોનો નાશ કરી રસવાળા પુદ્ગલોથી પોતાનું જીવન જીવવા માટે જરૂરી એવા શરીરની ઇન્દ્રિયોની શક્તિને વધારતો શ્વાસોશ્વાસના પુદ્ગલોની શક્તિને પ્રાપ્ત કરતો ભાષાના પુદ્ગલોથી વચન શક્તિને પ્રાપ્ત કરતો મનોવર્ગણાના પુદ્ગલોથી મનની શક્તિને વધારતો સમયે સમયે સાત કર્મનો બંધ કરતો કરતો અને પોતાના જીવનકાળ દરમ્યાન એક અંતર્મુહૂર્ત સુધી આયુષ્ય કર્મ સાથે આઠ કર્મનો બંધ કરતો કરતો પોતાનું જીવન જીવતો હોય છે. સન્ની જીવોમાં તિર્યંચ અને મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યોપમનું હોય છે. અને દેવ અને નારકીનું ઉત્કૃષ્ટ આયુષ્ય તેત્રીશ સાગરોપમનું હોય છે. આ કાળ દરમિયાન જીવો પાંચ ઇન્દ્રિયના ત્રેવીશ વિષયો અને ૨૫૨ વિકારોને વિષે રાગાદિ પરિણામ કરતા કરતા પોતાનું જીવન પસાર કરે છે. એમાં પુરુષાર્થ કરીને જીવ જો વિષયોને વિકારોને ઓળખીને એનાથી રાગાદિ પરિણામથી બચવાનો પ્રયત્ન કરતો જાય તો એ જીવ આત્મિક ગુણોને પ્રાપ્ત કરતો કરતો વિષયોને વિકારોના વિચારોથી નિર્લેપ થઇને એના વિચારો અંતરમાં પેદા ન થાય એની સતત કાળજી રાખીને લાંબાકાળ સુધી એ વિચારોને ટકાવીને આત્મિક ગુણોને પેદા કરતો કરતો આંશિક એની અનુભૂતિ કરતો કરતો જો કોઇ નિકાચીત કર્મ બંધાયેલું ન હોય તો એ ભવમાં અથવા બીજા ભવમાં યાવત વધારેમાં વધારે સાતમે ભવે પોતાનું સંપૂર્ણ શુધ્ધ સ્વરૂપ પેદા કરીને સિધ્ધિ ગતિને પ્રાપ્ત કરી શકે છે. આ સિધ્ધિ ગતિમાં જવાલાયક પુરુષાર્થ મનુષ્યોજ કરી શકે છે. તિર્યંચો દેશવિરતિપણા રૂપે સમજણના ઘરમાં દાખલ થઇ પાંચમા ગુણસ્થાનક સુધીના પરિણામને પ્રાપ્ત કરી શકે છે. દેવતાને નારકીના જીવો પુરુષાર્થ

કરીને વિષયોને વિકારોના વિચારોથી નિર્લેપ થતા થતા સમજણના ઘરમાં દાખલ થઇ પુરુષાર્થ કરીને સમકીતની પ્રાપ્તિ કરી શકે છે.

અપર્યાપ્તા સન્ની તિર્યંચો અને અપર્યાપ્તા સન્ની મનુષ્યોનું વર્ણન

આ જીવો ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી શ્વાસોશ્વાસ પર્યાપ્તિ શરુ કરીને પરભવનું આયુષ્ય બાંધી શ્વાસોશ્વાસ પર્યાપ્તિ અધુરી રાખીને પણ મરણ પામી શકે છે. કેટલાક જીવો શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી પરભવનું આયુષ્ય બાંધીને ભાષા પર્યાપ્તિ શરુ કરી એને અધુરી રાખીને પણ મરણ પામી શકે છે. અને કેટલાક જીવો ભાષા પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી પરભવનું આયુષ્ય બાંધી મનઃપર્યાપ્તિ શરુ કરી પૂર્ણ કર્યા વગર પોતાનું ભોગવાતું આયુષ્ય પૂર્ણ કરીને મરણ પામે છે. આ જીવોને લબ્ધિ સન્ની અપર્યાપ્તા જીવો કહેવાય છે.

લબ્ધિ અપર્યાપ્તા એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સઘળાય જીવોનું આયુષ્ય નિયમા એક અંતર્મુહૂર્તનું હોય છે. અને આ જીવોને નિયમા પહેલું ગુણસ્થાનકજ હોય છે.

પર્યાપ્તિઓનું વર્ણન સમાપ્ત

પ્રાણોનું વર્ણન

પ્રાણો બે પ્રકારના હોય છે. (૧) ભાવ પ્રાણ અને (૨) દ્રવ્ય પ્રાણ.

(૧) ભાવ પ્રાણ - ભાવ પ્રાણ એટલે આત્માના અનંતા ગુણો. જેમકે અનંતજ્ઞાન, અનંતદર્શન, ક્ષાયિક સમ્યકત્વ, ક્ષાયિક ચારિત્ર, અનંત વીર્ય ઇત્યાદિ આત્માના ભાવ પ્રાણ કહેવાય છે. સંસારી જીવોની અપેક્ષાએ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી અને દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી જ્ઞાન અને દર્શનનો અંતર્મૂહર્ત અંતર્મૂહર્તે

પરાવર્તમાન થતો ઉપયોગ એ પણ ભાવપ્રાણ કહેવાય છે. અનાદિકાળથી જ્ઞાન અને દર્શનનો ઉપયોગ જીવને ચઢ ઉતર થયા કરે છે. આ છદ્મસ્થ રૂપે રહેલો ઉપયોગ જીવને એકથી બારમા ગુણસ્થાનક સુધી રહેલો હોય છે. જ્યાં સુધી જીવ ક્ષાયિક ભાવે જ્ઞાનની પ્રાપ્તિ કરતો નથી એટલે કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરતો નથી ત્યાં સુધી ક્ષયોપશમ ભાવે જ્ઞાન અને દર્શનનો ઉપયોગ ચાલુને ચાલુજ હોય છે. એને પણ ભાવપ્રાણ કહેવાય છે. સિદ્ધિ ગતિમાં રહેલા જીવોને ક્ષાયિક ભાવે જ્ઞાન અને દર્શન રહેલા હોવાથી સમયે સમયે કેવળજ્ઞાન અને કેવળદર્શનનો ઉપયોગ પરાવર્તમાન રૂપે ચાલુને ચાલુજ હોય છે. માટે સિદ્ધિ ગતિમાં જ્ઞાન અને દર્શનના ઉપયોગ રૂપે ભાવપ્રાણ પણ રહેલા હોય છે.

દ્રવ્ય પ્રાણોનું વર્ણન

ભાવ પ્રાણના મુખ્ય ચાર ભેદ છે. (૧) શુધ્ધ ચેતના (૨) અનંત વીર્ય, (૩) અક્ષય સ્થિતિ, (૪) અનંત સુખ. આ ચારે ભાવ પ્રાણોને ચાર દ્રવ્ય પ્રાણો અનાદિકાળથી જીવને દબાવતા દબાવતા એ દ્રવ્ય પ્રાણો ભાવ પ્રાણનો નાશ કરવામાં સહાયભૂત થાય છે. એ ચાર આ પ્રમાણે છે. ૧. ઇન્દ્રિય, ૨. યોગ બળ, ૩. આયુષ્ય, ૪. શ્વાસોશ્વાસ.

અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવોને ઇન્દ્રિયો દ્રવ્ય પ્રાણ રૂપે ભાવ પ્રાણનો નાશ કરવામાં સહાયભૂત થતી જાય છે. માટે એ ઇન્દ્રિયોને અશુધ્ધ ચેતના રૂપે કહેવાય છે. જીવનો મૂળ સ્વભાવ શુધ્ધ ચેતના રૂપે રહેલો છે. એ શુધ્ધ ચેતનાને દબાવવામાં અથવા નાશ કરવામાં સહાયભૂત થનાર એકેન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય સહાયભૂત થતી જાય છે. કારણ કે શુધ્ધ ચેતનામાં રહેલું જે જ્ઞાન એ એકેન્દ્રિય જીવોને સ્વાભાવિક રીતે પેદા થઇ શકતું નથી. ઇન્દ્રિયની સહાયથીજ એ જ્ઞાનની પ્રાપ્તિ થઇ શકે છે. એટલે કે સ્પર્શેન્દ્રિયની સાથે પદાર્થનો સંયોગ થાય ત્યારે આત્મામાં રહેલું જ્ઞાન અને દર્શન જીવને

અતિ સૂક્ષ્મ રૂપે એને જાણવામાં સહાયભૂત થાય છે. આથી શુધ્ધ ચેતનાને સંપૂર્ણ રીતે દબાવીને અશુધ્ધ ચેતના રૂપે અક્ષરના અનંતમા ભાગ જેટલું જ્ઞાન સ્પર્શેન્દ્રિય રૂપ ઇન્દ્રિયથી એકેન્દ્રિય જીવોને પ્રાપ્ત થાય છે. અને એ અશુધ્ધ ચેતનામાંય જ્ઞાનથી એમાં રાગાદિ પરિણામ કરતો કરતો જીવ પોતાના હાથેજ પોતાનો સંસાર વધારતો જાય છે. એ સ્પર્શેન્દ્રિયના આઠ વિષયો અને તેના છપ્પ્ન વિકારોને વિષે અશુધ્ધ ચેતના રૂપે જ્ઞાન પેદા કરતો કરતો સંસારને વિષે સંખ્યાતા ભવો, અસંખ્યાતા ભવો અથવા અનંતા ભવો અવ્યવહાર રાશિવાળા જીવો અને વ્યવહાર રાશિમાં રહેલા એકેન્દ્રિય જીવો પરિભ્રમણ કરતાં જાય છે. એ અશુધ્ધ ચેતના રૂપ જ્ઞાન બેઇન્દ્રિય જીવોને વિશેષ રીતે ઉઘાડરૂપે પેદા થાય છે. તેઇન્દ્રિય જીવોને એનાથી વિશેષ રીતે એ જ્ઞાન ઉઘાડરૂપે પેદા થાય છે. ચઉરીન્દ્રિય જીવોને એનાથી વિશેષ રીતે અશુધ્ધ ચેતના રૂપે જ્ઞાન ઉઘાડરૂપે પ્રાપ્ત થતું જાય છે. અને પંચેન્દ્રિય જીવોને એનાથી વિશેષ રીતે ઉઘાડ રૂપે અશુધ્ધ ચેતનાનું જ્ઞાન પેદા થતું જાય છે અને એનાથી વિશેષ રીતે સન્ની પંચેન્દ્રિય જીવોને અશુધ્ધ ચેતના રૂપે જ્ઞાનનો ક્ષયોપશમ ભાવ વિશેષ રીતે પ્રાપ્ત થવાથી રાગાદિ પરિણામ વિશેષ રીતે કરતા કરતા અશુધ્ધ ચેતનાને શુધ્ધ ચેતના રૂપે માનીને પોતાનું જીવન જીવતા જીવતા સંસારમાં પરિભ્રમણ કરતો જાય છે. જ્યારે એ જીવ અશુધ્ધ ચેતનાને ઓળખતો થાય એટલે કે ઇન્દ્રિયોનું સુખ એ વાસ્તવિક મારા પોતાના આત્માનું સુખ નથી પણ એ શરીરજન્ય સુખ છે એ સુખ એકાંતે દુઃખ રૂપ દુઃખનું ફળ આપનાર અને દુઃખની પરંપરા વધારનાર છે આવુ જ્યારે જ્ઞાની ભગવંતોના વચનોથી સાંભળવા મળે, જાણવા મળે, સમજવા મળે અને એ સમજ્યા પછીનું ચિંતન કરતાં કરતાં મિથ્યાત્વ મોહનીય કર્મની મંદતા પેદા થતા અને લઘુકર્મીપણું પ્રાપ્ત થતાં અંતરમાં પોતાને લાગે કે વાસ્તવિક રીતે આ વાત સાચીજ છે અત્યાર સુધી ઇન્દ્રિયના પદાર્થોને વિષે સુખની બુધ્ધિ રાખીને જે રીતે હું જીવ્યો એ મારી સુખની કલ્પના

ખોટી જ છે આવી વિચારણા અંતરમાં પેદા થતી જાય ત્યારે અશુધ્ધ ચેતનાનું સુખ દુઃખરૂપ લાગતાં એ સુખના પદાર્થોમાં રાગાદિ પરિણામ પેદા થતા હતા એની મંદતા કરતો કરતો જીવ શુધ્ધ ચેતનાના ઉઘાડરૂપ જે જ્ઞાન એને મેળવવાની ઇચ્છાવાળો થાય છે અને જ્યારથી શુધ્ધ ચેતનાનું જ્ઞાન એજ ખરેખરું મારું સુખરૂપ સ્વરૂપ છે આવો ખ્યાલ આવતો જાય છે ત્યારથી અશુધ્ધ ચેતના પ્રત્યે દ્વેષબુધ્ધિ પેદા થતાં થતાં અત્યંત જ્યારે અંતરમાં દ્વેષ પેદા થાય ત્યારે ઇન્દ્રિયજન્ય સુખ પ્રત્યે અને સુખના પદાર્થો પ્રત્યે અત્યંત ગુસ્સો પેદા કરીને જીવ ગ્રંથીભેદ કરે છે અને એ ગ્રંથીભેદ થાય એટલે સૂક્ષ્મ બુધ્ધિનો ક્ષયોપશમ ભાવ પેદા થતાં અત્યાર સુધી અશુધ્ધ ચેતનાનું સુખ એજ વાસ્તવિક સુખ લાગતું હતું એને બદલે શુધ્ધ ચેતનાનું સુખ એજ ખરેખરું મારું વાસ્તવિક સુખ છે આવી બુધ્ધિ અંતરમાં સ્થિર થતી જાય છે. આ શુધ્ધ ચેતનાને દબાવનાર આવી સમજણ પેદા નહિ થવા દેવામાં સહાયભૂત થનાર ઇન્દ્રિયના પદાર્થો અશુધ્ધ ચેતનામય રૂપે રહેલા જીવને સહાયભૂત થતા થતાં સંસારમાં પરિભ્રમણ કરાવ્યા વગર રહેતા નથી. આટલા વર્ષોથી ધર્મની આરાધના કરીએ છીએ એ ધર્મની આરાધના કરતાં કરતાં ઇન્દ્રિયજન્ય પદાર્થોનું સુખ એ વાસ્તવિક રીતે મારૂં પોતાનું સુખ નથી પણ કર્મજન્ય એટલે કે કર્મથી પેદા થયેલું અશુધ્ધ ચેતનામય રૂપે એ સુખ છે આવી બુધ્ધિ પેદા થયેલી છે ખરી ! આવી બુધ્ધિ પેદા નથી થતી અને પેદા થઇ નથી એનું દુઃખ પણ છે ખરું ! જ્યાં સુધી શુધ્ધ ચેતનાનું લક્ષ અંતરમાં પેદા નહિ થાય ત્યાં સુધી અશુધ્ધ ચેતના રૂપે રહેલું ઇન્દ્રિયજન્ય સુખ એ દુઃખરૂપ કદી લાગશે નહિ. અને એ દુઃખરૂપ ન લાગે ત્યાં સુધી શુધ્ધ ચેતનામય સુખ એજ ખરેખરું મારું સુખ છે એને મેળવવા માટેજ હું આરાધના કરું છું આવી બુધ્ધિ પણ અંતરમાં પેદા થશે નહિ. માટે ધર્મપ્રવૃત્તિ કરતાં છતાં પણ જો ઇન્દ્રિયજન્ય અશુધ્ધ ચેતનામય સુખના પદાર્થમાંજ આનંદ આવતો હોય તો એ ધર્મપ્રવૃત્તિ

જન્મ મરણનો નાશ કરવામાં સહાયભૂત થશે નહિ. અને બંધાયેલા જન્મ મરણની પરંપરાને તોડીને મોક્ષમાર્ગમાં દાખલ કરવામાં પણ એ આરાધના સહાયભૂત થઇ શકશે નહિ. જો આપણે આરાધના સહાયભૂત બનાવવી હોય તો આરાધના કરતાં કરતાં અશુધ્ધ ચેતનામય ઇન્દ્રિયજન્ય પદાર્થોના સુખોને ઓળખવાનો પ્રયત્ન અવશ્ય કરવોજ જોઇએ. તોજ શુધ્ધ ચેતનામય સુખ વાસ્તવિક રીતે સુખરૂપે આપણને લાગ્યા વગર રહેશે નહિ.

અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો મોટેભાગે કાયબળથી એટલે શરીરની પ્રાપ્તિથીજ સુખની અનુભૂતિ કરતા કરતા પોતાના આત્મામાં રહેલી જે શક્તિ અનંતવીર્ય રૂપે રહેલી એને દબાવતા દબાવતા કાયબળ જ એજ ખરેખર મારું બળ છે એમ માનીને પોતાનું જીવન જીવતા જીવતા પોતાના હાથે પોતાનો સંસાર વધારતા જાય છે. એકેન્દ્રિય જીવોને કાયબળથી અનંતવીર્યની શક્તિ દબાતી જાય છે. બેઇન્દ્રિય જીવો કાયબળ અને વચનબળથી પોતાની અનંતવીર્યની શક્તિને દબાવતો જાય છે. એજ રીતે તેઇન્દ્રિય જીવો ચઉરીન્દ્રિય જીવો, અસન્ની પંચેન્દ્રિય જીવો કાયબળ અને વચનબળથી પોતાની અનંતવીર્યની શક્તિને દબાવતો દબાવતો પોતાના હાથેજ પોતાનો સંસાર વધારતો જાય છે. સન્ની પંચેન્દ્રિય જીવો કાયબળ, વચનબળ અને મનબળથી જે કાંઇ વ્યાપાર કરી રહેલા છે એ વ્યાપારથી પોતેજ પોતાના આત્માને અનંતવીર્યની શક્તિને દબાવતા દબાવતા સંખ્યાતા ભવો, અસંખ્યાતા ભવો કે અનંતા ભવોને પેદા કરતા કરતા સંસારમાં પરિભ્રમણ કરી રહેલા હોય છે. એમાં નારકીમાં રહેલા જીવો નરકગતિમાં અનેક પ્રકારના દુઃખોને ભોગવતા હોવા છતાં પણ પોતે જાતિસ્મરણ જ્ઞાન પામેલા હોવાછતાં પણ અને જાતિસ્મરણ જ્ઞાનથી પોતાનો પૂર્વભવ જોતા હોય એ ભવમાં મેં કેટલા કેટલા પાપ કર્યા છે એ પાપને યાદ કરવાને બદલે એ પાપના પ્રતાપે મારે આ દુઃખ આવ્યું છે એવી વિચારણા કરવાને

બદલે દુઃખના કાળમાં કોઇ દુઃખનો વધારો કરતો જાય તો એ નરકગતિમાં બીજા જીવો પ્રત્યે ગુસ્સો પેદા કરીને એને પણ મારી નાંખવાની અને એના પ્રત્યે દ્વેષ બુધ્ધિ પેદા કરીને નવો કર્મબંધ કરતાં કરતાં પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. એટલે કે નરકગતિમાં પણ વૈક્રીય શરીરથી મળેલી જે શક્તિઓ હોય છે એ શક્તિઓનો દુરૂપયોગ કરતાં કરતાં એટલે કે દ્વેષબુધ્ધિ, ગુસ્સો અને બીજાને મારી નાંખવાની બુધ્ધિથી દુશ્મનભાવ પેદા કરતાં કરતાં પોતાના આત્મામાં રહેલા અનંતવીર્ય રૂપ સુખને દબાવતા દબાવતા પોતાનો સંસાર વધારતા જાય છે.

તિર્યંચગતિમાં રહેલા જીવો મોટેભાગે આહારસંજ્ઞાની પ્રધાનતાવાળા હોય છે કે જેના પ્રતાપે એ તીર્યંચો આહારની વિચારણામાંજ પોતાનો કાળ પસાર કરતાં હોય છે. અને પંચેન્દ્રિય તિર્યંચો પણ જ્યાં જાય ત્યાં અડધા ભૂખ્યા અને અડધા તરસ્યા હોવાથી જે ક્ષેત્રમાં જે આહારના પુદ્ગલો મળે એમાં મોઢું નાંખ્યા વગર રહેતા નથી અને એના પ્રતાપે પોતાના મનના વિચારોથી અને કાયાને પડતું કષ્ટ એ દુઃખ વેઠતાં વેઠતાં પોતાની અનંત વીર્યની શક્તિને દબાવતાં દબાવતાં સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. આ રીતે નારકીના જીવોને તિર્યંચના જીવો કર્મને પરવશ થઇને ગમે તેટલું દુઃખ પડે તો પણ સુખની આશાથી સુખની ઇચ્છાથી, દુઃખને ભોગવતાં જાય છે તો પણ સમજણના ઘરમાં દાખલ થવાનું મન થતું નથી. એટલે કે આ દુઃખ મને શેના પ્રતાપે આવે છે, કયા કારણે હું આટલો દુઃખી થાઉં છું એ દુઃખના કારણોને નાશ કરવા હોય તો હું કરી શકું એવી તાકાત છે કે નહિ એની વિચારણા પણ કરતાં નથી. આથી નિશ્ચિત એ થાય છે કે જ્યાં સુધી જીવો પોતે પોતાના કરેલા પાપોને યાદ કરીને વિચારણા કરવાનું મન કરે નહિ અને એ પાપથી પશ્ચાતાપ કરીને પાછા ફરવાની ઇચ્છા પણ પેદા કરે નહિ ત્યાં સુધી કોઇકાળે દુઃખથી જીવો છુટી શકવાના નથી. પાપભીરુતા ગુણ અંતરમાં પેદા થતો જાય અને પોતે કરેલા પાપનો પશ્ચાતાપ પેદા થતો

જાય અને ફરીથી આવા પાપો જીવનમાં ન થાય એની કાળજી રાખીને જીવન જીવવાનો પ્રયત્ન કરતા જાય તોજ પાપના ઉદયથી આવેલા દુઃખોને સમાધિ ભાવપૂર્વક સહન કરવાની તાકાત પેદા થતી જાય છે. અને એ સમાધિપૂર્વક જેમ જેમ જીવ દુઃખોને ભોગવતો જાય તેમ તેમ પોતે અનંતવીર્યની શક્તિને પેદા કરવાની ઇચ્છા અંતરમાં પેદા કરતો જાય છે એટલે કે સમજણના ઘરમાં દાખલ થતો જાય છે. આ સમજણના ઘરમાં દાખલ થાય અને પછી નરકના દુઃખો કે તિર્યંચગતિમાં રહેલા જીવોને જે દુઃખો પ્રાપ્ત થાય છે એ દુઃખોને સારી રીતે સહન કરવાની તાકાત પેદા થતી જાય છે. અને એ સારી રીતે સહન કરતો જાય છે એના પ્રતાપે દુઃખ દુઃખ એને લાગતું નથી. કારણ કે દુઃખ ભોગવતી વખતે અંતરમાં વિચારસરણી એજ પ્રમાણે રહેલી હોય છે કે મેં પાપ કર્યા છે માટે એ પાપના ફળ સ્વરૂપે દુઃખ આવેલું છે. તો પાપ કરતાં મેં પાછું વાળીને જોયું નહિ તો એના ફળ સ્વરૂપે આવતાં દુઃખોને ભોગવવામાં શા માટે હું પાછી પાની કરું ? જેમ જેમ પાપના ફળ સ્વરૂપે આવેલું આ દુઃખ છે એમ વિચાર કરીને ભોગવતો જઇશ તોજ મારા પાપો નાશ પામશે. અને એ જેમ જેમ નાશ પામતાં જશે તેમ તેમ જન્મ મરણની પરંપરા પણ મેં જે બાંધેલી હશે એ પણ નાશ પામશે. અને આ રીતે દુઃખોને ભોગવતાં પાપનોય નાશ થાય છે અને બંધાયેલી જન્મ મરણની પરંપરા પણ નાશ પામે છે કે જેના કારણે મારો સંસાર કપાતો જાય છે. તો સારી રીતે સમાધિપૂર્વક દુઃખ ભોગવતાં મારા આત્માને આટલો લાભ થતો હોય તે લાભને દૂર કરીને મારા આત્માને નુક્શાન શા માટે પહોંચાડું ? અને હું જેટલું નુક્શાન મારા આત્માને પહોંચાડતો જાઉં છું એટલીજ મારી અનંતવીર્ય રૂપ જે શક્તિ નાશ પામતી જાય છે અને દબાતી જાય છે. માટે મન, વચન, કાયાના યોગનો વ્યાપાર મારા અનંતવીર્ય રૂપ શક્તિને દબાવી દબાવીને સંસારમાં પરિભ્રમણ કરાયા વગર રહેતું નથી.

મનુષ્યગતિમાં રહેલા જીવો મોટેભાગે ઘણા દુઃખવાળા અને થોડું

ક્ષણિક સુખ પ્રાપ્ત થયેલું હોય એવા જીવો વિશેષ હોય છે. એ ક્ષણિક સુખના પ્રતાપે પોતે વેઠેલા અનુભવાતા અને ભવિષ્યમાં પણ આવતા દુઃખોને પણ ભૂલી જાય છે. એના કારણે એ ક્ષણિક સુખોમાં જીવ એવો લપેટાઇ જાય છે કે આખો દિવસ કાળી મજુરી કરીને માંડ માંડ પેટ પુરતું પ્રાપ્ત થાય એટલી કમાણી કરીને ઘરે આવે અને અંતરમાં આવતાં આવતાં થાય કે હાશ આજે શાંતિથી ઘરમાં બેસીશ અને ઘરમાં ગરમ રસોઇ સારી રીતે ખાવા મળશે પણ જ્યાં ઘરમાં પગ મૂકે અને ઘરવાળાનું મોઢું તુંબડા જેવું દેખે અથવા ગુસ્સાવાળું દેખે એટલે ઝટ દઇને પોતાને જે સુખની અભિલાષા છે એ બધા અભિલાષાના વિચારો કકડભૂસ થઇ જાય છે. એટલે કે નાશ પામે છે. પોતાની આખા દિવસની વ્યાપારની શક્તિથી પોતાની અનંત વીર્યની શક્તિને દબાવીને ક્ષણિક સુખને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી પ્રયત્ન જીવ કરતો જાય છે તો પણ ક્ષણિક સુખની પ્રાપ્તિ પણ થતી નથી અને ઉપરથી વધારેને વધારે દુઃખી થતો જાય છે. આ રીતે દુઃખની અનુભૂતિ કરતો કરતો સુખની આશામાં રહેલો મનુષ્ય અનેક પ્રકારના કષ્ટોને વેઠતો વેઠતો પોતાના અનંત વીર્યની શક્તિને દબાવતો જાય છે. જ્યારે જ્ઞાની ભગવંતોના વચનોને સાંભળીને સમજીને વારંવાર વિચારણા કરતાં કરતાં સમજણના ઘરમાં દાખલ થાય તોજ એ જીવને ખ્યાલ આવે છે કે આ મારી મન, વચન, કાયાની વર્તમાનની પ્રવૃત્તિ મારાજ આત્માને નુકશાન કરનારી બને છે. જો હવે મારે એ નુકશાન ન પહોંચાડવું હોય તો મારા વ્યાપારની શક્તિનો વેગ મારે બદલવો પડે એટલે કે સંસારની પરિભ્રમણતા પેદા કરાવે એને બદલે સંસારને કપાવે, કાપવામાં સહાયભૂત થાય એ રીતે મારે મારા મન, વચન, કાયાના યોગના વ્યાપારને ઉપયોગમાં લેવા જોઇએ. કે જેથી મારી પોતાની અનંતવીર્યની શક્તિ કેમ જલ્દી પેદા થાય અને એને હું ભોગવતો થાઉં આવી ઇચ્છા રાખીને પ્રયત્ન કરતો જાય તો સમજણના ઘરમાં દાખલ થઇ ગ્રંથીભેદ કરી, સમકિતને પ્રાપ્ત કરી, સર્વવિરતિને

પ્રાપ્ત કરી, અપ્રમત્તભાવ પેદા કરી અને જો સારો કાળ હોય તો ક્ષપક શ્રેણિ પ્રાપ્ત કરી મોહનો નાશ કરી, વીતરાગ દશાને પામીને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયનો સંપૂર્ણ નાશ કરી પોતાની અનંતવીર્યની શક્તિને પ્રાપ્ત કરે છે.

દેવગતિમાં રહેલા જીવો પોતાના મન, વચન, કાયાના યોગનો વ્યાપાર પુણ્યના ઉદયથી મળેલી ક્ષણિક સુખની સામગ્રીને ટકાવવામાં, ભોગવવામાં, નાશ ન પામી જાય એની કાળજી રાખવામાં ઉપયોગ કરતાં કરતાં પોતાના આત્માની અનંત વીર્યની શક્તિને દબાવતા જાય છે. અને પોતાના હાથેજ પોતાના સંસારનું પરિભ્રમણ વધારતા જાય છે.

(૩) અક્ષય સ્થિતિ :- અક્ષય સ્થિતિ ગુણને દબાવનાર આયુષ્ય કર્મ અનાદિકાળથી જીવને અખંડ દીપકની જેમ સતત ચાલુને ચાલુ રહે છે. આયુષ્ય કર્મનો ઉદય જીવને એક ભવમાંથી બીજે ભવે જાય બીજે ભવેથી ત્રીજે ભવે જાય એમ ક્રમસર એક એક ભવ કરતો કરતો પોતે જે ભવને વિષે ચીરકાળ સ્થાયી થઇને રહેવા ઇચ્છે તો પણ રહી શકતો નથી. એટલે કે પોતાના આત્માની અક્ષય સ્થિતિ રૂપે જીવન જીવી શકતો નથી. અને ક્ષયસ્થિતિને પ્રાપ્ત કરતો કરતો એક ભવમાંથી બીજા ભવમાં ફરતો ફરતો અખંડ રીતે આયુષ્ય કર્મને ભોગવતો જાય છે અને પોતાની અક્ષય સ્થિતિ ગુણને કે જે ગુણ ચૌદમા ગુણસ્થાનકમાં રહેલા જીવો સકલ કર્મથી રહિત થઇને સિદ્ધિ ગતિને પ્રાપ્ત કરે છે તે વખતે સાદી અનંતકાળ રૂપ અક્ષય સ્થિતિ ગુણને પ્રાપ્ત કરે છે. આ અક્ષય સ્થિતિને રોકનાર, દબાવનાર, અનાદિકાળથી દ્રવ્યપ્રાણ રૂપે આયુષ્ય કર્મ જીવને કામ કરતું જાય છે. માટે કોઇપણ ગતિમાં આપણે ઉત્પન્ન થયેલા હોઇએ ક્ષણિક સુખની બધી સારામાં સારી સામગ્રી પ્રાપ્ત થયેલી હોય, કોઇપણ જાતનું દુઃખ પણ પ્રાપ્ત થતું ન હોય અને એ સુખની સામગ્રીને પણ સારી રીતે ભોગવી શકીએ એવી તાકાત પણ પેદા થયેલી હોય તો પણ એ સામગ્રી ચિરકાળ અક્ષયસ્થિતિ રૂપે રહેશે નહિ.

ક્યાં પુણ્ય પુરુ થાય તો એ સામગ્રી ચાલી જાય અને કદાચ પુણ્યોદય હોય તો એ સામગ્રીને મૂકીને જીવને પોતાને બીજા સ્થાનમાં જવું પડે છે. પણ એ સ્થાનમાં અક્ષય સ્થિતિ રૂપે રહી શકતોજ નથી. જો આપણે આપણા આત્માની અક્ષય સ્થિતિ પ્રાપ્ત કરવી હોય તો આયુષ્ય નામના દ્રવ્ય પ્રાણને નાશ કરવા માટે જૈન શાસનમાં ક્ષણિક સુખથી સાવધ રહીને મારે મરવાનું છે, ક્યારે જવાનું છે એ નક્કી નથી પણ જન્મ્યો છું માટે મર્યા વગર ચાલવાનુંજ નથી આવી વિચારણા સતત કર્યા કરે તોજ ક્ષણિક સુખોથી આત્મામાં સાવધગીરી પેદા થતી જાય છે. અને જેટલો જીવ સાવધ થતો જાય એટલો ક્ષય સ્થિતિને નાશ કરી અક્ષય સ્થિતિને પેદા કરવાની નજીકના કાળ સુધી પહોંચી શકે છે માટે જ્ઞાની ભગવંતો કહે છે કે અક્ષય સ્થિતિ ગુણને નાશ કરનાર, દબાવનાર આયુષ્ય નામનો દ્રવ્ય પ્રાણ જીવને અનાદિકાળથી વળગેલો છે.

(૪) અનંત સુખ અથવા અવ્યાબાધ સુખ :- એ આત્માના ગુણને શ્વાસોશ્વાસ નામનો દ્રવ્ય પ્રાણ પેદા થવા દેતો નથી. શ્વાસોશ્વાસ પ્રાણ એકેન્દ્રિયથી શરુ કરીને પંચેન્દ્રિય સુધીના સઘળાય જીવોને પ્રાપ્ત થયેલો હોય છે. એ શ્વાસોશ્વાસ નામનો પ્રાણ દરેક જીવોને એક સરખી રીતે ચાલતો નથી. પણ કોઇવાર શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્‌ગલો વિશેષ લેવઇ જાય તો શ્વાસ વધારે ચઢે છે અને નિઃશ્વાસ રૂપે ઓછા પુદ્‌ગલો નીકળે છે જ્યારે શ્વાસોશ્વાસના પુદ્‌ગલો ઓછા લેવાય ત્યારે શ્વાસ મંદ પડી જાય છે અને નિઃશ્વાસ રૂપે પુદ્‌ગલો વધારે નીકળે છે આના કારણે જીવને શ્વાસોશ્વાસ કોઇકાળે એક સરખો ચાલતો નથી. આના કારણે સુખની અનુભૂતિ કરી શકતો નથી. એટલે કે અંતરમાં ખેદ રહેલોજ છે. આ ખેદ પોતાના આત્મામાં રહેલા અનંત સુખને દબાવતો જાય છે. અથવા જે ક્ષણિક સુખની પ્રાપ્તિ પુણ્યના ઉદયથી પ્રાપ્ત થાય છે તે સુખ ખેદ પેદા કરનારું હોવાથી એ સુખને પણ બાધા પેદા કરાવનારું કહેલું છે અને એજ સુખ આત્માના અવ્યાબાધ સુખને દબાવવાનું અથવા નાશ

કરવાનું કામ કરે છે. આથી અવ્યાબાધ સુખને પ્રાપ્ત કરવા માટે શ્વાસોશ્વાસનો નિરોધ ચૌદમા ગુણસ્થાનકે જીવ પ્રાપ્ત કરે ત્યાર પછીજ એ પુરુષાર્થથી પોતાના અવ્યાબાધની સુખની અનુભૂતિ પેદા કરી શકે છે. અવ્યાબાધ સુખ એટલે સંપૂર્ણ તૃપ્તિનો અનુભવ. આ અનુભવ સિધ્ધના જીવોને સદા માટે રહેલો હોય છે.

(૨) દ્રવ્ય પ્રાણ - દ્રવ્ય પ્રાણ દશ હોય છે. (૧) આયુષ્ય, (૨) સ્પર્શેન્દ્રિય, (૩) રસનેન્દ્રિય, (૪) ઘ્રાણેન્દ્રિય, (૫) ચક્ષુરીન્દ્રિય, (૬) શ્રોત્રેન્દ્રિય, (૭) શ્વાસોશ્વાસ, (૮) કાયબળ, (૯) વચનબળ અને (૧૦) મનબળ.

(૧) આયુષ્ય પ્રાણ :- અનાદિકાળથી સંસારને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવોને એટલે કે અવ્યવહાર રાશિથી જીવને આયુષ્ય નામનો પ્રાણ સતત સમયે સમયે ચાલુને ચાલુ હોય છે. જ્યાં સધી જીવ સકલ કર્મથી રહિત થઇ એટલે કે ચૌદમા ગુણસ્થાનકે અયોગીપણું પ્રાપ્ત કરીને સકલ કર્મથી રહિત ન બને ત્યાં સુધી આયુષ્યનો પ્રાણ અનાદિકાળથી જીવને ચાલુને ચાલુ હોય છે. એ આયુષ્ય નામનો પ્રાણ વ્યવહાર રાશિમાં રહેલા જીવોને પર્યાય રૂપે બદલાતો રહે છે. જેમકે પૃથ્વીકાયનો જીવ તેઉકાયનું આયુષ્ય બાંધે તો તેઉકાયરૂપે આયુષ્યનો પ્રાણ હોય છે. એવી રીતે મનુષ્યપણા રૂપે રહેલું આયુષ્ય દેવાયુષ્ય રૂપે, તિર્યંચાયુષ્ય રૂપે, નરકાયુષ્ય રૂપે એમ જે પ્રમાણે આયુષ્યનો બંધ કરેલો હોય એ પ્રમાણે એ આયુષ્ય પર્યાય રૂપે બદલાયા કરે છે. પણ આયુષ્ય નામનો પ્રાણ તો અનાદિકાળથી ચાલુને ચાલુજ હોય છે. કારણ કે સંસારી જીવ કોઇ કાળે આયુષ્ય વગરનો હોતો નથી. જો એ જીવ આયુષ્ય વગરનો થઇ જાય તો સિધ્ધિ ગતિને પ્રાપ્ત કરે. તો પછી એને સંસારમાં ફરીથી આવવાનું બને નહિ. જેમકે મનુષ્યપણામાં મરણ પામતો જીવ પોતાનું ભોગવાતું મનુષ્યાયુષ્ય જે સમયે પૂર્ણ થાય એજ સમયે બીજા ભવનું જે આયુષ્ય બાંધેલું હોય એ તરતજ ઉદયમાં ચાલુ થઇ જાય છે. જો એક સમય પછી એ આયુષ્ય

ઉદયમાં આવે તો એક સમયનો કાળ જીવને આયુષ્ય વગરનો ગયો એમ કહેવાય. પણ એવું બનતું નથી. માટે જે સમયે જીવ ભોગવાતા આયુષ્યનો નાશ કરે એટલે કે પૂર્ણ કરે કે તેજ સમયે પરભવનું બાંધેલુ આયુષ્ય ઉદયમાં ચાલુ થઇજ જાય છે. માટે આયુષ્ય વગરનો જીવ કોઇ કાળે હોતો નથી. એટલે કે સંસારી જીવ સદાકાળ માટે આયુષ્ય પ્રાણવાળો હોય છે.

(૨) કાયબળ પ્રાણ :- અનાદિકાળથી સંસારને વિષે પરિભ્રમણ કરી રહેલાજીવોને જેમ આયુષ્યનો પ્રાણ હોય છે અને એ આયુષ્યનો પ્રાણ પર્યાયરૂપે બદલાતો જાય છે તેમ એની સાથેને સાથે જીવો જે જે સ્થાને ઉત્પન્ન થયેલા હોય છે તે સ્થાને રહેલા પુદ્ગલોને ગ્રહણ કરીને એ પુદ્ગલો રસવાળા બનાવીને સંગ્રહ કરતા કરતા શરીર બનાવે છે એ શરીરની જે શક્તિ પ્રાપ્ત થાય છે તેને કાયબળ કહેવાય છે. એટલે કે જીવને શરીર પર્યાપ્તિ પૂર્ણ થાય ત્યારથી કાયબળની શક્તિ શરૂ થાય છે. જ્યાં સુધી જીવ શરીર પર્યાપ્તિ પૂર્ણ કરતો નથી ત્યાં સુધી એ જીવને તૈજસ શરીર અને કાર્મણ શરીર અનાદિકાળથી સાથે રહેલા હોવાથી એની શક્તિ કામ કરે છે. જ્યારે શરીર પર્યાપ્તિ પૂર્ણ કરે ત્યારે જો તિર્યંચ અને મનુષ્ય હોય તો ઔદારિક શરીર રૂપે કાયબળની શક્તિ પેદા કરે છે. અને દેવતાને નારકી હોય તો વૈક્રિય શરીર રૂપે કાયબળની શક્તિ પેદા કરે છે. માટે શરીર પર્યાપ્તિથી કાયબળની શરુઆત ગણાય છે. અત્યારે વર્તમાનમાં ઔદારિક શરીરની શક્તિ પ્રાપ્ત થયેલી છે અને આહારાદિના પુદ્ગલોથી ઔદારિક શરીરની શક્તિ વધારતા જઇએ છીએ તે આ ભવમાં શરીર પર્યાપ્તિ કરતી વખતે કાયબળની શક્તિ જે પેદા કરેલી છે એનાથી એ શક્તિ વઘઘટ રુપે કામ કરી રહેલી છે. જ્યારે અહીંથી છેલ્લે મરણ પામીશું ત્યારે એની પહેલા ઇન્દ્રિયોની શક્તિ અને શરીરની શક્તિ ક્ષીણ કરીને એટલે કે એનો નાશ કરીને બીજી ગતિમાં જઇશું. કાયબળની આ ભવની શક્તિ ઔદારિક શરીર રુપે રહેલી એ આ ભવમાંજ કામ લાગે છે. પણ બીજા ભવમાં એ ઉપયોગી થતી નથી.

બીજા ભવમાં જીવ શરીર પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી જ કાયબળની શક્તિ પેદા કરે એ પોતાના જીવનકાળ દરમિયાન કામ કરતી હોય છે આને કાયબળ કહેવાય છે. શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી કાયબળની શક્તિ પેદા કરેલો જીવ જેમ જેમ આહારના પુદ્ગલો ગ્રહણ કરતો જાય છે તેમ તેમ રસવાળા પુદ્ગલોથી શરીરની શક્તિ વધારતો જાય છે. અને એ શરીરની શક્તિ વધતા વધતા પોતાને જ્યાં શરીર નાંખવું હોય એ રીતે કાર્ય કરવામાં નાંખી શકે છે એને કાયબળ કહેવાય છે. આ કાયબળની શક્તિ દરેક જીવોને એક સરખી હોતી નથી. કારણ કે આ કાયબળની સાથે ઔદારિક શરીર નામકર્મનો ઉદય પણ ચાલુ હોય છે. જેવા રસે ઔદારિક શરીર બાંધેલું હોય તેવા રસે ઉદયમાં આવતા એને કાયબલની શક્તિ ચઢ ઉતર બનતા બનતા કોઇકાળે એક સરખી રહેતી નથી આને કાયબળ કહેવાય છે.

(૩) સ્પર્શેન્દ્રિય પ્રાણ :- અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો અવ્યવહાર રાશિમાં રહેલા હોય છે અને વ્યવહાર રાશિમાં એકેન્દ્રિયપણામાં રહેલા હોય છે ત્યાં સુધી એક સ્પર્શેન્દ્રિય પ્રાણ અનંતકાળ સુધી અથવા અસંખ્યાતા કાળ સુધી જીવને રહેલો હોય છે. આ સ્પર્શેન્દ્રિય પ્રાણનો સંસ્કાર અનંતા કાળથી જીવને પ્રાપ્ત થયેલો હોવાથી સ્પર્શેન્દ્રિયોનો સંયમ કરવું બહુજ દુષ્કર ગણાય છે. સામાન્ય રીતે પાંચે ઇન્દ્રિયોમાં જ્ઞાની ભગવંતોએ રસનેન્દ્રિયને જીતવી દુર્લભ કહેલી છે. રસનેન્દ્રિય જેમ જેમ જીતાતી જાય તેમ તેમ સ્પર્શેન્દ્રિય નબળી પડતી હોવાથી મહાપુરુષોએ રસનેન્દ્રિયને જીતવાનું કહેલું છે. જ્યાં સુધી રસનેન્દ્રિય તીવ્ર હોય છે ત્યાં સુધી સ્પર્શેન્દ્રિય પણ વિશેષ રીતે જોર પકડતી જાય છે. માટે રસનેન્દ્રિયને જીતતા જીતતા જો સ્પર્શેન્દ્રિયનો સંયમ ન થાય તો રસનેન્દ્રિયનો સંયમ ગુણ પ્રાપ્તિમાં સહાયભૂત થતો નથી. આ સ્પર્શેન્દ્રિય પ્રાણનો સંસ્કાર એના આઠ વિષયો અને છઙ્ગુ વિકારોને વિષે અનાદિકાળથી જીવને મજબુત રૂપે રહેલા હોય છે. માટે

આ પ્રાણથી સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તપણામાં છુટવાનો પ્રયત્ન કરવોજ જોઇએ. એનાથી છુટવા માટે રસનેન્દ્રિયનો જેટલો સંયમ થતો જાય એની સાથે સાથે સ્પર્શેન્દ્રિયનો સંયમ કેટલો થતો જાય છે એનું નિરીક્ષણ રોજ કરતાં જવું જોઇએ. જો રસનેન્દ્રિયનો સંયમ થતા થતા સ્પર્શેન્દ્રિય પ્રાણનો સંયમ કરવાનું લક્ષ પેદા ન થાય અને સ્પર્શેન્દ્રિય પ્રાણ સંયમીત બનતો ન થાય તો સમજવું કે અંતરથી હજી સંયમના ભાવ પેદા થયેલા નથી. કારણ કે રસનેન્દ્રિયાદિ પ્રાણો વગર એક સ્પર્શેન્દ્રિય પ્રાણથી જીવ અનંત કાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરતો રહી શકે છે. એકેન્દ્રિય જીવોને પાંચ ઇન્દ્રિયના પ્રાણોમાંથી ઉપયોગ રુપે એક સ્પર્શેન્દ્રિય પ્રાણનો ઉપયોગ હોય છે. અને બાકીના રસનેન્દ્રિયાદિ ચાર પ્રાણો સત્તામાં-આત્મામાં લબ્ધિરૂપે રહેલા હોય છે. જેમકે બાર વરસ સુધી વેશ્યાને ત્યાં રહેલા સ્થૂલભદ્રજીએ સંયમનો સ્વીકાર કરી પોતાના આત્માને જ્ઞાનના ઉપયોગમાં સ્થિર કરી ક્ષયોપશમ ભાવે આત્મજ્ઞાનનો સ્વાદ ચાખીને અને આત્મિક ગુણોને વિષે પોતાના આત્માને સ્થિરતા પ્રાપ્ત કરીને ચૌદ પૂર્વધર ભદ્રબાહુસ્વામિજી પાસે બીજા મહાત્માઓએ ચાતુર્માસ કરવા માટે જવાની આજ્ઞા માંગી એમાં એક સાધુ ભગવંતે કુવાના ભારવઠીયા ઉપર ચારે મહિના ઉભા રહીને ચોવીઆરા ઉપવાસ કરીને ચાર માસ પસાર કરવાની આજ્ઞા માંગી. બીજા મહાત્માએ સિંહની ગુફા પાસે ઉભા રહીને ચાર માસ પસાર કરવાની આજ્ઞા માંગી. ત્રીજા મહાત્માએ સાપના બીલ પાસે ઉભા રહીને ચાર માસ પસાર કરવાની આજ્ઞા માંગી. ભદ્રબાહુસ્વામિજીએ ત્રણેને આજ્ઞા આપી અને ત્રણે મહાત્માઓ પોતાના કર્મોને ખપાવવા માટે પોતાના આત્માને જ્ઞાનના ઉપયોગમાં સ્થિર કરવા માટે ચોમાસું ત્યાં રહીને પસાર કર્યું. એમાં તે વખતે સ્થુલિભદ્રજી મહાત્માના અંતરમાં વિચાર પેદા થાય છે કે બાર બાર વરસ સુધી હું જેની સાથે રહ્યો, મારા વગર એક ક્ષણ પણ રહી શકે નહિ એવી કોષાવેશ્યા એ મારા નામના સ્મરણથી જે રીતે જીવી રહેલી છે એને હું જે સુખનો

અનુભવ કરું છું એ સુખનો આસ્વાદ ચખાડું. જો ગુરુભગવંત આજ્ઞા આપે તો મારે કોષાવેશ્યાને ત્યાં ચોમાસું કરવા જવાની ઇચ્છા છે. એટલે કે ભાવના છે. એ વિચારણા કરીને ગુરુભગવંત પાસે આજ્ઞા માંગે છે. આજ્ઞામાં ગુરુભગવંતની પાસે કહે છે કે જો આપ ભગવંત આજ્ઞા આપો તો મારે કોષાવેશ્યાને ત્યાં ચોમાસું કરવા જવાની ભાવના છે. અને એ ચોમાસામાં મને જ્યાં ઉતારો આપશે ત્યાં ઉતરીશ, ગોચરીમાં જે વહોરાવશે તે વહોરીને વાપરીશ, આધાકર્મી આહાર પણ હું ગ્રહણ કરીશ અને જે કાંઇ નાટક વગેરે પોતે કરીને મને બતાવશે તે હું જોઇશ. જો મારામાં યોગ્યતા દેખાતી હોય તો હું ત્યાં ચોમાસું કરી એને પ્રતિબોધ કરીને વૈરાગ્યભાવ પેદા કરવાની ઇચ્છાવાળો છું. ચૌદ પૂર્વધર ગુરુભગવંતે પોતાના જ્ઞાનથી જોઇને આ યોગ્ય જીવ છે એમ જાણીને કોષાવેશ્યાને ત્યાં ચોમાસું કરવાની આજ્ઞા આપી. એ આજ્ઞા લઇને સ્થુલભદ્રજી મહારાજા કોષાવેશ્યાને ત્યાં આવવા માટે નીકળ્યા. અને જ્યાં એના મકાનની નજીક આવી રહેલા છે તે વખતે કોષાએ ઝરુખામાંથી સ્થુલભદ્રજીને આવતા જોયા. તે વખતે તે વિચાર કરે છે કે મને ખાત્રી હતીજ કે સ્થુલભદ્રજી ત્યાં રહી શકે નહિ. એ મને મળવા માટે આવવાજ જોઇએ. કારણ કે મારા વગર એક ક્ષણ પણ સ્થુલભદ્રજી રહી શકે એવી તાકાત નથી. જ્યારે મકાનની નજીક આવ્યા ત્યારે ઉપરથી દોડતી દોડતી કોષાવેશ્યા નીચે ઉતરી બારણું ખોલીને સ્થુલભદ્રજી મહાત્માને કહે છે કે- પધારો હું કેટલાય વખતથી તમારી રાહ જોવું છું. સ્થુલભદ્રજી મહાત્મા કોષા વેશ્યાની આજ્ઞા લઇ મકાનમાં પ્રવેશ કરે છે અને તે વખતે કોષા વેશ્યાને કહે છે કે તારી આજ્ઞા હોય તો હું અહીંયા ચાર મહિના ચાતુર્માસ રહેવાને ઇચ્છુ છું પણ એક શરતે કે તારે મારાથી સાડા ત્રણ હાથ દૂર રહીને જે કાંઇ કરવું હોય તે કરી શકે છે. આ રીતે વાત કરે છે ત્યારે વેશ્યા અંતરથી વિચારે છે કે એ ત્યાં રહીને આવેલા છે એટલે એના અભ્યાસથી આ રીતે બોલે છે. ભલે હું સાડાત્રણ હાથ દૂર રહીને તમારી

સાથે વાતચીત કરીશ અને તે વખતે ચોમાસું રહેવા માટે જગ્યાની માંગણી કરે છે. ત્યારે વેશ્યા કહે છે કે આ બધું તમારુંજ છે જ્યાં ઠીક પડે ત્યાં રહો. ત્યારે મહાત્મા કહે છે કે- એમ નહિ. તુ જ્યાં કહે ત્યાં હું ચાર માસ રહેવા ઇચ્છું છું. ત્યારે વેશ્યાએ ચિત્રશાળા ખોલી આપી કે જે ચિત્રશાળામાં એવા એવા ચિત્રો રહેલા છે કે એ ચિત્રોને જોતાંની સાથેજ પવૈયાને પાણો ચઢે એવી ચિત્રશાળા રહેવા માટે આપી. સ્થુલભદ્રજી ત્યાં રહી વેશ્યાને ત્યાંથી આહારને ગ્રહણ કરી પોતે પોતાની આરાધના કરી રહેલા છે. વેશ્યા જ્યારે જ્યારે પોતાની પાસે આવે અને વિષયની માંગણી કરે તથા વિષય માટેની વાતો ચિતો કરે એના હાવભાવ પેદા કરે ત્યારે પણ સ્થુલભદ્રજી મહાત્મા થાંભલાની જેમ મૌનપણે રહીને એની વાતો ચિતોને સાંભળે છે, એના હાવભાવ જુવે છે છતાં પણ સ્પર્શેન્દ્રિયનો સંયમ જ્ઞાનના ઉપયોગના કારણે તેમજ જ્ઞાનના અભ્યાસના કારણે એવો તીવ્ર રાખેલો છે કે એમનું એક રૂવાંડું પણ ઉંચુ થતું નથી. આ રીતે સ્પર્શેન્દ્રિયનો સંયમ જ્ઞાનના ઉપયોગથી જ્ઞાનના અભ્યાસથી એ જ્ઞાનના સુખના રસથી એટલો સુંદર બનાવેલો છે કે કોષા વેશ્યા રોજ કલાકો સુધી હાવભાવ વગેરે કરીને સ્પર્શેન્દ્રિયને ઉત્તેજીત કરવા પ્રયત્ન કરતી જાય છે તો પણ નાશીપાશ થઇને પાછી જાય છે. આ રીતે રોજેરોજ કરવા છતાં પણ ચોમાસાનો કાળ છે, વર્ષા ઋતુ છે, એકાંત સ્થળ છે છતાં પણ સ્પર્શેન્દ્રિયના સંયમના પ્રતાપે કોષા વેશ્યાના અંતરમાં રોજે રોજ જુદી જુદી વિચારણાઓ પેદા થતી હોવા છતાં પણ ભૌતિક સ્પર્શેન્દ્રિયોના સુખને વિશે સ્થુલભદ્રજી મહાત્મા જરાય ચલાયમાન થતા નથી. આ રીતે ચોમાસાનો કાળ પૂર્ણ થવા આવ્યો. એટલે કોષા વેશ્યા તે વખતે સ્થુલભદ્રજી મહાત્માને કહે છે કે- આ સુખમાં તમને જરાય વિચારણા પેદા થતી નથી અને રૂવાંડુ પણ ફરકતું નથી તો શું આના કરતાં ચઢીયાતા સુખનો અનુભવ તમે કરી રહેલા છો ? જો એ સુખનો અનુભવ કરતાં હો તો મને પણ એ સુખનો અનુભવ કરાવો. જ્યારે આ રીતે માંગણી કરી ત્યારે

મહાત્મા સ્થુલીભદ્રજીએ કોષા વેશ્યાને ઉપદેશ આપવાનું શરૂ કરીને પોતાને જે સુખની અનુભૂતિ થાય છે તે સુખની અનુભૂતિ પેદા કરાવવાનો પ્રયત્ન કર્યો અને વેશ્યાને એ સુખની અનુભૂતિ થતાં બાર વ્રતનો સ્વીકાર કર્યો. તેમાં ચોથા વ્રતમાં એને માંગણી કરીને એટલું ખુલ્લુ રાખ્યું કે હું પરવશ છું, રાજાને આધીન છું, રાજા જે પુરૂષ પ્રત્યે પ્રસન્ન થાય તે પુરૂષને અહીં મોકલે તો મારી શક્તિ મુજબ પ્રયત્ન કરીને એ પુરૂષના અંતરમાં વૈરાગ્યભાવ પેદા કરી જરૂર તમારી પાસે મોકલીશ. જો કદાચ એ પુરૂષને વૈરાગ્યભાવ પેદા ન થાય અને મારે આધીન થવું પડે તો એટલા પુરતી છુટ. આ રીતે કોષા વેશ્યાને શ્રાવિકા બનાવીને ચોમાસું પૂર્ણ કરી પોતાના સ્થાને ગુરુભગવંત પાસે એટલે કે ચૌદ પૂર્વધર આચાર્ય ભગવંત ભદ્રબાહુસ્વામિજી પાસે આવ્યા તે વખતે ત્યાં સિંહ ગુફાવાસી મહાત્મા, કુવાના ભારવઠીયા ઉપર રહેલા મહાત્મા અને સાપના બીલ પાસે રહેલા મહાત્મા એમ ત્રણે મહાત્માઓ ત્યાં આવેલા હતા. એ ત્રણે મહાત્માઓને ગુરુ ભગવંતે દુષ્કર એમ એકજ વાર શબ્દ કહીને તમે દુષ્કર કાર્ય કરીને આવ્યા છો એમ કહેલું હતું. જ્યારે સ્થુલભદ્રજી મહાત્મા પધાર્યા ત્યારે ગુરુ ભગવંતે દુષ્કર, દુષ્કર એમ બે વાર શબ્દો કહીને તમે દુષ્કરમાં દુષ્કર કાર્ય કરીને આવ્યા છો એમ એમની સ્તવના કરી. તે વખતે સિંહ ગુફાવાસી મહાત્મા એ સાંભળીને વિચારે છે કે- અમે તો ચાર માસ ચોવિહારા ઉપવાસ કરી, સિંહને પ્રતિબોધ કરીને આવ્યા તો પણ ગુરુ ભગવંતના અંતરમાં અમારા પ્રત્યે વિશેષ દુષ્કર કામ લાગ્યું નહિ. જ્યારે આ મંત્રીશ્વરના પુત્ર સ્થુલભદ્રજી મહાત્મા કોષા વેશ્યાને ત્યાં રહીને આધાકર્મી આહારનો ઉપયોગ કરીને ચારે માસ એ આહારને વાપરીને આવ્યા એમાં ગુરુ ભગવંત એના વિશેષ વખાણ કરે છે. આ રીતે સિંહ ગુફાવાસી મહાત્માના અંતરમાં સ્થુલભદ્રજી મહાત્માના વખાણ ખમાયા નહિ. માટે નક્કી કરે છે કે આવતે વર્ષે ગુરુભગવંતની આજ્ઞા લઇ હું પણ કોષા વેશ્યાને ત્યાં જઇને ચાતુર્માસ રહી દુષ્કર દુષ્કર ગુરુ

ભગવંત પાસેથી મારા વખાણ સાંભળીશ. જ્યારે બીજા વર્ષે ચોમાસાનો કાળ શરુ થવા આવ્યો ત્યારે એ મહાત્માએ ગુરુભગવંત પાસે આજ્ઞા માંગી ત્યારે ગુરુભગવંતે કહ્યું કે- સ્થુલભદ્રજીનો વાદ કરવા માટે જવા ઇચ્છે છે પણ એમાં તારું કામ નથી. ગુરુભગવંતે આજ્ઞા ન આપી તો પણ આજ્ઞા વગર કોષા વેશ્યાને ત્યાં આવી ચોમાસાની માંગણી કરે છે. અને ત્યાં રહેવાની જગ્યા માંગે છે. ત્યારે વેશ્યાએ કહ્યું કે મહાત્મા અમે તો વેશ્યા કહેવાઇએ. અમને જે પૈસા આપે એની અમે થઇએ. તો પણ મહાત્મા સમજ્યા નહિ, એમને મકાન આપ્યુ, વેશ્યા ત્યાં જતી નથી, ગોચરી માટે વહોરવા આવે તો પણ કોઇપણ પ્રકારનો આદર દેખાડતી નથી. એમ કરતાં કરતાં ચાર-પાંચ દિવસ થયા અને મહાત્માથી રહેવાણું નહિ અને વેશ્યાની માંગણી કરે છે. ત્યારે વેશ્યાએ કહ્યું કે પૈસા વગર અમે કોઇના થતા નથી. મહાત્મા કહે છે કે- હું પૈસા ક્યાંથી લાવું ? ત્યારે, નેપાળના રાજા પાસે તમે જાવ અને માંગણી કરો, તે સવા લાખની રત્ન કંબલ આપે છે તે તમે ત્યાંથી લઇ આવો અને મને આપો તો હું તમારી થાઉં. તે વખતે સિંહ ગુફાવાસી મહાત્મા સ્પર્શેન્દ્રિયના સુખને આધીન થતાં પોતાનું સાધુપણું ભુલી ચોમાસામાં વિહાર કરી વરસાદની ઝડીઓમાં પણ પલળતા પલળતા નેપાળ દેશ જઇ રત્નકંબલ લઇને પાછા આવતાં રસ્તામાં ચોરોની પલ્લી આવે છે અને લુંટી લે છે એ ખબર હોવા છતાં પણ રત્નકંબલને વાસમાં ઘાલીને લઇને આવી રહેલા છે. તો પણ એ લુંટારાઓના પોપટ એવા હોંશિયાર છે કે ઝાડ ઉપરથી પણ એમને ખબર પડે છે કે આ કંઇક લઇને જાય છે. એમાં એ મહાત્મા રત્નકંબલ લઇને નીકળતા ને આગળ જતાં પોપટ બોલે છે કે- લક્ષ્ય મૂલ્યમં ગચ્છતિ આ વાત લૂંટારુઓ સાંભળે છે એટલે મહાત્માને પકડે છે અને પૂછે છે ત્યારે મહાત્માએ આજીજી કરીને પોતે વેશ્યાને પરાધીન થયેલા છે એમ જણાવી ત્યાંથી છુટે છે. વેશ્યા પાસે આવીને રત્નકંબલ આપે છે ત્યારે વેશ્યાએ એ રત્નકંબલથી શરીર લુછી ખાળમાં ફેંકી દીધી.

મહાત્મા તે વખતે કહે છે કે હું કેટલી મહેનતે આ ચીજ લાવ્યો છું. તે વખતે વેશ્યા ઉપદેશમાં કહે છે કે- ખાળમાં નાંખેલી રત્નકંબલ અગ્નિમાં નાખીશ તો ચોખ્ખી થઇ જશે. પણ તમે તમારા જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપી ત્રણ રત્નો સ્ત્રી રૂપી ખાળમાં નાંખવા તૈયાર થયા છો એ શુધ્ધ કેવી રીતે થશે ? આ સાંભળતાની સાથેજ મહાત્મા પ્રતિબોધ પામ્યા અને ગુરુભગવંત પાસે આવીને મિચ્છામિ દુક્કડં દઇ અને પ્રાયશ્ચિત કરીને શુધ્ધ થઇ પોતાના આત્માનું કલ્યાણ કરવા લાગ્યા. આથી ગુરુભગવંત ચૌદ પૂર્વધર ભદ્રબાહુસ્વામીજીએ સ્થુલભદ્રજી મહાત્માની જે સ્તવના કરી એ ખરેખર યોગ્ય જ છે. કારણ કે સ્પર્શેન્દ્રિયનો સંયમ કરવો એ અતિ દુર્લભ ચીજ કહેલી છે. કોષા વેશ્યાને ત્યાં રહી આધાકર્મી આહારને ગ્રહણ કરી, કામના વિકારો પેદા થાય એવા ઉત્તમ ઔષધો વૈદ્યોની પાસેથી લાવીને આહારમાં ભેળવીને ગોચરીમાં આહાર આપવા છતાં પણ જરાય કામનો વિકાર પેદા ન થાય એ રીતે જ્ઞાનના સુખની અનુભૂતિમાં સ્થિર થયેલા સ્થુલભદ્રજી મહાત્મા જગતને વિષે એકજ એ પ્રાપ્ત થયેલા છે. આ રીતે જ્ઞાની ભગવંતો કહે છે કે- સ્પર્શેન્દ્રિય પ્રાણ પોતે પુરૂષાર્થ કરીને પ્રાપ્ત કરેલો હોવા છતાં પણ જ્ઞાનના ઉપયોગમાં સ્થિર થઇ, જ્ઞાનના સુખની અનુભૂતિ કરતાં કરતાં સ્પર્શેન્દ્રિય પ્રાણનો સંયમ એનો આસ્વાદ પેદા કરવાનું લક્ષ પેદા ન થાય અથવા એનો અંશ પણ ન અનુભવાય તો ભણેલું જ્ઞાન વૈરાગ્યભાવ પેદા કરવામાં સહાયભૂત થઇ શકતું નથી. જ્યારે આ રીતે વૈરાગ્યભાવ પેદા થતો જાય ત્યારે જ્ઞાનના સુખનો આનંદ અંતરમાં જે પેદા થાય છે એ સિધ્ધ પરમાત્માના આત્માઓ ક્ષાયિક ભાવે જે સુખની અનુભૂતિ કરે છે એનો અંશ આસ્વાદ રૂપે ગણાય છે. આથી જ્ઞાની ભગવંતો કહે છે કે- જ્ઞાન ભણતાં ભણતાં ભણેલા જ્ઞાનને સ્થિર કરતાં કરતાં, જ્ઞાનના સુખનો આસ્વાદ અંશ જેટલો પણ પેદા થાય તોજ જીવ મોક્ષમાર્ગમાં દાખલ થયેલો છે અને મોક્ષમાર્ગની આરાધનાથી આત્મકલ્યાણ સાધી રહેલો છે એમ કહેવાય

છે. આ સ્પર્શેન્દ્રિયના આઠ વિષયો, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, મૃદુ, કર્કશ, સ્નિગ્ધ અને રૂક્ષ. એ આઠ વિષયોના વિચારોને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. એની સાથે સાથે એ આઠ વિષયોના છપ્પ્ન વિકારો આ પ્રમાણે થાય છે. આઠ વિષયોના અનુકૂળ વિષયોને વિષે રાગ કરવો, પ્રતિકૂળ વિષયોને વિષે દ્વેષ કરવો માટે ૮ X ૨ = ૧૬ એ ૧૬ને સચિત પદાર્થો અચિત પદાર્થો અને સચિત અચિત મિશ્ર પદાર્થો એમ ત્રણથી ગુણાકાર કરતાં ૧૬ X ૩ = ૪૮ થાય છે. એ ૪૮માં સારાપણું અને નરસાપણું એમ બે એ ગુણાકાર કરતાં ૯૬ વિકારો થાય છે. આ રીતે ૯૬ વિકારોના વિચારોને સંયમીત કરવાનો પ્રયત્ન જ્ઞાનના સુખના આસ્વાદથી પેદા કરવો જોઇએ. સિંહગુફાવાસી મહાત્મા ચોવીહારા ૧૨૦ ઉપવાસ કરી શકે એવી શક્તિ હોવા છતાં પણ જ્ઞાનના સુખનો આસ્વાદ અનુભવેલો ન હોવાથી સ્પર્શેન્દ્રિયના સુખનો સંયમ કરી શક્યા નહોતા. આ રીતે સ્પર્શેન્દ્રિયના પ્રાણને સંયમીત કરવાનો પ્રયત્ન કરતા જઇએ તો આ કાળમાં બધી સામગ્રી આપણને પ્રાપ્ત થયેલી છે. જ્યારે ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ કરીને સ્પર્શેન્દ્રિયની શક્તિ પેદા કરીએ છીએ તેની સાથે પંચેન્દ્રિયપણાનો નામકર્મનો ઉદય જીવને ચાલુ હોવાથી એમાંથી સ્પર્શેન્દ્રિય પ્રાણની શક્તિ પેદા થાય છે. એ શક્તિનો જેટલો દુરઉપયોગ કરીએ છીએ એટલે કે વિષયોને વિકારોમાં જેટલા રાગાદિ પરિણામ કરીને જીવીએ છીએ એનાથી જીવ પોતેજ પોતાના હાથે પોતાની જન્મ મરણની પરંપરા રૂપે સંસાર વધારતો જાય છે. જો સંસારમાં રખડપટ્ટી ન કરવી હોય અને જન્મ મરણની પરંપરા નાશ કરવી હોય તો સ્પર્શેન્દ્રિય પ્રાણનો સદ્‌ઉપયોગ કરવાનો અવશ્ય પ્રયત્ન કરવો જોઇએ.

આ સ્પર્શેન્દ્રિય પ્રાણ એકેન્દ્રિય જીવોથી શરૂ કરીને પંચેન્દ્રિય સુધીના સઘળાય જીવોને રહેલો હોય છે. એટલે કે પેદા થયેલો હોય છે.

(૪) રસનેન્દ્રિય પ્રાણ :- આ પ્રાણ ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા પછી જે જીવોને ત્રસનામકર્મોનો ઉદય હોય છે એ જીવોને પેદા થાય છે. એટલે

કે બેઇન્દ્રિય જીવો, તેઇન્દ્રિય જીવો, ચઉરીન્દ્રિય જીવો, અસન્ની પંચેન્દ્રિય જીવો અને સન્ની પંચેન્દ્રિય જીવોને આ રસનેન્દ્રિય પ્રાણ પ્રાપ્ત થાય છે. અનાદિ કાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવોમાં જ્યારે રસનેન્દ્રિય પ્રાણ પ્રાપ્ત થાય છે ત્યારથી એ જીવોને અત્યાર સુધી એકેન્દ્રિયપણામાં એ જીવો સ્પર્શેન્દ્રિયથી આહારના પુદ્ગલોને ગ્રહણ કરી પરિણમાવીને રાગાદિ પરિણામ કરતા હતા તે હવે રસનેન્દ્રિય પ્રાણ પ્રાપ્ત થતાં જે જે આહારના પુદ્ગલો પ્રાપ્ત થાય, સ્પર્શેન્દ્રિયને અનુકૂળ હોય તો પણ સૌથી પહેલાં પ્રાપ્ત કરેલી રસનેન્દ્રિયથી ચાખવાનો સ્વભાવ પેદા થાય છે. એ જો રસનેન્દ્રિયને અનુકૂળ લાગે તોજ એ પુદ્ગલોનો આહાર કરશે. જો રસનેન્દ્રિયને અનુકૂળ નહી લાગે તો એ પુદ્ગલોને છોડીને બીજા આહારને માટે પ્રયત્ન કરવા માટે આગળ વધશે. આથી નિશ્ચિત થાય છે કે પંચેન્દ્રિયપણામાં રહેલા, ચાખી ચાખીને આહાર કરવાની વૃત્તિવાળા જીવો બેઇન્દ્રિયપણામાંથી આવેલા છે અને અહીંથી બેઇન્દ્રિયપણામાં જશે એમ જ્ઞાની ભગવંતો કહે છે. પોતાના વિશ્વાસુ માણસે આહાર બનાવેલો હોવા છતાં વિશ્વાસુ માણસ ખાવા માટે આપતો હોવા છતાં પણ સૌથી પહેલાં સ્વાદથી ચાખવાની ઇચ્છા અને ચાખીને પછીજ ખાવાની વૃત્તિ એ બેઇન્દ્રિયપણામાંથી આવેલાનું લક્ષણ જણાવે છે. જ્યાં સુધી સ્વાદ પૂર્વક ખાવાની ઇચ્છાઓ અંતરમાં ચાલુને ચાલુ રહેલી હોય છે અને એ મુજબ જ જીવન જીવવાનો પ્રયત્ન ચાલતો હોય છે ત્યાં સુધી જીવોને સંયમનું લક્ષ પેદા થવું બહુજ દુષ્કર કહેલું છે. ઇન્દ્રિયોનો સંયમ કરવામાં સૌથી પહેલી રસનેન્દ્રિયનો સંયમ જ્ઞાની ભગવંતોએ પ્રધાનપણે કહેલો છે. જો રસનેન્દ્રિય ન જીતાય તો બાકીની ઇન્દ્રિયોને જીતવી બહુજ કઠીન કહેલી છે. માટે જે ટાઇમે જે આહારના પુદ્ગલો પ્રાપ્ત થાય તેનો ઉપયોગ સ્વાદ વગર કેમ કરી શકાય એ રીતે પ્રયત્ન અવશ્ય કરવો જોઇએ. આ રીતે પ્રયત્ન કરતાં કરતાં જીવ રસનેન્દ્રિયને સંયમ કરવાનો પ્રયત્ન કરતો જાય તો બાકીની ઇન્દ્રિયોનો સંયમ કરવો

એને માટે દુષ્કર ગણાતું નથી. અર્થાત્ જલ્દીથી બાકીની ઇન્દ્રિયોનો સંયમ સહજ રીતે પ્રાપ્ત થઇ શકે છે. જેમ સ્પર્શેન્દ્રિયના આઠ વિષયો અને ૯૬ વિકારો કહેલા છે એમ રસનેન્દ્રિયના પાંચ વિષયો. કડવો રસ, તીખો રસ, તુરો રસ, ખાટો રસ અને મીઠો રસ અને સાથે સાથે છઠ્ઠો સબરસ. જેને લવણ કહેવાય છે. આ રસોને વિષે રાગ અને દ્વેષ કરવો એમ બે પ્રકાર ગણાય છે. એમાં સારાપણું અને નરસાપણું કરવું એ બે પ્રકાર ગણાય છે. તેમજ સચિત્ત આહાર, અચિત આહાર અને મિશ્ર આહાર એમ ત્રણ ભેદ ગણાય છે. એટલે આ રીતે છ રસ X બે રાગાદિ પરિણામ X બે સારાપણું નરસા પણું X ત્રણ સચિતાદિ પુદ્ગલ = ૭૨ ભેદ થાય છે. આ ૭૨ રસનેન્દ્રિયના વિકારો કહેવાય છે.

આજના કાળમાં રસનેન્દ્રિયના વિકારો અને વિષયોને વિષે જીવો એટલા બધા મુંઝાયેલા રહે છે કે રોજે રોજ એને સ્વાદરૂપે નવા નવા પદાર્થો ખાવા માટે જોઇએ છે. આજે રસનેન્દ્રિયના સ્વાદના પાપ જીવનમાં જેટલા વધ્યા છે, વધી રહેલા છે એનું પરિણામ શું આવશે એનો તો જીવને જરાય કોઇપણ જાતનો વિચાર પણ પેદા થતો નથી. ઉપરથી જીવના અંતરમાં એમ થાય છે કે અમે જે કંઇ મહેનત કરીએ છીએ અને મેળવીએ છીએ એ જો અમે સારી રીતે મેળવીને એને ભોગવીએ નહી તો મેળવવાની મહેનત શા માટે કરવાની ? આ લક્ષની તીવ્રતા જીવને આહારના પુદ્ગલો પ્રત્યે એટલી જોર રૂપે ચાલે છે કે તેનાથી મોટેભાગે સાતે કર્મો સમયે સમયે જે બાંધે છે એમાં તીવ્રરસે અને મોટેભાગે નિકાચીત રુપે બાંધતો જાય છે. આ તરફનું લક્ષ તપ કરનારા જીવોને પણ રસનેન્દ્રિયનો સંયમ કરવા માટે હું તપ કરું છું અને રસનેન્દ્રિયનો સંયમ કરતાં કરતાં ઇચ્છાનિરોધ કરવા માટે એટલે કે ખાવા પીવાના પદાર્થોની ઇચ્છાઓ નાશ પામે એ માટે હું તપ કરું છું એ પણ એને ખ્યાલ હોતો નથી. જ્યાં સુધી ઇચ્છાનિરોધનું લક્ષ પેદા થશે નહિ ત્યાં સુધી જીવનમાં થતો તપ સમ્યગ્તપરૂપે પણ બનશે નહિ. અને સમ્યગ્તપ રૂપે

તપ ન બનતાં સકામ નિર્જરા જે સાધવી છે તે સાધી શકાશે નહિ. માટે તપ કરતાં કરતાં અંતરમાં આહાર સંજ્ઞાઓનો સંયમ કરવાનું લક્ષ અને આહાર વગર જેટલો કાળ પસાર થાય એનો આસ્વાદ અંતરમાં પેદા થતો જાય તોજ અણાહારીપણાનું લક્ષ ભગવાનની ભક્તિ કરતાં, સાધુની સેવા કરતાં અને ધર્મની આચરણા પેદા કરતાં કરતાં પેદા થતી જાય. અને એ પેદા થાય તોજ રસનેન્દ્રિયનો સંયમ આત્મકલ્યાણ માટે થાય છે એમ કહી શકાય. જેટલો રસનેન્દ્રિયનો ઉપયોગ આહારના પદાર્થોના સ્વાદ માટે કરીએ છીએ અને એમાં જેટલો રાજીપો કરતાં જઇએ છીએ એ બધોજ આત્મકલ્યાણને માટે દુરૂપયોગ ગણાય છે. માટે મળેલો રસનેન્દ્રિય પ્રાણ દુરૂપયોગ રુપે ન બને અને એનાથી સદ્‌ઉપયોગ થાય એનું લક્ષ રાખીને ભગવાનના ગુણ ગાવા એ ગુણોની અનુમોદના કરવી, પોતાના દોષોને દેખીને દોષોની નિંદા કરવી, ગર્હા કરવી અને બીજા જીવોના ગુણોને દેખીને એ ગુણો પોતામાં ન હોય તો એ ગુણોને પેદા કરવાનો પ્રયત્ન કરવો એ રીતે રસનેન્દ્રિયનો જેટલો ઉપયોગ થાય એ રીતે કરીને આત્મકલ્યાણમાં આગળ વધવા પ્રયત્ન કરવો જોઇએ. તોજ રસનેન્દ્રિય પ્રાણથી જીવ મોક્ષમાર્ગમાં દાખલ થઇ, ગુણોની પ્રાપ્તિ કરતો કરતો ગુણોનો આસ્વાદ કરીને પોતાના કલ્યાણમાં આગળ વધવા પ્રયત્ન કરતો કરતો સંપૂર્ણ ગુણોની પ્રાપ્તિ કરી શકે છે.

(૫) ઘ્રાણેન્દ્રિય પ્રાણ :- આ પ્રાણ તેઇન્દ્રિય જીવોથી શરુ થાય છે. ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી જે તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો હોય છે તે જીવો ઘ્રાણેન્દ્રિય નામના પ્રાણને પ્રાપ્ત કરે છે. આ ઘ્રાણેન્દ્રિય પ્રાણનો સ્વભાવ એવા પ્રકારનો હોય છે કે અનાદિ કાળથી જીવ એકેન્દ્રિયપણામાં સ્પર્શેન્દ્રિય પ્રાણથી આહાર કરતો હતો એને રસનેન્દ્રિય પ્રાપ્ત થતાં આહારના પુદ્‌ગલોને ચાખી ચાખીને રસનેન્દ્રિય પ્રાણનો ઉપયોગ કરતો હતો એવી રીતે રસનેન્દ્રિયને અનુકૂળ સ્વાદવાળો આહાર મળેલો હોવા છતાં પણ પોતાને મળેલી ઘ્રાણેન્દ્રિયથી એ પદાર્થને

સુંઘશે, સુંઘવામાં અનુકૂળ લાગશે તોજ એ પદાર્થનો ઉપયોગ કરશે. જો એને પોતાની ઘ્રાણેન્દ્રિયોને અનુકૂળ નહિ લાગે તો રસનેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયને અનુકૂળ હોવા છતાં પણ એ આહારને છોડીને બીજા આહારના પુદ્‌ગલોની શોધમાં આગળ જશે. પણ એ આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરશે નહિ. આ સ્વભાવ જીવને તેઇન્દ્રિયપણામાંથી પ્રાપ્ત થાય છે. આજે પંચેન્દ્રિયપણામાં રહેલા જીવોને વિષે કેટલાય જીવોનો એવો સ્વભાવ હોય છે કે- સ્પર્શેન્દ્રિયને અનુકૂળ, રસનેન્દ્રિયને સ્વાદમાં અનુકૂળ, આહાર મળતો હોવા છતાં પણ એ આહારને સિધ્ધે સીધ્ધો મોઢામાં મુકશે નહિ પણ પહેલાં હાથમાં લઇ ઘ્રાણેન્દ્રિય પાસે લઇ જઇ નાકથી એની ગંધને પારખશે, એ ગંધ એને અનુકૂળ લાગશે તો આહાર કરશે નહિતર અનેક પ્રકારના બહાના કાઢીને મને અનુકૂળ નથી, આજે ભૂખ નથી, ખાવાની ઇચ્છા નથી એમ કરીને એ આહારના પુદ્‌ગલોને છોડીને ઉભો થઇ જશે. આ રીતે સુંઘી સુંઘીને ખાવાની ટેવવાળા જીવો તેઇન્દ્રિયપણામાંથી આવેલા છે એટલે કે કીડી, મંકોડીમાંથી મનુષ્યપણામાં આવેલા છે અને અહીંથી એજ રીતે જીવન જીવતાં જીવતાં મરીને ત્યાં જશે એમ જ્ઞાની ભગવંતો કહે છે. આ રીતે ઘ્રાણેન્દ્રિયનો દુરૂપયોગ કરતો કરતો જીવ પોતાના હાથેજ, પોતાની જન્મ મરણની પરંપરા વધારતો વધારતો અસંખ્યાતો કાળ અને અનંતા કાળનો સંસાર વધારતો જાય છે. આજે પંચેન્દ્રિયપણું પામેલા જીવોને પરફ્યુમની સુગંધી એટલી તીવ્રતાથી જીવનમાં વધતી જાય છે કે જ્યારે જ્યારે જીવ પોતાના સ્થાનેથી બહાર નીકળે ત્યારે પોતાને અનુકૂળ એવા સુગંધી પદાર્થોને કપડા ઉપર છાંટીને, શરીર ઉપર લગાડીને બહાર નીકળવામાં જે આનંદ આવે છે એ આનંદની જેટલી તીવ્રતા પ્રાપ્ત થાય છે અને એ સુગંધીના વખાણ જે જે જીવો કરતાં જાય એનો અંતરમાં જે આનંદ પેદા થાય છે એવો આનંદ હજી સુધી ભગવાનની ભક્તિમાં સુગંધી પદાર્થોનો ઉપયોગ કરતાં અંતરમાં પેદા થયેલો જણાતો નથી. ભલે ભગવાનની ભક્તિ સુંદર રીતે કરતો

હોય, સારા સારા સુગંધી પદાર્થોથી ઉંચામાં ઉંચા દ્રવ્યો લાવીને સુંદરમાં સુંદર રીતે ભક્તિ કરતો હોવા છતાં પણ એવો આનંદ હજુ સુધી પેદા થયેલો દેખાતો નથી. આ એજ સુચવે છે કે પોતાના ઉપયોગમાં લેવાતા ઘ્રાણેન્દ્રિયના પદાર્થો જે આનંદ આપે છે એ આનંદ ભગવાનની ભક્તિમાં હજુ સધી પેદા કરવામાં મન પણ પેદા થવા દેતું નથી.

સ્પર્શેન્દ્રિયના આઠ વિષયો, રસનેન્દ્રિયના છ વિષયો જ્ઞાની ભગવંતોએ જેમ કહેલા છે એવી રીતે ઘ્રાણેન્દ્રિયના બે વિષયો સુગંધ અને દુર્ગંધ એમાં જીવો મુંઝાયેલા રહે છે. આથી તેઇન્દ્રિય જીવો ૧૬ વિષયોને વિષે વિચારો પેદા કરતા કરતા તેમજ સ્પર્શેન્દ્રિયના ૯૬ વિકારો, રસનેન્દ્રિયના ૭૨ વિકારો અને ઘ્રાણેન્દ્રિયના ૧૨ વિકારો તે સુગંધ અને દુર્ગંધ રૂપે વિષયોને વિષે રાગાદિ પરિણામ રૂપે બે ભેદ સચિત-અચિત અને મિશ્ર એમ ત્રણ ભેદ આથી ૨ X ૨ X ૩ = ૧૨ વિકારો થાય છે. આથી તેઇન્દ્રિય જીવો ૧૮૦ વિકારોના વિચારોને કરતા કરતા પોતાના હાથે પોતાનો સંસાર વધારતા જાય છે. જ્યાં સુધી જીવ દેવ, ગુરુ, ધર્મની આરાધના કરતાં કરતાં ઘ્રાણેન્દ્રિયને સંયમીત કરવા પ્રયત્ન ન કરે અથવા એનો સદુપયોગ કરવામાં વિશેષ કાળ પસાર ન કરે ત્યાં સુધી ભગવાનની ભક્તિ કરતાં કરતાં ભગવાન પ્રત્યેનો જે અહોભાવ અંતરમાં પેદા થવો જોઇએ તે પેદા થઇ શકતો નથી.

(૬) ચઉરીન્દ્રિય પ્રાણ :- અનાદિ કાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો ત્રસપણાને પ્રાપ્ત કરી ચઉરીન્દ્રિય પણાનું આયુષ્ય બાંધી જ્યારે ચઉરીન્દ્રિયપણે ઉત્પન્ન થાય છે ત્યારે આહાર પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ પૂર્ણ કરીને ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ કરે છે ત્યારે સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરીન્દ્રિય આ ચાર ઇન્દ્રિય પ્રાપ્ત કરવાની શક્તિ પેદા કરે છે. આ શક્તિના બળે એ જીવો શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ કરી ભાષા પર્યાપ્તિ પૂર્ણ કરી પોતાનું જેટલું આયુષ્ય હોય એ આયુષ્ય કાળ દરમ્યાન સમયે સમયે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરી ખલ અને

રસ રૂપે પરિણમાવી રસવાળા પુદ્ગલોથી ઇન્દ્રિયોને સતેજ બનાવતા બનાવતા પોતાનું જીવન જીવતા હોય છે. એમાં સ્પર્શેન્દ્રિયના ૮ વિષયો અને ૯૬ વિકારો તેમજ રસનેન્દ્રિયના ૫ અથવા ૬ વિષયો અને ૭૨ વિકારો ઘ્રાણેન્દ્રિયના ૨ વિષયો અને તેના ૧૨ વિકારોને વિષે રાગાદિ પરિણામ કરતાં કરતાં પોતાનું જીવન જીવતાં હોય છે એમાં ચક્ષુરીન્દ્રિય વિશેષ પ્રાપ્ત થવાથી જગતમાં રહેલા પુદ્ગલોને જોવાની શક્તિ પેદા થતાં ચક્ષુને ગમે એજ પુદ્ગલોને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરતો જાય છે એટલે કે આહારના જે પુદ્ગલો પ્રાપ્ત થાય એ પુદ્ગલો સ્પર્શેન્દ્રિયથી અનુકૂળ હોવા છતાં પણ રસનેન્દ્રિયથી સ્વાદ વાળા હોવા છતાં પણ અને ઘ્રાણેન્દ્રિયથી પોતાને અનુકૂળ ગંધવાળા હોવા છતાં પણ જો એને ચક્ષુથી રૂપ, રસ એટલે કે પોતાને મન ગમતા પસંદ એવા રૂપવાળા પુદ્ગલો ન હોય તો એ આહારના પુદ્ગલોને ગ્રહણ કરતો નથી અને એને છોડીને બીજા આહારની શોધ માટે ત્યાંથી ચાલતો થાય છે. આ સ્વભાવ જીવનો અનાદિકાળથી એવો રહેલો હોય છે કે જે પુદ્ગલની પ્રધાનતા અંતરમાં પેદા થાય એવાજ પુદ્ગલ મળે તોજ ગ્રહણ કરવા બાકી ગ્રહણ કરવા નહી આ સ્વભાવના પ્રતાપે જીવ રાગાદિ પરિણામ કરતો કરતો મોહમાં અંધ બનીને જન્મ મરણની પરંપરા વધારતો જાય છે. ચક્ષુરીન્દ્રિયના પાંચ વિષયોમાં જગતમાં રહેલા પુદ્ગલો પાંચ વર્ણવાળા હોય છે. કાળા વર્ણવાળા, નીલા વર્ણવાળા, પીળા વર્ણવાળા, લાલ વર્ણવાળા અને સફેદ વર્ણવાળા આ પાંચે વિષયોના એક બીજાના સંયોગથી બીજા અનેક પ્રકારના રંગવાળા એટલે કે વર્ણવાળા પુદ્ગલો જગતને વિષે પ્રાપ્ત થતાં જાય છે. એ પુદ્ગલોમાં જીવ ચક્ષુથી જે વર્ણ ગમે એ વર્ણના પુદ્ગલોને જ ગ્રહણ કરી એમાં રાગાદિ પરિણામ કરતો કરતો ૬૦ વિકારોને પ્રાપ્ત કરી પોતાનો સંસાર વધારતો જાય છે. એ ૬૦ વિકારોને વિષે જ્ઞાની ભગવંતો કહે છે કે ૫ વર્ણ X ૨ રાગાદિ X ૨ સારા પણું અને નરસાપણું X ૩ સચિત-અચિત અને મિશ્ર પુદ્ગલો = ૬૦ વિકારો ચક્ષુરીન્દ્રિયના કહેવાય છે.

ચઉરીન્દ્રિય જીવોને જે ચક્ષુ પ્રાપ્ત થાય છે એ એકદમ ઝંખાશ રૂપે પ્રાપ્ત થાય છે. એ ઝંખાશથી પણ વર્ણવાળા પુદ્‌ગલોને જોઇને રાગાદિ પરિણામની તીવ્રતા પ્રાપ્ત થતી જાય તો એનાથી વિશેષ પંચેન્દ્રિયપણું પામેલા જીવોને પુદ્‌ગલોને જોવાની જે શક્તિ પ્રાપ્ત થયેલી છે એ શક્તિથી પુદ્‌ગલોને વિષે રાગાદિ પરિણામની તીવ્રતા પ્રાપ્ત કરતો કરતો પોતાનું જીવન જીવતો જાય તે ચક્ષુરીન્દ્રિયનો દુરૂપયોગ કેટલો કહેવાય એ તમે સૌ તમારી જાતેજ વિચાર કરી જુઓ. આજે ૨૪ કલાકમાં શરીરને અનુકૂળ, ધનને અનુકૂળ અને કુટુંબ-પરિવારને અનુકૂળ થવા માટે જે જે પુદ્‌ગલોનો ઉપયોગ કરીએ છીએ એ પુદ્‌ગલોમાં વર્ણાદિની પ્રધાનતા અને એમાં રાગાદિ પરિણામની પ્રધાનતા અંતરમાં કેટલી રાખીને જીવીએ છીએ કે જેના પ્રતાપે દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરવા છતાંય એટલે કે દેવના દર્શન કરવા છતાંય દેવ પ્રત્યે એવા રાગાદિ પરિણામ હજી સુધી પેદા થતા નથી. ગુરૂના દર્શન કરવા છતાં પણ સાધુપણું અંતરથી હજી ગમતું નથી. ધર્મની આરાધના કરવા છતાં પણ મારા આત્મામાં રહેલા ધર્મને ક્યારે પેદા કરીને એનો આંશિક અનુભવ કરૂં આવી વિચારણા ૨૪ કલાકમાંથી અંતરમાં કેટલો ટાઇમ પેદા થાય છે એની વિચારણા કોઇ દિ' કરીએ છીએ ખરા ! ખાવા-પીવાના પદાર્થોમાં પહેરવા-ઓઢવાના પદાર્થોમાં અને શરીરને સુખાકારી રાખવાના પદાર્થોમાં સારાપણું અને નરસાપણું કરતાં કરતાં જે રીતે રાગાદિ પરિણામનો અભ્યાસ અંતરમાં પડેલો છે એની અપેક્ષાએ દેવની ભક્તિના સાધનો પ્રત્યે એના પદાર્થો પ્રત્યે, ભગવાનના દર્શન પ્રત્યે, ભગવાનની મૂર્તિના પુદ્‌ગલો પ્રત્યે, રાગાદિ પરિણામ અંતરથી કેવા રહે છે એ જો વિચારીએ તો મોટેભાગે દેવ, ગુરૂ અને ધર્મ પ્રત્યેના રાગાદિ પરિણામ પેદા થતાં દેખાતા નથી. જો મોક્ષમાર્ગમાં દાખલ થવું હોય અને મોક્ષમાર્ગમાં દાખલ થઇને આરાધના કરવી હોય તો મિથ્યાત્વને ઓળખીને એને મંદ કરવાનો પ્રયત્ન અવશ્ય કરવો પડશે. એ મિથ્યાત્વની મંદતા કરવામાં જ્ઞાની

ભગવંતો કહે છે કે અનાદિકાળનો જે સ્વભાવ અંતરમાં પડેલો છે કે અનુકૂળ પદાર્થો પ્રત્યે રાગ કરવો અને પ્રતિકૂળ પદાર્થોને જોતાની સાથેજ એટલે કે જે વર્ણાદિ પુદ્‌ગલોમાં ગમતાં ન હોય એ વર્ણાદિવાળા પુદ્‌ગલોને જોતાની સાથે અંતરમાં દ્વેષ બુધ્ધિ પેદા થાય છે એને બદલે એ રાગાદિ પરિણામનો ઢાંચો બદલ્યા વગર ચાલશે નહિ. એ બદલવા માટેજ જીવનમાં જેટલું બને એટલું દેવની ભક્તિ, દેવના સાધનો અને દેવના ઉપકરણો સારામાં સારા ઉંચામાં ઉંચી કોટિના લાવી એના પ્રત્યે રાગાદિ પરિણામ અંતરથી કેમ વધતો જાય એ પ્રયત્ન અવશ્ય કરવો પડશે. જ્યારે એ પ્રયત્નની શરૂઆત થવા માંડે ત્યારે અનુકૂળ પદાર્થો પ્રત્યેના રાગાદિ પરિણામ જેટલા મંદ થાય એટલાજ રાગાદિ પરિણામ આ પદાર્થો પ્રત્યે એટલે કે દેવના ભક્તિના સાધનો પ્રત્યે ગુરૂની ભક્તિના સાધનો પ્રત્યે અને ધર્મના ઉપકરણો પ્રત્યે એટલે કે દર્શન, જ્ઞાન, ચારિત્રના ઉપકરણો પ્રત્યે અંતરથી રાગાદિ પરિણામ એટલે અંશે પેદા થતા જાય છે. આટલા વર્ષોથી આરાધના કરીએ છીએ એમાં આટલા પણ આંશિક રાગાદિ પરિણામ દર્શન, જ્ઞાન અને ચારિત્ર પ્રત્યે અને એના ઉપકરણો પ્રત્યે આપણને પેદા થાય છે એવો અનુભવ અનુભવાય છે ખરો ! જો એ અનુભવાતો હોય તોજ આપણો નંબર મોક્ષમાર્ગમાં દાખલ થયેલો છે અને આંશિક જ્ઞાન ગર્ભિત વૈરાગ્યભાવ પેદા થયેલો છે એમ જ્ઞાની ભગવંતો મહોર-છાપ મારે છે. આથી આની વિચારણા રોજે રોજ દેવ, ગુરૂ, ધર્મની આરાધના કરતાં કરતાં આરાધના કરીને ઘરે જઇને એના ઉપકરણો બદલતાં પાંચ મિનિટ એકાંતમાં બેસીને આ રીતે રોજ વિચારણા કરવી જોઇએ. તોજ કોક દિવસ અનુકૂળ પદાર્થો પ્રત્યેથી રાગાદિ પરિણામની મંદતા થતા જ્ઞાન, દર્શન, ચારિત્રના ઉપકરણો પ્રત્યે રાગાદિ પરિણામ પેદા થતા જશે. એ રાગાદિ પરિણામ પેદા થયા છે કે નહિ એનું લક્ષ એ કહેલું છે કે અનુકૂળ પદાર્થો પ્રત્યેની મારાપણાની બુધ્ધિ અંતરમાં જે બેઠેલી છે એને બદલે જ્ઞાન, દર્શન અને ચારિત્રના

ઉપકરણો પ્રત્યે મારાપણાની બુધ્ધિ પેદા થતી જશે. આ રીતે ચક્ષુરીન્દ્રિયથી પંચેન્દ્રિયપણામાં રહેલા જીવો સ્પર્શેન્દ્રિયથી અનુકૂળ એવા આહારાદિના પુદ્‌ગલો હોવા છતાં પણ રસનેન્દ્રિયથી અનુકૂળ સ્વાદવાળા પુદ્‌ગલો હોવા છતાં પણ ઘ્રાણેન્દ્રિયથી પોતાને અનુકૂળ સુગંધવાળા પુદ્‌ગલો હોવાછતાં પણ ચક્ષુરીન્દ્રિયથી જો પોતાને અનુકૂળ વર્ણાદિ રૂપે એ પુદ્‌ગલો ન હોય તો એ પુદ્‌ગલોને જીવો ગ્રહણ કરતાં નથી. આ સ્વભાવ ચઉરીન્દ્રિયપણામાંથી જીવને પ્રાપ્ત થાય છે અને એ સ્વભાવના પ્રતાપે જીવો પોતાનું જીવન જીવતાં જીવતાં ચઉરીન્દ્રિયપણામાંથી આવેલા છે અને અહીંથી મરીને ચઉરીન્દ્રિયપણામાં જશે એમ સૂચવે છે.

(૭) શ્રોત્રેન્દ્રિય પ્રાણ :- અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો એકેન્દ્રિયાદિ પણામાં દુઃખને વેઠી અકામ નિર્જરા કરતાં કરતાં સાથે સાથે પુણ્યનો બંધ કરતાં કરતાં જીવ પંચેન્દ્રિયપણાને પ્રાપ્ત કરે છે એટલે કે પંચેન્દ્રિયપણાનું આયુષ્ય બાંધી પંચેન્દ્રિયપણામાં ઉત્પન્ન થાય છે. પંચેન્દ્રિય રૂપે જે સ્થાનમાં ઉત્પન્ન થાય ત્યાં આહારને ગ્રહણ કરી ખલને રસરૂપે પરિણમાવી સમયે સમયે આહારને ગ્રહણ કરતો કરતો શરીરને બનાવવાની શક્તિ પેદા કરી શરીર બનાવે છે. ત્યાર પછી સમયે સમયે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરી રસવાળા પુદ્‌ગલોથી ઇન્દ્રિયોને પેદા કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે અન તે વખતે પાંચ ઇન્દ્રિય પ્રાપ્ત કરવાની શક્તિને પ્રાપ્ત કરે છે. તેમાં પ્રધાનપણે પાંચમી શ્રોત્રેન્દ્રિય વિશેષ રીતે ઉપયોગમાં આવે છે. કારણ કે ગમે તેટલું સ્પર્શેન્દ્રિયાદિને અનુકૂળ પુદ્‌ગલો મળતા હોવા છતાં પણ જો એને તે વખતે સારા શબ્દોથી કોઇ બોલાવે નહિ, અપમાન કરે, કડક શબ્દો કહે તો તે વખતે બાકીની ઇન્દ્રિયોને અનુકૂળ ગમે તેટલા સારા પદાર્થો પ્રાપ્ત થયેલા હોય તો પણ એને રૂચિ પેદા થતી નથી. અર્થાત્ એ પદાર્થો પ્રત્યે રાગ પેદા થતો નથી. જેમકે ઓફિસેથી સારી રીતે કમાણી કરીને ઘરે આવે, થાકી ગયેલો હોય અને ઘરમાં પેસતાની સાથે જ સારા શબ્દોથી

બોલાવવાને બદલે જો તે વખતે ગમે તેવા શબ્દોથી ઘરવાળા બોલાવે અથવા ઘરવાળીના મોઢા ઉપર ખુશી જોઇએ તેને બદલે મોઢું ચઢેલું દેખાય તો તે વખતે જે વિચારણા કરતો કરતો ઘરે આવેલો હોય કે હાંશ આજે તો ઘરે જઇશું, બે શબ્દો સારા સાંભળવા મળશે અને ગરમા ગરમ અનુકૂળ જમવા મળશે આવી અનેક પ્રકારની વિચારણાઓની કલ્પના કરતો કરતો ઘરમાં પ્રવેશ કરતાં મોઢું ચઢેલું દેખાય, ગમે તેવા શબ્દો સાંભળવા મલે તો તે વખતે અનુકૂળ પદાર્થો સ્પર્શેન્દ્રિયાદિના હોવા છતાં પણ રાગાદિ પરિણામ પેદા થતા નથી. ઉપરથી અંતરમાં એ પદાર્થો પ્રત્યે દ્વેષબુદ્ધિ પેદા થતી જાય છે. માટે અનાદિકાળથી એકેન્દ્રિયાદિમાં પરિભ્રમણ કરતાં કરતાં પંચેન્દ્રિયપણું જીવને અનંતી પુણ્યરાશિથી પ્રાપ્ત થતું હોવાથી અનંતા કાળની અપેક્ષાએ કોકવાર પ્રાપ્ત થયેલું ગણાતું હોવાથી એ પંચેન્દ્રિયપણામાં શ્રોત્રેન્દ્રિયપણાનો ઉપયોગ પ્રધાનપણે અનુકૂળ હોય તોજ એને બાકીના પદાર્થોમાં રાગની પ્રાપ્તિ પેદા થતી જાય છે. આ રીતે જીવો શ્રોત્રેન્દ્રિયની પ્રધાનતા રાખીને રાગાદિ પરિણામ કરતાં કરતાં પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. આ શ્રોત્રેન્દ્રિયના ત્રણ વિષયો જ્ઞાની ભગવંતોએ કહેલા છે. સચિત શબ્દ, અચિત્ત શબ્દ અને મિશ્ર શબ્દ. આ ત્રણ વિષયોની સાથે બાર પ્રકારના વિકારો પ્રાપ્ત થતાં જાય છે. ત્રણ પ્રકારના શબ્દો X બે રાગાદિ પરિણામ X સારાપણું અને નરસાપણું એમ બે = ૧૨ થાય છે. આ બાર વિકારો કહેવાય છે. આ વિષયોને-વિકારોને દૂર કરવા માટેજ અને એનો સંયમ કરવા માટે જ્ઞાની ભગવંતોએ દેવ, ગુરૂ, ધર્મની આરાધના કહેલી છે. અને એ આરાધના કરતાં કરતાં રત્નત્રયી રૂપે જ્ઞાન, દર્શન અને ચારિત્ર એટલે કે આત્મિક ગુણ પેદા કરવા એની આંશિક અનુભૂતિ કરવી એ અનુભૂતિની પરિણતી સ્થિર કરવી અને સ્થિર થયેલી પરિણતીની સ્થિરતા રૂપે એની અનુભૂતિમાંજ કાળ પસાર કરવો એને જ્ઞાન, દર્શન અને ચારિત્ર કહેલું છે. આ પ્રાપ્તિ પહેલાં ગુણસ્થાનકે, ચોથા ગુણસ્થાનકે,

પાંચમા ગુણસ્થાનકે અને છઠ્ઠા ગુણસ્થાનકમાં રહેલા જીવો પેદા કરી શકે છે. આ કાળમાં પહેલું, ચોથું, પાંચમું, છઠ્ઠુ અને સાતમુ ગુણસ્થાનક પ્રાપ્ત થઇ શકે એવી સામગ્રી અનંતી પુણ્યરાશીથી પ્રાપ્ત થયેલી છે. એને માટેનોજ પ્રયત્ન કરવા જેવો છે.

(૮) શ્વાસોશ્વાસ પ્રાણ :- અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો એક સ્થાનેથી બીજે સ્થાને જઇને પોતાનું જીવન જીવવા માટે જે સામગ્રીઓ પુરૂષાર્થથી પ્રાપ્ત કરે છે તેમાં આયુષ્યને ટકાવવા માટે જેમ ઇન્દ્રિયો ઉપયોગી થાય છે તેમ શ્વાસોશ્વાસ નામનો પ્રાણ પણ એટલોજ ઉપયોગી થાય છે. આ શ્વાસોશ્વાસ નામનો પ્રાણ શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી જગતમાં રહેલા શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને ઉચ્છવાસ અને નિઃશ્વાસ રૂપે પરિણમાવવાની શક્તિ પ્રાપ્ત થાય છે એની સાથે ઉચ્છવાસ નામકર્મનો ઉદય પણ જીવને ચાલુ થાય છે. એટલે કે ઉચ્છવાસ નામકર્મના ઉદયથી ઉચ્છવાસ અને નિઃશ્વાસ લેવા-મુકવાની શક્તિને વેગ પ્રાપ્ત થાય છે. જો ઉચ્છવાસ નામકર્મ બરાબર ન હોય તો કેટલીકવાર શ્વાસ વધી જાય છે અને કેટલીકવાર શ્વાસ એકદમ મંદ પડી જાય છે. ઉચ્છવાસ નામકર્મ જો સરખી રીતે ચાલતુ હોય તો એને શ્વાસોશ્વાસ પર્યાપ્તિથી જગતમાં રહેલા પુદ્‌ગલોને લઇને ઉચ્છવાસ નિઃશ્વાસ રૂપે પરિણમાવવાની શક્તિ જે પ્રાપ્ત કરેલી છે તે એક સરખી રીતે બરાબર ચાલે છે આને શ્વાસોશ્વાસ પ્રાણ કહેવાય છે. દરેક જીવો આ શ્વાસોશ્વાસ પ્રાણથી જીવે છે કે મરણ પામ્યો છે એની ઓળખાણ થાય છે. કારણ કે આયુષ્ય નામના પ્રાણની સાથે છેલ્લામાં છેલ્લો પ્રાણ નાશ પામતો હોય તો આ શ્વાસોશ્વાસ પ્રાણ છેલ્લે નાશ પામે છે. માટે શ્વાસોશ્વાસ ઉપરથી જીવ જીવે છે કે મરણ પામ્યો છે એની નિશ્ચિતતા પ્રાપ્ત થાય છે. આ શ્વાસોશ્વાસ પ્રાણ એકેન્દ્રિયથી શરૂ કરીને પંચેન્દ્રિય સુધીના સઘળાય જીવોને હોય છે.

ત્રણ બળ પ્રાણોનું વર્ણન

(૧) કાયબળ, (૨) વચનબળ અને (૩) મનબળ.

(૯) કાયબળ પ્રાણ :- અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો એક સ્થાનેથી બીજે સ્થાને ઉત્પન્ન થઇને આહાર પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી શરીર પર્યાપ્તિ પૂર્ણ કરે ત્યારે કાયબળની શક્તિ પેદા થતી જાય છે. આ કાયબળની શક્તિ પેદા થયા પછી જેમ જેમ સમયે સમયે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરતા જાય છે અને રસરૂપે પરિણામ પમાડતા જાય છે એ રસવાળા પુદ્‌ગલોથી કાયબળની શક્તિ વધારતા જાય છે. આ કાયબળની શક્તિ ઔદારિક શરીર અને વૈક્રિય શરીરવાળા જીવોને તેમજ આહારક શરીરવાળા જીવોને આ કાયબળથી શક્તિ પ્રાપ્ત થતી જાય છે. ઔદારિક શરીરની શક્તિ ઉત્કૃષ્ટ પણે જીવોને જે પ્રાપ્ત થાય છે તેમાં ઉત્તમમાં ઉત્તમ કોટિના જીવોમાં તીર્થંકર પરમાત્માના આત્માઓને એ શક્તિ પેદા થતી જાય છે. જેમ કે તીર્થંકર પરમાત્માના જીવોના શરીરમાં જે બળ પ્રાપ્ત થાય છે એ બળ વિષે જ્ઞાની ભગવંતો કહે છે કે તીર્થંકર પરમાત્માની છેલ્લી ટચલી આંગળી એમાં જગતના રહેલા સઘળાય દેવતાઓ એકે એક દેવ પોતાના અસંખ્ય રૂપો કરીને ટચલી આંગળીને નમાવવા માટે પ્રયત્ન કરે અને બધાય દેવો ભેગા થઇને ટચલી આંગળી ઉપર લટકી પડે તો પણ તીર્થંકર પરમાત્માની આંગળી નમતી નથી. એટલું બળ એક આંગળીમાં રહેલું હોય છે. આટલા બધા બળને પ્રાપ્ત કરવા વાળા તીર્થંકર આત્માઓ હોવા છતાં પણ એમને કોઇ દિ પોતાના બળનું અભિમાન કદી પેદા થતું નથી. એ બળનો ઉપયોગ અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરતાં કરતાં જેવા રસે જે જે કર્મો બાંધેલા હોય છે તે કર્મોને દરેક આત્મપ્રદેશો ઉપરથી ખેંચી ખેંચીને નાશ કરવામાંજ એમને રસ રહેલો હોય છે. અર્થાત્ આવા અતુલ બળના ધણી હોવાછતાં પણ જ્યારે એ આત્માઓ સંયમનો

સ્વીકાર કરે છે અને સામાન્ય નાનો માણસ પણ એમના શરીરને ગમે તેટલી હેરાનગતિ કરે ગમે તે પથ્થર વગેરે મારે તો પણ એ જીવ પ્રત્યે અંતરથી કોઇ દિ ક્રોધ પેદા થતો નથી ઉપરથી એ જીવની દયા ચિંતવે છે. આવો સમતાભાવ રાખીને ઔદારિક શરીરથી પોતે બાંધેલા ચીંકણા કર્મોને નાશ કરવામાં કાયબળનો ઉપયોગ કરીને કર્મોનો નાશ કરવાનો પ્રયત્ન કરતાં જાય છે. આજે ઔદારિક શરીર આપણને પણ પ્રાપ્ત થયેલું છે એ ઔદારિક શરીરનું આપણું બળ કાયબળ રૂપે જે ગણાય છે એ બીજા જીવો કરતાં આપણી શક્તિ વધારે દેખાય તો આપણને અંતરમાં એ શક્તિથી ધર્મ પેદા થતો નથીને ? એની રોજ વિચારણા કરતાં જવાનું. જો એનો ગર્વ અંતરમાં પેદા થતો હશે તો અહીંથી મર્યા પછી કાયબળની આટલી શક્તિ પણ પેદા થઇ શકશે નહિ. માટે કાયબળનો ઉપયોગ એ રીતે કરવો જોઇએ કે જેના પ્રતાપે અનંતી પુણ્યરાશીથી દેવ, ગુરૂ અને ધર્મની સામગ્રી જે પ્રાપ્ત થઇ છે એની આરાધના કરતાં કરતાં આરાધક ભાવ પેદા કરવા માટેનો પ્રયત્ન કરતાં થઇએ એ માટે ઉપયોગ કરવાનો છે.

આરાધક ભાવ એટલે ક્ષમા, ગુણ, ઇન્દ્રિયની સંયમતા ગુણ તેમજ સમતા ભાવ. આ ત્રણ ગુણ પેદા થાય ત્યારે જીવને આરાધક ભાવ પેદા થાય છે. અથવા એ ત્રણ ગુણ પેદા કરવાનું લક્ષ રાખીને આરાધના કરે તો પણ જરૂર એને આરાધક ભાવ પેદા થશે એમ જ્ઞાનીઓ કહે છે. કાયબળથી આરાધના કરતાં કરતાં ક્ષમા આદિ ગુણોને પેદા કરવાનું લક્ષ ખરૂં ? આ કાયબળ એકેન્દ્રિય જીવોને એકદમ અલ્પ કોટિનું હોય છે. અને પંચેન્દ્રિય જીવોને ઉત્કૃષ્ટ રૂપે તીર્થંકર પરમાત્માઓને હોય છે.

નરકગતિમાં રહેલા જીવોને વૈક્રીય શરીરથી જે કાયબળની શક્તિ પેદા થાય છે તે મોટેભાગે એક બીજાને મારવામાં એકબીજાનો નાશ કરવામાં એકબીજા આત્માઓને દુઃખી કરીને આનંદ પામવામાં ઉપયોગ કરતાં જાય છે. જે કોઇ સમકીતી જીવો ત્યાં રહેલા હોય છે એ

જીવોજ પોતે પોતાના વૈક્રીય શરીરના કાયબલથી બીજા જીવોને દુઃખ ન થાય એની કાળજી રાખીને પોતે કરેલા પાપનો પશ્ચાતાપ કરતાં કરતાં નરકગતિમાં પણ કર્મોની નિર્જરા કરતાં જાય છે.

દેવગતિમાં રહેલા જીવો વૈક્રીય શરીરથી કાયબલની જે શક્તિ પ્રાપ્ત થયેલી હોય છે એ શક્તિનો મોટાભાગના મિથ્યાદ્રષ્ટિ દેવો ભયંકર કોટિનો દુરૂપયોગ કરે છે. જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે- વિષય વાસનાની તીવ્રતાવાળા દેવો પોતાને અનેક રૂપ પેદા કરવાની શક્તિ પ્રાપ્ત થયેલી હોવાથી પોતેજ પોતાના શરીરના દેવી રૂપે અનેક રૂપો પેદા કરીને પોતાની તીવ્ર લાલસાના પરિણામથી દરેક દેવીઓનો ભોગવટો કરતા જાય છે. છતાં પણ એને સંતોષ થતો નથી. મળેલી કાયબળની શક્તિનું કેવું ભયંકર કોટીનું પરિણામ જીવો પેદા કરતાં જાય છે કે જેના પ્રતાપે દયા કરવા યોગ્યજ લાગે છે. એટલા માટે જ જ્ઞાની ભગવંતો આવા જીવોની સદા માટે દયાજ કરતાં હોય છે.

તિર્યંચગતિમાં રહેલા જીવો તિર્યંચપણામાં પોતાની કાયબળની શક્તિ જે પ્રાપ્ત થયેલી છે એનાથી પોતાની આહારસંજ્ઞા આદિને પુષ્ટ કરવા માટે બીજા અનેક પ્રકારના જીવોની હિંસા કરી કરીને જીવન જીવતાં હોય છે. કે જેના પ્રતાપે સમજણ ન હોવાથી એ જીવો પણ દયા કરવા યોગ્ય છે.

મનુષ્યગતિને વિષે રહેલા જીવોમાં ઔદારિક શરીરથી કાયબળની જે શક્તિ પેદા થયેલી હોય છે એ શક્તિનો દુરૂપયોગ મનુષ્યો બીજા અનેક પોતાનાથી નાના અનેક પ્રકારના જીવોને મારવામાં, દુઃખ આપવામાં, અને સંપૂર્ણ પ્રાણોથી રહિત કરવામાં આનંદ માનતા જાય છે. પણ મળેલી શક્તિનો સદુપયોગ કરવાની ઇચ્છા મોટાભાગના મનુષ્યોના અંતરમાં પેદા થતી નથી. આ રીતે કાયબળ નામના પ્રાણથી ચારે ગતિમાં રહેલા જીવો એ શક્તિનો દુરૂપયોગ કરતાં કરતાં પોતાના હાથેજ પોતાની જન્મમરણની પરંપરા રુપ સંસાર વધારતા જાય છે. આના ઉપરથી

વિચારણા એ કરવાની છે કે આજે આપણને મળેલી કાયબળની શક્તિનો ચોવીશ કલાકમાં દુરૂપયોગ કેટલો કરીએ છીએ અને સદુપયોગ કેટલો કરીએ છીએ. સદુપયોગ કરતાં કરતાં સ્વાર્થભાવ પેદા કરીને સદુપયોગ કેટલો કરીએ છીએ અને નિ:સ્વાર્થ ભાવે જીવનમાં સદુપયોગ કેટલો થાય છે એની પણ રોજ વિચારણા કરવી જોઇએ.

(૧૦) વચનબળ :- ત્રસનામકર્મના ઉદયવાળા જીવો શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી ભાષા પર્યાપ્તિ પૂર્ણ કરે એટલે જગતમાં રહેલા ભાષા વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી, ભાષા રૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે એનાથી વચનબળ નામનો યોગ પ્રાપ્ત થાય છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય અને અસન્ની પંચેન્દ્રિય જીવોને ભાષા પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી વચનબળ નામનો પ્રાણ શરૂ થાય છે. આ વચનબળ પ્રાણથી પોતે પોતાની ભાષા રૂપે એકબીજા ભાષાની સંજ્ઞાથી એકબીજાનું શું કહેવું છે તે સમજી શકે છે. એ ભાષા વર્ગણાના પુદ્‌ગલોથી વચનબળ નામનો પ્રાણ પ્રાપ્ત થાય છે એમાં એટલો સૂક્ષ્મ રૂપે એ પ્રાણ હોય છે કે જે પ્રાણના પુદ્‌ગલો કેવળજ્ઞાની પણ એને વચનથી વ્યક્ત કરી શકતા નથી. માત્ર એ અસન્ની જીવો પોતે એકબીજાની ભાષાને સમજી શકે એ રીતનાજ વચનબળ પ્રાણમાં ભાષાના પુદ્‌ગલો પરિણમે છે. જે જીવોએ સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તપણું પ્રાપ્ત કરેલું હોય એ ભાષા પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી વચનબળ નામના પ્રાણને પ્રાપ્ત કરી મન:પર્યાપ્તિ પૂર્ણ કરીને મનબળ નામનો પ્રાણ પ્રાપ્ત કરે છે. આ સન્ની પર્યાપ્તા જીવો વચનબળથી અનેક પ્રકારના કાર્યો કરીને વચનબળનો દુરૂપયોગ કરતા કરતા પોતાના હાથે પોતાનો સંસાર વધારતા જાય છે. આ વચનબળ પ્રાણથી ભાષા વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી વચન રૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરીને ઘણા એવા સન્ની જીવોને આખો દિવસ બોલ બોલ કરવાની ટેવ પડેલી હોય છે. જ્યાં સુધી કોઇ બોલનાર મળે નહિ અથવા પોતાનું બોલેલું સાંભળનાર મળે નહિ તો પણ એ

બોલવાના સ્વભાવના કારણે પોતે એકલા એકલા પણ વચનથી બોલી બોલીને પોતાનું જીવન જીવતા હોય છે. અને પોતાનો સંસાર વધારતા જાય છે. આ વચનબળનો દુરૂપયોગ અટકાવવા માટે જ્ઞાની ભગવંતો કહે છે કે ભગવાનની સ્તુતિ, ભગવાનના સ્તવનો, ભગવાનના ગુણોનું ગાવાપણું અને જે કંઇ ગુણ ગમી જાય એ ગુણોને એકાંતમાં બેસીને પોતે સાંભળે એ રીતેજ વચનથી બોલીને જો એનો ઉપયોગ કરતો જાય તો એ સદ્‌ઉપયોગ કહેવાય છે. એવીજ રીતે ખરાબ વચનો ન બોલવા અને સારા વચનો બોલવાની ટેવ પાડીને સારા વચનોથી પોતાના આત્માનું કલ્યાણ સાધતો જાય અને સાંભળનાર જીવોને પણ એ વચનોથી જો યોગ્યતા પેદા થાય તો એનું પણ કલ્યાણ થતું જાય એવી રીતે પોતાનું જીવન જીવતો થાય તો એ જીવન સદ્‌ઉપયોગ રૂપે કહેવાય છે. મહાપુરૂષો કહે છે કે વચનયોગની શક્તિ મળે એટલે કે વચનબળ પ્રાપ્ત થાય એટલે બોલ્યા જ કરવું એવો નિયમ હોતો નથી. પણ જેટલું મૌનપણે રહીને પોતાનું જીવન જીવાય તો વચનબળની શક્તિ સહજ રીતે વધતી જાય છે. જ્યારે બોલવાનો વખત પડે ત્યારે ભગવાનની આજ્ઞા વિરુધ્ધ ન બોલાઇ જાય એની કાળજી રાખીને વચન બોલવાનો પ્રયત્ન કરવો જોઇએ તેમજ હિતકારી અને ઓછા શબ્દોમાં બીજા જીવને સમજણ પડે એવી રીતે જ બોલવાનો પ્રયત્ન કરવો જોઇએ. આ રીતે પ્રયત્ન કરવાથી પોતાનું પણ કલ્યાણ સધાય છે અને બીજાના આત્માઓનું પણ કલ્યાણ સાધવામાં એ વચનબળ ઉપયોગી થઇ શકે છે. તીર્થંકર પરમાત્માના આત્માઓ છેલ્લે ભવે ઉત્કૃષ્ટ આયુષ્ય રૂપે ૮૪ લાખ પૂર્વના આયુષ્યવાળા હોય છે. એમાં ૮૩ લાખ પૂર્વ વરસ સુધી ઘર સંસારમાં રહે છે તો પણ મળેલી વચનબળની શક્તિનો ઉપયોગ મોટેભાગે કરતાં નથી. એટલે કે મૌનપણેજ પોતે પોતાનું કાર્ય કરતાં કરતાં ત્રીજે ભવે જે જ્ઞાન ભણીને સાથે લઇને આવેલા હોય છે એ જ્ઞાનના સ્વાધ્યાયમાંજ પોતાનો કાળ પસાર કરતાં જાય છે. સંસારી અવસ્થામાં પણ ૮૩ લાખ પૂર્વ વરસ સુધી

સામા જીવની યોગ્યતા દેખાય અને કંઇક એને લાભ થાય એવું જણાય તોજ વચન બોલે છે. બાકી વચન બોલતા નથી. અને એ ટેવ પાડેલી હોવાથી જ્યારે સંયમનો સ્વીકાર કરે છે ત્યારે જ્યાં સુધી કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી મૌનપણે રહેવું એવો અભિગ્રહ ગ્રહણ કરે છે. બોલવાની શક્તિ હોવા છતાં પણ કલાકો સુધી બોલી શકે એવી તાકાત હોવા છતાં પણ સામા જીવની યોગ્યતા લાગે તોજ અને એનું કલ્યાણ થાય એવું જણાય તોજ થોડા શબ્દોમાં હિતકારી એવું વચન તીર્થંકર પરમાત્માના આત્માઓ બોલે છે. સંયમ લીધા પછી પણ જે જીવોની યોગ્યતા વચનથી પ્રગટી શકે એવી દેખાતી હોય તોજ વચનનો ઉપયોગ કરે છે. જેમકે શ્રવણ ભગવાન મહાવીર મહારાજાના આત્માએ ચંડકૌશીક સાપને પ્રતિબોધ કરવા માટે જંગલમાં ગયા અને એના રાફડાની સામેજ કાઉસગ ધ્યાને ઉભા રહ્યા. ચંડકૌશીક સાપે ડંખ માર્યો અને દૂર ખસી ગયો તો પણ ભગવાનને કોઇપણ જાતની અસર થઇ નહિ ત્યારે બીજી વાર ડંખ માર્યો, ત્રીજી વાર ડંખ માર્યો અને પછી કોઇપણ જાતની અસર જણાતી ન હોવાથી ભગવાનની આકૃતિને જોઇને વિચારણા કરવા લાગ્યો. ત્યારે ભગવાને એની યોગ્યતા જોઇને બુઝ બુઝ ચંડકોશીયા એટલા શબ્દો બોલતાં ચંડકૌશીકના આત્માને એ શબ્દો સાંભળતાની સાથેજ જાતિસ્મરણ જ્ઞાન પેદા થયું પૂર્વના ભવો દેખ્યા અને તેજ વખતે ભગવાન પાસે અભિગ્રહ લઇને પોતે પોતાના દિલમાં પોતાનું જેટલું આયુષ્ય છે ત્યાં સુધી સદા માટે રહ્યો. ભગવાન જે વચનબળનો ઉપયોગ કરી હિતકારી અને થોડા શબ્દો બોલ્યા એ સામા જીવની યોગ્યતા એનાથી પ્રગટ થઇ શકે એવી લાગી એટલા પૂરતુજ બોલ્યા છે. બાકી તીર્થંકરના આત્માઓ સંયમ લીધા પછી જ્યાં સુધી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી વચનબળનો ઉપયોગ કરતાં નથી. એવી જ રીતે સંસારી અવસ્થામાં પણ એ તીર્થંકરના આત્માઓ કોઇપણ જીવના કલ્યાણની યોગ્યતા દેખાય તોજ થોડા શબ્દો બોલીને મૌન થઇ જાય છે. એ મૌનના પ્રતાપે શરીરનું

બળ પણ વધે છે અને મનનું પણ બળ એટલે કે મનની એકાગ્રતા, મનના વિચારોની સ્થિરતા વિશેષ રીતે પ્રાપ્ત થતી જાય છે માટે જૈનશાસનમાં જેટલું બને એટલું મૌનપણે જીવન જીવાય એ રીતે પ્રયત્ન કરવો જોઇએ એમ મહાપુરુષો કહે છે. આથી જૈનશાસનમાં થયેલા મહાપુરુષો પોતાના જ્ઞાનના ઉપયોગમાં આત્માને સ્થિર કરવા માટે એકાંત સ્થળ વિશેષ રીતે શોધવાનો પ્રયત્ન કરે છે. એવીજ રીતે, ધ્યાન કરવા માટે પણ એકાંત સ્થળ પ્રાપ્ત થાય અને જ્યાં બહુ અવાજ ન હોય અને શાંતિવાળું સ્થળ હોય એવા સ્થળને પ્રાપ્ત કરી ધ્યાનયોગને સાધવા પ્રયત્ન કરે છે એટલે કે પોતાના આત્માને આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી બચાવી ધર્મધ્યાનની પ્રાપ્તિ કરવાના હેતુથી પ્રયત્ન કરતા જાય છે. તીર્થંકરના આત્માઓ પણ ત્રીજે ભવે પોતાના આત્માને જ્ઞાનના ઉપયોગમાં સ્થિર કરવા માટે વચનબળનો ઉપયોગ ન કરતાં મૌનપણે સાત સાત પ્રહર સુધી કાઉસગ ધ્યાને ઉભા રહી પોતે જે જ્ઞાન ભણેલા હોય છે તે સુત્રના શબ્દોના સ્વાધ્યાયમાં એના અર્થની ચિંતવનામાં તેમજ સૂત્ર અને અર્થ બન્નેની ચિંતવનામાં પોતાનો કાળ પસાર કરીને પોતાના આત્મામાં રહેલા રાગાદિ પરિણામનો સંયમ કરવાના હેતુથી ઇન્દ્રિયોના ૨૩ વિષયો અને ૨૫૨ વિકારોને સંયમ કરવાના હેતુથી એમાંનો કોઇપણ વિચાર આત્માને પજવે નહિ, પેદા થાય નહિ એવો કાળ લાંબાકાળ સુધી પસાર કરવાના હેતુથી સ્વાધ્યાય કરતાં કરતાં વચનબળની શક્તિ મળેલી હોવા છતાં પણ મૌનપણે રહી જ્ઞાનના ઉપયોગમાં મનની એકાગ્રતાને-સ્થિરતાને પ્રાપ્ત કરે છે. જેમકે શ્રવણ ભગવાન મહાવીર મહારાજાના આત્માએ ૧૧,૮૦,૬૪૫ માસખમણ કરીને એટલે કે એકલાખ વર્ષના દીક્ષા પર્યાયમાં આટલા માસખમણ કરીને પોતાના આત્માને જ્ઞાનના ઉપયોગમાં સ્થિર કરવા માટે ૧૧ અંગનો અભ્યાસ કરી રોજ સાત સાત પ્રહર સુધી એટલે કે ૨૧ કલાક સુધી કાઉસગ ધ્યાને રહીને જ્ઞાનના ઉપયોગમાં સ્થિર કરવા પ્રયત્ન કર્યો છે ત્યાંથી કાળ કરી ૧૦મા દેવલોકમાં

વીસ સાગરોપમનું આયુષ્ય પ્રાપ્ત કરીને એ વીસ સાગરોપમના કાળમાં અગિયાર અંગના સ્વાધ્યાયમાંજ પોતાનો કાળ પસાર કરતા કરતા પોતાના આત્માને જ્ઞાનના ઉપયોગમાં સ્થિર કરેલો છે. આથી એ નિશ્ચિત થાય છે કે જીવ પુરૂષાર્થથી ભાષા પર્યાપ્તિ પૂર્ણ કરીને વચનબળ નામનો પ્રાણ પ્રાપ્ત કરે એ પ્રાણની શક્તિ પ્રાપ્ત કરીને એનો ઉપયોગ કરવોજ જોઇએ એવો નિયમ નથી. જેટલો બને એટલો એનો ઉપયોગ ન થાય તોજ મનબળની શક્તિ અને કાયબળની શક્તિ આત્મામાં વધતી જાય છે. આજે પુણ્યના ઉદયથી વચનબળ પ્રાપ્ત થયેલું છે છતાં પણ એનો આપણે દુરૂપયોગ કેટલો કરીએ છીએ અને સદ્‌ઉપયોગ કેટલો કરીએ છીએ એની વિચારણા કોઇ દિ' કરીએ છીએ ખરા ! અને ઉઠ્યા પછી આખા દિવસની અંદર મૌનપણે વચનબળનો ઉપયોગ ન થાય એવી વિચારણા કરીને કેટલા કલાક મૌન રહીએ છીએ એની પણ વિચારણા કરીએ છીએ ખરા !

આજે મનુષ્યપણામાં વચનબળ પ્રાણનો જે રીતે ઉપયોગ થઇ રહેલો છે એ રીતે જોતા ભવાંતરમાં વચનબળની શક્તિ પ્રાપ્ત ન થાય એવું દેખાય છે. જેમકે જ્યારે જ્યારે બોલવાનો વખત આવે ત્યારે મોટેભાગે અસત્ય વચન બોલાય છે. બીજા નંબરે કદાચ સત્ય વચન બોલવું પડે તો પોતાનો સ્વાર્થ સાધવા માટે એનો ઉપયોગ થાય છે. ત્રીજા નંબરે કેટલીક વાર સત્ય વચન ક્રોધથી બોલાય છે, ઇર્ષ્યા ભાવથી બોલાય છે બીજાને ઉતારી પાડવા માટે પોતાની વાત સત્ય કરવા માટે પણ વચનબળનો મોટેભાગે ઉપયોગ થતો દેખાય છે. પણ નિઃસ્વાર્થ ભાવે સામાના હિતની બુધ્ધિથી વચન બોલાતું હોય એવું મોટેભાગે દેખાતું નથી. હું જે વચન બોલું છું એનાથી આત્માનું કલ્યાણ જરૂર થશે એવી પણ વિચારણા આજે આવતી નથી. આથી એ નિશ્ચિત થાય છે કે વર્તમાનમાં મોટેભાગે વચનબળ નામના પ્રાણથી આત્માનું અહિત કરતા કરતા જન્મ મરણની પરંપરા વધારતા વધારતા પોતાના આત્માનો

સંખ્યાતા કાળનો, અસંખ્યાતા કાળનો કે અનંતા કાળનો સંસાર વધતો દેખાય છે. આ તરફનું લક્ષ મોટેભાગે જીવોને પેદા થતું નથી. એમાં મુખ્ય કારણ અનુકૂળ પદાર્થો પ્રત્યેનો રાગ અને એની લાલસાઓના પરિણામો, બીજે નંબરે એ અનુકૂળ પદાર્થો જેનાથી પ્રાપ્ત થાય છે એ સાધન તરીકે ગણાતો પૈસો, એ પૈસાનો લોભ આ બે દુર્ગુણોના કારણે વચનબળ નામના પ્રાણનો દુરૂપયોગ થતો દેખાય છે. આ રીતે વચનબળથી પોતાના આત્માના રાગાદિ પરિણામ તીવ્ર કરતો કરતો જીવ લાંબાકાળ સુધી વચનબળની શક્તિને પ્રાપ્ત ન કરે એવો કર્મબંધ કરીને સંસારની રખડપટ્ટીમાં ચાલ્યો જાય છે. દેવ, ગુરુ, ધર્મની આરાધના જીવનમાં કરીએ છીએ એનાથી વચનબળનો સંયમ કરવાનો પ્રયત્ન જીવનમાં ચાલુ છે ! સવારના ઉઠ્યા પછી સાંજના સુતા પહેલાં વચનબળનો જેટલો ઉપયોગ કરીએ છીએ એમાં આની વિચારણા રોજ કરવા જેવી છે. આ જો વિચારણા જીવનમાં ચાલુ થઇ જાય તો વચનબળનો દુરૂપયોગ થતો અટકી જાય અને સદ્ઉપયોગ કરવાનો પ્રયત્ન કરતાં કરતાં રાગાદિ પરિણામની મંદતા કરીને સુખની લાલસા, પૈસાનો લોભ ઘટાડતા આત્મિક ગુણોને પેદા કરવામાં એ વચનબળ સહાયભૂત થતું થતું આત્મિક ગુણોનો અનુભવ કરાયા વગર રહે નહિ. આ રીતેવચનબળનો ઉપયોગ કરતાં કરતાં આત્મિક ગુણની આંશિક અનુભૂતિ કરતાં થઇએ એ રીતે પ્રયત્ન કરવો જોઇએ.

(૧૧) મનબળ :- અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો અનંતુ પુણ્ય ભેગું કરી ત્યાર પછીજ સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તપણું પ્રાપ્ત કરે તે વખતે મનઃપર્યાપ્તિ પૂર્ણ કરીને જગતમાં રહેલા મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી મનરૂપે પરિણમાવી એટલે કે વિચાર રૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે. આ શક્તિ પેદા કર્યા પછી અત્યાર સુધી સંસારને વિષે પરિભ્રમણ કરતાં કરતાં આ શક્તિ પેદા થયેલી ન હોવાથી સૌથી પહેલીવાર પ્રાપ્ત થયેલી હોવાથી સન્ની જીવો

મનનો ઉપયોગ વિશેષ રીતે કરતા હોય છે. જેમ દુનિયાના વ્યવહારમાં પણ કહેવાય છે કે ઘરમાં ઘણી સામગ્રી પડેલી હોવા છતાં પણ ઘરની સામગ્રી કરતાં કોઇ નવી સામગ્રી ઘરમાં આવે તો એ સામગ્રીનો ઉપયોગ સૌથી પહેલા કરવાનું મન થાય છે. અને વારંવાર એનો ઉપયોગ કરીને પોતાનું જીવન જીવતા હોય છે. એવીજ રીતે જીવો અસન્નીપણામાંથી સન્નીપણું પ્રાપ્ત કરે છે એટલે દ્રવ્યમન સૌથી પહેલા પ્રાપ્ત થયેલું હોવાથી એનો વિશેષ રીતે ઉપયોગ કરતા જાય છે અને એ મનબળથીજ જીવો કર્મબંધ કરતા કરતા તીવ્રરસે કર્મ બાંધીને પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. આજે કાયબળ અને વચનબળથી જેટલા કર્મબંધ થતા નથી એના કરતાં મનબળના યોગથી જીવો કર્મબંધ વિશેષ કરે છે. જ્ઞાની ભગવંતો કહે છે કે અનુકૂળ પદાર્થોની લાલસા અને એનો લોભ જીવને પોતાની આ સામગ્રી છે એવી બુધ્ધિ પેદા કરીને મારાપણાની બુધ્ધિથી એ મળેલી સામગ્રી આઘી પાછી ન થઇ જાય, કોઇ લઇ ન જાય, કોઇ જોઇ ન જાય અને કોઇ એને નાશ ન કરી નાંખે એનો સતત પ્રયત્ન જીવ મનથી કરતો જાય છે. કદાચ કોઇએ એ સામગ્રીનો નાશ કરી નાંખ્યો હોય તો જીવ પ્રત્યે દ્વેષ કરીને એ જીવોને મારી નાંખવાની વિચારણા પણ અંતરમાં સતત ચાલ્યા કરે છે અને એ જીવોને મારી નાંખવા માટેના પ્લાન અંતરમાં ઘડવાનો પ્રયત્ન પણ કરતો જાય છે. સામા જીવનો પુણ્યોદય હોય કદાચ એ જીવ પ્રયત્ન કરવા છતાંપણ મરણ ન પામે તો પણ જ્યારથી મારી નાંખવાનો પ્લાન શરૂ કર્યો ત્યારથી મનબળથી જીવને સમયે સમયે હિંસાના પરિણામના પ્રતાપે અશુભ કર્મનો તીવ્રરસ બંધાતો જાય છે. માટે જ્ઞાની ભગવંતો કહે છે કે જો મનનો ઉપયોગ કરતાં ના આવડે તો એ મન જીવને સાતમી નારકી સુધી લઇ જાય છે. અને જો એ મનનો ઉપયોગ કરતાં આવડે તો જીવ કર્મનો નાશ કરી સિધ્ધિ ગતિને પ્રાપ્ત કરી શકે છે. માટે પરિણામે બંધ, પરિણામે નિર્જરા અને પરિણામે મોક્ષ કહેલો છે. રાજગૃહી નગરીનો

ભીખારી ત્રણ ત્રણ દિવસનો ભુખ્યો રાજગૃહીમાં દરેક ઘરે ફરવા છતાંપણ કોઇ એને અનાજનો દાણો પણ આપતું નથી. એ જ્યારે બગીચામાં જઇને કોઇ શિલા ઉપર બેઠો તે વખતે તે બગીચામાં ઉજાણી કરવા માટે ગામમાંથી ઘણા માણસો પોત પોતાની ખાવા પીવાની સામગ્રી લાવીને ત્યાં જમી રહેલા છે એને જોતાં ભીખારીના અંતરમાં તેવખતે વિચારણા પેદા થાય છે કે ત્રણ ત્રણ દિવસનો ભુખ્યો હોવા છતાંપણ મને કોઇ અન્ન આપતું નથી તો આ પથ્થર ગબડાવીને આ બધાને ખતમ કરી નાંખું. આ વિચારણા પેદા કરી પથ્થર ગબડાવે છે એમાં એનો પગ લપસતા પથ્થરની નીચે પોતે આવી ગયો અને મરીને સાતમી નારકીમાં ઉત્પન્ન થયો. એક આહારસંજ્ઞાની આટલી તીવ્રતાના પ્રતાપે મનના વિચારોથી જીવ તીવ્ર કર્મ બાંધીને સાતમી નારકીમાં જઇ શકે તો આજે મનબળની પ્રાપ્તિ થયેલી છે એમાં આખા દિવસમાં કયા કયા વિચારો જીવનમાં કરી રહેલા છીએ એનો કોઇ વિચાર કરીએ છીએ ખરા ! એવીજ રીતે જ્ઞાની ભગવંતો કહે છે કે- એક હજાર યોજનની કાયાવાળા મગરની આંખની પાંપણમાં તંદુલીયો મત્સ્ય ઉત્પન્ન થાય છે એ સન્ની પર્યાપ્ત હોય છે. જ્યારે મગરમચ્છ મોઢું ફાડીને સમુદ્રમાં રહેલો છે ત્યારે એના મોઢામાં કેટલાય માછલાઓ પેસે છે અને બહાર નીકળે છે છતાં એ મગરને એ જીવોને મારી નાંખવાની બુધ્ધિપેદા થતી નથી એટલે કે મોટુ બંધ કરીને બધાને ખતમ કરી નાંખુ આવી વિચારણા પણ પેદા થતી નથી. પણ આંખની પાંપણમાં પેદા થયેલો તંદુલીયો મત્સ્ય જેનું એક અંતર્મુહૂર્તનું આયુષ્ય છે એ તે વખતે આ દ્રશ્ય જોઇને મનમાં વિચારણા કરે છે કે મને જો આવી કાયા મળે તો મોટુ બંધ કરીને બધા જીવોને ખતમ કરી નાખું. તેજ વખતે સાતમી નારકીનું આયુષ્ય બાંધી પોતાનું ભોગવાતું આયુષ્ય પૂર્ણ કરી સાતમી નારકીમાં ઉત્પન્ન થાય છે. તંદુલીયો મત્સ્ય નિયમા સાતમી નારકીમાંજ ઉત્પન્ન થાય છે એમ જ્ઞાનીઓ કહે છે. આવા બધા અનેક પ્રકારના દ્રષ્ટાંતોને વાંચતા, સાંભળતા મળેલી મનબળની શક્તિ રૂપે જે

પ્રાણ પ્રાપ્ત થયેલો છે એ પ્રાણનો દુરૂપયોગ ન થાય એની કાળજી રાખવાનો પ્રયત્ન જીવનમાં કેટલો કરીએ છીએ એ સૌએ વિચારવા યોગ્ય છે. મનબળની શક્તિથી અનુકૂળ પદાર્થોમાં રાગાદિ પરિણામ વધારતાજ જઇએ એને મેળવવામાં, ભોગવવામાં, સાચવવામાં, ટકાવવામાં, વધારવામાં અને ન ચાલ્યા જાય એની કાળજી રાખવામાં મનથી વિચારણા કરતાં કરતાં પ્રયત્ન કરતાં જઇએ તો એ બધો મનબળ પ્રાણનો દુરૂપયોગ કહેવાય છે. કારણ કે શરીર માંના પેટમાં પેદા કરેલું છે એ જ્યારે આપણે અહીંથી જઇશું ત્યારે સ્નેહી સંબંધી એને ઉપાડીને અગ્નિથી બાળી દેશે એ શરીર પ્રત્યેના રાગના પ્રતાપે શરીરને સાચવવાની સામગ્રીઓના રાગના પ્રતાપે જો મનબળનો ઉપયોગજ કરતાં રહીશું તો આત્મકલ્યાણની વિચારણા કરતાં ક્યારે થઇશું એવી કોઇ ભાવના અંતરમાં પેદા થાય છે ખરી ! મનબળ પ્રાણથી મનના પરિણામો પેદા કરીને આર્તધ્યાન અને રૌદ્રધ્યાન પ્રાપ્ત કરતાં કરતાં જીવ તિર્યંચગતિ અને નરકગતિને અનંતીવાર પ્રાપ્ત કરી ચુક્યો છે. આ મનુષ્ય જન્મમાં દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતાં કરતાં મનબળ પ્રાણનો ઉપયોગ એવી રીતે કરતાં થઇએ કે જેના પ્રતાપે આર્તધ્યાન પેદા ન થાય, રૌદ્રધ્યાન પેદા ન થાય અને કદાચ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન પેદા થવાની શરૂઆત થાય કે તરતજ મનબળ પ્રાણથી પરિણામને સુધારીને ધર્મધ્યાનના સંકલ્પ વિકલ્પ રૂપ વિચારોમાં સ્થિર થવાનો પ્રયત્ન કરતાંજઇએ. આ રીતે પણ આરાધના કરતાં કરતાં મનના પરિણામને મનના વિચારોને સુધારવાનું મન ખરૂં ! મોક્ષમાર્ગમાં દાખલ થવું હોય તો અને દાખલ થઇને આગળ વધવું હોય તો મનના પરિણામને સુધાર્યા વગર ચાલશે નહિ. જો એ મનના પરિણામને સુધારવા માટેની કોઇ વિચારણા પેદા નહિ કરીએ અને દેવ, ગુરૂ, ધર્મની આરાધનાજ કરતા રહીશું તો એ આરાધનાથી પુણ્ય બંધાશે કદાચ અધિક પુણ્ય બાંધેલું હશે તો મનુષ્યગતિ કે દેવગતિમાં સુખોની સામગ્રી પ્રાપ્ત થશે. એ સુખની સામગ્રીઓ અનેક પ્રકારના

રાગાદિ પરિણામ પેદા કરાવીને જન્મ મરણની પરંપરા વધારી મનબળની શક્તિ પ્રાપ્ત ન થાય એવી રીતે એકેન્દ્રિયાદિમાં ભટકવા માટે લઇ જશે. જો ભટકવા માટે ન જવું હોય અને આરાધના કરતાં કરતાં મોક્ષમાર્ગમાં દાખલ થવાની ભાવના હોય અને દાખલ થઇને આત્મકલ્યાણમાં આગળ વધવાની વિચારણા હોય તો મનબળથી વિચારણાઓને સુધારવાનો અવશ્ય પ્રયત્ન કરવો પડશે. અત્યાર સુધી જે કંઇ આરાધનાઓ કરી એ આરાધનાથી મનના પરિણામ સુધરી રહેલા છે એવી કોઇ અનુભૂતિ અનુભવાય છે ખરી ! શુભ વિચારોમાં રહેલો જીવ જો રાગાદિ પરિણામની મંદતા કરીને આત્મકલ્યાણ સાધવાનું મન પેદા ન કરે તો એ શુભ પરિણામથી દેવગતિ આદિના સુખોની પ્રાપ્તિ થાય પણ આત્મકલ્યાણ થઇ શકે નહિ. માટેજ મહાપુરૂષો દેવ, ગુરુ, ધર્મની આરાધના શુભ પરિણામથી કરતાં કરતાં શુધ્ધ પરિણામ પેદા થાય એનું લક્ષ રાખીને કરવા ઉપર ભાર મુકે છે. આને મનબળનો સદુપયોગ કહેવાય છે. જેમ જેમ જીવ મોક્ષની રૂચિવાળો થતો જાય છે તેમ તેમ જીવને અનુકૂળ પદાર્થો પ્રત્યેના રાગાદિ પરિણામની મંદતાનો અનુભવ પેદા થતો જાય છે. એના પ્રતાપે અનુકૂળ પદાર્થોને મિથ્યાત્વના ઉદયકાળમાં મેળવવા આદિની ઇચ્છા હોવા છતાં પણ તીવ્રભાવે પાપ કરીને આ પદાર્થોને મેળવુંજ એવી વિચારશરણી પેદા થઇ શકતી નથી. આ વિચારણાની મંદતા થાય અને તીવ્ર પરિણામનો નાશ થાય ત્યારે મોક્ષની રૂચિ અંતરથી પેદા થયેલી છે એમ જ્ઞાની ભગવંતો કહે છે.

આજે મોટેભાગે દેવ, ગુરૂ, ધર્મની આરાધના કરનારા જીવોના અંતરમાં ગમે તે રીતે ગમે તેવા પાપ કરીને અનુકૂળ પદાર્થોની સામગ્રી મેળવું એવી ભાવના નથી ને ! જો એવાજ વિચારો અંતરમાં ચાલતા હોય તો મોક્ષ માટે ધર્મ કરું છું એમ બોલવા છતાં પણ મારે મોક્ષ જોઇએ છે, મોક્ષની રૂચિ, મોક્ષનો અભિલાષ મને પેદા થયેલો છે એ જે કાંઇ બોલે છે એ અંતરથી બોલતો નથી એમ કહેવાય છે. જો સુખની સામગ્રી માટે ગમે

તેવા પાપ કરીને મેળવવાની બુધ્ધિ કદાચ કર્મના ઉદયથી પેદા થાય અને અંતરમાં દુઃખ લાગતું હોય તો તેમજ ગમે તેવા પાપ કરીને પણ હું વધારે સુખી થાઉં એવી વિચારણા કર્મના ઉદયથી પેદા થતી હોય તો પણ અંતરમાં જો એનું દુઃખ રહેતું હોય અને આ વિચારણા મારી ક્યારે નાશ પામે એવી શક્તિ દેવ, ગુરૂ અને ધર્મની આરાધનાના બળે મને પ્રાપ્ત થાય આવી વિચારણા અંતરમાં રહેલી હોય તો મોક્ષનો અભિલાષ કે મોક્ષની રૂચિ અંતરથી પેદા થયેલી છે એમ જ્ઞાની ભગવંતો કહે છે. બોલો આ બંનેમાંથી કઇ વિચારધારાથી દેવ, ગુરૂ અને ધર્મની આરાધના જીવમાં થઇ રહેલી છે. જો પહેલી વિચારણાથી આરાધના થતી હોય તો મનબળ નામનો પ્રાણ એની જે શક્તિ પેદા થયેલી છે એનો દુરૂપયોગ કરીએ છીએ એમ ગણાય છે. ભલે દેવ, ગુરૂ અને ધર્મની આરાધના સારી રીતે કરતો હોય તો પણ એ આરાધના આત્મકલ્યાણમાં ઉપયોગી કોઇકાળે થઇ શકતી નથી. એ આરાધના કરીને પણ જીવ પાપાનુબંધિ પુણ્ય બાંધી અકામ નિર્જરા કરતો કરતો જન્મ મરણની પરંપરા વધારતો વધારતો આરાધના કરીને પોતાના આત્માનો સંસાર વધારતો જાય છે. જો બીજા નંબરની વિચારણા અંતરમાં ચાલતી હોય તો એ આરાધનાથી પુણ્યાનુબંધી પુણ્ય બાંધીને સકામ નિર્જરા કરતો કરતો જીવ જન્મ મરણની પરંપરાનો નાશ કરતો જાય છે એમ કહેવાય છે. આરાધનાથી પાપાનુબંધી પુણ્ય બંધાય છે કે પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે એનો કોઇ દિ' વિચાર કરીએ છીએ ખરા ! જૈનકુળમાં જન્મી ગયેલા છીએ માટે કુલાચારથી આરાધના કરીએ છીએ એવું તો નથી ને ? કે સમજીને આરાધના કરીએ છીએ. જો આત્મકલ્યાણ સાધવું હશે અને આત્મકલ્યાણમાં આગળ વધવું હશે તો આ બધી વિચારણા રોજ કર્યા વગર ચાલશે નહિ. જેમ શરીરને સુખાકારી રાખવા ઉભા કરેલા કુટુંબને સુખાકારી રાખવા રોજ નવી નવી વિચારણાઓ કરીને જીવન જીવી રહેલા છીએ એમ આત્મકલ્યાણ કરવા માટે આવી વિચારણાઓ કર્યા

વગર ચાલશે નહિ. તોજ મનબળથી સદ્‌ઉપયોગ કરતાં કરતાં શુભ વિચારણાઓમાંથી શુધ્ધ પરિણામ રૂપે વિચારણાઓ પેદા કરીને મોક્ષમાર્ગમાં દાખલ થઇ મોક્ષની રૂચિ વધારતાં વધારતાં તીવ્રભાવે પાપ કરવાના પરિણામોનો નાશ કરીને સુખનો રાગ ઘટાડવાનો પ્રયત્ન કરતાં કરતાં ઉચિત વ્યવહારનું પાલન કરતાં થઇશું. આજે શરીરે હું અને કુટુંબ એટલે મારૂં આ બુધ્ધિના પ્રતાપે મનબળ નામની શક્તિથી સ્વાર્થી વ્યવહાર જીવનમાં જીવાઇ રહેલો છે. પણ નિઃસ્વાર્થ ભાવે જીવન જીવવાની વિચારણા પેદા થતી નથી. ઉચિત વ્યવહારનું પાલન કરવાની ઇચ્છા પણ પેદા થતી નથી. સંયુક્ત કુટુંબમાં રહેવા છતાંપણ એક બીજા ભાઇઓના દીકરાઓ પ્રત્યે પણ એક સરખો વ્યવહાર પોતાના જીવનમાં દેખાતો નથી. આ મનોબળથી જીવ સંસારમાં રહીને પણ એનો દુરૂપયોગ કરીને પોતાના આત્માનું અકલ્યાણ સાધતો જાય છે.

એકેન્દ્રિય જીવોને આ દશ પ્રાણોમાંથી ચાર પ્રાણ હોય છે. (૧) આયુષ્ય, (૨) કાયબળ, (૩) સ્પર્શેન્દ્રિય અને (૪) શ્વાસોશ્વાસ.

બેઇન્દ્રિય જીવોને છ પ્રાણ હોય છે. (૧) આયુષ્ય, (૨) કાયબળ, (૩) સ્પર્શેન્દ્રિય, (૪) રસનેન્દ્રિય, (૫) શ્વાસોશ્વાસ અને (૬) વચનબળ.

તેઇન્દ્રિય જીવોને સાત પ્રાણ હોય છે. (૧) આયુષ્ય, (૨) કાયબળ, (૩) સ્પર્શેન્દ્રિય, (૪) રસનેન્દ્રિય, (૫) ઘ્રાણેન્દ્રિય, (૬) શ્વાસોશ્વાસ અને (૭) વચનબળ.

ચઉરીન્દ્રયિ જીવોને આઠ પ્રાણ હોય છે. (૧) આયુષ્ય, (૨) કાયબળ, (૩) સ્પર્શેન્દ્રિય, (૪) રસનેન્દ્રિય, (૫) ઘ્રાણેન્દ્રિય, (૬) ચક્ષુરીન્દ્રિય, (૭) શ્વાસોશ્વાસ અને (૮) વચનબળ.

અસન્નીપંચેન્દ્રિય જીવોને નવ પ્રાણ હોય છે. (૧) આયુષ્ય, (૨) કાયબળ, (૩) સ્પર્શેન્દ્રિય, (૪) રસનેન્દ્રિય, (૫) ઘ્રાણેન્દ્રિય, (૬) ચક્ષુરીન્દ્રિય, (૭) શ્રોત્રેન્દ્રિય, (૮) શ્વાસોશ્વાસ અને (૯) વચનબળ.

સન્ની પંચેન્દ્રિય જીવોને દશ પ્રાણ હોય છે. (૧) આયુષ્ય, (૨)

કાયબળ, (૩) સ્પર્શેન્દ્રિય, (૪) રસનેન્દ્રિય, (૫) ઘ્રાણેન્દ્રિય, (૬) ચક્ષુરીન્દ્રિય, (૭) શ્રોત્રેન્દ્રિય, (૮) શ્વાસોશ્વાસ અને (૯) વચનબળ, (૧૦) મનબળ.

એકેન્દ્રિય જીવો જઘન્યથી એક સાગરોપમમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો ઓછો સમયે સમયે કર્મબંધ કરે છે. અને ઉત્કૃષ્ટથી એક સાગરોપમ સુધીનો કર્મબંધ કરે છે. મોહનીય કર્મનો એક સાગરોપમનો કર્મબંધ થાય છે એટલે કે મિથ્યાત્વ મોહનીય કર્મને એકેન્દ્રિય જીવો ઉત્કૃષ્ટથી એક સાગરોપમની સ્થિતિ રૂપે બાંધે છે.

બેઇન્દ્રિય જીવો એકેન્દ્રિય જીવોના કર્મબંધ કરતાં પચ્ચીસ ગણો અધિક કર્મબંધ કરે છે. એટલે કે મિથ્યાત્વ મોહનીય કર્મની પચ્ચીસ સાગરોપમ જેટલી સ્થિતિ ઉત્કૃષ્ટથી બાંધે છે અને જઘન્યથી પચ્ચીશ સાગરોપમમાં પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલો ઓછો સ્થિતિબંધ કરે છે.

તેઇન્દ્રિય જીવો એકેન્દ્રિય જીવો કરતાં પચાસ ગણો અધિક કર્મબંધ કરે છે એટલે કે સમયે સમયે મિથ્યાત્વ મોહનીય કર્મની સ્થિતિ પચાસ સાગરોપમ જેટલી બાંધે છે. અને જઘન્યથી પચાસ સાગરોપમમાં પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલી ઓછી સ્થિતિ બાંધે છે.

ચઉરીન્દ્રિય જીવો એકેન્દ્રિય જીવો કરતાં સો ગણો અધિક કર્મબંધ કરે છે. જેમકે મિથ્યાત્વ મોહનીયનો સો સાગરોપમનો સ્થિતિબંધ કરે છે. જઘન્યથી સો સાગરોપમની સ્થિતિમાંથી પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલો ઓછો સ્થિતિબંધ કરે છે.

અસન્ની પંચેન્દ્રિય જીવો એકેન્દ્રિય જીવો કરતાં એક હજાર ગણો અધિક સ્થિતિબંધ કરે છે જેમકે મિથ્યાત્વ મોહનીય કર્મનો એક હજાર સાગરોપમ જેટલો સ્થિતિબંધ કરે છે. જઘન્યથી એક હજાર સાગરોપમમાંથી પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલો ઓછો સ્થિતિબંધ કરે છે.

સન્ની પંચેન્દ્રિય જીવો જઘન્યથી અંત:કોટાકોટિ સાગરોપમ જેટલો

સ્થિતિબંધ કરે છે. અને ઉત્કૃષ્ટથી સીત્તેર કોટાકોટી સાગરોપમ જેટલો સ્થિતિબંધ કરે છે.

આથી નિશ્ચિત થાય છે કે એકેન્દ્રિય જીવોને એક સ્પર્શેન્દ્રિય પ્રાપ્ત થયેલી હોવાથી એ જીવોને સ્થિતિબંધ ઓછો હોય છે. જ્યારે બેઇન્દ્રિય જીવોને પુણ્યથી રસનેન્દ્રિય પ્રાપ્ત થાય પણ એનો દુરૂપયોગ વિશેષ પેદા થતો હોવાથી સમયે સમયે પચ્ચીશ ગણો અધિક કર્મબંધ થયાજ કરે છે. એમ બાકીના જીવો માટે સમજવું. ઇન્દ્રિયોની પ્રાપ્તિ પુણ્યના ઉદયથી પ્રાપ્ત થાય અને જીવ એનો જેટલો દુરૂપયોગ કરતો જાય એટલો કર્મબંધ વિશેષ પ્રાપ્ત થતો જાય છે. કેવળજ્ઞાની ભગવંતોએ પોતાના જ્ઞાનથી જીવોનો સ્વભાવ આ રીતે જોયેલો છે.

એકેન્દ્રિય જીવોને સત્તા રૂપે અથવા લબ્ધિ રૂપે પાંચે ઇન્દ્રિયોનો ક્ષયોપશમ ભાવ અનાદિકાળથી આત્મામાં રહેલો હોય છે તેમાં એક સ્પર્શેન્દ્રિય લબ્ધિ અને ઉપયોગ રૂપે પ્રાપ્ત થાય છે. અને બાકીની ચાર ઇન્દ્રિયો લબ્ધિ રૂપે સત્તામાં રહેલી હોય છે. જો એવું માનવામાં ના આવે તો એકેન્દ્રિયપણામાંથી જીવ સિધ્ધો પંચેન્દ્રિયપણાને પ્રાપ્ત કરે છે એ કોઇકાળે પ્રાપ્ત કરી શકે નહિ. એવીજ રીતે બેઇન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય આ બે ઇન્દ્રિય લબ્ધિ અને ઉપયોગ રૂપે રહેલી હોય છે. બાકીની ત્રણ ઇન્દ્રિયો લબ્ધિ રૂપે રહેલી હોય છે. તેઇન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય આ ત્રણ ઇન્દ્રિયો લબ્ધિ રૂપે અને ઉપયોગ રૂપે રહેલી હોય છે બાકીની બે ઇન્દ્રિયો લબ્ધિ રૂપે રહેલી હોય છે. ચઉરીન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરીન્દ્રિય આ ચાર ઇન્દ્રિયો લબ્ધિ રૂપે અને ઉપયોગ રૂપે પ્રાપ્ત થયેલી હોય છે. બાકીની એક શ્રોત્રેન્દ્રિય લબ્ધિ રૂપે રહેલી હોય છે. પંચેન્દ્રિય જીવોને પાંચેપાંચ ઇન્દ્રિયો લબ્ધિ રૂપે અને ઉપયોગ રૂપે એક એક અંતર્મુહૂર્ત કામ કરતી હોય છે. સન્ની પંચેન્દ્રિય જીવોને પાંચ ઇન્દ્રિયોની સાથે મનબળ લબ્ધિ રૂપે અને ઉપયોગ રૂપે પ્રાપ્ત કરતું હોય છે. માટેજ સન્ની જીવો મનથી

વિશેષ રીતે કર્મ બાંધીને પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે.

જીવોનું લક્ષણ

જૈન શાસનમાં જીવોના અનેક પ્રકારના લક્ષણો કહેલા છે. તેમાં આ પ્રકરણ ને વિશે માત્ર છ લક્ષણો કહેવામાં આવશે. (૧) જ્ઞાન, (૨) દર્શન, (૩) ચારિત્ર, (૪) વીર્ય, (૫) તપ અને (૬) ઉપયોગ.

(૧) જ્ઞાન લક્ષણનું વર્ણન

અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવોના અંતરમાં જ્ઞાનગુણ સદા માટે રહેલો હોય છે. જો જ્ઞાનગુણ ન હોય તો એ જીવ અજીવરૂપે બની જાય. કોઇ કાળે કોઇપણ જીવ અજીવરૂપે બની શકતો નથી માટે જ્ઞાનગુણ સદા માટે આત્મામાં રહેલો હોય છે. સંસારી જીવોનું જ્ઞાન ચઢ-ઉતર કર્યા કરે છે. અવ્યવહાર રાશિમાં રહેલા જીવોના આત્મામાં અક્ષરના અનંતમા ભાગ જેટલું જ્ઞાન રહેલું હોય છે. જે જ્ઞાનને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના ક્ષયોપશમભાવ રૂપે ગણાય છે. જ્યારે અવ્યવહાર રાશિમાં રહેલા જીવો વ્યવહાર રાશિમાં દાખલ થાય છે ત્યારે એ જીવોના અંતરમાં જ્ઞાનગુણ કાંઇક વિશેષ રીતે પ્રાપ્ત થાય છે છતાંપણ એ અક્ષરના અનંતમા ભાગ જેટલું જ ગણાય છે.

સામાન્ય રીતે જૈનશાસનમાં જ્ઞાનના પાંચ ભેદ કહેલા છે. (૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યવજ્ઞાન અને (૫) કેવળજ્ઞાન.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન ઇન્દ્રિયની સહાયથી જીવને પેદા થતું હોવાથી આ બંને જ્ઞાનને જ્ઞાની ભગવંતોએ પરોક્ષ જ્ઞાન કહેલું છે. જ્યારે અવધિજ્ઞાનાદિ ત્રણ જ્ઞાનો એ ઇન્દ્રિયની સહાય વગર કોઇપણ આત્મપ્રદેશ ઉપરથી પેદા થઇ શકતું હોવાથી એને પ્રત્યક્ષ જ્ઞાન કહેલું છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન સમ્યક્ત્વની હાજરીમાં આત્માને જ્ઞાનરૂપે ઉપયોગમાં

આવે છે એટલે કે આત્મકલ્યાણમાં સહાયભૂત થતું જાય છે અને મિથ્યાત્વની હાજરીમાં એ બંને જ્ઞાન અજ્ઞાન રૂપે કામ કરે છે સંસાર વૃદ્ધિમાં સહાયભૂત થતું જાય છે. એવી જ રીતે અવધિજ્ઞાન સમકિતી જીવોને જ્ઞાનરૂપે સહાયરૂપે બની આત્મકલ્યાણમાં ઉપયોગી થાય છે જ્યારે એજ અવધિજ્ઞાનનો ક્ષયોપશમભાવ મિથ્યાત્વના ઉદયકાળમાં અજ્ઞાન રૂપે કામ કરીને વિભંગજ્ઞાન રૂપે કહેવાય છે. જે સંસારની વૃદ્ધિમાં સહાયભૂત થતું જાય છે. જગતમાં રહેલા અભવ્ય જીવો, દુર્ભવ્યજીવો, ભારેકર્મીભવ્ય જીવો, લઘુકર્મી ભવ્ય જીવો, જાતિભવ્ય જીવો અને દુર્લભ બોધિ જીવો એમ સઘળાય જીવોના અંતરમાં એટલે કે આત્મામાં સત્તા રૂપે કેવળજ્ઞાન સદા માટે રહેલું હોય છે. એ કેવળજ્ઞાન રહેલું હોવાછતાં પણ એક લઘુકર્મી ભવ્ય જીવોજ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરવાની ઇચ્છા પેદા કરી શકે છે. એટલે કે લઘુકર્મીભવ્ય જીવોના આત્મામાં મિથ્યાત્વની મંદતા પેદા થતા જીવને પોતાના આત્મામાં રહેલા કેવળજ્ઞાનને પેદા કરવાની ઇચ્છા પેદા થાય છે. જ્યારે બાકીના જીવોના આત્મામાં કેવળજ્ઞાન રહેલું હોવા છતાં પણ કોઇકાળે કેવળજ્ઞાનને પેદા કરવાની ઇચ્છા પણ પેદા થતી નથી. એટલે કે સુંદરમાં સુંદર રીતે દેવ, ગુરુ અને ધર્મની આરાધના કરવા છતાં પણ એ જીવોનું મિથ્યાત્વ મંદ પડવાને બદલે ગાઢ બનતું જાય છે. અભવ્યજીવોના આત્મામાં કેવળજ્ઞાન રહેલું હોવા છતાં પણ કોઇકાળે એ જીવોને હું મારા આત્મામાં રહેલા જ્ઞાનને પેદા કરું એવી ઇચ્છા કોઇકાળે પેદા થતી નથી. માટે એ જીવોનું મિથ્યાત્વ સદાકાળ માટે ગાઢરૂપે બનતું જાય છે.

પહેલા ગુણસ્થાનકમાં રહેલા આત્માઓને ગ્રંથીદેશે આવ્યા પછી પોતાના આત્મામાં રહેલી ગ્રંથીને ઓળખવાની ઇચ્છા પેદા થાય એટલે કે અનાદિકાળથી આત્મામાં રહેલા અનુકૂળ પદાર્થો પ્રત્યેનો ગાઢરાગ અને પ્રતિકૂળ પદાર્થો પ્રત્યેનો ગાઢ દ્વેષ એ રાગ-દ્વેષના પરિણામ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી અને

અંતરાયકર્મના ક્ષયોપશમથી પુષ્ટ થતા જાય છે એને જ્ઞાની ભગવંતો ગ્રંથી કહે છે. ગ્રંથીદેશે આવેલા એને કહેવાય છે કે જે જીવો સન્નીપણું પ્રાપ્ત કરીને આયુષ્યકર્મ સિવાય બાકીના સાત કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તામાં રહેલી હોય તેને ખપાવી ખપાવીને નાશ કરી એ સાતે કર્મોની સ્થિતિ એક કોટાકોટી સાગરોપમ કરતાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી ઓછી કરે ત્યારે અંતઃકોટાકોટી સાગરોપમની સ્થિતિ કહેવાય છે. આ સ્થિતિ સત્તાને જીવો જ્યારે પ્રાપ્ત કરે છે ત્યારે તે ગ્રંથીદેશે આવેલો છે એમ કહેવાય છે. એટલે કે સાતે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિને ખપાવીને એક કોટાકોટી સાગરોપમ કરતાં ક્યાંક ન્યૂન કરેલી હોય છે એને ગ્રંથીદેશ કહેવાય છે. જે જીવોને નવકારમંત્રના ૬૮ અક્ષરમાંથી કોઇપણ અક્ષર બોલતાં આવડે એટલે એ જીવ ગ્રંથીદેશે આવેલો છે એમ જ્ઞાની ભગવંતોએ મહોરછાપ મારેલી છે. આ ગ્રંથીદેશે અભવ્યજીવો અનંતીવાર આવે છે. દુર્ભવ્યજીવો પણ અનંતીવાર ગ્રંથીદેશને પ્રાપ્ત કરે છે. ભારેકર્મીભવ્યજીવો પણ અનંતીવાર ધર્મસામગ્રી સંપન્ન મનુષ્યજન્મને પ્રાપ્ત કરીને ગ્રંથીદેશને પ્રાપ્ત કરે છે. અને દુર્લભબોધી એટલે કે એકવાર સમકીત પામીને વમીને ભગવાનના વચન પ્રત્યે અશ્રધ્ધા પેદા થયેલી હોય એ અશ્રધ્ધા જેટલા કાળ સુધી અંતરમાં રહે એટલા કાળ સુધી એ જીવોને દુર્લભબોધિ કહેવાય છે. એ દુર્લભબોધિ જીવો પણ ગ્રંથીદેશે અનંતાકાળ સુધી પણ રહી શકે છે. એટલે આ અભવ્યાદિ જીવોને ગ્રંથીદેશે આવેલા હોવાછતાં પણ પોતાના આત્મામાં રહેલી ગ્રંથીને ઓળખવાની-જાણવાની કોઇકાળે ઇચ્છા પેદા થતી નથી. જ્યારે લઘુકર્મીભવ્ય જીવો ગ્રંથીદેશે આવેલા હોય છે તે વખતે ભગવાનની વાણીના શબ્દોને સાંભળતાં અંતરમાં વિચારણા પેદા થાય છે કે ભગવાનને અમારા પ્રત્યે શું સ્વાર્થ છે ? એક મારા આત્માના ઉપકારના હેતુથી ભગવાન અમને ઉપદેશ આપી રહેલા છે. આ વિચારસરણીથી ભગવાનની વાણી પ્રત્યે સાંભળતાં સાંભળતાં બહુમાનભાવ પેદા થતો જાય અને

એનું ચિંતન કરતાં કરતાં આદરભાવ પેદા થતો જાય એમાં અંતરમાં વિચારણા પેદા થાય કે ભગવાન જે કહે છે એ કાંઇ એમને એમ તો કહેતા નથી એ જે કાંઇ કહે છે એ જરૂર મારા આત્માના કલ્યાણના હેતુથીજ કહે છે. માટે એની વિચારણા કરતાં કરતાં સાંભળેલા શબ્દો જેટલા યાદ રહે એને વારંવાર યાદ કરતાં કરતાં અનુકૂળ પદાર્થો પ્રત્યેનો રાગ અને પ્રતિકૂળ પદાર્થો પ્રત્યેનો દ્વેષ એજ મારા આત્માને નુકશાન કરનારા છે આવું અંતરમાં ઉંડે ઉંડે સમજણ રૂપે પેદા થતું જાય છે. કારણ કે જીવોને પાપના ઉદયથી દુઃખ આવે છે, પુણ્યના ઉદયથી સુખ મળે છે છતાં પણ જગતમાં રહેલા જીવો પાપ કરતાં હોય તો શેને માટે કરે છે ? આ વિચારણા કરતાં ખ્યાલ આવે છે કે જગતના જીવો પાપ કરતાં હોય, પાપની ઇચ્છાઓ કરતાં હોય તે અનુકૂળ પદાર્થોની સામગ્રીને મેળવવા આદિ માટે કરે છે. જે સામગ્રી પાપ કરાવે, પાપની ઇચ્છાઓમાં જીવને જીવન જીવવાનો પ્રયત્ન કરાવે અને એ સામગ્રીથી આત્માને દુઃખ પેદા થતું જાય તો એ સામગ્રી સુખરૂપ કહેવાય કઇ રીતે ? આ વિચારણા વારંવાર કરતાં કરતાં પોતાના આત્માને અનાદિકાળથી અનુકૂળ પદાર્થો પ્રત્યેનો ગાઢ રાગ રહેલો હોય છે અને પ્રતિકૂળ પદાર્થો પ્રત્યેનો ગાઢ દ્વેષ રહેલો હોય છે એ ધીરે ધીરે મંદ પડતાં રાગાદિ પરિણામની ઓળખ અંતરમાં પેદા થતી જાય છે અને જેમ જેમ રાગાદિ પરિણામની ઓળખ વધતી જાય છે તેમ તેમ અનુકૂળ પદાર્થોની સામગ્રીથી જીવને સાવચેત રહી જીવન જીવવાનું મન થાય છે. એટલે કે અત્યાર સુધી આ અનુકૂળ પદાર્થોની સામગ્રીએ મારા આત્મામાં રહેલા જ્ઞાનને ઓળખવાનું મન પણ થવા દીધું નથી. તો હવે આ રાગાદિ પરિણામને મંદ કરતાં કરતાં એ રાગાદિ પરિણામનો સંપૂર્ણ નાશ કરીને મારા આત્મામાં રહેલા કેવળજ્ઞાનને હું ક્યારે પ્રાપ્ત કરતો થાઉં આવી ઇચ્છા અંતરમાં પેદા થાય છે. જેને જ્ઞાની ભગવંતો મિથ્યાત્વની મંદતા કહે છે, મોક્ષની રૂચિ કહે છે, મોક્ષનો અભિલાષ કહે છે, જીવ મોક્ષમાર્ગમાં દાખલ થયો એમ પણ જણાવે છે

તેમજ અપુનર્બંધક દશાના પરિણામે જીવે પ્રાપ્ત કર્યા એમ પણ કહે છે. એટલે કે અનાદિ યથાપ્રવૃત્તકરણમાંથી જીવ પુરૂષાર્થ કરીને શુધ્ધ યથાપ્રવૃત્તકરણ અધ્યવસાયને પ્રાપ્ત કરનારો થયો અર્થાત્ પ્રાપ્ત કર્યા એમ કહેવાય છે. અહીંથીજ જીવનો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમભાવ ગાઢ મિથ્યાત્વના ઉદયકાળમાં અજ્ઞાનરૂપે જીવને પરિણામ પામતો હતો તે હવે સમ્યગ્જ્ઞાનરૂપે શરૂ થયો. અર્થાત્ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન જીવને સમ્યગ્જ્ઞાન રૂપે પરિણામ પામવાની શરૂઆત કરતું થયું. આ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન સમ્યગ્જ્ઞાન રૂપે કામ કરવાની શરૂઆત કરે છે તેજ વખતે જીવને અત્યાર સુધી અજ્ઞાનના ક્ષયોપશમભાવથી અનુકૂળ પદાર્થો પ્રત્યે તીવ્રભાવે પાપ કરીને ગમે તે રીતે તે પદાર્થોને મેળવવાની બુધ્ધિ અંતરમાં તીવ્રભાવે ચાલતી હતી તે નાશ પામે છે. અર્થાત્ તીવ્રભાવે પાપ કરવાના પરિણામ જીવોના અંતરમાંથી નાશ પામે છે. આ પરિણામ નાશ પામવાથી અત્યાર સુધી અનુકૂળ પદાર્થોમાં સર્વસ્વ સુખની બુધ્ધિ અંતરમાં રહેલી હતી કે મારે જે સુખ જોઇએ છે એ સુખ આ પદાર્થો જરૂર મને આપશે એવી જે કલ્પના મિથ્યાત્વના ઉદયથી રહેલી હતી તે નાશ પામવાથી એમાં સુખની બુધ્ધિને બદલે આ પદાર્થો એકાંતે દુઃખરૂપજ છે, દુઃખનું ફલ આપનારા છે અને દુઃખની પરંપરા વધારનારા છે આવી વિચારણસરણીની શરૂઆત થાય છે. માટે અત્યાર સુધી મિથ્યાત્વના ઉદયકાળમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના ક્ષયોપશમભાવથી પોતાનો જ્ઞાનનો ક્ષયોપશમભાવ અજ્ઞાનરૂપે પરિણામ પામતો હતો કે જેના પ્રતાપે અનુકૂળ પદાર્થો માટે પ્રાણ આપવા પડે તો પ્રાણ આપવાની તૈયારી કરતો હતો એને બદલે મિથ્યાત્વની મંદતાથી શુધ્ધ યથાપ્રવૃત્તકરણને પ્રાપ્ત કરી અનુકૂળ પદાર્થો પ્રત્યે દુઃખરૂપની બુધ્ધિ પ્રાપ્ત કરતાં આનાથી ચઢીયાતું સુખ જગતને વિષે રહેલું છે અને તે મારા આત્મામાં રહેલું છે એને પેદા કરવાની અંતરથી ઇચ્છા પેદા થતા એની રૂચિ પેદા થતા અનુકૂળ પદાર્થો પ્રત્યે પ્રાણ

આપવાની બુદ્ધિ અંતરમાંથી નાશ પામે છે. એટલે કે એ પદાર્થો મળે તોય શું અને ન મળે તો પણ શું, મારી પાસે રહે તો પણ શું અને ન રહે તો પણ શું. એ પદાર્થો મળવા એ પુણ્યના ઉદયરૂપે ગણાય છે અને એ પદાર્થો ન હોય, નાશ પામે તે પાપના ઉદયવાળો પરિણામ કહેવાય છે. માટે એવા પદાર્થો માટે પ્રાણનો ભોગ આપવો એ અજ્ઞાન ગણાય છે. આ અજ્ઞાન દુર થતા મિથ્યાત્વની મંદતાથી જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમભાવથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો જેટલો ક્ષયોપશમભાવ પેદા થયેલો છે તે સમ્યગ્જ્ઞાનરૂપે પરિણામ પામતો જાય છે. એટલે કે હવે એ જ્ઞાન જ્ઞાનરૂપે કામ કરતું થાય છે. માટે એ જ્ઞાનની સહાયથી મારે જે સુખ મેળવવું છે એ સુખ મેળવવામાં કેમ ઉપયોગી થાય અને આત્મિક ગુણોને પેદા કેમ કરતો જાઉં કે જેની આંશિક અનુભૂતિ આ જન્મમાં પણ પેદા કરતો બનું આવી ભાવનાથી પોતાના જ્ઞાનને ઉપયોગમાં લેતો લેતો આત્મકલ્યાણના માર્ગમાં આગળ વધતો જાય છે. જેને મોક્ષમાર્ગમાં દાખલ થયેલો જીવ ગણાય છે.

કેવળજ્ઞાની ભગવંતો જગતમાં રહેલા પદાર્થોને જેવા સ્વરૂપે રહેલા છે એવા સ્વરૂપે પોતાના જ્ઞાનથી જુવે છે અને જાણે છે એવા સ્વરૂપે આંશિક મિથ્યાત્વની મંદતા પેદા થતા જગતના રહેલા પદાર્થો એવા સ્વરૂપે જણાય છે. એટલે કે શુધ્ધ યથાપ્રવૃત્તકરણમાં દાખલ થયેલો જીવ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના બળે જે જે પદાર્થોનું જ્ઞાન પેદા કરે છે તે પદાર્થોને કેવળજ્ઞાની જેવા સ્વરૂપે જુવે છે એવા સ્વરૂપે જાણતો થાય છે. જેને જ્ઞાની ભગવંતોએ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો યથાર્થ બોધ શરૂ થયો એમ કહે છે. જ્યાં સુધી જીવને શુધ્ધ યથાપ્રવૃત્તકરણ પ્રાપ્ત થતું નથી ત્યાં સુધી દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરવા છતાં પણ જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના કરવા છતાં પણ જે જ્ઞાનની પ્રાપ્તિ કરે છે તે જ્ઞાન યથાર્થ બોધ રૂપે મિથ્યાત્વના ઉદયના કારણે પેદા થઇ શકતું નથી એટલે કે જ્ઞાન જ્ઞાનરૂપે પરિણામ પામતું નથી. યથાર્થબોધ રૂપે

ત્યારેજ પરિણામ પામે અને જ્ઞાન જ્ઞાનરૂપે ત્યારેજ પરિણામની પ્રાપ્તિ કરી શકે કે અનુકૂળ પદાર્થો એકાંતે દુઃખરૂપ, દુઃખફલ, દુઃખાનુબંધી છે એવી બુધ્ધિ સ્થિર થતી જાય તોજ એ જ્ઞાન જ્ઞાનરૂપે પરિણામ પામે છે.

આજે જૈનશાસનનું જ્ઞાન નવકાર મંત્રથી શરૂ કરીને જે જે જીવોએ પોતાની શક્તિ મુજબ મહેનત કરીને જેટલા જેટલા સૂત્રો ભણેલા હોય છે, જેમકે સામાયિક લેવા પાળવાના સુત્રો ચૈત્યવંદનના સુત્રો, પ્રતિક્રમણ કરી શકે એટલા સૂત્રો તેમજ તત્વજ્ઞાનના પ્રકરણ આદિનું જ્ઞાન જે પ્રાપ્ત કરેલું હોય એ સમ્યગ્જ્ઞાન રૂપે ત્યારેજ કહેવાય કે અનુકૂળ પદાર્થો એકાંતે દુઃખરૂપ લાગે તો. અથવા એકાંતે દુઃખરૂપ લગાડવાનો પ્રયત્ન કરવા માટે એ સુત્રો ભણતો હોય તોજ એ સૂત્રો સમ્યગ્જ્ઞાન રૂપે ગણાય છે. આથી જ્ઞાની ભગવંતો ભારપૂર્વક કહે છે કે નવકારમંત્રનું પણ જ્ઞાન સમ્યગ્જ્ઞાન રૂપે ત્યારેજ કહેવાય કે નવકારમંત્રને વિષે પંચ પરમેષ્ઠી રહેલા છે એ પંચપરમેષ્ઠીના આત્માઓએ સંસારના તમામ પદાર્થોનો જે ત્યાગ કર્યો એ નમસ્કાર કરતાં કરતાં અંતરમાં એ પદાર્થોનો ત્યાગ કરીને હું પણ મારા આત્માને પંચપરમેષ્ઠીમાં ક્યારે દાખલ કરૂં એવી ભાવના સાથે નવકાર મંત્ર ગણતો હોય, સ્મરણ કરતો હોય તોજ તે સમ્યગ્જ્ઞાન રૂપે ગણાય છે. બાકી નવકાર મંત્ર જીવનમાં ગમે તેટલા ગણે તો પણ એ જીવોને અજ્ઞાન રૂપે પરિણામ પામે છે એમ કહેલું છે. બોલો અત્યાર સુધી જીવનમાં જે કાંઇ સૂત્રો આપણે ભણેલા છીએ, નવકારમંત્ર પણ જીવનમાં હજારો ને લાખો વખત સ્મરણ રૂપે ગણ્યા તોપણ સમ્યગ્જ્ઞાન રૂપે એ જ્ઞાન પરિણામ પામ્યું છે ખરૂં ! સમ્યગ્જ્ઞાન રૂપે પરિણામ ક્યારે પામે એવી ભાવના પણ પેદા થઇ છે ખરી ! સમ્યગ્જ્ઞાન રૂપે પરિણામ નથી પામતું એનું દુઃખપણ અંતરમાં થાય છે ખરૂં ! જો આમાંનું કાંઇપણ પેદા ન થતું હોય તો કુલાચારથી જૈનધર્મ મળ્યો છે, નાનપણમાં નવકાર મંત્ર શીખ્યા છીએ અને બોલતા થયા છીએ માટે બોલીએ છીએ એમ ગણાય છે. એનાથી આત્માને આત્મકલ્યાણ માટેનો

કોઇ લાભ પેદા થઇ શકતો નથી. એ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમભાવ અજ્ઞાન રૂપે પરિણામ પામતો જાય છે. એ અજ્ઞાનરૂપે ન બને એની આપણે સતત કાળજી રાખવાની છે. એ કાળજી રાખીને જીવન જીવતાં થઇએ તોજ અને આરાધના કરતાં હોઇએ તોજ તથાભવ્યત્વ ખીલી શકે એવી યોગ્યતા હશે તો જરૂર એ આરાધનાના પુરૂષાર્થથી તથાભવ્યત્વ ખીલીને શુધ્ધ પરિણામ પેદા થયા વગર રહેશે નહિ. એટલે કે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના ક્ષયોપશમભાવથી પદાર્થોનું જ્ઞાન યથાર્થ બોધ રૂપે પેદા થયા વગર રહેશે નહિ. અયથાર્થ રૂપે આત્મામાં રહેલો જે બોધ છે એ છોડવાલાયક પદાર્થોમાં ગ્રહણ કરવાલાયકની બુધ્ધિ પેદા કરતું જાય છે. અને ગ્રહણ કરવાલાયક પદાર્થોમાં છોડવાલાયક પદાર્થોની બુધ્ધિ પેદા કરાવીને પાપની જડનો સંસ્કાર મજબૂત કરતો જાય છે. અને રાગાદિ પરિણામ ગાઢ કરતો કરતો જીવ એજ જ્ઞાનથી પોતાના આત્માનો સંસાર વધારતો જાય છે. જો સંસાર વધારવો ન હોય અને આત્મકલ્યાણમાં એ જ્ઞાન ઉપયોગી બનાવવું હોય તો મિથ્યાત્વની મંદતા પેદા કરીને યથાર્થ બોધ પેદા કરવાનો પ્રયત્ન જરૂર કરવો જોઇએ. તોજ મિથ્યાત્વની મંદતા થશે અને એ મંદતાના પ્રતાપે જીવ અનુકૂળ પદાર્થોનો રાગ ઘટાડતો ઘટાડતો ઉચિત વ્યવહારનું પાલન કરતો કરતો આત્મકલ્યાણમાં આગળ વધતો જશે. આત્મકલ્યાણમાં આગળ વધે છે એનું લક્ષણ જ્ઞાની ભગવંતોએ એ જણાવ્યું છે કે અત્યાર સુધી સંસારને વિષે અનુકૂળ પદાર્થોથી ભયભીત થઇને જીવન જીવતો રહેલો છે. કારણ કે એ પદાર્થો નહિ હોય તો હું શું કરીશ ? કેવી રીતે જીવીશ ? એ પદાર્થો ચાલ્યા જશે નાશ પામી જશે તો મારૂં શું થશે, એ પદાર્થો છે તોજ હું જીવન જીવી શકું છું. આવી બુધ્ધિ અને આવી વિચારણાઓ એને ભયભીત વિચારણાઓ કહેલી છે. જ્યારે યથાર્થરૂપે બોધ પેદા થતો જાય એટલે એના અંતરમાંથી આવા ભયવાળા વિચારો નાશ પામવાથી અનુકૂળ પદાર્થોની સામગ્રીને વિશે જીવ નિર્ભય

બનતો જાય છે. એટલે કે એ પદાર્થો રહે તોય શું અને નાશ પામે કે ચાલી જાય તોય શું. એ પદાર્થો વગર જરૂર મને જીવતા આવડે છે એવો પરિણામ અંતરમાં પેદા થતાં થતાં લાંબાકાળ સુધી ટક્યો રહે છે આને નિર્ભયતા કહેવાય છે. બોલો આવી નિર્ભયતા પેદા થયેલી છે ? પેદા કરવાનું મન છે ? આવી નિર્ભયતા નથી આવતી એનું દુઃખ છે ? આને જ્ઞાની ભગવંતો અભયગુણ કહે છે.

પહેલાં ગુણસ્થાનકમાં રહેલા જીવોને ગાઢ મિથ્યાત્વના ઉદયકાળમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમભાવ ઉત્કૃષ્ટથી સાડા નવ પૂર્વના જ્ઞાન જેટલો હોય છે. અને જઘન્યથી અક્ષરના અનંતમા ભાગ જેટલો ક્ષયોપશમભાવ જીવને રહેલો હોય છે. અભવ્યજીવો, દુર્ભવ્યજીવો આદિ જીવો નિરતિચાર ચારિત્રનું પાલન કરતાં જ્ઞાનાવરણીયના ક્ષયોપશમભાવથી સાડા નવ પૂર્વ સુધીના જ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે છતાંપણ ગાઢ મિથ્યાત્વનો ઉદય રહેલો હોવાથી એમનું જ્ઞાન અજ્ઞાનરૂપે કહેવાય છે. આજે આપણું પોતાનું જ્ઞાન અજ્ઞાન રૂપે કામ કરે છે કે જ્ઞાન રૂપે પરિણામ પામે છે એની રોજ વિચારણા કરતાં થવું જોઇએ. સમકિતી જીવો ઉત્કૃષ્ટથી ચૌદ પૂર્વનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે અને જઘન્યથી અષ્ટપ્રવચન માતાનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. એટલે કે અષ્ટપ્રવચન માતાના જ્ઞાનવાળો જીવ પણ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી શકે છે અને ચૌદપૂર્વી જીવો પણ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી શકે છે. શ્રુતજ્ઞાનના ક્ષયોપશમભાવથી ચૌદપૂર્વનું જ્ઞાન એને વારંવાર પરાવર્તન કરતાં કરતાં જીવ મતિજ્ઞાન રૂપે ક્ષયોપશમભાવ પેદા કરતો જાય છે. આથી મતિજ્ઞાનના ક્ષયોપશમભાવમાં જ્ઞાની ભગવંતોએ છ વૃદ્ધિના સ્થાનો અને છ હાનિના સ્થાનો કહેલા છે કે જેના પ્રતાપે ચૌદ પૂર્વના જ્ઞાની અનેક જીવો એક સરખા હોવાછતાં પણ દરેક જીવોને મતિજ્ઞાનના ક્ષયોપશમભાવથી પોતાનું ચૌદપૂર્વનું જ્ઞાન ભિન્ન ભિન્ન ક્ષયોપશમભાવ રૂપે પ્રાપ્ત થતું જાય છે એમ મહાપુરુષો કહે છે. આ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો જેટલું પરાવર્તન

વિશેષ થાય તેમ તેમ એમાં જેટલો કાળ પસાર થાય એટલા કાળ સુધી રાગાદિ પરિણામની વિચારણા જીવને પેદા થતી ન હોવાથી રાગાદિનો નાશ કરવામાં જીવને એ જ્ઞાન ખુબ ઉપયોગી બને છે. તેમજ એ જ્ઞાનના પરાવર્તનથી જેમ જેમ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમભાવ પેદા થતો જાય છે તેમ તેમ જાણકારી જીવની વધતી જાય છે. અને એ જાણકારીના બળે જીવને આત્મપ્રત્યક્ષ રૂપે જામેલા પદાર્થો અવધિજ્ઞાનના ક્ષયોપશમભાવથી પ્રત્યક્ષ દેખાતા જાય છે. જ્યાં સુધી જીવ શ્રુતજ્ઞાનનું પરાવર્તન કરીને પદાર્થોને સ્થિર કરવાનો પ્રયત્ન કરતો નથી ત્યાં સુધી એને આત્મપ્રત્યક્ષ જ્ઞાન જલ્દી પેદા થઇ શકતું નથી. એ આત્મપ્રત્યક્ષ જ્ઞાનથી જગતના રૂપી પદાર્થોને જોતાં જોતાં વારંવાર એનું ચિંતન-મનન કરતાં કરતાં જીવને પોતાના આત્મામાં જ્ઞાનના ક્ષયોપશમભાવથી મનઃપર્યવજ્ઞાનની પ્રાપ્તિ પણ થઇ શકે છે. આ રીતે જીવો ચાર જ્ઞાનના ક્ષયોપશમભાવને પ્રાપ્ત કરીને મોહનીય કર્મનો સંપૂર્ણ નાશ કરવા માટે ક્ષપકશ્રેણિ પ્રાપ્ત કરે અને મોહનીય કર્મનો સંપૂર્ણ નાશ કરી વીતરાગ દશાને પામી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મોનો સંપૂર્ણ ક્ષય કરીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી શકે છે. આ રીતે જીવ યથાર્થબોધથી પ્રયત્ન કરતો કરતો ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચી શકે છે. એ યથાર્થબોધની વર્તમાનમાં પ્રાપ્ત કરી શકીએ એવી બધી સામગ્રી અનંતી પુણ્યરાશિથી આપણને પ્રાપ્ત થયેલી છે એ યથાર્થબોધ પેદા કરવાનો પ્રયત્ન કરતાં કરતાં યથાર્થબોધને પેદા કરી એને ટકાવી રાખીએ અને એનુંજ ચિંતન-મનન કરતાં રહીએ તો એનો સંસ્કાર મજબુત પડતાં ભવાંતરમાં યથાર્થબોધ સાથે આવવાથી ત્યાં પણ એજ જ્ઞાનનો ઉપયોગ આત્મકલ્યાણમાં ઉપયોગી થતો હોવાથી આરાધનામાં આગળ વધવામાં આત્મિક ગુણ પેદા કરવામાં સહાયભૂત થતાં થતાં કેવળજ્ઞાન સુધી પહોંચાડ્યા વગર રહે નહિ. આ રીતે કેવળજ્ઞાન મેળવવાની ભાવના રાખીને રાગાદિ પરિણામને ઓળખી યથાર્થ બોધને પેદા કરીને એ

યથાર્થબોધને એવી રીતે સાચવીએ કે જેના પ્રતાપે ભવાંતરમાં એ જ્ઞાનના સંસ્કારો સાથે આવે આરાધનામાં સહાયભૂત થાય અને એમ કરતાં કરતાં કોઇ નિકાચીત કર્મ નડતું ન હોય તો સંખ્યાતા ભવોમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય એવી ભાવના રાખીને યથાર્થ બોધને પેદા કરવાનો પ્રયત્ન કરતાં થાવ એવી સૌને માટે અભિલાષા.

આ રીતે અનંતી પુણ્યરાશિથી ધર્મસામગ્રીને પામીને અજ્ઞાનને જ્ઞાનરૂપે બનાવવાનો પ્રયત્ન કરી જ્ઞાનગુણને પ્રાપ્ત કરતાં કરતાં સંપૂર્ણ જ્ઞાનગુણને પ્રાપ્ત કરીએ એવી અભિલાષા. આ જ્ઞાનગુણને પેદા કરવા માટે ગ્રંથીદેશે આવીને પોતાના આત્મામાં રહેલી ગ્રંથીને ઓળખવાનો અવશ્ય પ્રયત્ન કરવોજ જોઇએ. જો આ જન્મમાં એ પ્રયત્ન નહિ કરીએ તો મનુષ્યજન્મ હાથમાંથી ગયા પછી સંખ્યાતાકાળે, અસંખ્યાતાકાળે કે અનંતાકાળે મનુષ્યજન્મ પાછો ક્યારે મળશે તે કહી શકાશે નહિ. માટે જ્ઞાનની પ્રધાનતા રાખીને અજ્ઞાનને સમ્યગ્જ્ઞાનરૂપે બનાવવાનો પ્રયત્ન કરવા માટે પોતાના આત્મામાં રહેલા રાગાદિ પરિણામને ઓળખવા માટે ઓળખીને એની સ્થિરતા પ્રાપ્ત કરવા માટે દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતાં થાવ અને એ અભ્યાસને જીવનમાં ચાલુ રાખીને થોડા ભવોમાં સૌ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરનારા બનો એટલે કે પોતાના આત્મામાં રહેલા કેવળજ્ઞાનને જલ્દીમાં જલ્દી પ્રાપ્ત કરનારા થાવ એમ આ જ્ઞાન ગુણ આપણને શીખવી રહેલો છે.

(૨) દર્શન

જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે ક્ષાયિકભાવે જે જીવોને જ્ઞાન પ્રાપ્ત થાય એટલે કે કેવળજ્ઞાની જીવોને સમયે સમયે જ્ઞાન અને દર્શન બદલાયા કરે છે એટલે કે પહેલે સમયે જ્ઞાન બીજે સમયે દર્શન. એમ સિધ્ધમાં રહેલા જીવોને સદા માટે સમયે સમયે જ્ઞાન અને દર્શન ફેરફાર રૂપે થયા કરે છે. જ્યારે જે જીવોને ક્ષાયિકભાવે જ્ઞાન પ્રાપ્ત થયેલું નથી

અને ક્ષયોપશમભાવે જ્ઞાન રહેલું હોય છે એ જીવોને એક એક અંતર્મુહૂર્તે જ્ઞાન અને દર્શનનો ઉપયોગ બદલાયા કરે છે. એટલે કે એક અંતર્મુહૂર્ત સુધી જ્ઞાનનો ઉપયોગ રહે છે અને બીજા અંતર્મુહૂર્તે દર્શનનો ઉપયોગ પ્રાપ્ત થાય છે. ત્યાર પછી જ્ઞાનનો ઉપયોગ પછી દર્શનનો ઉપયોગ એમ અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્તે જ્ઞાન અને દર્શન ક્ષયોપશમભાવે બદલાયા કરે છે.

જ્ઞાન એ વિશેષ બોધ રૂપે કહેવાય છે અને દર્શન એટલે સામાન્ય બોધ રૂપે કહેવાય છે. જ્યારે જીવને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે તે વખતે પહેલે સમયે વિશેષ બોધરૂપે જ્ઞાન હોય છે. એવીજ રીતે જીવ સકળ કર્મથી રહિત થઇને સિધ્ધી ગતિને પ્રાપ્ત કરતો હોય છે તે વખતે વિશેષ બોધરૂપ જ્ઞાનનો ઉપયોગ હોય છે. ત્યાર પછી બીજા સમયે દર્શનનો ઉપયોગ પ્રાપ્ત થાય છે જ્યારે છદ્મસ્થ જીવોને કોઇપણ પદાર્થનું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો એ નવા પદાર્થને જોતાં સૌ પ્રથમ સામાન્ય બોધ રૂપે જ્ઞાન પેદા થાય છે જેને દર્શન કહેવાય છે. અને ત્યાર પછી એને વારંવાર એ પદાર્થને જોતાં જોતાં એની વિચારણા કરતાં કરતાં વિશેષ બોધ પેદા થાય છે એને જ્ઞાન કહેવાય છે. કોઇપણ જીવને જ્યારે લબ્ધિ પેદા થતી હોય છે ત્યારે લબ્ધિનો ઉપયોગ જ્ઞાનના ઉપયોગમાંજ જીવને પ્રાપ્ત થાય છે. એટલે કે જીવ પુરૂષાર્થ કરીને શુધ્ધ યથાપ્રવૃત્તકરણને પ્રાપ્ત કરે તેને લબ્ધિ કહેવાય છે. એ લબ્ધિ વિશેષ બોધરૂપ જ્ઞાનના ઉપયોગમાંજ જીવને પ્રાપ્ત થાય છે. એ સિવાયના બાકીના પદાર્થોનું જ્ઞાન જીવને જ્યારે કરવું હોય ત્યારે સૌથી પહેલાં સામાન્ય ઉપયોગ રૂપે સામાન્ય બોધ પેદા થાય જેને દર્શન કહેવાય છે. એટલે કે સૌ પ્રથમ દર્શનનો ઉપયોગ એક અંતર્મુહૂર્ત પછી જ્ઞાનનો ઉપયોગ. આ દર્શન પણ આત્માનો ગુણ કહેવાય છે. કારણ કે દર્શનાવરણીય કર્મોના ક્ષયોપશમભાવથી જીવને સામાન્ય બોધ પેદા થાય છે અને દર્શનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય થાય ત્યારે જીવને કેવળદર્શન ક્ષાયિકભાવે પેદા થાય છે. ક્ષયોપશમભાવે રહેલો દર્શનનો ઉપયોગ પાંચ ઇન્દ્રિયના ક્ષયોપશમભાવને એના વિષયોના

પદાર્થોને જાણવાના ઉપયોગમાં આવે છે. જેમકે જે જીવોની રસનેન્દ્રિય સતેજ હોય એ જીવોને કોઇપણ પદાર્થ ચાખવા માટે આપવામાં આવે તો એ પદાર્થ કેવો છે, કેવા સ્વાદવાળો બનેલો છે એ સામાન્ય બોધરૂપે જ્ઞાન પ્રાપ્ત કરીને તરતજ વિશેષ બોધરૂપે જ્ઞાન પેદા કરે છે. અને જે જીવોને રસનેન્દ્રિયની મંદતા ક્ષયોપશમભાવે પ્રાપ્ત થયેલી હોય તો પદાર્થને એકવાર ચાખવા છતાં બેવાર ચાખવા છતાંય એમ અનેકવાર ચાખવા છતાંય એના સ્વાદને જણાવી શકતો નથી અર્થાત્ એ પદાર્થ પોતે ખઇ શકશે પણ કેવા સ્વાદવાળો છે એનું જ્ઞાન એને પ્રાપ્ત થઇ શકતું નથી. એટલે વિશેષ બોધરૂપે જણાવી શકતો નથી. એવી રીતે બાકીની ઇન્દ્રિયોમાં પણ સમજવું.

ચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમભાવથી ચઉરીન્દ્રિયજીવોથી ચક્ષુની પ્રાપ્તિ જીવને થાય છે. ચઉરીન્દ્રિય જીવોને ચક્ષુઇન્દ્રિયોનો ક્ષયોપશમભાવ એકદમ મંદ કોટીનો હોય છે જ્યારે પંચેન્દ્રિય જીવોને ચક્ષુરીન્દ્રિયનો ક્ષયોપશમભાવ એના કરતો કંઇ ગણો વિશેષ રહેલો હોય છે. આ ચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમભાવથી જીવોને ચક્ષુ સિવાયની બાકીની ચાર ઇન્દ્રિયોનો ક્ષયોપશમભાવ પ્રાપ્ત થતો જાય છે એમાં સ્પર્શેન્દ્રિયનો ક્ષયોપશમભાવ એકદમ મંદ કોટીનો એકેન્દ્રિય જીવોને પ્રાપ્ત થયેલો હોય છે. બેઇન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય બે ઇન્દ્રિયોનો ક્ષયોપશમભાવ પ્રાપ્ત થયેલો હોય છે. તેઇન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય એ ત્રણ ઇન્દ્રિયોનો ક્ષયોપશમભાવ પ્રાપ્ત થયેલો હોય છે. ચઉરીન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરીન્દ્રિય એ ચાર ઇન્દ્રિયનો ક્ષયોપશમભાવ હોય છે એમાં ચક્ષુરીન્દ્રિયનો ક્ષયોપશમભાવ ચક્ષુદર્શનાવરણીય કર્મથી અને બાકીની ત્રણ ઇન્દ્રિયોનો ક્ષાયોપશમભાવ અચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમભાવથી પ્રાપ્ત થયેલો હોય છે. પંચેન્દ્રિય જીવોને ચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમભાવથી ચક્ષુરીન્દ્રિયનો ક્ષયોપશમભાવ અને બાકીની ચાર ઇન્દ્રિયનો ક્ષયોપશમભાવ અચક્ષુદર્શનાવરણીયના

ક્ષયોપશમભાવથી પ્રાપ્ત થયેલો હોય છે. એમાં આ કર્મોનો જેવો ક્ષયોપશમભાવ પ્રાપ્ત થયેલો હોય એ પ્રમાણે ક્ષયોપશમભાવથી ઇન્દ્રિયના વિષયોને જાણવાની શક્તિ તીવ્રતા, મંદતા રૂપે જીવને પ્રાપ્ત થતી જાય છે અને એ તીવ્રતાને મંદતાના ક્ષયોપશમભાવના કારણે પાંચે ઇન્દ્રિયોના ત્રેવીશ વિષયો અને ૨૫૨ વિકારોને વિષે તીવ્રતા અને મંદતા રૂપે જાણવાની શક્તિ પ્રાપ્ત થતા જીવ રાગાદિ પરિણામ કરતો કરતો પોતાનો સંસાર વધારતો જાય છે. જ્યારે જીવને અવધિજ્ઞાન પ્રાપ્ત થવાનું હોય ત્યારે એ જીવને સૌથી પહેલાં અવધિદર્શનનો ક્ષયોપશમભાવ પ્રાપ્ત થાય છે. એવીજ રીતે ચાર ઘાતીકર્મોનો ક્ષય કર્યા પછી જીવને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે તેના બીજા સમયેજ કેવળદર્શનની પણ પ્રાપ્તિ થાય છે. એટલે કે ક્ષાયિક ભાવે જ્ઞાનદર્શનની પ્રાપ્તિ થતાં પહેલે સમયે વિશેષ બોધ રૂપે કેવળજ્ઞાન કહેવાય છે અને બીજે સમયે સામાન્યબોધ રૂપે કેવળદર્શન કહેવાય છે.

દર્શનાવરણીય કર્મને વિશે પાંચ નિદ્રા જીવોને જ્યારે જ્યારે એમાંથી જે જે નિદ્રાનો ઉદય પ્રાપ્ત થાય તે ઉદય હંમેશા ઉદયભાવ રૂપેજ રહેલો હોય છે. પણ ક્ષયોપશમભાવ રૂપે નિદ્રા કામ કરતી નથી. કારણ કે નિદ્રાનો ઉદય હંમેશા સર્વઘાતી રસવાળો કહેવાય છે. એ સર્વઘાતી રસ ઉદયમાં આવતાં વિશેષ બોધ રૂપે જ્ઞાનનો ઉપયોગ અને સામાન્ય બોધ રૂપે દર્શનનો ઉપયોગ જીવને પ્રાપ્ત થયેલો હોય છે એ તરતજ નાશ પામી જાય છે. જેમકે એક સાથે ભણવા કે વાંચવા બેઠેલા હોઇએ એકાગ્ર ચિત્તે જ્ઞાન પ્રાપ્ત કરતાં હોઇએ અથવા કોઇપણ પ્રવૃત્તિ જીવનમાં એકાગ્રચિત્તે રસપૂર્વક કરતાં હોઇએ અને તે વખતે ઝોકું આવી જાય તો હું શું કરૂં છું, મારી કઇ પ્રવૃત્તિ ચાલે છે એને કશી ખબર પડતી નથી. એ ઝોકું દૂર થાય અને જાગ્રત અવસ્થા જીવને પ્રાપ્ત થાય ત્યાર પછી જે જ્ઞાનનો ઉપયોગ ચાલતો હતો એ યાદ કરીને ઉપયોગમાં મનને પરોવે એટલે તરતજ ખ્યાલ આવે છે કે હું આ પ્રવૃત્તિ માટે આવી વિચારણાઓ કરતો હતો.

પણ જે વખતે ઝોકું આવે છે તે વખતે એ વિચારણાઓ સદંતર નાશ પામી જાય છે. માટે જ્ઞાન અને દર્શનના ઉપયોગને સંપૂર્ણ નાશ કરવામાં સહાયભૂત સર્વઘાતી રસના પુદ્ગલો કામ કરતાં હોવાથી નિદ્રાના પુદ્ગલોને જ્ઞાની ભગવંતોએ સર્વઘાતી રસરૂપે કહેલ છે.

જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ, મોહનીય કર્મ અને અંતરાય કર્મ આ ચાર ઘાતી કર્મો જીવોને સદા માટે સર્વઘાતી રસે જ બંધાય છે. સર્વઘાતી રસે બંધાતી હોવા છતાં પણ ચારે કર્મોની દરેક પ્રકૃતિઓ સર્વઘાતી રસે કોઇકાળે ઉદયમાં હોતી નથી. બંધાતી સર્વઘાતી રસે હોવાછતાંય કેટલીક પ્રકૃતિઓ ઉદયમાં દેશઘાતી રૂપે ઉદયમાં આવે છે અને કેટલીક પ્રકૃતિઓ સર્વઘાતી રસે ઉદયમાં આવે છે. માટે સર્વઘાતી રસે બાંધ્યા પછી આત્માના પરિણામ વિશેષથી જીવ પોતેજ બંધાયેલા સર્વઘાતી રસના પુદ્ગલોને ઉદયમાં લાવતી વખતે દેશઘાતી રસે ઉદયમાં થઇને આવે એવો પ્રયત્ન કરતોજાય છે. આ પ્રયત્ન જીવ પોતે પોતાના પુરૂષાર્થથીજ સદાકાળથી કરી રહેલો છે. એટલે કે એકેન્દ્રિયજીવોથી શરૂ કરીને પંચેન્દ્રિય સુધીના સઘળાય જીવો દેશઘાતી પ્રકૃતિઓને સદા માટે દેશઘાતી રસે ઉદયમાં આવે એવોજ પ્રયત્ન કરતાં જાય છે. દેશઘાતી પ્રકૃતિઓ જ્ઞાની ભગવંતોએ ૨૫ અથવા ૨૭ કહેલી છે. તે આ પ્રમાણે - જ્ઞાનાવરણીય કર્મની ૪. મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, અવધીજ્ઞાનાવરણીય, મનઃપર્યવજ્ઞાનાવરણીય. દર્શનાવરણીય કર્મની ૩. ચક્ષુદર્શનાવરણીય, અચક્ષુદર્શનાવરણીય અને અવધિ દર્શનાવરણીય. મોહનીય કર્મની ૧૩ પ્રકૃતિઓ અથવા ૧૫ પ્રકૃતિઓ દેશઘાતી રસવાળી હોય છે. સંજ્વલન, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, પુરૂષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ - સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય એ સાથે ૧૫. અંતરાય કર્મની ૫ પ્રકૃતિઓ દેશઘાતી કર્મવાળી હોય છે. દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય. એમ ૪ +૩ +૧૩ અથવા ૧૫ + ૫ = ૨૫ અથવા ૨૭

થાય છે.

સર્વઘાતી પ્રકૃતિઓ ૨૦ હોય છે. એમાં જ્ઞાનાવરણીય કર્મની ૧ કેવળજ્ઞાનાવરણીય. દર્શનાવરણીય કર્મની ૬. કેવળ દર્શનાવરણીય અને ૫ નિદ્રા એટલે કે નિદ્રા, નિદ્રા નિદ્રા, પ્રચલા, પ્રચલા પ્રચલા અને થીણદ્ધી. મોહનીય કર્મની ૧૩ પ્રકૃતિઓ હોય છે. મિથ્યાત્વ, અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ, અપ્રત્યાખ્યાની ક્રોધ-માન-માયા-લોભ અને પ્રત્યાખ્યાનીય ક્રોધ-માન-માયા-લોભ. આ રીતે કુલ ૧ + ૬ + ૧૩ = ૨૦ થાય છે.

સર્વઘાતી રસ આત્માના સર્વગુણોનો નાશ કરવામાં સહાયભૂત થાય છે. સર્વગુણોનો નાશ એટલે કે ક્ષયોપશમભાવે પ્રાપ્ત થયેલા ગુણો નાશ થાય છે અને ક્ષાયિક ભાવે ગુણોની પ્રાપ્તિ થવા દેતા નથી. જ્યારે દેશઘાતી રસ ક્ષયોપશમભાવે પ્રાપ્ત થયેલા ગુણોને પેદા થવામાં અને પેદા થયેલા હોય તેને ટકાવવામાં સહાયભૂત થાય છે અને છેલ્લે ક્ષાયિક ભાવે ગુણ પ્રાપ્ત કરવામાં સહાયભૂત બને છે.

દેશઘાતી રસવાળા પુદ્ગલો બે પ્રકારના હોય છે. (૧) અધિકરસવાળા દેશઘાતીના પુદ્ગલો અને (૨) અલ્પરસવાળા દેશઘાતીના પુદ્ગલો. જ્યારે અધિકરસવાળા દેશઘાતીના પુદ્ગલો જીવને ઉદયમાંહોય છે ત્યારે જ્ઞાનાવરણીય કર્મનો, દર્શનાવરણીય કર્મનો, મોહનીયકર્મ અને અંતરાય કર્મનો ક્ષયોપશમભાવ પેદા થવાને બદલે ઉદયભાવ પેદા થાય છે. એટલે કે જ્ઞાનનો ઉદયભાવ પેદા થતા તે વખતે ગમે તેટલું જ્ઞાન ભણે તો પણ એને યાદ રહેતું નથી. ઉપરથી યાદ રહેલું જ્ઞાન ભૂલાઇ જાય છે. જ્યારે અલ્પરસવાળા દેશઘાતીના પુદ્ગલો ઉદયમાં હોય ત્યારે જીવને જ્ઞાન આદિ પ્રાપ્ત કરવામાં સહાયભૂત થતા જાય છે. એટલે કે જ્ઞાનનો ક્ષયોપશમભાવ, દર્શનનો ક્ષયોપશમભાવ, મોહનીયનો ક્ષયોપશમભાવ અને અંતરાય કર્મનો ક્ષયોપશમભાવ વધારવામાં અલ્પરસવાળા પુદ્ગલો સહાયભૂત થઇને આત્માના ક્ષયોપશમભાવ ગુણ

પેદા કરતાં કરતાં વધારવામાં સહાયભૂત થતા જાય છે. જેમકે ભગવાનની ભક્તિ કરતાં કરતાં ચૈત્યવંદન કરવામાં રોજ એકનું એક સ્તવન બોલવા છતાં પણ કોકવાર અધિકરસવાળા જ્ઞાનાવરણીયના પુદ્‌ગલો ઉદયમાં આવતાં બે ગાથા યાદ રહે અને ત્રીજી ગાથાનું પદ એકદમ જલ્દી યાદ આવતું નથી. વારંવાર યાદ કરવા છતાં પણ એ પદ યાદ થઇ શકતું નથી. અને થોડો કાળ ગયા પછી જ્યાં કાઉસગ્ગ કરતો હોય ત્યારે તરતજ પેલું પદ યાદ આવી જાય છે. જે વખતે પદ યાદ આવેલું નથી તે વખતે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનાવરણીય કર્મના દેશઘાતી અધિક રસવાળા પુદ્‌ગલોનો ઉદય ચાલે છે એમ કહેવાય છે. અને જ્યારે એ પુદ્‌ગલોનો ઉદય દૂર થાય અને દેશઘાતી અલ્પરસવાળા પુદ્‌ગલો ઉદયમાં આવે કે તરતજ એ ગાથાનું પદ યાદ આવી જાય છે. એવીજ રીતે જે જીવોનું નામ ઘણીવાર બોલેલા હોવા છતાં પણ અને ઘણીવાર યાદ કરેલું હોવાછતાં પણ જ્યારે કોકને નામ કહેવું હોય ત્યારે એકદમ જલ્દી યાદ આવતું નથી અને તે વખતે વિચારણા કરતાં કરતાં બોલીએ છીએ કે નામ હૈયે છે તો પણ હોઠે આવતું નથી. અને જે વ્યક્તિને એ નામ કહેવાનું હોય એ વ્યક્તિ જ્યાં સુધી હાજર રહેલી હોય ત્યાં સુધી નામ યાદ કરવાનો પ્રયત્ન કરે તો પણ નામ યાદ આવી શકતું નથી. તો તે વખતે એટલા કાળ સુધી અધિકરસવાળા દેશઘાતી મતિજ્ઞાનાવરણીય અને શ્રુતજ્ઞાનાવરણીય કર્મના પુદ્‌ગલોનો ઉદય ચાલે છે એમ કહેવાય છે. જ્યારે એ વ્યક્તિ ત્યાંથી ચાલી જાય અને થોડેક દૂર નીકળે તે વખતે વિચારણા કરતાં નામ તરતજ યાદ આવી જાય છે. તો તે વખતે અલ્પરસવાળા દેશઘાતીના મતિજ્ઞાનાવરણીય અને શ્રુતજ્ઞાનાવરણીયના પુદ્‌ગલો ઉદયમાં ચાલુ થયા એમ ગણાય છે. આ રીતે જીવનમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના આવરણના પુદ્‌ગલો દેશઘાતી અધિકરસ અને અલ્પરસવાળા વારંવાર પેદા થયા જ કરે છે. એવી જ રીતે દર્શનાવરણીય કર્મમાં પણ સમજવું. મોહનીય કર્મમાં પણ સમજવું અને અંતરાય કર્મમાં

પણ એજ રીતે અધિકરસવાળા અને અલ્પરસવાળા દેશઘાતીના પુદ્‌ગલો અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્તે અથવા થોડાક લાંબાકાળ પછી ઉદયમાં પરાવર્તમાન રૂપે ચાલ્યાજ કરે છે. જ્યારે સર્વઘાતી રસવાળા પુદ્‌ગલો મિથ્યાત્વ મોહનીય રૂપે ઉદયમાં ચાલતા હોય છે ત્યારે જીવને મોક્ષની રૂચિ મોક્ષનો અભિલાષ અંતરમાં પેદા થવા દેતો નથી અને આત્માના શુધ્ધ પરિણામની ઇચ્છા પણ પેદા થવા દેતો નથી. જ્યારે એ સર્વઘાતી રસવાળા પુદ્‌ગલો મંદ થાય એટલે કે એની તીવ્રતાનો નાશ થાય ત્યારેજ જીવને શુધ્ધ પરિણામ પેદા કરવાની ઇચ્છા પેદા થાય છે. જ્યાં સુધી સર્વઘાતી રસવાળા પુદ્‌ગલો મંદ થાય નહિ ત્યાં સુધી દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરવા છતાં પણ જીવને શુધ્ધ પરિણામ પેદા કરવાની ઇચ્છા, મોક્ષની રૂચિ પેદા કરવાની ઇચ્છા અને મોક્ષમાર્ગમાં દાખલ થઇને આત્માની આંશિક અનુભૂતિ કરતો કરતો ધર્મ આરાધના કરતો ક્યારે થાઉં એવી ઇચ્છા પણ પેદા થતી નથી. જ્યારે સર્વઘાતી રસ મંદ પડે ત્યાર પછીજ એ ઇચ્છાઓ અંતરમાં પેદા થતી જાય છે. અને સર્વઘાતી રસ લઘુકર્મી ભવ્ય આત્માઓનેજ મંદ રૂપે થઇ શકે છે એ સર્વઘાતી મિથ્યાત્વના રસના પુદ્‌ગલોને મંદ કરવા માટે લઘુકર્મી ભવ્ય જીવો પોતાના આત્મામાં રહેલા રાગાદિ પરિણામને ઓળખવાની ઇચ્છા પેદા કરીને એની જાણકારી મેળવતો જાય અને ઓળખીને રાગાદિ પરિણામની મંદતા કરતો જાય તો જ સર્વઘાતી રસના પુદ્‌ગલો મંદ થતા જાય. અને જીવ શુધ્ધ પરિણામ પેદા કરતો કરતો યાવત્ સમકિતની પ્રાપ્તિ સુધી પહોંચી શકે છે. અને સારો કાળ હોય તો દર્શન સપ્તકનો સંપૂર્ણ ક્ષય કરીને ક્ષાયિક સમકીતની પ્રાપ્તિ પણ કરી શકે છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ જ્યાં સુધી સર્વઘાતી રસે ઉદયમાં હોય છે ત્યાં સુધી જીવને ઉપશમ સમકિત પેદા થઇ શકતું નથી અથવા ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ પણ થઇ શકતી નથી. એવી જ રીતે ઉપશમ ક્ષમકિતની પ્રાપ્તિ કર્યા પછી જીવને મિથ્યાત્વ મોહનીયનો ઉદય પેદા થવાનો હોય તો પહેલાં અનંતાનુબંધી

કષાયનો ઉદય પ્રાપ્ત થાય છે. એટલે અનંતાનુબંધીનો ઉદય સમકિતનો નાશ કરવામાં સહાયભૂત થાય છે. એવીજ રીતે અપ્રત્યાખ્યાનીય કષાયનો ઉદય જીવને જ્યાં સુધી સર્વઘાતી રસે ચાલુ હોય છે ત્યાં સુધી દેશવિરતિનો પરિણામ પેદા થવા દેતો નથી. અને દેશવિરતીપણું પ્રાપ્ત કર્યા પછી અપ્રત્યાખ્યાનીય કષાયનો ઉદય થાય તો દેશવિરતિના પરિણામને નાશ કરે છે. એવીજ રીતે પ્રત્યાખ્યાનીય કષાયનો ઉદય જીવને પ્રાપ્ત થયેલો હોય તો સર્વવિરતિપણાનો પરિણામ પેદા થવા દેતો નથી. અને એકવાર સર્વવિરતિનો પરિણામ પ્રાપ્ત કર્યા પછી પ્રત્યાખ્યાનીય કષાયનો ઉદય પ્રાપ્ત થાય તો સર્વવિરતિના પરિણામને નાશ કરે છે. આથી સર્વઘાતી રસે રહેલા અનંતાનુબંધી બાર કષાયો જીવને આત્મિક ગુણને પેદા કરવામાં સહાયભૂત થતા નથી અને પેદા થયેલા ગુણોને ટકાવવામાં પણ સહાયભૂત થતા નથી. માટે એ કષાયોને અને મિથ્યાત્વ મોહનીયના પુદ્‌ગલોને સર્વઘાતી રસવાળા પુદ્‌ગલો કહેવાય છે. એવી જ રીતે કેવળજ્ઞાન, જીવને જ્યાં સુધી કેવળજ્ઞાનાવરણીયના પુદ્‌ગલો સર્વઘાતી રસે ઉદયમાં ચાલુ હોય છે ત્યાં સુધી પેદા થતું નથી. જ્યારે કેવળજ્ઞાનાવરણીય કર્મના સંપૂર્ણ પુદ્‌ગલોનો નાશ થાય પછીજ જીવને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એવીજ રીતે કેવળદર્શનાવરણીય કર્મના પુદ્‌ગલો સંપૂર્ણ નાશ થાય પછીજ જીવને કેવળદર્શનની પ્રાપ્તિ થાય છે. માટે આ પ્રકૃતિઓના પુદ્‌ગલોને સર્વઘાતી રસવાળા પુદ્‌ગલો કહેવાય છે. આથી નિશ્ચિત થાય છે કે છદ્મસ્થ જીવોને એક એક અંતર્મુહૂર્તે જ્ઞાન અને દર્શનનો ઉપયોગ ચાલુ રહે છે તેમાં જ્ઞાનના ઉપયોગમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ અને ઉદયભાવ રહેલો હોય છે. એવીજ રીતે દર્શનના ઉપયોગમાં ચક્ષુદર્શનાવરણીય અને અચક્ષુદર્શનાવરણીય કર્મોનો ક્ષયોપશમભાવ અને ઉદયભાવ રહેલો હોય છે. જે સામાન્ય બોધ રૂપે જીવને પેદા કરવામાં સહાયભૂત થાય છે. આને ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમભાવ કહેવાય છે. આ દર્શનના ઉપયોગથી સંસારમાં

એકેન્દ્રિયપણામાં રહેલા જીવો જે હોય છે એ જીવોને સ્પર્શેન્દ્રિયના ક્ષયોપશમભાવથી આત્મામાં જે ક્ષયોપશમભાવ પેદા થાય છે એમાં અક્ષરના અનંતમા ભાગ જેટલું જ્ઞાન રહેલું હોય છે એની તીવ્રતા, મંદતા પેદા કરવામાં અને એ તીવ્રતા મંદતાના જ્ઞાનને અને દર્શનને વિશે રાગાદિ પરિણામ કરવામાં સહાયભૂત થાય છે. એ રાગાદિ પરિણામ કરતાં કરતાં એકેન્દ્રિય જીવો પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. એવી જ રીતે બેઇન્દ્રિયાદિ જીવોને વિષે પણ સમજવું. જ્યાં સુધી પંચેન્દ્રિય જીવો પણ અનુકૂળ પદાર્થોને વિશે અને પ્રતિકૂળ પદાર્થોને વિશે રાગાદિ પરિણામ કરતાં કરતાં જીવન જીવતાં હોય છે ત્યાં સુધી દર્શનના ઉપયોગથી પોતેજ પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. આત્માનો ગુણ એ દર્શન ગુણ છે એમ જાણ્યા પછી અનુકૂળ પદાર્થોમાં રાગાદિ પરિણામ કરતાં કરતાં મારા આત્માની મારા હાથેજ જન્મ મરણની પરંપરા વધે છે એમ જાણ્યા પછી જીવ જો દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતાં કરતાં પુરૂષાર્થ કરીને સમજણના ઘરમાં દાખલ ન થાય અને રાગાદિ પરિણામ કરતોજ રહે તો દેવ, ગુરૂ અને ધર્મની આરાધના સંસાર વૃધ્ધિમાં સહાયભૂત થયા વગર રહેતી નથી. આત્મામાં રહેલો દર્શન ગુણ યથાર્થ બોધ રૂપે દર્શન પેદા કરવું હોય તો સમજણના ઘરમાં આત્માને દાખલ કર્યા વગર ચાલશે નહિ. સમજણનું ઘર એટલે રાગાદિ પરિણામની ઓળખ કરીને એની જાણકારી મેળવીને એનાથી નિર્લેપ થવાનો જેટલો પ્રયત્ન કરીએ એને સમજણનું ઘર કહેવાય છે. આ સમજણનું ઘર જીવને મિથ્યાત્વ મોહનીય કર્મની મંદતાથી પ્રાપ્ત થાય છે. માટે આરાધના કરતાં કરતાં મિથ્યાત્વ કેટલું મંદ થતું જાય છે એની રોજ ચિંતા-વિચારણા કર્યા વગર ચાલે નહિ. અને આરાધના કરતાં કરતાં ભાવના પણ એજ રાખવાની કે હે ભગવન્ આપની આરાધનાની શક્તિથી મને એવું બળ પ્રાપ્ત થાઓ કે મિથ્યાત્વનો નાશ કરવામાં, નાશ ન થઇ શકે તો એનાથી સાવચેતી રાખીને જીવન જીવવામાં સહાયભૂત

થાઓ એટલી શક્તિ આપો. તોજ જ્ઞાન અને દર્શનનો ઉપયોગ યથાર્થ બોધ રૂપે પરિણામ પામતો જાય અને મિથ્યાત્વની મંદતા થતાં થતાં જીવ પોતાના આત્માની ગ્રંથીને ઓળખીને ગ્રંથીથી સાવધ રહી જીવન જીવવાનો પ્રયત્ન કરતો જાય છે. અને એ પ્રયત્નના કારણે ગ્રંથીભેદ કરી સમકીતની પ્રાપ્તિ સુધી જીવ પહોંચી શકે છે. આ જન્મમાં દેવ, ગુરૂ અને ધર્મની આરાધનાથી કમસે કમ રાગાદિ પરિણામની ઓળખ અને જાણકારી પ્રાપ્ત કરીને રાગાદિમાં નિર્લેપપણું પ્રાપ્ત થતું જાય તોય મનુષ્ય જન્મ સફળ થયો એમ મહાપુરૂષો કહે છે. અને એ મનુષ્યજન્મની ગણતરી સમકિતની પ્રાપ્તિમાં સહાયભૂત થતી જાય છે. આજે વર્તમાનમાં થઇ રહેલી આરાધનાથી આવો કોઇ અનુભવ જીવનમાં પેદા થાય છે ખરો ! જો એ અનુભવ પેદા કરવાની વિચારણા પણ નહિ કરીએ તો આ મનુષ્યજન્મનું આયુષ્ય પૂર્ણ થશે અને અહીંથી આપણે ક્યાં ચાલ્યા જઇશું, ક્યાં ફેંકઇ જઇશું એની કોઇ ગણતરી રહેશે નહિ. માટે મનુષ્ય જન્મને સફળ કરવો હોય તો આરાધના કરતાં કરતાં આત્મામાં રહેલા મિથ્યાત્વની ઓળખ અને જાણકારી પ્રાપ્ત કરીને સર્વઘાતી રસવાળા મિથ્યાત્વની મંદતા કઇ રીતે પ્રાપ્ત થાય અને જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયના ક્ષયોપશમભાવથી આત્મામાં યથાર્થબોધ કેવી રીતે પ્રાપ્ત થાય એનો પ્રયત્ન કરવો જોઇએ.

(૩) ચારિત્ર

ચારિત્ર એટલે ક્રિયા. અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો અશુભ ક્રિયા કે શુભ ક્રિયા પોતાના જીવનમાં જે કરી રહેલા છે તેને ચારિત્ર કહેવાય છે. અહીં અશુભ ક્રિયાઓને પણ જ્ઞાની ભગવંતોએ ચારિત્ર રૂપે જે કહી છે તે અવિરતિ ચારિત્ર રૂપે જાણવી. કારણ કે અવિરતિ ચારિત્રને વિષે જગતના સઘળાય જીવોનો સમાવેશ મહાપુરૂષોએ કરેલો છે. એકેન્દ્રિયથી શરૂ કરીને પંચેન્દ્રિય સુધીના સઘળાય

જીવો અવિરતિના ઉદયના પ્રતાપે અશુભ ક્રિયાઓ કરતા જ રહે છે. એ અવિરતિનો ઉદય જીવોને બાર પ્રકારમાંથી કોઇને કોઇ પ્રકારે જીવનમાં ચાલુજ હોય છે. એ બાર પ્રકાર આ પ્રમાણે કહેલા છે. પાંચ ઇન્દ્રિય, અને છઠ્ઠુ મન એમ છએને પોત પોતાના અનુકૂળ વિષયોમાં જોડી અને પ્રતિકૂળ વિષયોથી પાછી ખસેડી એ છ પ્રકારની અવિરતિ કહેવાય છે. એ છ પ્રકારની અવિરતિને જીવતી રાખવા માટે પૃથ્વીકાયનો વધ, અપ્કાયનો વધ, તેઉકાયનો વધ, વાઉકાયનો વધ, વનસ્પતિકાયનો વધ અને ત્રસકાય જીવોનો વધ એમ છ કાય રૂપે છ પ્રકારના જીવોમાંથી કોઇને કોઇ જીવોનો વધ કરવો એ છ પ્રકારની અવિરતિ કહેવાય છે. એમ કુલ ૧૨ પ્રકારની અવિરતિ ગણાય છે. આ બારે પ્રકારની અવિરતિ જીવોને અનાદિકાળથી ચાલુને ચાલુ હોય છે. એ અવિરતિના પ્રતાપે અશુભ ક્રિયા જીવનમાં સમયે સમયે ચાલુને ચાલુ જ હોય છે. એ ક્રિયા કરવાની વિચારણાઓ ચાલતી હોય એ ક્રિયાઓ કેવી રીતે સારી રીતે કરવી એના વચનો બોલાતા હોય અને કાયાથી પોતાની શક્તિ મુજબની પ્રવૃત્તિ જીવનમાં ચાલતી હોય છે. એકેન્દ્રિય જીવો પણ ભાવમનથી અશુભ ક્રિયાઓ કરતાં કરતાં સારા સારા પુદ્ગલોની આશામાં પોતાનો કાળ પસાર કરે છે. એમ જગતના સઘળાય જીવો માટે સમજવું. આ અવિરતિની ક્રિયા જીવોને વિરતિની ક્રિયાની ઇચ્છા પેદા થવા દેતું નથી. અને એ અવિરતિની ક્રિયા એજ જાણે ખરેખરી ક્રિયા મારા જીવનની છે એમ માનીને અવિરતિમાં ઓતપ્રોત થઇને પોતાનો જીવનકાળ સઘળોય પસાર કરે છે. આજે દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરવા છતાં પણ જ્ઞાન, દર્શન અને ચારિત્રની પ્રવૃત્તિ પણ જીવનમાં ચાલુ હોવા છતાં પણ અશુભ ક્રિયા વિશેષ જીવનમાં બને છે કે શુભ ક્રિયાનો કાળ વિશેષ પસાર થાય છે આની વિચારણા કેટલા જીવોના અંતરમાં છે ! આજે આરાધના કરનારા જીવોમાં પણ વિચારણા કરીએ તો આરાધનાના કાળનો સમય કલાક, બે કલાક બઉ બઉ તો ચાર કલાક કે છ કલાક

એ ચાર કલાક કે છ કલાકનો આરાધનાનો સમય અવિરતિના ત્યાગની ભાવના સાથેનો ખરો ! કે બાકીના ટાઇમમાં અવિરતિની પ્રવૃત્તિ સારી રીતે થઇ શકે એવી અનુકૂળતા મળેલી છે માટે આટલો ટાઇમ આરાધના થાય છે ! જો અવિરતિ પ્રત્યે અંતરથી દ્વેષ બુધ્ધિ પેદા ન થાય અને અવિરતિની ક્રિયાઓ એ અશુભ ક્રિયાઓ રૂપેજ છે અને સંસારની જન્મ મરણની પરંપરા વધારનારી ચીજ આજ છે આવું જ્યાં સુધી અંતરમાં બેસે નહિ ત્યાં સુધી અશુભ પ્રવૃત્તિના ત્યાગની ભાવના અને શુભ પ્રવૃત્તિ આખા જીવન સુધી કર્યા કરવી એવી ભાવના પણ પેદા થઇ શકતી નથી. સામયિકની ક્રિયા કરનારાને પણ ૪૮ મિનિટ સુધીનું સામાયિક જીંદગીભરના સામાયિકની ભાવનાથી થાય છે ખરૂં ! કે ક્યારે એ સામાયિક પુરુ થાય અને અવિરતિની અશુભ પ્રવૃત્તિઓ કરતો થાઉં એજ વિચારણા સામાયિકમાં ચાલતી હોય છે ! આ તો અવિરતિની અશુભ ક્રિયાઓમાં એ ક્રિયાનો કોઇ કાળ એટલે કે ટાઇમ વચમાં નથી એટલે સામાયિક કરવાની ઇચ્છાથી એ ટાઇમમાં સામાયિક કરી લે છે. પણ સામાયિક કરતાં કરતાં અવિરતિના ત્યાગ માટેનું સામાયિક કરું છું એવી ભાવના કેટલાના અંતરમાં છે. જ્યાં સુધી આ ભાવનાની વિચારણા અંતરમાં પેદા થશે નહિ ત્યાં સુધી રત્નત્રયીની આરાધના રૂપે જ્ઞાન, દર્શન અને ચારિત્રની ગમે તેટલી જીવનમાં ક્રિયા કરી તો પણ એ ક્રિયાઓ આત્મિક ગુણને પેદા કરવામાં કોઇકાળે સહાયભૂત થઇ શકતી નથી. માટે એ ક્રિયાઓને જ્ઞાની ભગવંતોએ દ્રવ્ય ચારિત્ર રૂપે ક્રિયાઓ કહેલી છે. જેમકે અભવ્ય જીવો, દુર્ભવ્ય જીવો, ભારેકર્મી ભવ્ય જીવો દેખીતી રીતે મનુષ્યપણામાં અવિરતિનો ત્યાગ કરીને પૂર્વ ક્રોડ વરસ સુધી નિરતિચાર ચારિત્રનું પાલન કરે છે તો પણ અંતરમાં મનથી અવિરતિ જન્ય સુખોને મેળવવાની ઇચ્છા રહેલી હોવાથી એટલે કે નવમા ગ્રૈવેયકના દેવલોકના સુખને મેળવવાની ઇચ્છાથી ચારિત્રનું પાલન કરવા છતાં પણ એને ચારિત્ર કહેવાતું નથી પણ અવિરતિના ઉદયરૂપેજ

એની ક્રિયા કહેવાય છે. માટે નિરતિચાર ચારિત્ર પૂર્વ ક્રોડ વરસ સુધી પાલન કરે તો પણ દ્રવ્ય ચારિત્ર રૂપે કહેવાય છે. એનાથી પાપાનુબંધિ પુણ્યનો બંધ કરીને જીવો પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. માટે આવું દ્રવ્ય ચારિત્ર અનંતાનુબંધી કષાયની મંદતાથી મિથ્યાત્વના ગાઢ ઉદયથી જીવને પ્રાપ્ત થઇ શકે છે. એટલે કે મિથ્યાત્વ મોહનીયનો ગાઢ ઉદય હોય અને અનંતાનુબંધી કષાય કાંઇક મંદ થયેલા હોય કે જેના પ્રતાપે એને ચારિત્ર લઇ નિરતિચાર ચારિત્રનું પાલન કરતાં કરતાં નવમા ગ્રૈવેયકના સુખને મેળવવાની ઝંખના અંતરમાં એકદમ પ્રબળ રહેલી હોય છે. જ્ઞાની ભગવંતો કહે છે કે અનંતાનુબંધી અપ્રત્યાખ્યાનીય કષાયના ઉદયથી મિથ્યાત્વ મોહનીય ગાઢ રહેલું હોય તો પણ જીવોને દેવની ભક્તિ, સાધુની સેવા અને સાધર્મિક ભક્તિ કરવાની ભાવના પેદા થાય છે. એ દેવ, ગુરૂ અને સાધર્મિકની ભક્તિ કરતાં કરતાં અનુકૂળ પદાર્થોનો રાગ અંતરમાં તીવ્ર થતો જાય છે. એવીજ રીતે અનંતાનુબંધી પ્રત્યાખ્યાનીય કષાયના ઉદયથી જીવોને પહેલે ગુણસ્થાનકે ગાઢ મિથ્યાત્વના ઉદયકાળમાં વ્રત, નિયમ, પચ્ચખાણ કરતાં કરતાં શ્રાવકના બાર વ્રતોને ગ્રહણ કરી નિરતિચાર પણે પાલન કરતાં કરતાં સુંદર રીતે વ્રતોનું પાલન કરતા જાય છે. એ રીતે પાલન કરવા છતાં પણ અનુકૂળ પદાર્થોનો રાગ ગાઢ થતો જાય છે. એવીજ રીતે અનંતાનુબંધી સંજ્વલન કષાયના ઉદયથી મનુષ્યપણામાં કરોડપતિને ત્યાં જન્મ મળેલો હોય અને ભગવાનની વાણીના શબ્દો સાંભળવા મલે કે આના કરતાં દુનિયામાં ચઢિયાતું સુખ છે અને એ સુખ મેળવવું હોય તો વર્તમાનમાં મળેલી સામગ્રીનો સંપૂર્ણ ત્યાગ કરી સાધુપણું લઇ સુંદર રીતે પાલન કરી અને કોઇ અતિચાર ન લાગે એ રીતે પાલન કરવાનો પ્રયત્ન કરતો જાય તો જરૂર એને વર્તમાનમાં મળેલા સુખ કરતાં ચઢિયાતું સુખ દેવલોકનું જરૂર મળે તો એ શ્રધ્ધાથી તેમજ વર્તમાનમાં માન, પ્રતિષ્ઠા મેળવવા આદિ માટે પણ કરોડપતિને ત્યાં જન્મેલા જીવો સુખ સાહ્યબી, સંપત્તિનો

ત્યાગ કરી સાધુપણું લઇ નિરતિચારપણે સાધુપણું પાળવાનું લક્ષ રાખી સાધુપણું પાળતા જાય એમાં તપ, જીવનમાં કરે ત્યાગ પણ સુંદર રીતે કરે પોતાની શક્તિ મુજબનું જ્ઞાન પણ ભણે આ બધું કરતાં કરતાં પોતાનો વર્ગ ઉભો થતો જાય પોતાની વાહવાહ બોલાતી જાય અને પોતાને માન, પ્રતિષ્ઠા મળતા જાય એમાં આનંદ પામતા જાય તો એ જીવો જે ચારિત્રનું પાલન કરે છે તે દ્રવ્ય ચારિત્ર કહેવાય છે. આ રીતે ચારિત્રનું પાલન અનંતાનુબંધિ સંજ્વલન કષાયના ઉદયથી જીવ કરતો કરતો પાપાનુબંધિ પુણ્ય બાંધીને અનુકૂળ પદાર્થોમાં રાગની તીવ્રતા કરીને જન્મ મરણની પરંપરા વધારતો પોતાના હાથેજ પોતાનો સંસાર વધારતો જાય છે. આવા ચારિત્રો અત્યાર સુધી જીવનમાં અનંતીવાર મનુષ્યજન્મ મેળવીને અનંતીવાર ગ્રહણ કર્યા છતાં પણ સુખનો રાગ કાઢવાની કદી ઇચ્છા પેદા થઇ નહિ. અને સંસારનું પરિભ્રમણ વધારતા વધારતાં અનંતા કાળથી સંસારમાં પરિભ્રમણ કરી રહેલા છીએ.

શુભ ક્રિયા રૂપે ચારિત્રની શરૂઆત કરતાં સાથે સાથે મિથ્યાત્વ મોહનીય કર્મનો ક્ષયોપશમ ભાવ પેદા થતો જાય અને મિથ્યાત્વની મંદતા પ્રાપ્ત થતી જાય તો જીવ દેવ, ગુરૂ અને ધર્મની આરાધનાની જે કાંઇ ક્રિયાઓ પોતાના જીવનમાં કરી રહેલો છે એ ક્રિયાઓની જે સ્થિરતા એને ક્ષયોપશમ ભાવે ચારિત્ર કહેવાય છે. એટલે કે મિથ્યાત્વની મંદતા સાથે કરાતી દેવ, ગુરૂ અને ધર્મની આરાધના જીવને રાગાદિ પરિણામની મંદતા કરવામાં સહાયભૂત થતી હોવાથી એ ક્રિયા આત્મિક ગુણને પેદા કરવામાં સહાયભૂત થતી થતી ક્ષયોપશમભાવ ગુણનેવધારતી વધારતી અને એ ક્ષયોપશમભાવના ગુણની અનુભૂતિ કરાવતી કરાવતી એ ક્રિયા આત્માની સ્થિરતામાં સહાયભૂત થાય છે માટે એ શુભ ક્રિયાને શુધ્ધ પરિણામ પેદા કરવાના હેતુરૂપ હોવાથી ક્ષયોપશમભાવની ચારિત્ર રૂપે કહેવાય છે. આ ક્ષયોપશમભાવની ચારિત્ર રૂપે ક્રિયાઓ લઘુકર્મી ભવ્ય આત્માઓ પહેલાં ગુણસ્થાનકમાં રહીને અપુનર્બંધક દશાના

પરિણામને પામી મોક્ષની રૂચિવાળો થઇ મોક્ષમાર્ગમા દાખલ થઇ અનુકૂળ પદાર્થોથી નિર્ભય બનતો બનતો ક્રિયાઓની રૂચિવાળો થતો થતો અખેદ રીતે શુભ ક્રિયાઓને કરનારો બને છે. જ્યાં સુધી મિથ્યાત્વ મોહનીયનો ક્ષયોપશમભાવ પેદા થતો નથી ત્યાં સુધી જીવનમાં દેવ, ગુરૂ અને ધર્મની જે આરાધના થાય છે તે સુખ સગવડને સાચવીને સુખ અને સગડવની સામગ્રીમાં ટાઇમ મળે અને અનુકૂળતા હોય એટલે કે સુખનું કોઇપણ કામકાજ પેદા થાય એવું ન હોય એવા કાળમાં એટલે સમયમાં જીવ દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતો હોય છે. જો એ દેવ, ગુરૂ અને ધર્મની આરાધનાના સમયમાં સંસારની અનુકૂળ સામગ્રીનું કોઇ કાર્ય આવી લાગે તો એ કાર્યની પ્રધાનતા આપીને એ દિવસે દેવ, ગુરૂ અને ધર્મની આરાધના પડતી મૂકી દે છે. અર્થાત્ આજે નહિ કરીએ તો ચાલશે કાલે કરશું પણ સંસારની પ્રવૃત્તિ કોઇ કાળે એવી રીતે જીવનમાં પડતી મુકી ખરી ! આ અનુકૂળતાને સાચવીને દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરવાની બુધ્ધિ એનેજ જ્ઞાની ભગવંતો મિથ્યાત્વનો ઉદય કહે છે. જ્યારે એ જીવના અંતરમાં મિથ્યાત્વની મંદતા થાય ત્યારે અનુકૂળ સામગ્રીની પ્રધાનતાને બદલે દેવ, ગુરૂ અને ધર્મની આરાધનાની પ્રધાનતા પેદા થતી જાય છે. એ આરાધનાની પ્રધાનતાના પ્રતાપે સંસારની કોઇપણ અનુકૂળ પદાર્થની પ્રવૃત્તિ તે ટાઇમે કરવાનો વખત આવે તો જીવ એ પ્રવૃત્તિને છોડીને દેવ, ગુરૂ અને ધર્મની પ્રધાનતા અંતરમાં રાખીને જે સમયે દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતો હોય એ સમયેજ એ ક્રિયાઓ કરતો હોય છે. માટે જ્ઞાની ભગવંતો કહે છે કે ચારિત્રની સ્થિરતા લાવવામાં દેવ, ગુરૂ અને ધર્મની આરાધના તમારે જે નક્કી કરવી હોય એ ટાઇમ નક્કી કરીને એ ટાઇમેજ કરવી જોઇએ. તોજ જીવને ખબર પડે કે આ ટાઇમે મને કઇ કઇ અનુકૂળ સામગ્રી આરાધનામાં વિઘ્ન રૂપ બને છે એની ઓળખાણ પેદા થતી જાય. એ ઓળખાણ પેદા થતા એનાથી બચવા માટે એ વિઘ્નોને દૂર કરવા માટે

મારે શું શું કરવું જોઇએ એ સમજણ જીવના અંતરમાં પેદા થતી જાય. જ્યાં સુધી દેવ, ગુરૂ અને ધર્મની આરાધના નિયત સમયે કરવાનું નક્કી ન કરાય ત્યાં સુધી મિથ્યાત્વની મંદતાની આશા મોટેભાગે રાખી શકાય નહિ. જેમકે પેથડશાહ મંત્રી મધ્યાનકાળે અષ્ટપ્રકારી પૂજા કરતા હતા, રાજાના મંત્રી હોવાછતાં પણ રાજાને કહી દીધેલું હતું કે આ સમયે હું ભગવાનની ભક્તિમાંજ હોઇશ આપનું ગમે તેવું કામ હશે તો પણ એ ટાઇમે હું કરી શકીશ નહિ. જો મંત્રી પણે મને રાખવો હોય તો રાખો નહિતો મંત્રીપણાથી સર્યું. આ રીતે રાજાને કહીને મંત્રીપણાનો કારભાર સંભાળે છે તોપણ મધ્યાન કાળની પૂજા જે નિયત સમયે પોતાના જીવનમાં ચાલુ છે એ રીતેજ સેવા-પૂજા કરે છે એમાં એકવાર બીજા દેશમાંથી કોઇ મહત્વના કામ માટે ત્યાંનો માણસ આવ્યો છે મંત્રી વગર એ કામ થાય એવું નથી માટે મંત્રીશ્વરને બોલાવવા માટે ચિઠ્ઠી લખીને માણસને મંદિરે મોકલે છે. તે વખતે મંત્રીશ્વરની પત્નિ મંત્રીશ્વરને પૂજામાં અંતરાય ન થાય એ માટે બહાર બેઠેલી છે. રાજાના માણસને આવતો જોઇ એને સત્કાર અને સન્માન આપીને પોતાની પાસે બોલાવી ચિઠ્ઠી લઇ વાંચીને કહે છે કે બેસો મંત્રીશ્વર પૂજામાં છે. મંદિરમાં પણ જવા દેતા નથી. અડધો કલાક થવા છતાં પણ રાજાને સમાચાર ન મળ્યા તે વખતે બીજો માણસ મોકલે છે એને પણ એજ રીતે બહાર બેસાડે છે. એ પણ પાછો ન આવ્યો એટલે રાજા ખુદ ત્યાં આવે છે. રાજાને પણ સત્કાર અને સન્માન આપીને કહે છે કે મંત્રીશ્વર પૂજામાં બેઠા છે ત્યારે રાજાએ કહ્યું કે મારે મંત્રીશ્વરનું કામ નથી પણ મંત્રીની પૂજા જોવા માટે આવ્યો છું. એટલે મંત્રીશ્વરની પત્નિ મંદિરમાં લઇ જઇ ભગવાનના દર્શન કરાવે છે. દર્શન કરીને બહાર નીકળતા મંત્રીશ્વર ભગવાનની અંગરચના કરી રહેલા છે તે વખતે મંત્રીશ્વરના સેવકો અંગરચનામાં જોઇતા ફુલો એક પછી એક આપતા જાય છે અને મંત્રીશ્વર અંગરચનામાં ગોઠવતા જાય છે એ જોઇને રાજાને પણ ફુલ આપવાનું મન થાય છે. રાજા ફુલ ઉપાડીને જેવું

આપવા જાય છે તે વખતે જે ફુલ જોઇતું હતું એની બદલીમાં બીજું ફુલ આવવાથી મંત્રીશ્વરની આંખ ઉંચી થાય છે એટલે રાજાને લાગ્યું કે મેં મંત્રીશ્વરને પૂજામાં અંતરાય કર્યો મિચ્છામિ દુક્કડં દઇ રાજા બહાર નીકળે છે અને બહાર નીકળીને રાજા વિચાર કરે છે કે મંત્રીશ્વર અંગરચના કરતાં કરતાં ભગવાનની પૂજાની ભક્તિમાં કેવો લીન થઇને બેઠેલો છે કે જેને આખી દુનિયાનું કશું ભાન નથી. દુનિયાથી અલિપ્ત થઇને કેટલી સુંદર રીતે ભગવાનની ભક્તિ કરી રહેલો છે. છે કોઇ જાતની ચિંતા ! આ વિચારણા રાજા કરતાં કરતાં અંતરમાં આનંદ પામે છે અને મંત્રીશ્વર પૂજા કરીને ઘરે ગયા પછી જમીને રાજ દરબારમાં જાય છે ત્યારે રાજાએ કહ્યું કે ગમે તેવું કામ આવશે તો પણ પૂજાના સમયે હું તમને વિઘ્નરૂપ થઇશ નહિ. આવી એકાગ્રતાથી કોઇકાળે ભગવાનની ભક્તિ જીવનમાં થયેલી છે ! કે જે ભક્તિના પ્રતાપે ભક્તિના વિચારોની ઓતપ્રોતતાની તલ્લીનતાના પ્રતાપે આખો સંસાર ભુલાઇ ગયો હોય એવું જીવનમાં કોઇવાર બન્યું છે ખરૂં ! આ રીતે જ્યારે સ્થિરતાપૂર્વકની ભગવાનની ભક્તિ જીવનમાં થશે ત્યારેજ શુભ ક્રિયા રૂપે ચારિત્રની ભાવના અંતરમાં પેદા થયેલી છે એને એની સ્થિરતાનો આનંદ પેદા થાય છે એવો અનુભવ જીવને પેદા થતો જાય. આવી સ્થિરતા પૂર્વકની ક્રિયા કરવા માટેજ અને જીવનમાં એ સ્થિરતાને પ્રાપ્ત કરવા માટે રોજ દેવની ભક્તિ કરવાનું જ્ઞાની ભગવંતોએ વિધાન કહેલું છે. કુમારપાળ મહારાજા એક ઋતુના ફુલની અંગરચના કરીને ભગવાનની આરતી ઉતારતા ઉતારતા એક ઋતુના ફુલની અંગરચનામાં સ્થિર બનીને એવા આનંદને પ્રાપ્ત કરે છે કે અંતરમાં તે વખતે ભાવના પેદા થાય છે કે એક ઋતુના ફુલોની અંગરચનાથી મને આટલો આનંદ પેદા થાય છે તો છએ ઋતુના ફુલ લાવીને અંગરચના કરું તો કેવો આનંદ પેદા થાય ! આ ભાવનાની વિચારણા કરતાં કરતાં અંતરમાં થાય છે કે છએ ઋતુના ફુલ લાવીને અંગરચના ન કરું તો હું રાજા શેનો ! જ્યાં સુધી

છએ ઋતુના ફુલ લાવીને અંગરચના ન કરું ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ. આ અભિગ્રહને ગ્રહણ કરે છે અને આરતી ફરી રહેલી છે. ત્યાર પછી ગુરુ ભગવંત પાસે આવીને વંદન કરીને ઉપવાસનું પચ્ચખાણ માંગે છે ત્યારે ગુરુભગવંત કહે છે કે કુમારપાળ આજે કોઇ તિથિ નથી ઉપવાસ શેનો ! ત્યારે કુમારપાળ કહે છે કે ભગવન્ મેં અભિગ્રહ કર્યો છે કે છ ઋતુના ફુલ લાવીને ભગવાનની અંગરચના ન કરું ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ એવો અભિગ્રહ કર્યો છે માટે આજે ઉપવાસનું પચ્ચખાણ માંગુ છું ગુરુ મહારાજ કહે છે કે કુમારપાળ વિચાર કર ત્યારે ગુરુ મહારાજને કહે છે કે બહુ બહુ તો આ દેહ જશે એજને મને એની કોઇજ ચિંતા નથી. આવું દ્રઢ મનોબળ સ્થિરતા પૂર્વકનું ભગવાનની ભક્તિમાં જેમ જેમ કુમારપાળને પ્રાપ્ત થતું જાય છે તેમ તેમ પોતાના બાંધેલા કર્મોનો ભુક્કો બોલાવીને કેટલાય જન્મ મરણની પરંપરાનો નાશ કરી નાંખ્યો અને એના પ્રતાપે ત્રીજે ભવે મુક્તિ નક્કી કરી નાંખી. એટલે કે પહેલો ભવ કુમારપાળનો બીજો ભવ અત્યારે વર્તમાનમાં વ્યંતર જાતિના દેવનો છે અને ત્યાંથી ચ્યવીને ઉત્સરપિણીના ત્રીજા આરામાં પહેલા તીર્થંકર પદ્મનાભ સ્વામી થવાના છે એમના છેલ્લા અગિયારમા ગુણધર રૂપે કુમારપાળનો જીવ પેદા થઇને આરાધના કરી મોક્ષે જશે. તે વખતે કળિકાળ સર્વજ્ઞ હેમચંદ્રસૂરીજી મહારાજાનો જીવ ચોથા દેવલોકમાં બેઠેલો હશે. આજે મનોબળની સ્થિરતા એને જ્ઞાની ભગવંતોએ ક્ષયોપશમભાવનું ચારિત્ર કહેલું છે. આ ક્ષયોપશમભાવે પ્રાપ્ત થયેલું ચારિત્ર એ આત્માનો ગુણ કહેવાય છે. કારણ કે આજ ક્ષયોપશમભાવનું ચારિત્ર નિર્મળ થતાં થતાં આત્માને ક્ષાયિક ભાવે આત્માનું સાદિ અનંતકાળ રૂપે આત્મામાં રહેલું ચારિત્ર પ્રાપ્ત કરાવવામાં સહાયભૂત થાય છે.

ગાઢ મિથ્યાત્વના ઉદયકાળમાં અપ્રશસ્ત અનંતાનુબંધિ અપ્રત્યાખ્યાનીય કષાયથી જીવ સમકિતી જીવો જે રીતે દેવ, ગુરૂ અને

ધર્મની ભક્તિ કરી શકે છે એ રીતે ભક્તિ કરવાની ક્રિયાઓ પણ કરી શકે છે. એ ક્રિયાઓ કરતાં કરતાં પણ જીવ પોતેપોતાના આત્માનો સંસાર વધારતોજાય છે. અપ્રશસ્ત અનંતાનુબંધી પ્રત્યાખ્યાનીય કષાયથી વ્રત, નિયમ, પચ્ચખાણને ગ્રહણ કરતો કરતો દેશવિરતિ નામના પાંચમા ગુણસ્થાનકમાં રહેલા જીવો નિરતિચાર પણે વ્રત, નિયમ, પચ્ચખાણનું પાલન જેરીતે કરે છે એ રીતે વ્રત, નિયમ, પચ્ચખાણનું પાલન કરીને જીવો પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. એવી જ રીતે અપ્રશસ્ત અનંતાનુબંધી સંજ્વલન કષાયના ઉદયથી છઠ્ઠા ગુણસ્થાનકમાં રહેલા જીવો જે રીતે ચારિત્રનું પાલન કરીને કર્મોને ખપાવવા પ્રયત્ન કરતા હોય છે એવીજ રીતે આ જીવો સાધુપણું લઇને નિરતિચારપણે પાલન કરતાં કરતાં પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. આમાં સંસાર વધવામાં મુખ્ય કારણ અનુકૂળ પદાર્થો પ્રત્યેનો ગાઢ રાગ અને પ્રતિકૂળ પદાર્થો પ્રત્યેનો ગાઢ દ્વેષ એજ મુખ્યત્વે કારણ છે. કારણ કે મિથ્યાત્વ ગાઢ રહેલું છે. આના ઉપરથી નિશ્ચિત થાય છે કે આ લોકના સુખને માટે પરલોકના સુખને માટે અને આ લોકમાં આવેલા દુઃખનો નાશ કરવાના હેતુથી જે કંઇ ધર્મપ્રવૃત્તિ કરવામાં આવે એ ધર્મપ્રવૃત્તિની સ્થિરતા સંસાર વૃધ્ધિનું કારણ બન્યા વગર રહેતી નથી એટલે નિયમા પાપાનુબંધી પુણ્ય બંધાવી જન્મ મરણની પરંપરા વધારવામાં સહાયભૂત થાય છે. આજે મોટે ભાગે બાહ્ય રીતે ધર્મની ક્રિયાઓ વધતી જાય છે, અનુષ્ઠાનો વધતા જાય છે, તપ પણ વધતો જાય છે છતાં પણ આંતરિક ધર્મ પેદા કરવાની લગભગ મોટેભાગે ઇચ્છા પેદા થતી નથી. એમાં મુખ્યત્વે કારણ વિચારીએ તો આલોકમાં જે કંઇ તકલીફ વગેરે આવે એને દૂર કરીને સુખ, સાહ્યબી, સંપત્તિની પ્રાપ્તિ કેમ થાય એ માટે મોટેભાગે ધર્મની પ્રવૃત્તિ ચાલે છે. પરલોકમાં પણ આના કરતાં સારી સામગ્રી કેમ મળે એ હેતુથી પણ ધર્મપ્રવૃત્તિ ચાલે છે. જેમકે ઘરમાં લગ્નનો પ્રસંગ હોય તો શાંતિસ્નાત્રની ક્રિયા અથવા કોઇપણ પૂજનની ક્રિયા રાખે છે એનો હેતુ જો વિચારીએ

તો મોટેભાગે કયા હેતુથી ધર્મના અનુષ્ઠાનો કરાવે છે ! એ જો વિચારવામાં આવે તો નિર્વિઘ્ન રીતે લગ્નનો પ્રસંગ નીકળી જાય એજ હેતુ હોય છે. હવે વિચાર કરો કે લગ્નની ક્રિયા પાપની ક્રિયા છે એ પાપની ક્રિયા નિર્વિઘ્ન રીતે પૂર્ણ કરવાનો વિચાર અને એ માટે ધર્મના અનુષ્ઠાનો ગોઠવવાની ઇચ્છા એ શું બરાબર છે ? આવી વિચારણા રાખીને અનુષ્ઠાનોનું સેવન કરવું-અનુષ્ઠાનો કરાવવા એ પુણ્યાનુબંધી પુણ્ય બાંધવામાં સહાયભૂત થાય ખરૂં ! તે વખતે અંતરમાં જો ભાવના હોય કે મારા કુટુંબમાંથી કોઇ સંયમ લઇ શક્યું નથી સંયમ લેવાની ભાવના પણ પેદા થઇ નથી, અને દીકરા દીકરીઓ મોટા થયેલા છે તેને ખીલે બાંધવા માટે મારે આ લગ્નની પાપની ક્રિયા કરવી પડે છે માટે કરું છું એની સાથે સાથે ધર્મના અનુષ્ઠાનોનું સેવન કરતાં કરતાં પાપની ક્રિયામાં સંયમથી જીવન જીવતા થાય અને સંયમની ભાવનામાં રહીને તાકાત કેળવીને આ જન્મમાં સાધુપણુ લઇનેજ મરણ પામે એ હેતુથી જો કદાચ અનુષ્ઠાનનું સેવન રાખવામાં આવે તો એનાથી જરૂર પુણ્યાનુબંધી પુણ્ય જીવ બાંધી શકે છે. પણ આવી વિચારણાથી અનુષ્ઠાનોનું સેવન કરાવનારા કેટલા ! એવી જ રીતે દીકરો પરીક્ષામાં પાસ થાય તો હું ભગવાનની અંગરચના કરાવીશ અથવા કોઇ તીર્થની યાત્રાએ જઇશ આ વિચારણાથી જે અનુષ્ઠાનોનું સેવન થાય એનાથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય ખરૂં ! કારણ કે એ અનુષ્ઠાનની ક્રિયામાં પ્રધાનતા છોકરો પાસ થઇને સારી રીતે આગળ આવી સુખમાં પોતાનું જીવન જીવતો થાય આના સિવાય બીજો કોઇ હેતુ છે ! આવી રીતે જો વિચારણા કરીએ તો આજે લગભગ મોટેભાગે ઘરમાં વારંવાર બીમારી રહેતી હોય તો એ બીમારીથી બચવા માટે વેદનીય કર્મની પૂજા ભણાવે છે. વેપાર ધંધા આદિમાં કોઇપણ અંતરાય વગેરે નડતા હોય તો એ અંતરાયોને દૂર કરવા માટે અંતરાય કર્મની પૂજા પણ ભણાવાય છે. આ રીતે અનુષ્ઠાનોની ક્રિયાઓ થાય છે અને જીવનમાં ધર્મની આરાધના કરે છે એ આરાધના કરવામાં ના

નથી. પણ આરાધનાની સાથે સાથે સુખનો રાગ જે પુષ્ટ થતો જાય છે, સુખના રાગની પ્રધાનતા અંતરમાં રાખીને અનુષ્ઠાનો થાય છે એના કારણે શુભ ક્રિયાના અનુષ્ઠાનોથી જીવ પાપાનુબંધી પુણ્ય બાંધી અકામ નિર્જરા કરી જન્મ મરણની પરંપરા વધારતો જાય છે. માત્ર ક્રિયા કરતાં કરતાં જો એમાં પરિણામની ધારણા સુધારીને ક્રિયા કરવામાં આવે તો જરૂર મિથ્યાત્વની મંદતા થયા વગર રહે નહિ અને સુખનો રાગ ઘટ્યા વગર પણ રહે નહિ. કદાચ એ રાગ ન ઘટે તો એને ઓળખીને એનાથી સાવચેતી રાખીને જીવન જીવવાની ઇચ્છા જરૂર પેદા થયા વગર રહેશે નહિ. આનેજ જ્ઞાની ભગવંતો મિથ્યાત્વની મંદતા કહે છે. આ મંદતા કરીને આરાધના જીવનમાં થઇ રહેલી છે અથવા આવી મંદતા પેદા કરીને હું ક્યારે જીવન જીવતો થાઉં આવી વિચારણા અત્યાર સુધીમાં કોઇદિ પેદા થઇ છે ખરી ! જો આવી વિચારણા પેદા કર્યા વગર આરાધનાના અનુષ્ઠાનો જીવનમાં ચાલુ રહેશે તો જેમ અત્યાર સુધી અનંતીવાર ધર્મસામગ્રી સંપન્ન મનુષ્ય જન્મ મેળવીને ધર્મની આરાધના કરીને મનુષ્ય જન્મ નષ્ટ કર્યા એમાં આ એક મનુષ્યજન્મનો વધારો થશે. આ આરાધના આત્મિક ગુણ પેદા કરવામાં કોઇકાળે સહાયભૂત થઇ શકશે નહિ. અને આત્મકલ્યાણનો જો વિચાર ન હોય તો જે રીતે આરાધના કરો છો એ તમારા આત્માને માટે બરાબર છે. ભલે એક ચક્કર સંસારમાં ફરવા જવું પડે તો વાંધો નથી. એમજ છે ને !

મિથ્યાત્વની મંદતા અંતરમાં પેદા કરીને અથવા પેદા કરવાના હેતુથી પ્રશસ્ત અનંતાનુબંધી-અપ્રત્યાખ્યાનીય કષાયથી દેવની ભક્તિ, સાધુની સેવા, સાધર્મિક ભક્તિ જીવનમાં જે કંઇ કરે છે એ ક્રિયાની સ્થિરતા જ્ઞાની ભગવંતોએ ક્ષયોપશમભાવે ચારિત્રની ક્રિયા રૂપે કહેલી છે. એ ક્રિયા જીવોને સમકિતની પ્રાપ્તિ કરાવી સર્વવિરતિની પ્રાપ્તિ કરાયા વગર રહેશે નહિ. એવીજ રીતે પહેલા ગુણસ્થાનકે મંદમિથ્યાત્વની હાજરીમાં પ્રશસ્ત અનંતાનુબંધી પ્રત્યાખ્યાનીય કષાયથી જીવો દેશવિરતિને યોગ્ય

નાનામાં નાના નિયમથી શરૂ કરીને બાર વ્રત અને શ્રાવકની અગ્યાર પડિમા ગ્રહણ કરીને નિરતિચાર પણે પાલન કરી શકે છે. એવી જ રીતે મંદ મિથ્યાત્વની હાજરીમાં પ્રશસ્ત અનંતાનુબંધી સંજ્વલન કષાયના ઉદયથી જીવો સર્વવિરતિને યોગ્ય સાધુપણાની ક્રિયાઓ કરતાં કરતાં નિરતિચારપણે સાધુપણું જીવનમાં પાળી શકે છે. આમાં રાગાદિ પરિણામની મંદતા થયેલી હોવાથી જે કંઇ અનુષ્ઠાનોની ક્રિયાઓ કરે છે એ ચારિત્ર ગુણને પ્રાપ્ત કરવામાં સહાયભૂત થતી હોવાથી જ્ઞાની ભગવંતોએ ક્ષયોપશમભાવે ચારિત્રની પ્રાપ્તિ કરાવનારી ક્રિયાઓ કહેલી છે. આ રીતે પહેલે ગુણસ્થાનકે પણ અપૂનર્બંધક દશાના પરિણામને પ્રાપ્ત કરી જીવો ચારિત્રની પ્રાપ્તિને માટે ચારિત્રની ક્રિયા પણ સુંદરમાં સુંદર રીતે કરી શકે છે. એ ક્રિયાઓ કરતાં કરતાં પુણ્યાનુબંધી પુણ્ય બાંધતા જાય છે, સકામ નિર્જરા કરતા જાય છે અને જન્મમરણની પરંપરાનો નાશ પણ કરતા જાય છે અને સાથે સાથે બંધાતી અશુભ પ્રકૃતિઓનો રસ અલ્પ બાંધતા જાય છે અને બંધાતી શુભ પ્રકૃતિઓનો રસ તીવ્રરૂપે બાંધતા જાય છે કે જે રસ ઉદયમાં આવીને સંસારનો નાશ કરવામાં સહાયભૂત થતા થતા આત્મિક ગુણોને પેદા કરવામાં સહાયભૂત થઇ આત્મિક ગુણોની સ્થિરતાની પ્રાપ્તિ કરાવવામાં સહાયભૂત થાય છે.

ચોથા ગુણસ્થાનકે રહેલા ક્ષયોપશમ સમકિતી જીવો અને ક્ષાયિક સમકિતી જીવો પ્રશસ્ત અપ્રત્યાખ્યાનીય અપ્રત્યાખ્યાનીય કષાયથી દેવની ભક્તિ, સાધુની સેવા, સાધર્મિક ભક્તિ જીવનમાં કરતાં કરતાં ચારિત્ર મોહનીય કર્મને ખપાવવામાં સહાયભૂત આરાધનાના અનુષ્ઠાનોને સેવતાં સેવતાં જન્મ મરણની પરંપરાનો નાશ કરતાં જાય છે. ક્ષયોપશમ સમકિતી જીવો અપ્રત્યાખ્યાનીય અનંતાનુબંધી કષાયથી દર્શન સપ્તક પ્રકૃતિઓને એટલે કે અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ-મિથ્યાત્વ-મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીય આ સાત પ્રકૃતિઓને દર્શન સપ્તક કહેવાય છે. એનો ક્ષય કરીને ક્ષાયિક સમકીત પ્રાપ્ત કરવામાં અપ્રત્યાખ્યાનીય

અનંતાનુબંધી કષાય બનાવીને એનો નાશ કરે છે. અપ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનીય કષાયથી ચોથા ગુણસ્થાનકમાં રહેલા ક્ષયોપશમ અને ક્ષાયિક સમકીતી જીવો દેશવિરતિને યોગ્ય વ્રત, નિયમ, પચ્ચખાણ જીવનમાં કરતાં કરતાં શ્રાવકના બાર વ્રત અને અગિયાર પડિમાને ગ્રહણ કરીને ચારિત્ર મોહનીય કર્મને ખપાવવા માટે પ્રયત્ન કરતો જાય છે. એજ રીતે અપ્રત્યાખ્યાનીય સંજ્વલન કષાયના ક્ષયોપશમભાવથી ચોથા ગુણસ્થાનકમાં રહેલા ક્ષયોપશમ અને ક્ષાયિક સમકીતી જીવો સંસારનો ત્યાગ કરી સર્વવિરતિને ગ્રહણ કરીને પોતાના આત્મામાં રહેલા ચારિત્ર મોહનીય કર્મને ખપાવવા માટે સુંદર રીતે ચારિત્રનું પાલન કરતાં કરતાં પોતાનું જીવન જીવતાં હોય છે આ રીતે જીવન જીવતાં જીવતાં પુણ્યાનુબંધી પુણ્ય બાંધતા જાય છે, જન્મ મરણની પરંપરાનો નાશ કરતાં જાય છે અને સત્તામાં રહેલા અશુભ કર્મો તીવ્રરસે હોય એને મંદરસે કરતાં કરતાં અને મંદરસે રહેલા શુભ કર્મો તીવ્રરસે બનાવતાં બનાવતાં સકામ નિર્જરા સાધતા જાય છે. છતાં પણ છઠ્ઠા ગુણસ્થાનકના પરિણામને પ્રાપ્ત કરી શકતા નથી.

પ્રત્યાખ્યાનીય અપ્રત્યાખ્યાનીય કષાયના ઉદયવાળા પાંચમાં દેશવિરતિ ગુણસ્થાનકમાં રહેલા જીવો વ્રત, નિયમ, પચ્ચખાણ કરવાની ઘણી ભાવના હોવા છતાં પણ પચ્ચખાણ કરી શકતા નથી તોપણ પોતાનું ચારિત્ર મોહનીય કર્મ ખપાવવા માટે દેવની ભક્તિ, સાધુની સેવા, અને સાધર્મિક ભક્તિ કરતાં કરતાં ચારિત્ર મોહનીય કર્મનો નાશ કરવાનો પ્રયત્ન કરતાં જાય છે. કેટલાક ક્ષયોપશમ સમકિતી પાંચમાં ગુણસ્થાનકમાં રહેલા જીવો પ્રત્યાખ્યાનીય અનંતાનુબંધી જેવો કષાય પ્રાપ્ત કરીને દર્શન સપ્તક પ્રકૃતિઓનો નાશ કરવા માટેનો પ્રયત્ન કરી સંપૂર્ણ નાશ કરીને ક્ષાયિક સમકીતની પ્રાપ્તિ કરી શકે છે. પ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનીય કષાયના ક્ષયોપશમભાવથી ક્ષયોપશમ સમકીતી અને ક્ષાયિક સમકીતી જીવો સર્વવિરતિને પ્રાપ્ત કરવાના હેતુથી પાંચમા ગુણસ્થાનકમાં રહીને

શ્રાવકના બાર વ્રતો અને અગિયાર પડિમા નિરતિચારપણે પાલન કરવાનો પ્રયત્ન કરતાં જાય છે. એજ રીતે ક્ષયોપશમ સમકિતી અને ક્ષાયિક સમકીતી જીવો પાંચમા ગુણસ્થાનકમાં રહીને પ્રત્યાખ્યાનીય સંજ્વલન કષાયના ક્ષયોપશમ ભાવથી સર્વવિરતિને ગ્રહણ કરી નિરતિચાર પણે સર્વવિરતિનું પાલન કરીને ચારિત્ર મોહનીય કર્મને ખપાવવા માટે પ્રયત્ન કરતાં જાય છે તો પણ છઠ્ઠા ગુણસ્થાનકના પરિણામને પ્રાપ્ત કરી શકતા નથી.

છઠ્ઠા ગુણસ્થાનકમાં રહેલા જીવો પ્રશસ્ત સંજ્વલન અપ્રત્યાખ્યાનીય કષાયના ક્ષયોપશમ ભાવથી દેવની ભક્તિ અને સાધુની સેવા કરતાં કરતાં પોતાના આત્મામાં રહેલા પ્રમાદ ભાવનો નાશ કરતાં કરતાં અપ્રમત્વ ભાવ પેદા કરવાની ભાવનામાં નિરતિચાર પણે ચારિત્રનું પાલન કરતાં જાય છે. એજ રીતે સંજ્વલન પ્રત્યાખ્યાનીય કષાયના ક્ષયોપશમ ભાવથી તપ કરવાનો અભ્યાસ કરતાં કરતાં પોતાનું જીવન એવું બનાવતાં જાય છે કે જેના પ્રતાપે પ્રમાદને ઓળખીને પ્રમાદનો નાશ કરવાના હેતુથી અપ્રમત્વ ભાવ પેદા કરીને પોતાના આત્મામાં રહેલા સંપૂર્ણ પ્રમાદોનો નાશ કરવા માટે નિરતિચારપણે ચારિત્રનું પાલન કરતાં કરતાં પોતાનું જીવન જીવતાં જાય છે. એજ રીતે સંજ્વલન સંજ્વલન કષાયના ક્ષયોપશમ ભાવથી સંયમ સ્થાનોમાં વિશુધ્ધિ રૂપે ક્રમસર આગળ વધતાં વધતાં એની અનુભૂતિ કરતાં કરતાં અપ્રમત્વ ભાવથી સુંદર રીતે ચારિત્રનું પાલન કરતાં કરતાં છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકમાં વારંવાર જતા આવતાં આત્મિક ગુણોની અનુભૂતિ કરતાં કરતાં પોતાના આત્માના સંસારનો નાશ કરતાં જાય છે. એ સંજ્વલન સંજ્વલન કષાયના ક્ષયોપશમભાવથી સાતમા ગુણસ્થાનકના પરિણામને પેદા કરીને સારો કાળ હોય તો અને પહેલાં સંઘયણને પ્રાપ્ત કરેલું હોય તો એ જીવો સંયમના સ્થાનોમાં આગળ વધીને મોહનીય કર્મનો સંપૂર્ણ નાશ કરવા માટે ક્ષપક શ્રેણિ પ્રાપ્ત કરી આઠમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરી નવમા

ગુણસ્થાનકમાં ચારિત્ર મોહનીય કર્મની એકવીશ પ્રકૃતિઓમાંથી વીશ પ્રકૃતિઓનો સંપૂર્ણ નાશ કરી દશમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે એ દશમા ગુણસ્થાનકમાં ચારિત્ર મોહનીયની છેલ્લી સંજ્વલન લોભ નામની પ્રકૃતિને સંપૂર્ણ નાશ કરીને બારમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરી ક્ષાયિક ચારિત્રની પ્રાપ્તિ કરે છે. આ ક્ષાયિક ચારિત્રની પ્રાપ્તિથી જ્ઞાનાવરણીય કર્મો, દર્શનાવરણીય કર્મ, અને અંતરાય કર્મનો સંપૂર્ણ નાશ કરીને જીવ તેરમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે. એ ગુણસ્થાનકને પ્રાપ્ત કરતાની સાથેજ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. પોતાનું ભોગવવાનું જેટલું આયુષ્ય બાકી હોય એ આયુષ્યકાળમાં કેવળજ્ઞાની તરીકે વિચરી અનેક જીવોને પ્રતિબોધ કરી છેલ્લે પોતાનું ભોગવાતું આયુષ્ય પૂર્ણ થવા આવે ત્યારે મન, વચન અને કાયાના યોગના વ્યાપારને નાશ કરવા માટે યોગ નિરોધ કરે છે. અને યોગ નિરોધ કરીને અયોગી પણાને પ્રાપ્ત કરી અયોગીપણામાં વેદનીય કર્મ, આયુષ્ય કર્મ, નામકર્મ અને ગોત્ર કર્મ એ ચારે કર્મોનો સંપૂર્ણ નાશ કરી જીવ સકલ કર્મથી રહિત થઇ સિધ્ધી ગતિને પ્રાપ્ત કરે છે. આ રીતે પ્રશસ્ત કષાયો રાગાદિ પરિણામને ઓળખાવી એની જાણકારી પ્રાપ્ત કરાવી રાગાદિની મંદતા કરાવતા કરાવતા પહેલા ગુણસ્થાનકમાંથી જીવને પુરૂષાર્થ કરાવતાં કરાવતાં ઠેઠ સિધ્ધિ ગતી સુધી પહોંચાડવામાં સહાયભૂત થતા હોવાથી પ્રશસ્ત કષાયોને જ્ઞાની ભગવંતોએ ઉપાદેય રૂપે કહેલા છે. એટલે જ મહાપુરૂષો કહે છે કે કષાયથી કષાયનો નાશ કરવાનો છે. એટલે કે ક્રોધથી ક્રોધનો નાશ કરવાનો, માનથી માનનો નાશ કરવાનો, માયાથી માયાનો નાશ કરવાનો અને લોભથી લોભનો નાશ કરીને વીતરાગ દશાને પ્રાપ્ત કરીને યાવત્ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી સિધ્ધિ ગતિ પ્રાપ્ત કરવાનું વિધાન કહેલું છે. વર્તમાનમાં આપણા ક્રોધાદિ કષાયો આપણા આત્મામાં રહેલા ક્રોધાદિ કષાયોને નાશ કરવામાં સહાયભૂત થાય છે ખરા !

જૈનશાસનમાં ચારિત્ર એટલે સામાયિક ચાર પ્રકારના કહેલા છે.

(૧) શ્રુત સામાયિક, (૨) સમ્યક્ત્વ સામાયિક, (૩) દેશવિરતિ સામાયિક અને (૪) સર્વવિરતિ સામાયિક.

(૧) શ્રુત સામાયિક :- ભગવાનની દેશના સાંભળવા માટે અથવા વ્યાખ્યાન શ્રવણ કરવા માટે જાજમ ઉપર બેઠેલા જીવો જો એ અભિગ્રહ કરીને બેસે કે જ્યાં સુધી ગુરૂ ભગવંત વ્યાખ્યાન સંભળાવે ત્યાં સુધી મારે બેસવું. એટલે કે વ્યાખ્યાન પૂર્ણ ન થાય ત્યાં સુધી મારે ઉઠવું નહિ આવો અભિગ્રહ કરીને વ્યાખ્યાન શ્રવણ કરવા બેસે તો એ જીવોને શ્રુતસામાયિકનો લાભ થાય છે. પણ આવો અભિગ્રહ કર્યા પછી સંસારનું કોઇપણ કામ આવી લાગે, કોઇ બોલાવવા આવે અથવા મનમાં કોઇ કામ યાદ આવી જાય કોઇને મળવા જવાનો સમય યાદ આવી જાય તો તે વખતે વચમાંથી ઉઠી શકાય નહિ તોજ એને શ્રુત સામાયિકનો લાભ પ્રાપ્ત થાય છે. એવીજ રીતે અભવ્ય જીવો, દુર્ભવ્ય જીવો, ભારેકર્મીભવ્ય જીવો ચારિત્રને ગ્રહણ કરીને નિરતિચારપણે ચારિત્રનું પાલન કરતાં કરતાં જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમભાવથી જ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં સાડા નવ પૂર્વ સુધીનું જ્ઞાન ભણે તે શ્રુત સામાયિક રૂપે કહેવાય છે. આ સાડા નવ પૂર્વ સુધીનું જ્ઞાન અજ્ઞાન રૂપે હોવાછતાં પણ એ જ્ઞાન ભણવામાં એને પરાવર્તન કરવામાં અને યાદ રાખવામાં જેટલો કાળ પસાર કરે છે એ કાળ પસાર કરતાં કરતાં પોતાના આત્માને માટે એ જ્ઞાન ઉપયોગી ન થતું હોવાછતાં પણ જ્ઞાની ભગવંતોએ શ્રુત સામાયિક રૂપે કહેલું છે. જો એ જ્ઞાન ભણતાં ભણતાં લઘુકર્મી ભવ્ય જીવો મિથ્યાત્વની મંદતા કરીને ગુણ પ્રાપ્તિને પ્રાપ્ત કરવાની ભાવના રાખીને જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમભાવથી જ્ઞાનને ભણતો જાય તો એ જ્ઞાનને શ્રુતસામાયિક રૂપે આત્મકલ્યાણમાં સહાયભૂત થનારું કહેલું છે અને સંસારને કાપવામાં એ જ્ઞાન સહાયભૂત થતાં થતાં સમ્યક્ત્વ સામાયિક, દેશવિરતિ સામાયિક અને સર્વવિરતિ સામાયિકને પ્રાપ્ત કરાવીને સિધ્ધિ ગતિમાં લઇ જવામાં સહાયભૂત થાય છે.

(૨) સમ્યક્ત્વ સામાયિક :- દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતાં કરતાં અરિહંત પરમાત્માઓએ જે સામગ્રીને છોડેલી છે એ છોડવાની શક્તિ મારામાં પેદા થાય એ હેતુથી દેવની ભક્તિ કરવામાં આવે તો એ ભક્તિમાં તાકાત છે કે સમ્યક્ત્વ પેદા કરાયા વગર રહે નહિ. અરિહંતોએ જે સામગ્રી છોડી એ સામગ્રી છોડવાલાયક જાણીને છોડેલી છે કારણ કે એ સામગ્રી જીવોને મેળવવામાંય દુઃખ પેદા કરાવે છે, ભોગવવામાંય દુઃખ પેદા કરાવે છે, વધારવામાંય દુઃખ પેદા કરાવે છે, સાચવવામાંય દુઃખ પેદા કરાવે છે, ન ચાલી જાય એની કાળજી રાખવામાંય દુઃખ પેદા કરાવે છે, ચાલી જાય તો રોવામાંય દુઃખ પેદા કરાવે છે અને કદાચ પુણ્યોદય હોય અને પોતાના જીવતાં એ સામગ્રી નાશ ન પામે તો છેલ્લે એ સામગ્રીને મૂકીને જતાં જતાં પણ આત્માને દુઃખ, દુઃખ અને દુઃખજ પેદા કરાવે છે. પણ એ સામગ્રીમાં જરાય કોઇપણ જગ્યાએ સુખ નથી નથી ને નથી. માટે જ અરિહંતના આત્માઓએ એ રીતે સામગ્રીને જાણીને છોડેલી છે એમની ભક્તિ કરતાં કરતાં એમના જેવા થવાની ભાવના રાખીને એમને છોડેલી સામગ્રી જે રીતે છોડી એ રીતે છોડવાની મને તાકાત પેદા થાય, શક્તિ આવે એ માટે એમની ભક્તિ કરવાની છે. આ રીતે ભક્તિ કરતો જાય તો જીવના અંતરમાં અનાદિ કાળથી ગાઢ મિથ્યાત્વના ઉદયના પ્રતાપે અનુકૂળ પદાર્થો પ્રત્યેનો ગાઢ રાગ રહેલો છે અને પ્રતિકૂળ પદાર્થો પ્રત્યે ગાઢ દ્વેષ રહેલો છે એ ઓળખાતા ઓળખાતા એને નાશ કરવાના હેતુથી એ રાગાદિ પરિણામને મંદ કરતાં કરતાં જીવ મોક્ષની રૂચિવાળો બને છે. મોક્ષની રૂચિવાળો જીવ બને એટલે અનુકૂળ પદાર્થોને રાગાદિ પરિણામની મંદતા પેદા થવાથી એ અનુકૂળ પદાર્થોમાં સુખની બુધ્ધિ અંતરથી નાશ પામે છે. અને પોતાના આત્મામાં રહેલું સુખ એજ ખરેખરું મેળવવા લાયક સુખ છે એવી બુધ્ધિ પેદા થતી જાય છે. આવી બુધ્ધિ અંતરમાં પેદા થાય એટલે જીવને ખરેખર કલ્યાણકારી રૂપે મનુષ્યજન્મને વિષે ધર્મ ઉપાર્જન કરવો એજ

કલ્યાણકારી માર્ગ છે એવી બુદ્ધિ પેદા થાય છે. જેમકે કાદવમાંથી કમળ પેદા થાય તો તે સાર રૂપે ગણાય છે માટી માંથી સોનું પેદા થાય તો તે સાર રૂપે ગણાય છે, દુધમાંથી માખણ પેદા થાય તો તે સાર રૂપે ગણાય છે અને પથ્થરમાંથી રત્ન પેદા થાય તો તે સાર રૂપે ગણાય છે એમ મનુષ્ય જન્મથી જો ધર્મ ઉપાર્જન થાય તો જ તે સાર રૂપ ગણાય છે. આ રીતે મનુષ્યજન્મમાં પ્રધાનપણે પ્રવૃત્તિ કરવા લાયક હોય અને પુરુષાર્થ કરીને મેળવવા લાયક કોઇપણ ચીજ હોય તે ધર્મ સિવાય બીજી ચીજ નથી આવી વિચારસરણી અંતરમાં પેદા થયા વગર રહેતી નથી. આ વિચારસરણીથી જે કંઇ ધર્મપ્રવૃત્તિ કરતો જાય તે મોક્ષની રૂચિથી ધર્મપ્રવૃત્તિ થાય છે એમ ગણાય છે. આવા જીવોને તીવ્રભાવે અનુકૂળ પદાર્થો માટે પાપ કરવાની બુદ્ધિ નાશ પામે છે. અનુકૂળ પદાર્થોનો રાગ મંદ થતો જાય છે. ઉચિત વ્યવહારનું પાલન શરૂ થાય છે, એનાથી અનુકૂળ પદાર્થો પ્રત્યે નિર્ભયતા પેદા થતા થતા અભયગુણ પેદા થતો જાય છે. અત્યાર સુધી અનુકૂળ પદાર્થોની પ્રધાનતા રાખીને એ પદાર્થોને મેળવવા આદિ માટે ખેદ રહીત પ્રવૃત્તિ જીવનમાં થતી હતી એટલે કે અખેદ રીતે પ્રવૃત્તિ કરતો હતો એ દૂર કરીને ધર્મને મેળવવા માટે અખેદ રીતે પ્રવૃત્તિ કરતો જાય છે. અત્યાર સુધી એ જીવ અનુકૂળ પદાર્થોને મેળવવા આદિ માટે અખેદ રીતે પ્રવૃત્તિ કરતો હતો અને ધર્મની પ્રવૃત્તિ ખેદ પૂર્વક કરતો હતો એટલે કે અનુકૂળ પદાર્થો મેળવવા આદિમાં ટાઇમ મળે તો દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતો હતો. એટલે કે સુખ સગવડને સાચવીને ધર્મની આરાધનાઓ કરવી એને ખેદ પૂર્વકની પ્રવૃત્તિ કહેલી છે. હવે એના અંતરમાં ધર્મની પ્રધાનતા પેદા થતા અનુકૂળ પદાર્થોની ગૌણતા પેદા થતા ધર્મને માટે અખેદ રીતે પ્રવૃત્તિ ચાલુ થાય છે અને ધર્મની પ્રવૃત્તિ કરતાં કરતાં ટાઇમ રહે અને આજીવિકાનું સાધન ન હોય તો અનુકૂળ પદાર્થોની પ્રવૃત્તિ કરવા માટે ખેદપૂર્વક જવાની ઇચ્છા થાય છે. આથી અખેદ ગુણ પેદા થાય છે અને આ રીતે અભય અને અખેદ

ગુણ પેદા કરીને અદ્વેષ ગુણ પેદા થતો જાય છે. અત્યાર સુધી બીજાના દોષો જોવાની વૃત્તિ હતી અને પોતાનામાં ગુણ ન હોવાછતાં પણ ગુણનો આરોપ કરીને ગુણ ગાવાની બુધ્ધિ હતી એ દૂર થઇને બીજાના નાના ગુણોને મોટા કરીને એ ગુણ પોતામાં ન દેખાય તો મેળવવાની ઇચ્છા પેદા થતી જાય છે અને બીજાના દોષોને જોવાને બદલે પોતાના આત્મામાં રહેલા દોષોને જોતાં જોતાં દૂર કરવાનું મન થતું જાય છે. કદાચ તે વખતે બીજાના દોષ દેખઇ જાય તો તે વખતે અંતરમાં વિચારણા કરે છે કે અજ્ઞાન માણસ છે માટે અજ્ઞાન માણસના અંતરમાં દોષો ન હોય તો બીજે ક્યાં હોય ! હું અજ્ઞાન હતો તે વખતે મારામાં પણ આ બધા દોષો હતા. આવી વિચારણા કરીને એ દોષોવાળા જીવો પ્રત્યે દ્વેષ બુધ્ધિ પેદા થવાને બદલે અદ્વેષબુધ્ધિ પેદા કરતો જાય છે. અને પોતાના આત્મામાં રહેલા દોષો પ્રત્યે દ્વેષ બુધ્ધિ પેદા કરીને એ દોષોને દૂર કરવાનો પ્રયત્ન કરતો જાય છે. આ રીતે પ્રયત્ન કરતાં કરતાં આત્માની વિશુધ્ધિને પ્રાપ્ત કરતાં કરતાં શુધ્ધ યથાપ્રવૃત્તકરણ અધ્યવસાયને પ્રાપ્ત કરતો કરતો ચરમ યથાપ્રવૃત્તકરણને પ્રાપ્ત કરે છે. એ ચરમયથાપ્રવૃત્તકરણમાં દાખલ થયેલો જીવ એના અધ્યવસાયની વિશુધ્ધિ એટલી બધી પ્રાપ્ત થયેલી હોય છે કે એને સંસારની બધી પાપની પ્રવૃત્તિઓ તપાવેલા લોઢા ઉપર ચાલવા જેવી લાગે છે. અત્યાર સુધી સુખ માટે પ્રાણ આપવાની તૈયારી બતાવતો હતો તે હવે ધર્મ માટે પ્રાણ આપવાની તૈયારી વાળો થયેલો હોય છે. જ્યારે સંસારની બધીજ પ્રવૃત્તિઓ તપાવેલા લોઢા ઉપર ચાલવા જેવી લાગે ત્યાર પછીજ અપૂર્વકરણ નામના અધ્યવસાયને પ્રાપ્ત કરી પોતાના આત્મામાં રહેલા રાગાદિ પરિણામની ગ્રંથીને ભેદે છે. એ ગ્રંથીભેદ થાય એટલે જે કંઇ તત્વજ્ઞાન ભણેલો છે તે અત્યાર સુધી સ્થુલબુધ્ધિથી ક્ષયોપશમભાવ પેદા થયેલો હતો તે ક્ષયોપશમભાવ સુક્ષ્મ બુધ્ધિથી જાણકારી મેળવવાનો પેદા થાય છે. આ સુક્ષ્મ બુધ્ધિથી તત્વજ્ઞાનને જાણવાનો ક્ષયોપશમભાવ પેદા થતાં રાગાદિ પરિણામને આધીન થઇને

અત્યાર સુધી જીવન જીવતો હતો એને બદલે ગ્રંથીભેદથી રાગાદિને પોતાને સ્વાધિન બનાવે છે અને સ્વાધિન બનાવી પોતાનું જીવન જીવતો થાય છે. એટલે કે અત્યાર સુધી રાગાદિ પરિણામ જે રીતે વિચાર પેદા કરાવે એ રીતે જીવન જીવાતું હતું એને બદલે રાગાદિ પરિણામને સ્વાધીન કર્યા એટલે કે જ્યાં હવે જીવને રાગ કરવા જેવો લાગે ત્યાંજ રાગ પેદા થાય છે અને જ્યાં દ્વેષ પેદા કરવા જેવો લાગે ત્યાંજ દ્વેષ પેદા થાય છે આને રાગાદિ પરિણામને સ્વાધીન કર્યા એમ કહેવાય છે. શાસ્ત્ર પરિભાષાથી ગ્રંથીભેદનો અર્થ મહાપુરૂષો કહે છે કે આત્મામાં ચાર ઠાણીયા રસવાળા રાગાદિ પરિણામ રહેલા હતા તે નાશ પામીને બે ઠાણીયા જેવા થાય છે. એટલે કે અનુકૂળ પદાર્થો પ્રત્યે અત્યાર સુધી ચાર ઠાણીયો રસ હતો તે રસ બે ઠાણીયા જેવો થાય છે અને ધર્મ પ્રત્યે બે ઠાણીયા જેવો રસ હતો તે ચાર ઠાણીયા જેવો બને છે. આને ગ્રંથીભેદ કહેવાય છે. આ ગ્રંથીભેદ કર્યા પછી જીવ પોતાના પરિણામની વિશુધ્ધિના બળે અનિવૃત્તિકરણ અધ્યવસાયને પ્રાપ્ત કરીને મિથ્યાત્વ મોહનીયના ઉદયનો નાશ કરી ઉપશમ સમકિતની પ્રાપ્તિ કરે છે. એ ઉપશમ સમકિતનો કાળ એક અંતર્મુહૂર્તનો હોય છે એ એક અંતર્મુહૂર્તનો કાળ પૂર્ણ કરીને જીવ ક્ષયોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે છે આને સમ્યક્ત્વ સામાયિક કહેવાય છે. આ સમ્યક્ત્વ સામાયિક પ્રાપ્ત થતાં જગતમાં રહેલા છોડવા લાયક પદાર્થોમાં છોડવા લાયકની બુધ્ધિ અને ગ્રહણ કરવા લાયક પદાર્થોમાં ગ્રહણ કરવા લાયકની બુધ્ધિ અંતરમાં સહજ રીતે પેદા થતી જાય છે. અને એની સ્થિરતા લાંબાકાળ સુધી એટલે કે જ્યાં સુધી ક્ષયોપશમ સમકિત ટકી રહે ત્યાં સુધી સતત એ બુધ્ધિ ચાલુને ચાલુ રહે છે. ઉત્કૃષ્ટથી ક્ષયોપશમ સમકિત ૬૬ સાગરોપમ સુધી જીવને રહે છે. માટે છોડવાલાયક પદાર્થોમાં છોડવાલાયકની બુધ્ધિ અને ગ્રહણ કરવાલાયક પદાર્થોમાં ગ્રહણ કરવાલાયકની બુધ્ધિ ૬૬ સાગરોપમ કાળ સુધી જીવને રહી શકે છે. આને સમ્યક્ત્વ સામાયિક કહેવાય છે. આ સમ્યક્ત્વ

સામાયિકને પ્રાપ્ત કરેલા જીવો નરકમાં રહેલા હોય છે તો પણ નરકમાં ભયંકર કોટિના દુઃખના કાળમાં પોતે જીવનમાં કરેલા પાપનો પશ્ચાતાપ કરતાં કરતાં પાપના ઉદયથી આવેલા દુઃખને સમાધિ પૂર્વક સહન કરતાં જાય છે. એટલે કે દુઃખમાં જરાય દિન થતા નથી. આ સમ્યક્ત્વ સામાયિક દુઃખમાં દિનતા પેદા થતી હોય એ દિનતાનો નાશ કરવામાં સહાયભૂત થાય છે અને દિનતા નાશ થતા થતા નરકમાં રહેલા સાતમી નારકીમાં રહેલા જીવો પણ પુણ્યાનુબંધી પુણ્યનો બંધ કરતાં જાય છે, સકામ નિર્જરા કરતા જાય છે અને જન્મ મરણની પરંપરાનો નાશ કરતાં કરતાં પોતાનો સંસાર અલ્પ કરતાં જાય છે. એવી જ રીતે તિર્યંચગતિમાં રહેલા સમ્યક્ત્વ સામાયિકવાળા જીવો પોતે કરેલા પાપના પશ્ચાતાપથી પોતે પોતાનું જીવન એવી રીતે જીવતા હોય છે કે બીજા જીવોને દુઃખ ન થાય, બીજા જીવોની હિંસા ન થાય એની કાળજી રાખીને દેશવિરતિના પરિણામને પણ પ્રાપ્ત કરી શકે છે. પૂર્વ ક્રોડ વરસ સુધી તિર્યંચપણામાં સમ્યક્ત્વ સામાયિકને ટકાવી રાખીને દેવનું આયુષ્ય બાંધી સમ્યક્ત્વ સાથે દેવલોકમાં ઉત્પન્ન થઇ શકે છે. અને ત્યાં પણ સમકિતના કાળમાં ગમે તેટલી સારી સુખની સામગ્રી મળેલી હોય તો પણ એ સુખમાં વૈરાગ્ય ભાવ પેદા કરીને સુખમાં લીન થતા નથી. એટલે કે સુખની લીનતાનો નાશ કરતાં કરતાં એ સામગ્રીમાં પોતાનો કાળ પસાર કરે છે. મનુષ્યપણામાં રહેલા જીવો પુરુષાર્થ કરીને ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરે તે એક ક્ષયોપશમ સમકિતના કાળમાં ગાઢ વિરતિના ઉદયથી સુખની સામગ્રીમાં જીવન જીવતો હોય તો પણ હેયમાં હેય બુધ્ધિ અને ઉપાદેયમાં ઉપાદેય બુધ્ધિ રાખીને જીવન જીવવાથી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરતાં જાય છે માટે ક્ષયોપશમ સમકિતી રાજા મહારાજાઓ ચક્રવર્તિઓ, સંસારમાં રહીને ભોગ ભોગવતાં હોય તો પણ ભોગાવલી કર્મનો નાશ કરતાં જાય છે. અર્થાત્ નિકાચિત અવિરતિના ઉદયના પ્રતાપે એ સંસારમાં બેઠેલા હોય છે. પણ એમને સંસારમાં રહેવાની ઇચ્છા

હોતી નથી. આ સમ્યક્ત્વ સામાયિક એકવાર મનુષ્યપણામાં પ્રાપ્ત થાય તો જીવનો સંસાર ઉત્કૃષ્ટથી અર્ધપુદ્ગલ પરાવર્તથી કાંઇક ઓછો ગણાય છે. અર્થાત્ એનાથી વધારે કાળ એ જીવ સંસારમાં રહેતો નથી. અને જઘન્યથી એક અંતર્મુહૂર્તનો કાળ સંસારમાં રહે છે એટલે કે એ ભવમાંજ પુરૂષાર્થ કરીને ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ કરી સર્વવિરતિને પામી અપ્રમત્ત ભાવ પેદા કરી ક્ષપક શ્રેણિ બાંધી મોહનો નાશ કરી વીતરાગ દશાને પામી જ્ઞાનાવરણીયાદિ ઘાતી કર્મનો નાશ કરી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરીને યોગનિરોધ કરી અયોગીપણાને પામી સકળ કર્મથી રહિત થઇ સિધ્ધિ ગતિને પામે છે. જેમ મરૂદેવા માતા હોય.

(૩) દેશવિરતિ સામાયિક :- સમ્યક્ત્વ સામાયિક પામ્યા પછી સાતે કર્મોની સ્થિતિ સત્તા આત્મામાં જેટલી રહેલી હોય છે એમાંથી સંખ્યાતા પલ્યોપમ જેટલી સ્થિતિ ઓછી કરે ત્યારે જીવ દેશવિરતિના પરિણામને પ્રાપ્ત કરે છે. એ દેશવિરતિના પરિણામમાં રહેલા જીવોને દેશવિરતિ સામાયિક કહેવાય છે. જે અત્યારે વર્તમાનમાં શ્રાવકો બે ઘડીનું સામાયિક કરે છે તે દેશવિરતિ સામાયિક ગણાય છે. આ દેશવિરતિ સામાયિક ઉત્કૃષ્ટથી જીવને પૂર્વ ક્રોડ વરસ સુધી રહે છે એટલે કે આઠ વર્ષ ન્યૂન પૂર્વક્રોડ વરસ સુધી દેશવિરતિનો પરિણામ જીવને રહી શકે છે. આ દેશવિરતિપણામાં રહેલા જીવો સંસારમાં રહેવા છતાં પણ એનું મન સંસારમાં હોતું નથી પણ મોક્ષમાં હોય છે. માત્ર કાયાથીજ સંસારમાં રહેલા હોય છે.

(૪) સર્વવિરતિ સામાયિક :- ચોથા અને પાંચમા ગુણસ્થાનકમાં રહેલા જીવોને સાતે કર્મોની જેટલી સ્થિતિ સત્તામાં રહેલી હોય છે એમાંથી સંખ્યાતા સાગરોપમ જેટલી સ્થિતિ ઓછી થાય ત્યારે જીવને સર્વવિરતિનો પરિણામ પેદા થાય છે. આ સર્વવિરતિનો પરિણામ પેદા થતા સંસારની સઘળી પાપની પ્રવૃત્તિ એટલે કે બારે પ્રકારની અવિરતિનો મન, વચન અને કાયાથી એ પાપ કરવા રૂપે-એ પાપ કરાવવા રૂપે અને એ પાપ

અનુમોદવા રૂપે સર્વથા ત્યાંગ કરીને જીંદગીભરના સામાયિકને ગ્રહણ કરે છે તે સર્વવિરતિ સામાયિક કહેવાય છે. આ સર્વવિરતિ સામાયિકનો કાળ જઘન્યથી એક અંતર્મુહૂર્તનો હોય છે અને ઉત્કૃષ્ટથી દેશ ઉણ પૂર્વ ક્રોડ વરસનો હોય છે. એક અંતર્મુહૂર્તનો કાળ એ રીતે ગણાય છે કે ભાવથી સર્વવિરતિનો પરિણામ પામી અપ્રમત્ત ભાવ પેદા કરી ક્ષપક શ્રેણિ માંડી મોહનો નાશ કરી વીતરાગ દશાને પામી ઘાતી કર્મોનો નાશ કરી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી યોગનો નિરોધ કરી સકળ કર્મથી રહિત થઇ સિધ્ધિ ગતિને પામે તેને એક અંતર્મુહૂર્તનો કાળ કહેવાય છે અને જે જીવો એટલા કાળમાં મોક્ષે ન જાય એ જીવોને ઉત્કૃષ્ટથી દેશ ઉણ પૂર્વ ક્રોડ વરસનો કાળ ગણાય છે એટલે કે પૂર્વક્રોડ વરસના આયુષ્યવાળો જીવ આઠ વરસે સંયમનો સ્વીકાર કરી અને પૂર્વક્રોડ વરસ સુધી સંયમનું પાલન કરે તો આઠ વરસ ન્યૂન પૂર્વ ક્રોડ વરસ સુધીનો કાળ સર્વવિરતિનો ગણાય છે. આને સર્વવિરતિ સામાયિક કહેવાય છે.

જીવનું લક્ષણ તપ

સહન કરવું તે તપ. અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો શરીર, ધન અને કુટુંબાદિની અનુકૂળતાને માટે અને આવેલી પ્રતિકૂળતાને દૂર કરવા માટે સહન કરતાં કરતાં પોતાનું જીવન જીવતાં હોય છે એ સહન કરવામાં જે કંઇ કષ્ટ પડે, મરણાંત કષ્ટ આવે તો પણ એ કષ્ટને કષ્ટ લગાડ્યા વગર સારી રીતે સહન કરતાં કરતાં પ્રાણ આપવા સુધીની તૈયારી સુધી પહોંચે છે. આ રીતે જીવો અનૂકૂળ પદાર્થોને માટે કષ્ટને સહન કરતા કરતા અકામ નિર્જરા કરી પાપાનુબંધી પુણ્ય બાંધી અને સમુર્છિત પણામાં રહેલા જીવો પુણ્યનો બંધ કરતાં કરતાં એ પુણ્ય એકઠું કરીને શુભ ગતિ રૂપે મનુષ્યગતિને પ્રાપ્ત કરે છે. એ અકામ નિર્જરાથી પ્રાપ્ત થયેલી મનુષ્યગતિને વિષે જીવો પોતાની શક્તિ મુજબ શરીર, ધન અને કુટુંબ પ્રત્યે રાગાદિ પરિણામ કરતાં

કરતાં જે કંઇ કષ્ટ સહન કરવું પડે તે કષ્ટ સહન કરતાં કરતાં પાપનો અનુબંધ જોરદાર પાળીને પોતાના હાથેજ પોતાનો સંસાર વધારતા જાય છે. એટલે કે પુણ્ય ભેગું કરીને શુભ ગતિને પ્રાપ્ત કરી એ પુણ્યનો ભોગવટો કરી પુણ્યને ખલાસ કરીને અહીંથી દુર્ગતિમાં ભટકવા માટે ચાલતા થઇ જાય છે. આ રીતે જીવો અનુકૂળ સામગ્રીને માટે કષ્ટને સહન કરતાં કરતાં સંસારને વિષે અનંતાકાળથી પરિભ્રમણ કર્યા કરે છે. આ રીતે સહન કરીને જે જીવન જીવવું એને જ્ઞાની ભગવંતોએ અસમ્યક્‌તપ કહેલો છે. અસમ્યક એટલા માટે કહેવાય છે કે સહન કરવા છતાં પણ આત્મકલ્યાણ કરવાની વિચારધારા અંતરમાં કોઇકાળે પેદા થઇ શકતી નથી. અને એ સહન કરતાં કરતાં દેવ, ગુરૂ અને ધર્મની આરાધના પણ કોઇપણ દોષ ન લાગે, અતિચાર ન લાગે એની કાળજી રાખીને સુંદરમાં સુંદર રીતે જીવનમાં ધર્મની આરાધના કરવા છતાં પણ એનું લક્ષ શરીર, ધન અને કુટુંબની સુખાકારીજ હોવાથી એટલે કે આલોકના સુખની સુખાકારી અથવા પરલોકમાં પણ વર્તમાનના સુખ કરતાં સારી સુખ સાહ્યબી સંપત્તિ પ્રાપ્ત થાય અને એને સારી રીતે ભોગવતો થાઉં આવી વિચારણાથી શુભ ક્રિયાઓના અનુષ્ઠાનોનું સેવન કરતાં કરતાં જીવ જે કંઇ કષ્ઠ વેઠવા જેવું લાગે તે કષ્ટને સારી રીતે સહન કરે છે. આ રીતે કષ્ટને સહન કરવા છતાં પણ એને આત્મિક સુખની અનુભૂતિ કરવાની આત્મિક સુખ પેદા કરવાની ભાવના કોઇકાળે અંતરમાં પેદા થતી નથી. અને આ ભવમાં શુભ અનુષ્ઠાનોની ક્રિયાઓ કરતાં કરતાં તપનો અભ્યાસ પાડી અનેક પ્રકારના જીવનમાં તપનું સેવન કરતાં કરતાં જે પુણ્ય ઉપાર્જન કરે છે એ પુણ્યથી દેવલોકાદિના સુખોની સામગ્રીને પ્રાપ્ત કરે છે. એ સામગ્રી પ્રાપ્ત કરવા છતાં પણ અસમ્યક્‌ તપ કરીને સામગ્રીની પ્રાપ્તિ થયેલી હોવાથી મળેલી સામગ્રીમાં રાગાદિ પરિણામ વધારતો વધારતો અંતરમાં પોતાના જેવી કે પોતાનાથી અધિક સામગ્રી મળેલી જોતાંની સાથેજ અંતરમાં ઇર્ષ્યા ભાવ પેદા કરીને

દેવલોકના સુખોને સુખરૂપે ભોગવી શકતો નથી અને સાગરોપમના કાળ સુધી એટલે કે ઉત્કૃષ્ટથી એકત્રીશ સાગરોપમ કાળ સુધી ઇર્ષ્યા ભાવ અંતરમાં પેદા કરી ઇર્ષ્યા ભાવ વધારતાં વધારતાં એ કાળ પસાર કરતો જાય છે અને એ સુખની સામગ્રીમાં રહેલો હોવાછતાંય સુખને સુખરૂપે ભોગવી શકતો નથી તથા ભોગવવાની તાકાત પેદા કરી શકતો નથી અને ત્યાંથી પાછો અનાર્ય ક્ષેત્રાદિમાં મનુષ્યપણે ઉત્પન્ન થઇ અનેક પ્રકારના પાપોને કરીને નર્કાદિ દુર્ગતિમાં ભટકવા માટે ચાલ્યો જાય છે. આ રીતે જીવે અનંતીવાર ધર્મસામગ્રી સંપન્ન મનુષ્યજન્મ પ્રાપ્ત કરી અનંતીવાર ધર્મની આરાધનાના અનુષ્ઠાનોનું સેવન કરીને પોતાના હાથેજ પોતાનો સંસાર વધાર્યો છે. વર્તમાનમાં દેવ, ગુરૂ અને ધર્મની સામગ્રી મળેલી છે એની આરાધના કરતાં કરતાં અભ્યાસ પાડીને જે કંઇ જીવનમાં તપનું આચરણ કરીએ છીએ એ તપ જીવનમાં અસમ્યગ્ રૂપે બને છે કે સમ્યગ્રૂપે થાય છે એની વિચારણા કોઇ દિ' કરીએ છીએ ખરા ! જૈનકુળમાં જન્મેલા જીવો આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞાને સંયમ કરવા માટે સૌથી પહેલાં જૈનશાસનમાં સમ્યક્ તપ કરવાનું વિધાન કહેલું છે. નવકારશી જેવો તપ આહારસંજ્ઞાને સંયમ કરવામાં સફળ ન થતો હોય તો એ નવકારશી જેવો તપ સંસારની વૃધ્ધિમાં સહાયભૂત થયા વગર રહેતો નથી. આજે નવકારશીનું પચ્ચખાણ કરતાં કરતાં આહારસંજ્ઞા સંયમીત થાય છે એવો અનુભવ પેદા થાય છે ખરો ! કારણ કે નવકારશી કરવી એ પણ સૂર્યોદયથી અડતાલીશ મિનિટ સુધીના કાળમાં જીવને ગમે તેટલા મનગમતા અનુકૂળ આહારના પદાર્થો મળે તો પણ એટલા ટાઇમ સુધી એને ખાવાની ઇચ્છા પેદા થતી નથી. આ અભ્યાસ વર્ષોથી નવકારશીનો તપ કરનારા જીવોને જીવનમાં ચાલુ હોય છે. એ ટાઇમે એ મનગમતાં અનુકૂળ આહારના પદાર્થોની ઇચ્છા નથી થતી કેમકે નવકારશીનું પચ્ચખાણ લીધેલું છે એનાથી એક સ્ટેપ આગળ વધીએ તો તે વખતે કોઇ કહે કે તારે વાપરવા હોય તો

હમણાં વાપર નવકારશીના ટાઇમ પહેલાં આ પદાર્થો પૂરા થઇ જશે. તો તે વખતે એ પદાર્થોને પોતાના ભાગના લઇને રાખી મુકવાની ઇચ્છા પણ પેદા થાય નહિ ને ! ભલે પુરા થશે તો પણ નવકારશીના ટાઇમ પછી જે હશે તે હું ચલાવી લઇશ. આવો કોઇ વિચાર અંતરમાં પેદા થાય છે ખરો ! કે તે વખતે પોતાના ભાગના જે પદાર્થો આવતાં હોય એને લઇને બાજુમાં મુકવાનું મન થાય. ભલે નવકારશીનો ટાઇમ નથી આવ્યો ત્યાં સુધી એ પદાર્થો ખાવામાં ઉપયોગ કરતો નથી પણ રાગપૂર્વક એ પદાર્થોને રાખવાથી મારાપણાની બુધ્ધિ એમાં રહેલી હોવાથી નવકારશીના ટાઇમ આવતા પહેલાં પહેલાં આયુષ્ય પૂર્ણ થઇ જાય તો તે વખતે એને આયુષ્યનો બંધ પડે તો કયા આયુષ્યનો બંધ પડે ? આની કોઇ વિચારણા અંતર માં પેદા થાય ખરી ! નવકારશી આદિનું પચ્ચખાણ કરવા છતાં પણ જે આહારના પદાર્થો પ્રત્યે રાગાદિ પરિણામ અને મમત્વ બુધ્ધિ ઘટે એવું લાગતું હોય તો અને ઘટાડવાની ભાવના પણ ન હોય તો અને એ રાગાદિ પરિણામ નથી ઘટતા એનું દુઃખ પણ અંતરમાં પેદા ન થતું હોય તો જીવનમાં થતો નવકારશી આદિનો તપ અસમ્યગ્ રૂપે તપ કહેવાય છે. પણ એ સમ્યગ્ રૂપે તપ બનતો નથી. સમ્યગ્ રૂપે નવકારશી આદિનો તપ ત્યારેજ ગણાય કે આહારના પદાર્થો પ્રત્યે રાગાદિ પરિણામ ઘટાડવાનું લક્ષ અંતરમાં પેદા થતું હોય તો. નવકારશીમાં જે પદાર્થોનો ઉપયોગ કરતો હોય એને બદલે બીજા પદાર્થો નવકારશીમાં પ્રાપ્ત થતાં હોય એટલે કે અનુકૂળ પદાર્થોને બદલે પ્રતિકૂળ પદાર્થની પ્રાપ્તિ થતી હોય તો તે વખતે અંતરમાં વિચારણા શું આવે ! જ્ઞાની ભગવંતો કહે છે કે નવકારશીનું પચ્ચખાણ કરવુંજ જોઇએ એવો નિયમ નથી. સાધુ અને શ્રાવકને એકજ વાર જમવાનું વિધાન કહેલું છે એટલે કે એકજવાર આહાર કરવાનું વિધાન કહેલું છે. દેવની ભક્તિ કરતાં સાધુની સેવા કરતાં, સ્વાધ્યાય કરતાં કરતાં ચિત્તની પ્રસન્નતા ટકી રહેતી ન હોય મનની એકાગ્રતા જળવાતી ન હોય એવાજ પ્રકારનો વીર્યાંતરાયનો

ક્ષયોપશમભાવ જીવ લઇને આવેલો હોય તો એ અસમાધિને દૂર કરવા ચિત્તની પ્રસન્નતા અને એકાગ્રતા પ્રાપ્ત કરવા માટે નવકારશી કરવી પડતી હોય અને કરે તે નવકારશીમાં માત્ર ચિત્તની પ્રસન્નતા આદિનું લક્ષ હોવાથી પેટમાં નાખવાના પદાર્થો મળી જાય એટલે એની સ્થિરતા ટકી રહે માટે ખાવાના પદાર્થો અનુકૂળ કે પ્રતિકૂળ જે કંઇ મળે એ બંન્નેમાં સમાન બુધ્ધિ રાખીને એ પદાર્થોનો ઉપયોગ કરી મનની પ્રસન્નતા જાળવવા પ્રયત્ન કરતો જાય અને રાગાદિ પરિણામને ઘટાડવા પ્રયત્ન કરતો જાય તો એ નવકારશીનો તપ પણ સમ્યક્ તપ કહેવાય છે. આ સમ્યક્ તપ જીવનમાં ચાલુ થાય તો દેવની ભક્તિ કરતાં, સાધુની સેવા કરતાં, જૈન શાસનનું જે કંઇ તત્વજ્ઞાન ભણેલો હોય એનો સ્વાધ્યાય અને ચિંતન કરતાં કરતાં સકામ નિર્જરા કરતો કરતો જીવ આહારના પદાર્થોને વિષે શરીરને અનુકૂળ એવા પદાર્થોને વિષે ઇચ્છાનો નિરોધ કરતો કરતો મોક્ષમાર્ગમાં દાખલ થઇ ક્રમસર આગળ વધતો વધતો ગ્રંથીભેદ કરી સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી સર્વવિરતિના ભાવને પ્રાપ્ત કરી અપ્રમત્વ ભાવને પામીને ક્ષપક શ્રેણી પ્રાપ્ત કરીને મોહનીય કર્મનો નાશ કરી, વીતરાગદશાને પામીને, જ્ઞાનાવરણીયઆદિ ઘાતી કર્મોનો નાશ કરીને જીવ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી શકે છે અને એ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કર્યા પછી છેલ્લે યોગ નિરોધ કરી અયોગી અવસ્થાને પ્રાપ્ત કરી સકલ કર્મોથી રહિત થઇને જીવ સિધ્ધિ ગતિને પ્રાપ્ત કરી શકે છે. આ રીતે પહેલાં ગુણસ્થાનકમાં રહેલા જીવો અનાદિકાળથી આહાર સંજ્ઞાઓને આધીન થઇને પોતાનું જીવન જે જીવી રહેલા છે એ જીવનની ઇચ્છાઓ એજ મારા આત્મિક ગુણોને નાશ કરવામાં સહાયભૂત થાય છે, સમ્યક્ તપને પેદા નહિ થવા દેવામા વિઘ્નરૂપ બને છે આવી વિચારણા અંતરમાં રોજ ચાલુ રાખવી જોઇએ. બોલો આજે જીવનમાં જે કંઇ આપણે બાહ્યતપની આચરણા કરીએ છીએ એ આચરણા કરતાં કરતાં આહારસંજ્ઞા આદિનો સંયમ એટલે કે ઇચ્છાઓનો નિરોધ અંતરમાં કેટલો પ્રાપ્ત થાય છે એને

રોજ આપણે વિચારણા રૂપે વિચાર કરીએ છીએ ખરા ! બાહ્યતપની આચરણા કરતાં કરતાં અભ્યંતર તપ પેદા કરવાનું લક્ષ ન હોય અને અભ્યંતર તપને પણ પ્રાપ્ત કરતાં કરતાં ઇચ્છાઓને સંયમ કરવાનું લક્ષ પેદા ન થતું હોય તો સમજવું કે બાહ્યતપ જન્મમરણની પરંપરા નાશ કરવાને બદલે જન્મ મરણની પરંપરા વધારવામાં સહાયભૂત થાય છે. આવો તપ જીવનમાં કરવાથી અકામ નિર્જરા થાય છે એટલે કે અશુભ કર્મનો રસ બહુજ ઓછો નાશ પામે છે અને એના કરતાં વધારે અશુભ કર્મોનો તીવ્રરસ બંધાતો જાય છે. શુભ કર્મો જે કંઇ બંધાય છે તે અલ્પરસવાળા બંધાય છે. આનાથી જ્ઞાની ભગવંતો કહે છે કે એકેન્દ્રિયજીવો અસમ્યક્ તપની આચરણા કરતાં કરતાં અકામ નિર્જરા કરીને જેટલા કર્મો ખપાવે અને શુભ કર્મો પુણ્યરૂપે બંધ કરે એના કરતાં બાહ્યતપની આચરણા કરનારા જીવો ઇચ્છાનો નિરોધ અંતરમાં પેદા ન થતો હોય એનું દુઃખ પણ ન હોય તો એકેન્દ્રિય જીવો કરતાં અકામ નિર્જરા ઘણી ઓછી કરે છે. અને અશુભ કર્મો અધિક બાંધે છે એમ કહે છે. જીવનમાં જે કંઇ તપની આચરણા કરીએ છીએ આટલા વર્ષોથી તપ કરતાં કરતાં તપનો અભ્યાસ પેદા કરેલો છે એ તપથી ઇચ્છાનો નિરોધ અવશ્ય પેદા કરવાનું લક્ષ જોઇએજ. તોજ જીવ તપ કરતાં કરતાં સકામ નિર્જરા કરીને શુભ પરિણામમાંથી શુધ્ધ પરિણા[illegible]ી પ્રાપ્તિ કર્યા વગર રહેતો નથી. આવી કોઇ અનુભૂતિ જીવનમાં પેદા થાય છે ખરી ! જ્યાં સુધી આ સમ્યક્ તપ અંતરમાં પેદા કરવાનું લક્ષ નહિ થાય ત્યાં સુધી નવકારશી આદિ તપનો અભ્યાસ ઇચ્છા નિરોધને કરવામાં સહાયભૂત થશે નહિ.

જ્ઞાની ભગવંતો કહે છે કે આહારસંજ્ઞા આદિ ચારે સંજ્ઞાઓ જ્યાં સુધી જીવ સમજણના ઘરમાં દાખલ થયેલો હોતો નથી, મોક્ષમાર્ગમાં દાખલ થયેલો હોતો નથી, મોક્ષની રૂચિ પેદા થયેલી હોતી નથી ત્યાં સુધી જ એ સંજ્ઞારૂપે કામ કરે છે. જ્યારે એ જીવ સમજણના ઘરમાં આવે

અથવા મોક્ષની રૂચિવાળો, મોક્ષના અભિલાષવાળો અથવા મોક્ષમાર્ગમાં દાખલ થાય કે તરતજ આહારસંજ્ઞાઓનો સંયમ થાય થાય ને થાય જ. એ આંશિક સંયમની જે અનુભૂતિ એના પ્રતાપે જીવ આહાર કરતો હોવા છતાં પણ સંજ્ઞાને આધીન થઇને આહાર કરતો નથી. એટલે કે મિથ્યાત્વનો ઉદય પેદા થાય અને મિથ્યાત્વનો ઉદય રહેલો હોવાછતાં પણ અનુકૂળ પદાર્થોનો ઉપયોગ કરે તો તે વખતે અંતરમાં મિથ્યાત્વના કારણે એ પદાર્થ ગમે ખરો, સારો પણ લાગે, અંતરમાં આનંદ પણ પેદા કરાવે પણ સંજ્ઞાઓનો સંયમ આંશિક થયેલો હોવાથી તરતજ અંતરમાં દુઃખ પેદા થાય કે આ ખોટું થયું. મારે આ ન કરવું જોઇએ, મને કેમ અનુકૂળ પદાર્થોમાં આવો આનંદ પેદા થઇ જાય છે. આવી વિચારધારા તરતજ અંતરમાં શરુ થાય છે. એવીજ રીતે પ્રતિકૂળ આહાર પ્રાપ્ત થાય તો મિથ્યાત્વના ઉદયના કારણે અંતરમાં નારાજી પેદા થાય, ખાવાની ઇચ્છા ન થાય, કદાચ ખાધા વગર પણ ઉભો થઇ જાય. પણ અંતરમાં તે વખતે સંજ્ઞાને આધીન થયેલો ન હોવાથી આંશિક સંજ્ઞાનો સંયમ પેદા થયેલો હોવાથી તરતજ વિચારણા પેદા થાય કે આ ખોટું થાય છે. મારે આવું ન કરવું જોઇએ. શા માટે મને પ્રતિકૂળ પદાર્થો પ્રત્યે નારાજી પેદા થાય છે. આવી વિચારસરણી જ્યારથી જીવને શરૂ થતી જાય ત્યારથી એ જીવ મોક્ષમાર્ગમાં દાખલ થયેલો છે એમ કહેવાય છે. એટલે કે આહારાદિ ચારે સંજ્ઞાઓ આંશિક રૂપે સંયમીત થતી જાય છે એવી એને અનુભૂતિ પેદા થતી જાય છે. પહેલા ગુણસ્થાનકમાં રહેલા જીવો નવકારશી આદિ તપ કરતાં કરતાં આહારસંજ્ઞા આદિનો સંયમ કરવાનો પુરૂષાર્થ કરતા જાય તોજ ઇચ્છાઓનો સંયમ પ્રાપ્ત થતો જાય છે. જ્ઞાની ભગવંતો કહે છે કે એક સેકંડ અનુકૂળ પદાર્થોને મેળવવાની ઇચ્છા પેદા કરવાથી એટલે કે એક સેકંડ આ પદાર્થ મને મળે તો સારૂં, કેવો સરસ છે આવી વિચારણા અંતરમાં પેદા કરવાથી ૧૫,૧૫,૬૪૫ પલ્યોપમ સુધી નારકીના જીવો જેટલું દુઃખ વેઠે એટલું દુઃખ ભોગવવા લાયક કર્મનો બંધ કરે છે. એટલે

કે આટલા પલ્યોપમ સુધી દુઃખ ભોગવાય એવી અશાતાવેદનીય કર્મ બંધાય છે. આજે વિચારણા કરીએ તો સુખની ઇચ્છા લગભગ મોટેભાગે ચોવીશ કલાક ચાલુ હોય છે. દેવ, ગુરૂ અને ધર્મની આરાધના માટે જ્ઞાન, દર્શન, ચારિત્રની-રત્નત્રયીની આરાધના માટે ૨૪ કલાકમાંથી ચાર કલાક કે છ કલાક જે કાંઇ ટાઇમ કાઢતા હોઇએ તો પણ એ ટાઇમમાં અનુકૂળ પદાર્થોની ઇચ્છાઓ ન હોય એવુ બને છે ખરૂં ! જેટલો ટાઇમ ધર્મની આરાધના જીવનમાં કરીએ છીએ એટલો ટાઇમ શરીર, ધન અને કુટુંબની સુખાકારી અથવા એની અનુકૂળતાઓની ઇચ્છાઓનો સંયમ કરીને આરાધના થાય છે એવો અનુભવ છે ? આજે લગભગ વિચારણા કરીએ તો અનુકૂળતામાંથી સગવડ મળે તોજ દેવ, ગુરૂ અને ધર્મની આરાધના જીવનમાં કરાય છે. જેમકે જ્યાંસુધી ઘરમાં પુરૂષ રહેલા હોય ત્યાં સુધી મોટેભાગે બાઇઓ ભગવાનની પૂજા કરવા માટે આવતી નથી. પુરૂષો જ્યારે ઓફીસે જાય ત્યાર પછી ઘરનું બધું કામકાજ પતાવીને ટાઇમ કાઢીને ભગવાનની ભક્તિ કરવા માટે બાઇઓ આવે છે અને તે વખતે અંતરમાં બોલે પણ છે કે હાશ ! હવે શાંતિ થઇ. ભગવાનની ભક્તિ હવે શાંતિથી કરાશે. એ જે શાંતિનો અનુભવ અનુકૂળ પદાર્થોની સામગ્રીની જે હુંફ એને સાથે લઇને આવે છે એ શાંતિ હોય છે. પણ ભગવાનની ભક્તિથી સંજ્ઞાઓનો સંયમ થતો હોય સંજ્ઞાઓને સંયમીત કરવાના હેતુથી આરાધના કરવા આવતા હોય એવા કેટલા મળે ! જે મળે એમાં આપણો નંબર આવે ખરો ! જો એમાં નંબર ના આવે અને આજ રીતે આરાધના જીવનમાં કર્યા કરીશું તો અહીંથી મરીને આપણે ક્યાં ચાલ્યા જઇશું એનો કોઇ દિ' વિચાર પેદા થાય છે ખરો ! જો આપણે સદ્‌ગતિમાં જવું હોય અને સદ્‌ગતિ પણ અનુકૂળ પદાર્થોની ઇચ્છા નાશ કરે એવી જોઇતી હોય તો જીવનમાં જે કંઇ આરાધનાના અનુષ્ઠાનોનું સેવન કરીએ એ અનુષ્ઠાનોથી ઇચ્છાનો સંયમ કરવાનો પ્રયત્ન અવશ્ય કરવો જોઇએ.

જૈનશાસનમાં સદ્‌ગતિની પ્રાપ્તિ બે પ્રકારે કહેલી છે. અનુકૂળ પદાર્થો મેળવવાના હેતુથી એ અનુકૂળ પદાર્થોને ભોગવવા આદિના હેતુથી સદ્‌ગતિની પ્રાપ્તિ થાય એ સદ્‌ગતિ કદાચ દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતાં કરતાં શુભ પરિણામમાં રહીએ અને અકસ્માત દેવલોકનું આયુષ્ય બંધાઇ જાય તો એ સદ્‌ગતિ મળી પણ જાય. પણ એ સદ્‌ગતિ મેળવીને ત્યાં મળેલી સુખની સામગ્રીમાં રાગાદિ પરિણામ ગાઢ કરતો કરતો પોતાના હાથે જ જીવ પોતે દુર્ગતિ ઉપાર્જન કરતો જાય છે. એટલે કે એ સામગ્રી મેળવીને રાગાદિ પરિણામથી દુર્ગતિમાં ભટકવા જવું પડે એવો કર્મબંધ સમયે સમયે કરતો જાય છે. બીજી રીતે જ્ઞાની ભગવંતોએ સદ્‌ગતિની પ્રાપ્તિ કહેલી છે કે જે સદ્‌ગતિ પુરૂષાર્થ કરતાં કરતાં આત્મિક ગુણો પેદા કરવાના હેતુથી અનુકૂળ પદાર્થોની ઇચ્છા એજ મારા આત્માને માટે દુઃખનું કારણ છે, દુઃખનું ફળ આપનાર છે અને દુઃખની પરંપરા વધારનાર છે આવું જાણીને સમજીને મોક્ષમાર્ગમાં દાખલ થઇ આરાધના કરતાં કરતાં અનુષ્ઠાનોનું સેવન કરતો જાય અને અનુકૂળ પદાર્થોની ઇચ્છાઓનો સંયમ કરતો જાય અને એના સંસ્કાર મજબુત કરવા માટે લાંબાકાળ સુધીની સ્થિરતા પ્રાપ્ત કરતોજાય તો એ જીવ જે કંઇ કર્મબંધ કરે છે એ કર્મબંધમાં દેવગતિ અથવા મનુષ્યગતિ અવશ્ય બાંધતો જાય છે. અને જો તે વખતે આયુષ્યનો બંધ પડે તો દેવાયુષ્ય અથવા મનુષ્યાયુષ્યનો બંધ જીવ અવશ્ય કરે છે. આ રીતે દેવગતિને પ્રાપ્ત કરેલો જીવ સુખની સામગ્રીને પ્રાપ્ત કરેલી હોવાછતાં પણ અનુકૂળ પદાર્થોનો ઇચ્છાઓનો સંયમ કરવાનો સંસ્કાર સાથે લઇને આવેલો હોવાથી એ જીવને અનુકૂળ સામગ્રીમાં સંયમની સ્થિરતા વધતી જાય છે માટે દેવલોકમાં પણ સાગરોપમ કાળ સુધી એટલે કે અસંખ્યાતા વર્ષો સુધી ઇચ્છાઓનો સંયમ કરતો કરતો વૈરાગ્યભાવ પેદા કરીને મોક્ષમાર્ગમાં દાખલ થઇ ત્યાં પણ પોતાના આત્માને સંયમીતપણે જીવન જીવવાનો પ્રયત્ન કરતાં કરતાં અસંખ્યાતા વર્ષો પસાર કરી ત્યાંથી મનુષ્યપણાનું

આયુષ્ય બાંધી અધુરી આરાધનાની સાધના સંયમ રૂપે આગળ વધારતા વધારતા પોતાના આત્મકલ્યાણમાં આગળ વધતો જાય છે અને જો સારો કાળ પ્રાપ્ત થાય તો તે વખતે સમકીતની પ્રાપ્તિ કરી સર્વવિરતિને પામી અપ્રમત્વભાવ પેદા કરી ક્ષપક શ્રેણિ પ્રાપ્ત કરી, વીતરાગ દશાને પામીને જ્ઞાનાવરણીયાદિ કર્મોનો નાશ કરી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી યોગનો નિરોધ કરી અયોગીપણાને પ્રાપ્ત કરીને વેદનીય આયુષ્ય નામ અને ગોત્ર કર્મોનો સંપૂર્ણ નાશ કરી જીવ સિધ્ધિ ગતિને પ્રાપ્ત કરે છે માટે આરાધના કરતાં કરતાં ઇચ્છાઓનો સંયમ કરવાનો અવશ્ય પ્રયત્ન કરવો જોઇએ તોજ પોતાના જીવનમાં જે કંઇ સહન કરવાનો અભ્યાસ પાડેલો છે તે સમ્યક્ તપ રૂપે પ્રાપ્ત થતો જાય.

જીવનું લક્ષણ વીર્ય

અનાદિ કાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમભાવથી મન, વચન અને કાયાના યોગની જે શક્તિ પ્રાપ્ત કરે છે એ શક્તિને વીર્ય કહેવાય છે. સંસારમાં રહેલા જીવો વીર્યાંતરાયના ક્ષયોપશમભાવથી મોટેભાગે કાયયોગની શક્તિ પેદા કરીને એનો દુરૂપયોગ કરતાં કરતાં પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. જેમકે એકેન્દ્રિયપણામાં રહેલા જીવોને વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમભાવથી કાયયોગની જે શક્તિ પ્રાપ્ત થયેલી હોય છે એ શક્તિથી એ જીવો ભાવમનથી યુક્ત હોવાથી દ્રવ્ય મન વગરના રહેલા હોવાથી કાયયોગના વ્યાપારથી આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞાને વધારતા વધારતા પોતાના આત્માની જન્મ મરણની પરંપરા વધારતા જાય છે. કારણ કે એ જીવોને કાયયોગના વ્યાપારથી આહારના પુદ્ગલો જે પ્રાપ્ત થાય છે એ આહારના પુદ્ગલો અનુકૂળ પ્રાપ્ત થાય તો ભાવમનથી રાગ પેદા કરતાં કરતાં તેમજ પ્રતિકૂળ આહારના પુદ્ગલો પ્રાપ્ત થાય તો દ્વેષભાવ પેદા કરતાં કરતાં અને અનુકૂળ પદાર્થોની

ઇચ્છા અને આશાઓમાં મનને પરોવીને આવો અનુકૂળ આહાર અને આનાથી અધિક અનુકૂળ આહાર મને મળ્યા કરે એવી આશામાં ને આશામાં રહીને જે આહારના પુદ્‌ગલો મળે તેને ગ્રહણ કરતો દુઃખ વેઠતો વેઠતો સુખની આશામાં પોતાનો કાળ પસાર કરતાં જાય છે. આનાથી એ જીવોની આહાર સંજ્ઞા એકદમ મજબૂત થતી જાય છે અને એ આહારસંજ્ઞાના સંસ્કારો ત્યાંથી એ જીવ એકેન્દ્રિયપણામાંથી પંચેન્દ્રિયપણા સુધીમાં ગમે ત્યાં ઉત્પન્ન થાય તો પણ એ મજબુત થયેલા સંસ્કારોથી દરેક જગ્યાએ પોતાનું જીવન જીવતો જીવતો સંજ્ઞાના સંસ્કારને મજબુત કરતો કરતો જન્મ મરણની પરંપરા વધારતો જાય છે. આજે પંચેન્દ્રિયપણું પ્રાપ્ત કરેલા એવા આપણે દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરવા છતાં પણ આહાર સંજ્ઞા આદિ સંજ્ઞાઓનો સંયમ કરવાની ભાવના વિચારણા અને એને માટેનો કાયયોગથી પ્રયત્ન કેટલો ચાલે છે. આ એકેન્દ્રિય જીવો જેમ આહાર સંજ્ઞાને મજબુત કરતાં જાય છે તેમ અનુકૂળ પદાર્થનો આહાર પ્રાપ્ત થયેલો હોય એ નાશ ન પામે એ માટે ભયભીત થઇને પણ જીવન જીવતાં હોય છે. આવો આહાર મને નહિ મળે તો હું શું કરીશ, બીજા આહારથી હું કેવી રીતે જીવન જીવીશ. એટલે કે પ્રતિકૂળ આહારથી હું જીવન કેવી રીતે જીવી શકીશ. આવી પણ વિચારણા કરીને અંતરમાં ભયના વિચારો પ્રાપ્ત કરી ભયસંજ્ઞાને પણ મજબુત કરતો જાય છે. એવી જ રીતે અનુકૂળ પદાર્થો પ્રાપ્ત થતાં જાય એટલે કે આહારના પુદ્‌ગલો પ્રાપ્ત થતાં જાય તો એને સારી રીતે ભોગવવાની ઇચ્છા અને આનંદ પૂર્વક ભોગવવાની વિચારણા અને એ રીતે ભોગવવા એને મૈથુન કહેવાય છે. આ મૈથુનની સંજ્ઞાને એ ભોગવતા ભોગવતા મજબુત કરતો જાય છે. અને એ સંજ્ઞાના પ્રતાપે આ રીતે સુખનો કાળ કાયમ માટે મારો પસાર થાય અને આનાથી અધિક સુખનો કાળ મને પ્રાપ્ત થાય એવી વિચારણામાં પોતાનું જીવન જીવતો હોય છે. અને આનાથી મૈથુનસંજ્ઞાનો સંસ્કાર મજબુત કરતો જાય છે. એવીજ રીતે

અનુકૂળ આહારના પુદ્ગલો પ્રાપ્ત થયા પછી પ્રતિકૂળ આહારના પુદ્ગલો પ્રાપ્ત થાય એટલે અંતરમાં નારાજી પેદા થાય છે અને જે સ્થાનમાં અનુકૂળ આહારના પુદ્ગલો પ્રાપ્ત થાય એવા હોય તે સ્થાન પોતાના સ્થાનથી દૂર હોય અને કોઇ જગ્યાએ પરિગ્રહ દાટેલો હોય એટલે કે કોઇએ ભવિષ્યમાં પોતાનું જીવન જીવવા માટે પરિગ્રહ દાટેલો રાખેલો હોય તો એ પરિગ્રહ જે સ્થાનમાં રહેલો હોય તે સ્થાનને વિષે જમીન ખોદતા ખોદતા એ એકેન્દ્રિયના જીવો એ સ્થાન ઉપર જઇ પોતાનો મૂળિયાનો ભાગ વધારી ચારે બાજુથી પરિગ્રહ ઉપર મૂળિયાનો ભાગ વિસ્તારીને એ પરિગ્રહને નીચેના ભાગમાં દાટી દે છે. આ પરિગ્રહ સંજ્ઞાની આશાઓથી આ જીવો પણ પોતાનો સંસાર વધારતા જાય છે. આ રીતે પરિગ્રહ ઉપર મૂળિયા રૂપે વનસ્પતિ ચારે બાજુથી લપેટાઇ જાય જેને ધન દાટેલું હોય એ જીવ ત્યાં ધન લેવા માટે આવે તો એના હાથમાં મૂળિયા સિવાય બીજી ચીજ આવતી નથી. આના કારણે એ જીવ રોતો રોતો ઘરે જાય છે અને એકેન્દ્રિયપણામાં રહેલા વનસ્પતિના જીવો મૂળિયા રૂપે ચારે બાજુથી પરિગ્રહને દાટીને એ પરિગ્રહની આશામાં ને આશામાં કર્મબંધ કરતાં કરતાં પોતાના આત્માની જન્મ મરણની પરંપરા વધારતા જાય છે. આ રીતે એકેન્દ્રિયપણામાં રહેલા જીવો વીર્યાંતરાયના ક્ષયોપશમથી કાયયોગ દ્વારા એટલે ઔદારિક શરીરના બળ દ્વારા એનો દુરૂપયોગ કરતાં કરતાં પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. એકેન્દ્રિય જીવોને જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું શરીર હોય છે. અને ઉત્કૃષ્ટથી એક હજાર યોજનથી અધિક શરીરની ઉંચાઇ પ્રાપ્ત થયેલી હોય છે. આવા શરીરથી પણ એ શરીરના મમત્વના પ્રતાપે પરિગ્રહસંજ્ઞાને મજબુત કરતાં કરતાં એ જીવો સંખ્યાતા જન્મ મરણની પરંપરા અસંખ્યાતા જન્મ મરણની પરંપરા અને અનંતા જન્મ મરણની પરંપરા વધારતા જાય છે. એ એકેન્દ્રિયપણામાં કાયયોગ દ્વારા ઔદારિક શરીરના મમત્વનો સંસ્કાર પ્રાપ્ત કરતાં કરતાં જન્મ મરણની પરંપરા

વધારી શકતા હોય તો આજે આપણને એજ ઔદારિક શરીરની પ્રાપ્તિ થયેલી છે. એ શરીર પ્રત્યેની નિરોગીતા રાખવાનો પ્રયત્ન કરતાં કરતાં અને અનુકૂળ આહારજ એને અપાય પ્રતિકૂળ આહાર ન આવી જાય એની સતત કાળજી રાખીને શરીરના રાગને, શરીરના મમત્વને પુષ્ટ કરવાનો પ્રયત્ન કરતાં જઇએ તો એનાથી આપણા આત્માની જન્મ મરણની પરંપરા કેટલી વધારીએ છીએ એ આપણે સૌએ વિચાર કરવા જેવો લાગે છે કે નહિ ! આજે દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરવા છતાં પણ શરીરનો રાગ ઘટે અને શરીરથી કંઇ મારા આત્માનું કલ્યાણ સાધી લઉં અત્યારે શરીર સારું છે તો સારી રીતે આરાધના થઇ શકશે અને આત્મકલ્યાણમાં ઉપયોગી બનશે. જે વખતે શરીર બગડશે અને જો કામ નહિ આપે તો તે વખતે હું આત્મ કલ્યાણમાં આગળ કેવી રીતે વધી શકીશ માટે શરીરનું મમત્વ કરવા કરતાં એ શરીરથી જેટલું આત્મકલ્યાણ સધાય એ સારી રીતે કેમ સાધી લઉં એવી વિચારણા આરાધનાના અનુષ્ઠાનોને કરતાં કરતાં અંતરમાં પેદા થાય છે ખરી ! જો આ વિચારણા આરાધના કરતાં કરતાં નઇ કરીએ તો એ આરાધના પુણ્યાનુબંધી પુણ્ય બંધાવીને મિથ્યાત્વની મંદતા કરતાં કરતાં અપુનર્બંધક દશાના પરિણામને પ્રાપ્ત કરી શુધ્ધ યથાપ્રવૃત્ત કરણ ના અધ્યવસાયને પ્રાપ્ત કરી અભય, અખેદ અને અદ્વેષ આદિના ગુણોને પ્રાપ્ત કરવાના અને ગ્રંથીભેદ કરીને સમકીતની પ્રાપ્તિ કરવામાં એ આરાધનાના અનુષ્ઠાનોનો કાયાથી થતો વ્યાપાર ઉપયોગી થઇ શકશે નહિ. આજે જે રીતે આરાધના કરી રહેલા છીએ એ રીતે કાયયોગના વ્યાપારથી જરૂર આ જન્મમાં સમકીત પામીને પછીજ મરણ પામીશ આવો કોઇ વિશ્વાસ અંતરમાં પેદા થાય છે ખરો ! જો આવો વિશ્વાસ પેદા ન થતો હોય અને કાયયોગથી આરાધના ચાલુ ને ચાલુ રહે તો એ આરાધનાથી પણ સદ્‌ગતિ પ્રાપ્ત થશે એવો વિશ્વાસ પણ પેદા થઇ શકે એવો વિશ્વાસ પણ થાય છે એવો અનુભવ પેદા થાય છે. જો આમાંનું કાંઇપણ દેખાતું ન હોય તો

કાયયોગના વ્યાપારથી થતી આરાધના એ કાંઇ સંસારની જન્મ મરણની પરંપરાનો નાશ કરવામાં સહાયભૂત થઇ શકશે નહિ. અને આત્મકલ્યાણ કરવામાં જોઇતું પુણ્યાનુબંધી પુણ્ય એ પણ બાંધવામાં સહાયભૂત થઇ શકશે નહિ. તો આ રીતેજ આરાધના ચાલુ રાખવી છે કે એમાં કંઇ ફેરફાર કરવો છે. આ વિચારણા રોજ કર્યા વગર ચાલશે નહિ.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય અને અસન્ની પંચેન્દ્રિય જીવો કાયયોગ અને વચનયોગ વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમભાવથી આ બે યોગની શક્તિને પ્રાપ્ત કરે છે. એ જીવો પણ દ્રવ્ય મન ન હોવાથી એકલું ભાવ મન રહેલું હોવાથી એ બે યોગનો ઉપયોગ વિષયોની આધીનતાને વશ થઇને પોતાના આત્માની જન્મ મરણની પરંપરા વધારવા રૂપે દુરૂપયોગ કરતાં જાય છે. જેમકે એ જીવો એકેન્દ્રિયપણામાં રહેલા હતા ત્યાં સુધી કાયયોગના વ્યાપારથી આહારને ગ્રહણ કરી ખલ અને રસ રૂપે પરિણમાવી રસવાળા પુદ્‌ગલોનો સંગ્રહ કરતાં કરતાં મમત્વ બુધ્ધિ પેદા કરીને પોતાનું જીવન જીવતાં હતાં. આ જીવોને કાયયોગની સાથે વચનયોગ અધિક પ્રાપ્ત થયેલો હોવાથી જે આહારના પુદ્‌ગલો પ્રાપ્ત થાય છે. એ આહારના પુદ્‌ગલોથી પોતે વચનયોગ દ્વારા એને ચાખીને અનુકૂળ લાગે તોજ ઉપયોગ કરવો પ્રતિકૂળ લાગે તો એનો ઉપયોગ કરવો નહિ આવી વિચારણા ભાવમનથી પેદા કરીને આહારાદિ પુદ્‌ગલોને પણ ગ્રહણ કર્યા વગર પોતાના આત્માનો નાશ પણ કરી શકે છે. આ રીતે પોતાના જીવનમાં કાયયોગને વચનયોગ દ્વારા દુરૂપયોગ કરતાં કરતાં પોતાના આત્માની જન્મ મરણની પરંપરા વધારતા જાય છે.

સન્ની જીવોને કાયયોગ, વચનયોગ અને મનયોગ એમ ત્રણે યોગની શક્તિ વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમભાવથી પ્રાપ્ત થાય છે. આ વીર્યાંતરાયના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલી શક્તિ એનો જેટલો દુરૂપયોગ કરતાં જઇએ છીએ એનાથી આત્મામાં રહેલી ક્ષાયિક ભાવે વીર્યની શક્તિ એનો નાશ કરતાં જઇએ છીએ. એટલે કે એને દબાવી દબાવીને

એ અનંત વીર્ય ક્ષાયિક ભાવે જે રહેલું હોય છે એ જલ્દી પ્રાપ્ત ન થાય એ રીતે મન, વચન અને કાયાના યોગનો દુરૂપયોગ કરતાં કરતાં મોટાભાગના જીવો પોતાનું જીવન જીવતાં હોય છે. આજે લગભગ ધર્મક્રિયા નહિ કરનારા જીવો જે રીતે મન, વચન અને કાયાના યોગનો વ્યાપાર કરી રહેલા છે અને એ વ્યાપારથી પોતાના આત્માને કર્મોથી ભારે કરતાં જાય છે. એવીજ રીતે દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરનારા જીવો આરાધના કર્યા પછી એ વીર્યના વ્યાપારને જે રીતે સંસારની પ્રવૃત્તિમાં જોડે છે એ ધર્મક્રિયા નહિ કરનારા જીવો કરતાં નિર્લેપ રીતે જીવન જીવે છે ખરા ! કે એની જેમ જ અથવા મેં ધર્મ ક્રિયા કરેલી છે માટે હવે હું ગમે તેવા પાપ કરું મન, વચન, કાયાના યોગના વ્યાપારને ગમે તે રીતે પ્રવર્તાવું અને એ વ્યાપારથી ગમે તેટલા પાપ કરીને દુનિયાની અનુકૂળ સામગ્રી અધિક ને અધિક મેળવતો જાઉં તો હવે મને વાંધો નથી આવી વિચારણાથી જીવન જીવતાં હોય છે. આરાધના કરીને સંસારની પ્રવૃત્તિ આ રીતે કરવાથી મળેલી શક્તિનો દુરૂપયોગ કરીને પોતાના આત્માનું અકલ્યાણ સાધી રહેલા છે. બોલો જીવનમાં મળેલી શક્તિનો સદઉપયોગ કેટલો ટાઇમ થાય છે અને એ સદ્ઉપયોગમાં આત્મકલ્યાણ કરવાનો હેતુ રાખીને સદઉપયોગ કેટલો થાય છે અને બાકીના સમયમાં દુરૂપયોગ કેટલો થાય છે આની વિચારણા કરીએ છીએ ખરા ! દેવ, ગુરૂ અને ધર્મની આરાધના એકાગ્ર ચિત્તે કરતો જાય, વચનથી ભગવાનની સારી સારી સ્તુતિ ગુણોના વર્ણન રૂપે બોલતો જાય, વારંવાર ભગવાનનું નામ-સ્મરણ યાદ કરતો જાય આ બધું જીવનમાં ઘણી વાર કરવા છતાં પણ અને મનથી સારી વિચારણાઓ કરીને જીવન જીવતો હોવા છતાં પણ બાકીના ટાઇમમાં દુરૂપયોગ થાય છે એનું દુઃખ અંતરમાં રહે છે ખરું ! કે ઉપરથી સંસાર ચલાવવામાં, સંસાર વધારવામાં, સંસારની સામગ્રી અધિક અધિક મેળવવામાં અને અધિક અધિક મળતી જાય તો એને ભોગવવામાં, ભોગવીને વધેલી સામગ્રીને ટકાવવામાં અને ન ચાલી જાય

એની કાળજી રાખવામાં આનંદ વધારે આવે છે કે દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરવા રૂપે મન, વચન અને કાયાના યોગનો વ્યાપાર સદઉપયોગ રૂપે જેટલો થયો એનો આનંદ વધારે આવે છે ? આ બન્નેમાંથી અંતરમાં આનંદ કયો વધે છે ? જો આરાધના કરતાં કરતાં સંસાર વધારનારી સામગ્રીનો વ્યાપાર કરતાં કરતાં આનંદ વધતો દેખાય તો આપણી આરાધના આત્મકલ્યાણમાં ઉપયોગી થાય છે એમ ગણી શકાય ખરી ! તીર્થંકર પરમાત્માના આત્માઓ સન્નીપણું જ્યારે પ્રાપ્ત કરે છે અને વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમભાવથી મન, વચન અને કાયાના યોગની શક્તિને પ્રાપ્ત કરે છે અને હજી સમજણના ઘરમાં દાખલ થયેલા ન હોય એટલે કે અસમજણના કાળમાં, મિથ્યાત્વ ગુણસ્થાનકે રહેલા હોય તો પણ એ શક્તિનો જ્યારે જ્યારે પોતાનાથી દુરૂપયોગ થતો હોય છે ત્યારે અંતરમાં દુઃખ પેદા થતું હોય છે અને જ્યારે એ શક્તિનો જેટલો સદઉપયોગ થાય એનો આનંદ અંતરમાં એમને વિશેષ રીતે પેદા થતો જાય છે. માટે એ જીવોના અંતરમાં બીજાના દુઃખે દુઃખી થવું આ ગુણ સ્વાભાવિક રીતે પેદા થયેલો હોય છે. એટલે કે બીજા જીવોનું દુઃખ જોઇને એ દુઃખ દૂર કરવાની પોતાની શક્તિ હોય તો સંપૂર્ણ દુઃખને દૂર કરવાનો પ્રયત્ન કરતાં જાય છે અને જેટલા જીવોનું દુઃખ દૂર થાય તો એ દુઃખ દૂર કરવામાં પોતાની શક્તિ ખર્ચી એનો એમને આનંદ પેદા થતો જાય છે. એવી જ રીતે તીર્થંકર સિવાયના બાકીના જીવોના અંતરમાં પણ દુઃખી પ્રત્યે દયાનો ભાવ સ્વાભાવિક રીતે લઘુકર્મી ભવ્ય જીવોના અંતરમાં પેદા થયેલો હોય છે. આજે દુઃખી જીવોને જોઇને એ દુઃખીનું દુઃખ સંપૂર્ણ દૂર કરી શકીએ એવી તાકાત હોવા છતાંય દુઃખ દૂર કરવાની ઇચ્છા અંતરમાં પેદા થાય અને સંપૂર્ણ દુઃખ દૂર કરીને હું એ જીવને ક્યારે સુખી બનાવું આવી ભાવના પણ અંતરમાં પેદા થાય છે ખરી ! જ્ઞાની ભગવંતો કહે છે કે દુઃખી જીવ એ આપણા માટે ઉપકારી જીવ તરીકે ગણાય છે. કારણ કે જ્યારે જ્યારે જે જે દુઃખી જીવોને જોઇએ

ત્યારે તરતજ અંતરમાં યાદ આવવું જોઇએ કે આ જીવે ભૂતકાળમાં કેટલા પાપો કર્યા ત્યારે એ પાપના ઉદયના પ્રતાપે વર્તમાનમાં એને આ સ્થિતિ પ્રાપ્ત થયેલી છે જો હું પણ એવા એવા પાપો કરતો જઇશ તો જરૂર મારે પણ આવી સ્થિતિ પ્રાપ્ત કરવી પડશે. જો મારે આવી સ્થિતિ પ્રાપ્ત ન કરવી હોય તો આ મને ચેતવવા માટે આવેલો છે માટે જેમ બને તેમ ઓછા પાપથી જીવન જીવતો જીવતો સંપૂર્ણ પાપરહિત જીવન જીવતો થાઉં એવી ભાવના દુઃખી જીવોને જોઇને અંતરમાં પેદા થવી જોઇએ અર્થાત્ કરવીજ જોઇએ. જો આવી ભાવના અંતરમાં પેદા ન થાય તો એ દુઃખી જીવોની કરેલી દયા પાપાનુબંધી પુણ્ય બંધાવનારી બને છે. પણ એ દુઃખીની દયા આત્મકલ્યાણ કરવામાં સહાયભૂત થઇ શકતી નથી. બોલો આજે દુઃખીને જોઇને આપણા અંતરમાં દ્રવ્યદયા રૂપે સંપૂર્ણ દુઃખ દૂર કરવાની શક્તિ હોવા છતાંય દુઃખ દુર કરવા રૂપે દ્રવ્યદયા પ્રાપ્ત થાય છે ખરી ! જો એ ન થતી હોય તો એ દ્રવ્યદયાથી પોતાના આત્માની ભાવદયા પ્રાપ્ત શી રીતે થઇ શકે ! જ્યારે લઘુકર્મી ભવ્યજીવોના અંતરમાં દ્રવ્યદયાની સાથે પોતાના આત્માની ભાવદયા પ્રાપ્ત થતી જાય છે અને એનાજ પ્રતાપે દુઃખીઓના દુઃખ દૂર કરવા માટેનો પ્રયત્ન પોતાના જીવનમાં પોતાની શક્તિ મુજબ મન, વચન અને કાયાના વ્યાપારથી કરતો જાય છે. આ રીતે દુઃખીઓની દયા દૂર કરવી એને પણ જ્ઞાની ભગવંતોએ સદઉપયોગ રૂપે ક્રિયા કહેલી છે. આ સદઉપયોગથી જીવો ક્રમસર આગળ વધતાં વધતાં આત્મિક કલ્યાણ કરતાં કરતાં આંશિક આત્માના ગુણોની અનુભૂતિ કરીને યાવત સંપૂર્ણ ગુણોને પ્રાપ્ત કરનારા બને છે. વીર્યાંતરાયના ક્ષયોપશમભાવથી પ્રાપ્ત થયેલી શક્તિનો જો સદ્ઉપયોગ નહિ કરીએ તો દુરૂપયોગ કરતાં કરતાં વર્તમાનમાં જેટલી શક્તિ પ્રાપ્ત થયેલી છે એટલી શક્તિ અથવા એનાથી અધિક શક્તિ ભવાંતરમાં પણ જલ્દીથી પ્રાપ્ત થઇ શકશે નહિ એવું કર્મ બંધાતુ જાય છે. જો એવું કર્મ ન બાંધવું હોય અને વર્તમાનમાં મળેલી જે શક્તિ છે એના

કરતા અધિક શક્તિ પ્રાપ્ત થાય અને એ શક્તિને પ્રાપ્ત કરીને આત્મકલ્યાણ કરવામાં ક્રમસર કેમ આગળ વધતો જાય આવી જો ભાવના હોય તો શક્તિનો દુરૂપયોગ કરવાને બદલે જેટલો બને એટલો સદઉપયોગ કરાય એવો પ્રયત્ન અવશ્ય કરવો જોઇએ.

પહેલાં ગુણસ્થાનકમાં રહેલા આત્માઓ મનુષ્યપણાને પ્રાપ્ત કરીને ધર્મની આરાધના કરતાં કરતાં મન, વચન અને કાયાનો જેટલો સદ્ઉપયોગ કરી રહેલા છે એમાં ચિત્તની પ્રસન્નતા કેટલી પ્રાપ્ત થાય છે એની વિચારણા કોઇદિ કરીએ છીએ ખરા ! વસ્તુપાળ મંત્રીપણાને પ્રાપ્ત કરીને પણ મંત્રીપણું સાચવતા અને એ વસ્તુપાળ તેજપાળ એ મંત્રીમુદ્રાને ગ્રહણ કરતાં રાજાને સૌથી પહેલાં સ્પષ્ટ પણે કહ્યું છે કે પહેલે નંબરે જીનેશ્વર પરમાત્માની આજ્ઞા વિરુધ્ધ કોઇપણ કાર્ય હશે તો હું જીવનમાં કરીશ નહિ. બીજે નંબરે ગુરુની આજ્ઞા વિરુધ્ધ કોઇપણ કાર્યની આપની આજ્ઞા હશે તો હું એનો સ્વીકાર કરીશ નહિ. ત્રીજે નંબરે ધર્મની વિરુધ્ધ કોઇપણ કાર્ય કરવાની આપની આજ્ઞા હશે તો પણ હું જીવનમાં કરીશ નહિ અને ચોથે નંબરે પ્રજાનું અહિત થાય એવી કોઇપણ આપની આજ્ઞા હશે તેને હું સ્વીકારવા તૈયાર થઇશ નહિ. આમ મારી વાત કબુલ હોય તોજ મને મંત્રીમુદ્રા આપો બાકી મને મંત્રીમુદ્રા વગર ચાલશે. આ વાત જ્યારે વીરધવલ રાજાને જણાવી ત્યારે રાજાએ મનમાં વિચાર કર્યો કે જે પોતે પોતાના દેવ, ગુરૂ અને ધર્મને સમર્પિત થઇને જીવન જીવતાં હોય અને પ્રજાનું અહિત થાય એવું પણ ઇચ્છતા ન હોય એવા જીવો મારું કોઇકાળે અહિત કરશે નહિ. ઉપરથી મારા કલ્યાણમાં સાથ આપીને મને સહાયભૂત થશે. આ વિચારણા રાખીને રાજાએ મંત્રીમુદ્રા આપી અને વસ્તુપાળ તેજપાળે મંત્રીમુદ્રાને ગ્રહણ કરીને મંત્રીપણું સાવચતાં સાચવતાં દેવ, ગુરૂ અને ધર્મની એવી સુંદર આરાધના જીવનમાં કરી કે જેના પ્રતાપે સમકિતની પ્રાપ્તિ કરી દેશવિરતિપણાની પ્રાપ્તિ કરી સર્વવિરતિની ભાવનામાં રહીને પોતાનો જીવનકાળ પસાર કર્યો. એ મંત્રીપણું સ્વીકાર્યા

પછી અનેક મંદિરો બંધાવ્યા, અનેક જીનપ્રતિમાઓ ભરાવી, દાનશાળાઓ ખોલી અને અનેક જીવોનું કલ્યાણ કરતાં કરતાં પોતાના આત્મકલ્યાણમાં આગળ વધતાં વધતાં મહાવિદેહ ક્ષેત્રનું આયુષ્ય બાંધી અત્યારે મહાવિદેહ ક્ષેત્રને વિષે રાજાપણે રહીને સુંદર રીતે દેવ, ગુરૂ અને ધર્મની આરાધના અને પ્રભાવના કરી રહેલા છે. આ મહાવીદેહ ક્ષેત્રમાં મનુષ્યપણે ઉત્પન્ન થવા લાયક આયુષ્યનો બંધ પહેલા ગુણસ્થાનકે રહીને બાંધેલો હોવો જોઇએ. કારણ કે સમકિતી મનુષ્યો સમકિતની હાજરીમાં દેવના આયુષ્યનો બંધ નિયમા કરે છે. માટે સમકિતની હાજરીમાં વસ્તુપાળને મનુષ્યનું આયુષ્ય બંધાયેલું ન હોવાથી પહેલા ગુણસ્થાનકે મહાવીદેહ ક્ષેત્રનું આયુષ્ય બાંધેલું છે એમ કહી શકાય. એ સમકિત બાંધતા પહેલા પામ્યું હોય અથવા સમકિત પામ્યા પછી આયુષ્ય બંધ વખતે સમકિત વમીને મિથ્યાત્વ ગુણસ્થાનકમાં આયુષ્યનો બંધ કરેલો હોય તત્વ કેવળી ભગવન જાણે. એ મહાવીદેહ ક્ષેત્રમાંથી આરાધનાને પ્રભાવના કરતાં કરતાં એટલે કે પોતાના મન, વચન અને કાયાના યોગના વીર્યનો સદઉપયોગ કરતાં કરતાં ગુણપ્રાપ્તિમાં સહાયભૂત થાય એવી દેવગતિને પ્રાપ્ત કરશે. અર્થાત્ દેવલોકમાં ઉત્પન્ન થશે ત્યાંથી મહાવીદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઇ આઠ વર્ષે સંયમની પ્રાપ્તિ કરી નવમે વર્ષે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરીને અનેક જીવોને પ્રતિબોધ કરીને સિધ્ધિગતિને પામશે. વસ્તુપાળ-તેજપાળ જે રીતે પોતાના વીર્યની શક્તિનો ઉપયોગ કરીને જેમ પોતાનું કલ્યાણ સાધી ગયા અને સાથે સાથે બીજા અનેક જીવોનું કલ્યાણ સાધવામાં સહાયભૂત થયા એ રીતે વર્તમાનમાં આરાધના કરતાં કરતાં આપણા આત્માનું આપણે કલ્યાણ સાધી રહેલા છીએ એવું લાગે છે ! અને આપણી આરાધના જે રીતે થઇ રહી છે એ રીતે બીજા જીવોને કલ્યાણમાર્ગમાં આગળ વધારવામાં સહાયભૂત થાય છે એવો વિશ્વાસ છે ! આ રીતે જ્યાં સુધી વીર્યાંતરાયના ક્ષયોપશમથી મળેલી શક્તિનો સદઉપયોગ કરતાં નહિ થઇએ ત્યાં સુધી રાગાદિ પરિણામ ઘટે એવું

કોઇકાળે બનવાનું નથી. જો રાગાદિ પરિણામ ઘટાડવા હશે અને અનુકૂળ પદાર્થોના સુખની પ્રધાનતા અંતરમાં જે રહેલી છે એનો નાશ કરી એ ગૌણપણે બનાવવી હોય તો અને આત્મકલ્યાણનેજ પ્રધાન બનાવવું હોય તો મળેલી શક્તિનો આ રીતે સદઉપયોગ કરતાં થવું જોઇએ. વસ્તુપાળ-તેજપાળના જીવોએ જે મંત્રીપણાનો સ્વીકાર કર્યા પછી સુંદર રીતે મંત્રીપણાનું પાલન કરતાં કરતાં પ્રજાને કલ્યાણમાર્ગે જોડી તેમ પોતાના આત્માના કલ્યાણ માટે જૈન ગ્રંથોનો અભ્યાસ પણ સારી રીતે જીવનમાં કરેલો છે. આજે લગભગ મોટેભાગે જો વિચારણા કરીએ તો જૈનગ્રંથોનો અભ્યાસ કરવાવાળા જીવો કેટલા ! એ અભ્યાસ માટે મળેલી શક્તિનો સદઉપયોગ કરીને આત્કલ્યાણની વિચારણા કરનારા કેટલા ! એમાં આપણો નંબર આવે ખરો ! જો એમાં નંબર આવે એવું ન લાગતું હોય તો પ્રયત્ન કરીને પણ મારે જરૂર થોડા જીવોમાં નંબર લાવીને આત્મકલ્યાણમાં આગળ વધવુંજ જોઇએ અર્થાત્ વધ્યા વગર ચાલશેજ નહિ એવી ભાવના રાખીને પ્રયત્ન કરવાનું મન થાય છે ખરું ! જ્યાં સુધી મળેલી વીર્યાંતરાયના ક્ષયોપશમભાવથી શક્તિનો આત્મકલ્યાણ માટે સદઉપયોગ કરવાનું મન નહિ થાય તો દેવ, ગુરૂ અને ધર્મની આરાધના જીવને જન્મ મરણની પરંપરાનો નાશ કરવામાં સહાયભૂત થશે નહિ. જ્ઞાની ભગવંતો કહે છે કે દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતાં કરતાં આત્મકલ્યાણ કરવુંજ છે એવું સૌથી પહેલા નિશ્ચય કરવો પડશે. જ્યાં સુધી અંતરમાં આ નિશ્ચય પેદા નહિ થાય ત્યાં સુધી પહેલા ગુણસ્થાનકે રહીને પણ અનંતાનુબંધી કષાયના ક્ષયોપશમભાવથી એટલે કે એની મંદતા કરીને અનંતાનુબંધી અપ્રત્યાખ્યાનીય અનંતાનુબંધી પ્રત્યાખ્યાનીય-અનંતાનુબંધી સંજ્વલન કષાય કરીને પણ જીવનમાં કરાતી આરાધના મિથ્યાત્વની મંદતા કરવામાં સહાયભૂત થશે નહિ. એ ત્યારેજ સહાયભૂત બની શકે કે પ્રણિધાન રૂપે ઇચ્છાયોગ નિશ્ચિત થાય એ ઇચ્છા યોગમાંથી શાસ્ત્રયોગ પેદા થાય

શાસ્ત્રયોગમાંથી સામર્થ્યયોગ પેદા કરતાં જઇએ અને એ સામર્થ્ય યોગથી રાગાદિ પરિણામને નાશ કરવા માટે એની પ્રવૃત્તિ કરતાં જઇએ તોજ અપૂર્વકરણ અધ્યવસાય પ્રાપ્ત કરીને ગ્રંથીભેદ કરી શકીશું. અને સમકિતની પ્રાપ્તિ પણ કરી શકીશું. આ જન્મમાં અત્યારે વર્તમાનકાળમાં મળેલી શક્તિનો સદઉપયોગ કરતાં કરતાં સાતમા ગુણસ્થાનકના પરિણામ સુધી જીવ પહોંચી શકે છે.

મળેલી શક્તિનો સદઉપયોગ નહિ કરવા દેવામાં મહાપુરુષોએ કહ્યું છે કે પાંચમા આરામાં જન્મેલા જીવો મોટેભાગે ભારેકર્મી જીવ તરીકે પેદા થશે. અને એ ભારેકર્મીપણાના પ્રતાપે પાંચમા આરામાં કોઇ જીવ મોક્ષે જશે નહિ. એટલે કે પાંચમા આરામાં જન્મેલા જીવોમાંથી કોઇ જીવ મોક્ષને પ્રાપ્ત કરી શકશે નહિ. કારણ કે મોક્ષે જવા માટે જે ગુણોની પ્રાપ્તિ જોઇએ એ ગુણો એને પ્રાપ્ત થયેલા હશે નહિ. અર્થાત્ ભારેકર્મીને મજબુત કરે એવા ગુણો એના અંતરમાં સહજ રીતે પેદા થયેલા હશે. માટે સહસ્રાવધાની આચાર્ય ભગવંત મુનિસુંદર સૂરિ મહારાજાએ કહ્યું છે કે પાંચમા આરામાં જન્મેલા જીવો મોક્ષે કેમ જતાં નથી તો એનામાં પાંચ ગુણો પેદા થયેલા હોય છે. પહેલું અચલચિત્તતા, બીજો સેવકજનવત્સલતા, ત્રીજું નિર્લોપતા, ચોથું ઉદારતા અને પાંચમુ કૃપણતા. આ પાંચ ગુણોના પ્રતાપે જીવો પોતાના આત્મકલ્યાણમાં વીર્યાંતરાયથી મળેલી શક્તિનો સદઉપયોગ કરી શકશે નહિ. મિથ્યાત્વના ઉદયકાળમાં આ જીવોનું મન અચળ હશે. એટલેકે પુણ્યથી મળેલી અનુકૂળ સામગ્રીમાં એનું મન અચળ રૂપે પ્રાપ્ત થયેલું હશે. એવી જ રીતે એના આત્માના સેવક તરીકે અનુકૂળ પદાર્થોનો રાગ અને પ્રતિકૂળ પદાર્થોનો દ્વેષ એ સેવકોનેં સાચવી સાચવીને એના કહ્યા મુજબ એના પ્રત્યે વાત્સલ્ય ભાવ રાખીને દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરનારા જીવો પાકશે. પોતાના જીવનમાં કરેલા સુકૃતોને બીજાની પાસે બોલી બોલીને સુકૃતોથી પેદા થયેલું પુણ્ય નાશ કરશે. આ ઉદારતાનો ગુણ કહેવાય છે. આ રીતે ભારેકર્મી જીવો

મોટેભાગે દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતાં કરતાં પાપનો પુરવઠો ઘટી ગયેલો છે એને વધારીને સંસારની રખડપટ્ટીમાં ચાલ્યા જશે.

કોઇક લઘુકર્મી આત્માઓ વીર્યાંતરાયના ક્ષયોપશમભાવથી પ્રાપ્ત થયેલી વીર્યની શક્તિથી એટલે મન, વચન અને કાયાના વ્યાપારથી પોતાના આત્મામાં રહેલા મિથ્યાત્વને દુર કરવાનો પ્રયત્ન કરતાં કરતાં રાગાદિ પરિણામ પ્રત્યે જે વાત્સલ્યભાવ છે તે દૂર કરતાં કરતાં પોતાના આત્મિક ગુણો પ્રત્યે વાત્સલ્ય ભાવ પેદા કરીને રાગાદિથી દૂર કરવાનો પ્રયત્ન કરતાં કરતાં નિર્લેપભાવ પેદા કરી આત્મકલ્યાણમાં આગળ વધતા જશે. એટલે કે અનુકૂળ પદાર્થોના રાગ પ્રત્યે અને પ્રતિકૂળ પદાર્થોના દ્વેષ પ્રત્યે નિર્લેપ ભાવ પેદા કરી દેવ, ગુરૂ, ધર્મ પ્રત્યે રાગને વધારી અને દેવ, ગુરૂ અને ધર્મની આરાધનામાં વિઘ્ન કરનારા જેટલા જીવો હોય છે અથવા જે જે પદાર્થો હોય છે તેના પ્રત્યે દ્વેષ બુધ્ધિ પેદા કરીને દેવ, ગુરૂ અને ધર્મની આરાધનામાં આગળ વધતા વધતા પોતાના આત્માનું કલ્યાણ સાધતા જશે અને એ આત્મકલ્યાણમાં આગળ વધવામાં પ્રયત્ન કરીને ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત કરી આત્મકલ્યાણની સ્થિરતાને પ્રાપ્ત કરી સમકિતની પ્રાપ્તિ કરી દેશવિરતીપણું કે સર્વવિરતિપણાને પ્રાપ્ત કરીને અપ્રમત્વભાવ પેદા કરવામાં પ્રયત્ન કરતાં જશે. આવા જીવોને જો કોઇ કર્મ નિકાચિત બંધાયેલું નહિ હોય તો સંખ્યાતા ભવોમાં જરૂર ક્ષયોપશમ ભાવમાંથી ક્ષાયિક ભાવે અનંતવીર્યને પ્રાપ્ત કરી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી, સિધ્ધિ ગતિને પ્રાપ્ત કરશે. આ રીતે દેવ, ગુરૂ અને ધર્મની મળેલી સામગ્રીનો વીર્યાંતરાય કર્મોના ક્ષયોપશમભાવથી મળેલી શક્તિનો સદઉપયોગ કરતાં કરતાં વહેલામાં વહેલા સિધ્ધિ ગતિને પ્રાપ્ત કરીએ એવી અભિલાષા.

જીવનું લક્ષણ ઉપયોગ

અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જે જીવો

અવ્યવહાર રાશિમાં રહેલા હોય એ જીવોને અક્ષરના અનંતમા ભાગ જેટલું જ્ઞાન રહેલું હોય છે તે મતિજ્ઞાનાવરણીય અને શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમભાવથી રહેલું હોય છે. જીવ સન્ની પંચેન્દ્રિયપણું પ્રાપ્ત કરીને જ્ઞાનની ઘોર આશાતના કરે અને જ્ઞાનાવરણીય કર્મ તીવ્ર ગાઢ રસે બાંધતો જાય તો પણ એ જ્ઞાનાવરણીય કર્મ સંપૂર્ણ પણે અવરાતુ નથી. એટલે કે સંપૂર્ણ પણે જીવનું જ્ઞાન અને દર્શન નાશ પામતું નથી. અક્ષરનો અનંતમા ભાગ જેટલો જ્ઞાનનો ક્ષયોપશમભાવ સદા માટે ઉઘાડો રહે છે. આ જ્ઞાનના ક્ષયોપશમભાવના પણ જ્ઞાનીઓએ અસંખ્યાતા ભેદો પાડેલા છે. એ અસંખ્યાતા ભેદોને જાણવાની શક્તિ આજે આપણી પાસે ન હોવાથી મહાપુરુષોએ એના સ્થુલદ્રષ્ટીથી મતિજ્ઞાનના ૩૪૦ ભેદ કહેલા છે. એ ૩૪૦ ભેદને પણ સમજવા માટે જ્ઞાનીઓએ સ્થુલદ્રષ્ટીથી ૨૮ ભેદ કહેલા છે. અને એ ૨૮ ભેદને પણ સમજવા માટે સ્થુલદ્રષ્ટિથી બે ભેદ કહેલા છે. મતિજ્ઞાનના બે ભેદમાં શ્રુત નિશ્રિત મતિજ્ઞાન અને અશ્રુત નિશ્રિત મતિજ્ઞાન શ્રુત નિશ્રિત મતિજ્ઞાન એટલે શ્રુતનો અભ્યાસ કરતાં કરતાં એ શ્રુતને બરોબર કંઠસ્થ કર્યા પછી જ્યારે એ શ્રુતનો સ્વાધ્યાય કરીએ ત્યારે શ્રુતના શબ્દોને યાદ કર્યા વગર સહજ રીતે પરાવર્તન થયા કરે એટલે કે બોલતી વખતે શ્રુતના શબ્દોનો આધાર લેવો ન પડે એ રીતે અભ્યાસ થઇ ગયો હોય તેને મતિજ્ઞાનનો ક્ષયોપશમભાવ કહેવાય છે. આ મતિજ્ઞાનના ક્ષયોપશમ ભાવને શ્રુતનિશ્રિત મતિજ્ઞાન કહેવાય છે. આ શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ચાર ભેદ હોય છે. (૧) અવગ્રહ, (૨) ઇહા, (૩) અપાય અને (૪) ધારણા. અવગ્રહના બે ભેદ હોય છે. (૧) વ્યંજનાવગ્રહ, (૨) અર્થાવગ્રહ. વ્યંજનાવગ્રહ એટલે વ્યંજન એટલે પદાર્થ અને વ્યંજન એટલે ઇન્દ્રિય. ઇન્દ્રિયને પદાર્થના સંયોગથી આત્મામાં શબ્દાત્મક રૂપે અવ્યક્તપણે થતો બોધ અથવા જ્ઞાન એને વ્યંજનાવગ્રહ મતિજ્ઞાન કહેવાય છે. અંતરમાં જે બોધ પેદા થાય છે તે શબ્દના આકાર વગર પેદા થતા

હોવાથી અને અવ્યક્ત પણે એટલે કે એને પકડી શકાય નહિ એવી રીતે પેદા થતું હોવાથી એને વ્યંજનાવગ્રહ રૂપે કહેવાય છે. એવી જ રીતે વ્યંજના વગ્રહથી કાંઇક અધિક બોધ પણ અવ્યક્ત રૂપે રહેલો હોય તેને અર્થાવગ્રહ મતિજ્ઞાન કહેવાય છે. જે જ્ઞાનના ક્ષયોપશમભાવથી ઇન્દ્રિયને પદાર્થના સંયોગથી વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ કરતાં કાંઇક વિશેષ બોધ અને શબ્દના આકારવાળો બોધ પેદા થતો જાય તેને ઇહા મતિજ્ઞાન કહેવાય છે. એ શબ્દાત્મક રૂપે થયેલા બોધમાંથી નિશ્ચય રૂપે થતો બોધ તેને અપાય મતિજ્ઞાન કહેવાય છે અને અપાય રૂપે પેદા થયા પછી એ જ્ઞાનને ધારી રાખવું એટલે કે થોડાકાળ માટે ધારી રાખવું, લાંબાકાળ માટે ધારી રાખવું અને ભવાંતરમાં સાથે આવે એવા લાંબાકાળ સુધી ધારણ કરી રાખવું એને ધારણા મતિજ્ઞાન કહેવાય છે. આ શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ભેદોમાં વ્યંજનાવગ્રહ ચાર પ્રકારે હોય છે. સ્પર્શેન્દ્રિયથી રસનેન્દ્રિયથી, ઘ્રાણેન્દ્રિયથી, અને શ્રોત્રેન્દ્રિયથી પેદા થાય છે. અર્થાવગ્રહ, ઇહા, અપાય અને ધારણા મતિજ્ઞાન પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠુ મન એમ છ છ પ્રકારે થાય છે. આથી મતિજ્ઞાનના ૨૮ ભેદ થાય છે. એમાંથી એકેન્દ્રિય જીવોને મતિજ્ઞાનના મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમભાવથી જે મતિજ્ઞાન પેદા થાય છે તે નવ પ્રકારે થાય છે. સ્પર્શેન્દ્રિયના પાંચ ભેદ. (૧) વ્યંજનાવગ્રહ, (૨) અર્થાવગ્રહ, (૩) ઇહાવગ્રહ, (૪) અપાયવગ્રહ અને (૫) ધારણાવગ્રહ. એકેન્દ્રિય જીવોને ભાવ મન હોવાથી મનના ચાર ભેદ હોય છે. (૧) અર્થાવગ્રહ, (૨) ઇહાવગ્રહ, (૩) અપાયવગ્રહ, (૪) ધારણાવગ્રહ. આ નવે ભેદોને વિષે એકે એક ભેદના બાર બાર ભેદ થતા હોવાથી ૯ X ૧૨ = ૧૦૮ ભેદ એકેન્દ્રિય જીવોને હોય છે. એટલે કે અવ્યવહાર રાશિમાં રહેલા એકેન્દ્રિય જીવોને તેમજ વ્યવહાર રાશિમાં રહેલા એકેન્દ્રિય જીવોને મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમભાવથી જીવોના ક્ષયોપશમ ભાવોની ફેરફારી રૂપે સ્થુલદ્રષ્ટિથી નવ ભેદ થાય છે. અને સુક્ષ્મ દ્રષ્ટિથી ૧૦૮ ભેદ થાય છે. આ એકે એક

ભેદને વિષે અસંખ્યાતા અસંખ્યાતા ભેદો તીવ્રતા અને મંદતાના કારણે પ્રાપ્ત થતા જાય છે. આ રીતે એકેન્દ્રિય જીવો મતિજ્ઞાનના ક્ષયોપશમ ભાવથી મિથ્યાત્વની હાજરીમાં થતા ક્ષયોપશમ ભાવની તરતમતાને અજ્ઞાન રૂપે કહેવાય છે. જીવોને જ્યાં સુધી મિથ્યાત્વ રહેલું હોય ત્યાં સુધી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ ભાવ અજ્ઞાન રૂપે કામ કરતો હોય છે. માટે એને અજ્ઞાન કહેવાય છે અને શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી એકેન્દ્રિય જીવોને અક્ષરના અનંતમા ભાગ જેટલું જ્ઞાન રહેલું હોય છે. આનાથી વિશેષ જ્ઞાન એકેન્દ્રિય જીવોને પ્રાપ્ત થઇ શકતું નથી. એ અક્ષરના અનંતમા ભાગના જ્ઞાનમાં પણ એ જ્ઞાનના પર્યાયોની અપેક્ષાએ તીવ્રતા અને મંદતાના કારણે અસંખ્યાતા ભેદો પ્રાપ્ત થઇ શકે છે. આને શ્રુતનિશ્રિત મતિજ્ઞાન કહેવાય છે. આ મતિજ્ઞાનના ક્ષયોપશમ ભાવથી જીવો આહારાદિ સંજ્ઞાઓને પુષ્ટ કરવામાં ઉપયોગ રૂપે કામ કરતાં હોવાથી સાતે કર્મોને સમયે સમયે બાંધતા બાંધતા અને પોતાના ભોગવાતા એક ભવને વિષે એક વાર આયુષ્યનો બંધ કરતાં કરતાં પોતાનો જીવનકાળ પસાર કરતાં જાય છે. આ રીતે જેમ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ મિથ્યાત્વની હાજરીમાં અજ્ઞાન રૂપે એકેન્દ્રિય જીવોને ઉપયોગ રૂપે કામ રહી રહેલો હોય છે. એવી જ રીતે દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી અચક્ષુદર્શનાવરણીયકર્મનો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થતાં ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ કરીને સ્પર્શેન્દ્રિયનો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત કરે છે તેવખતે એ સ્પર્શેન્દ્રિયના આઠ વિષયો ગુરુ,લઘુ, શીત, ઉષ્ણ, મૃદુ, કર્કશ, સ્નિગ્ધ અને રુક્ષ આ આઠ સ્પર્શને વિષે સ્પર્શેન્દ્રિયની સાથે પદાર્થનો સંયોગ પ્રાપ્ત થતાં આત્મામાં સામાન્ય બોધ રૂપે જ્ઞાન પ્રાપ્ત થાય છે. એને દર્શનનો ઉપયોગ કહેવાય છે. આ ચક્ષુદર્શનાવરણીયકર્મના ક્ષયોપશમ ભાવથી સ્પર્શેન્દ્રિયના આઠ વિષયોને વિષે રાગાદિ પરિણામ એકેન્દ્રિય જીવો કરે છે એવી જ રીતે એ સ્પર્શેન્દ્રિયના આઠ વિષયોના છન્નુ વિકારો પ્રાપ્ત થાય છે. આઠ વિષયો X બે. સારાપણું અને નરસા પણું

X ત્રણ. સચિત પદાર્થ, અચિત પદાર્થ અને મિશ્ર પદાર્થ X બે રાગ અને દ્વેષ = ૯૬ વિકારો પ્રાપ્ત થાય છે. આ ૯૬ વિકારોના કોઇપણ વિચારોને ભાવમનથી પ્રાપ્ત કરી કરીને એકેન્દ્રિય જીવો દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી આહારાદિ સંજ્ઞાઓને પુષ્ટ કરતાં કરતાં સમયે સમયે સાત કર્મનો બંધ કર્યા કરે છે. અને પોતાના ભોગવાતા એક ભવને વિષે એક અંતર્મુહૂર્ત કાળ સુધી આયુષ્ય કર્મ સાથે આઠ કર્મનો બંધ કરે છે. આ રીતે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જ્ઞાનનો ઉપયોગ અને દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી દર્શનનો ઉપયોગ એક એક અંતર્મુહૂર્તે પરાવર્તન થતો થતો અનાદિકાળથી જીવ ઉપયોગમાંજ પોતાનો કાળ પસાર કરે છે. આ જીવોને વિશેષ જ્ઞાન પ્રાપ્ત થતું ન હોવાથી અને ભાવમન, દ્રવ્ય મન પૂર્વકનું ન હોવાથી સમુર્છિમ પણે રહેલા ગણાય છે. આથી આ જીવો જ્ઞાન અને દર્શનના ઉપયોગથી દુરૂપયોગ કરતાં કરતાં પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે.

બેઇન્દ્રિય જીવો આ જીવોને સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય આ બે ઇન્દ્રિય પ્રાપ્ત થયેલી હોવાથી એકેન્દ્રિય જીવો કરતાં આ જીવોને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ કાંઇક વિશેષ રીતે પ્રાપ્ત થયેલો હોય છે. આથી આ જીવો મતિજ્ઞાનના ૨૮ ભેદમાંથી ૧૪ ભેદને ઉપયોગ રૂપે પ્રાપ્ત કરી શકે છે. એમાં સ્પર્શેન્દ્રિયના ૫ ભેદ, વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઇહા, અપાય અને ધારણા. રસનેન્દ્રિયના ૫ ભેદ. એજ રીતે વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઇહા, અપાય અને ધારણા. અને ભાવ મનના ચાર ભેદ. અર્થા વગ્રહ, ઇહા, અપાય અને ધારણા. આ રીતે કુલ ચૌદ ભેદ થાય છે. આ ચૌદ ભેદને બાર ભેદે ગુણાકાર કરવાથી ૧૬૮ ભેદ મતિજ્ઞાનના પ્રાપ્ત થાય છે. મિથ્યાત્વની હાજરીમાં આ મતિજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ અજ્ઞાન રૂપે ગણાય છે. શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી આ જીવોને શ્રુતજ્ઞાન એકેન્દ્રિય જીવો કરતાં કંઇગણુ અધિક પ્રાપ્ત થયેલું હોય છે. આ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો ઉપયોગ જ્ઞાનરૂપે એક એક

અંતર્મુહૂર્તે ચાલુને ચાલુ હોય છે. આ જ્ઞાનના ઉપયોગથી આ જીવો સમયે સમયે સાત કર્મનો બંધ કરતાં કરતાં પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. આ જીવોની વિશેષતા એ છે કે એક ઇન્દ્રિય અધિક પ્રાપ્ત થયેલી હોવાથી એ ઇન્દ્રિયનો ઉપયોગ વિશેષ રીતે કરતો હોવાથી કર્મબંધ તીવ્રરસે કરતો જાય છે કે જેના કારણે જો કદાચ આ જીવો મનુષ્યાયુષ્ય બાંધીને મનુષ્યપણાને પ્રાપ્ત કરે તો પણ એ મનુષ્યપણામાંથી મોક્ષે જઇ શકતા નથી. અર્થાત્ સાતમા ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકના પરિણામને પ્રાપ્ત કરી શકતા નથી. આને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ ભાવ કહેવાય છે. દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી આ જીવોને અચક્ષુદર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થતો જાય છે તેમાં સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય બે ઇન્દ્રિયોને પ્રાપ્ત કરે છે. એ સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિયની સાથે પદાર્થનો સંયોગ થાય તે વખતે એનાથી જે જ્ઞાનની પ્રાપ્તિ થાય છે તે સામાન્ય બોધ રૂપે જ્ઞાન પ્રાપ્ત થતું જાય છે જેને દર્શન કહેવાય છે. આ જીવો સ્પર્શેન્દ્રિયના આઠ વિષયો અને તેના છઞ્નુવિકારોને વિષે અને રસનેન્દ્રિયના પાંચ વિષયો કડવો, તીખો, તુરો, ખાટો અને મીઠો એ પાંચ રસવાળા પદાર્થોને વિષે તેમજ ખારા રસને વિષે અને તેના બ્હોંતેર વિકારોને વિષે અચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી સામાન્ય બોધ પ્રાપ્ત કરતાં કરતાં દર્શનના ઉપયોગને પરાવર્તન કરતા કરતા પોતાના આયુષ્યકાળ સુધી જીવન જીવતા થાય છે. આ જીવનકાળ દરમ્યાન જ્ઞાનનો ઉપયોગ અને દર્શનનો ઉપયોગ મિથ્યાત્વની હાજરીમાં એક એક અંતર્મુહૂર્તે અજ્ઞાન રૂપે પરાવર્તન કરતાં કરતાં સમયે સમયે સાત કર્મોનો બંધ કરતાં કરતાં પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. આ રીતે ઇન્દ્રિયોની પ્રાપ્તિથી અને ભાવમનથી જીવો જ્ઞાન અને દર્શનના ઉપયોગને પ્રાપ્ત કરતાં કરતાં દુરૂપયોગ કરી રહેલા હોય છે.

તેઇન્દ્રિય જીવોને વિષે સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય

ત્રણ ઇન્દ્રિય પ્રાપ્ત થયેલી હોવાથી આ જીવોને તેઇન્દ્રિય જીવો કહેવાય છે. આ જીવોને જ્ઞાનનો ઉપયોગ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન રૂપે હોય છે. એમાં મતિજ્ઞાનના ૨૮ ભેદમાંથી ૧૯ ભેદ પ્રાપ્ત થાય છે. સ્પર્શેન્દ્રિયના ૫. વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઇહાવગ્રહ, અપાય, અને ધારણા. રસનેન્દ્રિયના પાંચ. વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઇહાવગ્રહ, અપાય, અને ધારણા. ઘ્રાણેન્દ્રિયના પાંચ. વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઇહાવગ્રહ, અપાય, અને ધારણા. ભાવ મનના ચાર. અર્થાવગ્રહ, ઇહાવગ્રહ, અપાય, અને ધારણા. આ રીતે કુલ ૧૯ ભેદ થાય છે. એ ૧૯ ભેદોને બાર ભેદે ગુણાકાર કરવાથી ૨૨૮ ભેદ થાય છે. આ રીતે મતિજ્ઞાનના ૨૨૮ ભેદોને વિષે જ્ઞાનના ઉપયોગથી તેમજ શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી શ્રુતના ઉપયોગને વિષે જીવો જ્ઞાન ઉપયોગ અને દર્શન ઉપયોગની સાથે એક એક અંતર્મુહુર્તે પરાવર્તમાન કરતાં સમયે સમયે સાતે કર્મોનો બંધ કરતાં જાય છે. દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી અચક્ષુદર્શનાવરણીય કર્મોનો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થયેલો હોવાથી સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય આ ત્રણ ઇન્દ્રિયો પ્રાપ્ત થયેલી છે માટે સ્પર્શેન્દ્રિયના આઠ વિષયો, રસનેન્દ્રિયના પાંચ વિષયો અને ઘ્રાણેન્દ્રિયના બે વિષયો એમ ૧૫ વિષયોને વિષે અને ૧૮૦ વિકારોને વિષે એમાં સ્પર્શેન્દ્રિયના ૯૬ વિકારો રસનેન્દ્રિયના ૭૨ વિકારો અને ઘ્રાણેન્દ્રિયના ૧૨ વિકારો થઇને ૧૮૦ વિકારો થાય છે. આ રીતે એ વિકારો અને વિષયોને વિષે સામાન્ય બોધ રૂપે દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી દર્શન ઉપયોગથી અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્તે જ્ઞાનની સાથે પરાવર્તમાન કરતાં કરતાં સમયે સમયે સાતે કર્મનો બંધ કરીને પોતાના આત્માનો સંસાર વધારે છે. મિથ્યાત્વની હાજરીમાં જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયનો ક્ષયોપશમ ભાવ રહેલો હોય છે તેને અજ્ઞાન રૂપે કહેવાય છે. આ રીતે તેઇન્દ્રિય જીવો પોતાનો સંસાર વધારતા જાય છે. જો એમાં મનુષ્યાયુષ્યનો બંધ કરેલો હોય તો એ મનુષ્યપણું પામીને એ

ભવમાં મોક્ષે જઇ શકતા નથી.

ચઉરીન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરીન્દ્રિય આ ચાર ઇન્દ્રિય હોય છે. આ ચાર ઇન્દ્રિયના ઉપયોગથી આ જીવો મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને ચક્ષુદર્શન, અચક્ષુદર્શનના ઉપયોગમાં અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે ઉપયોગને બદલતા બદલતા પોતાનું જીવન જીવતાં હોય છે. એમાં મતિજ્ઞાનના ઉપયોગને વિષે સ્પર્શેન્દ્રિયના પાંચ ભેદ, રસનેન્દ્રિયના પાંચ ભેદ, ઘ્રાણેન્દ્રિયના પાંચ ભેદ ચક્ષુરીન્દ્રિયના ચાર ભેદ અને ભાવમનના ચાર ભેદ એમ કુલ ત્રેવીશ ભેદોને વિષે મતિજ્ઞાનના ઉપયોગ બદલતા બદલતા કર્મબંધ કર્યા કરે છે. આ ત્રેવીશ ભેદોને બારે ગુણાકાર કરતાં ૨૭૬ ભેદો મતિજ્ઞાનના પેદા થાય છે. શ્રુતજ્ઞાનના ક્ષયોપશમ ભાવથી શ્રુતજ્ઞાનનો ઉપયોગ પણ અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્તે ચાલુ જ હોય છે. આથી મતિજ્ઞાનાવરણીય અને શ્રુતજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ ભાવ એ જ્ઞાન ઉપયોગ રૂપે કહેવાય છે. આ જ્ઞાન ઉપયોગથી સમયે સમયે સાત કર્મનો બંધ કરતાં કરતાં પોતાનો સંસાર વધારતા જાય છે. દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી ચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ થી ચક્ષુનો અને અચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ થી રસેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિયનો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત કરીને ભાવ મનને દરેકમાં પરાવર્તન કરતાં કરતાં સામાન્ય બોધ રૂપે જ્ઞાનને પ્રાપ્ત કરીને દર્શનના ઉપયોગથી સમયે સમયે સાત કર્મનો બંધ કરતાં કરતાં પોતાનો સંસાર વધારતા જાય છે. આ રીતે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી આ જીવો મિથ્યાત્વની હાજરીમાં ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત કરતાં હોવાથી અજ્ઞાન રૂપે પરિણામ પામતો જાય છે. આ રીતે ચઉરીન્દ્રિય જીવો સમયે સમયે સાત કર્મનો બંધ કરતાં કરતાં પોતાનું જીવન જીવતાં જીવતાં મનુષ્યનું આયુષ્ય બાંધીને મનુષ્યપણું પામે તો આ જીવો એ મનુષ્યપણામાં મોક્ષે જઇ શકતા નથી. પણ સાતમા ગુણસ્થાનકનાજ પરિણામને પ્રાપ્ત કરી શકે છે.

અસન્ની પંચેન્દ્રિય જીવો. આ જીવોને પાંચ ઇન્દ્રિય હોય છે. અને પાંચ ઇન્દ્રિયથી મતિજ્ઞાનના ૨૮ ભેદ પણ પ્રાપ્ત થાય છે. એટલે કે મતિજ્ઞાનના ૨૮ ભેદોમાંથી કોઇને કોઇ ભેદોને વિષે મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી જ્ઞાનના ઉપયોગને પ્રાપ્ત કરીને પોતાનું જીવન જીવતાં હોય છે. આ મતિજ્ઞાનના ૨૮ ભેદ આ પ્રમાણે થાય છે. સ્પર્શેન્દ્રિયના પાંચ ભેદ, રસનેન્દ્રિયના પાંચ ભેદ, ઘ્રાણેન્દ્રિયના પાંચ ભેદ, ચક્ષુરીન્દ્રિયના ચાર ભેદ, શ્રોત્રેન્દ્રિયના પાંચ ભેદ અને ભાવમનના ચાર ભેદ. આ ૨૮ ભેદને બારે ગુણાકાર કરવાથી ૩૩૬ ભેદો થાય છે. આ ૩૩૬ ભેદોને વિષે એક એક અંતર્મુહૂર્તે જ્ઞાનનો ઉપયોગ પરાવર્તમાન રૂપે પ્રાપ્ત કરતાં કરતાં રાગાદિ પરિણામને મજબુત કરતાં કરતાં સમયે સમયે સાત કર્મોનો બંધ કરતાં જાય છે. એવીજ રીતે શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ વિશેષ રીતે પ્રાપ્ત થયેલો હોય છે. અને એ શ્રુતજ્ઞાનના ક્ષયોપશમ ભાવના ઉપયોગમાં અનુકૂળ પદાર્થો પ્રત્યે રાગાદિ પરિણામ કરતાં કરતાં સંસારની વૃધ્ધિ કરતાં જાય છે. આને જ્ઞાનનો ઉપયોગ કહેવાય છે. દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી આ જીવોને ચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી ચક્ષુનો ઉપયોગ એટલે ચક્ષુરીન્દ્રિય પ્રાપ્ત થાય છે. અને અચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય એ ચાર ઇન્દ્રિય પ્રાપ્ત થાય છે. આ રીતે પાંચ ઇન્દ્રિયના ૨૩ વિષયોને વિષે એમાં સ્પર્શેન્દ્રિયના આઠ વિષયો, રસનેન્દ્રિયના પાંચ અથવા છ વિષયો, ઘ્રાણેન્દ્રિયના બે વિષયો, ચક્ષુરીન્દ્રિયના પાંચ વિષયો અને શ્રોત્રેન્દ્રિયના ત્રણ વિષયો એમ ૨૩ વિષયો થાય છે. એના ૨૫૨ વિકારો પ્રાપ્ત થાય છે. તેમાં સ્પર્શેન્દ્રિયના છન્નુ વિકારો, રસનેન્દ્રિયના બ્હોંતેર વિકારો, ઘ્રાણેન્દ્રિયના બાર વિકારો, ચક્ષુરીન્દ્રિયના સાહીઠ વિકારો અને શ્રોત્રેન્દ્રિયના બાર વિકારો સાથે ૨૫૨ વિકારો થાય છે. આ રીતે આ પંચેન્દ્રિય જીવો દ્રવ્યમન ન હોવા છતાં પણ ભાવમનથી ૨૩ વિષયો અને ૨૫૨ વિકારોને વિષે રાગાદિ

પરિણામ કરતાં કરતાં પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. આ જીવોની વિશેષતા એ છે કે દ્રવ્યમન વગરના હોવાછતાં પણ નરકાયુષ્ય અને દેવાયુષ્યનો બંધ પણ કરી શકે છે આથી ચારે ગતિનો બંધ પણ કરે છે અને ચારે આયુષ્યમાંથી કોઇપણ આયુષ્યનો બંધ પણ કરી શકે છે. સમયે સમયે સાત કર્મોનો બંધ કરતાં કરતાં અને પોતાના ભવમાં એકવાર આયુષ્યકર્મ સાથે આઠ કર્મનો બંધ કરતાં કરતાં સામાન્ય બોધથી અથવા વિશેષ બોધથી એટલે કે દર્શન અને જ્ઞાનના એક એક અંતર્મુહૂર્તે પરાવર્તમાન રૂપે રહેલા ઉપયોગથી એનો દુરૂપયોગ કરતાં કરતાં પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. અહીં સુધીમાં રહેલા જીવોને સમુર્છિમ જીવો તરીકે ગણાય છે. કારણ કે આ જીવોને દ્રવ્યમન ન હોવાથી એકલુ ભાવમન જ હોવાથી દીર્ઘકાલીકી સંજ્ઞા પ્રાપ્ત થયેલી હોતી નથી. માટે વર્તમાનકાલીન પદાર્થોમાંજ સુખ દુઃખની પરિણતી પ્રાપ્ત કરતાં કરતાં પોતાનું જીવન જીવતાં હોય છે. એના પ્રતાપે આ જીવોને ખુદ તીર્થંકર પરમાત્માઓ પણ કોઇપણ પ્રકારનો બોધ પ્રાપ્ત કરાવી શકતા નથી એટલે કે તીર્થંકર પરમાત્માની દેશના પણ આ જીવોને માટે બીલકુલ ઉપયોગી થઇ શકતી નથી. આથી કેવળજ્ઞાની જીવો પણ આ જીવોની દયા કરતાં કરતાં પોતાનું જીવન જીવતાં હોય છે. એટલે કે આ જીવોને દુઃખથી છોડાવી શકવાની તાકાત કેવળજ્ઞાની પરમાત્માના જીવોના અંતરમાં પણ પ્રાપ્ત થઇ શકતી નથી. જ્યારે આ જીવો દુઃખ વેઠતાં વેઠતાં અકામ નિર્જરા કરીને પુણ્યબંધ કરીને પુણ્ય એકઠું કરેલું હોય અને આયુષ્ય બંધ વખતે રાગાદિ પરિણામની કાંઇક મંદતા પ્રાપ્ત થયેલી હોય તોજ મનુષ્યાયુષ્યનો બંધ કરીને મનુષ્યપણાને પ્રાપ્ત કરી શકે છે. આથી અહીં સુધીના જીવોને સમુર્છિમ જીવો તરીકે ગણતરી કરીને જગતમાં રહેલા કોઇપણ જીવ આ જીવોને દુઃખથી છોડાવવા માટે સમર્થ થઇ શકતા જ નથી.

સન્ની જીવો :- આ જીવોને પાંચ ઇન્દ્રિય પ્રાપ્ત થયેલી હોય છે અને સાથે સાથે મન પર્યાપ્તિ પૂર્ણ કરેલી હોવાથી દ્રવ્યમન પણ પ્રાપ્ત થયેલું હોય

છે. એ દ્રવ્યમનના પ્રતાપે અને સન્નીપણાની સંજ્ઞાના પ્રતાપે દીર્ઘકાલીકી સંજ્ઞા પ્રાપ્ત થાય છે કે જે સંજ્ઞાના બળે ભુતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ ત્રણે પ્રકારના કાળના પદાર્થોની વિચારણા અને એનાથી આત્મામાં સુખ, દુઃખની પરિણતી પેદા કરી શકે છે. જેમકે ગઇકાલે મેં આ કરેલું હતું આ ખાધું હતુ, ચાર દિવસ પહેલા આ જગ્યાએ ગયો હતો ત્યાં મને ખુબ મજા આવેલી એ સુખના કાળની-ભૂતકાળની વિચારણા કહેવાય છે. અઠવાડીયા પહેલા જે જગ્યાએ ગયેલો હતો ત્યાં તો ફરીથી જવાયજ નહિ કારણ કે ત્યાં ઘણું કષ્ટ પડેલું હતું, માંડ માંડ ત્યાંથી ભાગીને છુટ્યો છું. માટે એ સ્થાનમાં ફરીથી જવાયજ નહિ આ દુઃખના પ્રતાપે ભૂતકાળની વિચારણા કહેવાય છે. આવીજ રીતે વર્તમાનમાં સુખ, દુઃખની અનુભૂતિ રૂપે સુખથી આનંદ અને દુઃખથી નારાજી જીવ પ્રાપ્ત કરતો કરતો વર્તમાનકાળમાં જીવન જીવતો હોય છે. અને ભવિષ્યકાળમાં સુખની પ્રાપ્તિ અને સુખનો આનંદ પેદા થયા કરે એવી જ વિચારણાઓનો પ્લાન ઘડતો ઘડતો પોતાનું જીવન જીવતો જાય છે. અને જે કંઇ દુઃખ આવવાની ખબર પડે કે ભવિષ્યમાં ચાર દિવસ પછી અઠવાડીયા પછી, મહિના બે મહિના પછી આવા પ્રકારનું દુઃખ મને પ્રાપ્ત થશે એમ ખબર પડે તે દુઃખને દુર કરવાના હેતુથી અને દુઃખ ના આવે અને સુખની પ્રાપ્તિ થયા કરે એ માટે વર્તમાનમાં મળેલા સુખને પણ સુખ રૂપે ભોગવ્યા વગર ભવિષ્યના સુખની ચિંતા અને દુઃખના નાશની વિચારણાથી પોતાનું જીવન જીવતો હોય છે. આ રીતે ભુતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળની ત્રણે પ્રકારની વિચારણાઓ કરી શકે એવી દીર્ઘકાલીકી નામની સંજ્ઞા પ્રાપ્ત થયેલી છે એ સંજ્ઞાના બળે વિશેષ કર્મબંધ કરતાં કરતાં સન્ની જીવો મતિજ્ઞાનના ૨૮ ભેદથી અને એ ૨૮ ભેદની સાથે દીર્ઘકાલીકી સંજ્ઞાને સહાયભૂત થતી ચાર પ્રકારની બુધ્ધિ (૧) ઔત્પાતિકી બુધ્ધિ, (૨) વૈનયીકી બુધ્ધિ, (૩) કાર્મિકી બુધ્ધિ અને (૪) પારિણામિકી બુધ્ધિ. આ ચારે પ્રકારની બુધ્ધિમાંથી કોઇને કોઇ

બુધ્ધિનો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થતો હોઇને આ ચાર બુધ્ધિને અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન રૂપે કહેવાય છે. શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ૨૮ ભેદ એને બારે ગુણાકાર કરતાં તેના ૩૩૬ ભેદ અને એમાં આ ચાર અશ્રુતનિશ્રિતના ભેદ બુધ્ધિ રૂપે ઉમેરતા મતિજ્ઞાનના ૩૪૦ ભેદોના કોઇને કોઇ ભેદોના ઉપયોગને વિષે જીવ રહીને એ મતિજ્ઞાનનો દુરૂપયોગ કરતાં કરતાં જ્ઞાનના ઉપયોગથી પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. અને શ્રુતજ્ઞાનના ક્ષયોપશમ ભાવથી સન્ની જીવો પહેલે ગુણસ્થાનકે ઉત્કૃષ્ટથી શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરી શકે તો સાડાનવ પૂર્વ સુધીના જ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે. આ જ્ઞાન મિથ્યાત્વની હાજરીમાં રહેલું હોવાથી અજ્ઞાન રૂપે કહેવાય છે. એટલે કે જીવને સમજણના ઘરમાં દાખલ થવામાં આ જ્ઞાન ઉપયોગી થઇ શકતું જ નથી. જ્યારે મિથ્યાત્વની મંદતા જીવ પુરૂષાર્થ કરીને પ્રાપ્ત કરે ત્યાર પછીજ આ મતિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમ ભાવથી અને શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી પ્રાપ્ત થયેલું જ્ઞાન સમજણના ઘરમાં દાખલ થવામાં ઉપયોગી થઇ શકે છે. દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી ચક્ષુદર્શનાવરણીય અને અચક્ષુદર્શનાવરણીયના ક્ષયોપશમથી પાંચ ઇન્દ્રિયનો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થયેલો હોય એ પાંચ ઇન્દ્રિયના ૨૩ વિષયો અને ૨૫૨ વિકારોને વિષે દર્શનના ઉપયોગથી સામાન્ય બોધ પ્રાપ્ત કરતો કરતો જીવ એક એક અંતર્મુહૂર્તે જ્ઞાન અને દર્શનના ઉપયોગને પ્રાપ્ત કરતો કરતો અનુકૂળ પદાર્થોમાં રાગાદિ પરિણામની તીવ્રતા પ્રાપ્ત કરીને પોતાના આત્માનો સંસાર વધારતા સંખ્યાતોકાળ અસંખ્યાતોકાળ અને અનંતોકાળ સંસારમાં પરિભ્રમણ કરવા માટેનો કાળ પ્રાપ્ત કરતાં કરતાં જ્ઞાન અને દર્શનના ઉપયોગને દુરૂપયોગ રૂપે કરીને સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે.

આજે વર્તમાનમાં આપણને જે જ્ઞાન અને દર્શનની પ્રાપ્તિ થયેલી છે અને અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્તે જ્ઞાનનો ઉપયોગ અને દર્શનનો ઉપયોગ કરતાં કરતાં જીવન જીવી રહેલા છીએ એની સાથે સાથે દેવ, ગુરૂ અને

ધર્મની આરાધના પણ જીવનમાં કરીએ છીએ એ આરાધનામાં જે જ્ઞાનની જરૂર પડે એ જ્ઞાન પણ આપણે મહેનત કરીને પ્રાપ્ત કરીએ છીએ એવીજ રીતે દર્શનની ક્રિયાઓ અને ચારિત્રની ક્રિયાઓ પણ જીવનમાં કરી રહેલા છીએ. આ રીતે જે જે અનુષ્ઠાનોનું સેવન કરીએ છીએ એ અનુષ્ઠાનોનું સેવન કરતાં કરતાં જ્ઞાન, દર્શનના ઉપયોગના ક્ષયોપશમ ભાવથી સમજણના ઘરમાં દાખલ થઇ રહેલા છીએ એવો કોઇ અનુભવ પેદા થાય છે ખરો ! કે અસમજણના કાળમાં જ રહીને મળેલી અનુકૂળ પદાર્થોની સામગ્રીને કેમ સારી રીતે ભોગવાય કેમ એને સારી રીતેવધારતો જાઉં અને ભવિષ્યમાં સારી રીતે એને ભોગવીને શાંતિથી જીવન જીવતો થાઉં આ જ વિચારણા અંતરમાં રહેલી છે કે આના સિવાયની બીજી કોઇ વિચારણા અંતરમાં છે ! અનુકૂળ પદાર્થોના રાગાદિ પરિણામ એજ મને સંસારની વૃધ્ધિ કરાવવામાં અને જન્મમરણ વધારવામાં સહાયભૂત થાય છે આવી વિચારણા ધર્મ આરાધના કરતાં કરતાં અંતરના કોઇ ખુણે પેદા થાય છે ખરી ! જો આ વિચારણા પેદા કરતા નહિ થઇએ અને એ વિચારણા વગર જે રીતે આરાધના કરીએ છીએ એ રીતે આરાધના કરતાંજ રહીશું તો અત્યાર સુધી અસમજણના કાળમાં રહીને અનંતીવાર ધર્મસામગ્રી સંપન્ન મનુષ્યજન્મને મેળવીને જેમ સંસારની રખડપટ્ટીમાં ગયા એમ આ એક જન્મનો પણ જરૂર વધારો થશે. એ વધારો જો ન કરવો હોય અને આત્મકલ્યાણમાં આ જન્મનો કંઇક ઉપયોગ કરવો હોય તો આત્માને સમજણના ઘરમાં દાખલ કર્યા વગર ચાલશે નહિ. એ સમજણના ઘરમાં દાખલ થવા માટે ધર્મની પ્રવૃત્તિને સદ્‌ધર્મરૂપે બનાવવા માટે પ્રયત્ન કરવોજ પડશે. કારણ કે ધર્મ જન્મ મરણની પરંપરાને નાશ કરતો નથી. ધર્મ તો પુણ્ય બંધાવી સુખની સામગ્રી આપી એ સુખમાં અનેક પ્રકારના રાગાદિ પરિણામ પેદા કરીને સંસારની રખડપટ્ટી કરાવે છે. જ્યારે સદ્‌ધર્મ પુણ્યાનુબંધી પુણ્ય બંધાવી સુખની સામગ્રીને પ્રાપ્ત કરાવી એ સુખની સામગ્રીમાં રાગાદિ પરિણામ જીવને ન થાય એની

કાળજી રખાવીને જન્મ મરણની પરંપરાનો નાશ કરવામાં સહાયભૂત થાય છે. ધર્મની પ્રવૃત્તિ સદ્‌ધર્મ રૂપે જીવ ત્યારેજ કરી શકે કે પુરૂષાર્થ કરતો કરતો મિથ્યાત્વની મંદતા કરતો જાય તો. મહાપુરૂષોએ કહ્યું છે કે સંસારના સુખનો ગાઢ રાગ અને મોક્ષમાર્ગની રૂચિ આ બન્ને ને કોઇકાળે મેળ હોતો નથી. સંસારના સુખનો રાગ ભુંડો લાગ્યા વગર સદ્‌ધર્મ તરફ પ્રીતિ પેદા થઇ શકતીજ નથી. સંસારના રાગમાં આનંદ માણનારો ધર્મક્રિયાઓ કરે તો તેનો હેતુ એ ક્રિયાઓ દ્વારા પણ સંસાર સુખને જ મેળવવાનો હોય છે. આથી વિચારણા કરતાં કરતાં અનુકૂળ પદાર્થોનો રાગ એજ મારા આત્માને માટે મોક્ષમાર્ગમાં દાખલ થવામાં વિઘ્નરૂપ છે એમ માનીને એ રાગથી જેટલા સાવચેત રહેવાય એ રીતે રહીને જીવન જીવવા પ્રયત્ન કરવો જોઇએ. જ્ઞાનીઓ કહે છે કે ભગવાનની ભક્તિના ફળ તરીકે કોઇ ચીજ આપવા મંડે તો એ ચીજને ઠોકર મારવાનું મન થવું જોઇએ. એ ચીજને લેવાનું મન થાય તે ધર્મક્રિયા કરનારાની ખામી કહેવાય છે. બોલો ધર્મ પ્રવૃત્તિ કરતાં કરતાં આપણે શું પ્રાપ્ત કરવા ઇચ્છીએ છીએ !

અનુકૂળ પદાર્થોના રાગને ઘટાડવા માટે સૌથી પહેલાં કર્તવ્યતાનો નિશ્ચય અંતરમાં પેદા કરવો જોઇએ. એ કર્તવ્યતાનો નિશ્ચય કરવો એને જ્ઞાની ભગવંતોએ પ્રણિધાન નામ આપેલું છે. આ પ્રણિધાન એ ખરેખરી પાયાનીજ વાત ગણાય છે. આમ તો જગતના જીવોને પ્રણિધાન પ્રવૃત્તિ અને વિઘ્નજય આદિ આશયોનો પરિચય સર્વથા ન હોય એવું બનતું નથી માત્ર શબ્દાર્થની દ્રષ્ટિએ જોઇએ તો જગતના જીવો પ્રણિધાન આદિ આશ્રયોથી વિમુખ નથી એટલે કે એનાથી રહિત થયેલા હોતા નથી. જેમકે અમુક કરવા જેવું છે અને અમુક કરવા જેવું નથી આવું તો ઘણીવાર તમારા મનમાં પણ ઉઠ્યું હશે ને ! જીવ પોતપોતાની સમજ મુજબ આવો વિચાર કરે એમાં નવાઇ નથી અને પ્રવૃત્તિ કરવાનો વિચારે કોણ કરતું નથી ! આશય કશો પણ ન હોય છતાંય જીવ પ્રવૃત્તિ કર્યા

કરે એવું બને ખરું ! ત્યારે જે પ્રયોજનની સિધ્ધિ માટે જે પ્રવૃત્તિ આદરી હોય અગર તો જે પ્રવૃત્તિ આદરવી હોય તે પ્રવૃત્તિ દ્વારા ધાર્યું સિધ્ધ કરવામાં તે પ્રવૃત્તિના આદરમાંય વિઘ્નો પણ આવેજ છેને ! એટલે આવેલા વિઘ્નોને અગર આવવા સંભવિત લાગતા વિઘ્નોને ટાળવાનો વિચાર પણ પ્રવૃત્તિ કરનારને તેમજ પ્રવૃત્તિ કરવા ઇચ્છનારને પણ હોયજને ! એ સાથે એ વિઘ્નો ઉપર વિજય મેળવીને ધારેલી સિધ્ધિ મેળવવાનો વિચાર પણ હોય જ ને ! અને જ્યારે ધાર્યું થાય ત્યારે તેના વિતરણ નો વિચાર આવે એવું પણ બને ને ! એટલે પાંચે પ્રકારના આશયનો અનુભવ તો જગતના જીવોને છેજ. પણ એ આશય ક્યાં હોવા જોઇએ અને ક્યાં હોવા જોઇએ નહિ એજ સૌથી પહેલી સમજવા લાયક વસ્તુ છે. પ્રણિધાનમાં કર્તવ્યતાનો નિશ્ચય કરવાનો છે આ નિશ્ચય સુંદર પણ જોઇએ, સુવ્યવસ્થિતપણ જોઇએ અને સુદ્રઢ પણ જોઇએ. આમાં સમ્યગ્દર્શન પણ આવી જાય અને સમ્યગ્જ્ઞાન પણ આવી જાય. મારે તો એકમાત્ર મારા આત્માની પોતાનીજ ઉન્નતિ વાસ્તવિક રીતીએ ખપે છે આવા પ્રકારના કર્તવ્યતાનો નિશ્ચય સૌથી પહેલો થવો જોઇએ ને ! પછી મોક્ષ પદની પ્રાપ્તિ એજ આત્માની પરમ ઉન્નતિ છે માટે મારે મોક્ષપદે પહોંચવુંજ જોઇએ આવા પ્રકારનો કર્તવ્યતાનો નિશ્ચય પણ થવોજ જોઇએ ને ! એ પછી આત્માને મોક્ષપદે પહોંચાડવાનો સાચો માર્ગ તેજ છે કે જે ભગવાન જીનેશ્વરદેવોએ ફરમાવેલો છે અને એ મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર રૂપ રત્નત્રયી રૂપ છે માટે મારે આરાધવા લાયક આ જગતમાં કંઇ પણ હોય તો એ આ રત્નત્રયી છે એ રત્નત્રયીના આરાધક પુણ્ય પુરૂષો છે અને એ રત્નત્રયીની પ્રાપ્તિ આરાધના તથા રક્ષા આદિમાં સહાયક એવા સાધનો છે. આવો કર્તવ્યતાનો નિશ્ચય પણ થવો જોઇએ ને ! આમાં પ્રવૃત્તિનો આશય પણ આવી જ ગયોને કારણ કે પ્રણિધાન પ્રવૃત્તિને પેદા કર્યા વગર રહે નહિ. પ્રણિધાનમાં ખામી ન હોય તો જ્યાં જેટલી શક્ય હોય ત્યાં તેટલી પ્રવૃત્તિ

ક્રમશઃ પેદા થયા વિના રહે નહિ. પ્રણિધાનમાં જેમ પ્રવૃત્તિના આશયને પેદા કરવાની તાકાત હોય છે તેમ વિઘ્નજયના આશયને પેદા કરવાની તાકાત પણ હોય છે. અહીં પ્રવૃત્તિ રત્નત્રયીની આરાધનાથી શરુજ છે. રત્નત્રયી આરાધનાદિમાં પ્રવૃત્તિ કરવાનું મન થયું એટલે એ પ્રવૃત્તિ અને આદરતા અને એ પ્રવૃત્તિનો નિર્વાહ કરતાં એની આડે જે જેવિઘ્નો આવે તે તે વિઘ્નો ઉપર વિજય મેળવીને સિધ્ધિ મેળવવાનું અને પ્રગતિ સાધ્યા કરવાનું મન પણ થયા વગર રહે નહિ. આમાં પણ પ્રણિધાનનું બળ બહુજ કામ કરે. પ્રણિધાન જેટલું જોરદાર તેટલીજ જોરદાર પ્રવૃત્તિ બનતી જાય અને વિઘ્નજયમાં પણ એના જોરથીજ જોર પુરાયા કરે. એ પછી એ પ્રવૃત્તિમાં જેમ જેમ સિધ્ધિ મળતી જાય તેમ તેમ તેનો વિનયયોગ કરતાં જવાનું મન પણ થયા કરે. સંપૂર્ણ પણે સિધ્ધિ થયા પછી તો વિનિયોગ કરવાનું રહેતું નથી એટલે કે સિધ્ધિ ગતિમાં ગયા પછી ઉપદેશ આદિ આપવાનું રહેતું નથી પણ સિધ્ધિ ગતિમાં જતા પહેલાં જીવને જેમ જેમ સિધ્ધિ મળતી જાય તેમ તેમ ઉપદેશ દ્વારા બીજા જીવોનું કલ્યાણ કરવાની ભાવના વિનિયોગ રૂપે જન્મ પામતી જાય છે. એટલા માટે તો અનંતઉપકારી જ્ઞાનીઓએ સમ્યગ્દર્શનના આરાધનાત્મક સમ્યગ્જ્ઞાનના આરાધનાત્મક અને સમ્યક ચારિત્રના આરાધનાત્મક જે જે વિવિધ અનુષ્ઠાનોવિહિત કર્યા છે તે તે સર્વ અનુષ્ઠાનો આ પ્રણિધાન આદિ પાંચ આશયવાળા હોવા જોઇએ એમ એ પરમ ઉપકારીઓએ ફરમાવ્યું છે. માટે કર્તવ્યતાનો નિશ્ચય એજ ખરી ખરી પાયાની વાત છે. આ રીતે કર્તવ્યતાનો નિશ્ચય કરવો એને સમજણના ઘરમાં દાખલ થયેલો જીવ છે એમ ગણાય છે. આનેજ જ્ઞાની ભગવંતોએ જ્ઞાન અને દર્શનનો ઉપયોગ આત્મકલ્યાણ કરવામાં સહાયભૂત થાય છે અને જન્મ મરણની પરંપરા નાશ કરવામાં એ ઉપયોગ ઉપયોગી બને છે એમ મહાપુરૂષો કહે છે. આના સિવાયનો બાકીનો જ્ઞાન, દર્શનનો ઉપયોગ આખા દિવસમાં જેટલી વાર પ્રાપ્ત થાય એને દુરૂપયોગ રૂપે

ગણાય છે.

છદ્મસ્થ જીવોને જ્ઞાન અને દર્શનનો ઉપયોગ ક્ષયોપશમ ભાવે એક એક અંતર્મુહૂર્તનો હોય છે એટલે કે એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સઘળાંય જીવોને જ્ઞાન અને દર્શનનો ઉપયોગ અસંખ્યાત સમય વાળા એક એક અંતર્મુહૂર્તનો પરાવર્તમાન રૂપે ચાલુને ચાલુ જ હોય છે. સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા જીવોને આત્મિક કોઇપણ ગુણની પ્રાપ્તિ પેદા થતી હોય ત્યારે નિયમા જ્ઞાનનો ઉપયોગજ હોય છે. એટલે કે જ્ઞાનના ઉપયોગમાં સન્ની જીવો આત્મિક ગુણની સન્મુખ થઇ શકે છે અને આત્મિક ગુણોને પેદા કરવાનો પ્રયત્ન કરતાં કરતાં સામર્થ્ય યોગને પ્રાપ્ત કરીને આત્મિક ગુણની પ્રાપ્તિ કરી શકે છે. પણ દર્શનના ઉપયોગમાં કોઇકાળે કોઇપણ સન્ની પર્યાપ્તા જીવોને આત્મિક ગુણો પેદા થઇ શકતા નથી. જ્યારે ક્ષાયિક ભાવે જ્ઞાનની પ્રાપ્તિ જે જે સન્ની પર્યાપ્તા જીવોને પ્રાપ્ત થાય છે એટલે કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે તે વખતે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મનો સંપૂર્ણ ક્ષય કરે ત્યારે સૌ પ્રથમ જ્ઞાનનોજ ઉપયોગ પ્રાપ્ત થાય છે એટલે કે કેવળજ્ઞાનનીજ પ્રાપ્તિ થાય છે અને બીજા સમયે કેવળદર્શનનો ઉપયોગ હોય છે. આથી ક્ષાયિક ભાવે પ્રાપ્ત થયેલા જ્ઞાનના કારણે અને એ ક્ષાયિક ભાવે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતાં આત્માનો ઉપયોગ રૂપે લક્ષણ એક એક અંતર્મુહૂર્ત રૂપે રહેતો નથી પણ સમય સમય રૂપે રહેલો હોય છે એટલે કે એક સમયે જ્ઞાન બીજા સમયે દર્શન અર્થાત્ પહેલાં સમયે કેવળજ્ઞાન બીજા સમયે કેવળદર્શન. આ રીતે પોતાનું ભોગવાતું જેટલું આયુષ્ય હોય ત્યાં સુધી કેવળજ્ઞાની ભગવંતોને એક એક સમયને આંતરે કેવળજ્ઞાન અને કેવળદર્શનનો ઉપયોગ સદા માટે રહેલો હોય છે. જ્યારે એ જીવો સકલ કર્મથી રહિત થઇ સિધ્ધિ ગતિને પ્રાપ્ત કરતાં હોય છે ત્યારે જ્ઞાનના ઉપોયગમાંજ સિધ્ધિ ગતિને પ્રાપ્ત કરે છે. એટલે કે સિધ્ધિ ગતિમાં જતી વખતે દરેક જીવોને કેવળજ્ઞાનનોજ ઉપયોગ હોય છે અને બીજા સમયે કેવળદર્શનનો

ઉપયોગ હોય છે આ રીતે સિધ્ધિ ગતિમાં રહેલા જીવોને સમયે સમયે કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉપયોગ રૂપે પરાવર્તમાન રૂપે સાદી અનંત કાળ સુધી રહે છે.

જૈનશાસનમાં મંદિરે જવાની ક્રિયાથી શરૂ કરીને સાધુપણા સુધીની બધીજ ક્રિયાઓ ઉપયોગ પૂર્વક કરે તોજ એ ક્રિયાઓથી જે ફળની પ્રાપ્તિ થતી હોય એ ફળની પ્રાપ્તિ થાય છે. જો એ ક્રિયાઓ ઉપયોગ રહિત કરવામાં આવે તો ક્રિયા કરવા છતાં પણ એનું જે ફળ મળવું જોઇએ એ ફળ એ જીવોને પ્રાપ્ત થઇ શકતું નથી અને જો ક્રિયાઓ કરતાં કરતાં જે ઉપયોગ રાખવાનો હોય એનાથી વિપરીત ઉપયોગ રાખવામાં આવે તો શુભ ક્રિયા કરવા છતાં પણ એનું ફળ અશુભ રૂપે દુઃખ દુઃખ અને દુઃખજ પ્રાપ્ત કરાવે છે. અર્થાત્ સારી પણ ક્રિયા વિપરીત ઉપયોગથી કરવામાં આવે તો ઉપયોગ વિપરીત હોવાથી ઉપયોગ રૂપેજ એને ફળની પ્રાપ્તિ થાય છે. વિપરીત ઉપયોગ એટલે આ લોકના અનુકૂળ પદાર્થોને મેળવવા આદિની ઇચ્છાથી સારી ક્રિયાઓ કરવી આ ભવમાં આવેલા દુઃખોને દૂર કરવાની ઇચ્છાથી અથવા જે કોઇ અંતરાયો પ્રાપ્ત થતાં હોય એ અંતરાયોને દૂર કરવાની ઇચ્છાથી થતી શુભ ક્રિયાઓ તેમજ પરલોકના સુખને મેળવવા આદિની ઇચ્છાથી થતી શુભ ક્રિયાઓ વિપરીત ઉપયોગવાળી ક્રિયાઓ કહેવાય છે. અત્યારે વર્તમાનમાં દેવ, ગુરૂ અને ધર્મની આરાધનાના અનુષ્ઠાનોનું સેવન જીવનમાં કરી રહેલા છીએ એ સેવન વિપરીત ઉપયોગથી કરતાં નથી ને ! એની રોજ વિચારણા કરતા જવી જોઇએ. આ વિચારણા ચાલુ છે ! જો વિપરીત ઉપયોગથી ક્રિયાઓ કરતાં રહીશું તો અથવા ઉપયોગ રહિત ક્રિયા કરતાં હોઇએ તો ગમે તેટલી સારી ક્રિયાઓ કરવા છતાં પણ એના ફળની આશા રાખીશું તો પણ એનું કોઇફળ પ્રાપ્ત થવાનું નથી. આ વિશ્વાસ અંતરમાં છે. જ્ઞાની ભગવંતો કહે છે કે ઉપયોગ રહિત જેટલી ક્રિયાઓ જીવનમાં થતી હોય યાવત્ જે કંઇ સુત્રો એના અર્થો ભણેલા હોઇએ એનો સ્વાધ્યાય પણ જો ઉપયોગ

રહિત થતો હોય તો એ ઉપયોગ રહિત થતી ક્રિયાઓથી આત્માને નિર્જરા રૂપે કોઇપણ પ્રકારનો લાભ પેદા થતો નથી. એટલે કે સકામ નિર્જરા પ્રાપ્ત થતી નથી. અકામ નિર્જરા જ જીવને પ્રાપ્ત થાય છે એવી જ રીતે અનુબંધ રૂપે પુણ્ય બંધાતુ નથી પણ ઉપયોગ રહિતપણું હોવાથી જે કંઇ અશુભ પ્રકૃતિઓનો બંધ થાય છે તે અનુબંધ રૂપે બંધાય છે. એટલે કે પાપાનુબંધી પુણ્ય બંધાય છે. અને જન્મ મરણની પરંપરા એ ક્રિયાઓથી ઘટવાને બદલે પરંપરા વધતી જાય છે. માટે ઉપયોગ પૂર્વક જેટલી ક્રિયા થાય એજ ક્રિયા આત્માને લાભકર્તા બને છે. જેમકે ભગવાનની પૂજા કરવાની ઇચ્છા પેદા થઇ તો તે વખતે તમારી પાસે પંદર મિનિટ કે ત્રીશ મિનિટનો ટાઇમ છે તો એ ટાઇમમાં ઉપયોગ પૂર્વક એકાગ્રચિત્તે ભગવાનની પૂજા કરવામાં કાઢવામાં આવે તો કોઇ એક ભગવાનને શાંતિથી લઇને એક બાજુ બેસી અષ્ટ પ્રકારી પૂજા શાંતિથી કરવામાં આવે અને એના ગુણગાનમાં જ ઉપયોગ રહેલો હોય એ રીતે દ્રવ્યપૂજા, અષ્ટપ્રકારી કરી ચૈત્યવંદન કરીને ત્રીશ મિનિટનો ટાઇમ પૂર્ણ થાય અને બાકીના ભગવાનની પૂજા ન થાય તો તે વખતે એમાં દોષ લાગતો નથી. આ રીતે જીવનમાં કોઇવાર પૂજા કરેલી છે ખરી ! કે રોજ બધા ભગવાનને પૂજા કરવીજ જોઇએ અને બધા ભગવાનને પૂજા કરીને પછીજ બહાર નીકળું એ વિચારણાથી પૂજા કરતાં કરતાં ઉપયોગ ક્રિયામાં સ્થિરતા પૂર્વકનો રહે છે ખરો ! મોટેભાગે એમાં ઉપયોગ રહેતો નથી. કારણ કે કેસરપૂજા કરતાં હોય અને બીજા ભગવાનને પક્ષાળ થતો હોય તો તે વખતે કેસરપૂજા કરતાં કરતાં હું પક્ષાળ કરવા જાઉં, પક્ષાળ કરવા જાઉં આવી વિચારણા રાખીને કેસરપૂજા કરતો હોય છે અને તે વખતે કેસરપૂજામાં પણ ઉતાવળ કરવાનું મનપણ થાય છે. આ રીતે ઉતાવળથી કરેલી કેસરપૂજામાં ઉપયોગ રહે ખરો ! અને એ ભગવાનને કેસર પૂજા કરીને તરતજ પક્ષાળ પૂજા કરવા માટે ઉતાવળથી જવાનું મન થાય છે અને પક્ષાળ પૂજા કરતાં કરતાં પણ જલ્દીથી પક્ષાળ કરીને બાકીના ભગવાનને

કેસરપૂજા કરવા જાઉં આ વિચારણા અંતરમાં ચાલ્યાજ કરે છે. હવે આમાં વિચાર કરો કે કોઇપણ ક્રિયા ઉપયોગ પૂર્વક બને છે એવું લાગે છે ખરું ! આ રીતે ક્રિયા કરતાં કરતાં આપણે ફળની પ્રાપ્તિ ઇચ્છીએ તો ફળ મળે ખરું ! વિચારણીય લાગતું નથી ! એવીજ રીતે પ્રતિક્રમણની ક્રિયા કરતાં હોઇએ તો એ ક્રિયામાં જે જે ક્રિયા વખતે જે જે સૂત્રો બોલાતા હોય ભલે એ સૂત્રો આવડતાં ન પણ હોય તો પણ ગણધર ભગવંતોએ રચેલા સુત્રો મને સાંભળવા મળે છે તો તે વખતે એ સૂત્રોના શબ્દો સાંભળવામાં ઉપયોગ રહે છે ખરો ! એ સુત્રોમાં ઉપયોગ રાખવાનો પ્રયત્ન કેટલો ! અને એ પ્રતિક્રમણની ક્રિયામાં સંસારના કોઇપણ અનુકૂળ પદાર્થોની વિચારણા પેદા થતી નથી ને ! તેમજ પ્રતિક્રમણ પછી જે કંઇ કામકાજ કરવાનું હોય કોઇને મળવાનું હોય અથવા વ્યવહારીક કોઇ કામકાજ હોય, ઘરનું કામકાજ હોય, ઓફીસનું કોઇપણ કામકાજ હોય તો તેના વિચારો તે વખતે આવતા નથી ને ! જો આજ રીતે એવીજ બધી અનુકૂળતાઓની વિચારણાઓ કરતા કરતાજ જીવનમાં ક્રિયાઓ થતી હોય તો એ ક્રિયાઓથી આપણને શું લાભ પેદા થવાનો ! આવી વિચારણાઓ રાખીને થતી ક્રિયા વિપરીત ઉપયોગવાળી ક્રિયાઓ કહેવાય છે. આ ક્રિયાઓથી લાભ પેદા થવાને બદલે આત્માને કેટલું બધું નુકશાન થાય છે એની કોઇ વિચારણા કરીએ છીએ ખરા ! કારણ કે જ્ઞાની ભગવંતો કહે છે કે આવી વિચારણાઓથી થતી ક્રિયાઓ નિયમા પાપાનુબંધી પુણ્ય બંધાવે છે, અકામ નિર્જરા કરાવે છે અને જન્મ મરણની પરંપરા વધારવામાં સહાયભૂત થાય છે. જે ક્રિયાઓ આત્મકલ્યાણ કરવામાં ઉપયોગી થવાને બદલે આત્મકલ્યાણમાં આગળ વધવામાં સહાયભૂત થનારી ક્રિયાઓ ઉપયોગ પૂર્વક કોઇપણ એકાદ ક્રિયા જીવનમાં થઇ જાય તો શાસ્ત્ર કહે છે તેનો લાભ એટલો બધો છે કે સકામ નિર્જરા થતાં થતાં પુણ્યાનુબંધી પુણ્ય બંધાતા બંધાતા કેટલાય ભવોની જન્મ મરણની પરંપરાનો નાશ કરી શકે છે. માટે જ જ્ઞાની ભગવંતો કહે છે કે દેવ, ગુરૂ, ધર્મની

આરાધનામાં ભલે ઓછો ટાઇમ હોય પણ એ જેટલો ટાઇમ હોય એટલા ટાઇમમાં ઉપયોગ પૂર્વક એકાગ્રતાથી એવી રીતે આરાધના કરવી છે કે જેના પ્રતાપે આત્મકલ્યાણમાં આગળ વધતા વધતા મોક્ષમાર્ગમાં દાખલ થઇ સુંદર રીતે આરાધના કરી ચિત્તની પ્રસન્નતાનો અનુભવ કરતાં કરતાં આત્મિક ગુણનો આનંદ સહજ રીતે પેદા થાય એ રીતેજ કરવી છે. એટલે જ જ્ઞાનીઓ કહે છે કે રોજ બધા ભગવાનની પૂજા કરવીજ જોઇએ એવો નિયમ નથી. જો બધા ભગવાનને ઉપયોગ પૂર્વક પૂજા કરવાનો ટાઇમ હોય અને ઉપયોગ પૂર્વક કરી શકાતી હોય તો તો બધા ભગવાનને અવશ્ય પૂજા કરવીજ જોઇએ. પણ એટલો ટાઇમ ન હોય અને થોડા ટાઇમમાં પૂજા કરીને બહાર નીકળવાનું હોય તો બધા ભગવાનને પૂજા કરવાનો આગ્રહ રાખવો જોઇએ નહિ. એકજ ભગવાનને ઉપયોગ પૂર્વક પૂજા કરીને એકાગ્રચિંતન પેદા કરી ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત કરીને આરાધના કરવાથી જે લાભ પેદા થાય છે એ લાભ બધા ભગવાનને થોડા ટાઇમમાં પૂજા કરવામાં પેદા થતો નથી. આ વાતની અંતરમાં બરોબર શ્રધ્ધા પેદા કરવીજ જોઇશે. તોજ ક્રિયાઓમાં સુધારો પેદા થતો જશે. જેમકે કુમારપાળ મહારાજા અઢાર દેશનો માલિક હોવાછતાંય રોજ મધ્યાન કાળે ભગવાનની અષ્ટપ્રકારી પૂજા કરતાં હતાં તેમાં પૂજાના સમયે રાજકારભારની કોઇપણ વિચારણા અંતરમાં પેદા કરતા નહોતા. એવીજ રીતે સંસારના કોઇપણ પાપ વ્યાપારની વિચારણા અંતરમાં પેદા ન થઇ જાય એની સતત કાળજી રાખીને ભગવાનની પૂજા કરતાં હતાં. એનાજ પ્રતાપે એ પૂજા કરતાં કરતાં જે આનંદ પેદા થતો હતો એ આનંદની એકાગ્રતા પ્રાપ્ત કરી કે એ એકાગ્રતા અને એના આનંદથી જન્મ મરણની પરંપરા રૂપે જેટલા ભવો બંધાયેલા હતા એ બધા ભવોનો નાશ કરી ત્રીજે ભવે મુક્તિ નક્કી કરી નાંખી એટલે કે કુમારપાળ રાજાનો પહેલો ભવ અત્યારે વર્તમાનનો વ્યંતર જાતિના દેવોનો ભવ અને ત્યાંથી ઉત્સરપિણીના કાળમાં પહેલા તીર્થંકર

પદ્મનાભ સ્વામી થશે એમના છેલ્લા અગ્યારમા ગણધર તરીકે ઉત્પન્ન થઈ સિધ્ધિ ગતિમાં જશે. આ ત્રણ ભવ નક્કી કરવામાં જો એમને સહાયભૂત થનારી કોઇપણ ક્રિયાઓ હોય તો જીવનમાં દેવ, ગુરૂ, ધર્મની આરાધના ઉપયોગ પૂર્વક જે રીતે કરી અને મનની એકાગ્રતા પ્રાપ્ત કરી એના પ્રતાપેજ ત્રીજે ભવે મુક્તિ નજીક બની શકી. એમનાજ ગુરુ કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંત હેમચંદ્રસૂરી મહારાજા એમના જેટલા મનોબળ વાળા હતા નહિ એના પ્રતાપે હજી એમનો આત્મા ચોથા દેવલોકે બીજા ભવ રૂપે બેઠેલા હશે ત્યાં સુધીમાં તો કુમારપાળ સિધ્ધિ ગતિમાં પહોંચી જશે. અને ગુરુ ભગવંતે પણ કુમારપાળને કહેલું કે કુમારપાળ તારા જેટલું મજબુત મનોબળ મારું નથી. તું જે રીતે મનની મનોબળતાથી મનની એકાગ્રતાથી, મનની મક્કમતાથી આરાધના કરી રહેલો છે એ રીતે હું આરાધના કરી શકતો નથી. આથી જૈનશાસનમાં ઉપયોગ પૂર્વક કરેલી આરાધના જીવોને કેટલો લાભ પેદા કરાવીને, કેટલાય જન્મ મરણની પરંપરાનો નાશ કરી થોડાકાળમાં સંપૂર્ણ સુખનો ભોક્તા જીવને બનાવ્યા વગર રહેતો નથી. આ બધું જાણ્યા પછી, સમજ્યા પછી જીવનમાં જે કંઇ આપણે આરાધનાઓ કરીએ છીએ એ આરાધના પણ જીવનમાં ઉપયોગ પૂર્વક થાય એ રીતેજ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ.

મહાપુરુષો કહે છે કે સંસારની કોઇપણ પ્રવૃત્તિ કરતાં કરતાં પણ જો ઉપયોગ પૂર્વક એક પ્રવૃત્તિ કરવામાં આવે તો એમાં પણ લાભ વિશેષ છે અને આત્માને નુકશાન ઓછું થાય છે. એટલે કે ઉપયોગ પૂર્વક સંસારની પ્રવૃત્તિ કરતાં કરતાં ઘણા પાપોથી બચી શકાય છે અને કદાચ જીવનમાં પાપ થતા હોય તો તે વખતે આ પાપ કરું છું, ન થાય એવું કાર્ય કરું છું ક્યારે આવા પાપ કરવાના બંધ થાય આવી વિચારણા અંતરમાં પેદા કરતાં કરતાં કદાચ જીવનમાં પાપ કરવું પડે અને કરે તો એ પાપ કરતાં આયુષ્યનો બંધ પડે તો મનુષ્યનું આયુષ્ય કે દેવનુ આયુષ્ય

નિયમા બંધાય છે અર્થાત્ બાંધી શકે છે. જ્ઞાનીઓ કહે છે કે સાતમી નારકીમાં જવા લાયક પાપની પ્રવૃત્તિઓ પણ ઉપયોગ પૂર્વક જો કરતાં હોય, ન કરવા લાયક માનીને કરવી પડતી હોય અને કરતા હોય તો પણ એ પાપની પ્રવૃત્તિથી નરકગતિ બંધાતી નથી. એ પાપની ક્રિયાથી પણ મનુષ્યગતિ અને દેવગતિનો બંધ જીવો કરી શકે છે અને એકવાર જીવનમાં એવી તાકાત પેદા થાય છે કે એને પાપ છોડીને એટલે પાપનો નાશ કરીને સર્વપાપ રહિત જીવન જીવવાની તાકાત સહજ રીતે પેદા થાય છે. એટલે કે આ જન્મમાં સાધુપણું લીધા વગર મરવું જ નથી આવો સંકલ્પ અંતરમાં ભાવના રુપે પેદા થતા અને એ પ્રમાણે સંકલ્પ રાખીને પાપની પ્રવૃત્તિ કરતાં કરતાં છેલ્લે છેલ્લે પાપ રહિત થઇને સાધુપણામાંજ મરણ પ્રાપ્ત થાય એવી શક્તિ પેદા થાય છે. આ ઉપયોગ પૂર્વક કરાતી ક્રિયાથી કેટલો લાભ થાય છે એ આના ઉપરથી વિચારણીય છે.

આ રીતે ઉપયોગ પૂર્વક જીવનમાં ક્રિયા કરવામાં આવે તો શ્રી વીતરાગ દેવ તથા નિર્ગ્રંથ ગુરૂદેવને ઓળખાણ પેદા થતી જાય છે. અને જેમ જેમ અંતરમાં ઓળખાણ વધતી જાય તેમ તેમ એમના પ્રત્યે જે સદભાવ જાગે એ સદભાવ અપૂર્વજ હોય છે. જેમ જેમ એ તારકોનો પરિચય વધતો જાય સહવાસ વધતો જાય તેમ તેમ આત્મામાં અપૂર્વ ઉત્સાહ, અપૂર્વ પ્રેમ અને અપૂર્વ સદભાવ પેદા થતો જ જાય આથીજ પંડિતવર્ય શ્રી પદ્મવિજય મહારાજ શ્રી ઋષભદેવ સ્વામિના સ્તવનમાં કહે છે કે-

જિન ઉત્તમ ગુણ ગાવતાં ગુણ આવે નિજ અંગ

એટલે કે ઉત્તમના ગુણો ગાતા ગાતા એ ગુણો પોતાના આત્મામાં પેદા થયા વગર રહેતા નથી. માટે જ જ્ઞાની ભગવંતો કહે છે કે તત્વને જાણી અને અમલ કરે તે તો આરાધક છે. અને તત્વને જાણી પણ કરે નહિ એટલે કરી શકતો ન હોય, કરવા સમર્થ ન હોય તે પણ જો કરવાની ભાવનાવાળો હોય તો પણ આરાધક કહેવાય છે.

તમે બધા વ્રતધારી નથી બનતા તે બની શકાતું નથી માટે કે બનવાની ઇચ્છા નથી માટે ઉપયોગ પૂર્વક ક્રિયા કરતાં કરતાં જો વિચારણા કરીએ તો પરિણામ સુધરવાજ જોઇએ. કદાચ પરિણામ ન સુધરે તો ક્રિયાનો અભ્યાસ પણ કરવાનું જ્ઞાની ભગવંતોએ કહેલું છે. જેમકે શ્રી કૃષ્ણ મહારાજને ભગવાન શ્રી નેમનાથ સ્વામીએ કહ્યું હતું કે તમારે અવિરતિનો ઘોર ઉદય છે તો પણ એકાદશીનું વ્રત અભ્યાસ માટે શ્રી કૃષ્ણ મહારાજાએ કર્યું હતું ને ! તમને અવિરતિની છાપ તો કોઇ મહાપુરુષે આપેલી નથી ને ! ત્રિકાળ પૂજા, વ્યાખ્યાન શ્રવણ ધાર્મિક અભ્યાસ અને ઉભયટંક આવશ્યક વગેરે તમે કરી શકો કે નહિ ? હા, તો કેમ નથી કરતા ? કરવું નથી માટે ને ? એની પ્રેરણા કરે એવું કોઇ છે ? એવું સાધન રાખો તો ધીરે ધીરે પણ ઠેકાણે આવશે. સારા પરિણામ ટકવા કઠીન છે માટે તો સારા પરિણામ ટકે તેવા સંજોગોને રોજ સેવવા જોઇએ. વારંવાર સેવવા જોઇએ, બહુમાન પૂર્વક સેવવા જોઇએ જો પરિણામ એમને એમ આવતા હોત અને ટકતા હોત તો રોજ આ સંભળાવવાની મહેનત શું કામ ? સારા પરિણામ સારા સંજોગોના સતત સેવન સિવાય ટકે શી રીતે ? સારા પરિણામ એમને એમ કાયમ ટકે તો જોઇએ શું ? અર્થાત્ નજ ટકે. આથી એને ટકાવવા સારી સામગ્રી પાસે રાખવીજ જોઇએ.

તમે ક્રિયા કરી નથી શકતા કે કરતા નથી ? એમને એમ ન કહી દેતા કે અમે નથી કરી શકતા કારણ કે છતી શક્તિએ ન કરો અને છતા એ વાતને છુપાવો તેમાં કાંઇ કલ્યાણ થવાનું નથી. તમારા અંતર આત્મા પાસે જવાબ માંગો કે તમે કરતાં નથી કે કરી શકતાં નથી. આ રીતે રોજ વિચારણા કરતાં રહીએ તોજ જીવનમાં સગવડતા મુજબ દેવ, ગુરૂ અને ધર્મની શુભ ક્રિયાઓ થોડીઘણી પણ જે થાય છે તે ઉપયોગ રહિત થઇ રહેલી છે તે દૂર થતાં થતાં ઉપયોગ પૂર્વક એ ક્રિયાઓ ચાલુ થશે. માટે જ્ઞાની ભગવંતોએ જીવનાલક્ષણ રૂપે ઉપયોગનું

મહત્વ ખૂબ આપેલું છે. અનુયોગદ્વાર સૂત્રને વિષે કહ્યું છે કે ઉપયોગ રહિત કરાતી ક્રિયાઓ કોઇ ફળ પેદા કરવામાં સહાયભૂત થતી નથી. ઉપયોગ પૂર્વકની નાનામાં નાની ક્રિયા થોડાકાળ માટેની પણ હોય તો તે મહાલાભને પેદા કરવામાં સહાયભૂત થાય છે અર્થાત્ મહાલાભને પ્રાપ્ત કરાવે છે.

અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો મિથ્યાત્વ અવિરતિના યોગને વિષે ઉપયોગ રાખીને પોતાનું જીવન જીવી રહેલા હોય છે. એ જીવન જીવતાં એ ઉપયોગ વિપરિત બોધ રૂપે પેદા થતો જાય છે અને એ વિપરીત બોધથી જગતમાં રહેલા પદાર્થો જેવા સ્વરૂપે છે એનાથી વિપરીત સ્વરૂપ રુપે જ્ઞાન પ્રાપ્ત કરીને એ પદાર્થો પ્રત્યે મારાપણાની બુધ્ધિ પેદા કરીને જીવો પોતાના હાથેજ પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. આ રીતે સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં દુઃખને વેઠતાં વેઠતાં અકામ નિર્જરા કરીને પુણ્ય ભેગું કરતાં કરતાં જ્યારે અનંતુ પુણ્ય ભેગું થાય ત્યારે ધર્મસામગ્રી સંપન્ન મનુષ્યજન્મને જીવ પ્રાપ્ત કરે છે. એ મનુષ્યજન્મને પામીને પણ વિપરીત બોધ રૂપેજ જ્ઞાનનો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત કરી એજ પ્રમાણે પ્રયત્ન કરતો જાય તો ધર્મસામગ્રી સંપન્ન મનુષ્યજન્મને ગુમાવીને પાછો સંસારની રખડપટ્ટીમાં ચાલ્યો જાય છે. એ મનુષ્યજન્મને પામ્યા પછી વિપરીત બોધ રૂપે રહેલા જ્ઞાનને ઓળખીને પુરુષાર્થ કરતાં કરતાં યથાર્થ બોધરૂપે જ્ઞાનને પ્રાપ્ત કરતો જાય ત્યારે એનો ઉપયોગ સમ્યગ ઉપયોગ રૂપે કામ કરતો થાય છે. એટલે કે આંશિક સમ્યગ ઉપયોગ રૂપે ઉપયોગ પ્રાપ્ત થતો જાય એટલે જગતના રહેલા પદાર્થો જેવા સ્વરૂપે છે એવા સ્વરૂપે આંશિક ઓળખાતા જાય છે. એટલે કે એ પદાર્થોના મારાપણાની બુધ્ધિથીજ હું મારા આત્માને દુઃખી કરી રહેલો છું હવે મારા આત્માને દુઃખી ન કરવો હોય તો એ પદાર્થો મારા નથી, મારા પદાર્થો રૂપે તો અનંતજ્ઞાન, અનંત દર્શન, ઇત્યાદિ પદાર્થો એ મારા છે. જ્યારે દુનિયાના જે કોઇ પદાર્થો

એનો જે હું ઉપયોગ કરુ છું એ તો મારાથી પર છે આવી બુધ્ધિ પેદા આંશિક રૂપે થતી જાય છે. અને આ બુધ્ધિની જેટલી સ્થિરતા પ્રાપ્ત થતી જાય અને લાંબાકાળ સુધી આ બુધ્ધિ ટકી રહે તોજ એનો આંશિક સમ્યગ ઉપયોગ લાંબાકાળ સુધી ટકતા ટકતા અસમ્યગ ઉપયોગને નાશ કરી સમ્યગ ઉપયોગની સુખની અનુભૂતિ પેદા કરાવતાં જન્મ મરણની પરંપરા નાશ કરતી જાય છે. આજ ઉપયોગ પહેલા ગુણસ્થાનકથી જીવોને ગુણપ્રાપ્તિમાં સહાયભૂત થતો જાય છે. એ સહાયભૂત ત્યારેજ ગણાય છે કે અનુકૂળ પદાર્થોના ગાઢ રાગને અનેપ્રતિકૂળ પદાર્થોના ગાઢ દ્વેષને ઓળખાણ પેદા કરાવી એકાંતે આત્માને દુઃખ આપનારી ચીજ એજ છે આવી વિચારણા પેદા કરાવીને જીવને અનુકૂળ પદાર્થોના ગાઢ રાગથી બચાવીને અનેપ્રતિકૂળ પદાર્થોના ગાઢ દ્વેષથી બચાવીને મિથ્યાત્વની મંદતા કરતાં કરતાં આત્મિક ગુણને પેદા કરવામાં એ ઉપયોગ સહાયભૂત થતાં જીવ કર્મોની નિર્જરા કરતો કરતો જન્મ મરણની પરંપરાનો નાશ કરતો કરતો અશુભ કર્મો ચાર ઠાણીયા રસે તીવ્રરસે બાંધેલા છે એને મંદરસે કરતો કરતો અને શુભકર્મો મંદરસે બાંધેલા છે એને તીવ્રરસવાળા કરતો કરતો ઉપયોગની સ્થિરતાને પ્રાપ્ત કરી સમ્યગજ્ઞાનને પ્રાપ્ત કરતો કરતો ગુણની પ્રાપ્તિમાં આગળ વધતો જાય છે. માટે ધર્મની પ્રવૃત્તિમાં ક્રિયા કરતાં કરતાં પ્રવેશ કરવો હોય તો જીવોને અહીંથીજ પ્રવેશ શરુ થાય છે. જેમ દુનિયાના વ્યવહારમાં પણ કહેવાય છે કે મોતી એકવાર વીંધાયા પછી એ ગમે તેટલા કચરામાં પડેલું હોય ને એમાં ગમે તેટલો કચરો ભરાયેલો હોય તો પણ એને ફરીથી વીંધવાની જરૂર રહેતી નથી એમ એકવાર ગ્રંથીભેદ કર્યા પછી જીવ સંસારમાં ગમે તેટલું રખડતો હોય, ગમે તેવા તીવ્ર પાપ કરતો હોય તો પણ એ જીવને ફરીથી ગ્રંથીભેદ કરવાની જરૂર રહેતી નથી. જેમ મોતીમાંથી કચરો દૂર કરવાનો પ્રયત્ન કરવો પડે એમ અહીં પણ ગ્રંથીભેદ કરેલા જીવોને જે કચરો ભરાઇ ગયેલો હોય એને દૂર કરવાનો પ્રયત્ન કરવો

પડે. જેમકે શ્રવણ ભગવાન મહાવીર મહારાજાના આત્માએ નૈસારના ભવમાં સમકિતની પ્રાપ્તિ કર્યા પછી મરીચિના ભવમાં સમકિતને ખોઇ નાખ્યું અને નીચગોત્ર તીવ્રરસે બાંધ્યુ પાછુ નિકાચીત કર્યું કે જે છેક સત્તાવીશમા ભવ સુધી છેલ્લે એને ભોગવવું પડ્યું. એવીજ રીતે અહીંપણ ધર્મ છે અને ત્યાં પણ ધર્મ છે એમ ત્રિદંડી વેશને ગ્રહણ કર્યા પછી એ વાક્ય બોલતાં સમકિત ગુમાવી બાર બાર ભવ સુધી સમ્યક્ત્વના દર્શન પણ ન થયા, વીતરાગ દેવોના પણ દર્શન ન થયા, નિર્ગ્રંથ ગુરુના પણ દર્શન ન થયા અને ત્રિદંડીના વેશને પામીને સંસારમાં બાર ભવ સુધીનો કાળ પસાર કર્યો તો પણ સમકિતની પ્રાપ્તિ થઇ શકી નહિ. ફરીથી જ્યારે વિશ્વભૂતિના ભવમાં સમકિતની પ્રાપ્તિ કરી ત્યારે એમને ગ્રંથીભેદ કરવાની જરૂર રહી નહિ કારણ કે નેસારના ભવમાં સમકિત પામતા ગ્રંથીભેદ કરેલો છે. એમ જે જે જીવો સમકિતની પ્રાપ્તિ કરે એ ગ્રંથીભેદ કર્યા પછી કોઇ મિથ્યાત્વ નિકાચીત રૂપે ઉદયમાં આવે અને સમકિતથી પડીને ઘણા કાળ સુધી મિથ્યાત્વમાં રહે અને ફરીથી સમકિત પામતા હોય તો એને હવે ગ્રંથીભેદ કરવાનો રહેતો નથી. માત્ર એને પુરુષાર્થ કરીને અસમ્યગ ઉપયોગને સમ્યગ ઉપયોગ રૂપે બનાવવાનો હોય છે. આ રીતે જીવને ઉપયોગ લક્ષણ અસમ્યગ રૂપે અને સમ્યગ રૂપે કઇ રીતે કામ કરીને સંસારની વૃદ્ધિમાં સહાયભૂત અને સંસારના નાશમાં સહાયભૂત કેવી રીતે થાય છે એ જાણ્યું. આ જીવનું ઉપયોગ લક્ષણ કહેવાય છે.

આ રીતે નવતત્વ પ્રકરણને વિષે જીવના છ લક્ષણો કહેલા છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ. આમ તો જીવોના અનંતા લક્ષણો હોય છે. તો પણ અહીં જીવતત્વને જાણવા માટે મહાપુરૂષોએ આ છ લક્ષણો જણાવીને જીવતત્વની ઓળખાણ કરાવેલી છે.

જીવતત્વ સંપૂર્ણ

અજીવ તત્વ

અજીવતત્વના ચૌદ ભેદ હોય છે. એમાં ધર્માસ્તિકાયના ત્રણ. ૧. સ્કંધ, ૨. દેશ, ૩. પ્રદેશ. અધર્માસ્તિકાયના ત્રણ ભેદ. ૧. સ્કંધ, ૨. દેશ, ૩. પ્રદેશ. આકાશાસ્તિકાયના ત્રણ ભેદ. ૧. સ્કંધ, ૨. દેશ, ૩. પ્રદેશ. પુદ્ગલાસ્તિકાયના ચાર ભેદ. ૧. સ્કંધ, ૨. દેશ, ૩. પ્રદેશ, ૪. પરમાણુ. અને ચૌદમો ભેદ કાળદ્રવ્ય. આ રીતે ચૌદ ભેદ જૈનશાસનમાં કહેલા છે.

અલોકના ગોળાને વિષે બરોબર મધ્ય ભાગમાં બે પગ પહોળા કરીને કેડે હાથ દઇને ઉભેલા મનુષ્યની આકૃતિની જેમ ચૌદરાજલોક આવેલો છે. કે જે ઉંચાઇમાં ચૌદ રાજલોકરૂપે હોય છે, નીચે પગ પહોળા કરેલા હોવાથી સાતરાજ પહોળો હોય છે. કેડ સુધીના ભાગમાં આવતા ક્રમસર એક એક રાજયોજન ઓછા થતાં થતાં કેડના ભાગમાં એકરાજ યોજન પહોળો હોય છે. ત્યાર પછી ક્રમસર ઉંચે ચઢતા ચઢતા વચમાં કોણીનો ભાગ આવતા એ કોણીના ભાગમાં પાંચ રાજ પહોળાઇ હોય છે. અને કોણીના ભાગથી ઉપરના ભાગે જતા ક્રમસર ઓછું થતું થતું મસ્તક સુધીના ભાગમાં એટલે કે મસ્તકના ભાગે એક રાજ યોજન પહોળાઇ હોય છે. આ રીતે ચૌદરાજલોકની આકૃતિ જૈનશાસને માનેલી છે. આજ ચૌદરાજલોકને વિષે પાંચ અસ્તિકાય દ્રવ્યો રહેલા હોય છે. ૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય, ૩. આકાશાસ્તિકાય જેને લોકાકાસ્તિકાય કહેવાય છે. ૪. જીવાસ્તિકાય, ૫. પુદ્ગલાસ્તિકાય. આ પાંચ દ્રવ્યોમાંથી એક જીવાસ્તિકાયને બાદ કરીને બાકીના ચાર દ્રવ્યો અજીવ રૂપે ગણાય છે. અને છઠ્ઠુ કાલદ્રવ્ય માત્ર મનુષ્યલોકને વિષેજ હોય છે. એટલે કે અઢીદ્વીપમાં અથવા સમયક્ષેત્રને વિષે એ કાળ દ્રવ્ય રહેલું હોય છે.

ધર્માસ્તિકાય દ્રવ્યનું વર્ણન

ધર્માસ્તિકાય દ્રવ્ય એકજ હોય છે. ચૌદરાજલોકની જેમ એની અવગાહના રહેલી હોય છે. એટલે કે ચૌદે રાજલોક જે આકૃતિ રૂપે રહેલો છે એજ આકૃતિ રૂપે ધર્માસ્તિકાયના પ્રદેશો રહેલા છે. અને આખુ દ્રવ્ય સ્કંધ રૂપે સદા માટે રહેલું છે. આ ધર્માસ્તિકાય અરૂપી છે. એટલે કે રૂપી દ્રવ્ય ન હોવાથી આંખેથી જોઇ શકાતું નથી પણ આ દ્રવ્યની સહાયથી ચૌદરાજલોક જગતને વિષે જીવ અને પુદ્‌ગલો ગતિ કરી શકે છે. એટલે કે ગતિ કરવામાં સહાયભૂત આ ધર્માસ્તિકાય દ્રવ્ય કામ કરી રહેલું હોય છે. એક સ્થાનેથી બીજે સ્થાને જતા જીવો તેમજ એક સ્થાનેથી બીજે સ્થાને જતા પુદ્‌ગલો એને જવામાં આ ધર્માસ્તિકાય દ્રવ્ય સહાયભૂત થતું હોય છે. જેમ જીવની ગતિ એક સમયમાં ચૌદરાજલોક સુધી જવાની છે એવીજ રીતે પુદ્‌ગલની પણ એક સમયમાં ચૌદરાજલોક સુધી જવાની શક્તિ હોય છે. જેમકે સાતમી નારકીની નીચેની પૃથ્વીમાં રહેલા પૃથ્વીકાયાદિ જીવો ઉર્ધ્વલોકમાં સિધ્ધના જીવો જ્યાં રહેલા છે ત્યાં ઉત્પન્ન થવા માટેનું આયુષ્ય બાંધીને સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ રૂપે ઉત્પન્ન થાય અથવા બાદર વાઉકાય રૂપે ઉત્પન્ન થવાના હોય તો સાતમી નારકીથી નીકળીને એક સમયમાં સિધ્ધના જીવની સાથેની અવગાહનામાં પહોંચી શકે છે. એવીજ રીતે સાતમી નારકીના નીચેના ભાગમાં રહેલા અચેતન પુદ્‌ગલો એક સમયમાં ઉર્ધ્વલોકમાં સિધ્ધના જીવની સાથે ઉત્પન્ન પણ થઇ શકે છે. એટલે કે પહોંચી શકે છે. આ ધર્માસ્તિકાય દ્રવ્ય જગતને વિષે રહેલું ન હોય તો જીવ અને પુદ્‌ગલો ગતિ કરી શકતા નથી. અને જો કોઇ પુદ્‌ગલ નાખવામાં આવે અથવા કોઇ જીવને ઉછાળવામાં આવે તો એ ઉર્ધ્વલોકમાં જતો જતો ઠેઠ લોકની બહાર પણ નીકળી શકે છે. પણ લોકની બહાર ધર્માસ્તિકાય દ્રવ્ય ન હોવાથી ત્યાં એ પુદ્‌ગલ અથવા જીવ જઇ શકતો નથી. એ ધર્માસ્તિકાય લોકના છેડા સુધી રહેલું હોવાથી

ત્યાં સુધીજ જીવોને-પુદ્‌ગલને ગતિ કરવામાં સહાયભૂત થતું જાય છે. આ ધર્માસ્તિકાયના ત્રણ ભેદ કહેલા છે. ૧. સ્કંધ. ધર્માસ્તિકાય આખું દ્રવ્ય જે રહેલું છે એ આખા દ્રવ્યને સ્કંધ રૂપે કહેવાય છે. અને એ સ્કંધ રૂપે રહેલું દ્રવ્ય બીજા કોઇપણ દ્રવ્યમાં ભળી શકતું નથી. સ્વતંત્ર રૂપે એના પોતાના પ્રદેશો રહેલા હોય છે. એને સ્કંધ કહેવાય છે. આ સ્કંધ રૂપે રહેલો ધર્માસ્તિકાય એનો કોઇપણ ભાગ કલ્પવામાં આવે એટલે કે એમાંથી છુટો કર્યા વગર કોઇપણ ભાગની કલ્પના કરવામાં આવે અને એ કલ્પનાવાળા ભાગમાં વિચારણા કરવામાં આવે તો એ ધર્માસ્તિકાયના ભાગને દેશ કહેવાય છે. જેમકે સ્કંધ રૂપે રહેલો ધર્માસ્તિકાય ચૌદરાજલોકની આકૃતિ રૂપે રહેલો છે. એમાંથી અધોલોક રૂપે સાત નારકીઓ જે રહેલી છે તેમાંની કોઇપણ એક નારકીનો ભાગ કલ્પીને ધર્માસ્તિકાયના દેશરૂપે કલ્પના કરીને એમાં રહેલા જે જે દ્રવ્યો હોય એની વિચારણા કરવી હોય તો વિચારણા કરવામાં એ કલ્પના રૂપે એ ભાગ ઉપયોગી થાય છે. એ ધર્માસ્તિકાયનો દેશ રૂપે બીજો ભેદ ગણાય છે. જેમકે સાતમી નારકીના સાત રાજ પહોળા અને એક રાજ ઉંચા એવા ધર્માસ્તિકાયના સ્કંધમાંથી એક દેશ રૂપે ટુકડાની કલ્પના કરીએ તો એ ટુકડામાં પદ્‌૩ જીવભેદમાંથી કેટલા જીવો હોઇ શકે છે એની પણ વિચારણા કરી શકાય. તો એ વિચારણા રૂપે સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ પાંચ પર્યાપ્તાને પાંચ અપર્યાપ્તા એમ દશ ભેદ હોય છે. બાદર વાઉકાય પર્યાપ્તાને અપર્યાપ્તા એ બે ભેદ. બાદર પૃથ્વીકાય પર્યાપ્તા અને અપર્યાપ્તા એ બે ભેદ. બાદર અપ્‌કાય પર્યાપ્તા અને અપર્યાપ્તા એ બે ભેદ. અને જ્યાં પાણી હોય ત્યાં અવશ્ય વનસ્પતિ રહેલી હોય છે માટે બાદર સાધારણ વનસ્પતિકાય જીવોના બે ભેદ એમ એકેન્દ્રિયના ૧૮ ભેદો થાય છે. તથા સાતમી નારકીના પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે ભેદ સાથે ગણતાં કુલ ૨૦ ભેદો થાય છે. આ રીતે ધર્માસ્તિકાયનો એક એક દેશ પૃથ્વીકાય રૂપે ગણતરી કરતાં કરતાં એની અંદર રહેલા જીવો કેટલા હોય છે. એની

વિચારણા કરી શકાય છે. આને ધર્માસ્તિકાયનો દેશ કહેવાય છે. એવીજ રીતે ધર્માસ્તિકાયનો ત્રીજો ભેદ એ સ્કંધમાંથી પ્રદેશને જુદો પાડ્યા વગર એ પ્રદેશ ઉપર કેટલા જીવો રહેલા છે એની વિચારણા પણ કરી શકાય છે. જેમકે સાતમી નારકીના પૃથ્વીકાયના ખૂણાના ભાગમાં ધર્માસ્તિકાયનો સ્કંધથી જુદા પાડ્યા વગર એક પ્રદેશની કલ્પના કરીને વિચારણા કરીએ તો એ પ્રદેશ ઉપર કેટલા જીવો રહેલા છે તો એની વિચારણામાં સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ પાંચ, અપર્યાપ્તા અને પાંચ પર્યાપ્તા એ દશ ભેદ હોય છે. તેમજ બાદર અપર્યાપ્તા વાઉકાય અને બાદર પર્યાપ્તા વાઉકાય એમ બે ભેદ સાથે બાર ભેદ હોય છે. એવી રીતે જીવના ચૌદ ભેદમાંથી એકેન્દ્રિયના ચાર ભેદો રહેલા હોય છે. આ રીતે ચૌદરાજલોકના દરેક ધર્માસ્તિકાયના એક એક પ્રદેશ ઉપર એક પ્રદેશની કલ્પનાઓ કરીને એમાં જીવો કેટલા કેટલા પ્રકારના ક્યાં ક્યાં રહેલા હોય છે એની વિચારણા કરતાં કરતાં એ ધર્માસ્તિકાયના પ્રદેશ ઉપર અત્યાર સુધીમાં કેટલા કાળ સુધી જન્મ મરણ કરીને એ પ્રદેશને મેં કેટલા કાળ સુધી ભોગવ્યા અને હજી પણ સાવધ નહી રહું તો કેટલા કાળ સુધી એ પ્રદેશોને ભોગવવા પડશે એની વિચારણા ધર્માસ્તિકાયના પ્રદેશ રૂપે રહેલા ઝીણામાં ઝીણા અંશમાં કે જેના કેવળી ભગવંતો પણ એકના બે ભાગ કરી શકતા નથી એવા પ્રદેશને ભોગવવા યોગ્ય બનાવીએ છીએ અને કેટલા કાળ સુધી હજી ભોગવવા માટે બનાવીશું એની વિચારણા કરવામાં આ ધર્માસ્તિકાયના પ્રદેશ જીવોને ઉપયોગી થઇ શકે છે. આ રીતે ધર્માસ્તિકાયના સ્કંધ, દેશ અને પ્રદેશ રૂપે ત્રણ ભેદ જ્ઞાની ભગવંતોએ કહેલા છે.

અધર્માસ્તિકાયનું વર્ણન

ધર્માસ્તિકાયની જેમ આ અધર્માસ્તિકાય દ્રવ્ય પણ જગતને વિષે એકજ છે. અને લોકને વિષે જીવ અને પુદ્‌ગલોને સ્થિર રહેવામાં

સહાયભૂત થાય છે. આ દ્રવ્યના પણ ત્રણ ભેદ હોય છે. પહેલું અધર્માસ્તિકાય સ્કંધ, બીજું અધર્માસ્તિકાય દેશ અને ત્રીજું અધર્માસ્તિકાય પ્રદેશ. આ અધર્માસ્તિકાય દ્રવ્યની ચૌદે રાજલોક વ્યાપી અવગાહના રહેલી હોય છે. આ એકજ દ્રવ્ય છે અને સ્વતંત્ર રૂપે આ દ્રવ્ય રહેલું છે એના અસંખ્યાતા પ્રદેશો હોય છે. એ સ્કંધના દેશ અને પ્રદેશ કલ્પના કરી કરીને એમાં ધર્માસ્તિકાયની જેમ જીવની અને પુદ્‌ગલોની વિચારણા કરતાં કરતાં આત્મા કયા કયા દેશના ભાગ ઉપર અને પ્રદેશના ભાગ ઉપર રહીને કેટલા કેટલા પુદ્‌ગલોને ગ્રહણ કરીને એ પુદ્‌ગલોનો ભોગવટો કર્યો એની વિચારણા કરવામાં આ દ્રવ્ય પણ ઉપયોગી થઇ શકે છે. આ દ્રવ્ય પણ અરૂપી છે માટે આંખેથી જોઇ શકાતું નથી. જો કદાચ કોઇવાર સૂક્ષ્મ રીતે જોવાની વિચારણા કરીએ તો આગળના ભાગમાં એટલે કે આગળના કાળમાં નળીયા વાળા મકાનો હતા એ નળીયાના કાણામાંથી સૂર્યના કિરણો ઘરમાં પડતા હોય તો એ કિરણોને જોતાં પુદ્‌ગલોની એક આખી સળંગ લાઇન દેખાય છે. એ લાઇનમાં પુદ્‌ગલો કેટલીકવાર ઉભા રહે છે પાછા ચાલે છે, પાછા થોડીક વાર ઉભા રહે છે પાછા ચાલે છે આ રીતે પુદ્‌ગલોને ઉભા રહેવામાં સહાયભૂત અધર્માસ્તિકાય કામ કરે છે. અને એ પુદ્‌ગલોને ચાલવામાં સહાયભૂત ધર્માસ્તિકાય પણ કામ કરે છે. એ પુદ્‌ગલોને હાથની મુઠ્ઠીમાં પકડવા જઇએ તો એ પુદ્‌ગલો પકડી શકાતા નથી. જોઇ શકાય છે પણ પકડીને હાથમાં લઇ શકાતા નથી. કારણ કે હાથમાં આવતા પુદ્‌ગલો સ્થુલ હોય છે માટે સ્થુલ પુદ્‌ગલોને પકડી શકે છે. જ્યારે આ પુદ્‌ગલો હાથ કરતાં પણ અતિ સૂક્ષ્મ હોવાથી એને પકડી શકાતા નથી. પણ એનું હલન ચલન આંખેથી જોઇ શકાય છે. એ પુદ્‌ગલો આંખેથી દેખાતા હોવાથી બાદર પુદ્‌ગલ રૂપે રહેલા છે.

આ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના સ્કંધ, દેશ અને પ્રદેશોને અત્યાર સુધીમાં મરણથી ભોગવી ભોગવીને આપણે એને છોડેલા

છે. એટલે કે કોઇ એવો પ્રદેશ ધર્માસ્તિકાય આદિનો બાકી નથી કે જીવે જેનો ભોગવટો કરેલો ન હોય. કારણ કે ચૌદે રાજલોકના દરેક આકાશ પ્રદેશ ઉપર જીવ મરણ પામેલો છે. અને જ્યાં સુધી મરણથી સ્પર્શ કરીને ક્રમસર સંપૂર્ણ ભોગવટો દરેક પ્રદેશોનો પૂર્ણ ન કરે ત્યાં સુધી એનો કાળ ગણતરીમાં ગણાતો નથી. એટલે કે એક પુદ્‌ગલ પરાવર્ત કાળ જીવનો ત્યારેજ ગણાય છે કે લોકાકાસ્તિકાયના દરેક આકાશ પ્રદેશોને ક્રમસર મરણથી સ્પર્શ કરીને જીવ છોડે અને સંપૂર્ણ રીતે લોકાકાશને એ રીતે પૂર્ણ કરે ત્યારે એ પુદ્‌ગલ પરાવર્ત કાળ થાય છે. આવા અનંતા કાળ પુદ્‌ગલ પરાવર્તના પસાર થયા. એ સંસ્કાર આપણા અંતરમાં મજબૂત રહેલો હોવાથી જ્યાં જ્યાં જે જે આકાશ પ્રદેશ ઉપર આપણે ઉત્પન્ન થયા ત્યાં ત્યાં નવા નવા પુદ્‌ગલોને ગ્રહણ કરી શરીર રૂપે પરિણમાવી એ શરીરનું મમત્વ કરી કરીને એ પુદ્‌ગલોને છોડી છોડીને સંસારમાં પરિભ્રમણ કરી રહેલા છીએ. છતાં પણ હજી એમાંથી મન આપણું જરાય છટકતું નથી. કેટલીક વાર મન વગર પણ ઘણીપ્રવૃત્તિ જીવનમાં થતી હોય છે જેમકે સ્કુટર ચલાવતો હોય ગાડી ચલાવતો હોય તો તે વખતે રોડ ઉપર ગાડીને સ્કુટર પોતાની સ્પીડ મુજબ દોડતું હોય છે તો પણ મંજીભઇ (મન) એમાં પરોવાયેલું હોતું નથી. મનમાં તો પૈસાની લેવડદેવડના વિચારો, ઉઘરાણીનાવિચારો, ક્યાંથી વ્યાજના કેટલા પૈસા લાવવાના છે કઇ તારીખે પાકે છે ઇત્યાદિ પૈસાના મમત્વના જ વિચારો મોટેભાગે ગાડી અને સ્કુટર ચલાવતા રહેતા હોય છે. અથવા જે અનુકૂળ પદાર્થોની પ્રવૃત્તિમાં જીવને રસ રહેલો હોય તે પ્રવૃત્તિના જ વિચારો એને તે વખતે મનમાં અને મનમાં ચાલતા હોય છે. માટે જ્ઞાની ભગવંતો કહે છે કે જીવ ગમે તેટલા પૈસાનું દાન દે કરોડો રૂપિયાનું દાન દે તો પણ પૈસાનું મમત્વ તોડવું એ તૂટી શકતું નથી. અરે એ મમત્વ તોડવાનું મન પણ પેદા થતું નથી. જેની પાસે અધિક કરોડો રૂપિયા રહેલા હોય એ કરોડ બે કરોડ, પાંચ કરોડ ખર્ચે એમાં આશ્ચર્ય જેવું શું છે ! એતો ખાલી માત્ર પુણ્યબંધ

કરાવવાનું કારણ છે. જેટલા કરોડો રૂપિયા ખર્ચે એના સિવાયના બાકીના પોતાની પાસે જેટલા કરોડો કે અબજો રૂપિયા રહેલા હોય એનું મમત્વ તોડવાની ઇચ્છા અંતરથી પેદા થાય છે ખરી ! માટે જ્ઞાનીઓ કહે છે કે દાન દેવું જેટલું સહેલું છે એટલું દાન દેતા દેતા બાકી રહેલા ધનનું મમત્વ એ મમત્વનો સંસ્કાર નાશ કરવાની ઇચ્છા પેદા થવી એ એટલુંજ દુષ્કર છે. જ્યારે એ મમત્વ તોડવાની અને નાશ કરવાની ઇચ્છા પેદા થાય ત્યારે સમજવું કે હવે આ ધર્મ કરતાં કરતાં મારા આત્મામાં રહેલો જે સદ્ધર્મ છે એ મને જરૂર પેદા થશે. જ્યાં સુધી આવી વિચારણા પેદા ન થાય ત્યાં સુધી કરાતો ધર્મ પુણ્ય બંધાવે, સુખની સામગ્રી આપે, એ સુખનું મમત્વ જોરદાર વધારતું જાય અને જન્મ મરણની પરંપરા વધારતા વધારતા સંસારની વૃધ્ધિ કરાયા વગર રહેતું નથી. અર્થાત્ સંસારની વૃધ્ધિ કરાવે છે. આ મમત્વનો સંસ્કાર એકેન્દ્રિય પણામાં રહેલા જીવોને એક સ્થાને મૂળીયા રૂપે ઉત્પન્ન થયેલા હોય અને પરિગ્રહ સંજ્ઞાના કારણે એને ખ્યાલ આવે કે અહીં બાજુમાં થોડી નજીકમાં ધન દાટેલું છે તો પોતાના મૂળીયાનું શરીર વધારતા વધારતા જમીન ખોદીને જે ક્ષેત્રમાં ધન દાટેલું હોય ત્યાં સુધી મૂળીયાનો ભાગ વધારીને દાટેલા ધન ઉપર ચારે બાજુથી મૂળીયાનો ભાગ વીંટળાઇને એવી રીતે મજબૂત થઇને રહે છે કે જેને ધન દાટેલું હોય તે લેવા માટે આવે અને ખોદકામ કરે તેને મૂળીયા સિવાય હાથમાં બીજી કોઇ ચીજ આવતી નથી. એટલું ઉંડું ધન જમીનમાં દટાઇ જાય છે. જો એકેન્દ્રિયપણામાં પરિગ્રહ સંજ્ઞાનું મમત્વ એનો સંસ્કાર આટલું મજબુત રૂપે કામ કરતો હોય તો પંચેન્દ્રિયપણામાં રહેલા જીવોને મમત્વ ઘટાડવાનું જલ્દીથી મન થાય ખરૂં ! આથી ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના પ્રદેશોને મમત્વ રૂપે જીવો જન્મ મરણ કરતાં કરતાં અનંતોકાળ પસાર કરે છે. જો એ સંજ્ઞાને તોડવાનો પ્રયત્ન નહી કરીએ તો ધર્મ પ્રવૃત્તિ કરતાં કરતાં પણ હજી કેટલા જન્મ મરણ કરવા પડશે એ કંઇ નિશ્ચિત કહી શકાશે નહીં. એવીજ રીતે

આહારસંજ્ઞાની પ્રધાનતાથી શંખ, કોડા વગેરે બેઇન્દ્રિય જીવો કીડી, મંકોડી વગેરે તેઇન્દ્રિય જીવો આહારસંજ્ઞા આદીના પ્રતાપે એક સ્થાનેથી બીજે સ્થાને જતાં જતાં ધર્માસ્તિકાયનો ઉપયોગ કરતાં કરતાં અસંખ્યાતોકાળ પસાર કરે છે. કીડી, મકોડી વગેરે જીવોને જોજન ગામીની ગંધીની કીધેલી છે એટલે કે એક યોજન દૂર કોઇપણ પદાર્થ પડેલો હોય તો એની ગંધને પારખવાની શક્તિ કીડી, મંકોડીમાં રહેલી છે. અને એ ગંધથી એક સ્થાનેથી બીજે સ્થાને જતાં જતાં રસ્તામાં એના કરતાં મોટા પ્રાણીઓથીજ કચડાઇને મરણ પણ પામી શકે છે. આ રીતે અનુકૂળ પદાર્થોની શોધ માટે અનુકૂળ પદાર્થોના સુખને મેળવવા આદિ માટે ધર્માસ્તિકાય આદિની સહાયને લઇને ગતિને સ્થિતિ કરતો કરતોજીવ સંસારને વિષે પરિભ્રમણ કરતો રહેલો છે. આજે મનુષ્યપણું પામેલા છીએ એ મનુષ્યપણામાં પણ જો વિચારણા કરીએ તો ધર્માસ્તિકાય આદિ દ્રવ્યની સહાયથી ગતિ અને સ્થિતિ આપણે શેને માટે કરીએ છીએ તે જો વિચારીએ તો ખ્યાલ આવે કે મોટેભાગે અનુકૂળ પદાર્થોને મેળવવા આદિ માટે અને આવેલી પ્રતિકૂળતાઓને દૂર કરવાને માટેજ એનો ઉપયોગ કરતાં રહીએ છીએ. પણ આત્મિક ગુણ પેદા કરવા માટે અને આત્મિક ગુણોનું ઉત્થાન કરવા માટે ધર્માસ્તિકાય આદિની સહાયથી ગતિ અને સ્થિતિ કરતાં હોઇએ એવું લાગે છે ખરૂં ! ધર્મ પ્રવૃત્તિ કરતાં કરતાં પણ ગુણની પ્રાપ્તિનું લક્ષ કેટલો ટાઇમ રહે છે એ પણ જો વિચારીએ તો મોટેભાગે શૂન્ય સરવાળો આવે છે. જેમકે આખા દિવસમાં ચાર કલાક કે છ કલાક ધર્મની પ્રવૃત્તિ કરતાં હોય તો પણ એ પ્રવૃત્તિ કરતાં કરતાં એ ધર્મની પ્રવૃત્તિમાં મનની એકાગ્રતા કેટલો ટાઇમ જળવાય છે એ એકાગ્રતા ગુણની પ્રાપ્તિના લક્ષ પૂર્વકનો કેટલો ટાઇમ જળવાય છે આ બધી જો વિચારણા કરીએ તો ચાર છ કલાકની ધર્મની ક્રિયાઓમાં પણ અનુકૂળતાને મેળવવા આદિ અને પ્રતિકૂળતાને દૂર કરવાનોજ હેતુ મોટેભાગે રહેલો હોય છે. અનુકૂળતાને નાશ કરવા માટે અને

પ્રતિકૂળતા સારી રીતે સહન કરવા માટે ધર્મપ્રવૃત્તિ કેટલો ટાઇમ થાય છે એ બહુજ વિચારણીય લાગે છે. જો આજ રીતે ધર્માસ્તિકાય આદિના દુરૂપયોગને જ કરતા રહીશું તો આપણું ઠેકાણું પડશે ક્યારે ! એવી કોઇ વિચારણા પેદા થાય છે ખરી ! આ વિચારણા જ્યાં સુધી કરતાં નહિ થઇએ ત્યાં સુધી સંજ્ઞાઓ મંદ પડશે નહી અને ગુણપ્રાપ્તિનું લક્ષ પણ અંતરથીપેદા થશે નહીં. જો એ પેદા કરવું હોય તો સંજ્ઞાઓને તોડવાનો પ્રયત્ન કર્યા વગર ચાલશે નહિ. આ રીતે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના ત્રણ ત્રણ ભેદ સાથે કુલ છ ભેદ થયા.

આકાશાસ્તિકાયનું વર્ણન

આકાશ એટલે જગ્યા. અસ્તિ એટલે પ્રદેશો. જે પ્રદેશો જીવ અને પુદ્‌ગલોને જગ્યા આપે એટલે આધાર રૂપે પ્રાપ્ત કરે તેને આકાશાસ્તિકાય કહેવાય છે. આકાશાસ્તિકાયના બે ભેદ હોય છે. (૧) લોકાકાસ્તિકાય, (૨) અલોકાકાસ્તિકાય.

લોકાકાસ્તિકાયનું વર્ણન.

જે આકાશ પ્રદેશોને વિષે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને કાલદ્રવ્ય આ પાંચ દ્રવ્યો જ્યાં રહેલા હોય તેને લોકાકાસ્તિકાય કહેવાય છે. આ લોકાકાસ્તિકાયના પ્રદેશો અસંખ્યાતા હોય છે. એ અસંખ્યાતા પ્રદેશોને વિષે એકે એક આકાશ પ્રદેશ ઉપર અનંતા અનંતા જીવો રહેલા હોય છે. અને અનંતા અનંતા પુદ્‌ગલો રહેલા હોય છે. જે પુદ્‌ગલો એક પરમાણુ રૂપે અનંતા રહેલા હોય છે બે પરમાણુના બનેલા સ્કંધ રૂપે અનંતા અનંતા સ્કંધો રહેલા હોય છે. ત્રણ પરમાણુઓના સમુદાય રૂપે બનેલી એક વર્ગણા એવી અનંતી અનંતી વર્ગણાઓ રહેલી હોય છે. યાવત્ સંખ્યાતા

પરમાણુઓના સમુદાય રૂપે બનેલી વર્ગણાઓ એક એક આકાશ પ્રદેશ ઉપર અનંતી અનંતી રહેલી હોય છે. અસંખ્યાતા પરમાણુઓના સમુદાય રૂપે બનેલી એક વર્ગણા એવી અનંતી વર્ગણાઓ એક એક આકાશ પ્રદેશ ઉપર રહેલી હોય છે. એવીજ રીતે અનંતા પરમાણુઓની બનેલી એક વર્ગણા એવી એક એક આકાશપ્રદેશ ઉપર અનંતી અનંતી વર્ગણાઓ રહેલી હોય છે. આવી અભવ્યથી અનંતગુણ અને સિધ્ધ પરમાત્માથી અનંત ભાગહીન સુધીની જેટલી વર્ગણાઓ થાય ત્યાં સુધીની બધીજ વર્ગણાઓ જીવને ગ્રહણ યોગ્ય બની શકતી નથી. આવી વર્ગણાઓ જગતને વિષે એક એક આકાશ પ્રદેશ ઉપર અનંતી અનંતી વર્ગણાઓ રહેલી હોય છે. એવીજ રીતે ધર્માસ્તિકાયના અસંખ્યાતા પ્રદેશો આકાશ પ્રદેશની સાથેને સાથે સ્વતંત્ર રૂપે રહેલા હોય છે. એવીજ રીતે અધર્માસ્તિકાયના અસંખ્યાતા પ્રદેશો લોકાકાશની આકૃતિની જેમ સ્વતંત્ર રૂપે રહેલા હોય છે. અને એની સાથે સાથે લોકાકાસ્તિકાયના પ્રદેશો પણ અસંખ્યાતા લોકની આકૃતિની જેમ સ્વતંત્ર રૂપે રહેલા હોય છે. લોકાકાસ્તિકાયના જેટલા આકાશ પ્રદેશોની સંખ્યા થાય એટલી સંખ્યા એક જીવના આત્મપ્રદેશો થાય છે. એટલે કે એક જીવના આત્મપ્રદેશો અસંખ્યાતા હોય છે. આ લોકાકાશના પ્રદેશો જીવ અને પુદ્‌ગલને જગ્યા આપવામાં સહાયભૂત થાય છે. એવી રીતે ધર્માસ્તિકાયના પ્રદેશો જીવ અને પુદ્‌ગલને એક સ્થાનેથી બીજે સ્થાને જવામાં સહાયભૂત થાય છે. એટલે કે ગતિ આપવામાં સહાયભૂત થાય છે. અધર્માસ્તિકાયના પ્રદેશો જીવ અને પુદ્‌ગલને જે સ્થાને સ્થિર રહેવું હોય તે સ્થાને સ્થિર રહેવામાં સહાયભૂત થાય છે. આ રીતે લોકાકાસ્તિકાય રૂપે અસંખ્યાતા પ્રદેશો જગતને વિષે સદા માટે વિદ્યમાન હોય છે. લોકાકાસ્તિકાયની બહારના ભાગમાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો રહેલા ન હોવાથી ત્યાં જીવ અને પુદ્‌ગલો કોઇ કાળે જઇ શકતા નથી. છેલ્લામાં છેલ્લા ઉર્ધ્વલોક રૂપે લોકના અગ્રભાગે જીવ અને પુદ્‌ગલ સ્થિર થઇ જાય છે. એવીજ રીતે

અધોલોકમાં જીવ અને પુદ્ગલ છેલ્લા લોકના આકાશ પ્રદેશ ઉપર સ્થિર થઇ જાય છે. ત્યાર પછીજ અલોકની શરૂઆત થાય છે.

અલોકાકાસ્તિકાયનું વર્ણન

અનાદિકાળથી જગતને વિષે અલોકનો મોટો ગોળો રહેલો છે. એ ગોળાની બરોબર મધ્ય ભાગમાં પાંચ અસ્તિકાય દ્રવ્ય અને છઠ્ઠું કાળદ્રવ્ય જે ક્ષેત્રમાં રહેલું છે એ ક્ષેત્ર સિવાયના બાકીના અલોકના પ્રદેશને વિષે માત્ર આકાશાસ્તિકાય દ્રવ્ય એકજ રહેલું છે. જેને અલોકાકાસ્તિકાય કહેવાય છે. એટલે કે લોકની ચારે બાજુથી અલોકનો છેડો પ્રાપ્ત થઇ શકે છે. એ અલોકનો છેડો પ્રાપ્ત થતો હોવાથી લોકના અગ્રભાગે રહેલા પંચાસ્તિકાય દ્રવ્યો અમુક અમુક આકાશપ્રદેશના ક્ષેત્રને સ્પર્શેલા હોય છે અને કેટલાક ક્ષેત્રને સ્પર્શેલા હોતા નથી. અલોકનો ગોળો એટલો બધો મોટો રહેલો છે કે જેમાં અનંતા આકાશપ્રદેશો રહેલા છે. આકાશ એટલે ખાલી જગ્યા એ અલોકના પ્રદેશોમાં ખાલી જગ્યા રહેલી હોવાથી એ પ્રદેશોને આપણે જોઇ શકતા નથી. કારણ કે લોક અને અલોકના પ્રદેશો અરૂપી હોવાથી જોવાની તાકાત આપણામાં રહેતી નથી. જ્ઞાની ભગવંતો કહે છે કે આ અલોકાકાશના અનંતા આકાશ પ્રદેશોની સંખ્યા જેટલી થાય એના કરતાં જીવના એક એક આત્મપ્રદેશ ઉપર અનંતા અનંતા ગુણ અધિક જીવોના ગુણો રહેલા છે. કે જે ગુણો અલોકાકાશના પ્રદેશ કરતાં અનંત ગુણ અધિક પ્રાપ્ત થાય છે. અને એ અનંતા ગુણોનુ સુખ ક્ષાયિક ભાવી જીવને પેદા થયેલું હોય છે તો એ ગુણોનું વર્ણન કોઇ જ્ઞાની ભગવંતો કરી શકતું નથી. માત્ર એ ગુણ જેને પેદા થયેલો હોય એજ એનો અનુભવ કરી શકે છે. જીવના એક આત્મપ્રદેશ ઉપર અનંતા ગુણો જે રહેલા છે એ ક્ષાયિક ભાવે જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે એ એક એક ગુણને અલોકાકાશના એક એક પ્રદેશ ઉપર મુકીએ તો પણ પ્રદેશો પૂર્ણ થાય પણ ગુણો પૂર્ણ થતા નથી. આટલા

ગુણો આપણા આત્મામાં રહેલા હોવા છતાંય દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતાં કરતાં ક્ષાયિક ભાવે આ કાળમાં ગુણોની પ્રાપ્તિ કરી શકીએ એવું સંઘયણ બળ આપણીપાસે નથી. પણ એ ગુણોને ક્ષયોપશમ ભાવે અનુભવ કરવા પ્રયત્ન કરીએ તો દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતાં કરતાં જરૂર એના અંશ રૂપે ક્ષયોપશમ ભાવે અનુભવ કરી શકાય એટલું બળ આજે આપણીપાસે મોજુદ છે. છતાં પણ જીવો મોટેભાગે અનુકૂળ પદાર્થોના રાગના પ્રતાપે અને પ્રતિકૂળ પદાર્થોના દ્વેષના પ્રતાપે પાપની જડ રૂપે પાપનો સંસ્કાર એટલો મજબુત કરેલો છે કે જેના કારણે પાપ કરવાનો પ્રયત્ન જીવ જેટલો કરતોજાય છે અને એમાં જેટલી સફળતા પ્રાપ્ત થતી જાય એનો જેટલો આનંદ પેદા કરતો જાય છે એવો આનંદ કે એનાથી અંશ જેટલો પણ આનંદ જીવને ધર્મની આરાધના કરતાં કરતાં પણ પેદા થતો નથી. જો જીવ ક્ષયોપશમ ભાવે ગુણની પ્રાપ્તિની અનુભૂતિ કરે તો જરૂર એને એ અંશની અનુભૂતિ પેદા થયા વગર રહેતી નથી. બોલો આટલા વર્ષોથી આરાધના કરીએ છીએ એ આરાધના કરતાં કરતાં આવા કોઇ અંશની અનુભૂતિ અંતરમાં પેદા થઇ છે ખરી ! કે જે ગુણની અનુભૂતિ જીવને અનુકૂળ પદાર્થોના રાગ પ્રત્યે અને પ્રતિકૂળ પદાર્થોના દ્વેષ પ્રત્યે અબહુમાન ભાવ પેદા કરાવે. અને એ અબહુમાન ભાવની અનુભૂતિ કાયમ રખાવવા માં સહાયભૂત થાય એવી રીતે ધર્મની આરાધના જીવનમાં થાય છે ખરી ! જો આ રીતે આરાધના કરવામાં આવે તો આત્મામાં રહેલા ક્ષયોપશમ ભાવે ગુણો રહેલા છે એનો અનુભવ અથવા એના અંશનો અનુભવ જરૂર જીવને પેદા થયા વગર રહે નહીં. બોલો આવી કોઇ અનુભૂતિ પેદા થાય છે ! અથવા આવી અનુભૂતિ પેદા કરવા માટે હું ધર્મની આરાધના કરૂં છું એવો પણ ભાવ છે ! આવો ભાવ પણ જો અંતરમાં પેદા થાય તો ધર્મ કરતાં કરતાં રોજ વિચારણા કરવાનું મન થાય કે હું કેટલે પહોંચ્યો, શું પ્રાપ્ત કરી શકું છું, શા માટે આ આરાધના કરી રહ્યો છું ? ઇત્યાદિ અનેક

પ્રકારની વિચારણાઓ વારંવાર પેદા થયા વગર રહેતી નથી. અલોકાકાશને વિષે આકાશાસ્તિકાય સિવાય બીજું કોઇ પણ દ્રવ્ય રહેલું હોતું નથી. કેવલી ભગવંતો પોતાના જ્ઞાનથી અલોકમાં રહેલું આકાશાસ્તિકાય દ્રવ્યના અનંતા પ્રદેશોને પોતે જોઇ શકે છે. અને જાણી શકે છે. પણ ત્યાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્ય રહેલા ન હોવાથી અરૂપી એવા ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોને ત્યાં જોઇ શકતા નથી. અને આકાશાસ્તિકાય અરૂપી રૂપે અનંતા પ્રદેશો રહેલા છે એનો કોઇ અંતજ નથી એટલે કે છેડો નથી એ રીતે એ પ્રદેશોને જુએ છે અને જાણે છે.

લોકાકાસ્તિકાયના મુખ્ય ત્રણ ભેદ છે. (૧) સ્કંધ, (૨) દેશ, (૩) પ્રદેશ.

લોકાકાસ્તિકાયનું આખુ દ્રવ્ય સ્કંધ રૂપે કહેવાય છે. તેનો કોઇ પણ અડધાથી ઓછો કોઇપણ ટુકડો કલ્પીને એમાં રહેલા દ્રવ્યાદિનું જે કંઇ ધ્યાન કરાય અથવા વિચારણા કરાય તેને દેશ રૂપે આકાશાસ્તિકાય કહેવાય છે. અને એ લોકાકાસ્તિકાયમાંથી છુટો પાડ્યા વગર ઝીણામાં ઝીણો અંશ કે જે અંશના કેવલી ભગવંતો પણ એક ના બે ભાગ કરી ન શકે એવા અંશ રૂપ ક્ષેત્રને વિષે પદાર્થોની વિચારણા કરવી તેને લોકાકાસ્તિકાયનો પ્રદેશ કહેવાય છે. આ રીતે લોકાકાસ્તિકાયના ત્રણ ભેદ થયા.

પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્યનું વર્ણન

પુદ્‌ગલાસ્તિકાયના ચાર ભેદ છે. (૧) સ્કંધ, (૨) દેશ, (૩) પ્રદેશ, (૪) પરમાણું.

જે દ્રવ્યને વિષે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રહેલા હોય તે દ્રવ્યોને રૂપી દ્રવ્યો કહેવાય છે. પુદ્‌ગલ દ્રવ્યમાં હંમેશા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ સદા માટે રહેલા હોવાથી આ પુદ્‌ગલ દ્રવ્યો રૂપી દ્રવ્ય રૂપે કહેવાય છે. આ પુદ્‌ગલ દ્રવ્યો બે પ્રકારના હોય છે. પહેલું અચેતન પુદ્‌ગલો અને બીજું

સચેતન પુદ્‌ગલો. સચેતન પુદ્‌ગલ એટલે જે પુદ્‌ગલો જીવથી યુક્ત હોય એને સચેતન પુદ્‌ગલો કહેવાય છે. એટલે કે જીવોએ જે પુદ્‌ગલોને ગ્રહણ કરી પરિણમાવી વિસર્જન કરેલા ન હોય એવા જે પુદ્‌ગલો તે પુદ્‌ગલોને સચેતન પુદ્‌ગલો કહેવાય છે. જેમકે પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય. આ છએ પ્રકારના જીવોના જે શરીરો તે જીવથી યુક્ત હોવાથી સચેતન પુદ્‌ગલ રૂપે શરીર કહેવાય છે. જ્યારે એ શરીરમાંથી જીવ મરણ પામે ત્યારપછી એજ શરીરના પુદ્‌ગલો રૂપે રહેલું શરીર અચેતન રૂપે કહેવાય છે. અને શરીરાદિ સિવાયના બીજા પણ અનંતાનંત પુદ્‌ગલો જગતને વિષે રહેલા હોય છે. અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો જે જે ક્ષેત્રને વિષે ઉત્પન્ન થાય છે ત્યાં ત્યાં જે જે પુદ્‌ગલોનો આહાર મળે છે તે પુદ્‌ગલોનો આહાર કરતાં કરતાં જીવ પોતે પોતાના પુરૂષાર્થથી એ પુદ્‌ગલોને પરિણમાવી શરીર રૂપે બનાવી અને વિસર્જન કરતો કરતો સમયે સમયે આહારના પુદ્‌ગલો ગ્રહણ કરી શરીરની પુષ્ટિ કરતો કરતો પોતાના શરીરથીજ પોતાના આત્માનો સંસાર વધારતો જાય છે. આવી રીતે અત્યાર સુધીમાં અનંતા શરીરો જીવે પેદા કરીને અનંતા શરીરોને મૂકી મૂકીને જન્મ મરણની પરંપરા કર્યાજ કરી છે. માટે અનાદિકાળથી જીવને કર્મનો સંયોગ રહેલો હોવાથી એ પુદ્‌ગલોમાં મમત્વ બુદ્ધિ પેદા કરી રાગાદિ પરિણામ કરતો કરતો પોતાનો કાળ પસાર કરતો જાય છે. અને એનાજ કારણે એ રાગાદિ પરિણામની મમત્વતાના પ્રતાપે પોતેજ પોતાના આત્માના સંસારનું પરિભ્રમણ પેદા કરતો જાય છે.

અત્યારે વર્તમાનમાં પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્યો જે કાંઇ દેખીએ છીએ એ મોટામાં મોટો પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય રૂપે જોઇએ કે નાનામાં નાનો પણ પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય જોઇએ તે દરેક પુદ્‌ગલો અનંતા પરમાણુઓની વર્ગણાઓથી અનંતી અનંતી વર્ગણાઓ વાળો રહેલો હોય છે. જેમકે અત્યારે વર્તમાનમાં મોટામાં મોટો કોઇપણ પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય દેખવામાં

આવે તો ઝાડની ઉંચાઇ, વડોની ઉંચાઇ અથવા સચેતન પદાર્થ રૂપે હાથી વગેરે પ્રાણીઓની ઉંચાઇ જે કંઇ દેખીએ છીએ તે પુદ્ગલાસ્તિકાય દ્રવ્યનું સચેતન સ્કંધ ગણાય છે. અને નાનામાં નાના પુદ્ગલ રૂપે કોઇ પણ પુદ્ગલને એને ખાંડીને, દળીને, એકદમ ઝીણામાં ઝીણો બનાવેલો હોય અને લોટ રૂપે રહેલો અથવા માટી રૂપે રહેલો કોઇપણ સ્કંધ એનો ઝીણામાં ઝીણો કણીયો આંખેથી દેખી શકાય એવો આપણે ગ્રહણ કરીએ એટલે કે સોયના અગ્રભાગ ઉપર એ માટીનો કણીયો કે લોટનો કણીયો લીધેલો હોય એને આપણે દેખી શકીએ છીએ તો એ લોટના કે માટીના કણીયાને જ્ઞાની ભગવંતો અનંતા પરમાણુઓથી બનેલો સ્કંધ રૂપે ગણે છે. એવીજ રીતે કોઇ સારા વૈદ્યો આગળના કાળમાં હતા એ વૈદ્યો ઝીણામાં ઝીણી શક્તિની ગોળી બનાવે તેમાં એમ કહે કે મેં આમાં હજાર દવા નાંખેલી છે. આ ઝીણામાં ઝીણી ગોળીમાં અત્યારે હજાર દવા રહેલી છે તો તે માનવા કોઇ તૈયાર થાય ! જ્યારે એ વૈદ્ય કહે કે મેં હજારો દવાના પાઉડર બનાવી એની ભષ્મો બનાવીને બધા પાઉડર ભેગા કરી એને બરોબર લસોટી અને આ ગોળી બનાવેલી છે. તો ઝીણામાં ઝીણી અવગાહના રૂપે એ ગોળીમાં હજાર દવાઓના પાઉડરના કણીયાઓ રહેલા હોય છે. એ એક એક દવાના કણીયા અનંતા પરમાણુઓના સ્કંધવાળા ગણાય છે. અને એ ગોળી કોઇ મરતાં માણસને ખવડાવવામાં આવે તો એ માણસ તરતજ બેઠો થઇ જાય છે. આ રીતે આપણને પુદ્ગલ પ્રત્યે વર્તમાનમાં પણ આટલી શ્રધ્ધા પેદા થાય છે તો અનંતજ્ઞાનીઓએ પોતાના જ્ઞાનથી દરેક આકાશ પ્રદેશ ઉપર અનંતી અનંતી વર્ગણાઓ રહેલી છે બે પરમાણુઓના બંધો વાળી અનંતી વર્ગણાઓ ત્રણ પરમાણુઓના સમુદાય રૂપે બનેલી અનંતી વર્ગણાઓ ચાર પરમાણુઓના સમુદાય રૂપે બનેલી અનંતી વર્ગણાઓ એમ યાવત્ સંખ્યાતા પરમાણુઓની બનેલી અનંતી વર્ગણાઓ અસંખ્યાતા પરમાણુઓના સમુદાય રૂપે બનેલી અનંતી વર્ગણાઓ તેમજ અનંતા પરમાણુઓની

બનેલી અનંતી અનંતી વર્ગણાઓ એક એક આકાશ પ્રદેશ ઉપર સદા માટે રહેલી હોય છે. એવીજ રીતે શ્રધ્ધા પેદા કરવા માટે વર્તમાનકાળમાં હોમિયોપેથીક દવા જે તૈયાર થાય છે એ દવાઓ સુગરની ગોળી રૂપે રહેલી હોય છે. એ સુગરની ગોળીઓની શીશીમાં એના બનાવેલા ટીંચરો એક ટીપા રૂપે નાંખીને હલાવીને તમને એ ગોળીઓ આપે તો એ ગોળીઓ એમાં નાંખેલા ટીંચર મુજબ સો પાવરનું ટીંચર નાંખવામાં આવે તો સો પાવરવાળી દવા ગણાય છે. બસો પાવરનું ટીંચર નાંખવામાં આવે તો બસો પાવરની દવા ગણાય છે. એવી રીતે હજાર પાવરનું ટીંચર નાંખવામાં આવે તો એ દવાની ગોળીઓ હજાર પાવર રૂપે ગણાય છે. અને લાખ પાવરવાળું ટીંચર નાંખવામાં આવે તો લાખ પાવર વાળી દવા ગણાય છે. હવે આમાં વિચાર કરો કે આખી ભરેલી શીશીને વિષે એક ટીપુ લાખ પાવરનું નાંખવામાં આવે અને એને હલાવીને એક રસવાળું બનાવી એ ગોળીઓ આપવામાં આવે તો ઝીણામાં ઝીણી સુગરની ગોળીમાં લાખ પાવર જેટલો પાવર પેદા થઇ શકે છે. એની શ્રધ્ધા આપણને પેદા થાય છે. તો જૈન શાસનની થીયરી મુજબ અનંતજ્ઞાનીઓએ પોતાના જ્ઞાનથી જગતને વિષે જોયેલા પુદ્‌ગલ સ્કંધો અનંતા અનંતા પરમાણુઓના બનેલા છે એવું જુવે છે અને જાણે છે અને એની પ્રરૂપણા કરી રહેલા છે તો એ પ્રત્યે આપણને શ્રધ્ધા પેદા થાય છે ખરી ! આ રીતે પુદ્‌ગલ સ્કંધો ચૌદરાજલોકના અસંખ્યાતા આકાશપ્રદેશો ઉપર આકાશપ્રદેશના એક એક આકાશપ્રદેશ ઉપર અનંતા અનંતા સ્કંધો રહેલા છે અને એ સ્કંધો એકબીજા સ્કંધો અથડાતા અથડાતા એમાંથી પરમાણુઓ છુટા પડી પડીને બીજા બધા સ્કંધોને વિષે એકમેક થઇને જગતને વિષે પુદ્‌ગલો પણ પરિભ્રમણ કરી રહેલા છે. આ પુદ્‌ગલ સ્કંધનો એક દેશ રૂપે કલ્પના કરીને એના ઉપર પદાર્થોની વિચારણા કરીએ તો જૈનશાસનનું જેટલું તત્વજ્ઞાન ભણ્યા હોઇએ એ બધુ તત્વજ્ઞાન એમાં ઠાલવવામાં આવે તો

પણ પરમાણુની અને સ્કંધની વિચારણા પૂર્ણ થતી નથી. માટે જ્ઞાની ભગવંતો કહે છે કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજાએ છેલ્લા ભવે સંયમનો સ્વીકાર કરી સાડા બાર વર્ષ સુધીના કાળમાં જે પરિસહો અને ઉપસર્ગો આવ્યા છતાં પણ પોતાના મનથી ચલાયમાન થયા નહીં એમાં પોતાના મનની વિચારણા એક પરમાણુની વિચારણા કરતાં કરતાંપોતે ત્રીજે ભવે જેટલું અગ્યાર અંગ રૂપે જ્ઞાન ભણેલા હતા એ બધા જ્ઞાનની વિચારણા પરમાણુ ઉપર કરતાં કરતાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી શક્યા. એટલે કે એ પરમાણુઓની વિચારણા કરતાં કરતાં શુક્લધ્યાનને પ્રાપ્ત કરી મોહનીય કર્મનો સર્વથા નાશ કરી વીતરાગ દશાને પામી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મોનો સંપૂર્ણ ક્ષય કરીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી. માટે જ્ઞાની ભગવંતો કહે છે કે જગતમાં રહેલા પુદ્ગલ સ્કંધોનો એના દેશ ભાગનો એના પ્રદેશભાગનો અને છુટા પડેલા પરમાણુઓની વિચારણા કરતાં આવડે તો જીવ મોહનીય કર્મના રાગાદિ પરિણામથી દુર થતો થતો રાગાદિ પરિણામનો નાશ કરતો કરતો આત્મસ્વરૂપનું આંશિક દર્શન કરતો કરતો જો સારો કાળ હોય તો ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચી શકે છે. માટેજ પુદ્ગલ સ્કંધોની વિચારણા જીવનમાં અવશ્ય કરવાલાયક કહેલી છે. આ રીતે પુદ્ગલાસ્તિકાય દ્રવ્યના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એમ ચાર ભેદ થાય છે.

ચૌદરાજલોક જગતમાં લોકાકાશના અસંખ્યાતા આકાશપ્રદેશ ઉપર એકએક આકાશ પ્રદેશ ઉપર અનંતી અનંતી અનંતા સ્કંધોવાળી વર્ગણાઓ રહેલી છે તેમાં એ વર્ગણાઓનો વિભાગ કરતાં કરતાં છવ્વીશ પ્રકારની વર્ગણાઓ રહેલી છે એમ જ્ઞાની ભગવંતો કહે છે. એમાંથી ૧૬ વર્ગણાઓ અગ્રહણ યોગ્ય અને ગ્રહણ યોગ્ય રૂપે આઠ આઠ વર્ગણાઓ રહેલી છે જે જગતમાં રહેલા જીવોને ઉપયોગી બને છે. એટલે કે ગ્રહણ કરવામાં ગ્રહણ કરવા યોગ્ય વર્ગણાના પુદ્ગલો ઉપયોગી થતા જાય છે.

ગ્રહણ-અગ્રહણ યોગ્ય આઠ વર્ગણાઓનું વર્ણન

(૧) અૌદારિક અગ્રહણ યોગ્ય વર્ગણાઓ

અસંખ્યાતા પરમાણુઓના સમુદાય રૂપે બનેલી વર્ગણા સ્કંધ રૂપે થયેલી હોય એવી અનંતી વર્ગણાઓ જગતને વિષે રહેલી છે. એના પછી અનંતા પરમાણુઓની બનેલી અનંતી અનંતી વર્ગણાઓ જગતને વિષે રહેલી છે. એમ એક એક પરમાણુ અધિક કરતાં કરતાં જગતના જેટલા જીવો છે એ સઘળાય જીવો કરતાં અનંત ગુણ અધિક પરમાણુઓથી યુક્ત જ્યારે વર્ગણાઓ પેદા થાય ત્યારે એ ઔદારિક શરીરને માટે અગ્રહણયોગ્ય વર્ગણાઓ કહેવાય છે. આ વર્ગણાઓના પુદ્ગલો જગતને વિષે સદા માટે રહેલા હોય છે. જ્યારે એનો કાળ પૂર્ણ થાય ત્યારે અગ્રહણયોગ્ય વર્ગણાઓમાંથી પરમાણુ છુટા પડીને અગ્રહણયોગ્ય કે ગ્રહણયોગ્ય વર્ગણાઓને વિષે એક બીજી વર્ગણાઓમાં એકમેક થઇ શકે છે. આ અગ્રહણયોગ્ય વર્ગણાઓને જગતમાં રહેલા કોઇપણ જીવ ગ્રહણ કરી શકતા નથી. માટે આ વર્ગણાઓને અગ્રહણયોગ્ય વર્ગણાઓ કહેવાય છે.

(૨) ઔદારિક ગ્રહણ યોગ્ય વર્ગણાઓ

સર્વજીવ કરતાં એક પરમાણુથી અધિક બે પરમાણુઓથી અધિક યાવત્ અભવ્યથી અનંત ગુણ અધિક પરમાણુઓ વાળી અથવા સિધ્ધના જીવો કરતાં અનંતમાં ભાગ જેટલી પરમાણુઓ વાળી જે વર્ગણાની શરૂઆત થાય ત્યારથી ગ્રહણ યોગ્ય એટલે કે ઔદારિક ગ્રહણ યોગ્ય વર્ગણા રૂપે શરૂ થાય છે. આ ઔદારિક ગ્રહણ યોગ્ય પહેલી વર્ગણા ગણાય છે. ત્યાર પછી એક પરમાણુ અધિક ઔદારિક ગ્રહણયોગ્ય બીજી વર્ગણા ગણાય છે. ત્યાર પછી એક પરમાણુ અધિક ઔદારિક

ગ્રહણ યોગ્ય ત્રીજી વર્ગણા ગણાય છે આ રીતે એક એક પરમાણુ અધિક કરતાં કરતાં પહેલી વર્ગણામાં જેટલા પરમાણુઓ છે એનાથી અનંતમા ભાગ જેટલા પરમાણુઓ સુધી ક્રમસર એક એક પરમાણુ અધિક કરતાં કરતાં જઇએ ત્યાં સુધીની જેટલી વર્ગણાઓ થાય તે બધીજ વર્ગણાઓ ઔદારિક શરીરને માટે ગ્રહણયોગ્ય વર્ગણાઓ ગણાય છે. આ અનંતી અનંતી ઔદારિક શરીરને ગ્રહણયોગ્ય વર્ગણાઓ રૂપે એક એક આકાશપ્રદેશ ઉપર રહેલી હોય છે. જગતમાં ઔદારિક શરીરના ઉદયવાળા જેટલા જેટલા જીવો હોય છે એ સઘળાય જીવો આ ઔદારિક ગ્રહણ યોગ્ય વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને ઔદારિક શરીર રૂપે પરિણમાવી એને વિસર્જન કરીને પોતાનું ઔદારિક શરીર સમતોલ રૂપે જાળવીને પોતાનું જીવન જીવતાં હોય છે.

(૩) વૈક્રીય અગ્રહણયોગ્ય વર્ગણાઓ

ઔદારિક ગ્રહણયોગ્ય છેલ્લી વર્ગણામાં જેટલા પરમાણુઓ રહેલા હોય છે એનાથી એક પરમાણુ અધિકવાળી વર્ગણા શરૂ થાય તે ઔદારિક શરીરને માટે અગ્રહણયોગ્ય બને છે. કારણ કે જેટલા પરમાણુઓ વાળી વર્ગણાઓ જોઇએ એનાથી અધિક પરમાણુવાળી થતાં એ વર્ગણાઓ સૂક્ષ્મ રૂપે થતી જાય છે. માટે ઔદારિકને માટે અગ્રહણયોગ્ય રૂપે બને છે. વૈક્રીય શરીરને માટે પણ ગ્રહણયોગ્ય થઇ શકતી નથી કારણ કે એમાં જેટલા પરમાણુઓ રહેલા છે એ ગ્રહણયોગ્યમાં જેટલા જોઇએ એના કરતાં ઓછા પરમાણુઓ વાળી રહેલી હોવાથી વૈક્રીય શરીરને માટે અગ્રહણયોગ્ય રૂપે ગણાય છે. આવી રીતે બે પરમાણુ અધિક જે વર્ગણાઓ પ્રાપ્ત થાય ત્રણ પરમાણુ અધિક જે વર્ગણાઓ પ્રાપ્ત થાય એમ યાવત્ સંખ્યાતા પરમાણુઓ વાળી ઔદારિક શરીરની વર્ગણાથી અધિક વર્ગણાઓ પ્રાપ્ત થાય અસંખ્યાતા પરમાણુઓના સમુદાય રૂપે અધિક વર્ગણાઓ પ્રાપ્ત થાય અને સર્વ જીવ કરતાં અનંત ગુણ અધિક પરમાણુઓથી યુક્ત

જેટલી જેટલી વર્ગણાઓ પ્રાપ્ત થાય છે તે બધી વર્ગણાઓ વૈક્રીય શરીરને માટે અગ્રહણયોગ્ય રૂપે બને છે. અને એની સાથે સાથે ઔદારિક શરીરને માટે પણ અગ્રહણયોગ્ય રૂપે ગણાય છે.

(૪) વૈક્રીય શરીરને ગ્રહણયોગ્ય વર્ગણાઓ

સર્વજીવથી અનંતગુણ અધિક પરમાણુઓથી યુક્ત વૈક્રીય અગ્રહણયોગ્યની છેલ્લી વર્ગણા જે પ્રાપ્ત થયેલી હોય છે એમાં એક પરમાણુ અધિક કરીએ બે પરમાણુ અધિક કરીએ સંખ્યાતા પરમાણુ અધિક કરીએ અસંખ્યાતા પરમાણુ અધિક કરીએ અથવા અનંતા પરમાણુ અધિક કરીએ તો પણ તે બધીજ વર્ગણાઓના પુદ્‌ગલો વૈક્રીય શરીરને અગ્રહણયોગ્ય રૂપે ગણાય છે. જ્યારે એ વર્ગણાઓમાં અભવ્યથી અનંતગુણ અધિક અથવા સિધ્ધ પરમાત્માના જીવોની જેટલી સંખ્યા છે એનાથી અનંતમા ભાગ હીન વર્ગણાનો જે આંક આવે એ આંકથી શરૂ થતી વર્ગણાના પુદ્‌ગલો વૈક્રીય શરીરને માટે ગ્રહણયોગ્ય બને છે. આ વર્ગણા વૈક્રીય ગ્રહણ યોગ્ય શરીરને માટે પહેલી વર્ગણા ગણાય છે. ત્યાર પછી એક પરમાણુ અધિકવાળી બીજી વર્ગણા ગણાય છે. ત્રણ પરમાણુ અધિકવાળી ત્રીજી વર્ગણા ગણાય છે એમ એક એક પરમાણુ અધિક કરતાં કરતાં પહેલી વર્ગણામાં જેટલા પરમાણુઓ રહેલા હોય છે એના અનંતમા ભાગ જેટલી સંખ્યા સુધી એક એક પરમાણુ અધિક કરતાં જઇએ અને જે છેલ્લી વર્ગણા આવે ત્યાં સુધીની બધીજ વર્ગણાઓના પુદ્‌ગલો વૈક્રીય શરીરને ગ્રહણયોગ્ય પુદ્‌ગલો ગણાય છે. આ પુદ્‌ગલોને વૈક્રીય શરીરવાળા જગતમાં જેટલા જેટલા જીવો હોય છે તે જીવો એ પુદ્‌ગલોને ગ્રહણ કરી વૈક્રીય શરીર રૂપે પરિણમાવી વીસર્જન કરીને પોતાના શરીરનું સમતોલપણું જાળવીને પોતાના આયુષ્યકાળ સુધી જીવન જીવતાં હોય છે.

(૫) આહારક શરીરને અગ્રહણયોગ્ય વર્ગણાઓ

વૈક્રીય ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્ગલોની છેલ્લી વર્ગણા જે પ્રાપ્ત થાય છે તેમાં એક પરમાણુ અધિક કરીએ એટલે વૈક્રીય શરીરને અગ્રહણયોગ્ય એ વર્ગણાઓ બને છે. એની સાથે સાથે આહારક શરીરને પણ અગ્રહણયોગ્ય બને છે. કારણ કે વૈક્રીય શરીરને જેટલા પુદ્ગલો જોઇએ એના કરતાં પુદ્ગલ અધિક થયેલ હોવાથી અગ્રહણયોગ્ય ગણાય છે. આહારકને માટે જેટલા પુદ્ગલ જોઇએ એનાથી ઓછા પુદ્ગલ રહેલા હોવાથી આહારકને માટે અગ્રહણયોગ્ય ગણાય છે. આ રીતે એક એક પરમાણુ અધિક કરતાં કરતાં જગતમાં રહેલા સઘળા જીવોની જેટલી સંખ્યા હોય એટલા પરમાણુઓ સુધી અધિક કરતાં જઇએ ત્યાં સુધીની જેટલી વર્ગણાઓ થાય તે બધી જ વર્ગણાઓ આહારક શરીરને માટે અગ્રહણયોગ્ય વર્ગણાઓ બને છે.

(૬) આહારક શરીરને ગ્રહણ યોગ્ય વર્ગણાઓ

આહારક શરીરને અગ્રહણયોગ્ય વર્ગણાની છેલ્લી વર્ગણામાં જેટલા પુદ્ગલો છે એમાં એક એક પરમાણુ અધિક કરતાં કરતાં અભવ્યથી અનંત ગુણ અથવા સિધ્ધ પરમાત્માની સંખ્યાઓ કરતાં અનંતમા ભાગ જેટલા પરમાણુઓની જે સંખ્યા પ્રાપ્ત થાય ત્યારથી આહારક શરીરની ગ્રહણયોગ્ય પહેલી વર્ગણા શરૂ થાય છે. ત્યાર પછી એક પરમાણુ અધિક કરીએ ત્યારે બીજી વર્ગણા ગણાય છે. ત્યાર પછી એક પરમાણુ અધિક કરીએ એટલે આહારક શરીરને માટે ગ્રહણયોગ્ય રૂપે ત્રીજી વર્ગણા ગણાય છે. આ રીતે એક એક પરમાણુ અધિક કરતાં કરતાં પહેલી વર્ગણામાં જેટલા પરમાણુઓ રહેલા હોય એની અનંતમા ભાગ જેટલી સંખ્યા જેટલા ક્રમસર એક એક પરમાણુ અધિક કરતાં જઇએ ત્યાં સુધીની જેટલી વર્ગણાઓ પ્રાપ્ત થાય તે બધી અનંતી વર્ગણાઓ આહારક

શરીરને માટે ગ્રહણયોગ્ય વર્ગણાઓ ગણાય છે. આ વર્ગણાઓના પુદ્ગલો ચૌદપૂર્વધર મહાત્માઓ છઠ્ઠા ગુણસ્થાનકે રહેલા હોય અને એ મહાત્માઓને ભગવાનનું સમવસરણ જોવાની ઇચ્છા પેદા થાય અથવા ચૌદ પૂર્વને વિષે પદાર્થનું ચિંતન કરતાં કરતાં કોઇપણ પદાર્થમાં શંકા પેદા થાય અને એનું સમાધાન ન મળે તો સમાધાન મેળવવા માટે પોતે આહારક લબ્ધિ જે પેદા કરેલી હોય છે એ આહારક લબ્ધિથી જગતમાં રહેલા આહારક વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી ઔદારિક શરીરની સાથે મિશ્રણ કરીને આહારક શરીર બનાવે છે. એ આહારક શરીર બનાવી જ્યાં કેવળી ભગવંતો વિદ્યમાન હોય અથવા તીર્થંકર પરમાત્માઓ કેવળી તરીકે જ્યાં રહેલા હોય ત્યાં એ શરીરને મોકલે છે. અને ત્યાં જઇ સમવસરણને જોઇને સંતોષ પામીને અથવા પોતાની શંકાનું સમાધાન પ્રાપ્ત કરીને ત્યાંથી એ શરીર સાથે પાછા આવે છે. અને એ આહારક શરીરનું વિસર્જન કરે છે. આ આહારક શરીર નિયમા એક હાથનુંજ હોય છે. આટલું સ્થુલ શરીર હોવા છતાંય ઔદારિક શરીરવાળા બીજા જીવો એ શરીરને જોઇ શકતા નથી. એ શરીર એટલું બધું શુભવર્ણવાળું શુભગંધવાળું, શુભરસવાળુ અને શુભસ્પર્શવાળું હોય છે. આ શરીરનો કાળ એક અંતર્મુહૂર્તથી અધિક હોતો નથી. એટલે કે સમવસરણને જોઇ અથવા શંકાનુ સમાધાન કરી તરતજ પાછુ વળીને એ શરીરને વિસર્જન કરી દે છે. આટલા પૂરતુંજ આ શરીર ઉપયોગી થાય છે. જગતના બાકીના કોઇપણ જીવો આ શરીર બનાવવાનો ઉપયોગ કરી શકતાજ નથી. આ શરીર એક ભવમાં બેવાર પ્રાપ્ત કરી શકાય છે. અને આખા ભવચક્રમાં ચારવાર આ શરીરનો ઉપયોગ કરી શકાય છે. આથી અધિકકાળ આ શરીરનો ઉપયોગ થઇ શકતોજ નથી.

(૭) તૈજસ શરીર અગ્રહણયોગ્ય વર્ગણાઓ

આહારક શરીર ગ્રહણયોગ્ય વર્ગણાઓની જે છેલ્લી વર્ગણા

પ્રાપ્ત થયેલી હોય છે એ વર્ગણામાં એક પરમાણુ અધિક વર્ગણાઓ કરતાં કરતાં જગતના રહેલા સર્વજીવોની જેટલી સંખ્યા છે એટલા પરમાણુ અધિક કરતાં કરતાં વર્ગણાઓ કરતાં જઇએ ત્યાંસુધીની સઘળી વર્ગણાઓ તૈજસ શરીરને યોગ્ય અગ્રહણયોગ્ય વર્ગણાઓ બને છે. આહારક શરીરની ગ્રહણયોગ્ય છેલ્લી વર્ગણામાં એક પરમાણુ અધિક કરીએ એટલે આહારક શરીરને માટે અગ્રહણયોગ્ય બને છે કારણ કે પરમાણુ અધિક પ્રાપ્ત થાય છે માટે અને તૈજસ શરીરને માટે પરમાણુઓ ઓછા પડતા હોવાથી અગ્રહણયોગ્ય રૂપે બને છે. આ રીતે સર્વજીવોની સંખ્યા જેટલી વર્ગણાઓ પ્રાપ્ત થાય તે બધીજ વર્ગણાઓ તૈજસ શરીરને માટે અગ્રહણયોગ્ય રૂપે થાય છે.

(૮) તૈજસ શરીર ગ્રહણયોગ્ય વર્ગણાઓ

જગતના રહેલા સર્વજીવોની સંખ્યા કરતાં એક પરમાણુ અધિક કરી કરીને એમ યાવત્ અભવ્યથી અનંતગુણ અને સિધ્ધપરમાત્માના અનંતમા ભાગ જેટલી પરમાણુઓની સંખ્યા વાળી જે વર્ગણાની શરૂઆત થાય તે વર્ગણા તૈજસ શરીરને ગ્રહણયોગ્ય રૂપે પહેલી વર્ગણા ગણાય છે. એમાં એક પરમાણુ અધિક કરીએ એટલે તૈજસ શરીર ગ્રહણયોગ્ય બીજી વર્ગણા ગણાય છે ત્યાર પછી એક પરમાણુ અધિક કરીએ એટલે તૈજસ શરીર ગ્રહણ યોગ્ય ત્રીજી વર્ગણા ગણાય છે. આ રીતે એક એક પરમાણુ અધિક કરતાં કરતાં પહેલી વર્ગણામાં જેટલા પરમાણુઓ રહેલા છે એના અનંતમા ભાગ જેટલા પરમાણુઓ સુધી ક્રમસર એક એક પરમાણુ અધિક કરી કરીને વર્ગણાઓ પ્રાપ્ત થાય અને જે છેલ્લી વર્ગણા આવે તે તૈજસ શરીર ગ્રહણયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણા ગણાય છે. તૈજસ શરીરવાળા જેટલા જેટલા જીવો જગતને વિષે રહેલા છે એ સઘળાય જીવો આ વર્ગણાઓના પુદ્ગલોને ગ્રહણ કરી એને પરિણામ પમાડી વિસર્જન કરતાં કરતાં પોતાના તૈજસ શરીરની શક્તિ સમતોલ પણે

જાળવીને પોતાનું જીવન જીવતાં હોય છે. તૈજસ શરીર જગતમાં રહેલા સંસારી સઘળાય જીવોને હોય છે. માટે તૈજસ શરીર જગતને વિષે અનંતા છે એમ જ્ઞાની ભગવંતો કહે છે. આ તૈજસ શરીરનું કાર્ય આહારના પુદ્‌ગલોને પચાવવામાં સહાયભૂત થવાનું છે. તેમજ તેજોલેશ્યા પ્રાપ્ત કરવામાં અને એની પ્રતિપક્ષી શીતલેશ્યા પ્રાપ્ત કરવામાં તૈજસ વર્ગણાના પુદ્‌ગલો ઉપયોગી બને છે.

(૯) શ્વાસોશ્વાસ અગ્રહણયોગ્ય વર્ગણાઓ

તૈજસ શરીર ગ્રહણયોગ્યની છેલ્લી વર્ગણામાં જેટલા પરમાણુઓ રહેલા છે તેમાં એક પરમાણુ અધિક કરીએ એટલે શ્વાસોશ્વાસ અગ્રહણયોગ્ય વર્ગણાની પહેલી વર્ગણા બને છે એવીજ રીતે તૈજસ શરીરને માટે પણ અગ્રહણયોગ્ય રૂપે થાય છે. કારણ કે તૈજસ શરીરને માટે જેટલા પુદ્‌ગલો જોઇએ એના કરતાં અધિક પુદ્‌ગલની શરૂઆત થઇ માટે અગ્રહણયોગ્ય બને છે. જ્યારે શ્વાસોશ્વાસમાં જેટલા પુદ્‌ગલો જોઇએ એનાથી ઓછા પુદ્‌ગલો રહેલા હોવાથી અગ્રહણયોગ્ય રૂપે ગણાય છે. આવી રીતે એક એક પરમાણુ અધિક કરતાં કરતાં જગતમાં રહેલા સર્વજીવોની જેટલી સંખ્યા છે એટલા પરમાણુઓ સુધી અધિક કરતાં જઇએ ત્યાં સુધીની બધીજ વર્ગણાઓ શ્વાસોશ્વાસને માટે અગ્રહણયોગ્ય રૂપે ગણાય છે.

(૧૦) શ્વાસોશ્વાસ ગ્રહણયોગ્ય વર્ગણાઓ

શ્વાસોશ્વાસ અગ્રહણયોગ્ય વર્ગણાની છેલ્લી વર્ગણામાં જેટલા પરમાણુઓ છે એનાથી ક્રમસર એક એક અધિક કરતાં કરતાં અભવ્યથી અનંત ગુણ અધિક અને સિધ્ધના અનંતમા ભાગ જેટલી પરમાણુવાળી જે વર્ગણા પ્રાપ્ત થાય તે શ્વાસોશ્વાસ ગ્રહણયોગ્ય વર્ગણાની જઘન્ય રૂપે પહેલી વર્ગણા ગણાય છે. ત્યાર પછી એક પરમાણુ અધિક જે વર્ગણા

પ્રાપ્ત થાય તે શ્વાસોશ્વાસ ગ્રહણયોગ્ય બીજી વર્ગણા ગણાય છે. ત્યાર પછી એક પરમાણુ અધિક જે વર્ગણા પ્રાપ્ત થાય તે શ્વાસોશ્વાસ ગ્રહણયોગ્ય ત્રીજી વર્ગણા ગણાય છે. એમ ક્રમસર એક એક પરમાણુ અધિક કરતાં કરતાં પહેલી વર્ગણામાં જેટલા પરમાણુઓ રહેલા છે એના અનંતમા ભાગ જેટલી સંખ્યા સુધી એક એક પરમાણુ અધિક કરી કરીને જે છેલ્લી ઉત્કૃષ્ટ વર્ગણા પ્રાપ્ત થાય તે શ્વાસોશ્વાસ ગ્રહણયોગ્ય છેલ્લી એટલે ઉત્કૃષ્ટ વર્ગણા ગણાય છે. જગતમાં રહેલા જીવો શ્વાસોશ્વાસ પર્યાપ્તિ શરૂ કરતાં કરતાં શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી ઉચ્છવાસ રૂપે પરિણમાવી અને નિશ્વાસ રૂપે પરિણામ પમાડતાં પમાડતાં પોતાનું ભોગવાતું આયુષ્ય પૂર્ણ કરીને મરણ પામે તેને અપર્યાપ્તા જીવો કહેવાય છે. અને જે જીવો ઉચ્છવાસ રૂપે પરિણમાવી નિશ્વાસ રૂપે પરિણમન કરતાં કરતાં શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ કરે તે જીવોને પર્યાપ્ત જીવો કહેવાય છે. આ એકેન્દ્રિય જીવોની અપેક્ષાએ જાણવું. બેઇન્દ્રિયાદિ જીવો શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી પોતાની છેલ્લી જે પર્યાપ્તિ બાકી હોય તે અધુરી રાખીને પણ મરણ પામી શકે છે. આ રીતે શ્વાસોશ્વાસ ગ્રહણ યોગ્ય વર્ગણાઓના પુદ્ગલો જીવોને ઉચ્છવાસ અને નિઃશ્વાસમાં ઉપયોગી થતા હોવાથી શ્વાસોશ્વાસ લેવામાં મદદરૂપે બને છે. એ શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્ગલો જીવ પોતાની શક્તિથી જે પ્રમાણે લે એ પ્રમાણે એના શ્વાસોશ્વાસ ચાલતા હોય છે. કોઇનો શ્વાસ મંદરૂપે ચાલે છે કોઇનો શ્વાસ તીવ્રરૂપે ચાલે છે ઇત્યાદિ અનેક ભેદો ઉચ્છવાસ અને નિઃશ્વાસમાં પડતા હોવાથી એ શ્વાસોશ્વાસ નામકર્મ જે પ્રમાણે જીવે બાંધેલું હોય એ પ્રમાણે ઉદયમાં કામ કરતું હોવાથી શ્વાસોશ્વાસના પુદ્ગલો એ પ્રમાણે લેવા મુકવામાં સહાયભૂત થતાં જાય છે. આથી એ શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્ગલોને લઇને ઉચ્છવાસ નિઃશ્વાસ રૂપે પરિણમાવીને વિસર્જન કરવાની શક્તિ જીવને પ્રાપ્ત થાય તેને શ્વાસોશ્વાસ પર્યાપ્તિ શ્વાસોશ્વાસ પ્રાણ અને શ્વાસોશ્વાસ નામકર્મનો ઉદય ગણાય છે.

(૧૧) ભાષા અગ્રહણયોગ્ય વર્ગણાઓ

શ્વાસોશ્વાસ ગ્રહણયોગ્ય વર્ગણાની ઉત્કૃષ્ટ છેલ્લી વર્ગણા જે પ્રાપ્ત થાય તેમાં એક પરમાણુ અધિક કરીએ એટલે શ્વાસોશ્વાસને માટે અગ્રહણયોગ્ય રૂપે વર્ગણાની શરૂઆત થાય છે કારણ કે પુદ્‌ગલ અધિક થવાથી શ્વાસોશ્વાસને માટે ગ્રહણયોગ્ય રહેતી નથી એવીજ રીતે એજ વર્ગણા ઓછા પુદ્‌ગલવાળી હોવાથી ભાષા વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરવા યોગ્ય પણ ગણાતી નથી. માટે ભાષા અગ્રહણયોગ્ય વર્ગણાની શરૂઆત થાય છે એમ કહેવાય છે. એ રીતે એક એક પરમાણુ અધિક કરતાં કરતાં સર્વજીવ કરતાં અધિક પરમાણુઓ સુધી અધિક કરતાં રહીએ ત્યાંસુધીની જેટલી વર્ગણાઓ અનંતી થાય તે બધી વર્ગણાઓ ભાષા વર્ગણાની અગ્રહણયોગ્ય ગણાય છે. આ રીતે ભાષા અગ્રહણયોગ્ય વર્ગણાઓ માત્ર જાણવા માટેજ કહેલી છે.

(૧૨) ભાષા ગ્રહણયોગ્ય વર્ગણાઓ

ભાષાઅગ્રહણયોગ્ય વર્ગણાની ઉત્કૃષ્ટ વર્ગણા જે પ્રાપ્ત થાય તેમાં એક પરમાણુ અધિક કરીએ તો ભાષા અગ્રહણયોગ્ય વર્ગણાને પણ ઉપયોગી થતી નથી. એમ ક્રમસર એક એક પરમાણુ અધિક કરતાં કરતાં અભવ્યથી અનંતગુણ અધિક પરમાણુઓ સુધીની વર્ગણાઓ કરતાં જઇએ અથવા સિધ્ધ પરમાત્માની સંખ્યા કરતાં અનંતમા ભાગ જેટલા પરમાણુઓ સુધી વર્ગણાઓ કરતાં જઇએ અને એ જે છેલ્લી વર્ગણા આવે તે ભાષા ગ્રહણયોગ્ય વર્ગણાની જઘન્ય વર્ગણા ગણાય છે. ત્યાર પછી એક પરમાણુ અધિક વર્ગણા કરીએ તો તે ભાષા ગ્રહણયોગ્ય બીજી વર્ગણા કહેવાય છે. ત્યાર પછી એક પરમાણુ અધિક કરીએ તે ભાષા ગ્રહણ યોગ્ય ત્રીજી વર્ગણા ગણાય છે આ રીતે એક એક પરમાણુ અધિક કરતાં કરતાં વર્ગણાઓ કરતાં જઇએ તે વર્ગણાઓ ભાષા

ગ્રહણયોગ્ય વર્ગણાની પહેલી વર્ગણામાં જેટલા પરમાણુઓ રહેલા છે એના અનંતમાં ભાગ જેટલા પરમાણુઓ સુધી અધિક અધિક કરતાં કરતાં જે છેલ્લી વર્ગણા આવે તે ભાષા ગ્રહણયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણા ગણાય છે. જગતમાં રહેલા બેઇન્દ્રિ, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય, અસન્ની પંચેન્દ્રિય જીવો તેમજ સન્ની પંચેન્દ્રિય જીવો ભાષા પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી ભાષા વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરવાની શક્તિ પ્રાપ્ત કરી એનાથી ભાષા વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી ભાષા રૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે તે ભાષા પર્યાપ્તિ કહેવાય છે. અને એ ભાષા પર્યાપ્તિની સાથે સાથે વચન બળની શક્તિ જીવને પ્રાપ્ત થતી જાય છે. આને ભાષા ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્ગલો કહેવાય છે.

(૧૩) મન અગ્રહણયોગ્ય વર્ગણાઓ

ભાષા ગ્રહણયોગ્ય વર્ગણાની ઉત્કૃષ્ટ વર્ગણા જે પ્રાપ્ત થાય તેમાં એક પરમાણુ અધિક કરીએ એટલે ભાષાને માટે અગ્રહણયોગ્ય વર્ગણાની શરૂઆત થાય છે કારણ કે પરમાણુ અધિક પ્રાપ્ત થતાં ભાષાને ગ્રહણ કરવાની યોગ્યતા રહેતી નથી. તેમજ મનને ગ્રહણ કરવાલાયક જેટલા પુદ્ગલો જોઇએ એનાથી ઓછા પુદ્ગલો રહેલા હોવાથી મનને માટે પણ અગ્રહણયોગ્ય વર્ગણાની શરૂઆત થાય છે. ત્યાર પછી એક એક પરમાણુ અધિક કરતાં કરતાં સર્વજીવ કરતાં અનંત ગુણ અધિક પરમાણુઓ વાળી વર્ગણાઓ પ્રાપ્ત કરીએ ત્યાંસુધીની બધીજ વર્ગણાઓ મનને માટે અગ્રહણયોગ્ય રૂપે બને છે. તે બધીજ વર્ગણાઓ મન અગ્રહણયોગ્ય વર્ગણાઓ કહેવાય છે.

(૧૪) મન ગ્રહણયોગ્ય વર્ગણાઓ

મન અગ્રહણયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણા પ્રાપ્ત થયેલી છે તેમાં એક

પરમાણુ અધિક કરતાં બે પરમાણુ અધિક કરતાં એમ ક્રમસર એક એક પરમાણુ અધિક કરતાં કરતાં એક એક વર્ગણાઓ પ્રાપ્ત થતી જાય છે. એમ યાવત્ સંખ્યાતા પરમાણુઓ અધિક કરતાં અસંખ્યાતા પરમાણુઓ અધિક કરતાં અને અનંતા પરમાણુઓ અધિક કરતાં અનંતી વર્ગણાઓ પ્રાપ્ત થતી જાય છે તો પણ તે મન ગ્રહણયોગ્ય વર્ગણા ગણાતી નથી. જ્યારે અભવ્યથી અનંતગુણે અધિક અને સિધ્ધ પરમાત્માથી અનંતમા ભાગ જેટલા પરમાણુઓની સંખ્યા સુધીની જેટલી વર્ગણાઓ પ્રાપ્ત થાય ત્યારે એ વર્ગણા મન ગ્રહણયોગ્ય વર્ગણાઓ રૂપે પહેલી વર્ગણા ગણાય છે. આને મન ગ્રહણયોગ્ય જઘન્ય વર્ગણા ગણાય છે. ત્યાર પછી એક પરમાણુ અધિક કરીએ ત્યારે મન ગ્રહણયોગ્ય બીજી વર્ગણા પ્રાપ્ત થાય છે. ત્યાર પછી એક પરમાણુ અધિક કરીએ એટલે મનગ્રહણયોગ્ય ત્રીજી વર્ગણા પ્રાપ્ત થાય છે એમ એક એક પરમાણુ અધિક કરતાં કરતાં પહેલી વર્ગણામાં જેટલા પરમાણુઓ રહેલા છે એના અનંતમા ભાગ જેટલા પરમાણુઓ સુધી એક એક પરમાણુ અધિક કરી કરીને જેટલી વર્ગણાઓ પ્રાપ્ત થાય ત્યાંસુધીની બધીજ વર્ગણાઓ મન ગ્રહણયોગ્ય વર્ગણાઓ કહેવાય છે. સન્નીપંચેન્દ્રિય જીવો મન પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી જગતમાં રહેલા મન વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને મનરૂપે પરિણમાવીને વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરીને એ પુદ્ગલોથી પોતાની વિચારશક્તિનો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત કરતાં કરતાં પોતાનું આયુષ્ય હોય ત્યાં સુધી જીવન જીવ્યા કરે છે. આનાથી મન બળની શક્તિ જીવને વિશેષ રીતે પ્રાપ્ત થતી જાય છે. જેમ વ્યવહારમાં પૈસો ફેરવે તો પૈસો વધે એમ કહેવાય છે પણ રાખી મુકવાથી પૈસો વધતો નથી એવીજ રીતે આ મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી કરીને વિચાર રૂપે પરિણમાવીને વિચારની શક્તિ વારંવાર જીવ કરતો જાય તેમ તેમ મનબળની શક્તિ જીવને સહજ રીતે વધતી જાય છે. માટે નાનું બાળક મનોવર્ગણાના પુદ્ગલોને જેટલા ગ્રહણ કરી શકે એના કરતાં અધિક

ક્રમસર એ બાળક જેમ જેમ એના દિવસો પસાર થતાં મહિનાઓ પસાર થતાં અને વર્ષો પસાર થતાં થતાં મનવર્ગણાના પુદ્ગલોને વારંવાર ગ્રહણ કરતો કરતો વિચારશક્તિ પેદા કરતો જાય છે તેમ તેમ એની વિચાર શક્તિનો ક્ષયોપશમ ભાવ અને મનનું બળ ક્રમસર વધતું જાય છે. જ્ઞાની ભગવંતો કહે છે કે મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને મન રૂપે પરિણમાવી રાગાદિ પરિણામ યુક્ત વિચારો કરી કરીને જીવો જીવન જીવતાં હોય છે ત્યાં સુધી એ જીવો પોતે જ પોતાના હાથે પોતાની વિચારશક્તિનો દુરૂપયોગ કરીને સંસારની વૃધ્ધિ કરતો જાય છે. જ્યારે એ જીવ સમજણના ઘરમાં દાખલ થાય અને એને પોતાને ખ્યાલ આવે કે જે પદાર્થ મારા પોતાના નથી એ પદાર્થોની વિચારણા કરી એના પ્રત્યે રાગાદિ પરિણામ વધારતો જાઉં છું તેમ તેમ હું મારા આત્માને માટેજ દુઃખ ઉપાર્જન કરતો જાઉં છું. આવી જ્યારે વિચારશક્તિ પેદા થતી જાય અને એ વિચારને સ્થિર કરતો કરતો પોતાનું જીવન જીવતો જાય તો એને પોતાના રાગાદિ પરિણામ પ્રત્યે મમત્વ બુધ્ધિ ઘટાડવાનું અને રાગાદિને સંયમીત કરીને રાગાદિનો નાશ કરવાનું મન થયા વગર રહેતું નથી. જ્યાં સુધી આ સ્થિતિ પ્રાપ્ત ન થાય ત્યાંસુધી જીવો પરપદાર્થોમાં રાગાદિ પરિણામની વિચારણા કરતા કરતા અને મારાપણાની બુધ્ધિ પેદા કરતો કરતો કદાચ દયા અને દાન વગેરે ગુણોથી સદ્ગતિનું આયુષ્ય બાંધીને સદ્ગતિને પ્રાપ્ત કરે તો પણ એ સદ્ગતિ સંસારસાગરથી તરવા માટે સહાયભૂત થતી નથી. ઉપરથી એ સદ્ગતિ પણ દુર્ગતિની પરંપરા વધારવામાં સહાયભૂત થતી હોવાથી દુર્ગતિનું કારણ બનતી જાય છે. ગમે તેટલી સારામાં સારી મન પૂર્વક ધર્મપ્રવૃત્તિ કરવામાં આવે એની વિચારશક્તિ પણ સ્થિર કરીને શુભ પરિણામમાં રહીને એનો કાળ પસાર કરવામાં આવે તો પણ જો રાગાદિ પરિણામની ઓળખ ન થાય એ ઓળખ પેદા કરીને રાગાદિ પરિણામ એજ મારા આત્માને માટે દુઃખનું કારણ છે એનાથી અનંતો કાળ હું દુઃખી થયો છું. હજી પણ સાવધ નહી

રહું તો કોણજાણે કેટલો કાળ હજી દુઃખ ભોગવવું પડશે. આવી વિચારણા કરીને ધર્મની આરાધના કરતાં કરતાં શુભ ભાવમાં રાગાદિ પરિણામની સંયમતા કરવાનો પ્રયત્ન નહિ કરીએ તો મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી મન રૂપે પરિણમાવી પોતાના હાથેજ પોતાના આત્માનો સંસાર વધતો જાય છે. જો સંસાર વધારવો ન હોય અને ઘટાડવા માટે પ્રયત્ન કરવો હોય તો અત્યારથી સાવધ રહીને જીવન જીવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

(૧૫) કાર્મણ અગ્રહણયોગ્ય વર્ગણાઓ

મનગ્રહણયોગ્ય વર્ગણાની ઉત્કૃષ્ટ વર્ગણામાં જેટલા પુદ્ગલો છે એમાં એક પરમાણુ અધિક કરીએ અને જે વર્ગણા થાય તે મનગ્રહણયોગ્ય વર્ગણાને માટે અગ્રહણયોગ્ય રૂપે બને છે કારણ કે પુદ્ગલ અધિક થવાથી મનને માટે ગ્રહણયોગ્ય રહેતી નથી એવીજ રીતે કાર્મણને માટે ગ્રહણયોગ્ય રૂપે ન બનવાથી કાર્મણ અગ્રહણયોગ્યની પહેલી વર્ગણા ગણાય છે. આ રીતે એક એક પરમાણુ અધિક કરતાં કરતાં સર્વજીવ કરતાં અનંતગુણ અધિક પરમાણુ અધિક કરતાં જઇએ ત્યાં સુધીની જેટલી વર્ગણાઓ થાય તે બધી કાર્મણ અગ્રહણયોગ્ય રૂપે વર્ગણાઓ ગણાય છે.

(૧૬) કાર્મણ ગ્રહણયોગ્ય વર્ગણાઓ

કાર્મણઅગ્રહણયોગ્ય વર્ગણાની ઉત્કૃષ્ટ વર્ગણા જે પ્રાપ્ત થાય છે તે વર્ગણાઓમાં એક એક પરમાણુઓ અધિક કરતાં કરતાં અભવ્યથી અનંત ગુણ અથવા સિધ્ધથી અનંતમા ભાગ જેટલી પરમાણુઓ સુધીની જે જે વર્ગણાઓ પ્રાપ્ત થાય તે બધી કાર્મણ ગ્રહણયોગ્ય રૂપે બનતી નથી. પણ અભવ્યથી અનંતગુણ જે વર્ગણા આવે ત્યાંથીજ ગ્રહણયોગ્ય વર્ગણાની

શરૂઆત થાય છે. એ કાર્મણગ્રહણયોગ્ય પહેલી વર્ગણા ગણાય છે. ત્યાર પછી એક પરમાણુ અધિક કરીએ તે કાર્મણ ગ્રહણયોગ્ય બીજી વર્ગણા ગણાય છે ત્યાર પછી એક પરમાણુ અધિક કરીએ તે કાર્મણ ગ્રહણયોગ્ય ત્રીજી વર્ગણા ગણાય છે એમ ક્રમસર એક એક પરમાણુ અધિક કરતાં કરતાં ગ્રહણયોગ્ય વર્ગણાઓ પ્રાપ્ત થતી થતી જઘન્ય પહેલી વર્ગણામાં જેટલા પરમાણુઓ રહેલા છે એના અનંતમા ભાગ જેટલા પરમાણુઓ અધિક કરતાં કરતાં જેટલી વર્ગણાઓ થાય તે છેલ્લી કાર્મણગ્રહણયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણા કહેવાય છે. આ કાર્મણગ્રહણયોગ્ય વર્ગણા કાર્મણ શરીરને માટે ઉપયોગી થાય છે. જગતમાં રહેલા સઘળાય સંસારી જીવો એકથી તેર ગુણસ્થાનક સુધીમાં રહેલા હોય એ સઘળાય જીવો કાર્મણ શરીર નામ કર્મના ઉદયથી કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી આઠ કર્મના સમુદાય રૂપે કાર્મણ શરીર પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે તેને કાર્મણ શરીર નામ કર્મ કહેવાય છે.

(૧) અગ્રહણયોગ્ય વર્ગણાઓમાં જેટલા જેટલા પુદ્ગલો રહેલા હોય છે અને જેટલી જેટલી વર્ગણાઓ પ્રાપ્ત થતી જાય છે તે કોઇકાળે જીવને ગ્રહણ કરવામાં ઉપયોગી થતી નથી. માત્ર ગ્રહણયોગ્ય વર્ગણાની સૂક્ષ્મતા બતાવવા માટે વચમાં વચમાં અગ્રહણયોગ્ય વર્ગણાઓ કહેલી છે.

(૨) જેમ જેમ ગ્રહણયોગ્ય વર્ગણાઓ એક એક આગળ વધતી જાય છે તેમ તેમ તેમાં પુદ્ગલો પણ અધિક અધિક પ્રાપ્ત થતાં જાય છે. આથી જૈનશાસનનો નિયમ છે કે જેમ જેમ પુદ્ગલો અધિક અધિક પ્રાપ્ત થતાં જાય તેમ તેમ તે વર્ગણાઓના પુદ્ગલોની સૂક્ષ્મતા વધતી જાય છે. એટલે કે સ્થુલ પુદ્ગલોને રહેવા માટે જેટલી જગ્યા જોઇએ એના કરતાં અધિક અધિક પુદ્ગલોના સમુદાય વાળી સૂક્ષ્મ વર્ગણાઓને રહેવા માટે હંમેશા જગ્યા ઓછીજ જોઇએ છે. જેમ કે દશ શેર ઘઉંનો લોટ જાડા લોટ રૂપે દળવામાં આવે તો ડબો ભરાઇ જાય અને બીજુ સાધન પણ ભરવા

માટે જોઇએ પણ એકદમ ઝીણો લોટ દળવામાં આવે તો દશ શેર ઘઉં અડધા ડબામાં કે પોણા ડબામાં બધો લોટ સમાઇ જાય છે. એવીજ રીતે જેમ જેમ પુદ્‌ગલોનો સમુદાય અધિક અધિક પ્રાપ્ત થતો જાય તેમ તેમ તેની સૂક્ષ્મતા વધતી જાય છે.

(૩) ગ્રહણયોગ્ય વર્ગણાઓ અને અગ્રહણયોગ્ય વર્ગણાઓ ચૌદે રાજલોકના દરેક આકાશ પ્રદેશ ઉપર અનંતી અનંતી વર્ગણાઓ રૂપે સદા માટે ઠાસી ઠાસીને રહેલી છે. જીવો ગમે તે આકાશ પ્રદેશ ઉપર જીવનજીવતાં હોય અથવા મરણ પામતાં હોય તો પણ એને તે તે આકાશ પ્રદેશ ઉપરથી જે જે ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલો જોઇએ તે પુદ્‌ગલો એને સહજ રીતે પ્રાપ્ત થતાં જાય છે.

(૪) ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલો જીવ જે ગ્રહણ કરતો હોય છે તે પોતાના આત્મપ્રદેશની સાથે જે વર્ગણાના પુદ્‌ગલો રહેલા હોય તેજ વર્ગણાઓના પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. પણ એના પછીના પરમપદ પુદ્‌ગલોને કોઇકાળે ગ્રહણ કરતો નથી. આને અનંતર પુદ્‌ગલો ગ્રહણ કર્યા એમ કહેવાય છે.

જીવોને વિષે વર્ગણાઓના પુદ્‌ગલોનું વર્ણન

એકેન્દ્રિય જીવો જે પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, સાધારણવનસ્પતિકાય અને પ્રત્યેક વનસ્પતિકાય એમાં પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય અને પ્રત્યેક વનસ્પતિકાય જીવો અસંખ્યાતા અસંખ્યાતા રૂપે અને સાધારણ જીવો અનંતા અનંતા જીવો રૂપે સમયે સમયે ઉત્પન્ન થતાની સાથેજ જે ક્ષેત્રને વિષે ઉત્પન્ન થયેલા હોય તે ક્ષેત્રમાં જે આહારના પુદ્‌ગલો પ્રાપ્ત થાય તે પુદ્‌ગલોને ગ્રહણ કરી પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરીને સમયે સમયે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરતાં કરતાં અસંખ્યાત સમય સુધી એક પ્રક્રિયા કરીને આહારના પુદ્‌ગલોમાંથી ખલ એટલે ખરાબ પુદ્‌ગલોનો નાશ કરી રસવાળા પુદ્‌ગલોનો

સંગ્રહ કરી એ સંગ્રહ થયેલા પુદ્ગલોમાંથી શરીર બનાવવા માટેની શક્તિ પ્રાપ્ત કરે છે. જેને શરીર પર્યાપ્તિ કહેવાય છે એ શરીર પર્યાપ્તિ પૂર્ણ કરે એટલે જગતમાં રહેલા ઔદારિક વર્ગણાના ગ્રહણયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરવાની શક્તિ પ્રાપ્ત કરી ઔદારિક શરીર રૂપે પરિણમાવી અને વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે. એ ઔદારિક ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરતાં કરતાં ઔદારિક શરીરનું સમતોલપણું જાળવવા માટે સાથે સાથે વિષ્રષા પરિણામથી જગતમાં રહેલા વિષ્રષા પુદ્ગલોને ગ્રહણયોગ્ય વર્ગણાઓ કરતાં અધિક પુદ્ગલોને ગ્રહણ કરી ઔદારિક શરીરનું સમતોલપણું જાળવી શકે છે. આ રીતે ઔદારિક ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્ગલોને સમયે સમયે ગ્રહણ કરી ઔદારિક શરીરની શક્તિ પેદા કરતાં કરતાં એ શરીરના મમત્વના કારણે પોતેજ રાગાદિ પરિણામ કરતાં કરતાં પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. આ પુદ્ગલોને ગ્રહણ કરતાં કરતાં એ પુદ્ગલોથી જો અનુકૂળ આહારના પુદ્ગલો રૂપે પરિણમન થાય તો અંતરમાં રાજીપો પેદા થાય છે. અને પ્રતિકૂળ રૂપે પરિણામ પામે તો અંતરમાં નારાજી ભાવ પેદા થાય છે. આ ભાવ મનના કારણે રાજીપો અને નારાજી કરતાં કરતાં રાજીપા વાળા પુદ્ગલો વારંવાર મળે તો સારૂં એવી અંતરમાં સૂક્ષ્મ વિચારણા ચાલતી હોવાથી એ વિચારણાના પ્રતાપે તેમજ પ્રતિકૂળ રૂપે પરિણામતા પુદ્ગલો આહાર રૂપે ન મલે તો સારૂં એવી પણ અંતરમાં આશા રહેલી હોય છે એ આશાના પ્રતાપે આ જીવો ભાવમનથી સમયે સમયે સાત કર્મનો બંધ કરતાં કરતાં અને પોતાના આયુષ્યકાળ દરમિયાન એકવાર આયુષ્યનો બંધ કરીને સંખ્યાતા ભવોનો અસંખ્યાતા ભવોનો અથવા અનંતા ભવોનો અનુબંધ પેદા કરીને સંસારનું પરિભ્રમણ વધારતા જાય છે માટે આ ઔદારિક વર્ગણાના પુદ્ગલોથી શરીર રૂપે પરિણમન જે રીતે થતું હોય છે એમાં રાગાદિ પરિણામ કરવાનો સ્વભાવ જીવનો અનાદિકાળથી રહેલો હોવાથી એ સંસ્કાર એટલો બધો મજબુત પ્રાપ્ત થયેલો હોય છે કે એ સંસ્કારને

નાબુદ કરવા માટે ભાવમનની સાથે દ્રવ્યમન પૂર્વક સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તપણું અને એમાંય સાથે મનુષ્યપણું પ્રાપ્ત થાય અને જીવ સમજણના ઘરમાં પ્રાપ્ત થતો જાય તોજ એ રાગાદિ પરિણામના સંસ્કારોને મંદ કરતો કરતો જો સારો કાળ હોય પહેલા સંઘયણ જેટલી શક્તિ પ્રાપ્ત થયેલી હોય અને લઘુકર્મીતા પ્રાપ્ત થયેલી હોય તો એટલે કે કોઇ નિકાચીત કર્મ સાથે બંધાયેલું ન હોય તો એ ભવમાંજ ક્ષપક શ્રેણી પ્રાપ્ત કરી મોહનો નાશ કરી વિતરાગ દશાને પામી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અંતરાય કર્મનો સંપૂર્ણ ક્ષય કરી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી યોગનિરોધ કરીને જીવ સિધ્ધિ ગતિને પ્રાપ્ત કરી શકે છે. તો જે જીવ સમયે સમયે ગ્રહણ થતાં ઔદારિક વર્ગણાના પુદ્ગલોથી છુટી શકે છે. એ સિવાય કોઇકાળે કોઇપણ જીવનો છુટકારો શક્ય બનતો નથી.

ઔદારિક વર્ગણાના ગ્રહણ કરેલા પુદ્ગલોને પરિણમાવવા માટે સાથે સાથે તૈજસ શરીર જે રહેલું છે એ તૈજસ શરીરથી જગતમાં રહેલા તૈજસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી તૈજસ રૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરીને એ તૈજસ વર્ગણાના પુદ્ગલોથી આહારના પુદ્ગલો જે કંઇ પોતે ગ્રહણ કરે છે એને પચાવવાની શક્તિ પ્રાપ્ત કરતાં જાય છે. અને પોતાને અનુકૂળ રીતે એ પુદ્ગલોનું પાચન થાય તો અંતરમાં રાજીપો પેદા થાય છે. અને જો પ્રતિકૂળ રૂપે પાચન થાય તો અંતરમાં નારાજી ભાવ પેદા થાય છે. આ રીતે તૈજસ વર્ગણાના પુદ્ગલોમાં પણ ગ્રહણ કરી પરિણમન કરતાં કરતાં વિસર્જન કરવા વખતે રાજીપો અને નારાજી પ્રાપ્ત કરીને પોતાના હાથેજ જીવો પોતાનો સંસાર વધારતા જાય છે. આ રાજીપો અને નારાજી ભાવમનથી અંતરમાં પેદા થતાં થતાં એમાં જેટલી રાગાદિ પરિણામની તીવ્રતા પ્રાપ્ત થાય અને મમત્વ બુધ્ધિ ગાઢ પેદા થતું જાય એ પ્રમાણે એ જીવોની જન્મ મરણની પરંપરા સ્વાભાવિક રીતે બંધાતી જાય છે. અને વધતી જાય છે. આ જીવો સમુર્છિમ પણે રહેલા હોવા છતાંય ભાવમનના પ્રતાપે રાગાદિના પરિણામના સંસ્કારને

મજબુત કરતાં કરતાં એકેન્દ્રિયાદિમાં પરિભ્રમણ કરવાની શક્તિ પ્રાપ્ત કરીને સંખ્યાતા કાળ સુધી અસંખ્યાતા કાળ સુધી અથવા અનંતા કાળ સુધી ચૌદરાજલોકને વિષે પરિભ્રમણ કર્યા કરે છે.

ત્રીજી કાર્મણ વર્ગણાના પુદ્ગલોને જીવ એક સ્થાનેથી બીજે સ્થાને એકેન્દ્રિય રૂપે ઉત્પન્ન થાય તોપણ સમયે સમયે કાર્મણ વર્ગણાના પુદ્ગલોને કાર્મણ શરીરથી ગ્રહણ કરતો જાય છે અનેં સાતકર્મ રૂપે પરિણામ પમાડતો જાય છે. આ પૃથ્વીકાયાદિ જીવો વિગ્રહગતિમાં રહેલા હોય તો પણ ત્યાં એમના તૈજસ શરીર અને કાર્મણ શરીરની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી હોય છે અને એક શરીરમાં એક જીવ રૂપે અથવા એક શરીરમાં બે જીવ રૂપે અથવા એક શરીરમાં ત્રણ જીવ રૂપે અથવા એક શરીરમાં સંખ્યાતા જીવો રૂપે અથવા એક શરીરમાં અસંખ્યાતા જીવો રૂપે પ્રત્યેક જીવોને શરીરની પ્રાપ્તિ થતી જાય છે. અને સાધારણ વનસ્પતિ રૂપે ઉત્પન્ન થનારા જીવોને એક શરીરમાં અનંતા જીવ રૂપે શરીરની પ્રાપ્તિ થતી જાય છે આથી જેમ જેમ શરીરની સૂક્ષ્મતા પ્રાપ્ત થતા અને અનેક જીવોની સાથેની અવગાહના રહેલી હોવાથી જગ્યાના સંકડાશના કારણે સાથે રહેલા જીવો પ્રત્યે અંતરથી નારાજી ભાવ પેદા થતાં થતાં દુશ્મનભાવના વિચારો અંતરમાં પેદા થતા જાય છે. અને વૈરાનુબંધનો પરિણામ પણ તે વખતે બંધાતા કર્મોની સાથે બાંધતા જાય છે અને કેટલાક નિકાચીત પણ કરતાં જાય છે. આ જીવોને કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી સમયે સમયે સાત કર્મ રૂપે પરિણમાવી એમાં પોતાના પરિણામની સાથે લેશ્યાની જેટલી તીવ્રતા અને મંદતા હોય એ પ્રમાણે એ કાર્મણ વર્ગણામાં પુદ્ગલોને કર્મ રૂપે પરિણમાવતા ભોગવવા યોગ્ય રસને તીવ્રતા રૂપે અને મંદરૂપે બાંધીને યાવત નિકાચીત રૂપે પણ બંધ કરી શકે છે. અને એ રસ ભોગવવા માટે વૈરાનુબંધના પરિણામથી જીવો પ્રત્યેની દ્વેષબુધ્ધિ અંતરથી વધારતાં વધારતાં સંખ્યાતા ભવો અસંખ્યાતા ભવો અથવા અનંતા ભવ સુધી જન્મ મરણ કરવા પડે એ

રીતે પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. સમુર્છિમ પણામાં રહેલા જીવોને પણ જો આરીતે કર્મના રસની તીવ્રતા પણ બંધાતી જતી હોય તો સન્નીપણું પામેલા એવા આપણાં રાગાદિ પરિણામની તીવ્રતાના પ્રતાપે કર્મોનો રસ કેટલો તીવ્ર બાંધતા હઇશુ એ તો સૌએ પોતપોતાની રીતે પોતાના પરિણામથી વિચારણા કરી લેવી જોઇએ.

આ રીતે પૃથ્વીકાયાદિ જીવો ઔદારિક ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને તૈજસ ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને અને કાર્મણ ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને સમયે સમયે ગ્રહણ કરી એમાં રાગાદિ પરિણામ કરતાં કરતાં પોતાનું જેટલું ભોગવાતું આયુષ્ય હોય એટલા કાળ સુધી જીવન જીવતાં જીવતાંપોતાનો કાળ પસાર કરે છે એની સાથે સાથે જ્યારે શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ કરે છે ત્યારે જગતમાં રહેલા શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરવાની શક્તિ પેદા થાય છે એની સાથે સાથે એ પુદ્‌ગલોને ઉચ્છવાસ અને નિશ્વાસ રૂપે પરિણમાવવાની શક્તિ પણ પ્રાપ્ત થાય છે અને એની સાથે પરિણમેલા પુદ્‌ગલોને વિસર્જન કરવાની શક્તિ પણપ્રાપ્ત થાય છે માટે એ પૃથ્વીકાયાદિ જીવો પોતાનું જેટલું આયુષ્ય હોય એટલાકાળ સુધી સમયે સમયે શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી ઉચ્છવાસ નિચ્છવાસ રૂપે પરિણમાવી અનુકૂળ રૂપે જો ઉચ્છવાસ નિશ્વાસ રૂપે પરિણમે તો અંતરમાં રાજીપો પેદા થતા રાગના પરિણામનો સંસ્કાર મજબૂત થતો જાય છે. એવીજ રીતે શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરતાં કરતાં પ્રતિકૂળ ઉચ્છવાસ અને નિશ્વાસ પ્રાપ્ત થતો જાય તો અંતરમાં નારાજી ભાવ પેદા થતાં થતાં દ્વેષબુધ્ધિનું પરિણમન કરતાં કરતાં દ્વેષબુધ્ધિને મજબુત કરી પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. આ રીતે એકેન્દ્રિયપણામાં રહેલા પૃથ્વીકાય આદિ જીવો સમયે સમયે ઔદારિક ગ્રહણયોગ્ય વર્ગણાઓના પુદ્‌ગલોને-તૈજસ ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને-શ્વાસોશ્વાસ ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને તેમજ કાર્મણ ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને એમ ચાર

ગ્રહણયોગ્ય વર્ગણાઓના પુદ્ગલોને ગ્રહણ કરતાં કરતાં પોતાનો જીવનકાળ પસાર કરતાં જાય છે. આ રીતે જીવનકાળ પસાર કરતાં કરતાં ચારે વર્ગણાઓના પુદ્ગલોમાં રાજીપો અને નારાજી કરી કરીને પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. એમાં એમને ખબર પડતી નથી કે મારે જે સુખ જોઇએ છે એ સુખ આ પુદ્ગલોનું પરિણમન મને આપી શકે એમ નથી આવી વિચારણા પણ એ જીવોને પ્રાપ્ત થઇ શકતી નથી. એવા ભાવમનના સૂક્ષ્મ પરિણામો અંતરમાં ચાલ્યા કરતાં હોય છે કે જેના પ્રતાપે તીર્થંકર પરમાત્માઓ અથવા કેવળી ભગવંતો અથવા સિધ્ધ પરમાત્માઓ આ જીવોને દુઃખમાંથી જરાય છોડાવી શકે એવી તાકાત રહેલી નથી. માત્ર આ જીવોની દયાજ અંતરમાં સદા માટે પેદા કરીને પોતે પોતાના જ્ઞાનમાં મસ્ત રીતે જીવન જીવતાં હોય છે.

વાઉકાય જીવો ઔદારિક ગ્રહણયોગ્ય વર્ગણાઓને-શ્વાસોશ્વાસ ગ્રહણયોગ્ય વર્ગણાઓને-તૈજસ શરીર ગ્રહણયોગ્ય વર્ગણાઓના પુદ્ગલોને અને કાર્મણ ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્ગલોને સમયે સમયે ગ્રહણ કરતાં કરતાં પોતાનો આયુષ્ય કાળ જેટલો હોય છે એટલા કાળ સુધી આ ચારે ગ્રહણયોગ્ય વર્ગણાઓના પુદ્ગલોને ગ્રહણ કરી પરિણમાવી વિસર્જન કરવાની શક્તિથી અનુકૂળ પુદ્ગલો ગ્રહણ થાય તો રાજીપો કરતાં કરતાં અને પ્રતિકૂળ પુદ્ગલો ગ્રહણ થાય તો નારાજી કરતાં કરતાં પોતાના આત્માનો સંસાર વધારતાં જાય છે. આ વાઉકાય જીવોમાં કેટલાક વાઉકાય જીવો એટલે કે અસંખ્યાતા વાઉકાય જીવો સ્વાભાવિક રીતે જ્યારે વા વંટોળ જોરદાર પેદા થયેલો હોય અથવા ચક્રાવા પેદા કરતો કરતો વા વંટોળ પેદા થયેલો હોય અથવા ભમરીઓ વાયુ પેદા થતો હોય એમ અનેક પ્રકારે વાયુના ભેદો પ્રાપ્ત થાય તે વખતે એ વાઉકાય જીવોને વિષે કેટલાક વાઉકાય જીવો વૈક્રીય વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી વૈક્રીય શરીર રૂપે પરિણમાવી વિસર્જન કરતાં જાય છે. એટલે કે વૈક્રીય ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને વૈક્રીય શરીર બનાવે છે.

માટે આ વાઉકાય જીવોને ચાર ગ્રહણયોગ્ય વર્ગણાઓની સાથે કેટલાક વાઉકાય જીવો વૈક્રીય ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્ગલોને પણ ગ્રહણ કરતાં હોવાથી એમને પાંચમી ગ્રહણયોગ્ય વર્ગણા પણ પ્રાપ્ત થાય છે. આ જીવોને હું વૈક્રીય શરીર બનાવું એવી ઇચ્છા કે વિચારણા પણ પ્રાપ્ત થતી નથી માત્ર વા વંટોળાદિ વખતે બીજા ઘણા વાઉકાય જીવો પેદા થતાં હોવાથી એ વાઉકાય જીવોમાં વૈક્રીય શરીરની પ્રાપ્તિ કરી શકે એવા અસંખ્યાતા વાઉકાય જીવો તે વખતે પ્રાપ્ત થયેલા હોય છે. માટે એવા વા વંટોળીયા વખતે અથવા જોરદાર પવનના વાયુના સપાટા વખતે મકાનોના મકાનો ઉડી જાય છે મનુષ્યોને પણ ઉડાડી દે છે એમ ઘણા જીવોનો સંહાર એ વા વંટોળીયા વગેરેથી પ્રાપ્ત થતો જાય છે. માટે એકેન્દ્રિય જીવોમાંથી વાઉકાય જીવો વૈક્રીય ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરતાં હોવાથી જુદા સ્વરૂપે એમનું વર્ણન કરેલું છે. આ વૈક્રીય વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરીને વૈક્રીય શરીર રૂપે પરિણામ પમાડે તે એક અંતર્મુહૂર્ત સુધીજ વૈક્રીય શરીર રૂપે રહે છે. આથી અધિક કાળ વૈક્રીય શરીર બાદરવાઉકાય જીવોને ટકી શકતું નથી. પણ આ રીતે વારંવાર વૈક્રીય શરીર પ્રાપ્ત કરી શકે છે.

બેઇન્દ્રિય તેઇન્દ્રિય ચઉરીન્દ્રિય અને અસન્નીપંચેન્દ્રિય જીવોને વિષે ગ્રહણ કરાતી વર્ગણાઓનું વર્ણન

આ જીવો ઔદારિક ગ્રહણયોગ્ય તૈજસ ગ્રહણયોગ્ય શ્વાસોશ્વાસ ગ્રહણયોગ્ય ભાષા ગ્રહણયોગ્ય અને કાર્મણ ગ્રહણયોગ્ય એમ પાંચ વર્ગણાઓનો ઉપયોગ પાંચ વર્ગણાઓના પુદ્ગલોનો ઉપયોગ સમયે સમયે કરતાં કરતાં પોતાનો આયુષ્યકાળ જેટલો હોય તેટલા કાળ સુધી એ વર્ગણાઓના પુદ્ગલોને ઉપયોગ કરીને એમાં રાગાદિ પરિણામ કરતાં કરતાં સહજ રીતે પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. જેમકે

કેટલાક જીવો કોઇ કોઇ ક્ષેત્રમાંથી ઉત્પન્ન થઇ બેઇન્દ્રિયાદિ રૂપે ઉત્પન્ન થાય એ બેઇન્દ્રિય રૂપે ઉત્પન્ન થયેલા જીવો શરીર પર્યાપ્તિ પૂર્ણ કરે ત્યારથી સમયે સમયે ઔદારિક ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી એને ઔદારિક શરીર રૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે. ત્યારથી ઔદારિક વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. એની પહેલાં વિગ્રહગતિથી શરૂ કરીને જ્યાં સુધી શરીર પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી આ જીવો સમયે સમયે કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી સાત કર્મ રૂપે પરિણમાવવાની શક્તિ પેદા કરીને વિસર્જન કરવાની શક્તિ પેદા કરતાં જાય છે. જ્યારે આ જીવો શરીર પર્યાપ્તિ પૂર્ણ કર્યા બાદ ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ કરે અને ત્યાર પછી શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ કરવાની શક્તિ પ્રાપ્ત કરે તે વખતે જગતમાં રહેલા શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને પરિણમાવીને વિસર્જન કરવાની શક્તિને-ઉચ્છવાસ અને નિશ્વાસ રૂપે બનાવવાની શક્તિને પ્રાપ્ત કરે છે. આ રીતે શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ થયે આ જીવો કાર્મણ વર્ગણાના પુદ્ગલોને સમયે સમયે ગ્રહણ કરે છે તેમ તૈજસ વર્ગણાના પુદ્ગલોને પણ સમયે સમયે ગ્રહણ કરતાં કરતાં તૈજસ શરીર રૂપે પરિણમાવવાની શક્તિ પેદા કરતાં જાય છે. એવીજ રીતે આ જીવો ભાષા પર્યાપ્તિ પૂર્ણ કરે ત્યારે ભાષા વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને ભાષા રૂપે પરિણમાવી અને વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે. એની સાથે સાથે વચન બોલવાની શક્તિ, વચન બળ જીવને પ્રાપ્ત થતું જાય છે અને પોતાનું આયુષ્ય જેટલું હોય છે એટલા કાળ સુધી સમયે સમયે ઔદારિક વર્ગણાના પુદ્ગલો-તૈજસ વર્ગણાના પુદ્ગલો-કાર્મણ વર્ગણાના પુદ્ગલો-શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્ગલો અને ભાષા વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરતાં કરતાં પોતાનું ભોગવાતું જેટલું આયુષ્ય હોય એટલા કાળ સુધી આ પુદ્ગલોના સંયોગથી આ પુદ્ગલોના નિમિત્તથી પોતાનું જીવન જીવતાં હોય છે. આમાં જે પુદ્ગલો ગ્રહણ કરતાં કરતાં અનુકૂળ રૂપે

પરિણમન પામે તે પુદ્‌ગલો પ્રત્યે રાગાદિ પરિણામ અને મમત્વ બુધ્ધિ વિશેષ રીતે પ્રાપ્ત કરતાં કરતાં પોતાનું જીવન જીવતાં હોય છે. એવીજ રીતે જે પુદ્‌ગલોને ગ્રહણ કરતાં કરતાં પ્રતિકૂળ રૂપે એ પુદ્‌ગલો ગ્રહણ કરાતા હોય તો એ પુદ્‌ગલો પ્રત્યે દ્વેષાદિ પરિણામ પેદા કરીને પોતાનું જીવન જીવતા હોય છે. આ રીતે રાગાદિ પરિણામ અને મમત્વ બુધ્ધિ પેદા કરતાં કરતાં કેટલાક જીવો સંખ્યાતા ભવોનો કેટલાક જીવો અસંખ્યાતા ભવોનો અને કેટલાક જીવો અનંતા ભવોનો સંસાર એટલે કે જન્મ મરણની પરંપરા રૂપ પોતાના આત્માનો સંસાર ક્રમસર વધારતાં જાય છે. અને સંસારમાં પરિભ્રમણ કરતાં જાય છે.

આ બેઇન્દ્રિયાદિ જીવો આ રીતે પાંચે પ્રકારની વર્ગણાઓના પુદ્‌ગલોને ગ્રહણ કરતાં કરતાં પોતાનો સંસાર વધારે છે તેમ એની સાથે સાથે ભારે કર્મપણું પણ સહજ રીતે વધારતા જાય છે. એટલે કે બાંધતા જાય છે. બેઇન્દ્રિય જીવો ભાષા વર્ગણાના પુદ્‌ગલો ગ્રહણ કરી ભાષા રૂપે પરિણમાવતા જે એમને વચનબળની શક્તિ પ્રાપ્ત થાય છે એનાથી એ જીવોને જે કંઇ પુદ્‌ગલોનો આહાર પ્રાપ્ત થાય તેને સ્વાદ રૂપે ચાખી ચાખીને પછીજ એનો ઉપયોગ કરવો એ રીતે નિર્ણય કરી અને જીવન જીવતાં હોય છે. એનાથી પોતાના આત્માની ભારેકર્મીતા ક્રમસર વધારતાં જાય છે. તેઇન્દ્રિય જીવો ભાષા વર્ગણાના પુદ્‌ગલોથી વચનબળ પ્રાપ્ત કરીને જે આહારના પુદ્‌ગલો પ્રાપ્ત થાય તેને સ્વાદવાળા અનુકૂળ હોવાછતાં પણ ઘ્રાણેન્દ્રિયના કારણે એ પુદ્‌ગલોને સુંઘી સુંઘીને પોતાને અનુકૂળ સુગંધ લાગે તો એનો ઉપયોગ કરે છે. બાકી ઉપયોગ કરતાં નથી. આ સ્વભાવના કારણે પોતાના આત્માનો સંસાર ભારેકર્મ રૂપે વધારતાં જાય છે. ચઉરીન્દ્રિય જીવો ભાષા વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી ભાષા રૂપે પરિણમાવી વચનબળની શક્તિ પ્રાપ્ત કરતા હોવાછતાં પણ સ્વાદવાળા પુદ્‌ગલો પ્રાપ્ત થયેલા હોય પોતાને અનુકૂળ ગંધવાળા પુદ્‌ગલો પણ પ્રાપ્ત થયેલા હોય પણ જો ચક્ષુથી અનુકૂળ ન લાગે તો એ પુદ્‌ગલોનો ત્યાગ

કરી ચક્ષુને અનુરૂપ એવા પુદ્ગલોને પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરતાં કરતાં એ સ્વભાવથી પોતાના આત્માનો ભારેકર્મી રૂપે સંસાર વધારતા જાય છે. આથી આ જીવો મરીને પંચેન્દ્રિયપણું પ્રાપ્ત કરે તોપણ એ પંચેન્દ્રિયપણામાં એટલે કે મનુષ્યપણું પ્રાપ્ત કરતાં હોવાછતાં પણ એ મનુષ્યપણામાં આરાધના કરીને મોક્ષે જઇ શકતા નથી. માત્ર ખુબ પ્રયત્ન કરે તો છઠ્ઠા કે સાતમા ગુણસ્થાનકના પરિણામને પ્રાપ્ત કરી શકે છે. પણ એથી અધિક પરિણામની પ્રાપ્તિ આ જીવોને થઇ શકતી નથી. કારણ કે પાંચે પ્રકારના ભાષા વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરતાં કરતાં એની સાથે સાથે ચાખીને જીવવાનો સ્વભાવ સુંઘીને જીવવાનો સ્વભાવ અને જોવામાં જે કંઇ વર્ણાદિ પોતાને અનુકૂળ લાગે એવો સ્વભાવ પ્રાપ્ત કરતાં હોવાથી એની સાથે સાથે ભારે કર્મ અનુબંધ રૂપે બંધાતુ જાય છે. માટે મનુષ્યપણું પ્રાપ્ત કરવા છતાં પણ એ મનુષ્યપણામાં સિદ્ધિ ગતિને યોગ્ય પુરૂષાર્થ કરવાની તાકાત પ્રાપ્ત થઇ શકતી નથી.

સન્ની પર્યાપ્તા જીવોને વિષે ગ્રહણયોગ્ય વર્ગણાઓનું વર્ણન

નરકગતિને વિષે ગ્રહણયોગ્ય વર્ગણાઓના પુદ્ગલોનું વર્ણન

નરકગતિમાં રહેલા જીવો વૈક્રીય ગ્રહણયોગ્ય વર્ગણાઓ તૈજસ ગ્રહણયોગ્ય વર્ગણાઓ કાર્મણ ગ્રહણયોગ્ય વર્ગણાઓ શ્વાસોશ્વાસ ગ્રહણયોગ્ય વર્ગણાઓ ભાષા ગ્રહણયોગ્ય વર્ગણાઓ અને મન ગ્રહણયોગ્ય વર્ગણાઓ આ છ ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરતાં કરતાં પોતાના આયુષ્યકાળ સુધી પોતાનું જીવન જીવતાં હોય છે. જે જીવો મનુષ્યપણામાં કે તિર્યંચપણામાં અનેક પ્રકારના ભયંકર કોટિના પાપોનું આચરણ કરતાં કરતાં અથવા શરીરથી આચરણ કરવાની શક્તિ ન હોય તો મનના પરિણામથી વિચારણાઓ કરી કરીને અનેક પ્રકારના

પાપો કરીને નરકગતિનો બંધ અને નરકઆયુષ્યનો બંધ કરતાં કરતાં નરકગતિમાં ઉત્પન્ન થવાલાયક કર્મો બાંધીને નરકગતિમાં ઉત્પન્ન થાય છે. આ જીવો નરકાયુષ્યનો ઉદય પ્રાપ્ત કરીને સમયે સમયે કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરતાં કરતાં સાત કર્મ રૂપે પરિણમન પમાડતાં જાય છે. આ જીવોને ક્ષેત્રજન્ય વેદના એટલી બધી જોરદાર હોય છે કે નરકાયુષ્યનો ઉદય પેદા થતાની સાથેજ માથું ફાટી જાય છે. અને ક્યારે અહીંથી મરણ પામીને બીજા સ્થાનમાં જાઉં અને ત્યાં શાંતિથી જીવન જીવું આવીવિચારણા સહજ રીતે ઉત્પન્ન થનાર દરેક જીવોને પ્રાપ્ત થતી હોય છે. આથી આ વિચારણાના પ્રતાપે કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરતાં કરતાં સાત કર્મ રૂપે પરિણમન પમાડતાં એમાં અશુભ પ્રકૃતિઓ તીવ્રરસે પરિણામ પમાડીને અને શુભ પ્રકૃતિઓ જે બંધાતી હોય તે મંદરસે પરિણામ પમાડીને પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. જ્યારે આ જીવો સમયે સમયે જેમ કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરે છે તેમ શરીર પર્યાપ્તિ પૂર્ણ કર્યા બાદ વૈક્રીય ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી વૈક્રીય શરીર રૂપે પરિણમન પમાડી વિસર્જન કરતાં જાય છે એમાં વૈક્રીય શરીર રૂપે જે પુદ્‌ગલો પરિણમન પામે છે એ શરીર પોતાને અનુકૂળ રીતે પરિણમન પામતું ન હોવાથી અંતરથી દ્વેષ બુધ્ધિ પેદા થતી જાય છે. અને પોતાના શરીર કરતાં બીજું સારૂં નવું શરીર બનાવું એવી ભાવના રાખીને ઉત્તરવૈક્રિય શરીર બનાવવા પ્રયત્ન કરે છે તો પણ અશુભ કર્મના તીવ્રરસના ઉદયના કારણે સારું શરીર બનાવી શકતા નથી. ઉપરથી પોતાના મુળ શરીર કરતાં બીજું ઉત્તર વૈક્રીય શરીર વધારે ખરાબ રુપે પ્રાપ્ત થતું હોવાથી અંતરથી દ્વેષબુધ્ધિ સહજ રીતે વધતી જાય છે. આ રીતે વૈક્રીય વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી વૈક્રીય શરીર રૂપે પરિણમાવવાનો પ્રયત્ન કરતાં કરતાં અંતરમાં દ્વેષ બુધ્ધિ પેદા કરીને પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે કારણ કે પોતાનું મૂળ શરીર અને ઉત્તર વૈક્રીયથી થતું વૈક્રીય શરીર

જોવાની ઇચ્છા પણ પેદા થતી નથી અને એ શરીરથી જીવન જીવવાનું મન પણ પેદા થતું નથી પણ આના સિવાયબીજું શરીર પ્રાપ્ત થતું ન હોવાથી અંતરમાં નારાજી ભાવનો સ્વભાવ રાખીને પોતાના આયુષ્યકાળ સુધી એ શરીરથી જીવન જીવતાં જાય છે. અને નારાજીના સ્વભાવ રૂપે સમયે સમયે અશુભ કર્મો તીવ્રરસે બાંધતા જાય છે. આ વૈક્રીય વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરતાંની સાથે તૈજસ વર્ગણાના પુદ્ગલોને પણ ગ્રહણ કરતાં જાય છે. એ તૈજસ વર્ગણાના પુદ્ગલો જે રીતે પરિણામ પામવા જોઇએ એ રીતે પરિણામ પામતાં નથી. કારણ કે ત્યાં પોતાની ઇચ્છા મુજબના આહારના પુદ્ગલો એટલે કે અનુકૂળ આહારના પુદ્ગલો પ્રાપ્ત થતાં નથી જ્યારે જ્યારે આહારની ઇચ્છા પેદા થાય છે ત્યારે ત્યારે પ્રતિકૂળ આહારના પુદ્ગલોજ એમને પ્રાપ્ત થતાં જાય છે. અને એ પ્રતિકૂળ આહારના પુદ્ગલોનું પરિણમન પ્રતિકૂળ રૂપેજ પ્રાપ્ત થતું હોવાથી ફરીથી આહાર નહિ કરું, ઇચ્છા પણ નહિ કરું એવી વિચારણા પણ પેદા થતી જાય છે અને બીજી જ ક્ષણે ભૂખ પણ એટલી સખત પેદા થાય છે કે આહારની ઇચ્છા વગરનો કાળ એમનો પસાર થઇ શકતો નથી. આ રીતે વૈક્રીય અને તૈજસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરતાં કરતાં એ પુદ્ગલો પ્રત્યે દ્વેષ બુધ્ધિ અને નારાજી ભાવ પેદા કરતાં કરતાં અશુભ કર્મો તીવ્રરસે બાંધતા જાય છે. શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ કર્યા બાદ જગતમાં રહેલા શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને પરિણમન પમાડતાં એ પુદ્ગલો અશુભ રૂપેજ પરિણામ પામતાં જાય છે એટલે કે શ્વાસની ધમણ તીવ્રરૂપે ચાલુ થતી જાય છે. એટલે કે ઉચ્છવાસ એકદમ વધતો જાય છે. અને નિશ્વાસ બહુજ ઓછો પ્રાપ્ત થાય છે. આના પ્રતાપે પોતાના જીવનકાળ દરમિયાન શ્વાસ જોરદાર રૂપે ચાલુને ચાલુજ હોય છે. કોઇવાર શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્ગલો સરખી રીતે પ્રાપ્ત કરવા છતાં પણ ઉચ્છવાસ એકદમ મંદ પડી જાય અને નિશ્વાસ રૂપે પુદ્ગલો ઘણા નીકળી જાય છે. આ રીતે શ્વાસોશ્વાસની ધમણ એક સરખી રીતે ત્યાં

ચાલતી નથી. ત્યાં અધિક શ્વાસોશ્વાસ ચાલે કે અલ્પ શ્વાસોશ્વાસ ચાલે એ રીતે અધિક અને અલ્પ શ્વાસોશ્વાસથી પોતાનું જીવન જીવતાં જીવતાં અંતરમાં એ પુદ્‌ગલો પ્રત્યે દ્વેષબુધ્ધિ વિશેષ રીતે પેદા થતાં થતાં સરખો શ્વાસોશ્વાસ ચાલે એવો પ્રયત્ન કરવાનું મન હોવાછતાં પણ કર્મના ઉદયથી એ રીતે કરી શકતા નથી. આ રીતે શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી એને પરિણમાવતા એ પુદ્‌ગલો પ્રત્યે નારાજી ભાવ અને દ્વેષબુધ્ધિ પેદા કરતાં કરતાં પોતાનું જીવનજીવતાં હોય છે. એવીજ રીતે ભાષા વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી ભાષા રૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરે એમાં પણ જોરદાર તીવ્રરસે પાપનો ઉદય પેદા થયેલો હોવાથી વચનથી એમની ભાષા કર્કશ સ્વભાવવાળી બીજાને પ્રતિકૂળતા પ્રાપ્ત કરે એવી, એટલે કે બીજાના આત્માનું અહિત જલ્દી પેદા થાય એવી ઘણા અક્ષરોવાળી અને ગુણ પેદા કરવામાં સહાયભૂત ન થાય એવી ભાષા સદા માટે પોતાના જીવનમાં ચાલુ હોય છે. આ ભાષા વર્ગણાના પુદ્‌ગલોથી તે વખતે બોલતાં બોલતાં શ્વાસ પણ જોરદાર પેદા થતો જાય, ભૂખ પણ ઘણી લાગે, તરસ પણ ઘણી લાગે, બોલવાની ઇચ્છા ન થાય તો પણ એવા ક્ષેત્રમાં જન્મ પામેલા હોય છે કે પરાણે પણ કર્કશ ભાષા બોલ્યા વગર રહેતાં નથી અને એ ભાષા વર્ગણાના પુદ્‌ગલોથી એજ પુદ્‌ગલો પ્રત્યે દ્વેષબુધ્ધિ પેદા કરીને પોતાના આત્માનો સંસાર વધારતાં જાય છે. એવીજ રીતે મન વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરવાની શક્તિ પ્રાપ્ત થયેલી હોવાથી જગતમાં રહેલા મનોવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી મન રૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે એમાં સારા વિચારો પ્રાપ્ત ન થાય આત્મકલ્યાણ માટેના ઉપયોગી વિચારો પ્રાપ્ત ન થાય એ રીતનાજ વિચારો કરતાં કરતાં પોતાનો જીવનકાળ પસાર કરતાં જાય છે. જેમકે હું આને મારી નાખું, ખતમ કરી નાંખુ, આ મને જોવોય ગમતો નથી, આ ક્ષેત્રમાં રહેવું મને પસંદ નથી આ ક્ષેત્રને છોડીને બીજા ક્ષેત્રમાં ચાલ્યો જાઉં, ભાગી જાઉં, નાસી જાઉં કોઇ મને

જુવે નહિ એવા સ્થાનને વિષે હું ચાલ્યો જાઉં આવી અનેક પ્રકારની વિચારણાઓ અંતરમાં પેદા કરી કરીને મનો વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી મન રૂપે પરિણમાવી વિસર્જન કરતાં કરતાં એ વર્ગણાના પુદ્‌ગલોથી આત્માને દુઃખી કરતો કરતો પોતાના આત્માનો સંસાર વધારતો જાય છે. અહીં મનુષ્યપણામાં કે તીર્યંચપણામાં જે જીવો મોટેભાગે અશુભ વિચારોમાં રહીને અશુભ ચિંતવન કરતાં કરતાં એની સ્થિરતા પ્રાપ્ત કરીને પોતાનું જીવન પુરૂ કરેલું હોય અને એ સંસ્કાર સાથે લઇને નરકગતિમાં ઉત્પન્ન થાય તો નરકગતિમાં પણ મનોવર્ગણાના પુદ્‌ગલોથી એજ રીતે પોતાનો જીવનકાળ પસાર કરતાં જાય છે. આવા જીવોને કોઇકાળે સારા વિચાર પેદા થવાની સંભાવના ત્યાં પ્રાપ્ત થતી નથી. કોઇ લઘુકર્મી ભવ્યાત્મા જીવો મનુષ્ય કે તિર્યંચપણામાં સારા વિચારો કરતાં કરતાં એ રીતે જીવન જીવતાં હોય એનો સંસ્કાર પાડેલો હોય અને કોઇવાર અશુભ વિચારોની તીવ્રતા પેદા થતાં નરકાયુષ્ય બંધાઇ ગયું હોય અને નરકમાં ઉત્પન્ન થાય તો ત્યાં અશુભ વિચારો સંસ્કાર રૂપે રહેલા ન હોવાથી થોડોકાળ અશુભ વિચારની પ્રાપ્તિપેદા થતી જાય અને પછી લઘુકર્મીતાના પ્રતાપે શુભ વિચારોના સંસ્કાર મજબૂત કરેલા હોવાથી ત્યાં પણ શુભ વિચારો પ્રાપ્ત કરી પોતાના આત્માનું કલ્યાણ સાધવા માટે પ્રયત્ન કરવાનું મન થાય છે. અને એ રીતે પ્રયત્ન કરીને એ જીવો નરકગતિમાં પણ અપુનર્બંધક દશાનો પરિણામ પ્રાપ્ત કરી તીવ્રભાવે પાપ કરવાના પરિણામોને નાશ કરી સુખમય સંસાર પ્રત્યે રાગાદિ પરિણામની મંદતા પેદા કરીને તેમજ ત્યાં પણ ઉચિત વ્યવહારનું પાલન કરતાં કરતાં પોતાના આત્મામાં રહેલા અભયગુણને પેદા કરતો જાય છે. અદ્વેષ ભાવ પણ પેદા કરતો જાય છે. અને અખેદ રીતે એ પરિણામને પ્રાપ્ત કરી સ્થિર કરવા માટેનો પણ પ્રયત્ન કરતો જાય છે. આ રીતે પ્રયત્ન કરતાં કરતાં શુધ્ધ યથાપ્રવૃત્ત કરણ પ્રાપ્ત કરી ચરમ યથાપ્રવૃત્ત કરણને પ્રાપ્ત કરતો કરતો અપુર્વકરણ નામના અધ્યવસાયને પ્રાપ્ત કરી ગ્રંથીભેદ કરીને

અનીવૃત્તિકરણ અધ્યવસાયને પ્રાપ્ત કરી એક અંતર્મુહૂર્ત બાદ ઉપશમ સમકિતની પ્રાપ્તિ કરી શકે છે. આ રીતે ઉપશમ સમકિત એકથી સાતે નારકીમાંથી કોઇપણ નારકીના જીવો પ્રાપ્ત કરી શકે છે. અહીં શુભ વિચારોના સંસ્કારોને મજબુત કરેલા હોવાથી આવી તીવ્રવેદનામાં પણ એ સંસ્કારો આ રીતે ઉપયોગી થઇ સમ્યત્વ પમાડવામાં સહાયભૂત થતા જાય છે અને એ ઉપશમ સમકિતમાંથી પછી ક્ષાયોપશમ સમકિતની પ્રાપ્તિ કરી પોતાનું જેટલું આયુષ્ય હોય એટલા આયુષ્યકાળ દરમિયાન સમકિતને ટકાવીને પોતાનો કાળ પસાર કરતાં જાય છે. આ સમકિતી એવા નારકીના જીવો વૈક્રીય વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરતાં દ્વેષબુધ્ધિ પેદા થવા દેતા નથી. એજ રીતે તૈજસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરતાં શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરતાં ભાષા વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરતાં અને મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરતાં કરતાં દ્વેષબુધ્ધિ પેદા થતી ન હોવાથી કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી સમયે સમયે સાત કર્મ રૂપે પરિણામ પમાડી પોતાનું જીવન જીવતાં હોય છે એમાં અશુભ કર્મની મંદતા એટલે કે અશુભ કર્મો મંદરસે બાંધે છે. અને બંધાતા શુભ કર્મો તીવ્રરસે બાંધી સકામ નિર્જરા સાધતા સાધતા બંધાયેલી જન્મ મરણની પરંપરાનો નાશ પણ ત્યાં દુઃખ ભોગવતાં ભોગવતાં કરતાં જાય છે. આવી નારકીની વેદનાઓમાં પણ સમકિતની પ્રાપ્તિ કરી જન્મ મરણની પરંપરાનો નાશ કરી શકતા હોય તો એ નારકીના જીવોના દુઃખ કરતાં વર્તમાનકાળનું આપણું દુઃખ કેટલું ! આટલી અલ્પ પ્રતિકૂળતા રૂપે દુઃખની પ્રાપ્તિ પેદા થતી હોય છે તો પણ એ દુઃખના કાળમાં સારો પરિણામ ટકાવવા માટે પ્રયત્ન કરતાં નથી. ઉપરથી શરીરના રાગના કારણે અનુકૂળ એવા શરીર પ્રત્યે મમત્વ બુધ્ધિ સ્થિર કરેલી હોવાથી એ સ્થિરતાવાળી મમત્વબુધ્ધિના પ્રતાપે પાપના ઉદયથી ગમે તેટલી નરકની અપેક્ષાએ અલ્પ પ્રતિકૂળતા પ્રાપ્ત થતી હોવાછતાં પણ સારા પરિણામ ટકાવવાનો અને સ્થિર કરવાનો અભ્યાસ પેદા કરતાં નથી. તો

પછી આપણું કલ્યાણ થશે કઇ રીતે ! આનો કોઇ દિ' વિચાર કરીએ છીએ ખરા ! દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરવા છતાં પણ જો પ્રતિકૂળતામાં સારા વિચારો પેદા કરીને સ્થિરતા પેદા કરવાનો પ્રયત્ન નહિ કરીએ તો આત્મકલ્યાણ માટે ઉપયોગી એવી આરાધના આપણા આત્મા માટે બનશે કઇ રીતે ! આ રીતે નારકીના જીવો વૈક્રીય ગ્રહણયોગ્ય આદિ છ વર્ગણાઓના પુદ્‌ગલોને વિષે સમકીત ન હોય તો દ્વેષાદિ પરિણામ પેદા કરી કરીને પોતાના આત્માનો સંસાર વધારતાં જાય છે. અને સમકિત પ્રાપ્ત કરીને અથવા કોઇ જીવ સમકીત લઇને છ નારકી સુધી ઉત્પન્ન થાય તો ત્યાં વૈક્રીય ગ્રહણયોગ્ય વર્ગણાઓ આદિ છ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરતો કરતો એમાં દ્વેષાદિ પરિણામ કર્યા વગર પોતે જીવનમાં કરેલા પાપનો પશ્ચાત્તાપ કરતાં કરતાં પોતાનું જેટલું આયુષ્ય હોય એટલો કાળ પસાર કરીને પોતાનું જીવન જીવતો હોય છે. અને એમાં ઘણા ખરા કર્મોનો ભુક્કો બોલાવીને જન્મ મરણોની પરંપરા નાશ કરતો જાય છે.

તિર્યંચગતિને વિષે ગ્રહણયોગ્ય વર્ગણાઓના પુદ્‌ગલોનું વર્ણન

આ જીવો ઔદારિક ગ્રહણયોગ્ય-વૈક્રીય ગ્રહણયોગ્ય-તૈજસ ગ્રહણયોગ્ય-શ્વાસોશ્વાસ ગ્રહણયોગ્ય-ભાષા ગ્રહણયોગ્ય-મન ગ્રહણયોગ્ય અને કાર્મણ ગ્રહણયોગ્ય એમ સાત વર્ગણાઓના પુદ્‌ગલોને ગ્રહણ કરીને એ પુદ્‌ગલોને વિષે રાગાદિ પરિણામ પેદા કરી પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે.

તિર્યંચપણામાં રહેલા મોટાભાગના જીવો વૈક્રીય ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલો સિવાય સાત ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોમાંથી છ ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને સમયે સમયે ગ્રહણ કરતાં કરતાં એમાં રાગાદિ પરિણામ પેદા કરતાં કરતાં પોતાના આત્માનો સંસાર વધારતાં જાય છે.

તિર્યંચપણે ઉત્પન્ન થતાં જીવો જે સ્થાનને વિષે ઉત્પન્ન થાય છે તે સ્થાનમાં જે આહારના પુદ્ગલો પ્રાપ્ત થાય અથવા હજી તે સ્થાન સુધી પહોંચ્યા ન હોય અને વિગ્રહગતિમાં રહેલા હોય તો તે વખતે તૈજસ શરીર અને કાર્મણ શરીરથી યુક્ત હોવાથી સમયે સમયે સાત કર્મોનો કર્મબંધ કરતાં જાય છે. એ વખતે કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી સાત કર્મ રૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પૂર્વભવથી સાથે લઇને આવેલા હોવાથી ચાલુને ચાલુજ હોય છે. એમાં અંતરમાં જેવું પરિણામ હોય એ પરિણામ મુજબ અશુભ પ્રકૃતિઓનો તીવ્રરસ અને શુભ પ્રકૃતિઓનો મંદરસ બાંધતા જાય છે. જ્યારે જે સ્થાને ઉત્પન્ન થવાનું હોય તે સ્થાનને પ્રાપ્ત કરે તે વખતે ત્યાં જે આહારના પુદ્ગલો પ્રાપ્ત થાય એને ગ્રહણ કરે છે એ રીતે સમયે સમયે ગ્રહણ કરતાં કરતાં અસંખ્યાત સમય સુધી ગ્રહણ કરીને એ ગ્રહણ કરેલા પુદ્ગલોને ખલ અને રસ રૂપે પરિણમાવીને ખલવાળા પુદ્ગલોનો નાશ કરી રસવાળા પુદ્ગલોનો સંગ્રહ કરતાં કરતાં પોતાનું જીવન જીવતાં હોય છે. અને જ્યારે શરીર પર્યાપ્તિ પૂર્ણ કરે ત્યારથી જગતમાં રહેલા ઔદારિક વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરવાની શક્તિ પેદા થતી જાય છે અને એ પુદ્ગલોને ગ્રહણ કરતાં કરતાં પરિણમાવવાની શક્તિ પેદા કરી વિસર્જન કરવાની શક્તિ પેદા કરતાં જાય છે એમાં જો પોતાને અનુકૂળ એવા શરીરની પ્રાપ્તિ ન થતી હોય અને પ્રતિકૂળ શરીરની પરિણતી પ્રાપ્ત થતી હોય તો ગ્રહણ કરેલા પુદ્ગલો પ્રત્યે દ્વેષાદિ ભાવ પેદા કરીને સંસારની વૃધ્ધિ કરતાં જાય છે. અને અનુકૂળ શરીર રૂપે પરિણમન થતું હોય તો એ ઔદારિક ગ્રહણયોગ્ય વર્ગણાઓના પુદ્ગલો પ્રત્યે રાગાદિ પરિણામ પેદા કરીને પોતાના સંસારની વૃધ્ધિ કરતાં જાય છે. જ્યારે આ જીવો શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ કરે ત્યારે જગતમાં રહેલા શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરવાની શક્તિ પેદા કરી ઉચ્છવાસ નિશ્વાસ રૂપે પરિણમાવી નિશ્વાસ વાળા પુદ્ગલોને વિસર્જન કરવાની શક્તિ પેદા કરીને પોતાનું

જીવન જીવતાં હોય છે. એમાં પોતાને અનુકૂળ શ્વાસોશ્વાસ પરિણમન થતો હોય તો અંતરમાં રાગાદિ પરિણામ પેદા થાય છે અને પ્રતિકૂળ શ્વાસોશ્વાસ પરિણમન રૂપે પેદા થતો હોય તો અંતરમાં દ્વેષાદિ પરિણામ પેદા કરીને પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. એજ રીતે ભાષા પર્યાપ્તિ પૂર્ણ કરીને જગતમાં રહેલા ભાષા વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી ભાષા રૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે જો એમાં મનુષ્યપણાની ભાષા રૂપે ભાષા બોલવાની શક્તિ પેદા થાય તો એ રીતે ભાષા બોલતાં બોલતાં પોતાનું જીવન પસાર કરતાં જાય છે. મોટેભાગે તિર્યંચપણામાં રહેલા જીવોને ભાષા વર્ગણાના પુદ્‌ગલોથી વચનબળની શક્તિ મળેલી હોવાછતાંય પોતે એ વચનોને બહાર કાઢીને બીજાને સમજાવી શકે એવી તાકાત પેદા થતી નથી. એટલે કે બીજાની ભાષાને સાંભળીને સમજવાની શક્તિ પેદા થાય છે પણ પોતે ભાષા રૂપે વચન બહાર કાઢીને બીજાને સમજાવી શકતા નથી. આ રીતે ભાષા વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી ભાષા રૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ મળેલી હોવાછતાં પણ જો એ અનુકૂળ રૂપે પરિણમન પામતી હોય તો રાગાદિ પરિણામ પેદા થતા જાય છે અને પ્રતિકૂળ રૂપે પરિણામ પામતી હોય તો દ્વેષાદિ પરિણામ પેદા થતાં જાય છે. આ રીતે એ ભાષા વર્ગણાના પુદ્‌ગલોમાં રાગાદિ પરિણામ કરતાં કરતાં પોતાના આત્માનો સંસાર વધારતાં જાય છે. એજ રીતે તૈજસ વર્ગણાના પુદ્‌ગલોને સમયે સમયે ગ્રહણ કરી તૈજસ રૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરેલી હોવાછતાં પણ જે આહારના પુદ્‌ગલો પ્રાપ્ત કર્યા હોય અને એનાથી જે આહાર કરેલો હોય એ સરખી રીતે પરિણમન ન પામે તો તૈજસ વર્ગણાના પુદ્‌ગલો પ્રત્યે દ્વેષાદિ ભાવ પેદા કરીને પોતાનો સંસાર વધારતાં જાય છે. અને જો સરખી રીતે પરિણમન થતું હોય એ રીતે અનુકૂળતા પ્રાપ્ત થતી હોય તો તૈજસ વર્ગણાના પુદ્‌ગલો પ્રત્યે રાગાદિ પેદા કરીને પોતાનો સંસાર વધારતા જાય છે. એવીજ રીતે જગતમાં રહેલા મનોવર્ગણાના

પુદ્‌ગલોને ગ્રહણ કરી મન રૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરેલી હોય છે એનાથી મનોવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરતાં કરતાં પોતાને અનુકૂળ વિચાર રૂપે એ પુદ્‌ગલો પરિણમન પામતા જાય તો તેનાથી આનંદ પામતા પામતા રાગાદિ પરિણામ પેદા કરી પોતાનો સંસાર વધારતાં જાય છે. અને એ મનોવર્ગણાના પુદ્‌ગલોથી પોતાને અનુકૂળ વિચાર રૂપે પરિણમન ન થતાં હોય અને પ્રતિકૂળ વિચાર રૂપે પરિણમન થતું હોય તો એમાં દ્વેષાદિ પરિણામ પેદા કરીને મનોવર્ગણાના પુદ્‌ગલોથી સમયે સમયે પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. આ રીતે આ છએ વર્ગમાના પુદ્‌ગલોમાં રાગાદિ પરિણામ અને દ્વેષાદિ પરિણામ કરતાં કરતાં અશુભ પ્રકૃતિઓ કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોથી સાત કર્મ રૂપે જે બંધાતી હોય છે. તે તીવ્રરસે બાંધતા જાય છે અને બંધાતી શુભ પ્રકૃતિઓ મંદરસે બાંધતા જાય છે. આ રીતે બંધ કરતાં કરતાં સંખ્યાતા ભવો અસંખ્યાતા ભવો અથવા અનંતા ભવોનો અનુબંધ પેદા કરીને પોતાના હાથેજ પોતાના આત્માનો સંસાર વધારતાં જાય છે.

સંખ્યાત વર્ષના આયુષ્યવાળા સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચોમાંથી કેટલાક તિર્યંચોને વૈક્રીય લબ્ધી પ્રાપ્ત થતાં વૈક્રીય શરીરની પ્રાપ્તિ પણ કરી શકે છે. અને એ વૈક્રીય શરીર પ્રાપ્ત કરીને પોતે પોતાનું જીવન જીવતાં જીવતાં જો મિથ્યાત્વની હાજરી હોય તો અનેક જીવોનો સંહાર કરતાં કરતાં અને એ શરીર પ્રત્યેની મમત્વ બુધ્ધિ વધારીને પોતાનો સંસાર વધારતા જાય છે. જો સમકિતની પ્રાપ્તિ કરેલી હોય તે વૈક્રીય શરીરવાળા તિર્યંચો પોતાના પાપનો પશ્ચાત્તાપ કરતાં કરતાં જાતિસ્મરણ જ્ઞાન પેદા કરીને પૂર્વ ભવ જોઇને પૂર્વભવે જે રીતે કર્મો કરીને તિર્યંચગતિ અને તિર્યંચ આયુષ્ય બાંધેલું હોય એને જાણીને પોતાના પૂર્વભવના પાપનો પશ્ચાતાપ કરતાં કરતાં સમકિતની હાજરીમાં પુણ્યાનુબંધી પુણ્ય બાંધતા બાંધતા સકામ નિર્જરા કરતાં કરતાં અનેક જન્મ મરણોની પરંપરાને તોડીને પોતાનો જીવનકાળ પસાર કરે છે. કેટલાક દેશવિરતિ

તિર્યંચો એટલે કે પાંચમે ગુણસ્થાનકે રહેલા વૈક્રીય લબ્ધિ પ્રાપ્ત કરીને વૈક્રીય શરીર બનાવીને દેશવિરતિના પરિણામને ટકાવીને પોતાનું સુંદર રીતે જીવન જીવતાં હોય છે. આ જીવોને પણ જાતિસ્મરણ જ્ઞાન પેદા થતાં પૂર્વભવે કરેલા પાપોને યાદ કરીને એની નિંદા અને ગર્હા કરતાં કરતાં આ જીવનમાં એવા પાપ ન થઇ જાય એની કાળજી રાખીને દેશવિરતિના પરિણામને ટકાવી સુંદર રીતે આરાધના કરી, મમત્વ બુધ્ધિનો નાશ કરતાં જાય છે એટલે કે આ જીવ વૈક્રીય લબ્ધિથી વૈક્રીય શરીર બનાવીને તીર્થયાત્રા કરવા માટે જાય અને જ્યાં જ્યાં પોતે પોતાના ક્ષેત્રમાં વિચરતા હોય ત્યાં ત્યાં ઇર્યાસમિતિ જોઇને ચાલતા હોય છે. જૈનશાસન એટલા માટે કહે છે કે સદા માટે જગતને વિષે વૈક્રીય શરીરવાળા તિર્યંચો દેશવિરતિપણાને પામેલા અસંખ્યાતા વિદ્યમાન હોય છે. અને આ તિર્યંચો છેલ્લે અનશન કરી કાળ કરીને વૈમાનિકના આઠમા દેવલોક સુધી જઇ શકે છે. અને કેટલાય જન્મ મરણની પરંપરાનો નાશ કરી શકે છે. અસંખ્યાતા સિંહો અસંખ્યાતા વાઘો દેશવિરતિપણાના પરિણામને પ્રાપ્ત કરીને સુકુ ઘાસ ખાઇને પોતાનું જેટલું આયુષ્ય હોય એટલું આયુષ્ય પૂર્ણ કરે છે. પાણીની તરસ લાગે ત્યારે જે તળાવને વિષે મધ્યાનકાળે સૂર્યના તાપથી ગરમ પાણી થયેલું હોય એ પાણી પી સુકુ ઘાસ ખાઇ પોતાના સ્થાનમાં ઇર્યાસમિતિ જોતાં જોતાં પસાર થાય છે. પણ બીજા કોઇપણ જીવની હિંસા ન થઇ જાય અને હિંસા કરવાનો વિચાર પણ પેદા ન થઇ જાય એની સતત કાળજી રાખે છે. આ રીતે વૈક્રીય શરીરવાળા તિર્યંચો સાત વર્ગણાઓના પુદ્‌ગલોને ગ્રહણ કરીને એ પુદ્‌ગલોથી નિર્લેપ ભાવ પેદા કરવાનો પ્રયત્ન કરતાં કરતાં એ સંસ્કારને મજબૂત કરી વૈમાનિકના આઠમા દેવલોક સુધીમાંથી કોઇપણ દેવલોકનું આયુષ્ય બાંધીને જો કોઇ નિકાચીત કર્મ બંધાયેલા ન હોય તો લઘુકર્મીપણાને પ્રાપ્ત કરી વૈમાનિક દેવલોકમાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જઇ સીમંધર સ્વામી આદિ ૨૦ તીર્થંકરો પાસેથી સંયમાદિ ગ્રહણ કરી પોતાના આત્માનું કલ્યાણ સાધીને

કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી શકે છે. એટલે કે કેટલાક તિર્યંચો ત્રીજે ભવે, પાંચમે ભવે અથવા સાતમે ભવે મોક્ષે ગયા વગર રહેતા નથી. આ રીતે ઔદારિક ગ્રહણ યોગ્ય વૈક્રીય ગ્રહણ યોગ્ય તૈજસ ગ્રહણ યોગ્ય શ્વાસોશ્વાસ ગ્રહણ યોગ્ય, ભાષા ગ્રહણયોગ્ય, મન ગ્રહણયોગ્ય અને કાર્મણ ગ્રહણયોગ્ય એમ સાત વર્ગણાઓના પુદ્ગલોને ગ્રહણ કરતાં કરતાં અનાદિ કાળથી આત્મામાં રહેલી મમત્વ બુદ્ધિને નાશ કરતાં કરતાં નિર્લેપભાવ પેદા કરવાનો સંસ્કાર પેદા કરીને સંખ્યાતા ભવોની અંદર પોતાના આત્માનું કલ્યાણ સાધી શકે છે.

અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચો પોતાનું આયુષ્ય અસંખ્યાત વર્ષનું હોવાથી ભોગ પુણ્ય ભોગવવા માટેજ યુગલીક ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા હોવાથી આ જીવોને તપ કરવાનો ન હોવાથી અને પોતાના ભોગ પુણ્યનો કાળ પસાર કરવાનો હોવાથી વૈક્રીય લબ્ધિ તેમજ અવધિ જ્ઞાન પ્રાપ્ત થઇ શકતું નથી કારણ કે તિર્યંચોને વૈક્રીય લબ્ધિ પેદા કરવા માટે પોતાની શક્તિ મુજબનો તપ કરવાનું વિધાન કહેલું છે. એવીજ રીતે અવધિ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પણ એમને પુરુષાર્થ કરવોજ પડે છે. એટલે કે તપ કર્યા વગર અવધિ જ્ઞાન પ્રાપ્ત થઇ શકતું નથી. માટે વૈક્રીય લબ્ધિ પ્રાપ્ત થતી ન હોવાથી વૈક્રીય શરીર કરી શકતા નથી. અને આ જીવોને અસંખ્યાત વર્ષનું આયુષ્ય રહેલું હોવાથી દેશવિરતિના પરિણામને પ્રાપ્ત કરી શકતા નથી. આ જીવો મિથ્યાત્વપણામાં હોય તો ત્યાં ભગવાનની પ્રતિમાઓના દર્શન કરતાં કરતાં અથવા યુગલિક ક્ષેત્રમાં રહેલા સમકિતી જીવોની વાતોચીતો સાંભળતા સાંભળતા ઉપશમ સમકિત અને ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરી શકે છે. કેટલાક જીવો મનુષ્યપણામાંથી પહેલા તિર્યંચનું આયુષ્ય બાંધીને એટલે કે યુગલિક તીર્યંચનું અસંખ્યાત વર્ષનું આયુષ્ય બાંધીને ત્યારપછી ઉપશમ સમકિતની પ્રાપ્તિ કરે ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરે તો એ ક્ષયોપશમ સમકિત લઇને પણ યુગલિક તિર્યંચપમાં ઉત્પન્ન થઇ શકે છે. એવીજ રીતે કેટલાક મનુષ્યો પહેલા

સંઘયણવાળા હોય અને યુગલિક તિર્યંચનું આયુષ્ય બાંધી દીધેલું હોય તો એ મનુષ્યપણામાં પુરૂષાર્થ કરીને ક્ષયોશમ સમકિત પ્રાપ્ત કરી અને સારો કાળ હોય તો ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ કરીને યુગલિક તિર્યંચ રૂપે ઉત્પન્ન થઇ શકે છે. આવા ક્ષાયિક સમકિત વાળા યુગલિક તિર્યંચો સદા માટે અસંખ્યાતા રહેલા હોય છે. આ જીવો આઠ ગ્રહણયોગ્ય વર્ગણાઓમાંથી ઔદારિક ગ્રહણયોગ્ય તૈજસ ગ્રહણયોગ્ય શ્વાસોશ્વાસ ગ્રહણયોગ્ય ભાષા ગ્રહણયોગ્ય મન ગ્રહણયોગ્ય અને કાર્મણ ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરતાં કરતાં પુણ્યાનુબંધી પુણ્યબંધ રૂપે બંધ કરતાં કરતાં સકામ નિર્જરા કરતાં કરતાં દેવલોકનું આયુષ્ય બાંધીને દેવલોકમાં ઉત્પન્ન થાય છે. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઇ ક્ષાયિક સમકિત સાથે મનુષ્યપણામાં આવી અને પુરુષાર્થ કરીને મોક્ષે જાય છે. આ રીતે ગ્રહણયોગ્ય વર્ગણાઓના પુદ્ગલોના સંયોગમાં રહીને પણ જો આત્માને સમજણના કાળમાં દાખલ કરેલો હોય અને એ સંસ્કાર મજબૂત કરીને ગ્રંથીભેદ કરી ઉપશમ સમકિત કે ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરેલી હોય અને કોઇ ભારેકર્મ પૂર્વે નિકાચીત બંધાયેલું ન હોય તો એ લઘુકર્મી ભવ્યાત્મા જીવો મનુષ્યપણામાં આવીને મોટેભાગે મોક્ષે જનારા હોય છે. એટલે કે તિર્યંચપણામાં રહીને પણ પોતે પુદ્ગલના સંયોગમાં રહેલા હોવા છતાંય પુદ્ગલોના સંયોગમાં મમત્વ બુધ્ધિ કેમ ઘટે અને કોઇપણ પુદ્ગલમાં મમત્વ બુધ્ધિ પેદા ન થઇ જાય એની કાળજી રાખીને જીવન જીવતાં હોય છે. જુઓ તિર્યંચો આ રીતે કાળજી રાખીને વર્ગણાઓના સંયોગોમાં પણ નિર્લેપ ભાવ પેદા કરવાનો પ્રયત્ન કરતાં થાય તો મનુષ્યપણામાં રહેલા આપણે દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતાં કરતાં જે જે વર્ગણાઓના પુદ્ગલોને ગ્રહણ કરીને જીવન જીવીએ છીએ એમાં નિર્લેપ ભાવ પેદા થાય છે એવી અનુભૂતિ થાય છે ખરી ! એ અનુભૂતિ પેદા કરવા માટેનો કોઇ દિવસ વિચાર પણ આવે છે ખરો ! જો ભગવાનની ભક્તિ કરતાં કરતાં ગુરૂની સેવા કરતાં

કરતાં, સાધર્મિક ભક્તિ કરતાં કરતાં પુદ્‌ગલોના સંયોગમાંજ રાગાદિ પરિણામ કરતાં રહીશું તો તિર્યંચપણામાં રહેલા જીવો કરતાં આપણું જીવન નકામુ અને નુકશાનકારક ગણાશે. જો નકામુ અને નુકશાનકારક ન બનાવવું હોય તો પુદ્‌ગલોના સંયોગોમાં જીવવાનું એની સાથે રહેવાનું અને એમાં જેટલો નિર્લેપ ભાવ પેદા થાય એવો પ્રયત્ન કરતાં રહીએ તો કોઇ નિકાચીત કર્મ પૂર્વે બંધાયેલું ન હોય તો સંખ્યાતા ભવોમાં જરૂર આપણને મોક્ષ મળ્યા વગર રહેશે નહિ એટલે કે આપણા પોતાના આત્માનું સંપૂર્ણ સ્વરૂપ પુદ્‌ગલોના સંપૂર્ણ સંયોગથી રહિત બનાવ્યા વગર રહીશું નહિ. આ લક્ષ રાખીનેજ આરાધનામાં આગળ વધવાનો પ્રયત્ન કરવાનો છે.

મનુષ્યગતિને વિષે ગ્રહણયોગ્ય વર્ગણાઓનું વર્ણન

મનુષ્યગતિને વિષે અનેક જીવોને આશ્રયીને આઠે આઠ ગ્રહણયોગ્ય વર્ગણાઓના પુદ્‌ગલોને ગ્રહણ કરી, પરિણમાવી, વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરી શકે છે. આઠ ગ્રહણયોગ્ય વર્ગણાઓના નામો (૧) ઔદારિક, (૨) વૈક્રીય, (૩) આહારક, (૪) તૈજસ, (૫) શ્વાસોશ્વાસ, (૬) ભાષા, (૭) મન, (૮) કાર્મણ ગ્રહણયોગ્ય વર્ગણાઓ.

સામાન્ય રીતે સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા મનુષ્યો મોટેભાગે છ વર્ગણાઓને ગ્રહણ કરીને પોતાનું જીવન જીવતાં હોય છે. તેમાં પહેલા ઔદારિક ગ્રહણયોગ્ય વર્ગણાઓ બીજી તૈજસ શરીર ગ્રહણયોગ્ય વર્ગણાઓ ત્રીજી શ્વાસોશ્વાસ ગ્રહણયોગ્ય વર્ગણાઓ, ભાષા ગ્રહણયોગ્ય વર્ગણાઓ, પાંચમી મનગ્રહણ યોગ્ય વર્ગણાઓ અને છઠ્ઠી કાર્મણ ગ્રહણયોગ્ય વર્ગણાઓ. જગતને વિષે પરિભ્રમણ કરતો કરતો જીવ મનુષ્યલોકને વિષે મનુષ્યપણે ઉત્પન્ન થાય છે ત્યારે સૌથી પહેલાં જે સ્થાનમાં ઉત્પન્ન થાય તે સ્થાનમાં જે આહારના પુદ્‌ગલો પ્રાપ્ત થાય છે તે પુદ્‌ગલોને ગ્રહણ કરે છે એને ખલ અને રસ રૂપે પરિણામ પમાડે છે

ખલવાળા પુદ્‌ગલોનો નાશ કરી રસવાળા પુદ્‌ગલોનો સંગ્રહ કરતો કરતો સમયે સમયે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરી અસંખ્યાત સમય સુધી એ પુદ્‌ગલોને ગ્રહણ કરતાં કરતાં ખલ અને રસ રૂપે પરિણમાવી ખલવાળા પુદ્‌ગલોનો નાશ કરી રસવાળા પુદ્‌ગલોનો સંગ્રહ કરતો કરતો શરીર પેદા કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે. એ શરીરને પેદા કરવાની શક્તિ જે સમયે પ્રાપ્ત થાય તે સમયે જગતમાં રહેલા ઔદારિક ગ્રહણયોગ્ય વર્ગણાઓના પુદ્‌ગલોને ગ્રહણ કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. એ શક્તિથી ઔદારિક વર્ગણાઓને ગ્રહણ કરી ઔદારિક શરીર રૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પેદા કરતાં કરતાં શરીર બનાવતો જાય છે. ત્યાર પછી સમયે સમયે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરતો કરતો અસંખ્યાત સમય સુધી એ પ્રક્રિયા કરીને ઇંદ્રિય પર્યાપ્તિ પૂર્ણ કરે છે. તે વખતે એ ઔદારિક શરીરને વિષે ઇંદ્રિયો પ્રાપ્ત કરવાની શક્તિથી રસવાળા પુદ્‌ગલોથી ઇંદ્રિયો બનાવતો જાય છે. ત્યાર પછી સમયે સમયે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરતો કરતો અસંખ્યાત સમય સુધી એ પ્રક્રિયા કરતાં કરતાં ખલ અને રસ રૂપે એ પુદ્‌ગલોને પરિણમાવી ખલવાળા પુદ્‌ગલોનો નાશ કરી રસવાળા પુદ્‌ગલોના સંગ્રહથી શ્વાસોશ્વાસ લેવા મુકવાની શક્તિ પ્રાપ્ત કરે છે. એ શ્વાસોશ્વાસ પર્યાપ્તિથી જગતના રહેલા શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી ઉચ્છવાસ રૂપે પરિણમાવી નિશ્વાસ રૂપે નાશ કરવાની શક્તિ પેદા કરીને શ્વાસોશ્વાસ શરૂ કરે છે. અર્થાત્ ઉચ્છવાસ અને નિશ્વાસ લેવાની શક્તિ પ્રાપ્ત કરતો જાય છે. ત્યાર પછી સમયે સમયે ઔદારિક ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને એની સાથે સાથે શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરતો કરતો અસંખ્યાત સમય સુધી પ્રક્રિયા કરીને ખલ અને રસરૂપે પરિણમાવી રસવાળા પુદ્‌ગલોથી જગતમાં રહેલા ભાષા વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે તેને ભાષા પર્યાપ્તિ કહેવાય છે. આ ભાષા પર્યાપ્તિ પૂર્ણ થયે ભાષા વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી-

વચન રૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે. તેને ભાષા પર્યાપ્તિ અથવા વચનયોગ અથવા વચનબળ પ્રાપ્ત થયું એમ કહેવાય છે. આ રીતે સમયે સમયે અસંખ્યાત સમય સુધી આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરતો કરતો ખલ અને રસ રૂપે પરિણમાવતો રસવાળા પુદ્‌ગલોથી જે શક્તિ પેદા થાય એનાથી જગતમાં રહેલા મનોવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરવાની શક્તિ પેદા કરતો જાય છે. એ શક્તિથી મનોવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી વિચાર રૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પેદા કરતો જાય છે. તેને મનબળ કહેવાય છે. અને આ દરેક પર્યાપ્તિઓ વખતે તેમજ વિગ્રહગતિથી ઉત્પન્ન થયા પછી સમયે સમયે જગતમાં રહેલા કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરતો કરતો સાત કર્મ રૂપે પરિણમાવતો અને ભોગવાતા પુદ્‌ગલોને વિસર્જન કરતો એમાં ગ્રહણ કરાતા પુદ્‌ગલોમાંથી સાત કર્મ રૂપે પરિણમાવવામાં પ્રકૃતિ બંધ, સ્થિતિબંધ, રસ બંધ અને પ્રદેશ બંધ રૂપે કર્મનો બંધ સમયે સમયે કરતો જાય છે. એ કર્મો બાંધેલા કયા દ્રવ્યથી ભોગવવા, કયા ક્ષેત્રમાં ભોગવવા, કયા કાળમાં ભોગવવા, કયા ભાવમાં ભોગવવા અને કયા ભવમાં ભોગવવા આ બધું તેજ વખતે નિશ્ચિત કરતો જાય છે. એટલે કે કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી આ રીતે પરિણામ પમાડતો જાય છે. આવી રીતે સન્ની પર્યાપ્તા મનુષ્યો પોતાનું જેટલું આયુષ્ય હોય તેટલા આયુષ્યકાળ દરમિયાન સમયે સમયે ઔદારિક ગ્રહણયોગ્ય વર્ગણાઓના પુદ્‌ગલોને-તૈજસ ગ્રહણયોગ્ય વર્ગણાઓના પુદ્‌ગલોને-શ્વાસોશ્વાસ ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને-ભાષા ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને-મનોવર્ગણાના ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને અને કાર્મણ ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરતો કરતો એ પુદ્‌ગલોમાં રાગ દ્વેષ પરિણામ કરતો કરતો અને મમત્વ બુદ્ધિનો ભાવ વધારતો વધારતો પોતાનું જીવન જીવતો હોય છે. આ પુદ્‌ગલોમાં રાગ દ્વેષ કરતા અને મમત્વ બુદ્ધિ વધારતાં જઘન્યથી કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી સાત કર્મ રૂપે

પરિણમાવતા એનો સ્થિતિબંધ અંતઃકોટાકોટી સાગરોપમ જેટલો કરતો જાય છે. તેમજ ઉત્કૃષ્ટથી સિત્તેર કોટાકોટી સાગરોપમ જેટલો કાળ એ કર્મને ભોગવવા પડે એટલો સ્થિતિબંધ કરતો જાય છે. જો એ જીવો જિનેશ્વર પરમાત્માની વાણી સાંભળે અને પોતાના અંતરમાં પરિણમાવવાનો પ્રયત્ન કરે એટલે કે સમજણના ઘરમાં દાખલ થાય. જિનેશ્વર પરમાત્માઓએ સ્થાપેલા માર્ગને વિષે દાખલ થાય તોજ વર્ગણાઓના ગ્રહણ કરાતા પુદ્‌ગલોમાં રાગાદિ પરિણામની મંદતા થતા થતા પોતાના આત્માનું કલ્યાણ સાધવામાં પ્રયત્ન કરતો જાય છે. એટલે કે એ ગ્રહણ કરાતા પુદ્‌ગલોથી જે કાંઇ ભોગવવા યોગ્ય સામગ્રી પ્રાપ્ત થતી જાય છે અને મનબળ, વચનબળ અને કાયબળની શક્તિથી વ્યાપાર કરતાં કરતાં પોતાને અનુકૂળ વ્યાપારની પ્રાપ્તિ થતાં એ વ્યાપારની સફળતામાં રાગની વૃધ્ધિ થતી જાય છે એનાથીજ હું મારા આત્માનો સંસાર જન્મ મરણની પરંપરા રૂપે વધારી રહેલો છું. આવો એને અંતરમા ખ્યાલ પેદા થતા એ યોગ્ય યોગ્ય સામગ્રીને વિષે સફળતા પ્રાપ્ત થતાં આનંદ થવાને બદલે એ સામગ્રી પ્રત્યે બહુમાન પેદા થવાને બદલે અબહુમાનપેદા થતુ જાય છે. આ અબહુમાન પેદા થતાં જેટલે અંશે અબહુમાનની પ્રાપ્તિ થાય એટલે અંશે એને જીનેશ્વર પરમાત્માની વાણી જ્યાં જ્યાં સાંભળવા મળે ત્યાં એને સાંભળવા માટે જવાની ઇચ્છા દોડતાં દોડતાં જવાનું મન થાય છે. આ રીતે ભવ પ્રત્યે એટલે કે સુખમય સંસાર પ્રત્યે અબહુમાનભાવ પેદા થવો એને જ્ઞાની ભગવંતો આંશિક નિર્વેદ કહે છે. અને ધર્મ જ્યાં સાંભળવા મળે ત્યાં દોડતા જવાની ઇચ્છાને જ્ઞાની ભગવંતો આંશિક વૈરાગ્ય ભાવ કહે છે. આ આંશિક નિર્વેગ અને વૈરાગ્ય પહેલાં ગુણસ્થાનકમાં રહેલા જીવોને માર્ગમાં પ્રવેશ કરતાં અથવા માર્ગમાં પ્રવેશેલા જીવોને હોય છે. હજી સાચા પદાર્થોને સાચા રૂપે અને ખોટા પદાર્થોને ખોટા રૂપે વિવેક પેદા થયેલો ન હોવાથી સમકિતની પ્રાપ્તિ થયેલી નથી. જો આરાધના કરતાં કરતાં માર્ગમાં પ્રવેશ કરવા માટે નિર્વેદ અને

વૈરાગ્યનો અંશ જો પ્રાપ્ત ન થાય તો એ આરાધના પાપાનુબંધી પુણ્ય બંધાવી જન્મ મરણની પરંપરાવધારી અકામ નિર્જરા કરાવી સંસારની વૃધ્ધિ કરવામાં સહાયભૂત થાય છે. આજે આપણે લગભગ જે કંઇ આરાધના કરીએ છીએ એમાં આંશિક નિર્વેદ અને આંશિક વૈરાગ્યભાવ પેદા થયેલો છે એવો અનુભવ થાય છે ખરો ! આ અનુભવ પેદા થાય તોજ પુણ્યાનુબંધી પુણ્ય બંધાય સકામ નિર્જરા થતી જાય અને બંધાયેલા જન્મ મરણની પરંપરાનો નાશ થતો જાય. બોલો આવી કોઇ અનુભૂતિ પેદા થાય છે ખરી ! કારણ કે આ કાળમાં વૈક્રીય લબ્ધિ પેદા કરવાની તાકાત આપણી પાસે નથી માટે વૈક્રીય ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી શકીએ એવી તાકાત નથી એવીજ રીતે આહારક શરીરના પુદ્‌ગલોથી આહારક શરીર બનાવવાની શક્તિ પણ આપણી પાસે નથી. માટે વૈક્રીય શરીર અને આહારક શરીર વગર ઔદારિક આદિ ગ્રહણયોગ્ય છ વર્ગણાઓના પુદ્‌ગલોને ગ્રહણ કરી આપણું જીવન જીવી રહેલા છીએ. એ જીવન જીવતાં જીવતાં શરીરને સુખાકારી કુટુંબને સુખાકારી જે કંઇ સામગ્રી જોઇએ તે પુણ્ય મુજબ પ્રાપ્ત થતી જાય છે. કેટલીક વાર શરીરને સુખાકારી એવી સામગ્રી પણ પ્રાપ્ત થતી નથી. અને દુઃખ ઉત્પન્ન કરાવે એવી સામગ્રી પણ પ્રાપ્ત થતી જાય છે. સુખાકારી સામગ્રીમાં રાગાદિ પરિણામ મમત્વ બુધ્ધિ પેદા કરતાં કરતાં અને દુઃખાકારી સામગ્રીને વિષે નારાજીભાવ પેદા કરતાં કરતાં દ્વેષબુધ્ધિ પેદા કરીને એ પદાર્થો પ્રત્યે એટલે કે સચેતન કે અચેતન કોઇપણ પદાર્થો પ્રત્યે દુશ્મનભાવનો પરિણામ પેદા કરીને વૈરનો અનુબંધ બાંધતા જઇએ છીએ. બસ આ રાગાદિ પરિણામનો અનુબંધ અને દ્વેષાદિનો અનુબંધ એટલે કે વૈરાનુબંધ એજ આપણા આત્માની સંસારની વૃધ્ધિ કરવામાં સહાયભૂત થતી જાય છે. આને ઓળખીને જેટલો આપણે એનાથી નિર્લેપભાવ પેદા કરવાનો પ્રયત્ન કરતાં જઇએ તોજ ભગવાનના શાસનની આરાધના કરતાં કરતાં આપણો આત્મા માર્ગમાં પ્રવેશ કરી શકે. જ્યાં સુધી અબહુમાન

ભાવ સુખમય સંસાર પ્રત્યે અંશ રૂપે પણ ન આવે અને અંશ રૂપે વૈરાગ્યભાવ પણ પેદા ન થાય ત્યાંસુધી ભગવાનના શાસનના માર્ગમાં પ્રવેશ કરવાની આશા રાખવાની નઇ. જો મોક્ષે જવાનો અભિલાષ હોય અને એને માટેનોજ પુરૂષાર્થ આરાધના રૂપે કરતાં હોઇએ તો અવશ્ય નિર્વેદ અને વૈરાગ્ય પેદા કર્યા વગર ચાલશે નહિ.

મનુષ્યલોકને વિષે રહેલા કેટલાક સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા મનુષ્યો વિદ્યાધર મનુષ્યો અથવા પુરૂષાર્થ કરીને એટલે કે જીવનમાં તપ વગેરે ઉત્કૃષ્ટ આરાધના કરીને વૈક્રીય લબ્ધિ પ્રાપ્ત કરેલી હોય એવા મનુષ્યો વૈક્રીય વર્ગણાના ગ્રહણયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરી વૈક્રીય શરીર રૂપે પરિણમાવી વૈક્રીય શરીર બનાવી શકે છે. આ વૈક્રીય શરીરવાળા મનુષ્યો મનુષ્યલોકને વિષે સદાકાળ સુધી રહેલા હોય છે. કોઇકાળે વૈક્રીય શરીરી મનુષ્યો જગતને વિષે ન હોય એવું બનતું નથી. આ વૈક્રીય શરીર બનાવીને જો એ જીવોના અંતરમાં ભગવાનનો શાસનનો માર્ગ પ્રાપ્ત થયેલો હોય અથવા પ્રાપ્ત કરતાં હોય તો એ વૈક્રીય શરીરનો ઉપયોગ અઢીદ્વીપને વિષે રહેલા ભગવાનના જેટલા જેટલા મંદિરો છે એ મંદિરોના દર્શન કરવામાં ઉપયોગ કરતાં જાય છે. જેમકે મુનિસુવ્રત સ્વામિ ભગવાનના કાળમાં વાલી રાજાને વૈક્રીય લબ્ધિ પ્રાપ્ત થયેલી હતી તે વૈક્રીય લબ્ધિથી જંબુદ્વિપને વિષે જેટલા શાશ્વતા મંદિરો હતા અને છે એ દરેકના રોજ દર્શન કરવા માટે ઉપયોગ કરતાં હતાં. જ્યારે રાવણની સાથે યુધ્ધ થયું ત્યારે રાવણને પકડીને બગલમાં ઘાલીને જંબુદ્વીપની એકવીસ વાર પ્રદક્ષીણા કરાવીને રાવણને કહ્યું કે બોલ હવે લવણ સમુદ્રમાં ફેંકી દઉં ? રાવણે જ્યારે આજીજી કરી અને હવે હું કોઇવાર આવું નહી કરું એમ કબુલાત કરી ત્યાર પછીજ એને પોતાના સ્થાને વાલી રાજાએ મુકી દીધો. એવીજ રીતે એ વાલી રાજા સંસારનો ત્યાગ કરી સંયમી બની જીવનમાં તપ વગેરેની આરાધના કરતાં કરતાં અવધિજ્ઞાનની પ્રાપ્તિ કરીને અષ્ટાપદ પર્વત ઉપર કાઉસગ ધ્યાને રહેલા

હતા અને રાવણ પોતાની મુખ્ય પટ્ટરાણીની સાથે વિમાનમાં ફરવા માટે નીકળેલો છે ત્યાં અષ્ટાપદ પર્વત ઉપર આકાશમાં એનું વિમાન સ્થંભીત થઇ ગયું. એમાં એને જોયું કે આ વાલી મહાત્માએજ મારા વિમાનને સ્થંભીત કર્યું લાગે છે. માટે વિમાનમાંથી નીચે ઉતરી વાલી મુનિ પ્રત્યે ગુસ્સો પેદા કરીને આ મહાત્માને અને અષ્ટાપદ તીર્થને આખો ઉપાડીને સમુદ્રમાં ફેંકી દઉં. આ વિચારણા કરી પહાડની નીચે જઇને અંદર પેસી પોતાની પીઠથી આખો પહાડ ઉપાડ્યો અને અષ્ટાપદ અને પહાડ આખું ધ્રુજવા માંડ્યું. વાલી મુનિએ અવધિજ્ઞાનનો ઉપયોગ મુકીને જોયું એમાં રાવણ આ કરી રહેલો છે એમ લાગ્યું તો તીર્થની રક્ષા કરવાના કારણથી એ પોતે જ્યાં ઉભા છે ત્યાં જમીન ઉપર અંગુઠો દબાવવાથી આખો પહાડ હતો એવોને એવો થઇ ગયો. રાવણ અંદર રૂએ છે, બહાર નીકળવા પ્રયત્ન કરે છે પણ જલદીથી નીકળી શકતો નથી. એને માફી માંગી ત્યારે વાલી મુનિએ બહાર કાઢ્યો અને પહાડ ઉપર આવી ક્ષમાપના માંગીને એનું પ્રાયશ્ચિત માંગ્યું. અને ભગવાન પાસે પણ સ્તવના કરીને પોતે કરેલી આશાતનાનો દોષ પશ્ચાતાપ થી દૂર કર્યો. આવા મહાત્માઓને પણ આટલી આટલી લબ્ધિઓ પ્રાપ્ત થયેલી હોવાછતાંય તે વખતે વૈક્રીય લબ્ધિનો ઉપયોગ પણ કરતાં નથી. માત્ર ઔદારિક વર્ગણાના પુદ્ગલોની શક્તિથી પોતાની શરીરની શક્તિ કેટલી છે એ રાવણને બતાવવા માટે માત્ર અંગુઠોજ જમીન ઉપર દબાવ્યો છે. તો ઔદારિક વર્ગણાથી બનાવેલું શરીર એનામાં જે તાકાત પેદા થયેલી છે એ શક્તિ કોઇપણ જીવને હિંસા કરવા માટે નથી એ શક્તિથી જેટલું આત્મકલ્યાણ સધાય એમાંજ ઉપયોગ કરાય એવી વિચારસરણીથી જેટલું બને એટલું કષ્ટ વેઠવા પ્રયત્ન કરીને સમાધિ પૂર્વક મનની એકાગ્રતા પ્રાપ્ત કરી મહાત્માઓ પ્રસન્નતાથી પોતે બાંધેલા કર્મોને ભોગવીને નાશ કરવા માટે પ્રયત્ન કરતા જાય છે અને પોતાના આત્માનું કલ્યાણ સાધતા જાય છે. ચક્રવર્તીઓ પોતાની એકલાખ અને બાણુહજાર પત્નીઓને ભોગવવા

માટે વૈક્રીય શરીર કરીને એનો ભોગવટો કરી શકે છે. આટલો ભોગવટો કરવાછતાં પણ સમકિત સાથે રહેલું હોવાથી સાચા અને ખોટાનો વિવેક અંતરમાં રહેલો હોવાથી કર્મબંધ બહુજ અલ્પ થાય છે. એટલે કે તે વખતે પણ પુણ્યાનુબંધી પુણ્ય બાંધતા જાય છે, સકામ નિર્જરા કરતાં જાય છે અને જન્મ મરણની પરંપરાનો નાશ પણ કરતાં જાય છે. કારણ કે અંતરમાં આ ચીજ ભોગવવા લાયક નથી કર્મના ઉદયથી મારે ભોગવવી પડે છે માટે કમને હું ભોગવું છું આવી વિચારણા રાખીને કંપતે હૈયે ભોગની પ્રવૃત્તિ કરતાં હોય છે. આ રીતે આવા જીવો એક આહારક ગ્રહણયોગ્ય વર્ગણા સિવાય સાત વર્ગણાઓના પુદ્ગલોને ગ્રહણ કરતાં કરતાં પોતે પોતાનું જીવન જીવી રહેલા હોય છે.

સન્ની પર્યાપ્તા મનુષ્યોને વિષે જે મનુષ્યોએ સંયમ લઇ છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકની પરિણતી પ્રાપ્ત કરી એક એક અંતર્મુહૂર્તે છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકમાં જાવ આવ કરતાં કરતાં તપશ્ચર્યાદિ કરતાં કરતાં જ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં ચૌદ પૂર્વ સુધીનું જ્ઞાન પ્રાપ્ત કરેલું હોય એ જ્ઞાનની પ્રાપ્તિની સાથે અનેક લબ્ધિઓ પ્રાપ્ત કરેલી હોય છે. તેમાં આહારક લબ્ધિ પણ પ્રાપ્ત થયેલી હોય છે કે જે સાતમે ગુણસ્થાનકે આહારક શરીર નામકર્મનો બંધ કરીને છઠ્ઠા ગુણસ્થાનકને પ્રાપ્ત કરી જો એમને સ્વાધ્યાય કરતાં કરત। કોઇ પદાર્થમાં શંકા પ્રાપ્ત થયેલી હોય અને એ શંકાનું સમાધાન થઇ શકે એવું ન હોય તો આહારક લબ્ધિથી આહારક શરીર બનાવીને જ્યાં કેવળી ભગવંતો વિચરતાં હોય છે ત્યાં એ શરીરને મોકલે છે અને એ કેવળી ભગવંતો પાસેથી સમોવસરણમાંથી ભગવાન પાસેથી જવાબ લઇ શરીરને પાછું પોતાના સ્થાને લાવવા માટે પ્રયત્ન કરતાં કરતાં એને વિસર્જન કરી શકે છે. આ વખતે જગતમાં રહેલા આહારક ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્ગલો આ જીવો ગ્રહણ કરી આહારક શરીર બનાવી અને વિસર્જન કરતાં જાય છે. આહારક ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્ગલો ચૌદપૂર્વી સિવાય જગતના બીજા કોઇપણ

જીવો ગ્રહણ કરી શકે એવી શક્તિ હોતી નથી. એવીજ રીતે સ્વાધ્યાય કરતાં કરતાં કોઇ શંકા પણ પેદા થયેલી ન હોય પણ ભગવાનનું સમોવસરણ જોવાની ઇચ્છા થાય તો આ જીવો આહારક ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી આહારક શરીર બનાવી જ્યાં ભગવાનનું સમોવસરણ રચેલું હોય અથવા મંડાલેયું હોય તે સ્થાને આહારક શરીરને મોકલી સમોવસરણને જોઇને સંતોષ પામીને પાછા આવતાં આહારક શરીરને વિસર્જન કરી શકે છે. એકજ ભવમાં બે વાર આહારક શરીર કરી શકે અને આખા ભવચક્રમાં ચારવાર આહારક શરીર કરી શકે છે. આ રીતે મનુષ્યપણામાંજ આઠે ગ્રહણ યોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને મનુષ્યો ગ્રહણ કરી પોતાનું આયુષ્યકાળ જેટલું હોય એટલા આયુષ્યકાળ દરમિયાન જીવન જીવતાં જીવતાં મોટાભાગના જીવો છ ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી પોતાનું જીવન જીવતાં હોય છે. થોડાક જીવો સાત ગ્રહણયોગ્ય વર્ગણાઓના પુદ્‌ગલોને ગ્રહણ કરી પોતાનું જીવન જીવતાં હોય છે અને એનાથી કેટલાક ઓછા મનુષ્યો કોકવાર આહારક ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી એમ આઠ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી પોતાનું જીવન જીવતાં હોય છે.

સમજણના ઘરમાં આવ્યા પછી ભવ પ્રત્યેનો અબહુમાનભાવ પેદા થતાં ક્રમસર અબહુમાનભાવ વધતો વધતો ગ્રંથીભેદ કરી સમકિતની પ્રાપ્તિ કરે દેશવિરતિપણાને પામે સર્વવિરતિપણાને પામે અને સારોકાળ હોય પહેલું સંઘયણ હોય આઠ વરસની ઉપરની ઉંમર હોય તો એવા મનુષ્યો જો કોઇભારે કર્મ નડતાં ન હોય તો પુરુષાર્થ કરીને વર્ગણાઓના પુદ્‌ગલોને નાશ કરવાનો પ્રયત્ન કરતાં કરતાં સૌથી પહેલા રાગાદિ પરિણામનો સંપૂર્ણ નાશ કરવા માટે ક્ષપક શ્રેણિ પ્રાપ્ત કરીને દશમા ગુણસ્થાનક સુધીમાં સંપૂર્ણ મોહનીય કર્મનો નાશ કરી બારમા ગુણસ્થાનકે વીતરાગદશાને પ્રાપ્ત કરી ક્ષાયિક ચારિત્રની પ્રાપ્તિ કરી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મનો સંપૂર્ણ ક્ષય કરીને તેરમા ગુણસ્થાનકે

કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી એ કેવળી તરીકે પોતાનો જીવનકાળ પસાર કરતાં કરતાં છેલ્લા અંતર્મુહૂર્તે મન, વચન, કાયાના યોગનો નિરોધ કરીને અયોગી અવસ્થાને પ્રાપ્ત કરી વેદનીય આયુષ્ય નામ અને ગોત્ર આ ભોગવાતા સંપૂર્ણ કર્મોને નાશ કરીને ગ્રહણયોગ્ય વર્ગણાઓના પુદ્‌ગલોથી અને અગ્રહણયોગ્ય વર્ગણાઓના પુદ્‌ગલોથી સંપૂણ રહિત થઇ અશરીરી બની સિધ્ધિ ગતિને પ્રાપ્ત કરે છે.

દેવગતિને વિષે ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોનું વર્ણન

દેવગતિમાં ઉત્પન્ન થયેલા દેવો સામાન્ય રીતે વૈક્રીય ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને તૈજસ ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને શ્વાસોશ્વાસ ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને ભાષા ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને મનોવર્ગણાના ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને અને કાર્મણ ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને એમ છ ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરતાં કરતાં પોતાનો જીવનકાળ જીવતાં હોય છે. માત્ર આ જીવો ઔદારિક ગ્રહણયોગ્ય અને આહારક ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી શકતા નથી.

દેવલોકમાં દેવની શય્યામાં ઉત્પન્ન થયેલા દેવો ત્યાં જે આહારના પુદ્‌ગલો પ્રાપ્ત થાય છે એને ગ્રહણ કરી ખલ અને રસરૂપે પરિણમાવી ખલવાળા પુદ્‌ગલોને વિસર્જન કરી રસવાળા પુદ્‌ગલોનો સંગ્રહ કરતાં કરતાં સમયે સમયે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરતાં કરતાં અસંખ્યાત સમય સુધી એ ક્રિયા કરતાં હોય છે. એ અસંખ્યાત સમય સુધીમાં રસવાળા જેટલા પુદ્‌ગલો ગ્રહણ કરેલા હોય છે એટલે કે બનાવેલા હોય છે એનાથી જે શક્તિ પેદા થાય છે તે વૈક્રીય શરીર બનાવવાની શક્તિ પેદા કરે છે. એ શક્તિથી જગતમાં રહેલા વૈક્રીય ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને વૈક્રીય શરીર રૂપે પરિણમાવીને વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરતાં જાય છે. ત્યાર પછી એક એક સમયે ઇંદ્રિય પર્યાપ્તિની

શક્તિ એક સમયે શ્વાસોશ્વાસ પર્યાપ્તિની શક્તિ એક સમયે ભાષા પર્યાપ્તિની શક્તિ અને એક સમયે મનપર્યાપ્તિની શક્તિ પ્રાપ્ત કરતાંજાય છે. જેમ જેને શક્તિઓ પેદા થતી જાય છે તેમ તેમ શ્વાસોશ્વાસ વર્ગણાના ગ્રહણયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરી પરિણમાવી વિસર્જન કરતાં જાય છે. ભાષા વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી ભાષા રૂપે પરિણમાવી વિસર્જન કરતાં જાય છે. મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી મન રૂપે પરિણમાવી વિસર્જન કરતાં જાય છે. આરીતે પર્યાપ્તપણું પ્રાપ્ત કરીને પોતાનું જેટલું આયુષ્ય હોય એ આયુષ્યકાળ દરમિયાન પોતાનું જીવન જીવતાં જાય છે. એની સાથે સાથે પોતાના સંપૂર્ણ જીવનકાળ દરમિયાન સમયે સમયે સાત કર્મનો બંધ કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને કરતાં જાય છે. જ્યારે પોતાનું ભોગવાતું આયુષ્ય છ મહિનાનું બાકી રહે ત્યારે એક અંતર્મુહુર્ત સુધી કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરતાં કરતાં પરભવનું આયુષ્ય સાથે બાંધતા આઠ કર્મનો બંધ કરે છે. ત્યાર પછી સમયે સમયે સાત કર્મનો બંધ કર્યાજ કરે છે. આ રીતે છ ગ્રહણયોગ્ય વર્ગણાઓના પુદ્ગલોને ગ્રહણ કરતાં કરતાં એમાં રાગાદિ પરિણામ કરતાં કરતાં પોતાના આત્માનો સંસાર વધારતાં જાય છે. વૈક્રીય વર્ગણાના ગ્રહણયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરવાની વિશેષ શક્તિ પ્રાપ્ત થતી હોવાથી એ પુદ્ગલોથી પોતાનાજ એક શરીરના બે શરીર ત્રણ શરીર, સંખ્યાતા શરીરો યાવત્ અસંખ્યાતા શરીરો બનાવી શકે છે. અને એ અસંખ્યાતા શરીરોથી મળેલી ભોગસામગ્રીમાં રાગાદિ પરિણામ અને મમત્વ બુધ્ધિ પેદા કરતાં કરતાં એકેન્દ્રિયમાં જવાલાયક કર્મબંધ કરી શકે છે. એટલે કે બાદર પર્યાપ્તા પૃથ્વીકાય બાદર પર્યાપ્તા અપકાય અને બાદ પર્યાપ્તા પ્રત્યેક વનસ્પતિકાય એમ એકેન્દ્રિયપણામાં આ ત્રણમાંથી કોઇનું પણ આયુષ્ય બાંધીને દેવલોકમાંથી સીધ્ધા એકેન્દ્રિયમાં જઇ શકે છે. આ એકેન્દ્રિયમાં જવાલાયક દેવો વૈમાનિકના પહેલા દેવલોક સુધીના દેવોજ જઇ શકે છે. એટલેકે ભવનપતિના દેવો, વ્યંતરજાતિના દેવો, જ્યોતિષના દેવો, અને

વૈમાનિકના પહેલા બીજા દેવલોકના દેવો એકેન્દ્રિપણામાં જવાલાયક કર્મબંધ કરતાં કરતાં એકેન્દ્રિયમાં જવાનું આયુષ્ય બાંધીને એકેન્દ્રિયપણા રૂપે ઉત્પન્ન થઇ શકે છે.

ત્રીજા દેવલોકથી આઠમા દેવલોક સુધીના દેવો ગ્રહણયોગ્ય વર્ગણાઓમાં રાગાદિ પરિણામ કરતાં કરતાં અને મમત્વ બુધ્ધિ વધારતાંવધારતાં સન્ની પર્યાપ્તા તિર્યંચોને વિષે ઉત્પન્ન થઇ શકે છે. જ્યારે નવમા દેવલોકથી નવ ગ્રૈવેયક સુધીના દેવો આ ગ્રહણયોગ્ય છ વર્ગણાના પુદ્‌ગલોમાં રાગાદિ પરિણામ કરતાં કરતાં મમત્વ બુધ્ધિનો ભાવ પેદા કરતાં કરતાં મનુષ્યનું આયુષ્ય બાંધીને અનાર્યક્ષેત્રમાં પણ ઉત્પન્ન થઇ શકે છે. પાંચ અનુત્તરવાસી દેવો નિયમા સમકિતિ હોવાથી એમના અંતરમાં સાચા અને ખોટાનો વિવેક પેદા થયેલો હોવાથી ગ્રહણયોગ્ય છ વર્ગણાઓના પુદ્‌ગલોને વિષે રાગાદિ પરિણામની મંદતા કરતાં કરતાં અને મમત્વ બુધ્ધિનો સંયમ કરવાનો પ્રયત્ન કરતાં કરતાં મનુષ્યાયુષ્ય બાંધીને આર્યદેશમાં આર્યજાતિમાં, જૈનકુળ અને જૈનજાતિને વિષે ઉત્પન્ન થઇ સુંદર રીતે આરાધના કરતાં કરતાં ગ્રહણયોગ્ય વર્ગણાઓના પુદ્‌ગલોને વિષે રાગાદિ પરિણામનો સંપૂર્ણ નાશ કરવાનો પ્રયત્ન કરતાં જાય છે. અને આત્મકલ્યાણમાં આગળ વધતાં જાય છે. અને જો સારોકાળ હોય તો કેવળજ્ઞાન પામી યોગ નિરોધ કરી કર્મનો સંપૂર્ણ નાશ કરીને ગ્રહણયોગ્ય વર્ગણાઓના પુદ્‌ગલોને સંપૂર્ણ નાશ કરી અશરીરી બની સિધ્ધિ ગતિને પ્રાપ્ત કરી શકે છે. આ રીતે દેવલોકમાં રહેલા દેવો ગ્રહણયોગ્ય છ વર્ગણાઓને પુદ્‌ગલોને ગ્રહણ કરી સાગરોપમ કાળ સુધી રાગાદિ પરિણામ કરતાં કરતાં અને છેલ્લા છ મહિના પોતાનું આયુષ્ય એકેન્દ્રિયપણાનું કે તિર્યંચપણાનું બંધાયેલું હોય એને અવધિજ્ઞાનથી જોઇને જાણીને આયુષ્ય બંધકાળ સુધીનાપછીના છ મહિના સુધી ભોગવેલા પદાર્થો પ્રત્યે અસંખ્યાતકાળ સુધી રાગાદિ પરિણામ કરેલા હોવાથી છ મહિનાના કાળમાં આ પદાર્થો વગર હું કેવી રીતે જીવીશ હવે મારે

અહીંથી જવાનું તારા વગર હું શું કરીશ આવા અનેક પ્રકારના વિચારો સચેતન અને અચેતન પદાર્થો પ્રત્યે કરતાં કરતાં દુઃખના કાળ રૂપે પોતાનું જીવન જીવતાં હોય છે. જેમકે લગ્નગ્રંથીથી અહિંયા જોડાયા પછી પાંચ પચ્ચીસ વરસ અથવા પચાસ વરસ કે સીત્તેર વરસ સુધી સાથે રહીને જીવન જીવેલા હોય અને બેમાંથી કોઇપણ એક વહેલું મરણ પામે તો એના પછીનો કાળ એના વગર જીવો કેવીરીતે પસાર કરે છે એ આજે આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ. કારણ કે એના વગરનો કાળ એમને પસાર કરવો એ દુઃખ ભોગવી ભોગવીને દુઃખમાં દ્વેષ બુધ્ધિ પેદા કરતાં કરતાં જેટલા વર્ષો સુધી જીવે છે એટલા વર્ષો સુધી એમનો સુખનો કાળ રહેતો નથી. એવી રીતે જો પાંચ પચીસ પચાસ વર્ષમાં આટલો દુઃખનો કાળ પેદા થતો હોય તો સંખ્યાતા સાગરોપમ કાળ સુધી એટલે કે અસંખ્યાતા કાળ સુધી રાગાદિ પરિણામ કરતાં કરતાં જીવન જીવે અને બેમાંથી કોઇપણ એક વહેલું ચ્યવન પામે તો એમનો કાળ પસાર કરવામાં કેટલું દુઃખ પેદા થતું હશે તેમજ પોતાને પણ એ સામગ્રી છોડીને અવધિજ્ઞાનથી જ્યાં ઉત્પન્ન થવાનું છે તે દુઃખનો કાળ જુએ છે અનેજાણે છે એનાથી એ છ મહિના દુઃખનો કાળ કેવી રીતે પસાર કરતાં હશે એ ખુબ વિચારણીય છે. આ રાગાદિ પરિણામ જીવને આટલું બધું દુઃખ જોપેદા કરાવી શકતું હોય તો એ પદાર્થોમાં રાગ કરવા લાયક ખરો ! આ પણ ખુબ વિચારણીય છે. માટે જ્ઞાની ભગવંતો જે કહે છે કે રાગના પ્રતાપેજ દુઃખ ઉત્પન્ન કરતાં જઇએ છીએ. જો આત્માને દુઃખી ન કરવો હોય અનેસુખના કાળમાં સમાધિ પૂર્વક વૈરાગ્ય ભાવ પૂર્વક ભગવાનના માર્ગને પામવાનો પ્રયત્ન કરતાં કરતાં માર્ગમાં આગળ વધવા માટેનો પ્રયત્ન કરવો હોય તો પુણ્યથી મળેલા પદાર્થોને વિષે રાગાદિ પરિણામ કરવાનો પ્રયત્ન બંધ કરવોજ જોઇએ.

અનાદિકાળથી સંસારને વિષે પરિભ્રમણ કરતાં આપણા જીવે જગતને વિષે ગ્રહણ કરવાયોગ્ય અનંતાઅનંત પુદ્‌ગલોને ગ્રહણ કરી

એને ભોગવી વિસર્જન કરીને ચૌદરાજલોક જગતને વિષે છોડેલા છે. એ પુદ્ગલોને ભોગવતી વખતે જે રાગાદિ પરિણામ આપણે કરેલા છે અને એ રાગાદિ પરિણામથી એ પુદ્ગલોની સાથે ઋણાનુબંધ રૂપે પુદ્ગલોનું આકર્ષણ પેદા કરેલું છે એના પ્રતાપે જ્યારે જ્યારે કોઇપણ પુદ્ગલો જોઇએ છીએ ત્યારે એ પુદ્ગલો રાગના ઋણાનુબંધથી છોડેલા હોવાથી એ પુદ્ગલોના સંયોગથી બનેલી વસ્તુઓને વિષે ઝટ દઇને અંતરથી રાગ પેદા થતો જાય છે. અને એ રાગના કારણે એ પુદ્ગલ દ્રવ્ય પ્રત્યે મમત્વ બુદ્ધિનો ભાવ પણ સહજ રીતે વધતાં વધતાં એકદમ મજબૂત થતોજાય છે. એવીજ રીતે જે જે પુદ્ગલો ભોગવતી વખતે દ્વેષના પરિણામથી છોડેલા હોય છે એવા પુદ્ગલોના સમુદાયને દ્વેષના ઋણાનુબંધ રૂપે પુદ્ગલોને છોડેલા હોવાથી જ્યારે જ્યારે જે કોઇ પદાર્થ દેખવામાં આવે અથવા એનો સ્પર્શ કરવામાં આવે રસનેન્દ્રિયથી ચાખવામાં આવે ઘ્રાણેન્દ્રિયથી સુંઘવામાં આવે અને શ્રોત્રેન્દ્રિયથી સાંભળવામાં આવે તો એવા પદાર્થો પ્રત્યે જો એ દ્વેષના સમુદાયના પુદ્ગલોથી બનેલા હોય તો અંતરમાં તરતજ દ્વેષબુદ્ધિ પેદા થાય છે. અને એ પુદ્ગલોનો કેમ જલ્દી નાશ કરી નાંખુ અને મારાથી દૂર નાંખી દઉ આવી વિચારણાઓ કરીને દ્વેષના અનુબંધને મજબુત કરતાં કરતાં અત્યાર સુધી આપણેજ આપણો સંસાર વધારતા આવેલા છીએ. આ પરિણામ જેટલો તીવ્ર બનતો જાય છે એટલો જ આપણે આપણી હાથેજ જન્મ મરણની પરંપરા રૂપ દુઃખ ભોગવવા લાયક સંસાર વધારતા જઇએ છીએ.

પ્રશ્ન- સાહેબજી આ સ્વભાવ બની ગયેલો છે

ઉ. જો આવા પદાર્થોને વિષે રાગ અને દ્વેષના ઋણાનુબંધ રૂપે સ્વભાવ પેદા કરેલો હોય એને ઓળખવાની વિચારણા પણ ન થાય અને એ સ્વભાવ મુજબજ જીવન જીવવાનો પ્રયત્ન કરવાનું મન થાય તો સમજી લેવાનું કે હજી લાંબાકાળ સુધી મારે સંસારમાં પરિભ્રમણ કરવું પડશે. આમાં કોઇ બચાવી શકશે નહિ ખુદ તીર્થંકર પરમાત્માઓ પણ

અહીંયા હાજર થાય તો પણ એ આત્માઓ પણ આપણને બચાવી શકે એવી એમનામાં તાકાત હોતી નથી. પુણ્યના ઉદયથી પાંચે ઇન્દ્રિયોના અનુકૂળ સુખો મળે છે અને પાપના ઉદયથી પાંચે ઇન્દ્રિયોના અનુકૂળ સુખોને બદલે પ્રતિકૂળ પદાર્થોની પ્રાપ્તિ થતી જાય છે. આટલુ પણ જો અંતરમાં જ્ઞાન પેદા થાય કે આ પદાર્થો અત્યારે મારૂં પુણ્ય છે માટે મને અનુકૂળ રૂપે અનુભવાય છે. થોડાકાળ પછી એટલે કે કલાક બે કલાક છ કલાક દશ કલાક કે દિવસ બે દિવસ પછી એજ પદાર્થ જે આપણને અનુકૂળ રૂપે અનુભવાતો હતો એ જ પદાર્થ પ્રતિકૂળ રૂપે અનુભવાય છે. આથી નિશ્ચિત થાય છે કે જે પદાર્થ રાગથી મમત્વ બુધ્ધિથી ગ્રહણ કરીને એને ભોગવવા પ્રયત્ન કરતાં જઇએ છીએ તેમ તેમ એ પદાર્થ પ્રત્યે રાગમાંથી દ્વેષ બુધ્ધિ પેદા થતી જાય છે. ભલે પછી એ અચેતન પદાર્થ હોય કે સચેતન પદાર્થ હોય કોઇપણ પ્રકારનો પદાર્થ જેટલા તીવ્રરાગથી અને તીવ્ર મમત્વથી ભોગવાય છે એ પદાર્થોમાં વહેલી તકે દ્વેષબુધ્ધિ પેદા થતાં દ્વેષાનુબંધ એટલે કે વૈરાનુબંધ અંતરમાં મજબુત રીતે પ્રાપ્ત થતો જાય છે. અને ઋણાનુબંધ રૂપે એ વૈરાનુબંધ પ્રાપ્ત કરીને સંખ્યાતા ભવો સુધી-અસંખ્યાતા ભવો સુધી અને અનંતા ભવો સુધી વૈરાનુબંધના પરિણામની તીવ્રતાના કારણે જન્મ મરણની પરંપરા કરતો કરતો જીવ વૈરાનુબંધને ઋણાનુબંધની પરંપરા રૂપે ભોગવતો જાય છે. અને એનાથી દુઃખ દુઃખ અને દુઃખજ પ્રાપ્ત કરતો જાય છે. એવીજ રીતે રાગાદિ પરિણામની તીવ્રતા ન હોય પણ દ્વેષાદિ પરિણામની તીવ્રતા વિશેષ રીતે પેદા થતી જાય તો એ પુદ્ગલો પણ જીવને અનુકૂળ રૂપેજ સદા માટે ભોગવાય એવો નિયમ રહેતો નથી. પ્રતિકૂળ રૂપે પણ અનુકૂળ પદાર્થો ભોગવાતા જાય છે. માટેજ જ્ઞાની ભગવંતો પુદ્ગલોના સંયોગને એમાં થતા રાગાદિ પરિણામથી જીવો ઋણાનુબંધ રાગનો અને દ્વેષનો પેદા કરતાં કરતાં પોતાના આત્માનો સંસાર વધારતો જાય છે. બોલો વર્તમાનમાં જે રીતે જીવન જીવીએ છીએ તેમાં આવા રાગાદિ પરિણામ

ઋણાનુબંધ રૂપે પ્રાપ્ત ન થઇ જાય એની કાળજી રાખીને જીવન જીવાય છે ખરૂં ! એ રીતે જીવન જીવવાની ઇચ્છા પણ પેદા થાય છે ખરી ! રાગાદિ પરિણામના ઋણાનુબંધ મજબુત થતાં જાય એ રીતે જે જીવન જીવાય છે એ જીવન ખટકે છે ખરું ! જ્યાં સુધી અંતરમાં આવી વિચારસરણી પેદા નહિ થાય ત્યાં સુધી દેવ, ગુરૂ અને ધર્મની ગમે તેટલી સુંદરમાં સુંદર રીતે અપ્રમત્તપણે કોઇપણ અતિચાર ન લાગે એ રીતે આરાધના કરતાં થઇએ તો પણ એનાથી આત્માનું કોઇ કલ્યાણ થવાનું નથી. જ્ઞાની ભગવંતો કહે છે કે સૌથી પહેલાં સચેતન પદાર્થોના રાગાદિ પરિણામથી આત્માને બચાવવાનો પ્રયત્ન કરવો જોઇએ. સચેતન પદાર્થોમાં રાગાદિ પરિણામથી જીવ જેટલો નિર્લેપ થતો જાય એટલો અચેતન પદાર્થોથી ધીરે ધીરે કરતાં કરતાં અભ્યાસ પાડીને જીવો નિર્લેપભાવ પેદા કરી શકે છે. માટે સૌથી પહેલાં સચેતન પદાર્થોનો સંયોગ પત્ની રૂપે, પતિ રૂપે, ભાઇ-બહેન રૂપે, મા-બાપ રૂપે, દીકારા દીકરી રૂપે ઇત્યાદિ અનેક પ્રકારના સચેતન પદાર્થોનો સંયોગ થયેલો છે એના રાગાદિથી છુટવા માટે હું આ દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરું છું આટલું પણ અંતરમાં છે ખરું ! ઉત્તરાધ્યયન સૂત્રની અંદર જ્ઞાની ભગવંતો કહે છે કે પતિ, પત્ની, માતા-પિતા, દીકરા-દીકરીઓ અને સ્નેબી સંબંધીઓનો રાગ રાખીને દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરવામાં આવે અને એ રાગ દુઃખરૂપ ન લાગે તો આરાધના કરતાં કરતાં એકેન્દ્રિયપણામાં જવા લાયક કર્મબંધ થતો જાય છે. જો આ રીતે એકેન્દ્રિયપણાનું કર્મબંધાતુ હોય તો આરાધના કરતાં કરતાં આપણે કેટલા સાવચેત રહેવું પડે એ ખુબજ વિચારણીય છે.

જ્ઞાની ભગવંતો કહે છે કે ચૌદરાજલોક જગતને વિષે પરિભ્રમણ કરતાં આપણા જીવે અત્યાર સુધીમાં અનંતા શરીરો પુરુષાર્થથી પેદા કર્યા અને એ અનંતા શરીરોને ભોગવીને એને લષ્ટ પુષ્ટ કરવા પ્રયત્ન કરતાં કરતાં રાગાદિ પરિણામથી ભોગવ્યા અને નિરોગી શરીરપણામાં

મરણ પ્રાપ્ત થાય તો રાગના પરિણામથી એને છોડ્યા એવીજ રીતે જે જીવોને પોતાનું શરીર અનેક પ્રકારનું દુઃખજ આપ્યા કરે અને પોતાની ધારણા મુજબનું સુખ પણ પ્રાપ્ત થવા ન દે તો એ રોગાદિ વાળું શરીર પ્રત્યે દ્વેષ બુધ્ધિ પેદા કરીને એવા દ્વેષવાળા અનંતા શરીરો અત્યાર સુધી છોડ્યા છે. આ રીતે શરીર પ્રત્યેના રાગ અને દ્વેષ કરતાં કરતાં એના ઋણાનુબંધથી જે કંઇ કર્મબંધ કરેલો હોય તે કર્મબંધના પ્રતાપે આપણને એ કર્મો ઉદયમાં આવીને જ્યારે જ્યારે રાગના પદાર્થો દેખે કે સહજ રીતે એમાં રાગ પેદા થતો જાય છે. એવીજ રીતે દ્વેષના પદાર્થો દેખવામાં આવે આખા કુટુંબને ગમે એવી ચીજ હોય અને પોતાને એકનેજ ન ગમે અને બધા એના વખાણ કરતાં હોય તોપણ પોતાને ગમતી ચીજ ન હોવાથી દ્વેષબુધ્ધિ પેદા થતાં એ ઋણાનુબંધના દ્વેષના ઉદયથી એ ચીજને જોવાનું મન પણ થતું નથી-ભોગવવાનું મન પણ થતું નથી અને કેમ જલ્દી મારાથી દૂર થાય એવીવિચાર સરણી અંતરમાં સતત પેદા થયા કરે છે. અને એના પ્રતાપે દ્વેષના ઋણાનુબંધનો તીવ્રરસ કરતો કરતો સંસારમાં પરિભ્રમણ માટે જીવ ચાલતો થઇ જાય છે. બોલો આખા દિવસમાં જે આરાધના કરીએ છીએ એનાથી જે પુણ્ય બાંધીએ છીએ એ પુણ્યનો રસ તીવ્ર બંધાય છે કે આરાધનાના ટાઇમ સિવાય જે કાંઇ પુદ્‌ગલોના સંયોગના પદાર્થોને વિષે રાગના પરિણામો અને દ્વેષના પરિણામો કરતાં કરતાં જે ઋણાનુબંધ રાગાદિનો બંધાય છે તે તીવ્રરસે બંધાય છે ? આવી વિચારણા કોઇ દિ કરી છે ખરી ! તો પછી આરાધના આરાધક ભાવ પેદા કરશે કઇ રીતે ! આના ઉપરથી એ નિશ્ચિત થાય છે કે પુણ્યના ઉદયથી શરીર ગમે તેવું પ્રાપ્ત થયેલું હોય તો પણ કર્મનો નાશ કરવામાં સહાયભૂત થાય અને આત્મકલ્યાણમાં સહાયભૂત થતું જાય એ રીતે જીવન જીવતાં શીખી જવું જોઇએ. અત્યાર સુધીમાં જૈનશાસનમાં અનેક રાજકુમારો સંયમનો સ્વીકાર કરી શરીર પ્રત્યેના ભેદજ્ઞાનને પ્રાપ્ત કરી પોતાના આત્માનું કલ્યાણ સાધી ગયા. શ્રમણ

ભગવાન મહાવીર મહારાજાના ચૌદહજાર શિષ્યોમાં ઉત્કૃષ્ટ તપ જીવનમાં કરેલો હોય અને સારી રીતે કર્મનિર્જરા સાધીને આત્મકલ્યાણમાં આગળ વધેલા હોય તેમાં ધન્ના અણગાર નામના શિષ્યનુંજ ભગવાને તો નામ જણાવેલું છે. એ રાજકુમારે જ્યારે સંયમનો સ્વીકાર કર્યો તેજ દિવસથી ભગવાનપાસે અભિગ્રહ કર્યો છે કે આજથી છઠ્ઠને પારણે છઠ્ઠ કરીશ પારણે આંબિલ કરીશ અને આંબિલમાં માખી ન બેસે એવો આહાર ગ્રહણ કરીશ. આ રીતે ભગવાને પણ અભિગ્રહ આપ્યો કારણ કે એમાં એમનું કલ્યાણ જોયેલું છે. એ રીતે અભિગ્રહ લઇને રાજકુમાર રૂપે પોતાનું જે શરીર લષ્ટ પુષ્ટ હતું તે આખું શરીર લોહી અને માંસને સુકવીને એવું બનાવી દીધું કે ઝાડના ઠુંઠા જેવું પોતાનું આખું શરીર કરી દીધું અને રોજ અભ્યાસ કરતાં કરતાં અગિયાર અંગ ભણ્યા છે. અને એ અગિયાર અંગ ભણીને ભગવાનની આજ્ઞા લઇ જંગલને વિષે કાઉસગ ધ્યાને રહીને એનો સ્વાધ્યાય કરે છે. જ્યારે શ્રેણિક મહારાજાએ ભગવાનને પૂછયું કે ભગવન્ આપના શિષ્યોમાંથી ઉત્કૃષ્ટ આરાધના કરનારા શિષ્યો કેટલા છે અને કયા છે અને વર્તમાનમાં તે ક્યાં છે ત્યારે ભગવાને કહ્યું કે એ એકજ શિષ્ય છે અને ધનના અણગાર નામે છે અને અત્યારે જંગલમાં ઝાડ નીચે કાઉસગ ધ્યાને રહીને પોતાના સ્વાધ્યાયમાં મગ્ન રહેલા છે. આટલું સાંભળી શ્રેણિક મહારાજા વંદન કરવા માટે જંગલમાં જવા તૈયારી કરે છે ત્યાં ભગવાને કહ્યું કે શ્રેણિક સાંભળ એમનું શરીર લોહી માંસ વગરનું સુકાયેલા ઝાડના ઠુંઠા જેવું થયેલું છે તું જઇશ તો પણ તું એમને ઓળખી શકીશ નહીં માટે એમનું બધું વર્ણન સમજાવ્યું ત્યાર પછી વંદન કરવા માટે શ્રેણિક રાજા ગયા જોઇને આનંદ પામીને અનુમોદન કરે છે કે ખરેખર પોતાનું જીવન ધન્ય બનાવી રહેલા છે. ધિક્ક છે મારા જીવનને કે હું આમાનું કાંઇ કરી શકતો નથી. આ રીતે મહાત્માની સ્તવના કરીને પાછા આવ્યા ત્યાર પછી એ મહાત્મા નવ મહિનાનો સંયમ પર્યાય પાળીને સર્વાર્થ સિધ્ધ

વિમાનનું આયુષ્ય બાંધીને અહીંથી કાળ કરી સર્વાર્થ સિધ્ધ વિમાનમાં ઉત્પન્ન થઇ તેત્રીસ સાગરોપમ સુધી સ્વાધ્યાયમાં પોતાનો કાળ પસાર કરી રહેલા છે. અને ત્યાંથી મનુષ્યમાં આવીને મોક્ષે જશે. શરીર પ્રત્યેનું આટલું ભેદજ્ઞાન એમને જે પેદા કરીને શરીર પ્રત્યેથીજે કષ્ટો વેઠ્યા એ કષ્ટો વેઠવામાં શરીર જરાય અંતરાયભૂત ન થાય એની સતત કાળજી રાખીને પોતાના આત્માનું કલ્યાણ સાધી ગયા. આવી કોઇ વિચારણા અંતરમાં મહાપુરુષોના ચરિત્રોને સાંભળતા કે વાંચતા પેદા થાય છે ખરી ! જ્યાં સુધી આવી વિચારણાઓ પેદા કરવાનો પ્રયત્ન નહી કરીએ ત્યાંસુધી કોઇકાળે આપણું કલ્યાણ થવાનું નથી. માટે હવે સાવચેત થવાની ખુબ જરૂર છે. દેવ, ગુરૂ, ધર્મની આરાધના કરતાં કરતાં એ આરાધના સચેતન અને અચેતન પદાર્થનો રાગ ઘટાડવામાં કેટલો સહાયભૂત થાય છે એની પણ રોજ વિચારણા કરવી જોઇએ. જો એ રીતે પ્રયત્ન નહિ કરીએ તો રાગથી છોડેલા પુદ્‌ગલો પ્રત્યે વિશેષ રીતે પાપ કરતાં કરતાં એ પાપના અનુબંધને જીવ સાથે લઇને જાય છે. માટેજ સૌથી પહેલાં આ પુદ્‌ગલોના આકર્ષણથી બચવાનું વિધાન કહેલું છે. તોજ આપણો આત્મા લઘુકર્મી રૂપે બની શકશે. નહિતર એ રાગથી છોડેલા પુદ્‌ગલોને પાપના અનુબંધ રૂપે બાંધીને અને દ્વેષથી છોડેલા પુદ્‌ગલોમાં પાપના અનુબંધનો બાંધીને આપણા આત્માને ભારે કરતાં જઇએ છીએ. અને આ રીતે ભારે કરીને સંસારની અંદર પરિભ્રમણ કર્યા વગર ચાલશે નહિ.

જીવતત્વ અને અજીવતત્વને કોઇએ પેદા કરેલ નથી પણ તે અનાદિકાળથી છે.

તમે તત્વને નથી જાણતાં પણ તમે જે કાંઇ કરી રહ્યા છો તેમાં તમને કોઇ સમજાવવા માંગે તો તેને સમજવા માટે તમારૂં હૈયું ખુલ્લું છે

કે નહી ! તત્વો કેટલાં છે ? સાત અથવા નવ. જીવ, અજીવ, આશ્રવ, સંવર, બંધ નિર્જરા અને મોક્ષ એ સાત તત્વો અથવા પુણ્યને અનેપાપને જુદા ગણીએ તો કુલ નવતત્વો છે. કર્મ અજીવ છે પણ જીવ એ અજીવમાં અનાદિકાળથી પકડાયેલો છે. અને એ માટેજ જીવ અને અજીવ સિવાયના તત્વોને પણ માનવા પડે છે.

પ્રશ્ન- કર્મ નો યોગ ન હોય તો મોક્ષતત્વને માનવાની પણ જરૂર પડે નહિને ?

ઉ. મોક્ષ એટલે શું ? આત્મા કર્મના યોગથી સર્વથા મુક્ત બને તે. જો કર્મનો યોગજ ન હોય તો મોક્ષ પામવાની વાતજ રહે નહિ. એટલે મોક્ષતત્વને માનવાની જરૂર પડે નહિ. જેઓ આત્માના મોક્ષ પર્યાયને માને છે તેઓને આત્માની સાથેના યોગને માનવો પડે. અને એ કર્મનોયોગજ આત્માનો મોક્ષ પર્યાય પ્રગટ થવામાં અંતરાય કરનારો છે એમ પણ માનવું પડે આમતો જીવ અને અજીવ એમ માત્ર બે પ્રકારના જ તત્વો આ જગતમાં વિદ્યમાન છે. કોઇપણ વસ્તુનો સ્વતંત્રપણે વિચાર કરો તો લાગે કે કાંતો એ જીવ છે કાંતો એ અજીવ છે. આ બન્ને તત્વો કોઇના બનાવેલા છે કે બનેલાજ હતા જીવને કે અજીવને કોઇએ પેદા કરેલ છે ? નહિ જ. જો જીવને કોઇએ પેદા કર્યો હોય અને અજીવને કોઇએ પેદા કર્યું હોય તો એ પેદા કરનાર જીવ હતો કે અજીવ હતો ? જો પેદા કરનાર જીવ હોય તો જીવ હતોજ એમ નક્કી થઇ જાય છે. અને અજીવતત્વ હતું એમ પણ નક્કી થઇ જાય છે કારણ કે એકલો જીવ અજીવને પેદા કરે એ બને શી રીતિએ. બીજી વાત જેમાં જે ન હોય તે તેમાંથઈ પેદા થાય એ બને શી રીતિએ ? એટલે એક જીવ હતો અને એણે બીજા જીવોને પેદા કર્યા એ પણ બને નહિ. કેટલાક કહે છે કે ઇશ્વરે બધા જીવોને પેદા કર્યા. તો બધા જીવોને પેદા કરનારો ઇશ્વર શુધ્ધ હતો કે અશુધ્ધ હતો ? જે અશુધ્ધ હોય તેને ઇશ્વર કહેવાય નહિ અને જે શુધ્ધ હોય તેનામાં પેદા કરવાપણું સંભવે નહિ. જેનામાં રાગ કે

દ્વેષ ન હોય તેનામાં લીલા હોય ? લીલા કરવાનું મન થાય એ રાગ છે ને. જેનામાં રાગનો અંશે ન હોય તેને વળી લીલા કરવાનું મન થાય શી રીતિએ ? અને જો રાગ હતો એમ માનીએ તો રાગિને ઇશ્વર મનાય શી રીતિએ માટે ઇશ્વરે જીવોને પેદા કર્યા છે એવું કહેનારાઓને તત્વનું સાચું જ્ઞાનજ નથી. જીવતત્વને અને અજીવતત્વને કોઇએ બનાવેલ નથી પણ એ બન્ને તત્વો છેજ. ક્યારથી છે ? તો કહે. અનાદિકાળથી છે. કેમકે નહોતા તો ઉત્પન્ન થયા શી રીતિએ ? એ સવાલ આવીને ઉભોજ રહે છે. તમે જો તત્વજ્ઞાનને પામ્યા હોય તો તત્વોના સ્વરૂપનો આમ વિચાર કરી શકો ને ?

જેટલી અજીવના યોગની પ્રબળતા તેટલી સંસારની પ્રબળતા

અનંતજ્ઞાની શ્રી જિનેશ્વર દેવોએ ફરમાવેલા નવતત્વોની શંકા વિનાની રુચિ એ સમ્યગ્દર્શન છે. આ ગુણને ધરનાર આત્મા બરાબર સમજે છે કે અજીવનો આત્માની સાથેનો યોગ એજ આત્માનો સંસાર છે. જ્યાં સુધી આત્માની સાથે અજીવનો યોગ છે ત્યાં સુધી એ સંસારને કોઇ અટકાવી શકે એમ નથી. અજીવનો યોગ હોવાછતાં પણ કાંઇક શુધ્ધ બનેલો આત્મા અજીવના યોગનો નાશ કરવાનો પ્રયત્ન કરી શકે છે. પણ અજીવનો યોગ જ્યાં સુધી જે આત્માને રહેવાનો ત્યાં સુધી તે આત્માનો સંસાર જીવતો અને જાગતો રહેવાનોજ. આત્માની સાથેનો અજીવનો યોગ સર્વથા જાય એટલે તે આત્માનો સંસાર પણ સર્વથા જાય આથી જેમ બને તેમ આત્માનો અજીવ સાથેનો યોગ નાશ પામે તેવો પ્રયત્ન કરતાં રહેવું જોઇએ. કારણ કે જેટલી અજીવના પ્રયોગની પ્રબળતા તેટલી સંસારની પ્રબળતાં અને અજીવના યોગમાં જેટલું ભંગાણ તેટલું સંસારનું ભંગાણ કહેવાય છે.

જેટલું પોતાનું ગમે છે તેટલું પારકું ગમતું નથી.

આત્મા સ્વભાવે ઘણો સુંદર છે. એકવાર એના સ્વરૂપનો કાંઇકપણ વાસ્તવિક ખ્યાલ આવી જાય તો પછી તે બીજે ભટકવાનું પસંદ કરે નહિ. જેટલો પોતાના ઘરે પેસવામાં આનંદ છે તેટલો પારકે ઘરે પેસવામાં આનંદ ન હોય. પરવસ્તુમાં મારાપણું આવી ગયું છે એટલે અત્યારે પરવસ્તુ ગમે છે. પણ સો વસ્તુમાં મારાપણું આવી જશે પછી પર વસ્તુ ગમવાનીજ નથી. દુનિયાને જેટલું પોતાનું ગમે છે તેટલું પારકાનું ગમતુંજ નથી. માટે આપણું પોતાનું શું છે એનેજ સમજાવવાનો ખાસ પ્રયત્ન કરવો છે. એ સમજાઇ જાય તોય ઘણું છે કારણ કે જેમને એસમજાયું છે તે પરિણામે પોતાની વસ્તુના ભોક્તા બન્યા વિના રહ્યા નથી.

કાળદ્રવ્ય

(૧) કાળદ્રવ્ય માત્ર મનુષ્યલોકમાંજ હોય છે. અનાદિકાળથી સૂર્ય અને ચંદ્રનું પરિભ્રમણ રહેતું હોવાથી દિવસ અનેરાત્રિ વગેરે કાળમાન પેદા થાય છે. તે બધો વ્યવહાર કાળ કહેવાય છે.

(૨) નિશ્ચયકાળ હંમેશા એક સમયનોજ હોય છે. જે સમયે જીવ ભોગવે છે એ સમય પૂર્ણ થતાં ભવિષ્યનો બીજો સમય પેદા થાય છે. એટલે ભોગવાતો સમય ભૂતકાળ બની જાય છે. અને એના કારણે કાળદ્રવ્યને કોઇપણ જાતના પ્રદેશો હોતા નથી. એટલે એ કાળદ્રવ્ય અસ્તિકાય દ્રવ્ય રૂપે ન હોવાથી એકલું કાળ દ્રવ્યજ કહેવાય છે. અને એ કાળદ્રવ્ય સ્વતંત્ર રીતે જગતને વિષે બધા દ્રવ્યો કરતાં ભિન્ન રૂપે રહેલું છે. માટે એક સમય રૂપ જે કાળ તે નિશ્ચયકાળ કહેવાય છે. અને સદા માટે જગતને વિષે એ નિશ્ચયકાળ વિદ્યમાન રૂપે રહેલો હોય છે.

(૩) વ્યવહારકાળની અપેક્ષાએ ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ એમ ત્રણ ભેદ પડે છે અને મનુષ્યલોકની અપેક્ષાએ બાકીના દરેક ક્ષેત્રોને વિષે વ્યવહારકાળથી ગણત્રી થાય છે.

(૪) જગતમાં રહેલા જીવોના આયુષ્યનું માપ એનું વર્ણન એની

સ્થિતિનું વર્ણન, વ્યવહારકાળની અપેક્ષાએ ગણાય છે. જેમકે આપણે મનુષ્યજન્મમાં અત્યારે રહેલા છીએ એમાં અહિંયા જન્મ્યા પછી આપણો કાળ કેટલો પસાર થયો એ જાણવું હોય તો જે જે જીવોનું જેટલું આયુષ્ય ભોગવાઇને પૂર્ણ થયેલું હોય એટલા આયુષ્ય રૂપ કાળ એનો પસાર થયો એમ વ્યવહારથી કહેવાય છે. એ ભોગવાયેલા આયુષ્યકાળને ભૂતકાળ રૂપે ગણાય છે. વર્તમાનમાં ભોગવાતું આયુષ્ય એ એક સમય રૂપે વર્તના હોવાથી વર્તમાનકાળ એક સમય રૂપે ગણાય છે. અને ભવિષ્યમાં બાકીનું ભોગવવાનું આયુષ્ય બાકી હોય એ જો ખબર હોય તો એમ કહી શકાય કે હજી આટલો કાળ મારે પસાર કરવાનો છે એને ભવિષ્યકાળ કહેવાય છે.

અતિ સૂક્ષ્મમાં સૂક્ષ્મ વર્તનારૂપે એક સમયનો કાળ ગણાય છે. એ સમયને જાણવા માટે જ્ઞાની ભગવંતોએ સ્થૂલ દ્રષ્ટાંત આપીને જણાવ્યું છે કે કોઇ જુવાન નિરોગી માણસ સો કમળના પાંદડાને એક એક ઉપર એક એક ભેગા કરીને તીક્ષ્ણ અણીદાર ભાલો લઇને એ ભાલાથી ભેદવા માંગે અને સોયે પાંદડા એકસાથે ભેદીને ભાલાની અણી બહાર દેખાડે એમાં કેટલો સમય જાય ? તો જ્ઞાનીઓ કહે છે કે એક પાંદડાથી બીજું પાંદડુ ભેદાતા અસંખ્યાત સમય પસાર થાય છે. એનો જે અસંખ્યાતમો ભાગ એને એક સમય કહેવામાં આવે છે. એવીજ રીતે જીર્ણ થયેલું કપડું જુવાન નિરોગી માણસ એને બે ટુકડા કરવા પ્રયત્ન કરે અને બે ભાગ કરે તે વખતે જે ટાઇમ પસાર થાય છે તેમાં એક તાંતણાથી બીજો તાંતણો તૂટતા એટલે કે એક દોરાથી બીજો દોરો તૂટે એમાં અસંખ્યાતા સમય પસાર થાય છે. એનો જે અસંખ્યાતનો ભાગ તેને એક સમય કહેવાય છે. આવા એક સમયને વર્તનાકાળ કહેવાય છે. અત્યાર સુધીમાં આવા સમયોનો કાળ અનંતો પસાર થયેલો છે અને જેટલો પસાર થયેલો છે એવા ભૂતકાળ કરતાં અનંતગણો અધિક ભવિષ્યકાળ સદા માટે બાકી રહેલો છે આને કાળદ્રવ્ય કહેવાય છે.

આ એક સમયમાં જગતમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના દશમા ગુણસ્થાનક સુધીમાં રહેલા જીવો સાત કર્મનો બંધ અને દશમા ગુણસ્થાનકે

છ કર્મનો બંધ સતત કર્યાજ કરે છે. જ્ઞાની ભગવંતો કહે છે કે ઇચ્છા માત્રથી કર્મનો બંધ ચાલુજ છે. જગતમાં રહેલા કોઇપણ પદાર્થ મળે કે ન મળે એમાં મેળવવા માટે પુણ્ય જોઇએ છે, પુણ્ય હોય તોજ પ્રાપ્ત થાય બાકી એ પદાર્થ પ્રાપ્ત થતા નથી. છતાં પણ જીવને એ પદાર્થની આશાઓ અને ઇચ્છાઓ સતત ચાલુને ચાલુ રહે છે. કારણ કે અનાદિકાળથી સંસારી જીવો રાગ, દ્વેષના પરિણામથી યુક્ત હોય છે. જ્યારે જ્યારે અનુકૂળ પદાર્થો પ્રાપ્ત થાય ત્યારે ત્યારે આ પદાર્થો મને કાયમ મળ્યા કરે એવી ઇચ્છાઓ અંતરમાં સતત ચાલુને ચાલુ રહે છે. એવીજ રીતે પ્રતિકૂળ પદાર્થોની પ્રાપ્તિ થાય ત્યારે આ પદાર્થો મારાથી કેમ જલદી દૂર થાય અને ફરીથી મને આ પદાર્થોનો સંયોગ ન થાય એની સતત અંતરમાં ઇચ્છાઓ પેદા થયાજ કરે છે. માટે ઇચ્છા માત્રથી જ્ઞાની ભગવંતો કર્મબંધ કહે છે. જૈનશાસનની ખૂબી એ છે કે જ્યારે એ જીવ સમજણના ઘરમાં દાખલ થાય અને ઇચ્છાઓનો સંયમ કરવાનો પ્રયત્ન કરતો થાય અને ઇચ્છા વગર પુણ્યથી મળેલા પદાર્થોનો ભોગવટો કરતો થાય તો એને અશુભ કર્મો તીવ્રરસવાળા બંધાતા નથી. આ જૈનશાસનની ખૂબી છે. કે જેમ જેમ ઇચ્છા વગર પદાર્થોનો ભોગવટો જીવ કરતો થાય તેમ તેમ અશુભ કર્મનો રસબંધ અલ્પ થતો જાય છે શુભ કર્મનો રસબંધ તીવ્ર થતો જાય છે અને એ શુભ કર્મો ઉદયમાં આવતા પદાર્થોની ઇચ્છાઓનો સંયમ કરવામાં સહાયભૂત થતાં થતાં એ જીવોને એ પદાર્થોને મેળવવાની, ભોગવવાની, સાચવવા આદિની ઇચ્છાઓ પેદા થતી નથી. આ રીતે પોતાના જીવનમાં સાધના કરતાં કરતાં ઋષભદેવ ભગવાનના આત્માએ ૧૩ ભવ સુધી સાધના કરી એમાં ૧૩મા ભવે તીર્થંકર તરીકે ઉત્પન્ન થયા તે વખતે ૮૪ લાખ પૂર્વ વરસનું આયુષ્ય હતું એમાં ૮૩ લાખ પૂર્વ વરસ સુધી સંસારમાં રહ્યા એવી જ રીતે મહાવિદેહ ક્ષેત્રમાં જેટલા જેટલા તીર્થંકર પરમાત્માઓ થાય છે એ દરેક તીર્થંકર પરમાત્માઓનું ૮૪ લાખ પૂર્વ વરસનું આયુષ્ય હોય છે. એ આત્માઓ ૮૩ લાખ પૂર્વ વરસ સુધી સંસારમાં રહેલા હોવા છતાંય સંસારના પદાર્થોનો ભોગવટો કરતાં હોવા

છતાંય પોતાના આત્મામાં એ પદાર્થો પ્રત્યે મારાપણાની બુધ્ધિ આવાજ પદાર્થો મને મળ્યા કરે તો સારૂં હું એનો સંગ્રહ કરું કે જેથી ભવિષ્યમાં આ પદાર્થો મને સુખ આપનારા બને આમાંની કોઇપણ વિચારધારા ઇચ્છા રૂપે એમના અંતરમાં પેદા થતી નથી. ચોથા ગુણસ્થાનકે રહેલા હોવાછતાંય એમનો વૈરાગ્યભાવ જે ઉત્કટ કોટિનો સાધના કરીને પ્રાપ્ત કરેલો છે એના પ્રતાપે એ આત્માઓને એ સુખના કાળમાં ત્રીજે ભવે જે જ્ઞાન પ્રાપ્ત કરીને આવેલા છે એ જ્ઞાનના સ્વાધ્યાયમાંજ પોતાનો કાળ પસાર કરે છે. સંસારના પદાર્થો ભોગાવલી કર્મો નિકાચીત બાંધીને આવેલા હોવાથી ભોગવીને એ કર્મો ખપાવવા માટે ભોગવે છે. માટે એ આત્માઓને ૮૩ લાખ પૂર્વ વરસ સુધી સંસારમાં રહીને પદાર્થોનો ભોગવટો કરવા છતાં પણ સંસારમાં રખડપટ્ટી થાય એવો કર્મબંધ જરાય પ્રાપ્ત થતો નથી. એટલે કે સંસારના ભવની પરંપરા વધે એવો કર્મબંધ બીલકુલે પ્રાપ્ત થતો નથી. માત્ર પૂર્વ ભવોમાં જે નિકાચીત કર્મો બાંધેલા છે એ અશુભ કર્મો હજી ભોગવવાના બાકી છે એ કર્મોને જ્યારે સંયમની પ્રાપ્તિ કરશે ત્યારે ઉદયમાં આવીને પરિસહ રૂપે અને ઉપસર્ગ રૂપે ભોગવીને નાશ કરી એ જ ભવને વિષે ક્ષપક શ્રેણી પ્રાપ્ત કરી, મોહનીય કર્મનો સંપૂર્ણ નાશ કરી વીતરાગ દશાને પ્રાપ્ત કરી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરીને ધર્મતીર્થની સ્થાપના કરશે. આ રીતે સંસારમાં કેવી રીતે જીવાય એ આદર્શ રૂપે ચોથે ગુણસ્થાનકે રહીને તીર્થંકરના આત્માઓ સંસારના પદાર્થોને ભોગવવા છતાં પણ સંસાર વધે નહિ એ રીતે જીવન જીવવાનો પ્રયત્ન પોતે કરી એનો માર્ગ મૂકીને સિધ્ધિ ગતિને પ્રાપ્ત થયેલા છે. એજ પરમાત્માની ભક્તિ આપણે કરીએ છીએ એ ભક્તિ કરતાં કરતાં સંસારમાં એમના જેવું જીવન તો જીવી શકીએ એવી વર્તમાનમાં આપણી શક્તિ નથી પણ એના અંશ જેટલી તાકાત મને પ્રાપ્ત થાય કે જેના પ્રતાપે અનુકૂળ પદાર્થોને ભોગવવા છતાં પણ એના રાગાદિ પરિણામ મને પજવી શકે નહિ. એ રીતે જીવન જીવવાની ઇચ્છા એનો પ્રયત્ન કરવાની ભાવના અંતરમાં ખરી ! જ્યાં સુધી ભક્તિ કરતાં કરતાં આવી

વિચારસરણી પ્રાપ્ત કરીને રાગાદિ પરિણામથી નિર્લેપ રીતે જીવન જીવવાનો પ્રયત્ન નહીં કરીએ ત્યાં સુધી એ અરિહંત પરમાત્માઓની ભક્તિ આત્મિક ગુણ તરફ આત્મિક ગુણના લક્ષને પેદા કરવામાં સહાયભૂત થઇ શકશે નહિં. ભલે પછી સારામાં સારી રીતે ઉંચામાં ઉંચા દ્રવ્યો લાવીને સુંદરમાં સુંદર રીતે ભક્તિ કરવા છતાં પણ જો રાગાદિ પરિણામથી નિર્લેપતાનો ભાવ પેદા નહીં થાય અને એના અંશ જેટલો પણ પ્રયત્ન કરવાની ઇચ્છા પણ નહિ થાય ત્યાં સુધી એ ભક્તિ દાનધર્મ ધર્મ રૂપે ગણાતી હોવાછતાં પણ સદ્દાન રૂપે બનશે નહિ અને જ્યાં સુધી સદ્દાન રૂપે ન બને ત્યાં સુધી આત્મિક ગુણ તરફનું લક્ષ જીવને કોઇકાળે પેદા થઇ શકતું નથી. અત્યાર સુધી જે કંઇ જીવનમાં અરિહંત પરમાત્માની ભક્તિ કરેલી છે એમાં આવો કોઇ ભાવ પેદા થયેલો છે ખરો ! આવો ભાવ ક્યારે પેદા થાય એવી વિચારસરણી પણ પ્રાપ્ત થયેલી છે ખરી !

જ્ઞાની ભગવંતો કહે છે કે નરકમાં રહેલા ક્ષાયિક સમકિતી જીવો નરકના દુઃખની વેદના પોતે જે ભોગવી રહેલા છે એમાં પણ એમની જે સમાધિ સુંદર રીતે ટકી રહેલી હોય છે કે જેના પ્રતાપે દુઃખની વેદનાઓ અનેક પ્રકારની પ્રાપ્ત થતી હોવા છતાંય એને ભોગવવા છતાં પણ પોતાની જન્મ મરણની પરંપરા વધે એવો કર્મબંધ એ જીવો પણ પ્રાપ્ત કરી શકતા નથી. તો જો નરકમાં રહેલા જીવો ચોથે ગુણસ્થાનકે આ રીતે દુઃખની વેદના ભોગવીને જન્મ મરણની પરંપરા ન વધે એ રીતે જો ભોગવી શકતા હોય તો નરકના દુઃખની વેદનાની અપેક્ષાએ મનુષ્ય જીવનમાં જે કંઇ કર્મના ઉદયથી દુઃખ પ્રાપ્ત થાય છે એ દુઃખ એની અપેક્ષાએ કેવું ગણાય ? આ વિચારસરણી પ્રાપ્ત કરીને જ્યારે જ્યારે મનુષ્યપણામાં દુઃખ પ્રાપ્ત થાય ત્યારે મેં પાપ કર્યા છે માટે મને આ દુઃખ આવેલું છે. પાપ કરતાં મેં પાછુંવાળીને જોયું નથી તો પાપના ફળ સ્વરૂપે આવેલા દુઃખમાં એ જીવ હું કાયર શા માટે બનું ? અને કાયર બનીને હાયવોય કરીને આવેલા દુઃખને ભોગવવું તો પડશે જ ભોગવ્યા વગર તો એ દુઃખ જવાનું નથી. તો પછી હાયવોય કરતાં અને કાયરતાથી દુઃખ

ભોગવતાં મારાજ આત્માની જન્મ મરણની પરંપરા વધે છે અને ભવિષ્યમાં આના કરતાં વિશેષ દુઃખ મારે ભોગવવું પડશે. તો પછી ભગવાનની ભક્તિ કરતાં કરતાં પાપના ઉદયથી આવેલા દુઃખોને ભગવાને જે રીતે દુઃખો ભોગવ્યા સમકિતી જીવો નરકમાં જે રીતે દુઃખો ભોગવે છે એ બધું યાદ કરીને અહિંયા એવી રીતે દુઃખ ભોગવતો થાઉં કે જેના પ્રતાપે દુઃખ ભોગવવા છતાં પણ મારા આત્માને અશુભ કર્મો જન્મ મરણની પરંપરા વધારે એવા ન બંધાય એ રીતે ભોગવી લઉં કે જેના કારણે બાંધેલા પાપના ફળ સ્વરૂપે દુઃખને ભોગવતાં પાપનો નાશ કરતો થાઉં. અને ભવિષ્યમાં એ સંસ્કાર દ્રઢ એવી રીતે કરતો થાઉં કે કદાચ નરકમાં જવું પડે તો પણ મારો આત્મા નરકમાં દુઃખ ભોગવતાં ભોગવતાં પણ જન્મ મરણની પરંપરા ન વધારે એ રીતે ત્યાં પણ સમાધિમાં રહી કર્મની નિર્જરા કરતો કરતો મનુષ્યપણામાં આવી સાધનામાં આગળ વધતો વધતો રાગાદિ પરિણામનો નાશ કરી સંપૂર્ણ મોહનીય કર્મનો નાશ કરી વીતરાગ દશાને પામી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરીને વહેલામાં વહેલી તકે સિધ્ધિ ગતિને પ્રાપ્ત કરું. આવી શક્તિ મને અરિહંત પરમાત્માની ભક્તિથી પ્રાપ્ત થાય અને એ રીતે હું પ્રયત્ન કરતો થાઉં એવી ભગવાનની ભક્તિ કરતાં રોજ ભાવના ભાવવાની છે. જેમકે મરુદેવા માતા ને આત્મામાં સરળ સ્વભાવ અને નિઃસ્વાર્થ ભાવ એવો ઉંચી કોટિનો પ્રાપ્ત થયેલો હતો કે એ સરળ સ્વભાવ અને નિઃસ્વાર્થ ભાવ પૂર્વભવે એકેન્દ્રિયપણામાં કેળના ભવમાં બાજુમાં બોરડીનું ઝાડ હતું અને પવનથી એના કાંટા એમના શરીરને વાગતા હોવા છતાં પણ એ જીવ પ્રત્યે અંતરથી દ્વેષબુધ્ધિ પેદા થઇ નહિં એમાં મનુષ્યપણાનું આયુષ્ય બાંધી પૂર્વક્રોડ વરસના આયુષ્યનો બંધ કરી તીર્થંકરની માતા રૂપે મરુદેવા રૂપે ઉત્પન્ન થયાં. જ્યારે એમનો દિકરો દીક્ષા લેવા માટે નીકળે છે ત્યારથી દીકરાના રાગના કારણે દીકરાની ચિંતા અને વિચારણા કરતાં કરતાં એક હજાર વરસ સુધી રોઇ રોઇને પોતે પોતાનો કાળ પસાર કર્યો એમાં પોતાની આંખો પણ ગુમાવી. છતાં પણ એ રાગ એમનો એવા પ્રકારના કર્મ રૂપે

હતો કે જન્મ મરણની પરંપરા વધે એવા રાગાદિ પરિણામ એમને પ્રાપ્ત થયેલા નથી. અને નિકાચીત રૂપે જન્મ મરણ ભોગવવા પડે એવો કર્મબંધ પણ પ્રાપ્ત થયેલો નથી. જ્યારે ઋષભદેવ ભગવાન કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી ત્યાં નગરીની બહાર પધાર્યા અને ભરત મહારાજા મરુદેવા માતાને હાથીની અંબાડી ઉપર બેસાડીને ઋષભદેવ ભગવાનના દર્શન કરવા માટે લઇ ગયા તે વખતે ભગવાનની પર્ષદા જોઇને એમની ઋધ્ધિ સિધ્ધિ રૂપે સમોવસરણને દેખીને દેશનાના શબ્દો સાંભળતાં મરુદેવાનો આત્મા વિચારધારામાં ચડ્યો તો પહેલા ગુણસ્થાનકે સમજણના ઘરમાં પ્રાપ્ત થઇ રાગાદિ પરિણામનો સંયમ કરી, ગ્રંથીભેદ કરી, સમકિતની પ્રાપ્તિ કરી ભાવથી સંયમની પ્રાપ્તિ કરીને સાતમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરી ક્ષપક શ્રેણી માંડી મોહનીય કર્મનો નાશ કરી વીતરાગ દશાને પ્રાપ્ત કરી, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અંતરાય કર્મનો સંપૂર્ણ નાશ કરીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી પોતાનું આયુષ્ય પૂર્ણ થતાં છેલ્લે યોગ નિરોધ કરીને હાથીની અંબાડી ઉપર કાળધર્મ પામીને સિધ્ધિ ગતિને પ્રાપ્ત કરી. આ બધું એક અંતર્મુહૂર્તમાં એ આત્માને પ્રાપ્ત થયું.

આનાથી નિશ્ચિત થાય છે કે પુદ્‌ગલના વાસ્તવિક સંયોગના પદાર્થોને ભોગવવા કરતાં સંયોગવાળા પુદ્‌ગલોની ઇચ્છાથી વિશેષ કર્મબંધ થાય છે. જેમ જેમ પુદ્‌ગલના સંયોગોને ઇચ્છા વગર ભોગવવામાં આવે તેમ તેમ પુદ્‌ગલોના અભાવનું વાસ્તવિક સુખ શરૂઆતમાં અલ્પ રૂપે અનુભવાય છે. પછી જેમ જેમ એનો કાળ વધતો જાય તેમ તેમ એ સુખ વિશેષ રીતે અનુભવાય છે અને વિશેષ કર્મનો નાશ કરવામાં સહાયભૂત થાય છે. જેમકે શ્રીપાળના જીવે ૧૬ વર્ષ સુધી કોઢરોગને ભોગવવા છતાં એ કોઢરોગને ભોગવતાં ભોગવતાં આ મારો રોગ ક્યારે નાશ પામે અને હું નિરોગી થાઉં આવી વિચારસરણી પણ પેદા કરી નથી. અજ્ઞાન હોવાછતાં પણ દેવ, ગુરૂ, ધર્મને ઓળખતો ન હોવા છતાં પણ અંતરમાં એક વિચારસરણી એવી પેદા થયેલી છે કે મેં ભૂતકાળમાં પાપ કર્યા છે એ પાપના ફળ સ્વરૂપે આ રોગ આવેલો છે. તો જ્યારે મારું પાપ પૂર્ણ થશે

ત્યારે રોગ નાશ પામશે. બસ આ વિચારસરણીના પ્રતાપે શરીરમાં નિતરતો કોઢરોગ હોવાછતાં પણ એ રોગને દૂર કરવાની જરાય ઇચ્છા પેદા થતી નથી. અને સોળ વર્ષમાં અશુભ કર્મોનો જન્મ મરણની પરંપરા પ્રાપ્ત કરાવે એવો કર્મબંધ કર્યો નથી. આથી નિશ્ચિત એ થાય છે કે અત્યારે આ કાળમાં પણ જો આ રીતે રાગાદિ પરિણામમાં નિર્લેપતા રાખીને નિર્લેપતા વધારતાં વધારતાં જીવન જીવવાનો પ્રયત્ન કરતાં થઇએ તો સાતમા ગુણસ્થાનકના પરિણામને પ્રાપ્ત કરી શકીએ છીએ એટલે કે સાતમા ગુણસ્થાનક સુધી પહોંચી શકાય છે. તો જે રીતે આરાધના કરીએ છીએ એ આરાધના કરતાં કરતાં હું ક્યારે લઘુકર્મી બની અને સાતમા ગુણસ્થાનકના પરિણામ સુધી પહોંચી શકું એવી ભાવના રાખીને જીવન જીવતાં થઇએ તોજ કાળદ્રવ્ય આપણને પુદ્ગલોની ઇચ્છાઓ પેદા કરાવીને જે રીતે જન્મ મરણની પરંપરા વધારવામાં સહાયભૂત થાય છે તે રીતે સહાયભૂત થઇ શકે નહી. અને આત્મિક ગુણને પેદા કરવામાં એ કાળદ્રવ્યને પ્રાપ્ત કરતાં કરતાં લાંબાકાળ સુધી એની સ્થિરતાને પ્રાપ્ત કરી, એ સંસ્કારોને મજબૂત કરી એવી રીતે જીવન જીવતાં થઇએ કે એ સંસ્કાર બીજા ભવમાં પણ આપણને ઉપયોગી બને અને અધુરી આરાધના આગળ વધવામાં સહાયભૂત થાય એ રીતે સાધના કરતાં કરતાં બીજે ભવે, ત્રણ ભવે, પાંચમે ભવે અથવા છેલ્લામાં છેલ્લા સાતમે ભવે સિદ્ધિ ગતિને પામ્યા વિના રહીએ નહિં. આ રીતે દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતાં કરતાં વહેલામાં વહેલી તકે આપણે સૌ સિદ્ધિ ગતિને પામીએ એવી અભિલાષા.....

વ્યવહારકાળનું વર્ણન

સાત પ્રાણ = એક સ્તોક, સાત સ્તોક = એક લવ, ૭૭ ૧/૨ લવ = ૧ મુહૂર્ત, ૧૬૭૭૭૨૧૬ આવલીકા = ૧ મુહૂર્ત થાય છે. એક આવલીકા એટલે અસંખ્યાતા સમયો થાય છે. નવ અસંખ્યાતા માંથી ચોથા

અસંખ્યાતાની જેટલી સંખ્યા પ્રાપ્ત થાય એટલી સંખ્યા જેટલા સમયો એક આવલીકાના થાય છે.

૨૪ કલાક = ૬૦ મુહૂર્ત, ૬૦ મુહૂર્ત = એક અહોરાત્રિ (અહોરાત્રિ એટલે કે રાત્રિ દિવસ), એક મુહૂર્ત = ૨૪ મિનિટ, ૨૪ મિનિટ = ૧ ઘડી, ૬૦ ઘડી = ૧ દિવસ, ૧૫ દિવસ = ૧ પખવાડીયું, ૨ પખવાડીયા = ૧ માસ, ૨ માસ = એક ઋતુ, ૬ માસ = ૧ અયન, ૨ અયન = ૧ વર્ષ, ૧૨ માસ = ૧ વર્ષ, ૬ ઋતુ = ૧ વર્ષ, ૫ વર્ષ = ૧ યુગ, ૮૪ લાખ વર્ષ = ૧ પૂર્વાંગ, ૮૪ લાખ વર્ષ X ૮૪ લાખ વર્ષ = ૧ પૂર્વ થાય છે. એટલે કે પૂર્વાંગ X પૂર્વાંગ = ૧ પૂર્વ થાય છે. આવા ક્રોડ પૂર્વના આયુષ્યવાળા મનુષ્યને તિર્યંચો હોય છે.

૧ પલ્યોપમ = અસંખ્યાતા વર્ષ

એક યોજન લાંબો પહોળો અને ઉંડો એક પ્યાલો બનાવવો એ પ્યાલામાં સાત દિવસ સુધીમાં યુગલિક ક્ષેત્રમાં જેટલા યુગલિક મનુષ્યો ઉત્પન્ન થયેલા હોય એ બધા મનુષ્યોના માથાના વાળ લાવીને એક એક વાળના અસંખ્યાતા અસંખ્યાતા ટુકડાઓ કરીને એ ટુકડાથી આખો પ્યાલો ભરવો. એમાં જરાયે જગ્યા ન રહે એવી રીતે ભરવો એ ભરાયેલા પ્યાલા ઉપરથી ચક્રવર્તીનું આખુ સૈન્ય પસાર થાય તો પણ એમાં જરાય જગ્યા થાય નહિં એવી રીતે વાળથી ઠાંસી ઠાંસીને પ્યાલો ભરવો આ પ્યાલામાંથી દર સો સો વર્ષે એક એક ટુકડો બહાર કાઢવો આમ કરતાં કરતાં જેટલા વર્ષે એ પ્યાલો ખાલી થાય તેટલા વર્ષોના કાળને એક પલ્યોપમ કાળ કહેવાય છે. એટલે કે એક પલ્યોપમ જેટલા કાળને વિષે અસંખ્યાતા વર્ષો પસાર થાય છે. આવા દશ કોટાકોટી પલ્યોપમ જેટલો કાળ પસાર થાય એને એક સાગરોપમ કાળ કહેવાય છે. એટલે કે દશ કોટાકોટી પલ્યોપમ = એક સાગરોપમ. આવા એક સાગરોપમ જેટલા કાળના અસંખ્યાતા વર્ષો રૂપે નારકીના જીવોનું આયુષ્ય અને દેવોના જીવોનું આયુષ્ય હોય છે. દશ કોટાકોટી સાગરોપ = એક અવસરપીણી

કાળ કહેવાય છે. અને દશ કોટાકોટી સાગરોપમ કાળ = એક ઉત્સરપિણી કાળ કહેવાય છે. વીશ કોટાકોટી સાગરોપમ કાળ = એક કાળચક્ર કહેવાય છે. આવા કાળચક્રો અત્યાર સુધીમાં અનંતા પસાર થયેલા છે. એનાથી અનંતગુણા અધિક કાળચક્રો ભવિષ્યકાળ રૂપે હજી બાકી છે. એક કરોડ X એક કરોડ = એક કોટાકોટી કહેવાય છે.

જૈન સિધ્ધાંત મુજબ આંકડાની ગણતરી કરતાં કરતાં છેલ્લામાં છેલ્લો આંક ૧૯૪ની સંખ્યા વાળો અથવા મતાંતરે ૨૫૦ની સંખ્યાવાળો ગણાય છે. એ આંક ગણી શકાય એવી સ્થિતિમાં ન હોવાથી જ્ઞાની ભગવંતોએ એનું નામ શીર્ષપહેલીકા કહેલું છે. આ આંકને પકડવા માટે વર્તમાનમાં વૈજ્ઞાનિકો, ગણિતશાસ્ત્રીઓ ઘણો પ્રયત્ન કરવા છતાં પણ પકડી શકતા નથી. કારણ કે કેલ્ક્યુલેટરમાં બહુ બહુ તો ૪૦ આંક જેટલી સંખ્યાને પકડી શકે છે એનાથી આગળની સંખ્યાને પકડવા માટે એની પાસે કોઇ બીજું સાધન હજી સુધી પ્રાપ્ત થયેલું નથી.

ગર્ભજ મનુષ્યોની સંખ્યા જૈનશાસનમાં ૨૯ આંકની સંખ્યા થાય એટલી કહેલી છે. એ સંખ્યા કરવા માટે એકની સંખ્યાને ડબલ ડબલ કરતાં કરતાં ૯૬ વાર ડબલ કરીએ તો ૯૬વારની ડબલમાં જે આંકની સંખ્યા આવે એટલા ગર્ભજ મનુષ્યો મનુષ્યલોકને વિષે હોય છે. એ સંખ્યા ૨૯ આંક જેટલી થાય છે. આ ૨૯ આંકની સંખ્યામાં સ્ત્રીઓની સંખ્યા ૨૭ આંક જેટલી હોય છે. અને બાકીની સંખ્યા જેટલા પુરૂષો હોય છે. આથી જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે મનુષ્યલોકને વિષે પુરૂષોની જેટલી સંખ્યા હોય છે એના કરતાં ૨૭ ગુણી અધિક + ૨૭ એટલી સ્ત્રીઓની સંખ્યા હોય છે. દેવલોકને વિષે દેવોની જેટલી પુરૂષ રૂપે સંખ્યા હોય છે એના કરતાં ૩૨ ગુણી અધિક + ૩૨ એટલી દેવીઓની સ્ત્રીવેદ રૂપે સંખ્યા હોય છે. પંચેન્દ્રિય તિર્યંચોને વિષે પુરૂષ રૂપે તિર્યંચની જેટલી સંખ્યા હોય છે એના કરતાં ત્રણ ગણી અધિક + ત્રણ એટલી સ્ત્રી વેદ રૂપે તિર્યંચમાં સંખ્યા હોય છે. નરકમાં રહેલા જીવો સઘળાય નપુંસક વેદવાળાજ

હોવાથી ત્યાં પુરૂષ વેદ અને સ્ત્રીવેદ રૂપે સંખ્યાહોતી નથી. દેવોને વિષે દેવીઓની વધારે સંખ્યા જ્યોતિષી દેવોમાં હોય છે.

વિસ્તારથી કાળદ્રવ્યનું વર્ણન

નિર્વિભાજ્ય કાળ પ્રમાણ એક સમય કહેવાય છે. એટલે કે એક સમયનો ભાગ થઇ શકતો નથી. માટે એ સમયને નિર્વિભાજ્ય કહેવાય છે. ચોથા અસંખ્યાતાની સંખ્યા જેટલા સમયો = એક આવલિકા કાળ કહેવાય છે. ૨૫૬ આવલિકા કાળ = એક ક્ષુલ્લક ભવ કહેવાય છે. એક ક્ષુલ્લક ભવ એટલે નાનામાં નાનો ભવ ગણાય છે. ૨૨૨૩ ૧૨૨૯/૩૭૭૩ આવલિકા = એક ઉચ્છવાસ થાય છે, અથવા ૨૨૨૩ ૧૨૨૯/૩૭૭૩ એક શ્વાસ કહેવાય છે. ૪૪૪૬ ૨૪૫૮/૩૭૭૩ આવલિકા = એક શ્વાસોશ્વાસ ૪૪૪૬ ૨૪૫૮/૩૭૭૩ = એક શ્વાસોશ્વાસ. ૪૪૪૬ ૨૪૫૮/૩૭૭૩ = એક પ્રાણ કહેવાય છે. ૭ પ્રાણ = ૧ સ્તોક, ૭ સ્તોક = ૧ લવ, ૩૮ ૧/૨ લવ = એક ઘડી, એક ઘડી = ૨૪ મિનિટ, ૭૭ લવ = ૨ ઘડી, ૨ ઘડી = ૧ મુહૂર્ત, ૨ ઘડી = ૬૫૫૩૬ ક્ષુલ્લક ભવ, ૬૫૫૩૬ ક્ષુલ્લક ભવ = ૩૭૭૩ પ્રાણ, ૨ઘડી = ૧૬૭૭૭૨૧૬ આવલિકા ૨ ઘડી = ૪૮ મિનિટ કહેવાય છે.

૩૦ મુહૂર્ત = ૧ અહોરાત્રિ, ૩૦ મુહૂર્ત = ૨૪ કલાક થાય છે, ૧૫ અહોરાત્રિ = ૧ પક્ષ, ૨ પક્ષ = ૧ માસ, ૨ માસ = ૧ ઋતુ, ૩ ઋતુ = ૧ અયન, ૬ માસ = ૧૮૩ દિવસ, ૧ અયન = દક્ષિણાયન, ૧ અયન = ઉત્તરાયન, ૨ અયન = ૧ વર્ષ, ૫ વર્ષ = ૧ યુગ, ૨૦ યુગ = ૧૦૦ વર્ષ.

૮૪ લાખ વર્ષ = ૧ પૂર્વાંગ

૧ પૂર્વાંગ **X** ૧ પૂર્વાંગ = ૧ પૂર્વ

૧ પૂર્વ **X** ૧ પૂર્વાંગ = ૧ તૃટીતાંગ

૧ તૃટીતાંગ **X** ૧ પૂર્વાંગ = ૧ તૃટીત

૧ તૃટીત **X** ૧ પૂર્વાંગ = ૧ અડડાંગ

૧ અડડાંગ **X** ૧ પૂર્વાંગ = ૧ અડડ

૧ અડડ X ૧ પૂર્વાંગ = ૧ અવવાંગ
૧ અવવાંગ X ૧ પૂર્વાંગ = ૧ અવવ
૧ અવવ X ૧ પૂર્વાંગ = ૧ હૂહૂકાંગ
૧ હૂહૂકાંગ X ૧ પૂર્વાંગ = ૧ હૂહૂક
૧ હૂહૂક X ૧ પૂર્વાંગ = ૧ ઉત્પલાંગ
૧ ઉત્પલાંગ X ૧ પૂર્વાંગ = ૧ ઉત્પલ
૧ ઉત્પલ X ૧ પૂર્વાંગ = ૧ પદ્માંગ
૧ પદ્માંગ X ૧ પૂર્વાંગ = ૧ પદ્મ
૧ પદ્મ X ૧ પૂર્વાંગ = ૧ નલિનાંગ
૧ નલિનાંગ X ૧ પૂર્વાંગ = ૧ નલિન
૧ નલિન X ૧ પૂર્વાંગ = ૧ અર્થનીપુરાંગ
૧ અર્થનીપુરાંગ X ૧ પૂર્વાંગ = ૧ અર્થનીપુર
૧ અર્થનીપુર X ૧ પૂર્વાંગ = ૧ અયુતાંગ
૧ અયુતાંગ X ૧ પૂર્વાંગ = ૧ અયુત
૧ અયુત X ૧ પૂર્વાંગ = ૧ નયુતાંગ
૧ નયુતાંગ X ૧ પૂર્વાંગ = ૧ નયુત
૧ નયુત X ૧ પૂર્વાંગ = ૧ પ્રયુતાંગ
૧ પ્રયુતાંગ X ૧ પૂર્વાંગ = ૧ પ્રયુત
૧ પ્રયુત X ૧ પૂર્વાંગ = ૧ ચૂલિકાંગ
૧ ચૂલિકાંગ X ૧ પૂર્વાંગ = ૧ ચૂલિકા
૧ ચૂલિકા X ૧ પૂર્વાંગ = ૧ શીર્ષપહેલીકાંગ
૧ શીર્ષપહેલીકાંગ X ૧ પૂર્વાંગ = ૧ શીર્ષપહેલીકા

આ આંક માથુડી વાચનાનો જ્ઞાની ભગવંતોએ કહેલો છે. એક શીર્ષપહેલીકામાં ૫૪ આંકની સંખ્યા અને એના ઉપર ૧૪૦ મીંડા મુકવાથી ૧૯૪ આંકની સંખ્યા શીર્ષપહેલીકાની થાય છે. તે ૫૪ આંક આ પ્રમાણે જાણવા ૭૫૮૨૬૩૨૫૩૦૭૩૦૧૦૨૪૧૧૫૭૯૭૩૫૬૯૯૭૫૬૯૬૪૦૬૨૧૮

૯૬૬૮૪૮૦૮૦૧૮૩૨૯૬ આના ઉપર ૧૪૦ મીંડા ચડાવવા ત્યારે ૧૯૪નો આંક શીર્ષપહેલીકા રૂપે થાય છે.

વલ્ભીપુરી વાંચનાનો આંક આ મુજબ છે.

૮૪ લાખ વર્ષ = ૧ પૂર્વાંગ

૧ પૂર્વાંગ X ૧ પૂર્વાંગ = ૧ પૂર્વ

૧ પૂર્વ X ૧ પૂર્વાંગ = ૧ લતાંગ

૧ લતાંગ X ૧ પૂર્વાંગ = ૧ લતા

૧ લતા X ૧ પૂર્વાંગ = ૧ મહાલતાંગ

૧ મહાલતાંગ X ૧ પૂર્વાંગ = ૧ મહાલતા

૧ મહાલતા X ૧ પૂર્વાંગ = ૧ નલીનાંગ

૧ નલીનાંગ X ૧ પૂર્વાંગ = ૧ નલીન

૧ નલીન X ૧ પૂર્વાંગ = ૧ મલાનલીનાંગ

૧ મહાનલીનાંગ X ૧ પૂર્વાંગ = ૧ મહાનલીન

૧ મહાનલીન X ૧ પૂર્વાંગ = ૧ પદ્માંગ

૧ પદ્માંગ X ૧ પૂર્વાંગ = ૧ પદ્મ

૧ પદ્મ X ૧ પૂર્વાંગ = ૧ મહાપદ્માંગ

૧ મહાપદ્માંગ X ૧ પૂર્વાંગ = ૧ મહાપદ્મ

૧ મહાપદ્મ X ૧ પૂર્વાંગ = ૧ કમલાંગ

૧ કમલાંગ X ૧ પૂર્વાંગ = ૧ કમલ

૧ કમલ X ૧ પૂર્વાંગ = ૧ મહાકમલાંગ

૧ મહાકમલાંગ X ૧ પૂર્વાંગ = ૧ મહાકમલ

૧ મહાકમલ X ૧ પૂર્વાંગ = ૧ કુમુદાંગ

૧ કુમુદાંગ X ૧ પૂર્વાંગ = ૧ કુમુદ

૧ કુમુદ X ૧ પૂર્વાંગ = ૧ મહાકુમુદાંગ

૧ મહાકુમુદાંગ X ૧ પૂર્વાંગ = ૧ મહાકુમુદ

૧ મહાકુમુદ X ૧ પૂર્વાંગ = ૧ ત્રુટીતાંગ

૧ ત્રુટીતાંગ X ૧ પૂર્વાંગ = ૧ ત્રુટીત
૧ ત્રુટીત X ૧ પૂર્વાંગ = ૧ મહાત્રુટીતાંગ
૧ મહાત્રુટીતાંગ X ૧ પૂર્વાંગ = ૧ મહાત્રુટીત
૧ મહાત્રુટીત X ૧ પૂર્વાંગ = ૧ અડડાંગ
૧ અડડાંગ X ૧ પૂર્વાંગ = ૧ અડડ
૧ અડડ X ૧ પૂર્વાંગ = ૧ મહાઅડડાંગ
૧ મહાઅડડાંગ X ૧ પૂર્વાંગ = ૧ મહાઅડડ
૧ મહાઅડડ X ૧ પૂર્વાંગ = ૧ ઉહાંગ
૧ ઉહાંગ X ૧ પૂર્વાંગ = ૧ ઉહ
૧ ઉહ X ૧ પૂર્વાંગ = ૧ મહાઉહાંગ
૧ મહાઉહાંગ X ૧ પૂર્વાંગ = ૧ મહાઉહ
૧ મહાઉહ X ૧ પૂર્વાંગ = ૧ શીર્ષપહેલીકાંગ
૧ શીર્ષપહેલીકાંગ X ૧ પૂર્વાંગ = ૧ શીર્ષપહેલીકા

વલ્ભીપુરી વાંચનામાં મતાંતરે આચાર્ય ભગવંતોએ ૭૦ આંકની સંખ્યા ઉપર ૧૮૦ મીંડા ચડાવવાથી ૨૫૦ આંકની સંખ્યા થાય છે. તે આ પ્રમાણે જાણવી

એક શીર્ષપહેલીકા = ૧૮૭૯૫૫૧૭૯૫૫૦૧૧૨૫૯૫૪૧૯૦૦૯૬૯૯૮ ૧૩૪૩૦૭૭૦૭૯૭૪૬૫૪ ૯૪૨૬૧૯૭૭૭૪૭૬૫૭૨૫૭૩૪૫૭૧૮૬૮૧૬ આ આંકની સંખ્યા ઉપર ૧૮૦ મીંડા ચડાવવાથી ૨૫૦ આંકની સંખ્યા થાય છે.

કલ્પસૂત્રમાં આપેલી સંખ્યા આ પ્રમાણે જ્ઞાની ભગવંતોએ કહેલી છે.

એકમ, દશક, સતમ, સહસ્ત્રમ, અયુતમ્, લક્ષમ્, પ્રયુતમ, કોટી, અર્બુદમ, અર્બુત્, ખર્વ, નિર્ખવ, મપાપદ્મ, શંકુ, જલધિ, આદ્યમ, મધ્યમ, પરાર્ધ.

૧ પરાર્ધ = ૧ ઉપર સત્તર મીંડા થાય છે.

અર્બુદ એટલે વૃંદ, શંકુ એટલે પદ્મ

જલધી એટલે સાગર મહાપદ્મ એટલે શંખ

૭૦૫૬ કરોડ વર્ષ = ૧ પૂર્વ થાય છે.

આવા ક્રોડ પૂર્વ વરસના આયુષ્યવાળા મનુષ્યો આજેપણ મહાવિદેહ ક્ષેત્રમાં વિદ્યમાન છે.

અસંખ્ય સમય = ૧ નિમીષ (આંખના એક પલકારામાં જેટલો સમય થાય તેને એક નિમીષ કહેવાય છે.), ૧૮ નિમીષ = ૧ કાષ્ટા, ૨ કાષ્ટા = ૧ લવ, ૧૫ લવ = ૧ કલાક, ૨ કલાક = ૧ લેષ, ૧૫ લેષ = ૧ ક્ષણ, ૬ ક્ષણ = ૧ ઘડી, ૨ ઘડી = એક મુંહૂર્ત, ૩૦ મુંહૂર્ત = ૧ અહોરાત્રિ, ૩૦ અહોરાત્રિ = ૧ કર્મમાસ, ૩૦ ૧/૨ કર્મમાસ = ૧ સૂર્યમાસ, ૨૯ ૩૨/૬૨ = ૧ ચંદ્રમાંસ, ૨૭ ૨૧/૬૭ = ૧ નક્ષત્ર માસ, ૩૧ ૧૨૧/૧૨૪ = ૧ અભીવર્ધીતમાસ, ૧૩ ૪૪/૬૭ = ૧ ચંદ્રાયન, ૧૮૩ અહોરાત્રિ = ૧ સૂર્યાયાંગ, ૩૬૦ અહોરાત્રિ = ૧ કર્મવર્ષ, ૩૬૬ અહોરાત્રિ = ૧ સૂર્યવર્ષ, ૩૫૪ પૂર્ણાંક ૧૨/૬૨ = ૧ ચંદ્રવર્ષ, ૩૮૭ ૫૧/૬૭ અહોરાત્રિ = ૧ નક્ષત્ર વર્ષ, ૩૮૩ ૪૪/૬૨ અહોરાત્રિ = ૧ અભીવર્ધીત માસ-વર્ષ, ૬૧/૬૨ અહોરાત્રી = ૧ તિથિ, ૫ સૂર્યવર્ષ = ૧ યુગ, ૩ ચંદ્રવર્ષકાળ અભિવર્ધીત વર્ષ = ૧ યુગ, ૨ ચંદ્રવર્ષ + અધિકમાસ વાળું વર્ષ + એક ચંદ્રવર્ષ + એક અધિકમાસ વાળું વર્ષ = ૧ યુગ.

અસંખ્યાત વર્ષ = ૧ પલ્યોપમ, ૧૦ કોટાકોટી પલ્યોપમ = ૧ સાગરોપમ, ૧૦ કોટાકોટી સાગરોપમ = ૧ ઉત્સરપિણી, ૧૦ કોટાકોટી સાગરોપમ = ૧ અવસરપીણી, ૨૦ કોટાકોટી સાગરોપમ = ૧ કાલચક્ર, અનંતા કાલચક્ર = ૧ પુદ્ગલ પરાવર્તકાળ થાય છે.

ઇતર દર્શનોના મતે ૧૭૨૮૦૦૦ વર્ષ = ૧ કૃતયુગ કહેવાય છે.

૧૨૯૬૦૦૦ વર્ષ = ૧ ત્રેતાયુગ કહેવાય છે. ૮૬૪૦૦૦ વર્ષ = ૧ દ્વાપર યુગ કહેવાય છે.

૪૩૨૦૦૦ વર્ષ = ૧ કળયુગ કહેવાય છે.

૪૩૨૦૦૦ વર્ષ X ૧૬૩૩૩૨૩ = ૧ પૂર્વ થાય છે.

સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળયુગ આ ચાર યુગ ભેગા મળીને ચોકડી થાય છે.

૭૧ ચોકડી = ૧ મનવાંતર થાય છે.

૧૪ મનવાંતરૅ = ૧ કલ્પક થાય છે.

૨ કલ્પક = એક બ્રહ્માનો દીવસ થાય છે. આવા સો વર્ષે સૃષ્ટિનો નાશ થશે.

કાળ દ્રવ્ય સમાપ્ત

છ દ્રવ્યોનું વર્ણન

જગતને વિષે છ દ્રવ્યો રહેલા છે. (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) લોકાકાસ્તિકાય, (૪) જીવાસ્તિકાય, (૫) પુદ્‌ગલાસ્તિકાય અને (૬) કાળદ્રવ્ય. આ છએ દ્રવ્યોમાંથી સમયે સમયે પરિણામ પામનારા દ્રવ્યો જગતને વિષે બે હોય છે. (૧) જીવાસ્તિકાય, (૨) પુદ્‌ગલાસ્તિકાય.

જીવાસ્તિકાય દ્રવ્ય :- આ દ્રવ્ય પુદ્‌ગલના સંયોગવાળું અનંતાકાળથી હોવાથી સમયે સમયે અનંતા અનંતા પુદ્‌ગલો જીવને વિષે પ્રવેશ કરે છે અને નીકળતા જાય છે. એટલે કે જીવ સમયે સમયે અનંતા પુદ્‌ગલોને ગ્રહણ કરે છે અને અનંતા પુદ્‌ગલોને પોતાના આત્મપ્રદેશોથી બહાર કાઢતો જાય છે. આથી કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને જીવ કર્મરૂપે પરિણામ પમાડી આત્માની સાથે અનંતા અનંતા કર્મરૂપે સમુદાય રૂપે સાત કર્મો રૂપે પરિણામ પમાડે છે એટલે કે એક એક કર્મને વિષે કર્મના અનંતા અનંતા પુદ્‌ગલો રહેલા છે. એ પુદ્‌ગલો જેમ જેમ પરિણામ પામતાં જાય છે તેમ તેમ એ પરિણામના કારણે સમયે સમયે જીવનો પરિણામ બદલાતો જાય છે. પહેલે સમયે જેવો સ્વભાવ જીવનો

હોય એના કરતાં બીજા સમયે જીવનો સ્વભાવ પરિણામની ધારા રૂપે કંઇક વિશેષ રીતે બદલાયેલો હોય છે. આ રીતે જગતમાં રહેલા અનંતા જીવો પોતપોતાના આઠ રૂચક પ્રદેશ સિવાય બાકીના અસંખ્યાતા આત્મપ્રદેશોને વિષે પુદ્‌ગલોનો સંયોગ પરિણામ રૂપે ચાલુને ચાલુ રહેલો હોવાથી જીવાસ્તિકાય દ્રવ્ય પરિણામી કહેવાય છે. આ પરિણામ પુદ્‌ગલોના સંયોગનો ત્યારેજ નાશ પામે કે જીવ પુદ્‌ગલોનું આવવું સદંતર બંધ કરે તો પુદ્‌ગલોનું આવવું સદંતર બંધ તેરમા ગુણસ્થાનકના અંતે જીવને યોગ નિરોધ કરતાં પ્રાપ્ત થાય છે. એટલે કે જીવ જ્યાં સુધી યોગનો સંપૂર્ણ નિરોધ કરીને ચૌદમા ગુણસ્થાનક અયોગી અવસ્થાને પ્રાપ્ત ન કરે ત્યાં સુધી કર્મનું આવવું સમયે સમયે ચાલુને ચાલુ જ હોય છે. અગ્યારમા, બારમા અને તેરમા ગુણસ્થાનકમાં વિશેષતા એ રહેલી છે કે ત્યાં મોહનીય કર્મનો ઉદય રહેલો ન હોવાથી રાગાદિ પરિણામનો સંપૂર્ણ ઉદયમાંથી નાશ થયેલો હોવાથી જે સમયે કર્મબંધ થાય છે એના બીજા સમયે બધાજ કર્મો ગ્રહણ કરેલા ઉદયમાં આવે છે. અને ત્રીજે સમયે એ કર્મો બધા નાશ પામી જાય છે. કારણ કે એ અનંતા પુદ્‌ગલો રૂપે કાર્મણ વર્ગણાના ગ્રહણ કરેલા પુદ્‌ગલોમાં એકલા યોગથી જ ગ્રહણ કરેલા હોવાથી એમાં સ્થિતિ અને રસ બંધાતા નથી. માત્ર સાતા વેદનીય રૂપે પ્રકૃતિનો સ્વભાવ પડે છે. અને એ સાતાવેદનીય રૂપે પ્રકૃતિના સ્વભાવની સાથે અનંતા પુદ્‌ગલો એક સાથે રહેલા હોય છે. એટલે કે પ્રદેશ રૂપે રહેલા હોય છે માટે પ્રકૃતિ અને પ્રદેશ આ બેનોજ બંધ ચાલુ હોય છે. માટે સ્થિતિ અને રસ બંધાતા નથી. એ પણ યોગથી પ્રકૃતિને પ્રદેશ રૂપે બંધાતા કર્મોનો સંપૂર્ણ નાશ તેરમા ગુણઠાણાના અંતે યોગ નિરોધ કરે ત્યારે એ જીવ કર્મના આવવાનું એટલે કે ગ્રહણ કરવાનું સદંતર બંધ કરે છે. ત્યાર પછી જીવ પરિણામી રહેતો નથી. આથી ચૌદમા ગુણસ્થાનકે અયોગિ અવસ્થામાં રહેલા જીવો અપરિણામી કહેવાય છે. અને ચાર અઘાતી કર્મોનો સંપૂર્ણ નાશ કરીને સિધ્ધિ ગતિને પ્રાપ્ત થયેલા જીવો એ પણ અપરિણામી કહેવાય છે. કારણ કે સંપૂર્ણ કર્મના સંયોગથી રહિત થયેલા હોય છે. આથી સિધ્ધ થાય છે

કે જ્યાં સુધી જીવ કર્મના સંયોગવાળો હોવાછતાં પણ યોગથી યુક્ત હોય છે ત્યાંસુધી સમયે સમયે કર્મનું આવવું ચાલુને ચાલુ હોય છે. જ્યારે એ જીવ યોગરહિત સંપૂર્ણ થાય ત્યારેજ કર્મનું આવવું અટકે છે.

૧ થી ૧૦ ગુણસ્થાનકમાં રહેલા જીવો મોહનીય કર્મના ઉદયવાળા હોવાથી રાગાદિ પરિણામથી યુક્ત હોય છે. માટે સમયે સમયે એ જીવો જે જે કર્મરૂપે કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોને પરિણામ પમાડે છે એ પુદ્‌ગલોમાં રાગાદિ પરિણામની ચીકાસ સદા માટે રહેલી હોવાથી પરિણામ પામતાં પુદ્‌ગલો સમયે સમયે રાગાદિ પરિણામની તીવ્રતા, મંદતા, મંદતરતા, તીવ્રતરતા રૂપે પરિણામની ફેરફારી સદા માટે થયાજ કરતી હોય છે. આ ફેરફારીના પ્રતાપે એ રાગાદિ પરિણામથી જીવના પોતાના પરિણામના સ્વભાવ રૂપે પ્રાપ્ત થયેલા પરિણામમાં ફેરફારી પેદા થતીજ જાય છે અને જેમ જેમ એ સ્વભાવને આધીન થઇને જીવ રાગાદિ પરિણામ કરતો થાય છે તેમ તેમ અશુભ કર્મો તીવ્રરસે બાંધતો જાય છે અને શુભ કર્મો મંદરસે બાંધતો જાય છે. અને જ્યાં સુધી આ સ્વભાવ ચાલુને ચાલુ રહેલો હોય છે ત્યાં સુધી એ જીવો આત્મિક ગુણની સન્મુખ કોઇકાળે થઇ શકતા નથી. જીવોને આત્મિક ગુણની સન્મુખ થવા માટે અશુભ કર્મો તીવ્રરસે જે બંધાતા હોય એ પુરુષાર્થ કરીને મંદરસે બાંધતો જાય અને શુભ કર્મો તીવ્રરસે બાંધતો જાય તોજ એ તીવ્રકર્મના રસના ઉદયમાં જીવ રાગાદિ પરિણામની મંદતા કરતો કરતો આત્મિક ગુણની સન્મુખ થતો જાય છે. તોજ એ જીવ પોતાના પરિણામ રૂપે રહેલો સ્વભાવ અનાદિકાળથી રાગાદિ પરિણામવાળો રહેલો હોવાથી રાગાદિ પરિણામ વાળો છે એમ જે કહેવાય છે એને બદલીને આત્મિક ગુણના સ્વભાવવાળો સ્વભાવ પેદા કરતો જાય છે. તો જે જીવ પરિણામી બનતો બનતો રાગાદિની મંદતા કરતો કરતો સંપૂર્ણ રાગાદિ પરિણામને નાશ કરીને, યોગથી કર્મબંધ કરતો કરતો કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરીને, યોગનો નિરોધ કરી, પુદ્‌ગલના સંયોગથી સંપૂર્ણ રહિત થઇ, પોતાનો અપરિણામી જીવનો જે સ્વભાવ એને પ્રાપ્ત કરી શકે છે. જ્યાં સુધી આ સ્વભાવને જીવ પ્રાપ્ત ન કરે

ત્યાંસુધી પરિણામી રૂપે જીવ જગતને વિષે રહેલો છે એમ કહેવાય છે.

પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય :- અનાદિકાળથી જગતને વિષે જે પુદ્‌ગલો રહેલા છે તે ત્રણ વિભાગવાળા પુદ્‌ગલો હોય છે. (૧) કેટલાક પુદ્‌ગલો જીવથી યુક્ત હોય છે જેને સચેતન પુદ્‌ગલો કહેવાય છે. (૨) કેટલાક પુદ્‌ગલો જીવરહિત હોય છે જેને અચેતન પુદ્‌ગલો કહેવાય છે. (૩) કેટલાક પુદ્‌ગલો જીવથી યુક્ત અને અજીવથી યુક્ત એ બંનેથી મિશ્રરૂપે રહેલા હોવાથી એ પુદ્‌ગલોને મિશ્ર પુદ્‌ગલો કહેવાય છે. આ સઘળાય પુદ્‌ગલો સમયે સમયે પરિવર્તનશીલ રહેલા હોય છે માટે એ પુદ્‌ગલ દ્રવ્યને પરિણામી પુદ્‌ગલ કહેવાય છે. આ ત્રણે પ્રકારના પુદ્‌ગલોમાંથી કોઇપણ પ્રકારનું પુદ્‌ગલ સમયે સમયે પરિવર્તનવાળું નથી હોતું એવું બનતુંજ નથી એટલે કે સમયે સમયે અનંતા પુદ્‌ગલો પ્રવેશ કરે છે અને અનંતા પુદ્‌ગલો એમાંથી બહાર નીકળે છે. આથી નિશ્ચિત થાય છે કે જગતમાં શાશ્વતા પદાર્થો કે અશાશ્વત પદાર્થો જે રહેલા હોય છે એ બધા પુદ્‌ગલ રૂપે રહેલા હોવાથી સદા માટે પરિવર્તનશીલજ હોય છે. એટલે કે એમાંથી અનંતા પુદ્‌ગલો પ્રવેશ કરે છે અને અનંતા પુદ્‌ગલો બહાર નીકળે છે આ કારણથી પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય પરિણામી કહેવાય છે.

શાશ્વત પદાર્થોનું વર્ણન

જગતમાં જેટલા જેટલા શાશ્વત પદાર્થો રહેલા છે જેમકે દેવલોકના દેવોના વિમાનો, દેવોના અલંકારો, દેવોની વાવડીઓ, દેવોમાં રહેલા કલ્પવૃક્ષો આ બધા જે શાશ્વત સ્થાનો જે ગણાય છે એવીજ રીતે નરકમાં રહેલા નારકીના આવાસો, નારકીના દુઃખના સ્થાનો, આ બધા સ્થાનો પણ આકૃતિથી શાશ્વત કહેવાય છે. પણ કોઇ કાળે પુદ્‌ગલથી શાશ્વત કહેવાતા નથી. એવીજ રીતે જગતને વિષે એટલે કે તીર્છાલોકને વિષે રહેલા શાશ્વત પર્વતો અસંખ્યાતા દ્વીપો અને અસંખ્યાતા સમુદ્રો એ આકૃતિની અપેક્ષાએ શાશ્વત કહેવાય છે. તેમજ તીર્છાલોકને વિષે શાશ્વત રહેલા ગ્રહો.શાશ્વત કલ્પવૃક્ષો, શાશ્વત નદીઓ ઇત્યાદિ જે જે પદાર્થો

શાશ્વત રૂપે રહેલા છે તેમજ દેવલોકને વિષે રહેલી ભગવાનની પ્રતિમાઓ, તીર્છાલોકને વિષે રહેલી ભગવાનની પ્રતિમાઓ જે શાશ્વત રૂપે રહેલી છે એ બધી આકૃતિથી શાશ્વત ગણાય છે. પણ પુદ્ગલથી શાશ્વત ગણાતી નથી કારણ કે એ દરેક શાશ્વત પદાર્થોને વિષે સમયે સમયે એવાજ વર્ણવાળા એવા ગંધવાળા, એવા રસવાળા, એવા સ્પર્શવાળા સચેતનપુદ્ગલો, અચેતન પુદ્ગલો અથવા મિશ્ર પુદ્ગલો અનંતા અનંતા પ્રવેશ કરે છે અને અનંતા અનંતા બહાર નીકળે છે. માટે એ શાશ્વત ચીજોને વિષે એવાજ વર્ણાદિવાળા પુદ્ગલોનો પ્રવેશ થતો હોવાથી આપણને જરાય ફેરફાર દેખાતો નથી અને જે અનંતા પુદ્ગલો નીકળે છે અને પ્રવેશ કરે છે એ આપણને દેખાતા ન હોવાથી આપણે એને પુદ્ગલથી શાશ્વત માની બેસીએ છીએ પણ જ્ઞાની ભગવંતો કહે છે કે પુદ્ગલ એટલે પૂરણ અને ગલન સ્વભાવવાળું હોય છે. પૂરણ એટલે પૂરુ અથવા પ્રવેશ કરવો, ગલન એટલે નીકળવું અથવા નાશ પામવું. આ સ્વભાવના પ્રતાપે આપણને એ સ્વભાવ દેખાતો ન હોવાથી આપણે એ પુદ્ગલોને શાશ્વત રૂપે માનીને જીવન જીવી રહેલા હોઇએ છીએ એ આપણી મોટામાં મોટી ભૂલ છે અને એ આપણું અજ્ઞાન ગણાય છે. શાશ્વત એટલે પુદ્ગલો પ્રવેશ કરે, નીકળે એમ બનતું હોવાછતાં પણ કોઇકાળે એ પદાર્થોની આકૃતિ જે રૂપે રહેલી હોય છે એ રૂપેજ સદા માટે રહેલી હોય એ આકૃતિઓનો કોઇકાળે નાશ ન થાય એને શાશ્વત કહેવાય છે. એટલે કે એ આકૃતિ કદી જગતમાંથી નામશેષ ન થાય એને શાશ્વત કહેવાય છે.

દેવલોકમાં રહેલી શાશ્વત પ્રતિમાઓ ઋષભ, ચંદ્રાનન, વારીસેન અને વર્ધમાન આ ચારે નામથી પણ શાશ્વતી હોય છે. આ ચારે પ્રતિમાઓ જેમ દેવલોકમાં શાશ્વતી હોય છે એમ એક અવસરપીણી કાળમાં આ ચારે નામ ૪૫ લાખ યોજનને વિષે જેટલા તીર્થંકર પરમાત્માઓ થાય તેમાં આ ચાર નામવાળા તીર્થંકરો શાશ્વત રૂપે ઉત્પન્ન થતા હોય છે. એટલે કે પાંચ ભરત ક્ષેત્રને વિષે, પાંચ ઐરવતક્ષેત્રને વિષે અને પાંચ મહાવિદેહ ક્ષેત્રને વિષે થઇને દશ કોટાકોટી સાગરોપમમાં આ ચાર નામ શાશ્વતા રૂપે ગણાય

છે. દેવલોકમાં એ શાશ્વતી પ્રતિમાઓ જેવા વર્ણવાળી, જેવી ગંધવાળી, જેવા રસવાળી અને જેવા સ્પર્શવાળી હોય છે એવા ને એવા વર્ણ, ગંધ, રસ અનેસ્પર્શવાળા પુદ્ગલો સમયે સમયે અનંતા નીકળે છે અને અનંતા પ્રવેશ કરે છે એ જ રીતે દેવોના અલંકારો જે કંઇ રહેલા હોય છે એ જેવા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળા હોય છે એવાજ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળા પુદ્ગલો અંદર પ્રવેશ કરે છે અને એવાજ પુદ્ગલો બહાર નીકળે છે. આ રીતે જગતને વિષે શાશ્વતી જેટલી જેટલી ચીજો રહેલી છે એ દરેક ચીજો આકૃતિથી શાશ્વત હોવાથી અને પુદ્ગલાસ્તિકાયની અપેક્ષાએ અશાશ્વત હોવાથી એને શાશ્વત અશાશ્વત રૂપે પણ કહી શકાય છે. જેમકે ઉર્ધ્વલોકને વિષે સિધ્ધશિલા નામની પૃથ્વી જે રહેલી છે એ પૃથ્વી પણ આકૃતિથી શાશ્વતી ગણાય છે. એ પૃથ્વીમાં રહેલા પુદ્ગલો સચેતન પુદ્ગલ રૂપે ગણાય છે. કારણ કે સચેત પૃથ્વીકાય જીવો અસંખ્યાતા એમાં સદા માટે રહેલા હોય છે. આ સચિત પૃથ્વીકાય જીવો બાદર, પર્યાપ્તા, અપર્યાપ્તા, પૃથ્વીકાય રૂપે ગણાય છે. એમાંથી સમયે સમયે અસંખ્યાતા જીવો જન્મ પામે છે અને મરણ પામે છે છતાં પણ એ પૃથ્વીમાં રહેલા વર્ણાદિ એમાં કોઇપણ જાતનો ફેરફાર થઇ શકતોજ નથી. આથી ત્યાં ઉત્પન્ન થનારા પૃથ્વીકાય જીવોને જ્ઞાની ભગવંતોએ શુભ નામકર્મના ઉદયવાળા ગણેલા છે.

જગતમાં રહેલા અશાશ્વત પદાર્થો એટલે કે જે પદાર્થો ઉત્પન્ન થઇને સંખ્યાત કાળે અસંખ્યાત કાળે નાશ પામે એ પદાર્થોને અશાશ્વત પદાર્થો કહેવાય છે. શાશ્વત પદાર્થો સિવાયના બાકીના બધાજ પદાર્થો પુદ્ગલાસ્તિકાય રૂપે જે રહેલા હોય છે એ સચેતન પુદ્ગલ રૂપે હોય, અચેતન પુદ્ગલ રૂપે હોય અથવા મિશ્ર પુદ્ગલ રૂપે રહેલા હોય એ બધાજ અશાશ્વત પુદ્ગલો ગણાય છે. આ અશાશ્વત પદાર્થોને વિષે પણ સમયે સમયે અનંતા પુદ્ગલો પ્રવેશ કરે છે અને અનંતા પુદ્ગલો નાશ પામે છે. સચેતન પુદ્ગલોને વિષે જગતમાં જેટલા એકેન્દ્રિયજીવોથી શરૂ કરીને પંચેન્દ્રિય જીવો સુધીના જેટલાય જીવો હોય છે એ સઘળાય જીવો શરીરથી

યુક્ત હોવાથી એ દરેક જીવો સચેતન પુદ્‌ગલ યુક્ત કહેવાય છે. જ્યારે એ જીવો એ શરીરને છોડીને મરણ પામીને બીજે સ્થાને ઉત્પન્ન થાય ત્યારે એ રહેલું શરીર અચેતન રૂપે અશાશ્વત પુદ્‌ગલ રૂપે ગણાય છે. અને જ્યારે એ શરીર વસ્ત્રાલંકારથી સજ્જ થયેલું હોય ત્યારે સચેતન શરીર જીવથી યુક્ત હોય છે અને વસ્ત્રાલંકાર અચેતન હોવાથી બન્ને સાથે રહેલા હોવાથી મિશ્ર પુદ્‌ગલ રૂપે શરીર ગણાય છે. આ રીતે અશાશ્વત પદાર્થોને વિષે જેમ જેમ રાગાદિ પરિણામથી યુક્ત થઇને એ પદાર્થોમાં જો અનુકૂળ લાગે તો રાગાદિ પરિણામ કરતાં કરતાં એ પદાર્થો પ્રત્યે ઇચ્છાઓને તીવ્ર કરીને રાગાદિ પરિણામ જેટલા કરતા જઇએ છીએ એટલોજ આપણે આપણા હાથે સંસાર વધારતા જઇએ છીએ. દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતાં કરતાં દેવાદિની ભક્તિ કરતાં કરતાં પુણ્યથી મળેલા અનુકૂળ પદાર્થોમાં રાગાદિ પરિણામ કરતાં જઇએ છીએ એ આપણે ભૂલ કરીએ છીએ એવું આપણને લાગે છે ખરૂં ! જો આવો પણ વિચાર આપણને અંતરમાં પેદા ન થતો હોય તો સમજવું કે ભગવાનની ભક્તિ, સાધુની સેવા, ધર્મની આચરણા આત્મિક ગુણ તરફ આપણને આગળ વધારવામાં સહાયભૂત થઇ શકશે નહી. આત્મિક ગુણની સન્મુખ થવામાં પણ એ સહાયભૂત થઇ શકશે નહીં. એ ભક્તિ પાપાનુબંધી પુણ્ય બંધાવીને કદાચ પુણ્ય અધિક બંધાતા દેવલોકાદિની સામગ્રીની પ્રાપ્તિ કરાવશે. પણ જન્મ મરણની પરંપરા ઘટાડવામાં કોઇકાળે સહાયભૂત થશે નહિ. ભક્તિ કરતાં પુણ્ય બાંધવું છે કે જન્મ મરણની પરંપરાનો નાશ કરવાની ઇચ્છા છે ? કઇ ભાવનાથી આપણે ભક્તિ કરીએ છીએ એના ઉપરજ પુદ્‌ગલ પ્રત્યેના રાગાદિ પરિણામ તીવ્ર થતા જાય કે મંદ થતા જાય એની નિશ્ચિતતા ખબર પડતી જાય. એવીજ રીતે આ શરીર માના પેટમાં મેં પેદા કર્યું છે એને આહાર પાણી આપીને વધારતાં વધારતાં એને જરાય તકલીફ ન પડે એ રીતે આપણે એને સાચવીયે છીએ એ સાચવવા છતાં પણ મારૂં શરીર ના બગડે, દુઃખી ના થાય, હેરાન ન થાય, થાકી ન જાય એ રીતે કાળજી રાખવા છતાં પણ એ શરીર પ્રત્યેનો રાગ આપણને પજવે

નહીને ! આ બધું કરતાં કરતાં શરીર પાસેથી લેવાય એટલું કામ આત્મિક ગુણ પેદા કરવામાં સહાયભૂત થતું જાય એ રીતે કામમાં લેતો જાઉં એ માટે સાચવીયે છીએ ખરા ! કે રાગ રાખીને શરીર સારૂં ને સુખાકારી રહે તોજ મને આનંદ થાય, નાંખ્યુ નખાય અને મને કોઇપણ જાતની તકલીફ ન આવે એવી વિચારણા કરીને આપણે સાચવીયે છીએ. જો આરાધનાના લક્ષ વગર શરીરને જો સાચવવામાં આવે અને પછી કુરસદે એટલે કે સગવડે ધર્મની આરાધના કરીએ તે આરાધનાથી આપણને કોઇ લાભ પેદા થવાનો નથી. એવીજ રીતે પાપના ઉદયથી શરીરમાં જે કંઇ કષ્ટ વગેરે પેદા થાય, રોગાદિ પેદા થાય અથવા શરીર જકડઇ જાય અને કોઇ ઉપયોગમાં આવે એવું ન રહે તો તે વખતે અંતરમાં આપણને વિચારસરણી કઇ ચાલે ! જ્ઞાની ભગવંતો કહે છે કે તે વખતે પણ જો મને બરોબર સ્થિર હોય, મનની શક્તિ ઘટેલી ન હોય તો શરીરની ચિંતાને છોડીને ભગવાનના ગુણો આદિની ચિંતા-વિચારણા કરતો થઇ જાય. મહાપુરૂષોએ શરીરથી ઉભા કરી કરીને જે જે કષ્ટો વેઠ્યા એમને યાદ કરીને શરીરના રાગાદિ પરિણામને દૂર કરવા પ્રયત્ન કરતો થઇ જાય તોય સકામ નિર્જરા કરીને એ જીવ ઘણા કર્મો ખપાવીને જન્મ મરણની પરંપરાનો નાશ કરતો કરતો આત્મકલ્યાણમાં આગળ વધતો જાય છે. આવા કોઇ વિચારો માંદગી વખતે આપણને પેદા થાય ખરા ! અત્યારથી એવો અભ્યાસ પાડતાં રહીએ તો છેલ્લે છેલ્લે પણ આપણને શરીરનો રાગ, એનું મમત્વ આપણને જરાય પજવી શકે નહિં એટલાજ માટે જૈનશાસનમાં રાજકુમારો હજારો મનુષ્યોની સાથે સંયમ લઇને જે રીતે ઉભા કરીને કષ્ટ વેઠીને આત્મકલ્યાણ સાધવામાં આગળ વધે છે અને આત્મકલ્યાણ સાધીને ક્યાં એ ભવમાં ક્યાં ત્રીજે ભવે સિધ્ધિ ગતિને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરતાં કરતાં પ્રાપ્ત કરતાં જાય છે એવું કોઇ આપણું લક્ષ આરાધના કરતાં કરતાં શરીર પાસેથી આવી રીતે આત્મકલ્યાણમાં આગળ કેમ વધતો જાઉં આવી વિચારણા કોઇ ખરી ! જ્ઞાની ભગવંતો કહે છે કે દરેક જીવોને મરણ વખતે કષ્ટ તો આવવાનુંજ છે. ગમે તેવી અવસ્થામાં એ જીવ મરણ પામે તો પણ

એને છેલ્લે છેલ્લે પણ દુઃખની વેદના તો પ્રાપ્ત થવાનીજ છે. એ માટે એ વેદનામાં મનની સ્થિરતા, એકાગ્રતા પ્રાપ્ત કરવા માટે અને આત્મિક ગુણનું લક્ષ સતત જાગ્રત રહે એ માટે અત્યારથી શરીર પાસે કષ્ટ વેઠવાનો આપણો પ્રયત્ન કેટલો ! જો આવા પ્રયત્નો અત્યારથી શરીરને કષ્ટ વેઠવાની શરૂઆત કરવાના પ્રયત્ન કરતાં કરતાં અભ્યાસ નહી પાડીએ તો શરીરને અનુકૂળતા આપી આપીનેજ સાચવવાનો પ્રયત્નજ કરતાં રહીશું તો છેલ્લે છેલ્લે દુઃખની વેદનાઓમાં મનની એકાગ્રતા કે સ્થિરતા શરીરના ભેદજ્ઞાનની કે આત્મિક ગુણ તરફના લક્ષની કઇ રીતે પ્રાપ્ત કરી શકીશું આની વિચારણા આપણે રોજ કરતા રહેવી જોઇએ. કારણ કે જે શરીરથી અત્યારે આપણે કામકાજ કરીએ છીએ એ શરીર તો અહીં મૂકીનેજ જવાનું છે. આવી રીતે અનાદિકાળથી સંસારને વિષે પરિભ્રમણ કરતાં અનંતા શરીરો આપણે પેદા કર્યા અને મૂકી મૂકીને અત્યારે મનુષ્યપણામાં આવેલા છીએ એ શરીરો રાગાદિ પરિણામથી મૂકેલા હોય છે માટે જો એ રાગથી શરીર મૂકીને આવેલા હોઇએ તો એનો કર્મબંધ પણ અત્યારે ચાલુને ચાલુજ. એવીજ રીતે ભૂતકાળમાં શરીર માંદલુ હોય, કામ આપે એવું ન હોય, રોગાદિથી ગ્રષ્ટ થયેલું હોય અને એ શરીર પ્રત્યે આપણને દ્વેષ બુધ્ધિ પેદા થતી જાય અને દ્વેષ કરીને શરીરને મૂકીને આવેલા હોઇએ તેવા શરીરોથી પણ અત્યારે કર્મબંધ ચાલુને ચાલુજ હોય છે. હવે આ શરીર આપણે કઇ રીતે મૂકીને જવું છે એ આપણા હાથમાં છે. જો રાગાદિ પરિણામ કરીનેજ મૂકીને જવું હોય તો જ્ઞાની ભગવંતો આપણા આત્માની દયા ચિંતવે છે અને રાગાદિ પરિણામની મંદતા કરીને મમત્વ બુધ્ધિ દૂર કરતાં કરતાં ભેદજ્ઞાન પ્રાપ્ત કરીને મૂકવું હોય તો જ્ઞાની ભગવંતો આપણા પ્રત્યે કૃપાદ્રષ્ટિ પેદા કરીને સાધનામાં આગળ વધારવા સહાયભૂત થતાં જાય છે. બોલો છેલ્લે શરીર આપણે કઇ રીતે મૂકવાના છીએ. આરાધના કરતાં કરતાં આપણું ધ્યેય કયું છે અને કયા ધ્યેયથી આરાધના કરી રહેલા છીએ એની આરાધના કર્યા પછી જ્યારે નવરા પડીએ ત્યારે આની વિચારણા કર્યાજ કરવી પડે. તોજ

અનાદિનો રાગાદિ પરિણામનો સ્વભાવ કંઇક દૂર થતાં થતાં આત્મિક ગુણ તરફ એની સન્મુખ થવાની યોગ્યતા પ્રાપ્ત કરાયા વગર રહે નહિ. તોજ આપણું પુદ્‌ગલના સંયોગથી જીવેલું જીવન સાર્થક થતું જાય અને સાધનામાં સહાયભૂત થતું જાય. આને અશાશ્વત પુદ્‌ગલો ગણાય છે.

જીવાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાય સિવાયના બાકીના ચાર દ્રવ્યો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, લોકાકાસ્તિકાય અને કાળદ્રવ્ય આ ચારે અપરિણામી હોય છે. એટલે કે સમયે સમયે પરિવર્તનશીલ આ દ્રવ્યો હોતા નથી. જ્યારે જીવાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્યો સમયે સમયે પરિવર્તનશીલ રૂપે હોવાથી એ બે પરિણામી કહેવાય છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને લોકાકાસ્તિકાય આ ત્રણે દ્રવ્યો પોતપોતાના સ્વભાવવાળાજ હોવાથી કોઇકાળે પોતાના સ્વભાવને બદલતા ન હોવાથી અપરિણામી કહેવાય છે. એટલે કે અનાદિકાળથી જે સ્વરૂપે પોતાના સ્વભાવમાં રહેલા છે એ જ સ્વરૂપે વર્તમાનમાં પણ છે અને ભવિષ્યકાળમાં સદા માટે એજ સ્વરૂપે રહેશે. એમનું સ્વરૂપ ધર્માસ્તિકાયનો ગુણ જીવ અને પુદ્‌ગલને ગતિ કરવામાં સહાયભૂત થવાનો છે. અધર્માસ્તિકાયનો ગુણ જીવ અને પુદ્‌ગલને સ્થિર રાખવામાં સહાયભૂત રાખવાવાળો છે અને લોકાકાસ્તિકાયનો ગુણ જીવ અને પુદ્‌ગલને જગ્યા આપવામાં સહાયભૂત થવાવાળો છે આ એમનો સ્વભાવ ગણાય છે. કાળદ્રવ્ય એને પણ કોઇ પ્રદેશ નથી અને વર્તના રૂપ એક સમયવાળો હોવાથી એ પરિણામવાળો ગણાતો નથી. માટે એ અપરિણામી કહેવાય છે.

સામાન્ય રીતે છએ દ્રવ્યો પોતપોતાના સ્વભાવમાં સદા માટે રહેલા હોવાથી પરિણામી ગણાય છે. છતાં પણ વિશેષ રીતે પરિણામી જીવ અને પુદ્‌ગલ જગતને વિષે જે રીતે દેખાય છે માટે એ બે દ્રવ્યોની પરિણામી રૂપે પ્રધાનતા રાખીને એ બેને પરિણામી કહેવાય છે. અને બાકીના ચાર અપરિણામી કહેવાય છે.

૨ - છ દ્રવ્યમાં જીવ-અજીવનું વર્ણન

છ દ્રવ્યમાંથી જીવદ્રવ્ય એક જીવાસ્તિકાય રૂપે હોય છે. એટલે કે જીવાસ્તિકાય દ્રવ્ય જીવરૂપે ગણાય છે. બાકીના પાંચ દ્રવ્યો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, લોકાકાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળદ્રવ્ય આ પાંચ અજીવ રૂપે કહેવાય છે.

અનાદિકાળથી સંસારમાં રહેલા જીવો પુદ્ગલના સંયોગવાળા હોવાથી સચેતન રૂપે એ જીવો જીવને અનુભવાય છે. એટલે કે રાગાદિ પરિણામની ચીકાસવાળા એ જીવોનો અભ્યંતર સંસાર અનાદિકાળથી રહેલો હોવાથી અને એ રાગાદિ પરિણામની ચીકાસથી જ્યારે જ્યારે જીવોને પોતે પોતાનું જીવન જીવતાં જીવતાં અનુકૂળ પદાર્થોનો સંયોગ પ્રાપ્ત થાય તે વખતે એ પદાર્થો પ્રત્યે અંતરથી ઇચ્છાઓ પેદા કરતો કરતો રાગાદિ પરિણામને આધીન થઇને પોતાનું જીવન જીવતો હોય છે. જ્યારે એ જીવોને પ્રતિકૂળ પદાર્થોનો સંયોગ પ્રાપ્ત થાય ત્યારે ત્યારે એ પુદ્ગલો પ્રત્યે નારાજી ભાવ પેદા કરતો કરતો અંતરમાં દ્વેષનો પરિણામ પેદા કરીને આ પુદ્ગલોનો સંયોગ કેમ મારાથી જલ્દી દૂર થાય એને કેવી રીતે દૂર કરવો અને અનુકૂળ પદાર્થોનો સંયોગ કેમ જલ્દી પ્રાપ્ત કરવો એવી વિચારણામાં કાળ પસાર કરતો કરતો પોતાનું જીવન જીવી રહેલા હોય છે. આ જીવન જીવતાં જીવતાં પુદ્ગલોના સંયોગોમાંજ રાગાદિ પરિણામવાળો બનતા બનતા એ જીવ પોતાના હાથેજ પોતાની જન્મ મરણની પરંપરા એટલે કે દુઃખ ભોગવવા લાયક જન્મ મરણની પરંપરા વધારતો જાય છે. જ્યારે એને ખ્યાલ આવે કે આ પુદ્ગલોનો સંયોગ એમાં થતા રાગાદિ પરિણામ એ જ મારા આત્માને માટે દુઃખ પેદા કરાવનારું છે, દુઃખની પરંપરા વધારનારૂં છે અને દુઃખનું ફળ પણ એજ આપનારું છે આવી વિચારસરણી જ્યારે મનુષ્યપણામાં સન્ની તિર્યંચપણામાં, નરકપણામાં કે દેવલોકમાં રહેલા દેવોના જીવોના અંતરમાં પેદા થાય ત્યારેજ એ જીવો પુદ્ગલના સંયોગને વિષે રાગાદિ પરિણામને ઓળખવાનો પ્રયત્ન કરતો થાય છે. અને જેમ જેમ એ ઓળખતો થાય અને રાગાદિ પરિણામથી સાવચેતી રાખીને જીવન જીવવાનો પ્રયત્ન કરતો થાય ત્યારેજ એ વાસ્તવિક

રીતે મિથ્યાત્વ ગુણસ્થાનકને એટલે કે ગુણયુક્ત મિથ્યાત્વ ગુણસ્થાનકને પ્રાપ્ત કરનારો બને છે. જ્યાં સુધી આવો પ્રયત્ન જીવ કરતો નથી ત્યાં સુધી એ જીવો મિથ્યાત્વ ગુણસ્થાનકે રહેલા હોવાછતાં પણ ગુણહીન મિથ્યાત્વવાળા કહેવાય છે. અને અનાદિકાળના સ્વભાવ મુજબ આ પુદ્ગલોનો સંયોગ મારે જે સુખ જોઇએ છીએ એ ભવિષ્યમાં મને આ પદાર્થોજ સુખ આપશે એવી બુધ્ધિ એના અંતરમાં સ્થિર થતી જાય છે. આ રીતે બુધ્ધિ સ્થિર કરતો કરતો એ જીવ દુઃખની પરંપરા રૂપે પોતાના હાથેજ પોતાના આત્માની સંખ્યાતા ભવો રૂપે અથવા અસંખ્યાતા ભવો રૂપે અથવા અનંતા ભવો રૂપે જન્મ મરણની પરંપરા વધાર્યાજ કરે છે અને જીવ સંસારમાં પરિભ્રમણ કર્યાજ કરે છે.

૩ - છ દ્રવ્યમાંથી મૂર્ત અને અમૂર્ત દ્રવ્યનું વર્ણન

મૂર્ત એટલે રૂપિ જે દ્રવ્યમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રહેલા હોય તે દ્રવ્યો રૂપી અથવા મૂર્ત કહેવાય છે. અને જે દ્રવ્યોમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રહેલા ન હોય એ દ્રવ્યોને અરૂપી અથવા અમૂર્ત કહેવાય છે. છ દ્રવ્યમાંથી ચાર દ્રવ્યો અરૂપી રૂપે રહેલા હોય છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, લોકાકાસ્તિકાય, અને કાળ દ્રવ્ય. બાકીના બે દ્રવ્યો જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય મૂર્ત એટલે રૂપી ગણાય છે.

અનાદિકાળથી જીવ પુદ્ગલના સંયોગવાળો હોવાથી સંસારી જીવોને પુદ્ગલના સંયોગોની પ્રધાનતા રાખીને અહિંયા રૂપી દ્રવ્ય રૂપે ગણેલો છે. બાકી જીવ પોતે અરૂપી એટલે અમુર્ત રૂપે હોવાથી એને અરૂપી તરીકે પણ ગણાય છે. પણ એ જ્યારે સંપૂર્ણ પુદ્ગલના સંયોગથી રહિત થઇને સિધ્ધિ ગતિને પ્રાપ્ત કરે ત્યારેજ એ અરૂપી થઇ શકે છે એટલે કે અમૂર્ત બની શકે છે જ્યારે અહીં સંસારી જીવોની વિવક્ષા કરીને છ દ્રવ્યમાંથી જીવદ્રવ્યનું વર્ણન કરેલું હોવાથી પુદ્ગલના સંયોગની પ્રધાનતા રાખીને જ્ઞાની ભગવંતોએ જીવદ્રવ્યને મૂર્ત રૂપે એટલે કે રૂપી દ્રવ્ય રૂપે કહેલો છે. અને એ પુદ્ગલના સંયોગથી જીવનું પોતાનું સ્વરૂપ આઠ રૂચક

પ્રદેશ સિવાયના બાકીના અસંખ્યાતા આત્મ પ્રદેશો એવા ઢંકાયેલા છે કે જીવ પોતે પોતાના સ્વરૂપને બીલકુલ ઓળખી શકતો નથી. અને જાણી પણ શકતો નથી. આ કારણથી પુદ્‌ગલના સંયોગનેજ પોતાનું સ્વરૂપ માનીને અનાદિકાળથી પોતાનું જીવન જીવતો રહેલો છે. અને એ રીતે જીવન જીવતાં જીવતાં સંસારને વિષે પરિભ્રમણ કરતો રહેલો છે. જ્યારે એ જીવ મિથ્યાત્વ ગુણસ્થાનકે પોતાના સ્વરૂપને ઓળખવાનો પ્રયત્ન કરશે ત્યાર પછીજ એને અંતરમાં વિચારસરણી પેદા થશે કે અત્યાર સુધી પુદ્‌ગલ સંયોગોનેજ મારૂં સ્વરૂપ સમજીનેજ જે રીતે જીવ્યો એ મેં મોટામાં મોટી ભૂલ કરેલી છે. કારણ કે વાસ્તવિક રીતે એ મારૂં પોતાનું સ્વરૂપ નથી પણ વિરૂપ દશા રહેલી છે. મારૂં પોતાનું સ્વરૂપ તો પુદ્‌ગલના સંયોગથી સંપૂર્ણ રહિત પણું અરૂપી રૂપે રહેલો એવો હું પુદ્‌ગલના સંયોગથી દબાયેલો એવો હું છું. માટે હવે મારે પુદ્‌ગલના સંયોગોમાં રાગાદિ પરિણામ કરવાને બદલે મારા સ્વરૂપને જ પેદા કરવામાં રાગાદિ પરિણામ પેદા કરતો થાઉં તોજ હું કાંઇક અરૂપીપણાનો આસ્વાદ પેદા કરી શકું. આવી વિચારણા પેદા કરતો કરતો જેમ જેમ આગળ વધતો જાય તેમ તેમ પુદ્‌ગલના સંયોગ પ્રત્યે રાગાદિ પરિણામની મંદતા થતાં થતાં એ સંસ્કારને મજબૂત કરવાનો પ્રયત્ન કરતો થાય છે. એ પ્રયત્ન કરતાં કરતાં વચમાં વચમાં જ્યારે જ્યારે પુદ્‌ગલના સંયોગમાં રાગાદિ પરિણામ વધતા દેખાય તો અંતરમાં એને ભારોભાર દુઃખ પેદા થતાં થતાં એ રાગાદિ પરિણામ પ્રત્યે ગુસ્સો વધતો જાય છે. અને આ રીતે પ્રયત્ન કરીને ક્રમસર આગળ વધતો વધતો અરૂપીપણાના સુખનો સ્વાદ ચાખતો ચાખતો એ સંસ્કારને મજબૂત કરી જો સારોકાળ હોય તો અને લઘુકર્મીપણું પ્રાપ્ત થયેલું હોય તો કોઇ નિકાચીત કર્મો ભોગવવાના બાકી રહેલા ન હોય તો એજ ભવમાં પુરૂષાર્થ કરીને, ક્ષપક શ્રેણી માંડી, મોહનીય કર્મોનો નાશ કરી, વીતરાગ દશાને પ્રાપ્ત કરી, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અંતરાય કર્મનો સંપૂર્ણ નાશ કરીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી મન, વચન, કાયાના યોગનો સંપૂર્ણ નિરોધ કરીને અયોગીપણું પ્રાપ્ત કરે છે. અને છેલ્લે આયુષ્ય કર્મ,

નામકર્મ, ગોત્રકર્મ અને વેદનીય કર્મના પુદ્ગલોનો સંપૂર્ણ નાશ કરીને પોતાનું શુધ્ધ સ્વરૂપ સંપૂર્ણ પેદા કરી અરૂપીપણાને પ્રાપ્ત કરે છે. આથી નિશ્ચિત એ થાય છે કે આરાધના કરતાં કરતાં આપણા પોતાનો મૂર્ત સ્વભાવ એ મારો પોતાનો સ્વભાવ નથી પણ વિભાવ દશા છે આવી વિચારણાની સ્થિરતા પ્રાપ્ત કરવાની તાકાત આવે એ માટે આરાધનામાં આગળ વધવા પ્રયત્ન કરવો જોઇએ.

પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળું સદા માટે રહેલું હોવાથી એ મૂર્ત એટલે રૂપી કહેવાય છે. જગતમાં રહેલા પરમાણુથી માંડીને બે પરમાણુના અનંતા સ્કંધો, ત્રણ પરમાણુના અનંતા સ્કંધો, ચાર પરમાણુના અનંતા સ્કંધો યાવત્ સંખ્યાત પરમાણુના અનંતા સ્કંધો, અસંખ્યાતા પરમાણુઓના અનંતા સ્કંધો, અને અનંતા પરમાણુઓના અનંતા સ્કંધો પુદ્ગલ રૂપે જે રહેલા હોય છે તે બધા રૂપી એટલે કે મૂર્ત રૂપેજ હોય છે. એ પુદ્ગલો કોઇકાળે અરૂપી રૂપે હોતા નથી અને બાકીના ચાર દ્રવ્યો પોતે પોતાના સ્વભાવ રૂપે રહેલા હોવાથી અને પુદ્ગલના સંયોગ વગરના હોવાથી એટલે કે એમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રહેલા ન હોવાથી અરૂપી ગણાય છે.

૪ - છ દ્રવ્યમાં સપ્રદેશી અને અપ્રદેશી દ્રવ્યોનું વર્ણન

સપ્રદેશી એટલે જે દ્રવ્ય પ્રદેશથી યુક્ત હોય તેને સપ્રદેશી કહેવાય છે. પ્રદેશ એટલે નાનામાં નાનો અંશ કે જે અંશને કેવલી ભગવંતો પણ એકના બે ભાગ કરી શકતા નથી. એવો જે દ્રવ્યથી છૂટો પડ્યા વગરનો છેલ્લામાં છેલ્લો જે અંશ તેને પ્રદેશ કહેવાય છે. અને અપ્રદેશી એટલે જે દ્રવ્યને વિષે કોઇપણ પ્રકારના પ્રદેશ ન હોય તેને અપ્રદેશી દ્રવ્ય કહેવાય છે. છ દ્રવ્યમાંથી ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય, લોકાકાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય આ પાંચ દ્રવ્યો સપ્રદેશી કહેવાય છે. એટલે કે ધર્માસ્તિકાયના અસંખ્યાતા પ્રદેશો હોય છે. અને એ પ્રદેશો કોઇકાળે પોતાના દ્રવ્યથી છૂટુ પડેલું હોતું નથી. અધર્માસ્તિકાયના પણ

અસંખ્યાતા પ્રદેશો હોય છે. એ પ્રદેશો પણ પોતાના દ્રવ્યથી કોઇકાળે છૂટા પડતાં નથી. જીવાસ્તિકાયને વિષે જીવોની સંખ્યા અનંતી હોય છે. એક એક જીવને વિષે અસંખ્યાતા અસંખ્યાતા આત્મપ્રદેશો રહેલા હોય છે. એ આત્મપ્રદેશોની સંખ્યા ધર્માસ્તિકાયના જેટલા પ્રદેશો છે અધર્માસ્તિકાયના જેટલા પ્રદેશો છે અને લોકાકાસ્તિકાયના જેટલા પ્રદેશો હોય છે એટલીજ સંખ્યા એક જીવના આત્મપ્રદેશોની હોય છે. એ આત્મપ્રદેશો પણ જીવથી કોઇકાળે છૂટા પડતાં ન હોવાથી એ પ્રદેશવાળો જીવ સપ્રદેશી કહેવાય છે. આથી એક એક જીવના અસંખ્યાતા અસંખ્યાતા આત્મપ્રદેશો સદા માટે રહેલા હોય છે એવા અનંતા જીવોના પણ દરેકને અસંખ્યાતા અસંખ્યાતા આત્મપ્રદેશો ભિન્ન ભિન્ન રૂપે રહેલા હોય છે. જીવ નિગોદમાં ઉત્પન્ન થાય તે વખતે એનું શરીર અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું હોય અને અનંતા જીવો વચ્ચે એક શરીર પ્રાપ્ત થયેલું હોય તો તે વખતે એ અનંતા જીવોના દરેકના આત્મપ્રદેશો એટલા બધા સંકોચ પામેલા હોય છે કે અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી સંખ્યામાં એ આત્મપ્રદેશો રહી શકે છે. એવી જ રીતે એ આત્મપ્રદેશો જીવના વિસ્તાર પામે તો એકલાખ યોજનની કાયાવાળા પણ થઇ શકે છે. એક લાખ યોજનના શરીરવાળા એની કાયા એટલી શરીરની પ્રાપ્તિ જે જીવોએ કરેલી હોય એમાં એટલા આત્મપ્રદેશો વિસ્તાર પામીને રહી શકે છે. એક જીવને શરીરની પ્રાપ્તિ એક હજાર યોજનની કાયાવાળું પ્રાપ્ત થઇ શકે છે અને ત્રણ ગાઉની કાયાવાળું પણ શરીર પ્રાપ્ત થઇ શકે છે. જો જીવ પુરુષાર્થ કરીને પોતાના આત્મપ્રદેશોનો વિસ્તાર કરે તો લોકાકાસ્તિકાયના જેટલા આકાશ પ્રદેશો છે એ દરેક આકાશ પ્રદેશ ઉપર એક એક આત્મપ્રદેશ મૂકીને લોકની આકૃતિ જેવો પણ વિસ્તાર કરી શકે છે. આ વિસ્તાર કરવાની તાકાત કેવલી ભગવંતોમાંજ હોય છે. જ્યારે જીવો કેવળજ્ઞાન પામ્યા પછી જે કેવળી ભગવંતોનું આયુષ્ય છ મહિનાથી અધિક ભોગવવાનું બાકી હોય એ કેવલી ભગવંતો પોતાના વેદનીય કર્મો, નામકર્મ અને ગોત્ર કર્મના પુદ્ગલોને આયુષ્ય કર્મના જેટલા કરવા માટે કેવલી સમુદ્ઘાત નિયમા

કરે છે. એ કેવલી સમુદ્‌ઘાત આઠ સમયની ક્રિયાવાળું હોય છે. એમાં ચોથે સમયે લોકના બધા આકાશ પ્રદેશ ઉપર પોતાનો એક એક આત્મપ્રદેશ મૂકી શકે છે. અને તે વખતે નામકર્મ, ગોત્રકર્મ અને વેદનીય કર્મના પુદ્‌ગલો આયુષ્યકર્મથી અધિક હોય એ બધા નાશ પામે છે. અને જે કેવલી ભગવંતોનું આયુષ્ય છ મહિનાથી ઓછું હોય એ કેવલી ભગવંતો સમુદ્‌ઘાત કરે ખરા અથવા ન પણ કરે. આથી દરેક જીવોના ભિન્ન ભિન્ન રૂપે અસંખ્યાતા આત્મપ્રદેશો પોતાની સાથેને સાથેજ સદા માટે રહેલા હોય છે એમાંના મધ્ય ભાગમાં રહેલા આઠ આત્મપ્રદેશો એક એક આકાશપ્રદેશને સ્પર્શીને રહેલા હોય છે. અને ગાયના આચરની સરખા એની આકૃતિ રહેલી હોય છે. એ સિવાયના બાકીના આત્મપ્રદેશો સંકોચ પામીને સંસારી જીવોના આત્મપ્રદેશો એક એક આકાશ પ્રદેશ ઉપર સદા માટે અસંખ્યાતા અસંખ્યાતા રહેલા હોય છે. માટે જીવ સપ્રદેશી કહેવાય છે. પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્યો પણ એક એક પ્રદેશીના ગણતરી રૂપે ગણીએ તો એ દ્રવ્યથી છૂટા ન પડે ત્યાં સુધી કેટલાક દ્રવ્યોને વિષે સંખ્યાતા પ્રદેશો પણ હોય છે, કેટલાક દ્રવ્યોને વિષે અસંખ્યાતા પ્રદેશો પણ હોય છે અને મોટાભાગના દ્રવ્યોને વિષે અનંતા પ્રદેશો રહેલા હોય છે. કારણ કે આપણે આંખેથી જે કંઇ સચેતન પુદ્‌ગલ અથવા અચેતન પુદ્‌ગલ જોઇ રહેલા છીએ એ અનંતા પરમાણુઓ ભેગા થયેલાજ પુદ્‌ગલોને જોઇ શકીએ છીએ પણ સંખ્યાતા કે અસંખ્યાતા પરમાણુઓના બનેલા પુદ્‌ગલ સ્કંધોને આપણે જોઇ શકતા નથી. કોઇપણ અચેતન પદાર્થનો એકદમ ભુક્કો કરીને બારીક પાઉડર કરવામાં આવે અને એ બારીક પાઉડરનો એક કણીયો આંખેથી જોઇ શકીએ તોપણ એ કણીયો અનંતા પરમાણુઓથી યુક્ત છે એમ જ્ઞાની ભગવંતો કહે છે. એમાંથી એક એક પરમાણુ છુટો કરવામાં આવે તો અનંતા પરમાણુઓ બહાર નીકળી શકે છે. માટે એ ઝીણામાં ઝીણા કણીયાને પણ અનંત પ્રદેશી સ્કંધ કહેવાય છે.

આકાકાસ્તિકાય દ્રવ્ય એના બે ભેદ છે. (૧) અલોકાકાસ્તિકાય, (૨) લોકાકાસ્તિકાય.

(૧) અલોકાકાસ્તિકાય દ્રવ્યના અનંતા પ્રદેશો હોય છે. એ પ્રદેશો માત્ર આકાશાસ્તિકાય રૂપેજ લોકની બહારના ભાગમાં એટલે કે લોકાકાસ્તિકાયની બહારના ભાગમાં સદા માટે અલોકાકાસ્તિકાયના પ્રદેશો અનંતા રહેલા હોય છે. એટલે જ્ઞાની ભગવંતો કહે છે કે જગતને વિષે આખો એક ગોળો રહેલો છે. એ ગોળો આકાશાસ્તિકાયનો રહેલો છે. એની બરોબર મધ્ય ભાગમાં કેડે હાથ દઇને ઉભેલો, પગ પહોળા કરીને ઉભેલા, મનુષ્યની આકૃતિની જેમ લોક એટલે કે લોકાકાસ્તિકાય રહેલો છે. એ લોકાકાસ્તિકાયને વિષે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળદ્રવ્ય રહેલા હોય છે. અને સાથે સાથે લોકાકાસ્તિકાયના પ્રદેશો પણ રહેલા હોય છે. આ રીતે પાંચ અસ્તિકાય દ્રવ્યોથી યુક્ત હોવાથી એને લોક કહેવાય છે. જ્યારે લોકાકાસ્તિકાયના બહારના ભાગમાં ધર્માસ્તિકાય હોતો નથી, અધર્માસ્તિકાય દ્રવ્ય પણ હોતું નથી. જીવાસ્તિકાય દ્રવ્ય પણ હોતું નથી, પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય પણ હોતું નથી અને કાળદ્રવ્ય પણ હોતું નથી માટે સદા માટે લોકની ચારે બાજુ બહારના ભાગમાં અલોકાકાસ્તિકાયના પ્રદેશો અનંતા રહેલા હોય છે. માટે એને અલોકાકાસ્તિકાય કહેવાય છે.

(૨) લોકાકાસ્તિકાય દ્રવ્ય :- લોકાકાસ્તિકાયના પ્રદેશો લોકની આકૃતિની જેમ સદા માટે અસંખ્યાતા હોય છે. ધર્માસ્તિકાયના જેટલા પ્રદેશો હોય છે, અધર્માસ્તિકાયના જેટલા પ્રદેશો હોય છે એક જીવના જેટલા આત્મપ્રદેશો હોય છે એટલાજ લોકાકાસ્તિકાયના પ્રદેશો હોય છે. એ એક એક આકાશપ્રદેશ ઉપર અનંતા પુદ્ગલો, અનંતાજીવો સદા માટે ઠાંસી ઠાંસીને રહેલા હોય છે.

૫ - છ દ્રવ્યમાં એક અને અનેકનું વર્ણન

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને લોકાકાસ્તિકાય દ્રવ્યો એક રૂપે હોય છે. તેમજ કાળદ્રવ્ય પણ એકરૂપે ગણાય છે. પણ જો વ્યવહારકાળની અપેક્ષાએ લઇએ તો કાળદ્રવ્ય એકરૂપે ગણાતું નથી. જ્યારે બાકીના ત્રણ

દ્રવ્યો ધર્માસ્તિકાય આદિ સૌ પોતપોતાની રીતે સ્વતંત્ર હોવાથી જગતને વિષે એકરૂપે સદા માટે રહેલા છે અને અનંતકાળ સુધી એક રૂપેજ રહેશે કારણ કે ધર્માસ્તિકાયના પ્રદેશો કોઇકાળે અધર્માસ્તિકાય રૂપે થતા નથી. એટલે કે ધર્માસ્તિકાય દ્રવ્ય કોઇકાળે અધર્માસ્તિકાય રૂપે બનતું નથી એવીજ રીતે અધર્માસ્તિકાય દ્રવ્ય અધર્માસ્તિકાય રૂપે પણ કોઇકાળે બનતું નથી. લોકાકાસ્તિકાય દ્રવ્ય ધર્માસ્તિકાય કે અધર્માસ્તિકાય રૂપે કોઇકાળે થઇ શકતું નથી આથી એક સાથે ત્રણે દ્રવ્યો રહેલા હોવાછતાં પણ પોતપોતાના દ્રવ્ય રૂપે સદા માટે સ્વતંત્ર રૂપે રહેલા હોય છે. માટે એ દ્રવ્યોને એક દ્રવ્યરૂપે કહેવાય છે. જ્યારે કાળદ્રવ્ય વર્તના રૂપ કાળ હોવાથી એટલે કે એક સમય રૂપે કાળ હોવાથી એને એક દ્રવ્ય સ્વતંત્ર રૂપે ગણાય છે જ્યારે વ્યવહારકાળની અપેક્ષાએ ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ એમ અનેક પ્રકારના ભેદવાળો વ્યવહારકાળ હોવાથી એ અનેક ભેદવાળો વ્યવહારકાળ ગણાય છે માટે કાળદ્રવ્ય એ અપેક્ષાએ અનેક ભેદવાળું ગણાય છે. પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય અનેક રૂપે જગતને વિષે હોય છે. કારણ કે દરેક આકાશપ્રદેશ ઉપર અનંતા પરમાણુઓ રહેલા હોય છે. બે પરમાણુના બનેલા સ્કંધો દરેક આકાશ પ્રદેશ ઉપર અનંતા અનંતા રહેલા હોય છે, ત્રણ પરમાણુઓના બનેલા સ્કંધો દરેક આકાશ પ્રદેશ ઉપર અનંતા અનંતા રહેલા હોય છે એવીજ રીતે સંખ્યાતા પરમાણુઓના બનેલા સ્કંધો દરેક આકાશપ્રદેશ ઉપર અનંતા અનંતા રહેલા હોય છે એવી જ રીતે અસંખ્યાતા પરમાણુઓના બનેલા સ્કંધો અનંતા અનંતા દરેક આકાશપ્રદેશ ઉપર રહેલા હોય છે તેમજ અનંતા અનંતા પરમાણુઓના બનેલા સ્કંધો દરેક આકાશ પ્રદેશ ઉપર અનંતા અનંતા રહેલા હોય છે. માટે પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય એક ગણાતું નથી પણ અનેક રૂપે ગણાય છે. ચર્મચક્ષુથી આપણે જે કંઇ પુદ્ગલો જોઇ શકીએ છીએ તે અનંતા પરમાણુઓના બનેલા સ્કંધો રૂપે અનંતા સ્કંધો ભેગા થયેલા હોય ત્યારે જ આપણે જોઇ શકીએ છીએ બાકી સંખ્યાતા પરમાણુઓના બનેલા સ્કંધોને અસંખ્યાતા પરમાણુઓના સ્કંધોને તેમજ કેટલાક અનંતા

પરમાણુઓના સ્કંધોનો આપણે જોઇ શકતા જ નથી.

જીવાસ્તિકાય દ્રવ્ય :- આ દ્રવ્ય પણ અનેક રૂપે કહેવાય છે. કારણ કે લોકાકાસ્તિકાયના એક એક આકાશ પ્રદેશ ઉપર અનંતા અનંતા જીવો સદા માટે રહેલા હોય છે માટે જ્ઞાની ભગવંતો કહે છે કે કાળ કરતાં ક્ષેત્ર સૂક્ષ્મ છે, ક્ષેત્ર કરતાં દ્રવ્ય સૂક્ષ્મ છે અને દ્રવ્ય કરતાં ભાવ સૂક્ષ્મ સદા માટે રહેલું હોય છે. માટે દરેક આકાશ પ્રદેશ ઉપર અનંતી અનંતી ચીજો સદા માટે રહી શકે છે. માટે જીવાસ્તિકાય દ્રવ્ય એક રૂપે ન ગણતાં અનેક રૂપે ગણાય છે.

૬ - છ દ્રવ્યમાં ક્ષેત્ર અને ક્ષેત્રી રૂપે વર્ણન

છ દ્રવ્યમાંથી એક લોકાકાસ્તિકાય દ્રવ્ય ક્ષેત્ર રૂપે રહેલું છે. કારણ કે આકાશ જગ્યા આપે છે અને એ જગ્યા આપતું હોવાથી બીજા દ્રવ્યો એમાં સારી રીતે રહી શકે છે. માટે એ દ્રવ્યને ક્ષેત્ર રૂપે કહેવાય છે. જ્યારે બાકીના દ્રવ્યો ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળદ્રવ્ય એ ક્ષેત્રી રૂપે કહેવાય છે. કારણ કે એ દ્રવ્યો બીજા દ્રવ્યોને જગ્યા આપતું નથી પણ જ્યાં એને જગ્યા મળે ત્યાં એ રહેતું હોવાથી એ ક્ષેત્રી રૂપે ગણાય છે. ક્ષેત્ર એટલે રહેવાની જગ્યા અથવા રહેવાની જગ્યા આપવાને લાયક એવા જે પ્રદેશો તેને ક્ષેત્ર કહેવાય છે. જ્યારે ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો પોતે પોતાના સ્વભાવ મુજબ ક્ષેત્રને વિષે રહેલા હોવાથી એ દ્રવ્યો બીજાને જગ્યા આપતા ન હોવાથી એ દ્રવ્યો ક્ષેત્ર રૂપે ગણાતા નથી.

૭ - છ દ્રવ્યને વિષે સક્રિય અને અક્રિય દ્રવ્યોનું વર્ણન

સક્રિય એટલે ક્રિયા કરવાને લાયક અને અક્રિય એટલે ક્રિયા ન કરી શકે એટલે કે ક્રિયા કર્યા વગરના સદા માટે રહેલા એને અક્રિય રૂપે કહેવાય છે. છ દ્રવ્યમાંથી સક્રિય દ્રવ્યો જગતને વિષે બે હોય છે. એક

જીવાસ્તિકાય દ્રવ્ય અને બીજું પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય.

જીવાસ્તિકાય દ્રવ્ય જે જે સ્થાનને વિષે જીવો રહેલા હોય છે એ જીવો કોઇકાળે એમને એમ બેઠેલા હોતા નથી એ ક્રિયા કરતાંજ હોય છે. માટેજ જગતને વિષે ઉંધુ, ચત્તુ, આઘુ, પાછુ અનેક પ્રકારની ફેરફારી રૂપે જીવની સક્રિયતાના કારણે બન્યાજ કરે છે. એ જીવ સક્રિય રૂપે રહેલો હોવાથી જ્યાં જ્યાં જે જે ક્ષેત્રને વિષે જાય ત્યાં ત્યાં અનેક પ્રકારની ક્રિયાઓ કરતાં કરતાં નવું ને નવું ઉત્પન્ન કરતો જાય છે. એ નવું ઉત્પન્ન થયેલું ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા કાળ સુધી એવું ને એવું રહ્યા કરે છે છતાં પણ એમાં સમયે સમયે અનંતા પુદ્‌ગલો પ્રવેશ કરે છે અને અનંતા પુદ્‌ગલો નીકળે છે. છતાં જીવને એ જુના તરીકે દેખાતું નથી. જ્યારે એ કંઇક કઢોણું થાય અથવા કંઇ લીસોટા પડે, ઘસારા રૂપે અનેક ઘસારા પડે ત્યારે એ જીવને એ દ્રવ્ય જુના રૂપે લાગે છે. બાકી તો નવા ઉત્પન્ન થયેલા દ્રવ્યો સમયે સમયે જુના થતાંજ જાય છે. પણ જીવને અમુક કાળ સુધી એ દ્રવ્યો જુના રૂપે ખ્યાલમાં આવતા નથી આ કારણથી જીવાસ્તિકાય દ્રવ્યને સક્રિય રૂપે કહેવાય છે.

પુદ્‌ગલાસ્તિકાય :- જેમ સચેતન દ્રવ્ય અનેક પ્રકારના નવા દ્રવ્યોને પેદા કરીને પોતાનો કાળ પસાર કરે છે એવી રીતે જગતને વિષે અચેતન રૂપે રહેલા પદાર્થો એક પદાર્થમાંથી પુદ્‌ગલો નીકળીને બીજા પદાર્થમાં પ્રવેશ કરી કરીને સમયે સમયે અચેતન પુદ્‌ગલોમાંથી પણ અનંતા પુદ્‌ગલો નીકળે છે અને અનંતા પુદ્‌ગલો પ્રવેશ કરે છે. એ અચેતન પુદ્‌ગલોમાં પણ જીવની સહાય વગર અનંતા અનંતા પુદ્‌ગલોનો પ્રવેશ અને નીકળવું એ ક્રિયા એની સ્વાભાવિક રૂપે થયાજ કરે છે. માટે અચેતન પુદ્‌ગલ પણ કેટલાક કાળ પછી આપણને એ દ્રવ્ય જુના રૂપે દેખાય છે. જ્યારે જ્ઞાની ભગવંતોના મત મુજબ સ્વાભાવિક રૂપે અચેતન પદાર્થ જ્યારથી પેદા થયો ત્યારથી સમયે સમયે અનંતા પુદ્‌ગલોનો પ્રવેશ અને નીકળવું ચાલુ થતું હોવાથી ત્યારથી એ અચેતન પુદ્‌ગલ પણ જુનુ થતુંજ જાય છે. પણ આપણને એ પુદ્‌ગલ જ્યારે થોડા કાળ પછી અથવા

ઘણા કાળ પછી એમાં ઘસારા પડે ત્યારે આપણને જુના રૂપે દેખાય છે. જીવે પેદા કર્યા વગરના જગતને વિષે અચેતન દ્રવ્યો અનંતા સ્વાભાવિક રૂપે પેદા થતા જાય છે. જેમકે જૈનશાસનને વિષે નદી, ઘોળ, પાષાણ, ન્યાય કહેવાય છે. એટલે કે નદીમાં રહેલા પથ્થરો એ અચેત રૂપે રહેલા હોય છે એ પાણી અને માટીથી અથડાતા અથડાતા સ્વાભાવિક રીતે ઘોળ બનીને લીસ્સા પથ્થર રૂપે પણ બને છે. એ પથ્થરોનું કોઇ ઘાટ ઘડતું નથી, કોઇ ઘાટ ઘડવા માટે પ્રયત્ન પણ કરતું નથી છતાં પણ એક બીજા અચેતન પથ્થરો એકબીજાને અથડાતા અથડાતા એકદમ સુંદર ઘાટ રૂપે, ગોળાકાર રૂપે અને જોવામાં આનંદ પેદા થાય એવા રૂપે બની શકે છે એ જેમ સ્વાભાવિક રૂપે અચેતન પુદ્‌ગલ સુંદર બનતું હોવાથી જગતને વિષે આવા અનંતા અચેતન પદાર્થો જીવના પ્રયત્ન વગર સ્વાભાવિક રૂપે બનતાં જતા જાય છે. આ પદાર્થો પણ સક્રિય રૂપે ગણાય છે કારણ કે સમયે સમયે એમાં અનંતા પુદ્‌ગલો પ્રવેશ કરે છે અને અનંતા પુદ્‌ગલો નાશ પામે છે માટે પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય પણ સક્રિય કહેવાય છે.

બાકીના ચાર દ્રવ્યો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, લોકાકાસ્તિકાય અને કાળદ્રવ્ય એ પોતાના સ્વભાવ રૂપે સદા માટે રહેલા હોવાથી એ પદાર્થો સક્રિય ગણાતા નથી પણ અક્રિય રૂપે ગણાય છે.

ચૌદરાજલોક જગતને વિષે દરેક સ્થાનોમાં જે કંઇ તોફાનો દેખાય છે તે જીવ અને પુદ્‌ગલના કારણેજ તોફાનો થતા રહે છે. કારણ કે જીવ જીવનું પણ યુધ્ધ હોય છે એમ પુદ્‌ગલ પુદ્‌ગલના પણ તોફાન રૂપે એક સ્થાનેથી બીજે સ્થાને જતા અચેતન પુદ્‌ગલો પણ એકબીજાને અથડાતાં અથડાતાં અનેક પ્રકારની અશાંતિને પેદા કરતાં જાય છે આથી જગતના કોઇ પણ સ્થાનને વિષે શાંતિ જેવું સ્થાન કોઇ જગ્યાએ નથી. બધે ઉકળાટ ઉકળાટ અને ઉકળાટજ છે. કારણ કે જીવ સદા માટે ચંચળ છે. રાગાદિ પરિણામથી યુક્ત હોવાથી અનુકૂળતાનું અર્થીપણું અને પ્રતિકૂળતાનું દ્વેષીપણું એજ એની ચંચળતાનું મુખ્ય કારણ છે. ચૌદરાજલોકને વિષે જીવ જ્યાં જ્યાં જતો હોય છે તે તે સ્થાનોને વિષે કોઇકાળે સ્થિર જીવ બેસી

શકતો નથી. અને એ ચંચળતાના સ્વભાવના કારણે એ સક્રિય રૂપે જ ગણાય છે અક્રિય રૂપે રહી શકતો નથી. જ્યારે એ જીવ અયોગી અવસ્થાને પ્રાપ્ત કરી પોતાના સઘળા આત્મપ્રદેશોને પોતાની છેલ્લી શરીરની કાયાની અવગાહનાથી બે તૃતીયાંશ ભાગમાં આત્મપ્રદેશોને સ્થિર કરે છે ત્યારે એ જીવ અક્રિય બને છે. જ્યાં સુધી પુદ્ગલના સંયોગવાળો રહેલો હોય છે ત્યાં સુધી કોઇકાળે જીવ અક્રિય થઇ શકતો નથી. અને આના કારણે જીવના સ્વભાવને મરકટના સ્વભાવવાળો કહેલો છે. (મરકટ એટલે વાંદરું) જેમકે વાંદરો કોઇપણ સ્થાને રહેલો હોય તે સીધો સ્થિર બેસી શકતો નથી અને કંઇકને કંઇક એ પોતે કર્યાજ કરે છે એવી રીતે જીવ પણ એની જેમ કોઇકાળે સ્થિર બેસી શકતો નથી. અને આ ચંચળ સ્વભાવ જ્યાં સુધી જીવ ઓળખીને દૂર કરવાનો પ્રયત્ન ન કરે ત્યાં સુધી મિથ્યાત્વ ગુણસ્થાનકમાં પણ ગુણયુક્ત ગુણસ્થાનકને પ્રાપ્ત કરી શકતો નથી અને આંશિક પોતાના આત્મામાં રહેલા સુખને એટલે કે આત્મપ્રદેશોમાં રહેલા સુખને એ અનુભવ કરી શકતો નથી. આવીજ રીતે જગતમાં રહેલા અચેતન પદાર્થોનો સ્વભાવ સદા માટે અનંતા પુદ્ગલોનો પ્રવેશ અને અનંતા પુદ્ગલોનું નીકળવાનું સમયે સમયે ચાલુજ હોય છે એના કારણે એ અચેતન પુદ્ગલોનો સ્વભાવ પણ જ્ઞાની ભગવંતોએ ચંચળ સ્વભાવ કહેલો છે. એ સ્વભાવ કોઇકાળે પુદ્ગલમાં સ્થિર રૂપે થઇ શકતો નથી. માટે અચેત મહાસ્કંધ મેરૂ પર્વતની ટોચ ઉપરથી ચૈત્ર માસમાં જ્યારે એ સ્કંધના પુદ્ગલો ચારે બાજુ વીખરાઇને છુટા પડે છે તે વખતે જે અવાજ થાય છે અને એ પુદ્ગલોથી ચારેબાજુ વીખરાતા વીખરાતા કંઇક જીવોનો ઘાત પણ થાય છે. માટે જૈનશાસનમાં સાધુ સાધ્વી ભગવંતોને અચીત રજથી થતાં સંહારનો દોષ ન લાગે એ માટે ચૈત્ર સુદ - ૧૧,૧૨,૧૩ ના દિવસે સાંજના પ્રતિક્રમણ પછી ચાર લોગસ્સનો કાઉસ્સગ કરવાનું વિધાન કહેલું છે. આથી નિશ્ચિત થાય છે કે ચૌદેરાજલોકને વિષે ચારે બાજુ જે કંઇ અશાંતિનું વાતાવરણ સર્જાતું જાય છે અને સદા માટે અશાંતિ ફેલાતી રહે છે તે જીવ અને પુદ્ગલની સક્રિયતાના કારણેજ પેદા

થતી જાય છે.

૮ - છ દ્રવ્યને વિષે નિત્ય અને અનિત્યનું વર્ણન

નિત્ય એટલે સદા માટે શાશ્વત રૂપે રહેલા દ્રવ્યો તેને નિત્ય રૂપે કહેવાય છે. અને અનિત્ય એટલે અમુકકાળ સુધી એ દ્રવ્યો રહેલા હોય પછી એ દ્રવ્યો નાશ પામે એને અનિત્ય રૂપે કહેવાય છે. છ દ્રવ્યમાંથી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, લોકોકાસ્તિકાય અને કાળદ્રવ્ય આ ચાર દ્રવ્યો નિત્ય રૂપે કહેવાય છે. કારણ કે અનાદિકાળથી જગતને વિષે રહેલા છે અને અનંતકાળ સુધી સદા માટે રહેવાના છે. કોઇકાળે એ દ્રવ્યો નાશ પામવાના નથી માટે એ ચારે દ્રવ્યો નિત્ય રૂપે કહેવાય છે. જ્યારે જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય આ બે દ્રવ્યો જગતને વિષે અનિત્ય રૂપે ગણાય છે.

જીવાસ્તિકાય દ્રવ્ય :- સંસારી જીવો સદા માટે પુદ્ગલના સંયોગવાળા હોવાથી જીવ આત્મદ્રવ્યની અપેક્ષાએ નિત્ય રૂપે રહેલો હોવાછતાં પણ અહિં પુદ્ગલ દ્રવ્યની એટલે કે પુદ્ગલના સંયોગની પ્રધાનતાના કારણે જીવને અનિત્ય રૂપે કહેલો છે. કારણ કે એક સ્થાનેથી બીજે સ્થાને જીવ જ્યારે જતો હોય છે ત્યારે પૂર્વનો પર્યાયી છોડીને નવો પર્યાય પેદા કરતો જાય છે. આવી રીતે જુનો પર્યાય નાશ પામે અને નવો પર્યાય પેદા થાય આ રીતે જીવો અત્યાર સુધીમાં અનંતા પર્યાયોને પ્રાપ્ત કરી ચૂક્યો છે અને જ્યાં સુધી સંસારમાં રહેશે ત્યાં સુધી બીજા અનંતા પર્યાયોને પ્રાપ્ત કરતોજ રહેશે એ જે એના પર્યાય રૂપે રહેલા પુદ્ગલના સંયોગવાળા જીવના પર્યાયો એ અનિત્ય રૂપે કહેવાય છે. જેમકે વર્તમાનમાં મનુષ્યપર્યાય રૂપે રહેલા આપણે અહીંથી મરીને જો નરકમાં જઇશું તો આપણો આત્મા નરકના પર્યાય રૂપે પ્રાપ્ત થશે, દેવલોકમાં જઇશું તો આપણો જીવ દેવગતિના પર્યાય રૂપે પ્રાપ્ત થશે, નિગોદ રૂપે ઉત્પન્ન થઇશું તો સાધારણ વનસ્પતિકાય રૂપે આપણો આત્મા નવો પર્યાય પ્રાપ્ત કરશે, પૃથ્વીકાય રૂપે, અપ્કાય

રૂપે, તેઉકાય રૂપે, વાઉકાય રૂપે, પ્રત્યેક વનસ્પતિકાય રૂપે, બેઇન્દ્રિય રૂપે, તેઇન્દ્રિય રૂપે, ચઉરીન્દ્રિય રૂપે, પંચેન્દ્રિય રૂપે અથવા મનુષ્ય રૂપે અહીંથી મરીને કોઇપણ જગ્યાએ પેદા થઇશું તો આપણે આપણો આત્મા તે તે પર્યાય રૂપે પેદા થયેલો ગણાશે એટલે કે વર્તમાનનું મનુષ્યપણાનું જે આપણું જીવન પર્યાયરૂપે ચાલી રહેલું છે એ અનિત્ય રૂપે બનશે. અને નવો પર્યાય જે પેદા કર્યો એ એનું આયુષ્ય હશે ત્યાં સુધીજ એ પર્યાયને ભોગવશે. ત્યાર પછી એ પર્યાય પણ નાશ પામશે આથી જીવ પુદ્ગલના સંયોગવાળો રહેલો હોવાથી અનિત્ય રૂપે કહેવાય છે.

પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય :- આ દ્રવ્ય અનિત્ય રૂપે છે કારણ કે સમયે સમયે અનંતા પુદ્ગલો પ્રવેશ કરે છે અને નીકળે છે જગતને વિષે જે દ્રવ્ય આપણે પુદ્ગલ રૂપે જોઇ રહેલા છીએ એ પુદ્ગલ ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધીના કાળ સુધીજ આપણને એવુંને એવું દેખાય છે ત્યાર પછી અવશ્ય એમાંના બધા પુદ્ગલો પરમાણુ રૂપે થઇને બીજા પુદ્ગલ રૂપે બની જાય છે અને બીજાના પરમાણુઓ એ પુદ્ગલ રૂપે પણ થતા જાય છે માટે પુદ્ગલ દ્રવ્ય એટલે કે પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય પણ અનિત્ય રૂપે કહેવાય છે. આ રીતે જ્યારે વિચારણા કરતા થઇએ અને એ વિચારણા અંતરમાં સ્થિર રૂપે સંસ્કાર મજબૂત કરીએ તો જગતમાં સચેતન પદાર્થો પ્રત્યે કે અચેતન પદાર્થો પ્રત્યે જરૂર રાગાદિ પરિણામની મંદતા પેદા થયા વગર રહેતી નથી. આ રીતે વિચારણાઓ વારંવાર કરતાં કરતાં આત્મામાં ક્ષયોપશમ ભાવ પેદા થતાં થતાં રાગાદિ પરિણામનો ઉદય મંદ થતાં થતાં પુદ્ગલ દ્રવ્યોને વિષે રાગાદિ પરિણામની ઇચ્છાઓ એનું મમત્વ દૂર થતાં થતાં જીવ આત્મિક ગુણ તરફ આગળ વધવાનો જરૂર પ્રયત્ન કરી શકે છે આ માટેજ આ બધા વિચારણાઓ વારંવાર કરવા યોગ્ય છે એમ જ્ઞાની ભગવંતો કહે છે. જ્યારે જ્યારે જીવને જે જે પદાર્થો પ્રત્યે એટલે કે સચેતન કે અચેતન પદાર્થો પ્રત્યે ઇચ્છાઓ પેદા થતી જાય, રાગાદિ પરિણામ સ્થિર થતા દેખાય અને મમત્વ બુધ્ધિ સ્થિર થતી દેખાય તે વખતે આ રીતે પદાર્થોની વિચારણાઓ

ચાલુ રહે તો એ પદાર્થોની ઇચ્છાઓ, એના રાગાદિ પરિણામો અને એનું મમત્વ ઘટ્યા વગર રહેજ નહિં. માટે એ વિચારણાઓને સ્થિર કરવા અને રાગાદિ પરિણામાદિની ઇચ્છાઓને નાશ કરવા વારંવાર આની વિચારણાઓ કર્યાજ કરવી પડે. તોજ આત્મામાં રહેલો ક્ષયોપશમ ભાવ એની આંશિક અનુભૂતિ જીવનમાં પ્રાપ્ત થઇ શકે છે.

૯ - છ દ્રવ્યને વિષે કારણ અને અકારણ રૂપે વર્ણન

કારણ એટલે હેતુ અને અકારણ એટલે નિર્હેતુ. છ દ્રવ્યમાંથી કારણ રૂપે પાંચ દ્રવ્યો કહેલા છે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, લોકાકાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને કાળદ્રવ્ય. આ પાંચે દ્રવ્યો હેતુરૂપે એટલે સાધન રૂપે ગણાય છે. કારણ કે જીવોને જીવાડવા માટે એક સ્થાનેથી બીજે સ્થાને પહોંચાડવા માટે જ્યાં પહોંચેલા હોય ત્યાં સ્થિર રહેવા માટે, જગ્યા આપવા માટે અને કેટલા કાળસુધી ત્યાં રહેશે તે નિશ્ચિત કરવા માટે સાધન રૂપે આ પાંચે દ્રવ્યોની જરૂર પડે છે. આ પાંચે દ્રવ્યો વગર જીવ કોઇકાળે પોતાની જરાય પ્રવૃત્તિ કરી શકતો નથી. કેમકે ધર્માસ્તિકાય ગતિ કરવામાં સહાયભૂત થાય છે, અધર્માસ્તિકાય સ્થિર રહેવામાં સહાયભૂત થાય છે, આકાશાસ્તિકાય જગ્યા આપવામાં સહાયભૂત થાય છે પુદ્‌ગલાસ્તિકાય પુદ્‌ગલના સંયોગમાં સહાયભૂત થાય છે અને કાળદ્રવ્ય એ બધામાં કેટલા કાળ સુધી રહેવું એ નક્કી કરવામાં સહાયભૂત થાય છે માટે પાંચ દ્રવ્યોને કારણરૂપે કહેવાય છે. બાકીનો એક જીવાસ્તિકાય દ્રવ્ય અકારણરૂપે ગણાય છે. કારણ કે જીવ કોઇને માટે પણ સાધનરૂપે બની શકતો નથી. જીવોને સુખ, દુઃખ જે પેદા થાય છે એ જીવથી પેદા થતા નથી છતાં પણ જીવ અજ્ઞાન રૂપે રહેલો હોવાથી આનાથી મને સુખ થયું અને આનાંથી મને દુઃખની પ્રાપ્તિ થઇ એમ વિચારણા કરીને જે જીવોથી સુખની પ્રાપ્તિ થાય એના પ્રત્યે રાગાદિ પરિણામ કરીને એના પ્રત્યેનો ઋણાનુબંધ ગાઢ કરતો કરતો પોતાનો સંસાર વધારતો જાય છે. અને જે જે જીવોથી દુઃખની પ્રાપ્તિ થયેલી હોય

એ જીવો પ્રત્યે નારાજીભાવ દ્વેષબુધ્ધિ પેદા કરતો કરતો વૈરાનુબંધને પ્રાપ્ત કરીને પોતાના આત્માના વૈરાનુબંધ રૂપે ભોગવવા લાયક સંખ્યાતા ભવો, અસંખ્યાતા ભવો કે અનંતા ભવો ઉપાર્જન કરીને સંસારને વિષે જન્મ મરણ કર્યા કરે છે. બાકી વાસ્તવિક રીતે કોઇ જીવ કોઇને સુખ આપી શકતો નથી અને કોઇ જીવ કોઇને દુઃખ આપી શકતો નથી. જીવોને જે સુખ, દુઃખની અનુભૂતિ થાય છે એ પોતેજ કરેલા પોતાના કર્મના ઉદયથી પુણ્ય, પાપના કારણે સુખ, દુઃખની અનુભૂતિ પેદા થતી જાય છે. માટે કોઇકાળે જગતને વિષે કોઇપણ જીવ કોઇપણ જીવને સુખ આપી શકતું જ નથી. અને દુઃખ પણ આપી શકતું જ નથી. પણ સુખ અને દુઃખમાં નિમિત્ત ભૂત થઇ શકે છે. માટે જીવાસ્તિકાય દ્રવ્ય હેતુરૂપે કોઇકાળે પેદા થઇ શકતું નથી. માટે એને નિર્હેતુ રૂપે અકારણ રૂપે ગણાય છે.

૧૦ - છ દ્રવ્યને વિષે સર્વગત અને અસર્વગત દ્રવ્યોનું વર્ણન

સર્વગત એટલે સર્વવ્યાપી લોક અલોક બંન્નેને વિષે સદા માટે જે દ્રવ્ય રહેલું હોય તેને સર્વવ્યાપી અથવા સર્વગત દ્રવ્ય કહેવાય છે અને જે દ્રવ્યો એ રીતે લોક અને અલોકને વિષે રહેતા નથી તે દ્રવ્યોને અસર્વગત દ્રવ્યો કહેવાય છે. આથી છ દ્રવ્યોમાં આકાશાસ્તિકાય દ્રવ્ય સર્વગત રૂપે ગણાય છે. કારણ કે આકાશાસ્તિકાય દ્રવ્ય લોકને વિષે પણ રહેલું છે અને અલોકને વિષે પણ રહેલું છે. એમાં વિશેષતા એ છે કે લોકને વિષે આકાશાસ્તિકાય દ્રવ્ય જે રહેલું છે તે અલોકની અપેક્ષાએ એક ઝીણામાં ઝીણું નાનામાં નાના ટુકડા રૂપે ગણાય છે. કારણ કે લોક અસંખ્યાત પ્રદેશી છે જ્યારે અલોક અનંત પ્રદેશી છે. એટલે આકાશાસ્તિકાય દ્રવ્ય લોકને વિષે જે રહેલું છે તે અસંખ્યાત પ્રદેશ રૂપેજ રહેલું છે. અનંતા પ્રદેશોની અપેક્ષાએ અનંતમા ભાગ જેટલુંજ ગણાય છે. જ્યારે લોક સિવાયના બાકીના ભાગમાં આકાશાસ્તિકાય દ્રવ્ય જે રહેલું છે તે અનંત પ્રદેશી રૂપે રહેલું છે. જો ત્યાં આગળ બીજા કોઇપણ દ્રવ્યો જઇ શકતા હોત તો એ અલોક રૂપે ગણી શકાત નહીં એ અલોકના પ્રદેશોને

કેવળજ્ઞાનીજ પોતાના જ્ઞાનથી જોઇ શકે છે અને જાણી શકે છે. જ્યારે જગતમાં રહેલા બીજા કોઇપણ જીવો અલોકને જોઇ શકતા નથી અને જાણી શકતા નથી. બાકીના પાંચ દ્રવ્યો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ આ પાંચે દ્રવ્યો અસર્વગત છે. એટલે કે લોક અને અલોક બંન્નેમાં રહેલા હોતા નથી. માત્ર લોકને વિષેજ રહેલા હોય છે. માટે એ દ્રવ્યોને અસર્વગત દ્રવ્યો કહેવાય છે.

૧૧ - છ દ્રવ્યને વિષે પ્રવેશી અને અપ્રવેશી દ્રવ્યોનું વર્ણન

છએ છ દ્રવ્યો પોતપોતા રૂપે સ્વતંત્ર હોવાથી એક બીજામાં કોઇકાળે પ્રવેશ કરી શકતા નથી. માટે ધર્માસ્તિકાય ધર્માસ્તિકાય રૂપે સ્વતંત્ર છે. અધર્માસ્તિકાય અધર્માસ્તિકાય રૂપે પણ સ્વતંત્ર છે, આકાશાસ્તિકાય દ્રવ્ય આકાશાસ્તિકાય રૂપે પણ સ્વતંત્ર છે એમાં લોકાકાસ્તિકાય લોકાકાસ્તિકાય રૂપે સ્વતંત્ર છે અને અલોકાકાસ્તિકાય દ્રવ્ય અલોકાકાસ્તિકાય રૂપે પણ સ્વતંત્ર છે. એજ રીતે જીવાસ્તિકાય દ્રવ્ય અનંતા ભેદ રૂપે હોવાછતાંય એક એક જીવો પોતાના અસંખ્યાતા આત્મપ્રદેશથી સદા માટે સ્વતંત્ર હોય છે. એટલે કે કોઇ જીવના આત્મપ્રદેશો બીજા જીવની સાથે કોઇકાળે ભેગા થઇ શકતા નથી. અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહનાવાળા શરીરને વિષે અનંતા જીવો રહેલા હોવાછતાં પણ એ અનંતા જીવો પોતાના આત્મપ્રદેશોને એટલા બધા સંકોચ કરે છે કે જેના કારણે એ દરેક જીવોના આત્મપ્રદેશો એકસાથે અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલી જગ્યામાં રહેવા છતાં પણ એકબીજાના આત્મપ્રદેશો કોઇકાળે ભેગા થઇ શકતા નથી. માટે એ અપ્રવેશીજ હોય છે. કોઇકાળે સપ્રદેશી એટલે કે પ્રવેશી બની શકતા નથી. એવીજ રીતે પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય લોકાકાસ્તિકાયને વિષે એક એક આકાશ પ્રદેશ ઉપર અનંતા પરમાણુ, અનંતા બે પરમાણુના સ્કંધો, અનંતા ત્રણ પરમાણુના સ્કંધો, અનંતા ચાર પરમાણુઓના સ્કંધો, યાવત્ અનંતા સંખ્યાતા પરમાણુઓના સ્કંધો, અનંતા અસંખ્યાતા પરમાણુઓના સ્કંધો અને અનંતા અનંતા પરમાણુઓના સ્કંધો એક

સાથે રહેલા હોવાછતાંય એકબીજા એકબીજામાં કોઇકાળે ભેગા થઇ શકતા નથી. એ સ્વતંત્ર રૂપેજ એ આકાશ પ્રદેશ ઉપર સદા માટે રહેલા હોય છે. એ અનંત પ્રદેશી સ્કંધોમાં જીવોને ગ્રહણ કરવા લાયક ઔદારિકાદિ પુદ્ગલો આદિ આઠ વર્ગણાઓ ગ્રહણયોગ્ય રહેલી હોવાછતાં પણ એકબીજાના પુદ્ગલો એકબીજી વર્ગણાઓને વિષે કોઇકાળે ભેગી થઇ શકતી નથી. સ્વતંત્ર રૂપેજ ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા કાળ સુધી સદા માટે રહેલી હોય છે. એ આઠ વર્ગણાઓના નામો ઔદારિક વર્ગણા, વૈક્રીય વર્ગણા, આહારક વર્ગણા, તૈજસ વર્ગણા, શ્વાસોશ્વાસ વર્ગણા, ભાષા વર્ગણા, મન વર્ગણા અને કાર્મણ વર્ગણાના પુદ્ગલો. એક એક વર્ગણાઓથી ક્રમસર સૂક્ષ્મ સૂક્ષ્મ રૂપે રહેલી હોવાથી છેલ્લી વર્ગણા વિશેષ રીતે સૂક્ષ્મ રૂપે હોય છે છતાં પણ એકબીજા એકબીજાના પુદ્ગલો કોઇકાળે ભેગા થઇ શકતા નથી. માટે પુદ્ગલાસ્તિકાય દ્રવ્યને અપ્રવેશી દ્રવ્ય કહેવાય છે. આ કારણથી કોઇકાળે છ દ્રવ્યમાંથી કોઇપણ દ્રવ્ય પ્રવેશી રૂપે બની શકતું નથી. તેમજ કાળદ્રવ્ય એક સમય રૂપે હોવાથી એને સ્વતંત્ર રૂપેજ ગણેલું છે અને વ્યવહારકાળની અપેક્ષાએ વિચાર કરીએ તો ભૂતકાળના જેટલા સમયો ગયા એ ફરી કોઇકાળે પાછા આવવાના નથી એટલે એ સમયો ભવિષ્યકાળ રૂપે બનવાના નથીજ અને ભવિષ્યકાળમાં આવતા સમયો એ ભવિષ્યકાળ રૂપેજ રહેવાના છે. જ્યારે એ સમયોનો કાળ પસાર થઇ જશે ત્યાર પછીજ ભૂતકાળ રૂપે પ્રાપ્ત થશે. માટે જ્ઞાની ભગવંતો કહે છે કે ભૂતકાળ જેટલો પસાર થયો એના *કરતાં અનંતો કાળ અધિક ભવિષ્યકાળ બાકી છે. આ કારણોથી વ્યવહાર* કાળના સમયો એક બીજા સ્વતંત્ર રૂપે રહેલા હોવાથી અપ્રવેશી રૂપે ગણાય છે. પણ એ કાળના સમયો બાકીના કોઇપણ દ્રવ્યને વિષે પરિવર્તન પામતા નથી. એ કાળ દ્રવ્ય રૂપે જ રહે છે.

૧૨ - છ દ્રવ્યને વિષે કર્તા અને અકર્તાનું વર્ણન

છ દ્રવ્યને વિષે જીવાસ્તિકાય દ્રવ્ય અને પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય બે

કર્તા રૂપે હોય છે. બાકીના ચાર દ્રવ્યો પોતપોતાના દ્રવ્યને વિષેજ પરિણામ પામતાં હોવાથી અકર્તા રૂપે કહેવાય છે. જ્યારે જગતમાં જે કંઇ નવું ઉપાર્જન થાય છે અને જગતનું પરિવર્તન થતું દેખાય છે એ જીવ અને પુદ્‌ગલના કારણેજ દેખાય છે. મોટેભાગે જીવ જેમ જેમ જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ ભાવથી મિથ્યાત્વના ઉદયના કારણે અજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ એનો વધતો જાય છે તેમ તેમ એ અજ્ઞાનને પરવશ થઇને પોતાની નામના કમાવવા, પોતાની ખ્યાતિ પેદા કરવા જ્યાં સુધી જીવે ત્યાં સુધી યશ અને કીર્તિ ફેલાવવા માટે સદા માટે નવું નવું ઉપાર્જન કરવાનું મન થયાજ કરે છે. અને એ જેમ જેમ મન પેદા થતું જાય છે અને એની સાથ સામગ્રીનો સંયોગ હોય તો એ ગમે તે રીતે પણ નવું ઉપાર્જન કર્યા વગર રહેતો નથી. જ્યાં સુધી એની પાસે સામગ્રીનો સંયોગ નથી હોતો ત્યાં સુધી એને નવું ઉપાર્જન કરવાનું મન હોવાછતાં પણ એ કરી શકતો નથી એનું દુઃખ એના અંતરમાં સદા માટે રહ્યાજ કરે છે. આ રીતે જેને સંયોગ પ્રાપ્ત થયેલો હોય એ અનેક પ્રકારની હિંસાઓ કરીને પોતાનો સંસાર વધારતો જાય છે. અને જેની પાસે સંયોગ હોતો નથી એ હિંસાઓ કરવાની વિચારણાઓ કરી કરીને પોતાના આત્માની જન્મમરણની પરંપરા રૂપ સંસારની વૃધ્ધિ કરતો જાય છે. એવીજ રીતે પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય સામાન્ય રીતે કર્તા રૂપે ગણાતું નથી છતાં પણ કેટલીકવાર એકબીજા એકબીજા પુદ્‌ગલના સંયોગથી નવા પુદ્‌ગલનું ઉપાર્જન થાય છે એટલા પુરતુંજ એને કર્તા તરીકે ગણી શકાય બાકી જીવાસ્તિકાય એકજ દ્રવ્ય કર્તા રૂપે ગણાય છે. અને બાકીના ચાર દ્રવ્ય અથવા પાંચ દ્રવ્યો અકર્તા રૂપે ગણાય છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળદ્રવ્ય એ ચાર અને પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય સાથે ગણીએ તો પાંચ દ્રવ્યો અકર્તા રૂપે ગણાય છે.

અજીવ દ્રવ્યના ૫૬૦ ભેદોનું વર્ણન

આ ૫૬૦ ભેદને વિષે એક પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્યના ૫૩૦ ભેદ

થાય છે. તે આ પ્રમાણે - કોઇ પણ પુદ્ગલ હંમેશા પાંચ વર્ણમાંથી કોઇપણ એક વર્ણવાળું, બે ગંધમાંથી કોઇપણ એક ગંધવાળું, પાંચ રસમાંથી કોઇપણ એક રસવાળું, આઠ સ્પર્શમાંથી કોઇપણ એક સ્પર્શવાળું અને પાંચ સંસ્થાનમાંથી એટલે કે આકૃતિમાંથી કોઇપણ આકૃતિવાળું હોય છે. આથી આના ભેદોનું વર્ણન કરતાં પુદ્ગલાસ્તિકાય દ્રવ્યના ૫૩૦ ભેદ થાય છે. જેમકે પાંચ વર્ણના સો ભેદ થાય છે. એક કાળા વર્ણને વિષે બે ગંધ હોય, પાંચ રસ હોય, આઠ સ્પર્શ હોય, અને પાંચ આકૃતિમાંથી કોઇપણ એક આકૃતિ હોય છે. આ રીતે એક વર્ણના ૨૦ ભેદ થાય છે. આજ રીતે લીલા વર્ણના વીસ ભેદ, લાલ વર્ણના વીસ ભેદ, પીળા વર્ણના વીસ ભેદ અને સફેદ વર્ણના પણ વીસ ભેદ, આ પાંચે વર્ણના વીસ વીસ ભેદની ગણતરી કરતાં કુલ વીસ ભેદ થાય છે. બે ગંધના કુલ ભેદ ૪૬ થાય છે. તે આ રીતે - સુગંધને વીસે પાંચ વર્ણમાંથી કોઇપણ એક વર્ણ હોય છે, પાંચ રસમાંથી કોઇપણ એક રસ હોય છે, આઠ સ્પર્શમાંથી કોઇપણ એક સ્પર્શ રહેલો હોય છે અને પાંચ આકૃતિમાંથી કોઇપણ એક આકૃતિ રહેલી હોય છે આથી સુગંધના કુલ ૨૩ ભેદ થાય છે. એવીજ રીતે દુર્ગંધના પણ ૨૩ ભેદ થાય છે. આથી સુગંધ અને દુર્ગંધ બન્નેના ગંધ રૂપે કુલ ૪૬ ભેદ થાય છે. પાંચ રસના, પાંચ વર્ણની જેમ સો ભેદ થાય છે તે આ રીતે - કડવો રસ એમાં પાંચ વર્ણ હોય છે એટલે કે કડવો પદાર્થ પાંચ વર્ણમાંથી કોઇપણ વર્ણવાળો હોય છે. બે ગંધમાંથી કોઇપણ ગંધવાળો હોય છે, આઠ સ્પર્શમાંથી કોઇપણ સ્પર્શવાળો હોય છે અને પાંચ આકૃતિમાંથી કોઇપણ આકૃતિવાળો હોય છે. આ રીતે કડવા રસના ૨૦ ભેદ થાય છે. આ રીતે તીખા રસના ૨૦ ભેદ, તુરા રસના ૨૦ ભેદ, ખાટા રસના ૨૦ ભેદ અને મીઠા રસના ૨૦ ભેદ. એમ સો ભેદ થાય છે. આઠ સ્પર્શના કુલ ૧૮૪ ભેદ થાય છે તે આ રીતે - લઘુસ્પર્શના કુલ ૨૩ ભેદ થાય છે. લઘુ સ્પર્શવાળો પદાર્થ પાંચ વર્ણમાંથી કોઇપણ એક વર્ણવાળો હોય છે માટે એના પાંચ ભેદ, બે ગંધમાંથી કોઇપણ એક ગંધવાળો હોય છે માટે બે ભેદ, પાંચ રસમાંથી કોઇપણ એક રસવાળો હોય છે માટે એના પાંચ ભેદ,

લઘુસ્પર્શ લીધેલો હોવાથી એનો પ્રતિપક્ષી ગુરુપક્ષ આમાં રહેતો નથી માટે એને છ ભેદ બાકીના સ્પર્શના લઘુસ્પર્શને વિષે રહેલા હોવાથી એના છ ભેદ ગણાય છે. અને લઘુ સ્પર્શવાળો પદાર્થ પાંચ આકૃતિમાંથી કોઇપણ એક આકૃતિવાળો હોય છે માટે એના પાંચ ભેદ ગણાય છે. આથી એ મળીને લઘુસ્પર્શના કુલ ૨૩ ભેદ થાય છે. ૫ +૨ + ૫ + ૬ + ૫ = ૨૩ આ રીતે બાકીના સાત સ્પર્શના ૨૩, ૨૩ ભેદ ગણતાં કુલ આઠ સ્પર્શના ૧૮૪ ભેદ થાય છે. એટલે કે ગુરુસ્પર્શના ૨૩ ભેદ, શીત સ્પર્શના ૨૩ ભેદ, ઉષ્ણ સ્પર્શના ૨૩ ભેદ, મૃદુ એટલે કોમળ સ્પર્શના ૨૩ ભેદ, કર્કશ એટલે ખરબચડા સ્પર્શના ૨૩ ભેદ, સ્નીગ્ધ એટલે કે ચીકણા સ્પર્શના ૨૩ ભેદ, અને રૂક્ષ એટલે સુકા સ્પર્શના ૨૩ ભેદ, આ રીતે ૮ X ૨૩ = ૧૮૪ ભેદ થાય છે. પાંચ આકૃતિના સો ભેદ થાય છે. એ પાંચ આકૃતિના નામ આ પ્રમાણે છે - ગોળ, વલયાકાર, ત્રિકોણ, ચોરસ અને લંબ. પાંચ આકૃતિને વિષે એક એક આકૃતિના વીસ વીસ ભેદ થાય છે. જેમકે ગોળ આકૃતિને વિષે પાંચ વર્ણમાંથી કોઇપણ એક વર્ણ રહેલો હોય છે. બે ગંધમાંથી કોઇપણ એક ગંધ રહેલી હોય છે, પાંચ રસમાંથી કોઇપણ એક રસ રહેલો હોય છે, આઠ સ્પર્શમાંથી કોઇપણ એક સ્પર્શ રહેલો હોય છે, માટે એનો સરવાળો કરતાં ૨૦ ભેદ થાય છે. આ રીતે લંબગોળ આકૃતિના ૨૦ ભેદ, ત્રિકોણ આકૃતિના ૨૦ ભેદ, ચોરસ આકૃતિના ૨૦ ભેદ અને લંબ આકૃતિના પણ ૨૦ ભેદ એમ કુલ ૧૦૦ ભેદ થાય છે. આ રીતે દરેક ભેદોનો સરવાળો કરતાં ૫૩૦ ભેદ થાય છે તે આ રીતે- ૧૦૦ ભેદ વર્ણના + ૪૬ ભેદ ગંધના + ૧૦૦ ભેદ રસના + ૧૮૪ ભેદ સ્પર્શના + ૧૦૦ ભેદ આકૃતિના = ૫૩૦.

આ પુદ્‌ગલના ૫૩૦ ભેદોને વિષે સદા માટે જગતમાં રહેલા જીવો રાગાદિ પરિણામથી યુક્ત હોવાથી રાગાદિ પરિણામ કરતાં કરતાં મુંઝાયેલા અને મુંઝાયેલા જ રહે છે. એટલે જે જે પુદ્‌ગલ એને વર્ણરૂપે ગમતું હોય, ગંધ રૂપે ગમતું હોય, રસ રૂપે ગમતું હોય, સ્પર્શ રૂપે ગમતું હોય અથવા આકૃતિ રૂપે ગમતું હોય એવા પુદ્‌ગલ દ્રવ્યોને વિષે એ જીવ રાગ કરતો

કરતો પોતાના આત્માનો સંસાર વધારતો જાય છે. એ રાગવાળું પુદ્‌ગલ જરાક આઘુપાછું થાય એને પૂછ્યા વગર કોઇ લઇ લે અથવા એનો નાશ કરી નાંખે, એને તોડી નાંખે, ખોઇ નાખે તે પુદ્‌ગલના રાગના કારણે ખાવાપીવાનું બધ કરીને આખો દિવસ અરતિ અને શોક કરતો કરતો પોતાનો કાળ પસાર કરે છે. અને કેટલીક વાર જોયેલું મમત્વ અંતરમાં જોરદાર પેદા થયેલું હોય તો એ રાગના પ્રતાપે એ પુદ્‌ગલ પ્રત્યે એટલો બધો મુંઝાયેલો અને રાગવાળો હોય છે કે કોઇપણ પ્રવૃત્તિ કરતાં કરતાં આંખ સામે એને એજ પુદ્‌ગલ એને રાગવાળુંજ દેખાયા કરે છે. અને અંતરમાં સતત યાદ કર્યાજ કરે છે. કેટલીકવાર સમકીતી જીવો પણ જો સાવધ ન રહે તો સચેતન પુદ્‌ગલ પ્રત્યેના રાગના કારણે એ પુદ્‌ગલ પ્રત્યે મુંઝવણ પેદા કરી કરીને એને ને એનેજ યાદ કરતો કરતો પોતાનો કાળ પસાર કરતો પણ બને છે. જેમકે ઋષભદેવ ભગવાનના ૧૩ ભવો થયેલા છે એમાંના એક ભવમાં દેવલોકમાં જ્યારે હતા ત્યારે એમની દેવી કાળ કરી ગઇ એટલે ચ્યવી ગઇ તે વખતે જ્યાં સુધી બીજી દેવી ઉત્પન્ન ન થઇ ત્યાં સુધી એ દેવીના નામનું રટણ કરતાં કરતાં જેટલા કાળ સુધી દેવલોકમાં પ્રવૃત્તિ કરી ત્યાં સુધી જે એને આંખ સામે દેખાય એને દેવીના નામને દેવી રૂપે બોલાવી બોલાવીને પોતાનો જીવનકાળ પસાર કરતાં હતાં. તે વખતે એમના આત્મામાં સમકિત પણ રહેલું છે એમના કલ્યાણ મિત્રો જે દેવ થયેલા છે એ પણ એમને સમજાવવા માટે પ્રયત્ન કરતાં હતાં. છતાં પણ પોતે પોતાના અંતરમાંથી પોતાની દેવીના રાગના પ્રતાપે એનું નામ પણ દૂર કરી શકતા નથી. જો સમકિતી જીવોની પણ જ્યાં સુધી પોતાની બીજી દેવી ઉત્પન્ન ન થાય ત્યાં સુધી આવી હાલત પણ પેદા થઇ શકે અને તીર્થંકરનો આત્મા હોવાછતાં પણ તીર્થંકરોને પણ આ રીતે રાગ પજવી શકે તો તીર્થંકર સિવાયના અને સમકિતી સિવાયના મિથ્યાત્વ ગુણસ્થાનકમાં રહેલા જીવોની શું દશા હોય ! એ આના ઉપરથી વિચાર કરવા લાયક છે.

પાંચ વર્ણમાં કાળો વર્ણ અને લીલો વર્ણ આ બે વર્ણો અશુભ

ગણાય છે. અને લાલવર્ણ, પીળો વર્ણ અને સફેદ વર્ણ એ શુભ ગણાય છે. બે ગંધમાં દુર્ગંધ અશુભ ગણાય છે અને સુગંધ શુભ રૂપે ગણાય છે. પાંચ રસને વિષે કડવો રસ અને તીખો રસ આ બે અશુભ ગણાય છે અને બાકીના તુરો રસ, ખાટો રસ અને મીઠો રસ આ ત્રણ રસ શુભ ગણાય છે. આઠ સ્પર્શને વિષે ગુરુસ્પર્શ, શીત સ્પર્શ, કર્કશ એટલે ખરબચડો સ્પર્શ અને રૂક્ષ એટલે લુખો સ્પર્શ આ ચાર સ્પર્શ અશુભ ગણાય છે અને બાકીના લઘુ સ્પર્શ, ઉષ્ણ સ્પર્શ, મૃદુ એટલે કોમળ સ્પર્શ અને સ્નીગ્ધ એટલે ચીકણો સ્પર્શ આ ચાર શુભ સ્પર્શ ગણાય છે. આ રીતે વર્ણાદિ વીશ ભેદને વિષે નવ ભેદ અશુભ થયા, બે વર્ણ + એક ગંધ + બે રસ + ચાર સ્પર્શ = નવ ભેદ અશુભ વર્ણાદિના થાય છે. અને બાકીના વીશ ભેદમાંથી અગિયાર ભેદ શુભ વર્ણાદિના ગણાય છે. ત્રણ વર્ણના ભેદ + એક ગંધનો ભેદ + ત્રણ રસના ભેદ + ચાર સ્પર્શના ભેદ = અગિયાર ભેદ થાય છે.

અશુભ વર્ણના નવ ભેદ જે કહેલા છે એના ૫૩૦ ભેદમાંથી પાંચ વર્ણમાં બે ભેદ અશુભ રૂપે હોય છે તે એક એક વર્ણના ૨૦, ૨૦ ભેદ થતા હોવાથી બે વર્ણના ૪૦ ભેદ અશુભ રૂપે ગણાય છે. બે ગંધમાંથી એક ગંધ અશુભ રૂપે હોવાથી એના ૨૩ ભેદ અશુભ રૂપે ગણાય છે. પાંચ રસમાંથી બે ભેદ અશુભ રૂપે રહેલા હોવાથી અને એક એક ના વીસ વીસ ભેદ થતા હોવાથી ૪૦ ભેદ અશુભ રૂપે ગણાય છે. આઠ સ્પર્શમાંથી ચાર સ્પર્શ અશુભ રૂપે રહેલા હોવાથી અને એક એક સ્પર્શના ૨૩, ૨૩ ભેદ થતા હોવાથી ૨૩ X ૪ = ૯૨ ભેદ અશુભ રૂપે બને છે. આથી ૪૦ + ૨૩ + ૪૦ + ૯૨ + ૧૦૦ = ૨૯૫.

શુભ વર્ણ ત્રણ હોય છે. લાલ, પીળો અને સફેદ, એમાં લાલ વર્ણના ૨૦ ભેદ, પીળા વર્ણના ૨૦ ભેદ, સફેદ વર્ણના ૨૦ ભેદ એમ કુલ વર્ણના ૬૦ ભેદ શુભ રૂપે ગણાય છે. સુગંધ એ શુભ રૂપે હોય છે. એના ૨૩ ભેદ ગણાય છે. પાંચ રસમાંથી તુરો, ખાટો અને મીઠો એ ત્રણ શુભ રસ ગણાય છે એમાં તુરા રસના ૨૦ ભેદ, ખાટા રસના ૨૦ ભેદ અને મીઠા રસના ૨૦ ભેદ થઇને ૬૦ ભેદ રસના થાય છે. સ્પર્શને વિષે ચાર

શુભ સ્પર્શ કહેલા છે, (૧) લઘુ, (૨) ઉષ્ણ, (૩) મૃદુ અને (૪) સ્નિગ્ધ. એમાં લઘુના ૨૩ ભેદ, ઉષ્ણના ૨૩ ભેદ, મૃદુના ૨૩ ભેદ અને સ્નિગ્ધના ૨૩ ભેદ એમ કુલ ૯૨ ભેદ થાય છે. આ રીતે વર્ણાદિના ૬૦ + ૨૩ + ૬૦ + ૯૨ = ૨૩૫ ભેદ થાય છે. તેમજ પાંચ આકૃતિના ૧૦૦ ભેદ સાથે ગણતા શુભ વર્ણના ૩૩૫ ભેદ થાય છે.

અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો પોતે પોતાના કર્મને અનુસાર જે રીતે વર્ણાદિમાં રસ, બંધ કરતો જાય છે એ વર્ણાદિના રસના ઉદયથી તે તે વર્ણાદિને વિષે મુંઝવણ પામતો પામતો એટલે કે રાગાદિ પરિણામ કરતો કરતો સંસારમાં પરિભ્રમણ કરતો જાય છે. કારણ કે અનાદિકાળથી જીવ પુદ્ગલના સંયોગવાળોજ હોય છે. એક પુદ્ગલના સંયોગમાં પાંચ વર્ણમાંથી કોઇપણ વર્ણવાળું પુદ્ગલ હોય, બે ગંધમાંથી કોઇપણ ગંધવાળું પુદ્ગલ હોય, પાંચ રસમાંથી કોઇપણ રસવાળું પુદ્ગલ હોય અને આઠ સ્પર્શમાંથી કોઇપણ સ્પર્શ વાળું પુદ્ગલ હોય તેમજ પાંચ આકૃતિમાંથી કોઇપણ આકૃતિવાળું પણ પુદ્ગલ હોય છે એમાં જે જે પુદ્ગલને વિષે લાંબાકાળ સુધીનો સંયોગ રહેલો હોય તો તે તે પુદ્ગલને વિષે એ પુદ્ગલ પોતાને સહાયભૂત થતું જાય તો એ પુદ્ગલ પ્રત્યે રાગ કરતો કરતો એટલે કે એ પુદ્ગલ અશુભ હોવાછતાંય પોતાની ઇચ્છા મુજબ સહાયભૂત થતું જતું હોય તો એ પુદ્ગલ પ્રત્યે રાગ કરીને પોતાનું જીવન જીવતાં જીવતાં જન્મ મરણની પરંપરા વધારતો જાય છે. અને શુભ વર્ણાદિનું પુદ્ગલ હોય છતાં પણ એની ઇચ્છા મુજબ સહાયભૂત થઇ શકતું ન હોય તો એ પુદ્ગલ પ્રત્યે રાગ થવાને બદલે દ્વેષબુદ્ધિ પેદા કરીને પોતાના આત્માની જન્મ મરણની પરંપરા વધારતો જાય છે. જ્યાં સુધી જીવો ગાઢ મિથ્યાત્વના ઉદયકાળમાં રહેલા હોય છે ત્યાં સુધી પુદ્ગલના સંયોગથી જીવન જીવવા છતાં પણ કેટલીક વાર અશુભ પુદ્ગલોને વિષે રાગ કરતો જાય છે. અને કેટલીક વાર એજ અશુભ પુદ્ગલોને વિષે દ્વેષ પણ કરતો જાય છે. એવીજ રીતે ગાઢ મિથ્યાત્વના ઉદયકાળમાં જીવો શુભ પુદ્ગલના સંયોગોને વિષે ઇચ્છા મુજબ સફળતા આપે એવું ન હોય

તો એ પુદ્‌ગલો પ્રત્યે દ્વેષ કરતો કરતો પણ પોતાનો જીવનકાળ પસાર કરે છે. અને ઇચ્છા મુજબ સહાયભૂત થતું હોય તો એ પુદ્‌ગલ પ્રત્યે રાગ કરતો કરતો મમત્વ બુધ્ધિ વધારતો વધારતો પોતાનું જીવન જીવતાં જીવતાં જન્મ મરણની પરંપરા વધારતો જાય છે. આને અપ્રશસ્ત રાગાદિ પરિણામ કહેવાય છે. જ્યાં સુધી જીવો ગાઢ મિથ્યાત્વના ઉદયકાળમાં વિદ્યમાન હોય ત્યાં સુધી રાગાદિ પરિણામના પ્રશસ્ત રૂપે ઉપયોગ કરવાની શક્તિ અંતરમાં રહેલી હોવાછતાંય એનો ઉપયોગ કરવાની વિચારણા પણ પેદા થઇ શકતી નથી. એ પ્રશસ્ત રાગાદિનો ઉપયોગ જીવ ત્યારેજ કરી શકે છે કે જ્યારે મિથ્યાત્વની મંદતા પેદા થયેલી હોય તોજ. જ્યાં સુધી મિથ્યાત્વની મંદતા પેદા ન થાય ત્યાં સુધી રાગાદિ પરિણામ જે રીતે પોતાના જીવનમાં ચાલતા હોય એજ પ્રમાણે રાગાદિ પરિણામ રૂપે એને આધીન થઇને જીવન જીવતાં જીવતાં પોતાના આત્માનો સંસાર વધારતો જાય છે. કેટલીક વાર ગાઢ મિથ્યાત્વના ઉદયકાળમાં જીવોને દરેક પદાર્થ પ્રત્યે એક સાથે રાગ કે દ્વેષ હોતો નથી. મોટા ભાગના પદાર્થો પ્રત્યે જાણે નિર્લેપ રીતે જીવન જીવતો હોય એવું એને લાગતું હોય છે. છતાં પણ જ્ઞાની ભગવંતો કહે છે કે જીવનમાં જીવન જીવતાં જીવતાં અંતરમાં જે કોઇ પદાર્થ પ્રત્યે અત્યંત રાગ બેઠેલો હોય છે અથવા અત્યંત દ્વેષ બેઠેલો હોય છે એના પ્રતાપે બીજા પદાર્થોની સાથે જીવન જીવતાં એને રાગાદિ પરિણામની મંદતા દેખાતી જાય છે. પણ વાસ્તવિક રીતે મંદતા હોતી નથી. કારણ કે એને જે પદાર્થ પ્રત્યે અત્યંત રાગ હોય છે એ પદાર્થ જરાક આઘો પાછો થાય કે તરતજ બીજા પદાર્થોનો ભોગવટો કરતાં, બીજા પદાર્થોને મેળવતાં એને સાચવતાં એટલું અંતરમાં દુઃખ થતું નથી જેટલું દુઃખ જે પદાર્થ પ્રત્યે અત્યંત રાગ હોય છે એ આઘો પાછો થાય અને અંતરમાં થાય છે એના પ્રતાપેજ બાકીના પદાર્થો પ્રત્યેના રાગાદિ અંતરમાં સ્થિર રૂપે બેઠેલા હોય છે. પણ પ્રધાનતા એને પોતાના જે પદાર્થ પ્રત્યેનો અત્યંત રાગ હોય છે એ દેખાતો જાય છે. બાકીના પદાર્થો પ્રત્યેનો રાગ ગૌણ રૂપે દેખાય છે પણ એ રાગ મંદ હોય છે એવું નથી. જેમકે નારકીના જીવોના

અંતરમાં પદાર્થોના રાગાદિ પરિણામના કારણે પોતાની ઇચ્છા મુજબ જીવન જીવવા મળતું ન હોવાથી વિશેષ રીતે ક્રોધની પ્રધાનતા હોય છે. એટલે કે એ જીવોનો ક્રોધ સદા માટે વિશેષ રીતે ચાલુને ચાલુજ હોય છે. તિર્યંચમાં રહેલા જીવોને આહારસંજ્ઞાદી વિશેષ રહેલી હોવાથી એમાં એમને સફળતા મલતી ન હોવાથી એ પદાર્થોને મેળવવા માટે અને પોતાની સંજ્ઞાઓને પુષ્ટ કરવા માટે અનેક પ્રકારની માયા કરી કરીને પોતાનું જીવન જીવતાં હોય છે માટે તિર્યંચોને વિષે માયા પ્રધાન જીવન કહેલું છે. મનુષ્યને વિષે રહેલા જીવોમાં ચારે સંજ્ઞાઓમાં પ્રધાનપણે મૈથુન અને પરિગ્રહની સંજ્ઞા રહેલી હોય છે. મૈથુન એ પણ પરિગ્રહ રૂપેજ છે અને પરિગ્રહ પણ પરિગ્રહ રૂપેજ છે. માટે એ સંજ્ઞાઓને સતેજ કરવા માટે પોતે પોતાની શક્તિ મુજબ માન કષાયનો ઉપયોગ કરતો જાય છે. જો એને જ્યાં જ્યાં જાય અને પોતાના માનની સફળતા ન મળે તો એને ઝટ દઇને અંતરમાં દુઃખ પેદા થતું જાય છે, ગમે તેટલી સારી સામગ્રી પુણ્યથી મળેલી હોય એનો ભોગવટો કરી શકે એવી તાકાત પણ હોય પુણ્યોદયથી સારી રીતે એ પદાર્થો સચવાતા હોય છતાં પણ એમાં એને પોતાને જે રીતે માન જોઇએ એ રીતે લોકો તરફથી માન પ્રાપ્ત થતું ન હોય તો મળેલી સામગ્રી ભોગવાતી સામગ્રી, સચવાતી સામગ્રી એને સુખ આપી શકતું નથી. જેમકે વર્તમાનમાં નાના નાના બાળકોને પણ એટલે કે જન્મ્યા પછી બાળક બોલતું થાય એ બાળકને પણ જો એના ઘરના વડીલો એને માન આપ્યા વગર તુકારાથી બોલાવે અને કોઇપણ કામકાજ કરવાનું કહે તો વર્તમાનમાં બાળકનું પોતાનું માન ઘવાતું દેખતા એ કામ કરતો નથી. જો સામાન્ય રીતે નાના બાળકમાં પણ આટલી સમજણ હોય તો મોટા માણસનું માન ઘવાય તેની સ્થિતિ કેવી થાય ? દેવલોકમાં રહેલા દેવોને પુણ્યના ઉદયથી મળેલી સામગ્રીને વિષે પરિગ્રહસંજ્ઞા એટલી જોરદાર હોય છે કે જેના પ્રતાપે એ જીવોને લોભસંજ્ઞા વિશેષ રીતે અંતરમાં બેઠેલી હોય છે. આ સંજ્ઞાના પ્રતાપે પોતાની સામગ્રી પોતે જીવે ત્યાં સુધી જરાય ઓછી થવાની નથી એમ જાણતો હોવાછતાં પણ એ સામગ્રીથી આઘોપાછો થઇને

જે જે સ્થાનોને વિશે જાય ચે ત્યાં પણ અંતરમાં સતત અવધિજ્ઞાનથી પોતાની સામગ્રીને જ દેખતો થાય છે. આ રીતે લોકસંજ્ઞાથી પીડાતો પીડાતો પોતાની જન્મમરણની પરંપરા વધારતો જાય છે. જ્યાં સુધી આત્મામાં ગાઢ મિથ્યાત્વનો ઉદય રહેલો હોય છે ત્યાં સુધી સંજ્ઞાઓના પ્રતાપે ક્રોધાદિ કષાય તીવ્રરસવાળા પેદા કરતો કરતો તીવ્રરસે બાંધતો બાંધતો એક બીજા પદાર્થો પ્રત્યે દ્વેષબુદ્ધિ પેદા કરતો કરતો વૈરાનુબંધ પેદા કરીને તેમજ રાગના પરિણામથી તીવ્રમમત્વ કરતો કરતો સંજ્ઞાઓને મજબુત કરીને સંસારમાં પરિભ્રમણ કરતો જાય છે. દેવ, ગુરૂ, ધર્મની આરાધના આ રીતે વિચારણા કરતાં કરતાં પોતાના આત્મામાં રહેલા રાગાદિ પરિણામને ઓળખવા માટેનો પ્રયત્ન કરવા માટે છે જો આરાધના કરતાં કરતાં રાગાદિ પરિણામ ઓળખાય નહિ અને સંજ્ઞાઓનો સંયમ કરવાનું મન થાય નહિ અને ક્રોધાદિ કષાયોને ઓળખીને અપ્રશસ્ત કષાયને દૂર કરવાની વિચારણા પેદા થાય નહિ ત્યાં સુધી મિથ્યાત્વની મંદતા જીવને કોઇકાળે પેદા થઇ શકતી નથી. અથવા મિથ્યાત્વની મંદતા પેદા કર્યા વગર એટલે કે અનાદિકાળથી જીવને અનુકૂળ પદાર્થો પ્રત્યે ગાઢ રાગ રહેલો છે અને પ્રતિકૂળ પદાર્થો પ્રત્યે ગાઢ દ્વેષ રહેલો છે એજ મારા આત્માની રાગાદિ પરિણામની ગ્રંથી છે. એ ગ્રંથીની આરાધના કરતાં કરતાં ઓળખવાની ઇચ્છા પેદા ન થાય એ ઇચ્છા પેદા કરવા માટે હું આરાધના કરૂં છું એવી વિચારણા પણ અંતરમાં પેદા ન થાય ત્યાં સુધી મિથ્યાત્વની મંદતા જીવને કોઇકાળે પેદા થઇ શકતી નથી. એ રાગાદિ પરિણામની ગ્રંથી અનુકૂળ પદાર્થોમાંજ સર્વસ્વ સુખની બુદ્ધિ પેદા કરાવે છે. અને પ્રતિકૂળ પદાર્થોમાં સર્વસ્વ દુઃખનીજ બુદ્ધિ પેદા કરાવે છે. આજ મારા આત્માના દુઃખનું કારણ છે આવું આપણને અંતરમાં આરાધનાની કોઇપણ ક્રિયા કરતાં કરતાં વ્રત, નિયમનું પાલન કરતાં કોઇપણ પ્રકારનો તપ કરતાં અંતરમાં બેઠેલી હોવી જોઇએ. આ વિચારસરણીનો સંસ્કાર જેટલો મજબુત થતો જાય તોજ એને પોતાના આત્મામાં રહેલા રાગાદિ પરિણામને ઓળખવાની ઇચ્છા પેદા થતી જાય. અને એ ઇચ્છાના પ્રતાપે

અનુકૂળ પદાર્થોમાં જે સર્વસ્વ સુખની બુધ્ધિ મારા અંતરમાં બેઠેલી છે તે મારો પોતાનો બ્રહ્મ છે. કારણ કે દુનિયામાં આ પદાર્થો કરતાં પણ ચઢીયાતું સુખ રહેલું છે. અને તે મારા પોતાના આત્મામાં રહેલું છે. આવી વિચારસરણી રાગાદિ પરિણામને ઓળખતો થાય ત્યારેજ એને પેદા થતી જાય છે. અથવા આ વિચારસરણી પેદા થતી જાય તેમ તેમ રાગાદિ પરિણામ ઓળખાતા જાય છે. આ રીતે પ્રયત્ન જીવ કરતો થાય ત્યારેજ મિથ્યાત્વની મંદતા અંતરમાં પેદા થતી જાય છે. આના પ્રતાપે અત્યાર સુધી પોતાના રાગાદિ પરિણામનો ઢાળ અનુકૂળ પદાર્થમાં સર્વસ્વ બુધ્ધિનો હતો એમાં કાંઇક મંદતા પેદા થતાં સર્વસ્વ સુખ આપનાર આ નથી એવી કાંઇક વિચારસરણી અંતરમાં પેદા થતાં વિચારણા પેદા થતી જાય છે કે આનાથી પણ દુનિયામાં ચઢીયાતુ સુખ જરૂર હોવું જોઇએ. ત્યાર પછી એ સુખને સમજવા માટે, જાણવા માટે ઓળખવા માટે જેમ જેમ પ્રયત્ન કરતો જાય છે તેમ તેમ અનુકૂળ પદાર્થમાં સર્વસ્વ સુખની બુધ્ધિ મંદ થતી જાય છે. અને એ અનુકૂળ પદાર્થોના સુખ કરતાં દુનિયામાં જે બીજુ સુખ છે એને ઓળખવા માટેનો પ્રયત્ન પણ કરવાનું મન થતું જાય છે આનેજ જ્ઞાની ભગવંતોએ મિથ્યાત્વની મંદતા કહેલી છે. અથવા મોક્ષનો અભિલાષ કહેલો છે. અથવા અપુર્નબંધક દશાનો પરિણામ કહેલો છે. આટલા વર્ષોથી આરાધના કરીએ છીએ એમાં આવા કોઇ વિચારસરણીની પરિણામની અનુભૂતિ કોઇવાર આપણને અંતરમાં પેદા થઇ હોય, ક્ષણ વાર આવો પરિણામ પેદા થઇને જતો રહ્યો હોય એવો કોઇ અનુભવ થયેલો ખ્યાલમાં આવે છે ખરો ! આવી વિચારસરણી જ્યારે પેદા થતી જાય ત્યારે ક્રોધાદિ કષાયો અંતરમાં જે પેદા થાય છે તે પ્રશસ્ત રૂપે કામ કરતાં થાય છે. તે વખતે કર્મનો બંધ વિશેષ થવાને બદલે કર્મની નિર્જરા વિશેષ પેદા થતી જાય છે. આ રીતની ક્રિયાઓ જીવનમાં થાય છે અથવા થઇ રહેલી છે એવો કોઇ અનુભવ પેદા થતો હોય અથવા આવો અનુભવ મારે પેદા કરવોજ છે આવી કોઇ ભાવના અંતરમાં ખરી ! ગાઢ મિથ્યાત્વ ને મંદ મિથ્યાત્વ કરવા માટે આટલો પુરુષાર્થ કરવાનું વિધાન કહેલું છે તો પછી

સમકીતી જીવો પોતાનું જે જીવન જીવતાં હોય એમાં કેટલા સાવધ રહીને જીવન જીવતાં હોય છે એની વિચારણાની કલ્પના અંતરમાં પેદા થાય એવું બને છે ખરું ! કે જે જીવો સંસારમાં રહીને પણ અનુકૂળ સામગ્રીમાં જીવન જીવતાં જીવતાં પોતાના આત્માના પરિણામને સાવધ રાખીને એવી રીતે જીવતાં હોય છે કે જેના પ્રતાપે રાગાદિ પરિણામથી જરાય લેપાતા નથી. અને જન્મ મરણની પરંપરા વધે એવો કર્મબંધ પણ કરી શકતા નથી. એનેજ જ્ઞાની ભગવંતોએ ખરેખરો વૈરાગ્યભાવ કહેલો છે. કે જે તીર્થંકરના આત્માઓ છેલ્લે ભવે ૮૩ લાખ પૂર્વ વરસ સુધી સંસારમાં અનુકૂળ પદાર્થોને ભોગવતાં હોવાછતાં પણ રાગાદિ પરિણામને જરાય આધીન થતાં નથી. અને જન્મ મરણની પરંપરા વધે એવો કર્મબંધ પણ કરતાં નથી. એના અંશ જેટલો પણ જો વૈરાગ્યભાવ દેવ, ગુરૂ, ધર્મની આરાધના કરતાં કરતાં પેદા કરવાની ભાવના થાય અથવા પેદા થયેલો હોય તો આપણો આ મનુષ્યજન્મ સફળ થતો જાય. તોજ આપણને મંદ મિથ્યાત્વની અનુભૂતિ પેદા થાય, રાગાદિ પરિણામની ગ્રંથી વિશેષ રીતે ઓળખાતી જાય અને એ ગ્રંથીભેદ કરવા લાયક જે પ્રયત્ન એની નજીક આપણે પહોંચી રહેલા છીએ એવો અનુભવ પણ અંતરમાં પેદા થતો જાય. તોજ ક્રોધાદિ કષાયો પ્રશસ્ત રૂપે કામ કરતાં થાય. આવું જ્યારે આપણને બનતું અનુભવાય ત્યારથીજ પુણ્યાનુબંધી પુણ્યબંધની શરૂઆત થતી જાય છે. જ્યાં સુધી આવી અનુભૂતિ પેદા ન થાય ત્યાં સુધી પાપાનુબંધિજ પુણ્ય બંધાતુ જાય છે. કે જેપુણ્યના ઉદયકાળમાં સુખની સામગ્રી મળવા છતાં પણ એ સુખની સામગ્રીમાં અસંતોષ પેદા કરાવીને ઇર્ષ્યા ભાવ પેદા કરાવીને, રાગાદિની તીવ્રતા પ્રાપ્ત કરાવીને પાપનો અનુબંધ ઉદયમાં આવી સંસારની વૃધ્ધિ કરવામાં સહાયભૂત થતો જાય છે. જો સંસારની વૃધ્ધિ ન કરવી હોય અને જન્મ મરણની પરંપરાનો નાશ કરવો હોય તો અજીવતત્વને જાણતાં જાણતાં આત્માને રાગાદિ પરિણામની ગ્રંથીથી સાવધ કરવા પ્રયત્ન કરતાં થવું જોઇએજ. જેટલે અંશે રાગાદિ પરિણામને ઓળખીને આત્માને સાવધ કરતાં થઇશું એટલો આપણો મનુષ્ય જન્મ

જરૂર સફળ થતો જશે. આરાધનાનું ખરેખરું ફળ જ્ઞાની ભગવંતોએ આજ કહેલું છે. માટે પુદ્ગલના સંયોગમાં અનાદિકાળથી રહેલા હોવાછતાંય જ્યાં સુધી સિદ્ધિ ગતિને પ્રાપ્ત ન કરીએ ત્યાંસુધી પુદ્ગલના સંયોગમાં રહેવા છતાં પણ જો સાવધ ગીરી રાખીને જીવન જીવતાં થઇએ તો એ પુદ્ગલના સંયોગની તાકાત નથી કે આત્માને દુઃખની પરંપરા પેદા કરાવે. જ્યાં સુધી જેટલા કાળ સુધી સંસારમાં રહેવાનું થશે ત્યાં સુધી સુખનો કાળજ પસાર થતો જશે. આ રીતે પણ જીવન જીવવાની ઇચ્છા ખરી ! આ રીતે રુપી દ્રવ્યના ૫૩૦ ભેદનું વર્ણન પૂર્ણ થયું.

અરૂપી દ્રવ્યના ૩૦ ભેદોનું વર્ણન

અરુપી દ્રવ્ય રૂપે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, લોકાકાસ્તિકાય અને કાળદ્રવ્ય આ ચાર દ્રવ્યો અરૂપી છે. આ ચારે દ્રવ્યોના પાંચ પાંચ ભેદ પેદા થતાં જાય છે. (૧) દ્રવ્યથી, (૨) ક્ષેત્રથી, (૩) કાળથી, (૪) ભાવથી અને (૫) કાર્યથી. આ રીતે એક એકના પાંચ પાંચ ભેદ કરતાં ૪ X ૫ = ૨૦ ભેદ થાય છે. જેમકે ધર્માસ્તિકાયથી એક છે, ક્ષેત્રથી લોકની આકૃતિ જીવે છે, કાળથી અનાદિકાળથી રહેલો છે, ભાવથી અસંખ્યાત પ્રદેશી છે અને કાર્યથી જીવ અને પુદ્ગલને ગતિ આપવામાં સહાયભૂત થાય છે. અધર્માસ્તિકાય દ્રવ્ય દ્રવ્યથી એક છે, ક્ષેત્રથી અસંખ્યાત પ્રદેશવાળું એટલે લોકની આકૃતિવાળું છે, કાળથી અસંખ્યાત પ્રદેશથી યુક્ત છે, ભાવથી પોતાના દ્રવ્યમાંજ પરિવર્તન પામે છે અને કાર્યથી જીવ અને પુદ્ગલને સ્થિર રહેવામાં સહાયભૂત થાય છે. લોકાકાસ્તિકાય દ્રવ્યથી એક છે, ક્ષેત્રથી લોકની આકૃતિ જેવો છે. કાળથી અસંખ્યાત પ્રદેશી છે. ભાવથી પોતાના પ્રદેશોમાં પરિવર્તનવાળો છે. અને કાર્યથી જીવ અને પુદ્ગલને જગ્યા આપવામાં સહાયભૂત થાય છે. કાળદ્રવ્ય દ્રવ્યથી એક છે, ક્ષેત્રથી વર્તનારૂપે છે, કાળથી અનાદિકાળથી છે, ભાવથી વ્યવહારથી જુનું ને નવું કરવામાં સહાયભૂત થનાર છે, અને કાર્યથી ભૂતકાળ, ભવિષ્યકાળ ને જણાવનારો છે. એટલે કે જીવ અને પુદ્ગલને એના

પર્યાયોને બદલવામાં સહાયભૂત થાય છે. આ રીતે વીશ ભેદ થાય છે. આ સિવાયના ધર્માસ્તિકાયના ત્રણ ભેદ, સ્કંધ, દેશ અને પ્રદેશ. અધર્માસ્તિકાયના ત્રણ ભેદ. સ્કંધ, દેશ અને પ્રદેશ. લોકાકાસ્તિકાય ના ત્રણ ભેદ. સ્કંધ, દેશ અને પ્રદેશ આ રીતે ત્રણ દ્રવ્યના નવ ભેદ થયા અને કાળ દ્રવ્યનો એક ભેદ એમ કુલ દશ ભેદ થયા. ઉપરના વીશ ભેદ + દશ = અરુપી દ્રવ્યના ત્રીશ ભેદ થાય છે.

રૂપી દ્રવ્યના ૫૩૦ ભેદ
\+ અરૂપી દ્રવ્યના ૩૦ ભેદ
કુલ અજીવના ૫૬૦ ભેદ થાય છે.

આ ૫૬૦ ભેદને વિષે સંસારી જીવોના ૧૪ ભેદ જે કહેલા છે એ ૧૪ ભેદવાળા જીવો રાગાદિ પરિણામથી સદા માટે મુંઝાયેલા હોય છે. માટે જ્ઞાની ભગવંતોએ જીવતત્વ અને અજીવતત્વ જાણવા લાયક કહેલું છે.

અજીવતત્વને જાણવાનો ઉદ્દેશ

અજીવતત્વને વિષે અરૂપી દ્રવ્યો અને રૂપી દ્રવ્યોના ૧૪ ભેદ તેમજ તેના ૫૬૦ ભેદને જાણીને એને જો આત્મસાત કરવામાં આવે અને વારંવાર એની વિચારણા કરવામાં આવે તો અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો સંસારને વિષે એકેન્દ્રિયપણામાં અનંતોકાળ પસાર કર્યો, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિયપણામાં અસંખ્યાતો કાળ પસાર કર્યો, અસન્ની પંચેન્દ્રિયપણામાં અસંખ્યાતો કાળ પસાર કર્યો અને સન્ની પંચેન્દ્રિયપણામાં અસંખ્યાતોકાળ પસાર કરતાં કરતાં જીવ એક ઇન્દ્રિયપણાની એટલે કે સ્પર્શેન્દ્રિયપણાથી પુદ્ગલને વિષે રાગાદિ પરિણામમાં સંસ્કાર દ્રઢ કરતો કરતો જન્મ મરણની પરંપરા વધારીને અનંતોકાળ જન્મ મરણ કરી ચૂક્યો. એ સમજણ અજીવતત્વને વારંવાર વિચારણા કરવાથી અંને પોતાનું જીવન જીવતાં જીવતાં આખા દિવસની અંદર પુદ્ગલના સંયોગની સાથે જીવન જીવતાં જીવતાં જે જે પુદ્ગલોને વિષે રાગ કરતાં હોઇએ છીએ એમાં સચેતન પુદ્ગલ પ્રત્યે પણ રાગ કરીએ

છીએ અને અચેતન પુદ્‌ગલો પ્રત્યે પણ રાગ કરતાં હોઇએ છીએ તો જ્યારે જ્યારે જે જે પુદ્‌ગલોના દ્રવ્યો પ્રત્યે અંતરમાં રાગ પેદા થાય ત્યારે ખ્યાલ આવવો જોઇએ કે આના રાગથી હુંજ મારા આત્માને દુઃખી કરૂં છું. દુઃખની પરંપરા વધારું છું એવીજ રીતે જે જે પદાર્થો આપણને ગમતાં ન હોય એ પદાર્થો પણ આખો દિવસ વારંવાર આંખ સામે આવતા હોય એનો સંયોગ વારંવાર થતો હોય તો તે વખતે અંતરમાં નારાજી ભાવ દ્વેષ બુધ્ધિ પેદા થતી હોય તો તે વખતે પણ એ વિચારણા કરવી જોઇએ. કે આમાં આ પુદ્‌ગલનો શું દોષ, એ જીવનો પણ શું દોષ કારણ કે કેટલાક સચેતન પદાર્થોને જોઇને પણ અંતરમાં દ્વેષ પેદા થતો જાય છે જેમકે રોજ એકનું એક શાક ખાવામાં આવે રોજ જુદા જુદા મનગમતા શાક એને ખાવામાં મળતા ન હોય તો એ શાકના જીવો પ્રત્યે પણ અંતરમાં દ્વેષબુધ્ધિ પેદા થતી જાય છે. એમાં એ જીવોએ શું બગાડ્યું છે ? એ તો નિમિત્ત માત્ર છે. એના પ્રત્યે દ્વેષ કરીને જો હું જીવન જીવતો થઇશ તો એને તો દુઃખ થવાનું નથી પણ ઉપરથી મારો આત્મા દુઃખી થતો જાય છે. એવીજ રીતે જે સચેતન પદાર્થો આપણને બહુજ ગમતાં હોય જેમકે શાક વગેરે, ફળ વગેરે, કુટુંબના સભ્યો વગેરે એમના પ્રત્યેના રાગના કારણે આપણે આપણા આત્માને દુઃખી કરતાં જઇએ છીએ. અને આપણે આપણા હાથે આપણો સંસાર વધારતા જઇએ છીએ આનેજ જ્ઞાની ભગવંતોએ વૈરાનુબંધ અને ઋણાનુબંધ કહેલો છે. બોલો આખા દિવસમાં એટલે કે સવારે ઉઠ્યા પછી સાંજે સુતા પહેલા પુદ્‌ગલના સંયોગની સાથે જીવન જીવતાં જીવતાં કયા કયા પુદ્‌ગલોની સાથે કેટલો રાગ કરીએ છીએ અને કયા કયા પુદ્‌ગલોની સાથે કેટલો દ્વેષ કરીએ છીએ અને એનાથી ઋણાનુબંધ અને વૈરાનુબંધ આત્મામાં કેટલો પ્રાપ્ત કરતાં જઇએ છીએ કે જેના પ્રતાપે જન્મ મરણની પરંપરા આખા દિવસમાં કેટલી વધારતા જઇએ છીએ એની વિચારણા કરીએ છીએ ખરા ! જૈનશાસન આ અજીવતત્વને જાણતાં જાણતાં તેમજ દેવ, ગુરૂ, ધર્મની આરાધના કરતાં કરતાં આવી વિચારણા કરતાં બનવાનું ખાસ ભલામણ રૂપે પુરુષાર્થ કરવાનું જણાવે

છે. અને જેમ જેમ આવી વિચારણા જીવ વારંવાર કરતો થાય તેમ તેમ જરૂર રાગાદિ પરિણામની મંદતા થાયજ. એટલે કે રાગાદિ પરિણામ મંદ થયા વગર રહેતાજ નથી. અને જેમજેમ રાગાદિ પરિણામની મંદતા થતી જાય તેમ તેમ પોતાના આત્મામાં રહેલો જે સંપૂર્ણ શુધ્ધ સ્વભાવ એ શુધ્ધ સ્વભાવ રૂપ શુધ્ધ સ્વરૂપ એનું જે સુખ એ શુધ્ધ સ્વરૂપના સુખની આંશિક અનુભૂતિ પેદા કરાયા વગર રહેતી નથી. અને એ આંશિક સુખની અનુભૂતિ અંતરમાં પેદા થાય એનો અર્થજ એ કે અનાદિકાળથી અનુકૂળ પદાર્થોમાં સર્વસ્વ સુખની બુધ્ધિ જે બેઠેલી છે એ એનો નાશ થયા વગર રહેતી નથી. એટલે કે એને અંતરમાં એમજ થાય છે કે અનુકૂળ પદાર્થોમાં જે હું સુખ માનું છું એના કરતાં જે આંશિક સુખ અનુભવું છું એ ચઢિયાતું છે. એ ચઢિયાતું લાગતું હોવાથી એની અનુભૂતિ વિશેષ કરવાની ઇચ્છા પેદા થતી જાય છે માટે એનો પ્રયત્ન કરવા માટે પુરુષાર્થ કરતો જાય તેમ તેમ અનુકૂળ પદાર્થોનું સુખ એને તુચ્છ લાગતું જાય છે. આજ મિથ્યાત્વની મંદતા કરવાનો પુરુષાર્થ કહેલો છે. આવી પરિણતી પેદા કરવા માટેજ શુભ કાર્યો કરવાનું વિધાન જીવનમાં પોતાની શક્તિ મુજબ દાન દેવાનું વિધાન, શીળ પાળવાનું વિધાન, તપ કરવાનું વિધાન અને સારા વિચારો પેદા કરીને સારા ભાવમાં રહેવાનું વિધાન જૈનશાસને કહેલું છે. જો આવી ભાવના અંતરમાં ન હોય આંશિક શુધ્ધ સ્વરૂપના સુખની અનુભૂતિ પેદા કરવાની ભાવના પણ ન હોય તો ગમે તેટલો દાનાદિ ધર્મ કરે તો પણ તે ધર્મ ધર્મરૂપે કહેવાતો નથી. જ્યારે અજીવતત્વને જાણતાં જાણતાં વારંવાર એની વિચારણા કરતાં કરતાં આંશિક શુધ્ધ સ્વરૂપની અનુભૂતિ પેદા થાય ત્યારે જીવે જીવતત્વ અને અજીવતત્વના ભેદોને સૂક્ષ્મ બુધ્ધિથી જાણ્યા અથવા જાણી રહેલો છે અથવા સૂક્ષ્મ બુધ્ધિથી જાણવા માટેનો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ ભાવ અંતરમાં પેદા થયો છે એમ કહેવાય છે. બોલો આવા ક્ષયોપશમ ભાવનો આપણને અનુભવ પેદા થયેલો છે એવું લાગે છે ખરું ! આવો અનુભવ પેદા કર્યા વગર રહેવુંજ નથી એવી ભાવના પણ ખરી ! જ્યાં સુધી આવી વિચારણા અંતરમાં નહી આવે ત્યાં

સુધી જીવતત્વ અને અજીવતત્વને ભેદ પ્રભેદ રૂપે જાણીને યાદ રાખીશું તોપણ તે સૂક્ષ્મ બુધ્ધિથી જાણેલા ગણાશે નહીં. એ સ્થૂલ બુધ્ધિથીજ જાણેલા ગણાશે. કેમકે જ્ઞાની ભગવંતો કહે છે કે ગાઢ મિથ્યાદ્રષ્ટિ જીવો પણ જીવતત્વના ભેદ પ્રભેદને સ્થૂલ બુધ્ધિથી જાણકારી મેળવીને સંખ્યાતા કાળ સુધી કે અસંખ્યાતા કાળ સુધી એના સંસ્કારને દ્રઢ રાખી શકે છે. અને એનાથી શુધ્ધ સ્વરૂપની અનુભૂતિ ન થતી હોવાથી પોતાના આત્માની જન્મ મરણની પરંપરા વધાર્યા કરે છે. આમાં આપણો નંબર નથી ને એની આપણે રોજ વિચારણા કરવી જોઇએ. જીવતત્વ અને અજીવતત્વને જાણવાનો ઉદ્દેશ જ્ઞાની ભગવંતોએ આજ કહેલો છે. અને જેમ જેમ શુધ્ધ સ્વરૂપની આંશિક અનુભૂતિ પેદા થતી જાય છે તેમ તેમ એની સાથે સાથે મિથ્યાત્વનો ક્ષયોપશમ ભાવ પેદા થતાં થતાં જ્ઞાનાવરણીય કર્મનો, દર્શનાવરણીય કર્મનો, અંતરાય કર્મનો ક્ષયોપશમ ભાવ પણ વિશેષ રીતે પેદા થતો જાય છે. એને ક્ષયોપશમ ભાવ કહેવાય છે. કે જે આત્માને સમ્યગ્જ્ઞાન રૂપે અનુભૂતિ પેદા કરાવી સમ્યગ્જ્ઞાન રૂપે પ્રયત્ન કરાવી સમ્યગ્ ચારિત્ર રૂપે શુધ્ધ સ્વરૂપની અનુભૂતિ અને એની સ્થિરતા પેદા કરાવતાં કરાવતાં મોહનીય કર્મનો ક્ષયોપશમ ભાવ વિશેષ રીતે પ્રાપ્ત કરાવવામાં સહાયભૂત થતાં થતાં પ્રશસ્ત કષાયોનો ઉપયોગ કરતાં કરતાં જીવ અસંખ્યાતા જન્મ મરણોની પરંપરાનો નાશ કરતો જાય છે. અને અશુભ કર્મો જે તીવ્રરસે બાંધેલા હોય છે એને મંદરસવાળા કરતો જાય છે. મંદરસે બાંધેલા શુભ કર્મોને તીવ્રરસવાળા કરતો જાય છે નવા બંધાતા અશુભ કર્મો મંદરસે બાંધતો જાય છે અને નવા બંધાતા શુભ કર્મો તીવ્રરસે બાંધતો જાય છે. આજ ખરેખર શુધ્ધ સ્વરૂપનું આંશિક અનુભૂતિનું ફળ કહેલું છે. આજ અજીવતત્વને જાણવાનો ઉદ્દેશ કહેલો છે.

અજીવતત્વ સંપૂર્ણ

પૂજ્ય આચાર્યશ્રીના પ્રકાશિત થયેલા પ્રકાશનો

ક્રમ	પુસ્તક		રૂા. પૈસા
૧	જીવવિચાર (ત્રીજી આવૃત્તિ)	પ્રશ્નોત્તરી	૩૦-૦૦
૨	દંડક ★	પ્રશ્નોત્તરી	૪-૦૦
૩	નવતત્વ (ત્રીજી આવૃત્તિ)	પ્રશ્નોત્તરી	૪૦-૦૦
૪	કર્મગ્રંથ-૧ ★	પ્રશ્નોત્તરી	૯-૦૦
૫	કર્મગ્રંથ-૨ ★	પ્રશ્નોત્તરી	૭-૦૦
૬	કર્મગ્રંથ-૩ (ત્રીજી આવૃત્તિ)	પ્રશ્નોત્તરી	૩૬-૦૦
૭	કર્મગ્રંથ સત્તાપ્રકરણ ★	પ્રશ્નોત્તરી	૧૦-૦૦
૮	ઉદય સ્વામિત્વ★	પ્રશ્નોત્તરી	૧૫-૦૦
૯	કર્મગ્રંથ-૪ ભાગ-૧★	પ્રશ્નોત્તરી	૪૦-૦૦
૧૦	કર્મગ્રંથ-૪ ભાગ-૨ ★	પ્રશ્નોત્તરી	૧૫-૦૦
૧૧	કર્મગ્રંથ-૫ ભાગ-૧★	પ્રશ્નોત્તરી	૧૫-૦૦
૧૨	કર્મગ્રંથ-૫ ભાગ-૨★	પ્રશ્નોત્તરી	૧૫-૦૦
૧૩	લઘુ સંગ્રહણી ★	પ્રશ્નોત્તરી	૯-૦૦
૧૪	જીવવિચાર-દંડક-લઘુ સંગ્રહણી ★ (બીજી આવૃત્તિ)	પ્રશ્નોત્તરી	૪૦-૦૦
૧૫	કર્મગ્રંથ-૫ ભાગ-૩ ★	પ્રશ્નોત્તરી	૪૫-૦૦
૧૬	કર્મગ્રંથ-૫ ભાગ-૪★	પ્રશ્નોત્તરી	૧૮-૦૦
૧૭	કર્મગ્રંથ-૧ તથા ૨ (બીજી આવૃત્તિ)	પ્રશ્નોત્તરી	૩૮-૦૦
૧૮	કર્મગ્રંથ-૬ ભાગ-૧★	પ્રશ્નોત્તરી	૨૧-૦૦
૧૯	કર્મગ્રંથ-૬ ભાગ-૨★	પ્રશ્નોત્તરી	૪૦-૦૦
૨૦	કર્મગ્રંથ-૬ ભાગ-૩★	પ્રશ્નોત્તરી	૩૧-૦૦
૨૧	કર્મગ્રંથ-૬ ભાગ-૪★	પ્રશ્નોત્તરી	૩૫-૦૦
૨૨	કર્મગ્રંથ-૬ ભાગ-૫★	પ્રશ્નોત્તરી	૩૮-૦૦
૨૩	કર્મગ્રંથ-૬ ભાગ-૬★	પ્રશ્નોત્તરી	૩૫-૦૦
૨૪	કર્મગ્રંથ-૬ ભાગ ૭ +૮★	પ્રશ્નોત્તરી	૨૪-૦૦
૨૫	કર્મગ્રંથ-૪ ભાગ ૧+૨	પ્રશ્નોત્તરી	૭૦-૦૦

ક્રમ	પુસ્તક		રૂા. પૈસા
૨૬	કર્મગ્રંથ-૫ ભાગ ૩+૪	પ્રશ્નોત્તરી	૬૫-૦૦
૨૭	કર્મગ્રંથ-૫ ભાગ ૧+૨	પ્રશ્નોત્તરી	૭૫-૦૦
૧.	જીવવિચાર (બીજી આવૃત્તિ)★	વિવેચન	૧૬-૦૦
૨.	નવતત્વ (બીજી આવૃત્તિ)★	વિવેચન	૨૦-૦૦
૩.	કર્મગ્રંથ-૧	વિવેચન	૧૫-૦૦
૪.	ચૌદ ગુણસ્થાનક	વિવેચન	૧૬-૦૦
૫.	શ્રી જ્ઞાનાચાર★		૧૬-૦૦
૬.	શ્રી જંબૂસ્વામિ ચરિત્ર ★		૨૧-૦૦
૭.	દુર્ધ્યાન સવરૂપ દર્શન (બીજી આવૃત્તિ)★		૨૬-૦૦
૮.	શ્રી જિનપૂજા		૪-૦૦
૯.	શ્રી શત્રુંજય માહાત્મ્ય-સર્ગ-૧		૧૦-૦૦
૧૦.	આંતરશત્રુઓ ★		૧૪-૦૦
૧૧	ધર્મને ભજો આશાતના તજો ★		૭-૦૦
૧૨	અનુભવવાણી સૂરિરામની ભાગ-૧★		૩૮-૦૦
૧૩	અનુભવવાણી સૂરિરામની ભાગ-૨★		૩૮-૦૦
૧૪	કલિકાળના કોહીનુર (જૈનેતરની દ્રષ્ટિએ)★		૧૪-૦૦
૧૫	કર્મગ્રંથ-૬ વિવેચન ભાગ-૧		૪૮-૦૦
૧૬	બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૧		૫૦-૦૦
૧૭	બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૨		૫૦-૦૦
૧૮	શ્રી અરિહંત પરમાત્માનું સ્વરૂપ		૧૨-૦૦
૧૯	કર્મગ્રંથ-૨	વિવેચન	૨૦-૦૦
૨૦	કર્મગ્રંથ-૩	વિવેચન	૧૮-૦૦
૨૧	કર્મગ્રંથ-૪	વિવેચન	૩૨-૦૦
૨૨	સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-ઉપદેશામૃત ★		૩૮-૦૦
૨૩	સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-ઉપદેશામૃત પ્રત-૧		--
૨૪	સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૧ પ્રત-૨		--
૨૫	સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૧ ★		૪૫-૦૦

ક્રમ	પુસ્તક	રૂા. પૈસા
૨૬	સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૨-પ્રત-૩	--
૨૭	સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-પુસ્તક-૩ તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૨★	૪૨-૦૦
૨૮	સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૧-પ્રત-૪	--
૨૯	સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૨-પ્રત-૫	--
૩૦	કર્મગ્રંથ-૧ વિવેચન (નવી આવૃત્તિ)	૫૦-૦૦
૩૧	સૂરિરામની વાણી જ્ઞાનરત્નોની ખાણી શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૩ પ્રત-૬	
૩૨	શ્રી જિનનું દર્શન-વંદન-પૂજન	૩૦-૦૦
૩૩	શ્રી કલ્પસૂત્રના વ્યાખ્યાનો પ્રત-૭	--
૩૪	શ્રી પર્યુષણાષ્ટાન્હિકાના વ્યાખ્યાનો પ્રત-૮	--
૩૫	શ્રી કલ્પસૂત્રના વ્યાખ્યાનો (હિન્દી લીપી) પ્રત-૯★	--
૩૬	શ્રી પર્યુષણાષ્ટાન્હિકાના વ્યાખ્યાનો (હિન્દી લીપી) પ્રત-૧૦★	--
૩૭	કર્મગ્રંથ-૫ વિવેચન	૫૫-૦૦
૩૮	જીવવિચાર વિવેચન (નવી આવૃત્તિ)★	૪૦-૦૦
૩૯	નવતત્વ વિવેચન (નવી આવૃત્તિ)	૧૫૦-૦૦
૪૦	ચૌદ ગુણસ્થાનક ભાગ-૧ (નવી આવૃત્તિ)	૯૦-૦૦
૪૧	ચૌદ ગુણસ્થાનક ભાગ-૨ (નવી આવૃત્તિ)	૮૫-૦૦
૪૨	ચૌદ ગુણસ્થાનક ભાગ-૩ (નવી આવૃત્તિ)	૯૦-૦૦
૪૩	દંડક વિવેચન	૭૫-૦૦
૪૪.	જીવતત્વ-અજીવ તત્વ વિવેચન	૩૫-૦૦
૪૫.	નમસ્કાર મહામંત્રનું સ્વરૂપ	૨૦-૦૦
૪૬.	જીવવિચાર વિવેચન	૮૦-૦૦
૪૭.	શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારનો પ્રભાવ	૨૦-૦૦
૪૮.	પુણ્યતત્વનું સ્વરૂપ	૩૦-૦૦
૪૯.	શ્રી અષ્ટપ્રકારી પૂજાનું વર્ણન★	૪૦-૦૦

ક્રમ	પુસ્તક	રૂા. પૈસા
૫૦.	છ આવશ્યકના રહસ્યો★	૩૦-૦૦
૫૧.	૫૬૩ જીવભેદને વિશે જ્ઞાનદ્વારનું વર્ણન	૨૦-૦૦
૫૨.	અઢાર દોષોથી રહિત શ્રી અરિહંત પરમાત્મા	૩૫-૦૦
૫૩.	આવશ્યક ક્રિયાના સૂત્રોનાં રહસ્યોનું વર્ણન	૩૫-૦૦
૫૪.	મુહપત્તિ (મુખવસ્ત્રિકા)ના પચાસ બોલોનું વર્ણન	૮૦-૦૦
૫૫.	કર્મબંધ વિવેચન વર્ણન	૨૦-૦૦
૫૬.	પાપતત્વ	૫૫-૦૦
૫૭.	શાશ્વતગિરિ મહિમા	૧૨-૦૦
૫૮.	શ્રાવક દિનચર્યા	૩૦-૦૦
૫૯.	અકબર પ્રતિબોધક શ્રી હીરવિજયસૂરિજી	૪૫-૦૦
૬૦.	કુમારપાળ પૃચ્છા	૧૦-૦૦
૬૧.	કલિકાળ સર્વજ્ઞનો કુમારપાળને ઉપદેશ	૨૦-૦૦
૬૨.	કુમારપાળ રાજાના રાસનું રહસ્ય ભાગ-૧	૪૫-૦૦
૬૩.	કુમારપાળ રાજાના રાસનું રહસ્ય ભાગ-૨	૪૦-૦૦
૬૪.	સૂરિરામની વાણી જ્ઞાનરત્નોની ખાણી શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૪ પ્રત-૭	
૬૫.	પ્રવચન પ્રશ્નોત્તરી પુસ્તક-૧	૮૦-૦૦
૬૬.	શ્રી અષ્ટપ્રકારીપૂજાનું વર્ણન (બીજી આવૃત્તિ)	૪૦-૦૦
૬૭.	દુર્ધ્યાન સ્વરૂપ દર્શન (ત્રીજી આવૃત્તિ)	૪૦-૦૦
૬૮.	છ આવશ્યકના રહસ્યો (બીજી આવૃત્તિ)	૩૦-૦૦
૬૯.	નવપદ માહાત્મ્યવર્ણન પ્રશ્નોત્તરી ભાગ - ૧	૭૫-૦૦
૭૦.	નવપદ માહાત્મ્યવર્ણન પ્રશ્નોત્તરી ભાગ - ૨	૬૫-૦૦
૭૧.	શ્રી આચારાંગ ધૂતાધ્યયન પ્રશ્નોત્તરી ભાગ-૧	૮૦-૦૦
૭૨.	મિથ્યાત્વ શલ્ય	૪૫-૦૦
૭૩.	નવતત્વ ચિંતન ભાગ-૧ (જીવતત્વ-અજીવતત્વ ચિંતન)	૧૫૦-૦૦

★ આ નિશાનીવાળા પુસ્તકો અલભ્ય છે.



પદાર્થ દર્શન ટ્રસ્ટ

અમદાવાદ